
લાઇટહાઉસ



ધૈવત ત્રિવેદી









VISIT…

LANZAROTE Caliente.COM

લાઇટહાઉસ



ધૈવત ત્રિવેદી



લાઈટ હાઉસ

ધૈવત ત્રિવેદી

સાર્થક પ્રકાશન
અમદાવાદ

LIGHT HOUSE
by Dhaivat Trivedi

Published by Saarthak Prakashan, Ahmedabad 380 006.

First Edition 2013
This Epub Edition 2014

ISBN: 978-93-840760-2-3

Rs. 00.00

eBook by



www.e-Shabda.com

અર્પણ

અશ્વિની ભટ્ટને

તમારા થકી જે પામ્યો, એ આજે તમારા ચરણે ધરું છું.

લાઈટહાઉસઃ ઉજાસની દિશામાં પ્રથમ પગલું

ગુજરાત સમાચારમાં જોડાયા પછી મેં નવલકથા લખવાનો વિચાર વહેતો કર્યો ત્યારે મિત્રો-સ્વજનોની બહુધા પ્રતિક્રિયાઓ નકારાત્મક હતી. આજકાલ કોઈ નવલકથા ક્યાં વાંચે જ છે? ધારાવાહિક વાંચવાનો તો કોઈને ટાઈમ જ ક્યાં છે? એવા દૃઢ અભિપ્રાયોની ફેંકમફેકનો વેગ એટલો જોરાવર હતો કે નવલકથા લખવાના મારા તમામ આવેગ તેમાં વહી જાય.

એક તરફ, નવલકથા હવે આઉટડેટેડ છે એવી અનુભવવાણી હતી અને બીજી તરફ મારામાંનો વાચક પગના અંગૂઠા પર ઊભા કરી દેતા રોમાંચની અપેક્ષાએ મને નવલકથા લખવા ધક્કો મારતો હતો.

નવલકથા લખવી એ ખુલ્લી આંખે શિંગરોટિયા મરચાની લાલઘૂમ ભૂકીની જેમ મારામાં અંજાયેલું સપનું હતું. કશુંક એવું લખવું છે જે વાંચીને વાચક તો પછી, પહેલાં તો હું જ લખતાં-લખતાં થીજી જાઉં. કશુંક એવું લખવું છે જે મને બાહ્ય સ્તરે આહ્લાદ અને આંતરિક સ્તરે સંતુષ્ટિનો કેફ આપે.

રાજુલા તાલુકા શાળા નં. 2ની ઉબડખાબડ ભોંય પર પાટી ટેકવીને કક્કો ઘૂંટ્યો ત્યારથી લઈને આજે મારા નામે એક નવલકથા બોલી રહી છે ત્યાં સુધીની પ્રત્યેક ક્ષણે મારામાં ઊગતો રહેલો શબ્દનાદ મારા તમામ લેખનકાર્યમાં પોરસનો આકાર ધરીને મારી પડખે ઊભો રહ્યો છે. આ નવલકથા પણ અલબત્ત, તેમાંથી બાકાત નથી.

દરેક લેખક, લેખક પછી છે પહેલાં તો વાચક છે અને લેખક ન હોય ત્યારે ય વાચક તો હોય જ છે. મારી આ નવલકથાને હું એક વાચકે લખેલી નવલકથા ગણું છું. કારણ કે, તેનો એક-એક શબ્દ પાડતી વખતે, એકેએક પ્રસંગ ભાવવિશ્વમાં નિહાળતી વખતે, પ્રત્યેક પાત્રના સર્જનની પ્રત્યેક ક્ષણે મારામાંનો વાચક સતત સાબદો રહ્યો છે. મને સતત ટપારતો, ટોકતો રહ્યો છે. જ્યાં હું લપસતો હતો ત્યાં રોકતો ય રહ્યો છે અને જ્યાં હું અટકતો હતો ત્યાં મને દોડાવતો ય રહ્યો છે.

આરંભે આ નવલકથા મારા માટે નિજાનંદનું નિમિત્ત હતી. ધારાવાહિક સ્વરૂપે ગુજરાત સમાચારની રવિપૂર્તિમાં 45 અઠવાડિયા સુધી પ્રગટ થઈને એ સંખ્યાબંધ વાચકોમાં રોમાંચનું કારણ બની રહી છે ત્યારે એ નિજાનંદમાં હવે સંતોષ પણ ભળ્યો છે.

થિયરી ઓફ મશીન અને રૂલ્સ ઓફ થર્મોડાયનેમિક્સની નિર્ધારિત થઈ ચૂકેલી જિંદગી તરછોડીને હું લેખક કેમ બન્યો તેનું મને સ્હેજે ય આશ્ચર્ય નથી. કારણ કે, રાજુલાની કમળાવતિ લાઈબ્રેરીમાં વાંચેલા પુસ્તક પર આફરિન થઈને લેખકના નામ પર ભાવભેર હાથ પસવાર્યો છે, ગરદન ઝૂકાવીને આદરભેર લેખકના નામને તાક્યાં કર્યું છે અને એ દરેક વખતે ખાનામાં પડેલાં પુસ્તકોના થપ્પા વચ્ચે ક્યાંક મારું નામ મેં શોધ્યું છે.

ગ્રીક પૌરાણિક કથાના પાત્ર ઈડિપસને ભવાટવીમાંથી મુક્ત થવા માટે જંતુનો અવતાર ધારણ કરવાનો શ્રાપ હતો. મોક્ષ પામવા માટે લેખક થવું એ કદાચ મારી નિયતિએ મને આપેલું વરદાન છે.

લેખક કાયમ મારી આંખોમાં હીરો રહ્યો છે. મારી સમજણ મુજબ, લેખક એ છે જે શબ્દોની ચકમક ઝારીને અર્થનો ઉજાસ પ્રગટાવે છે. એ ઉજાસમાં પહેલાં પોતે અંદરથી પ્રજ્વળે છે અને પછી વાચકને ઉજાળે છે. લેખક એ છે જે આંગળીઓથી કિ-બોર્ડ ખટકારીને કાગળ પર શબ્દ પાડે છે અને પ્રત્યેક ખટકારે તેનો માંહ્યલો ઝગમગ થતો જાય છે. એ એવો ઝગમગાટ છે જ્યાં જાતિ નથી, લિંગ નથી, ધર્મ, પ્રાંત કે દેશ નથી. સગાં નથી,

વ્હાલાં નથી અને કોઈ દવલાં ય નથી. ફક્ત એક ઉજાસ છે અને લેખક નમ્રતાથી ઝૂકેલા મસ્તકે એ ઉજાસમાં એકાકાર થતો જાય છે.

મને એ ઝગમગાટની તલાશ છે.

'લાઈટહાઉસ' એ ઝગમગાટને પામવાની દિશામાં પહેલું પગલું છે.

અને, એ 'તદ્ધામં પરમં મમ' ન પામું ત્યાં સુધી બસ, લખતો જ રહું.

—ધૈવત ત્રિવેદી

2, ઘુમા 89 રેસિડેન્સી, વિભૂષા બંગલો રોડ,
કબીર એન્કલેવ પાછળ, બોપલ, અમદાવાદ
મોબાઈલઃ +91 98795 85702
ઈમેઈલઃ dt061109@mail.com

ઋણસ્વીકાર

શ્રેયાંસ શાહ, બાહુબલિ શાહ, નિર્મમ શાહ

મારી પહેલી જ નવલકથા છે એવી ખબર હોવા છતાં માત્ર એક જ પ્રકરણ વાંચીને મને અનુમતિ આપવા માટે અને 45 હપ્તા સુધી સતત મને પાનો ચઢાવવા માટે

ઉર્વીશ કોઠારી

સમય પારખીને મને નવલકથા લખવાનો ધક્કો મારવા માટે અને ધક્કો માર્યા પછી સતત સાથે રહેવા માટે

લલિત લાડ

નવલકથા લેખનનો એમનો અનુભવ થોપ્યા વિના મને સતત પ્રોત્સાહિત કરવા માટે

પ્રશાંત દયાળ

પોલીસ અને ગુનેગારની માનસિકતાની પરખ આપવા માટે

રમણિકકાકા, પરાગ દિહોરા

ડેડલાઈનની ય ડેડલાઈન માપી લેવાની મારી કુટેવ છતાં ય હોંશભેર રવિપૂર્તિના પાના પર લાઈટહાઉસ સજાવવા માટે

લલિત ખંભાયતા, મેઘા જોશી, આશિષ શાહ, ડો. સેજલ શાહ, હિતેશ જોશી, નિકિતા પટેલ

દરેક પ્રકરણના પ્રથમ વાચક તરીકે મૂલ્યવાન પ્રતિભાવો આપીને મને ટ્રેક પર રાખવા માટે

શર્મિલી પટેલ

પાંચે ય આંગળીએ ગોરમાને પૂજ્યા હોય ત્યારે જ તારા જેવા વાચક મળે. તને ઠાલું થેંક્સ કહેવા કરતાં વધુને વધુ શ્રેષ્ઠ લખતાં જવાની ખાતરી આપીને જ તારો આભાર માની શકું.

ભૂમિકા દેસાઈ શાહ

શર્મિલીની સાથે મળીને સોફ્ટવેર સંબંધિત વિગતોનું મને સમજાય તેવું અર્થઘટન કરી આપવા માટે

ફેસબુકના એ અગણિત મિત્રો

ધારાવાહિક તરીકે નવલકથા પ્રગટ થઈ રહી હતી ત્યારે દર રવિવારે ફેસબુક પર પ્રચંડ પ્રતિસાદ થકી મારો આત્મવિશ્વાસ ઘડવા માટે

અને

મમ્મી-પપ્પા તેમજ મારો પરિવાર

મારી તમામ અવળચંડાઈ પછી ય મારા પર વિશ્વાસ ટકાવી રાખવા માટે

~

'કરરરરર...'

કટાઈ ગયેલા મિજાગરાનો કર્કશ અવાજ તેના માથામાં ઝાલરની જેમ ઝીંકાયો. બે હાથ વચ્ચે માથું પકડીને તેણે શરીરનું કોકડું વધારે સંકોર્યું. તેના પેટમાં કશુંક ચૂંથાતું હોય તેમ અજીબ લોચા વળતા હતા. જમણી આંખના ખૂણે ઊપસી આવેલા ઢીમણામાંથી લોહી ઝમી રહ્યું હતું. કલાકો સુધી દીવાલો સાથે અફળાયેલા માથામાં હવે એકધારા સણકા ઊપડ્યા હતા.

બહાર ધીમી ધારે વરસાદ વરસી રહ્યો હતો. વાદળો પાછળ ઢંકાયેલા સમીસાંજના સૂરજનું આછું અજવાળું બગીખાના પોલીસચોકીની લાંબી પરસાળ વટાવીને ખૂણાના લોકઅપ સુધી પહોંચતાં પહેલાં અંધારામાં પરોવાઈ જતું હતું.

'સાહેબ...'

તેના કાનમાં અસંખ્ય માઇક્રોફોન ખોસીને કોઈ બોલી રહ્યું હોય તેમ પડઘા પડતા હતા. ભીંતના ટેકે અધૂકડા બેસીને તેણે ફરીથી માથું દાબ્યું.

'સાહેબ, થોડું ખાઈ લો...' લક્ષ્મણસિંહે તીરછી નજરે પાછળ દરવાજાની દિશામાં જોઈને ફુસફુસાતા સ્વરે કહ્યું.

'ખાસ તમારા માટે સૂર્યવિલાસમાંથી મંગાવ્યું છે.' ધીમા અવાજે હોઠ ફફડાવીને તે બોલ્યો. 'રાજાવતસાહેબ આવશે પછી મારાથી...' પાછળ જોઈને તે ઝડપથી બબડી ગયો. 'પછી મારાથી નહિ રોકાવાય.'

તેણે આંખ ખોલવાનો પ્રયાસ કર્યો. પોપચાં પર વજનિયાં બાંધ્યાં હોય તેવો ભાર વર્તાતો હતો. આછી ખૂલેલી પાંપણની વચ્ચેથી તેણે જોયું. બોઝિલ આંખોની આરપાર તેને એક ધૂંધળો પણ પરિચિત ચહેરો વર્તાતો હતો. સળંગ ત્રણ રાતના ઉજાગરા, ભૂખ, અને જાડી ચામડીના ઢોરની પીઠ પણ ફાટી જાય એવો આકરો માર સહ્યા પછી હવે તેનું શરીર જવાબ દઈ રહ્યું હતું. તેણે લથડી જતી કીકી પર ઝૂકી જતાં પોપચાંને પરાણે સ્થિર કર્યાં. ચંદ સેકન્ડ માટે ચહેરો નિહાળ્યા પછી તેના હોઠ સહેજ મલકાટમાં વંકાયા એ સાથે તેના મોંમાંથી હળવો ઊંહકારો નીકળી ગયો.

કમબખ્તોએ આખો ચહેરો રંગી નાંખ્યો છે. મનોમન બબડીને તેણે જમણા ખભા તરફ લુઢકી ગયેલી ગરદન ધીમે ધીમે સીધી કરી. આવી દશામાં પણ હવે તેના ચહેરા પર રાહત વર્તાતી હતી.

ભદૌરિયા... તેણે હોઠ ફફડાવ્યા પણ ગળામાંથી અવાજ નીકળી ન શક્યો. રાજાવતના અધમણિયા ઢીંકા ખાઈને સૂજી ગયેલાં તેના ફેફસાં છાતીના પિંજર સાથે જાણે ભીંસાતાં હોય તેવી આકરી પીડા થતી હતી. તેણે દીવાલના ટેકે પીઠ અઢેલીને પગ સહેજ લાંબા કર્યા. ભેજથી ભીંજાયેલી લોકઅપની જર્જરિત દીવાલો પરથી ખરતી ચૂનાની પર્ત તેના વાળ પર વેરાતી હતી. ઓલિવ ગ્રીન કલરનો તેનો લોગ્રૂવનો શર્ટ બગલમાંથી ઉતરડાઈ ગયો હતો અને તેના લીરા કમર સુધી લબડતા હતા. ભીની માટી અને ભીંત પરના ચૂનાથી ખરડાયેલું તેનું જિન્સ મૂળ કલર ઓળખતાં વાર લાગે એટલું ગંદું થઈ ગયું હતું. પગ લાંબા કરીને તેણે હતી એટલી તાકાત એકઠી કરી ઊંડો શ્વાસ લીધો. તેના કાનમાં સૂબેદાર માનજી થાપાનો પાતળો પણ દમદાર

અવાજ પડઘાઈ રહ્યો હતો.

'મુશ્કિલ વક્ત મેં કમાન્ડો કી સબ સે અચ્છી દોસ્ત હોતી હૈ ઉસકી ખુદ કી સાંસ. આમઆદમી સાંસ લેતા હૈ, છોડતા હૈ. લેકિન કમાન્ડો વો હી હૈ જો સાંસોં કા ઇસ્તેમાલ કરતા હૈ. ફેફડે મેં ગહરી સાંસ ભરતે રહો. થક જાવ તબ બાડી કો મિલી યહી ઓક્સિજન કામ આતી હૈ...'

નેપાળી લઢણમાં બોલાતી તેની હિન્દીની બધા ટ્રેઇનીઝ મજાક ઉડાવતા. સાલો સૂબેદાર હતો પણ તેનાથી આઠ-દસ ગણી ઊંચી પાયરીના આઈપીએસ ઓફિસર્સને પણ પ્રાણાયામની તાલીમ વખતે સીધાદોર કરી દેતો. અત્યારે આ હાલતમાં તેને સૂબેદાર થાપા યાદ આવી રહ્યો હતો તેનું તેને ય આશ્ચર્ય થયું પણ થાપાએ શિખવાડેલા એ ગુરુમંત્રોની અત્યારે જ તેને તીવ્ર જરૂર હતી. તેણે ભ્રૂકુટી તંગ કરીને ફરીથી ઊંડો શ્વાસ લીધો. ફેફસાંમાં જાણે વાસણ ખખડતાં હોય તેવો અવાજ થતો હતો. તેણે ડાબો હાથ લંબાવ્યો એટલે લક્ષ્મણસિંહ ભદૌરિયાએ તેના હાથમાં થાળી મૂકી. ખોળામાં થાળી રાખીને તેણે રોટીનું બટકું તોડ્યું. અધબિડાયેલી આંખે થાળી ફંફોસીને વાડકીમાંથી શાકનાં બે ફોડવાં ભર્યા અને કાંપતા હાથે પરાણે જરાક ખૂલેલા મોંમાં કોળિયો મૂક્યો.

તેને એકીટશે નીરખી રહેલા લક્ષ્મણસિંહ ભદૌરિયાની તગતગતી આંખોમાં અઢળક સવાલોના વંટોળ ઊઠતા હતા. તેને માનવામાં આવતું ન હતું કે હજુ હમણાં સુધી જેને એડી પર ટટ્ટાર ઊભા રહીને જમણા હાથે મજબૂત સલામી આપી હતી એ માણસ પોતે જ આજે બેરહમ માર ખાઈને લોકઅપમાં પડ્યો હતો.

ચાર કોળિયા પેટમાં ગયા એથી તેના ચહેરા પર નૂર આવ્યું હતું. કાંપતા હાથ હવે ચોકસાઈપૂર્વક રોટીનું બટકું તોડવા માંડ્યા હતા. તેણે સહેજ ગરદન ઊંચી કરીને પાણી માટે ઇશારો કર્યો.

'કાસમ, પાણી લાવજે.'

ભદૌરિયાએ બાજુમાં બેઠાં બેઠાં જ હાક મારી. તેને પાક્કો અંદેશો હતો. સાહેબને આ લોકઅપમાં લાંબું ટકવા દેવાશે નહિ. રાજાવત સાલો સગા બાપને ય વેચી ખાય તેવો હરામખોર હતો. સાહેબ એક વાર અહીંથી જાય પછી તો શી ખબર, ક્યારે તે મળવા પામે. ભદૌરિયાના મનમાં સાહેબની ચિંતા ઉપરાંત અનેક સવાલો પણ ઘૂમરાઈ રહ્યા હતા. આખરે આ બધું શું છે? સાહેબનો પગ ખરેખર કૂંડાળામાં ફસાયેલો છે કે તેમના પગ ફરતું કૂંડાળું દોરીને કોઈએ તેમને ફસાવી દીધા છે?

આમ તો ભદૌરિયો પોતે ય જમાનાનો ખાધેલ હતો. એ.એસ.આઈ.ની પાયરીએ પહોંચેલા ભદૌરિયાએ 32 વર્ષની નોકરીમાં ઘાટ-ઘાટનાં પાણી પી લીધાં હતાં. ગુનાખોરી અને પોલીસના કેડા ક્યાં નોંખા થાય છે અને ક્યારે ભેગા મળી જાય તેના તમામ તાણાવાણા તેણે અનુભવી લીધા હતા. પણ આ કંઈક ગળે ઊતરે તેમ નથી એવું તેને પહેલેથી લાગતું હતું. ગુનાખોરીની દુનિયામાં ખબરીઓનું કેવું અને કેટલું મહત્ત્વ હોય તેની તેને પાકી સમજ હતી, અને સાહેબ તો ખબરીઓનું વ્યાપક નેટવર્ક ગૂંથવામાં કેવા માહેર હતા એ તેણે અનેક વખત જાતે જોયું હતું. લાજુડિયા સિરિયલ બ્લાસ્ટ કેસમાં દિવસો સુધી એટીએસના માંધાતાઓએ ઠેબા ખાધા પછી સાહેબને તપાસ સોંપાઈ ત્યારે ભદૌરિયા સાહેબની ટીમમાં હતો. સાહેબે ડિક્ટેશન માટે તેને સામે બેસાડીને પહેલો ફોન હેરતબજારના ગફારને કર્યો. તેની સાથેની વાતચીતમાં થોડાંક મુદ્દા ટપકાવીને બીજો ફોન ખંભાળિયા જોડ્યો. ત્યાં આદમ પંછી સાહેબનો ખબરી હતો. પંછી સાથેની વીસ મિનિટની વાતચીતમાં સાહેબના ચહેરાના બદલાતા હાવભાવ અને જમણા હાથે લૅપટોપની સતત દબાતી જતી ચાંપ ભદૌરિયા અચંબાથી જોતો રહ્યો. છ કલાક પછી સાહેબે આળસ મરડી મર્માળુ સ્મિત વેર્યું ત્યારે તેમના બે ય મોબાઇલની

બૅટરી ઊતરી ગઈ હતી પણ 12 દિવસથી ગૂંચવાયેલો એ કેસ છ કલાકના ટોકટાઇમમાં ઉકેલાઈ ગયો હતો. આ જ તેમની ખાસિયત હતી અને આવી જ રીતે એ બીજા પોલીસ અધિકારીઓથી અલગ પડતા હતા. ક્લીનશૅવ્ડ, ગોરો, નમણો, ચહેરો. 6 ફૂટ 2 ઇંચની હાઇટ સાથે શોભે એવો ભરાવદાર બાંધો. લેટેસ્ટ સ્ટાઇલનાં બ્રાન્ડેડ કપડાં, ઈટાલીથી આવતા ટેગ હ્યુવર કે ફ્લોરેન્ઝો જેવી બ્રાન્ડનાં મોંઘા ગોગલ્સ અને ચકચકતી સ્પીડકાર જાતે જ ડ્રાઇવ કરવાની આદત. આ એક જ એવો પોલીસ અધિકારી હતો જે પચીસ લાખની સીઆરવી જેવી ગાડી લઈને છડેચોક ઘૂમતો હતો. કારના તેમના આવા વળગણે જ તો આ મોંકાણ સર્જી હશે?

ભદૌરિયાને તરત હરામી યાદ આવ્યો. રાજિયો હરામી. નામ તો એનું રાજુ પુરાણી હતું પણ જાતજાતના ગોરખધંધામાં અનેક ભાતનાં સ્વરૂપો ઝળકાવ્યા પછી તેનું નામ હરામી પડી ગયું હતું અને રાજિયાને ય એમાં વાંધો ન હતો. સાહેબનો એ ખાસ ભાઈબંધ. કહેવા માટે તો તેની ટ્રાવેલ્સ કંપની હતી પણ સીધા રસ્તા સાથે હરામીને બાળપણથી જ આડવેર હતું. 15 વર્ષની ઉંમરે દારૂની ખેપ મારતા પકડાયેલા હરામીને ત્યારથી જ પોલીસનો કે કાયદાનો ખોફ છૂટી ગયો હતો. દારૂની ખેપ પછી તેણે વરલીમટકાના આંકડાના ધંધામાં ઝંપલાવ્યું. એમાં કમાયેલા રૂપિયામાંથી ક્લબ ખોલી. પોલીસખાતામાં સંબંધ સારા રાખવા તેણે મોટા ગુનાઓમાં બાતમી આપવાનું પણ શરૂ કર્યું. ગુનાખોરીની દુનિયામાં તેની પહોંચ એટલી વધી ચૂકી હતી કે મુંબઈમાં કોઈ મર્ડર થાય તો પોલીસથી ય પહેલાં હરામીને જાણ થઈ જાય. રાજિયા હરામીની આ ક્ષમતાએ જ તેને સાહેબનો માનીતો બનાવી દીધો હતો. સાહેબનું ગાડીઓ માટેનું વળગણ પોસવામાં હરામીનો મોટો ફાળો. એ હરામી જ સાલો ફરી ગયો. સાલો હરામી...

જમીન પર મુકાતી થાળીના રણકારથી ભદૌરિયાની તંદ્રા તૂટી.

થાળી સહેજ દૂર હડસેલીને તેણે ધીમેથી પૂછ્યું, 'બહાર કોઈને કંઈ કહેવડાવવું હોય તો...'

ભદૌરિયાના ફફડતા હોઠમાંથી ફેંકાયેલા શબ્દો ઝીલવા તેણે ગરદન ત્રાંસી કરીને કાન સરવા કર્યા.

તેની ગરદન અવશપણે ધ્રૂજી રહી હતી. જમણા લમણેથી નીકળતા લોહીનો રેલો ગાલ પર વહીને તેની વેરવિખેર વધેલી દાઢીના વાળમાં ફંટાઈ ગયો હતો. પણ આવી હાલતમાં ય થાક, માર અને ઉજાગરાથી પસ્ત થઈ ગયેલા તેના દિમાગમાં વિચારોનું ઘમસાણ મચી રહ્યું હતું. શર્ટના ઉતરડાયેલા લીરાની ચિંદરડી સાથે રમતી તેના ડાબા હાથની આંગળીઓ તેના વ્યસ્ત દિમાગની સાખ પૂરતી હતી.

'મને નથી લાગતું કે પછી એવી તક મળે...' ભદૌરિયાએ ફરીથી દરવાજાની દિશામાં જોઈને ધીમેથી કહ્યું. તેણે ઘડીભર સિમેન્ટનો રાડો કરેલી લોકઅપની ઊબડખાબડ ભોંય પર શૂન્યમનસ્કપણે તાક્યા કર્યું.

'ચાર્જમાં કોણ છે?' તેણે નજર ફેરવ્યા વગર પૂછ્યું.

'પ્રેમજી, જાફરકાકા, હરિઓમ અને હું.' ભદૌરિયાએ ખોલીનું નિરીક્ષણ કરતો હોય તેમ ઊભા થઈને આંટા મારતાં મારતાં ધીમેથી કહ્યું.

'એ બધા જ રાજાવતના વિશ્વાસુ છે અને હું તો કદાચ કાલે જ... કદાચ આજે રાત્રે જ...'

'આઈ ગેસ...' તેણે અધવચ્ચે જ જવાબ વાળ્યો અને શરીરને તંગ કરીને, હતી એટલી તાકાત એકઠી કરીને ફેફસાંમાં ઊંડો શ્વાસ ભર્યો. પ્રાણાયામ વડે શ્વાસોચ્છ્વાસનું નિયમન આજે તેને એનાલ્જેસિકની ગરજ સારતું હતું.

'કાગળ-પેન મળશે?'

ભદૌરિયાએ ખિસ્સાં ફંફોસ્યાં. 'ઓહ નો...' મનોમન બોલાયેલી તેની વિવશતા ચહેરા પર ઝબકી આવી. વરસતા વરસાદમાં તે આવ્યો ત્યારે પોલીસચોકીની ખીંટીએ ટીંગાડેલા રેઇનકોટના ખિસ્સામાં જ કેસના કાગળો, પાકીટ, પ્લાસ્ટિકની કોથળીમાં રહી ગયું હતું અને હવે લેવા જાય તો હરિઓમને જરૂર શંકા જાય.

'પેન આપ.' તેણે કાંપતા હાથે હથેળી લંબાવી પેન હાથમાં લીધી.

'જૂતાં કાઢ.'

'હેં?' ચોંકેલા ભદૌરિયાના ચહેરા પર ન સમજાવાની અકળામણ અને પકડાઈ જવાના ડરના મિશ્રિત ભાવ હતા.

'કહું છું, જૂતાં કાઢ.' આ હાલતમાં ય તેના અવાજમાં અમલદારી સખ્તાઈ બરકરાર હતી.

ભદૌરિયાએ કમને ડરતાં ડરતાં જૂતાં કાઢ્યાં. તેણે ઝડપથી જમણા પગનું જૂતું લઈ તેની એડી નીચેના ખાંચવાળા વળાંકમાં કશુંક લખ્યું. પછી એકાગ્રતાપૂર્વક એ લખાણ ફરી-ફરીને વાંચ્યું.

'લાઇટહાઉસ પર જઈને ત્યાં કાઉન્ટર પર જૂતાં જમા કરાવી દેજે.' તેના ચહેરા પર હવે રાહત હતી. 'સોરી દોસ્ત, તારે નવાં જૂતાંનો ખર્ચ કરવો પડશે. તેણે ચહેરા પર દર્દના ભાવ સાથે સ્મિત વેર્યું.'

ગભરાઈ ગયેલો ભદૌરિયો જૂતાં પહેરીને ફટાફટ લોકઅપની બહાર નીકળ્યો ત્યારે દરવાજા પાસે બાંકડા પર બેસીને બીડી ફૂંકી રહેલા હરિઓમ અને પ્રેમજીની નજરથી પોતાની ગભરામણ છુપાવવા તેણે આડું જોઈ જવું પડતું હતું.

*

બાવાપીરની દરગાહેથી તે ઝડપાયો તેને આજે કેટલા દિવસ થયા હશે? આંખે મુશ્કેટાટ પટ્ટી બાંધીને તેને ગાડીમાં નંખાયો હતો. ના, એ પોલીસની ગાડી ન હતી. કોઈક ખાનગી પાસિંગની ઇનોવામાં તેને લઈ જવાયો હતો. ઉજાગરા, ભૂખ, અને બેરહમ મારથી પસ્ત થયેલા દિમાગને ઝકઝોરીને તેણે સમયનો તાળો મેળવવાનો પ્રયાસ આદર્યો. બહાર કોઈ ધીમા અવાજે ખાંસી રહ્યું હતું. પરસાળમાં કોઈકે લૅમ્પ જલાવ્યો હતો. તેના આછા ઉજાસમાં બહાર ઘૂમતા આદમીઓના ઓળા લોકઅપના દરવાજા સુધી લંબાતા હતા. પોલીસ ચોકીની રવેશના છાપરા પર હળવા વરસાદનાં ફોરાં એકધારો લયબદ્ધ અવાજ કરી રહ્યાં હતાં. તે દિવસે લગભગ આવા જ સમયે બાવાપીરની દરગાહની ટેકરી પર તેણે ખાટલો ઢાળીને સિગારેટ જલાવી હતી. વગડામાં સમી--સાંજનો સન્નાટો પ્રસરવાનો આરંભ થઈ ગયો હતો. દરગાહનો મુંજાવર વાળુનું પૂછવા આવ્યો તેના લગભગ અડધા કલાકમાં પોલીસનો કાફલો ત્રાટક્યો હતો. લગભગ સાતેક વાગ્યા હશે. સાલાઓ એટલી ચુપકીદીભેર ત્રાટક્યા હતા કે તેને ગન કાઢવાનો ય સમય મળ્યો ન હતો. કદાચ સમય મળ્યો હોત તો પણ તેણે ગન કાઢી હોત ખરી? તેના કાનમાં ખરજમાં ઘૂંટાયેલો, ઘેરો, પડછંદ અવાજ પડઘાઈ ઊઠ્યો. 'ક્યા હૈસિયત હૈ તેરી? તૂ બદલેગા ઇસે? બદલ પાયેગા? નિરંતર બદલાવ તો ખુદ સૃષ્ટિ કા ક્રમ હૈ. કૌન હૈ તૂ ઇસે બદલને વાલા?'

અવાજના સંમોહનમાં તે એકટશે ભીંતને તાકી રહ્યો. ભીંત પર જાણે ભૂતાવળ નાચતી હોય તેમ ઓળાઓ પથરાઈ રહ્યા હતા. ઘડીકમાં તેને પીરસેલી થાળી લઈને આવતો મુંજાવર દેખાતો હતો તો ઘડીકમાં તેને

ઠમઠોરી રહેલા રાજાવતનો ક્રૂર ચહેરો ભીંત પર ઊપસતો હતો. તેના કાનમાં નિરંતર પડઘાતો હતો દરિયાનો ઘુઘવાટ અને એ ઘુઘવાટ પછવાડે ગુંજતો હતો એ પડછંદ અવાજ... ક્યા હૈસિયત હૈ તેરી... લગભગ ચિતભ્રમની દશામાં તેણે બે હાથ વચ્ચે માથું ભીંસી નાંખ્યું.

હોલ્ડ યોરસેલ્ફ. કન્ટ્રોલ. બી કૂલ. તું કદી હાર્યો નથી. નોટ ઇવન ટૂડે...

સેલ્ફ ટોક વડે તેણે મનોમન પોતાની જાતને જ પોઝિટિવ વાઇબ્રેશન્સના કમાન્ડ આપવાના શરૂ કર્યા. સખત ભયાનક હાલતમાં તે મુકાઈ ચૂક્યો હતો. કટોકટી કે મુશ્કેલ પરિસ્થિતિની તેને કદી નવાઈ ન હતી. મગજ ચકરાવે ચડી જાય અને દિમાગ પસ્ત થઈ જાય તેવી હાલતમાંય તેણે સંયમ, ધીરજ અને ચાલાકી વડે અનેક વખત વિરોધીને મ્હાત આપી હતી. હાર માની લેવાનું તેના સ્વભાવમાં ન હતું. પણ આજે ખબર નહિ એ થાકી રહ્યો હતો. આંખોમાં ઘેરાતી ઊંઘ તળે મનમાં સવાલોનો ઝંઝાવાત ફૂંકાઈ રહ્યો હતો. હજુ ક્યાં સુધી? આખરે ક્યાંક તો તેના આ ઘમસાણનો છેડો આવશે ને? ક્યાંક તો તેણે અટકવું પડશે ને? તો અહીં જ કેમ નહિ? ભાડમાં જાય આખી દુનિયા. કૂવામાં પડે આ આદર્શ, આ વિચારધારા, આ સંસ્કૃતિ અને આ સંસ્કાર. શું મળી ગયું મને આખી જિંદગીના આ જીવલેણ હવાતિયાંથી? કંઈક પામવાની લ્હાયમાં તે આગળ વધતો હતો કે વધુ ને વધુ ઊંડે ઊતરતો જતો હતો? અચાનક તેને ગામની વાવ યાદ આવી ગઈ. તેની મા તેને કાયમ કહેતી, તારી અબળખા આ વાવ જેવી છે. તને એમ લાગે છે કે તું આગળ વધી રહ્યો છે પણ ખરેખર તો તું ઊંડો ઊતરતો જાય છે.

તેની મા...

માના સ્મરણથી તેના ચહેરા પર હળવો મલકાટ તરી આવ્યો. ખડકીની દીવાલ ઠેકીને લીમડાના ઝાડ પર તે ચડી જતો અને તેને શોધવા નીકળતી માને તે તોફાની નજરે જોઈ રહેતો. ઠેઠ ગામના ચોરેથી ય તેના નામની બૂમો પાડી રહેલી માનો બાવરો અવાજ તેને સંભળાતો. આજે ય મા એવી જ બાવરી આંખે તેને શોધતી હશે? આવતી કાલે આખી દુનિયા તેના નામ પર થૂંકતી હશે, ફિટકાર વરસાવતી હશે ત્યારે તેની મા તેના માટે શું કહેશે? તેને ધુત્કારશે કે એવો જ હૂંફાળો સાદ કરતી રહેશે?

અધબિડાયેલી તંદ્રાભરી, ઘેનભરી આંખે તેણે દીવાલ પર માથું ટેકવ્યું. સવાલોના ઝંઝાવાત પર બાળપણની શીળી લહેરખી હાવી થઈ રહી હતી. સ્મરણોના આગળિયા આપમેળે ઊઘડતા જતા હતા અને ખડકીની ફાંટમાંથી દેખાતું ફળિયું તેની કોટે વળગતું જતું હતું. લીમડાના ઝાડની છેલ્લી ડાળીએ ચડીને છુપાવા માટે તે શરીરને સંકોરતો જતો હતો અને ફટ્ટાક કરતી ખડકી ખોલીને મા શેરીમાં ધસી જતી હતી. આમ-તેમ જોઈને બૂમ પાડતી હતી...

'વિરમ... વિરમ...'

* * *

~

'લાપતા આઈપીએસ ઓફિસર વિરમ રાજદેવ અંગે હોમ મિનિસ્ટરનું મૌન'

નવયુગ ટાઇમ્સના ક્રાઇમ રિપોર્ટર અભિમન્યુ રાવે કમ્પ્યૂટરના સ્ક્રીન પર હેડિંગ ટાઇપ કર્યું અને જાણે એમાંથી કશુંક પ્રગટવાનું હોય તેમ અસમંજસપણે તાક્યા કર્યું.

'સમથિંગ ઇઝ રોંગ... ક્યાંક કશીક ગરબડ છે...' મનોમન બબડીને તેણે ડોકું ધુણાવ્યું. તેના મનમાં કશીક ગડ બેસતી ન હતી. તેણે કાગળ પર એક પછી એક પ્રશ્નો લખવાનું શરૂ કર્યું. જો ક્રાઇમબ્રાન્ચના ચાર્જમાં રાજાવત છે તો એ ફોન કેમ રિસીવ નથી કરતો? જો એ ટૂર ઉપર છે તો તેની સત્તાવાર ગાડીની એન્ટ્રી છેલ્લા અઠવાડિયાથી ઝીરો કેમ છે? હેડક્વાર્ટરમાં લીવ રિપોર્ટની ફાઇલ સંભાળતા જોશીપુરાને ય રાવે સાધી રાખ્યો હતો. એય સાલો રાજાવતનો કોઈ લીવ રિપોર્ટ ન હોવાનું જ ગાણું ગાતો હતો. વિરમનો ખાસ ગણાતો ખબરી રાજિયો હરામી ય ગાયબ છે. ક્રાઇમબ્રાન્ચમાં રાજાવત હાજર નથી. ખુદ હોમ મિનિસ્ટર લાપતા થયેલા વિવાદાસ્પદ આઈપીએસ ઓફિસર વિરમ રાજદેવ અંગે કશો ફોડ પાડતા નથી. ડીઆઈજી સુધ્ધાં ફફડાટમાં હોય તેમ એક-બે વાક્યમાં ઉડાઉ જવાબ આપીને ફોન કાપી નાંખે છે. મામલો આખરે છે શું?

અભિમન્યુએ We Are ના કોડવર્ડથી બનાવેલું ફોલ્ડર ખોલ્યું અને વિરમ રાજદેવ વિશેની નોંધ ફરીથી વાંચી. ક્રાઇમ રિપોર્ટિંગની 15 વર્ષની કારકિર્દીમાં તેણે ભાગ્યે જ વિરમ જેવો ઓફિસર જોયો હતો. અદનો કોન્સ્ટેબલ હોય કે રેન્જ આઈ.જી. કક્ષાનો અફસર, વિરમનું નામ ગુનાખોરીની દુનિયામાં તો ઠીક, પોલીસબેડામાં ય ખોફથી લેવાતું. ટોચના પોલીસ અફસરોએ તેના માટે એક કોડવર્ડ બનાવ્યો હતો—આલ્બિનો—બે મોઢાવાળો સાપ. વિરમ પોતે કોનો માણસ છે અને વિરમના માણસો કોણ છે તેની કોઈને કદી ગતાગમ પડતી નહીં. હોમ મિનિસ્ટરનો એ માનીતો હતો અને દિલ્હીના આકાઓ પણ ગૂંચવાયેલાં કોકડાં સીધાં કરવા વિરમને સાધતા. ક્રાઇમબ્રાન્ચ એ તેનું ગમતું પોસ્ટિંગ હતું. અહીં તે પોલીસ સ્ટેશનની શિસ્તથી આઝાદ રહીને રાજકીય ગોડફાધરના એસાઇન્મૅન્ટમાં જ પડ્યો-પાથર્યો રહેતો. પાર્ટી માટે ફંડ એકઠું કરવા હોમ મિનિસ્ટર દયાલ સાહા વિરમનો ઉપયોગ કરતા હોવાનું કહેવાતું પણ એ તો મલાઈદાર જગ્યાએ પોસ્ટિંગ ધરાવતા દરેક પોલીસ ઓફિસરની ફરજનો વણલખ્યો હિસ્સો ગણાતો. વિરમની કેટલીક મૂવમૅન્ટ અને કેટલાક સંપર્કો શંકાસ્પદ હોવાનું અભિમન્યુને લાગતું પણ એ વિશે તેને કદી ઠોસ પુરાવા મળ્યા ન હતા. ચાર વખત બદલી પામીને ચારેચાર વખત ક્રાઇમબ્રાન્ચ જેવા ધાકદાર અને મલાઈદાર પોસ્ટિંગ પર પરત આવવાના વિરમના રેકોર્ડની સૌને તાજુબી હતી. 8 ખાતાકીય તપાસ, 6 એન્કાઉન્ટર, માનવઅધિકારભંગની દસ-બાર ફરિયાદ અને છાશવારે મીડિયાના પત્રકારોથી માંડીને સાથી પોલીસ કર્મચારીઓ સુધ્ધાં પર હાથ ઉપાડી લેવાની મનમાની. આવો વિલક્ષણ સર્વિસ રેકોર્ડ કોઈ કાચાપોચા પોલીસ અફસરનો હોય તો ક્યારનો સસ્પેન્ડ થઈને તપાસપંચના પગથિયે ઘૂંટણિયાં ટેકવીને કરગરતો હોય, પણ આ વિરમ રાજદેવ હતો. ઢાળ પ્રમાણે ગબડતાં તેને આવડતું હતું અને અનુકૂળ ઢાળ ઊભો કરતાં પણ.

—અને એ જ વિરમ આજે પોતાના જ બનાવેલા ઢાળ પરથી ગબડ્યો હતો. પણ ગબડીને ક્યાં ગાયબ થઈ ગયો હતો? અભિમન્યુએ અકળાઈને ફાઇલ બંધ કરી. હવે ગમે તેમ કરીને સુમરાને બોલતો કરવો પડે. અભરામ સુમરા. એક જમાનાનો કુખ્યાત શાર્પશૂટર અને એક સમયનો વિરમનો વિશ્વાસુ. એ જરૂર કંઈક જાણતો હોવો જોઈએ. અભિમન્યુએ એક ફોન જોડ્યો.

'સલામ આલૈકુમ, ભાઈજાન, અભરામ સુમરા સે મિલના હૈ. કુછ જુગાડ લગાઓ પ્લીઝ.' સામા છેડેથી કશુંક કહેવાયું એટલે અભિમન્યુએ કમ્પ્યૂટરના ટાસ્ક બાર પર ઝબૂકતી ઘડિયાળ પર નજર ફેરવીને જવાબ વાળ્યો, 'ઠીક હૈ, મૈં પહૂંચતા હૂં. લેકિન ભાઈજાન, આપ સાથ મેં રહે તો અચ્છા હોગા. ઠીક હૈ, મૈં પહૂંચતે હી આપ કો મિસ્ડ કોલ દેતા હૂં...'

મોબાઇલ ખિસ્સામાં મૂકીને અભિમન્યુએ કમ્પ્યૂટર શટડાઉન કર્યું અને બાજુના ટેબલ પર બેસતા રિપોર્ટરને કહ્યું, 'હું એક કામ માટે બહાર જાઉં છું. પેલો રાવણ પૂછે તો કહી દેજે કે આજે મારી કોઈ સ્ટોરી નથી.'

એડિટર એટલે રાવણ એ અભિમન્યુની કાયમી મજાક હતી પણ અભિમન્યુ જે પ્રકારની સ્ટોરી લઈ આવતો કે એ છાપતી વખતે એડિટરને ખુદ અભિમન્યુ જ રાવણ જેવો લાગતો.

*

બગીખાના ચોકીની બહાર અંધારું ઘેરાઈ ગયું હતું. નાઇટ ડ્યૂટીના ચાર્જમાં રહેલો હેડ કોન્સ્ટેબલ જાફર મરઘાણી ટેબલ પર પગ લાંબા કરીને ઝોકે ચડ્યો હતો. કોન્સ્ટેબલ પ્રેમજી ચોકીની સામેના ખૂણે પાનના ગલ્લે ગપાટા હાંકી રહ્યો હતો. અચાનક સડકની સામેથી આવી રહેલા વાહનની હેડલાઇટ જોઈને એ ચોંક્યો. હાથનું નેજવું કરીને તેણે ઘડીભર નીરખ્યું અને અચાનક વીજળીનો કરન્ટ લાગ્યો હોય તેમ મોંમાંથી તમાકુ થૂંકતો એ ચોકીની દિશામાં ભાગ્યો. જાફરના ટેબલને રીતસર લાત મારીને તેણે હલબલાવી નાંખ્યું એટલે ઝોકે ચડેલો જાફર પણ સફાળો જાગી ગયો.

'શું છે ગધેડા, જોઈને ચાલ ને...' જાફર હજી કાચી ઊંઘમાં ઘેરાઈ રહેલા સપનાના કેફમાં હતો.

'ગધેડાનો ય બાપ આવી રહ્યો છે.' પ્રેમજીએ છળી ઊઠેલા ચહેરે દબાતા અવાજમાં શક્ય તેટલો રોષ ભેળવીને સડક ભણી આંગળી ચીંધી.

'હેં? પણ અત્યારે? હેં? પણ હજી...'

'હેં હેંની પત્તર ન ફાડો. જલદી શર્ટ પહેરો, નહિ તો તમારો બાપ પાટલૂને ય ઉતારી લેશે.' પ્રેમજીએ ખીંટીએ ટીંગાતો શર્ટ જાફર ભણી ફગાવ્યો અને પોતે ગંદા થયેલા બૂટ પાટલૂનના પાયસા પર લૂછીને 'પોલિશ' મારી દીધો. ઘાંઘો થયેલો જાફર હજુ ડાબી બાંયમાં જમણો હાથ નાંખી રહ્યો હતો બરાબર એ જ ઘડીએ ચોકીના આંગણામાં ઈનોવા ઊભી રહી અને અંદરથી સપાટાભેર રાજાવત ઊતર્યો.

બ્લૂ ડેનિમમાં જેમતેમ ખોસેલો લૅમન યલો શર્ટ, પહેલાં બટનમાં બેપરવાઈથી ભેરવેલાં ગોગલ્સ, પૅન્ટની ડાબી બાજુએ દુપટ્ટાની જેમ લબડતો બૅલ્ટ અને લોટ્ટોના ઊજળા બાસ્તા જેવા સ્પોર્ટ્સ શૂઝ. જો તેના ચહેરા પરથી ઘાટી, ભરાવદાર મૂછ અને જિન્સ સાથે બાંધેલા હોલ્ડ-ઓલમાં લટકતી ગન હટાવી લેવામાં આવે તો પહેલી નજરે કોઈક છેલબટાઉ નબીરો જ લાગે. રાજાવતનો આ જ પ્લસ પોઇન્ટ હતો. તેના નમણા, કુમાશભર્યા ચહેરાની જન્મદત્ત શાલીનતા હેઠળ તેની પ્રકૃતિગત શાતિરતા ઢંકાઈ જતી હતી. અત્યંત મહત્ત્વાકાંક્ષી રાજાવતે કેડરમાં ભરતી થતાંની સાથે જ વિરમ સાથે સ્પર્ધા ધારી લીધી હતી એટલે વિરમને નીચો પાડવાની એકે ય કોશિશ તેણે જતી કરી ન હતી પણ એ દરેક વખતે તેણે વિરમના હાથે પરાસ્ત થવું પડ્યું હતું. એડિશનલ કમિશનર, ક્રાઇમબ્રાન્ચના પોસ્ટિંગે રાજાવતને ખુલ્લી આંખે સપનું બનીને પજવ્યો હતો. હોમ મિનિસ્ટરની ગુડબુકમાં આવવા રાજાવતે કોઈ કસર છોડી ન હતી, પણ દરેક વખતે સાલો વિરમ જ આડો ઊતરે છે એવી

રાજાવતની દૃઢ માન્યતા હતી. જયપુર સંમેલન વખતે પાર્ટી માટે ફંડ એકઠું કરવાનું આવ્યું ત્યારે રાજાવત માટે વધુ એક તક ઊભી થઈ હતી. 40 કરોડ રૂપિયા એકઠા કરવા માટે ખુદ હોમ મિનિસ્ટર દયાલ સાહાએ તેને પ્રમોશન સાથે ક્રાઇમબ્રાન્ચના પોસ્ટિંગની ઓફર આપી હતી. એ વાત યાદ આવે એટલી વાર રાજાવત પોતાની જાતને ગાળો ભાંડતો હતો. એ વખતે જો તેણે બે દિવસની મહેતલ માંગવાને બદલે જરાક હિંમત દાખવીને તરત હા પાડી દીધી હોત તો...

પણ ત્યારે ય સાલો વિરમ ફાવી ગયો હતો. એ વખતે વિરમે કયા જોરે તરત માથું ધુણાવીને હા પાડી દીધી હતી તેનો રાજાવતને ભારે અચંબો હતો. મિટિંગમાંથી બહાર નીકળીને તેણે વિરમને ટોળમાં કહી પણ દીધું હતું.

'તને કૂતરાં પાળવાનો શોખ છે?'

'ના, કેમ?'

'તો રાતોરાત 40 કરોડ રૂપિયા તારી કઈ કૂતરી વિયાવાની છે?'

તેને એમ હતું કે તેની આ ભદ્દી મજાકમાં સંતાયેલા ઉપહાસથી છંછેડાઈને વિરમ કંઈક બોલી નાંખશે પણ એ સાલો ત્યારે ફક્ત હસ્યો હતો. વિરમના હાસ્યનું રહસ્ય તેને બીજા દિવસે સમજાયું હતું.

ખુદ વિરમે જ તેને ફોન પર કહ્યું હતું, 'આઈ એમ ટોલ્ડ ટુ મીટ એચ.એમ.'

રાજાવત પણ વિરમના કોથળામાં છુપાયેલી પાંચશેરી ન ઓળખે ત્યાં સુધી બોલે તેવો ન હતો. તે ચૂપ રહ્યો એટલે વિરમે કહ્યું, 'પણ મને ખાતરી છે કે, આજની મિટિંગમાં હું એકલો જ હોઈશ.' તેનાં વાક્યોથી રાજાવતના પેટમાં તેલ રેડાતું હતું. ચંદ સેકન્ડના મૌન પછી વિરમે વાક્ય પૂરું કર્યું, '40 કરોડ રૂપિયા વિયાઈને રાતોરાત સૂંડલો ભરી દે એવી ફળદ્રુપ કૂતરી બધા પાસે નથી હોતી!'

એ જ દિવસે સાંજે ક્રાઇમબ્રાન્ચમાં વિરમના પોસ્ટિંગની હવા ચાલુ થઈ ગઈ હતી—અને સ્પર્ધામાં રાજાવતની પછડાટનો દોર પણ.

રાજાવત શી વાતેય સમજી શકતો ન હતો કે વિરમ આખરે એવું શું કરે છે કે તે પિવડાવે એટલું જ પાણી હોમ મિનિસ્ટર દયાલ સાહા પીવે છે? ટાણે-કટાણે ગમે ત્યારે પાર્ટી ફંડ ઉઘરાવવાનું તો બધા પોલીસ ઓફિસરના ફાળે આવતું હતું. સાહાની ઊલટી-સીધી વરદી ઝીલવા ખાખી વરદીની આખી ફોજ હોંશે-હોંશે તૈયાર રહેતી અને દયાલ સાહા કંઈ ઓછા લાકડે બળે તેવો ન હતો. એ જાડિયો આખા ગામનો ઉતાર હતો. એ વિરમ જેવા કંઈકને ખિસ્સામાં રાખીને પરચૂરણની જેમ ખખડાવતો ઊભી બજારે વેચી આવે એવો ખેપાની હતો. તો પછી વિરમ...

નાનપણથી ગણિતમાં કાચા રાજાવતને એ દાખલાનો તાળો કદી મળ્યો જ નહિ અને મળ્યો ત્યારે રાજાવતને ક્રાઇમબ્રાન્ચનું પોસ્ટિંગ લુખ્ખું લાગતું હતું. હવે તેને સેશલ્સ આઈલૅન્ડ પર એક આખો ટાપુ ખરીદીને રઈસજાદા આરબની જેમ શાહી ઠાઠથી જિંદગી બસર કરવાના કોડ જાગ્યા હતા. એક હાથમાં જહોની વોકરની બોટલ અને બીજો હાથ કોઈ કન્યાની કેડમાં... આહ્હહા! ગણિતમાં નબળો રાજાવત જોકે ગણતરીમાં પૂરતો ઉસ્તાદ હતો. 50,000 કરોડ રૂપિયાથી શું-શું થઈ શકે તેનું આખું લિસ્ટ તેના મનમાં તૈયાર હતું.

વિરમ લાપતા થયો ત્યારથી જ રાજાવત હરકતમાં આવી ગયો હતો અને હોમ મિનિસ્ટર સાહાને ય હવે

રાજાવતને વિશ્વાસમાં લીધા વગર આરો ન હતો. રાજાવતે દેશભરમાં ખબરીઓની ફોજ છૂટી મૂકી ત્યારે માંડ એક મહિને વિરમનો પત્તો લાગ્યો હતો. સાહાની સ્પષ્ટ સૂચના હતી, વિરમ ઝડપાય પછી તેની ધરપકડ જાહેર કરવાની ન હતી. સાહાના પી.એ.એ તેને ફોન પર જ સૂચના આપી હતી કે વિરમને પકડીને કોઈ ગુપ્ત જગ્યાએ રાખવો. સાહાસાહેબ ખુદ ત્યાં કેટલીક પૂછપરછ કરવા આવશે, સમથિંગ ઇઝ સિરિયસ એન્ડ ઇટ મે કન્સર્ન વિથ નેશનલ સિક્યોરિટી.

માય ફૂટ નેશનલ સિક્યોરિટી? પી.એ.ની સૂચના સાંભળીને રાજાવત તોછડાઈથી થૂંક્યો હતો. સાલાઓ મને ગધેડો સમજો છો? અત્યાર સુધી તારા દયાલ સાહા અને આ વિરમે શું-શું કર્યું છે એ હવે મારાથી અજાણ્યું છે? તારો બાપ સાહો મારું રૂપાળું ડાચું જોઈને મને આ કામ સોંપી રહ્યો છે? બધા જ મળેલા છે સાલા... ના, મળેલા હતા. હવે એમનામાં ફૂટ પડી છે એટલે આ જાડિયો સાહા હવે મને થાબડભાણાં કરી રહ્યો છે. વેલ, બદલામાં એ મને આપી-આપીને શું આપી દેશે? પ્રમોશન? એકાદ બે ગેલન્ટરી એવોર્ડ? ક્રાઇમબ્રાન્ચમાં સર્વસત્તાધારી પોસ્ટિંગ? અરે, હવે તો એવી પંદરસો ક્રાઇમબ્રાન્ચ હું મારા સ્ટાફમાં રાખીશ અને એ જાડિયા સાહાને તેનો હવાલદાર બનાવીશ. મામલો 50,000 કરોડનો છે એટલે સાહાને પરસેવો છૂટે છે એ શું હું નથી જાણતો?

ગિન્નાયેલા રાજાવતના મનમાં એ જ ઘડીથી હોમ મિનિસ્ટર દયાલ સાહાની ફાંદ પર નગારાં વગાડવાના ખયાલો રચાવા માંડ્યા હતા. બાવાપીરની દરગાહેથી વિરમ ઝડપાયો એ પછી હવે આખી ગુત્થી સુલઝાવવા રાજાવત ભુરાયો બન્યો હતો. દયાલ સાહા અને વિરમે એવું શું કર્યું હતું? અચાનક વિરમ કેમ લાપતા થઈ ગયો હતો અને પછી સાહા કેમ વિરમની ભાળ મેળવવા બેબાકળો બન્યો હતો? 50,000 કરોડની વાતમાં કેટલું તથ્ય હતું? રાજાવત તેના સ્વભાવથી વિપરીત બહુ જ ધીરજપૂર્વક દાખલાનાં પદ માંડી રહ્યો હતો પણ તેની કઠણાઈ એ હતી કે દાખલાનું છેલ્લું સ્ટૅપ તેણે વિરમ પાસેથી જ મેળવવું પડે તેમ હતું.

'આ કોણ તારો બાપ ખોલશે?' ઈનોવામાંથી ઊતરતાંવેંત તેણે ચોકીના ઓટલા પાસેની નાનકડી ઝાંપલીને લાત મારતાં પ્રેમજી સામે ઘુરકિયું કર્યું.

રાજાવતના ગોરા ચહેરા પરનો ગુસ્સો પ્રેમજીના ચહેરા પર ખોફ બનીને ઝીલાતો હતો. શર્ટની બાંયમાં હાથ નાંખવાની ભાંજગડમાં પડેલો જાફર કયા હાથે સલામ મારવી તેની પળોજણમાં હતો. રાજાવતે ડારતી નજરે તેની સામે જોયું. ડાબી બાંયમાં ફસાયેલો જાફરનો જમણો હાથ રીતસર કાંપી રહ્યો હતો.

'સોરી સર... પણ આ જરાક... મને એમ કે... સોરી...'

'તારા બાપની જાનમાં મહાલવા આવ્યો છે અહીં?' પ્રેમજીએ ધરેલી ખુરશી પર બેસીને તેણે સિગારેટ જલાવી ઊંડો કસ લીધો. લાઇટરના ઉજાસમાં બે દિવસની વધેલી દાઢી હેઠળ તેનો ગૌર ચહેરો નમણો લાગતો હતો, પણ માંજરી આંખોની ખંધાઈ અછતી રહેતી ન હતી.

'તને ભાન છે અંદર કોને ઘાલ્યો છે?' લોકઅપ ભણી આંગળી ચીંધીને બેપરવાઈથી ધુમાડો છોડતા તે તાડૂક્યો. 'સાલાઓ, લાખ વાર કહ્યું કે જરાક પણ કાચું કપાયું તો આપણા સૌની વાટ લાગી જશે. અંદર પડેલો તમારો બાપ એક-એકના રાઈ-રાઈ જેવડા ટુકડા કરશે.' માણસોને ઘડીક તંગ રાખવાના, ઘડીક ઢીલ આપવાની. ધાક રાખીને કામ કઢાવવાનો રાજાવતનો શિરસ્તો હતો.

'એ હોશમાં તો છે ને?'

‘કોણ?’ ડઘાયેલા જાફરના મનમાંથી હજુ ય રાજાવતના અચાનક આગમનનો ધ્રાસકો નીકળતો ન હતો. રાજાવતની આંખમાં તરી આવેલો ગુસ્સો જોઈને પ્રેમજી જાફરની વહારે આવ્યો.

‘જી, એ તો જી... કંઈ ખાસ બેહોશ નથી... નહિ જ હોય. કાસમે જમવાનું આપ્યું પછી અમે અંદર ગયા જ નથી... તમે ના પાડી હતી એટલે...’

‘ચોકીમાંથી છેલ્લે બહાર કોણ ગયું?’ રાજાવત જાણે ગોખીને આવ્યો હોય તેમ એક જવાબ પતે ત્યાં બીજો સવાલ ફટકારતો હતો. સવાલોના મારા થકી સામેની વ્યક્તિના વિચારોને ગૂંચવી મારો, ગૂંચવાયેલું દિમાગ ક્યાંક તો ફસકી જ પડશે. આરોપીઓની ઈન્ટ્રોગેશનનો આ નિયમ રાજાવત બધે જ પાળતો.

‘જી, છેલ્લે કાસમ થાળી આપીને નીકળ્યો અને પછી ભદૌ...’

સડાક કરતો રાજાવત ઊભો થયો અને જાફરનો કાંઠલો પકડી લીધો.

‘ભદૌરિયો અંદર કેમ ગયો હતો?’

* * *

~

આજથી બે દાયકા પહેલાં રાભડા ગેંગનો જમાનો હતો. ઉત્તરપ્રદેશના રાભડા ગામેથી આવેલા છોકરડાઓએ શરૂઆતમાં સિનેમાની ટિકિટોના કાળાબજારમાં હથોટી મેળવી અને પછી દારૂની ખેપમાં પલોટાયા. પાંચ-સાત વર્ષમાં તો એવો કારોબાર જમાવી દીધો કે, રાજસ્થાન કે મધ્યપ્રદેશથી કોઈએ દારૂની ખેપ શરૂ કરવી હોય તો પોલીસ સાથે હપ્તાનું સેટિંગ પછી આવે, પહેલાં તો રાભડા ગેંગને સાધવી પડે. અભરામ સુમરાએ રાભડા ગેંગના મામૂલી ટપોરી તરીકે શરૂઆત કરી હતી. એ જ અરસામાં ચંદન મુખિયાની ગેંગે રાભડાઓની તાબેદારી સ્વીકાર્યા વગર દારૂના ધંધામાં પગ નાંખીને પડકાર ઊભો કર્યો ત્યારે સુમરાને છાકો પાડી દેવાની પહેલી તક મળી. સુમરાની આગેવાની હેઠળ ત્રણ ટપોરીઓએ મુખિયા સહિત નવને બજાર વચ્ચે ઢાળી દીધા. બસ, ત્યારથી સુમરાનો સિક્કો જામી ગયો. કદાવર બાંધો, કરડો ચહેરો અને ગરદન સુધી લાંબા ઓડિયા રાખતો સુમરા નિશાનબાજીમાં મોતીમાર ગણાતો. ધોળે દિવસે ચિક્કાર ટ્રાફિકમાં ચાલુ બાઇકે તેણે ફક્ત એક જ ગોળી છોડીને ગાડીની અંદર બેઠેલા રાજકીય આગેવાન વિજય સિંઘલને વીંધી નાંખ્યો એ પછી કોન્ટ્રાક્ટ કિલિંગના ધંધામાં તેની ધાક પેસી ગઈ હતી. દસેક વર્ષ સુધી સુમરાનો દબદબો ચાલ્યો. એ દરમિયાન તેણે છેક સિંધ-પાકિસ્તાન સુધી પહોંચ વિસ્તારી અને દરિયાકાંઠે જાતભાતના ભેદી કન્સાઇન્મેન્ટ ઉતારવાનો જોખમી પણ મલાઇદાર ધંધો જમાવ્યો. દરમિયાન, તે ચાર વખત પાસામાં પણ જઈ આવ્યો. સુપારી લઈને મર્ડર કરવાના ત્રણ-ચાર કેસમાં તે ઝડપાયો પણ ખરો. દરેક વખતે સાક્ષી કે પુરાવાના અભાવે છૂટી જતો સુમરો હરીફોની ગેંગવોરથી છૂટી શકતો ન હતો. તેનાં પર ચાર-પાંચ વખત જીવલેણ હુમલા થયા હતા, પણ ક્રાઇમકુંડળીની માફક તેની જનમકુંડળી ય મજબૂત હોય તેમ, જડબામાં ગોળી ખાધા પછી પણ તે જીવતો રહ્યો હતો.

એ પછી અચાનક તે અદશ્ય થઈ ગયો અને પાછો આવ્યો ત્યારે સાવ બદલાઈ ચૂક્યો હતો. એવું કહેવાતું કે હજ પઢી આવ્યા પછી સુમરાએ ગુનાખોરીની દુનિયાથી છેટું રાખવાનું શરૂ કર્યું હતું. પણ ગુનાખોરીની દુનિયામાં એક વાર જમા કરાવેલી ગોળીનું સરવૈયુ સરભર થયા વગર નથી રહેતું. એ સુમરાના કિસ્સામાં પણ સાચું પડ્યું. નિષ્ક્રિય થઈ ચૂકેલા સુમરા પર પણ બે વાર ગોળીબાર થયા હતા અને બંને વાર તે માંડ બચ્યો હતો. એ વખતે વિરમે તેનો હાથ ઝાલ્યો હતો. વિરમ રાજદેવના માણસ તરીકેની ઓળખ મળ્યા પછી સુમરા સુખચેનથી જીવી શકતો હતો. એ અહેસાનના બદલામાં સુમરાએ વિરમના બાતમીદાર બનવાનું સ્વીકાર્યું હતું. ઓખાથી લઈને છેક કોંકણ સુધીના દરિયાકાંઠા પર સુમરાની વ્યાપક જાળ ફેલાયેલી હતી. ગોસાબારા, નાગધણિંબાથી શરૂ કરીને વિંધ્યાચળની પૂર્વે કોંકણના ખૂણાખાંચરાના કાંઠાઓ સુમરો તેના ચહેરાની લકીરોની માફક પારખી શકતો. લગભગ પાંચેક વર્ષ સુધી તે વિરમનો અંગત વિશ્વાસુ ગણાતો રહ્યો. વિરમની ગુડબુકમાં આવવા મથતાં પોલીસ અધિકારીઓ પણ સુમરાની ખિદમત કરતા, પણ છેલ્લા એકાદ વર્ષથી કોઈક ભેદી કારણસર વિરમ અને સુમરા વચ્ચે અંતર ઊભું થઈ ગયું હતું અને ફરીથી સુમરાએ અંડરગ્રાઉન્ડ થઈ જવું પડ્યું હતું. હવે તે ઇન્તાઝ મલેક જેવા એકાદ બે જૂના સાથીઓ સિવાય ભાગ્યે જ કોઈના સંપર્કમાં રહી શકતો હતો.

ઇન્તાઝ અભરામ સુમરાનો શાગિર્દ હતો. વરલીમટકાના નેટવર્કમાં મોનોપોલી ધરાવતો ઇન્તાઝ શસ્ત્રોની હેરાફેરીમાં ય સંડોવાયેલો હોવાનું કહેવાતું. અભરામ સુમરા સુધી પહોંચવામાં અભિમન્યુએ ઇન્તાઝને સાધ્યા વગર આરો ન હતો. વિરમ લાપતા થયો એ પછી સુમરા ઉપર તો ઠીક, સુમરા સુધી લઈ જતાં ઠેકાણાંઓ પર પણ રાજાવતે કડક વોચ ગોઠવી હોય તેનો અભિમન્યુને બરાબર અંદાજ હતો.

*

'લવલી ફ્રાય સેન્ટર'

પાટિયું વાંચીને અભિમન્યુએ બાઇક રસ્તાની ધાર પાસે ઊભું રાખી દીધું અને માહોલનો તાગ મેળવવા નજર ફેરવી. આમલેટની લારી પર હોવો જોઈએ એવો જ માહોલ, એવો જ કલબલાટ. સ્ટવની ધમધમાટીમાં ભળી જતી તાવેથાની ઠકઠકાટી અને તવા પરથી ઊઠતી સોડમને ઊંચકીને હવામાં ઘૂમરાતો આછેરો ધુમાડો. ધીમી આંચ પર બટરમાં સંતળાતી પ્યાજ અને મરચાંની સોડમથી સવારથી ભૂખ્યા પેટે રઝળપાટ કરી રહેલા અભિમન્યુના પેટમાં ગોટા વળતા હતા. બટરના લચકા વચ્ચે પ્યાજ-મરચાં, આદું-લસણને સફાઈપૂર્વક આમતેમ ફેરવી રહેલા ખાનસામાને તે ઘડીભર જોઈ રહ્યો. લારીની આસપાસ પાથરેલી લાકડાની ગંધારી બૅન્ચ પર સ્ટીલની પ્લેટ મૂકીને તેલથી ચીકટી થયેલી ખુરશીઓમાં બેઠેલા ચાર-પાંચ જણા ખીમો ખાઈ રહ્યા હતા. તેણે દરેક ચહેરા પર અછડતી નજર દોડાવી. 'વચ્ચે બેઠેલો દાઢીવાળો ઠીંગણો માણસ ખિસ્સાકાતરુ જેવો લાગે છે. એ કદાચ પેલો...' અભિ મનોમન મરકી પડ્યો. આટલાં વર્ષોનું એકધારું ક્રાઇમ રિપોર્ટિંગ તેના લોહીમાં એટલી હદે વણાઈ ગયું હતું કે દરેક ચહેરામાં ન્યૂઝ સ્ટોરી શોધવાની તેને ટેવ પડી ગઈ હતી. ખાલી પડેલી એક તકલાદી ખુરશી ખેંચીને ઊબડખાબડ ફૂટપાથના ખૂણે, ખીમો ખાઈ રહેલા લોકોની સહેજ નજીક તે બેઠો. સાંજ સુધી એકધારા વરસેલા વરસાદ પછી આકાશ હવે ખૂલી રહ્યું હતું, પણ હવામાં હજુ ભીનાશ વર્તાતી હતી.

'અચ્છા હુઆ, બારિશ રૂક ગઈ' તેણે કોઈને સંબોધ્યા વગર એમ જ વાક્ય ફેંક્યું. લારી પર પોલીસની વોચ હોય તો કંઈ કાચું ન કપાય એ માટે પોલીસની આંખોમાં તે રોજ આવતો ઘરાક સાબિત થવા પેંતરો રચતો હતો. તદ્દન અજાણી જગાએ, સાવ અજાણ્યા લોકો વચ્ચે ઝડપથી સંબંધો કેળવી લેવામાં તે માહેર હતો. બે-ત્રણ જણાએ તેની સામે જોયું-ન જોયું કર્યું અને વળી બ્રેડનો ટુકડો ચાવવા લાગ્યા. છેવટે એમાંથી એકે ઊંચે જોયા વગર જવાબ વાળ્યો, 'હા, અચ્છા હી તો હુઆ. વરના યે મામદ કો આજ ધંધા નહિ મિલતા.' તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં બીજું ય કોઈક બોલ્યું, 'તો ફિર મામદ કો યહીં સોના પડતા'.

એ લોકોને ય હવે આમાં મજા આવતી હતી. વાક્યમાં રહેલું તોફાન પારખીને કોઈકે પૂછ્યું, 'ક્યોં ભાઈ?'

'અરે, મામદ ધંધા લાયે બિના ઘર જાતા તો ઉસ કી બીવી ઉસે ઘર મેં ઘૂસને હી નહીં દેતી ના!'

જાણે શું ય મજાક કરી નાંખી હોય તેમ બૅન્ચ આસપાસ બેઠેલા સૌ ઠહાકાભેર હસવા માંડ્યા. અભિ પણ જાણે તેમની સાથે જ આવ્યો હોય તેમ સાથળ પર હાથ ઠપકારીને ઠહાકામાં જોડાયો. આ પ્રકારના લોકો સાથે પનારો પાડવામાં તે ઉસ્તાદ હતો. જાણે નિયમિત અહીં બેસતો હોય તેમ તેણે પણ આગળ ચલાવ્યું, 'ભાઈ, કહો ના કહો, હો સકતા હૈ યે મોસમ કી બેઇમાની હો, લેકિન યે મામદ ભી આજ બડી જલ્દી મેં લગતા હૈ!'

ખીમો ખાઈ રહેલા લોકો વળી મોટે મોટેથી હસી રહ્યા હતા ત્યારે તવામાં આમલેટ શેકી રહેલો માણસ હળવા સ્મિત સાથે તાવેથો ઘુમાવી રહ્યો હતો.

અભિમન્યુનો અંદાજ સાચો હતો. એ ખાનસામાનું નામ મામદ હતું. તે ઊભો થયો. સિગારેટનું પાકીટ કાઢ્યું અને માચીસ શોધવા ખિસ્સા ફંફોસવાનો ડોળ કરતો લારી પાસે ગયો. ચહેરા પર પુરાણા યારાના જેવું સ્મિત મઢીને તેણે મામદને દોસ્તાના ધબ્બો માર્યો. જવાબમાં મામદે ય તમાકુથી રોળાયેલા પીળા ધમરક દાંત બતાવતું સ્મિત વેર્યું અને છાપાની પસ્તીમાંથી એક ચપતરી ફાડી સ્ટવમાં જલાવીને તેની સામે ધરી. અભિમન્યુએ ઊંડો શ્વાસ ખેંચીને સિગારેટ જલાવી અને ઝીણી આંખે ધુમાડો છોડતાં ધીમેથી કહી નાંખ્યું, 'મુઝે ઇન્તાઝભાઈને

ભેજા હૈ. ઉનકા ફોન આયા હોગા.'

તાવેથાની ઠકઠકાટી અટકાવીને મામદ ધારદાર નજરે એકીટશે તેની સામે જોઈ રહ્યો. હવે અભિમન્યુ માટે કટોકટીની ક્ષણ હતી. 'અભરામ સુમરા કો મિલના હૈ. ઇમર્જન્સી હૈ, મિલના જરૂરી હૈ.' તેણે નીચે જોઈને સિગારેટની રાખ ખંખેરતા ધીમા અવાજે કહી દીધું.

મામદના ચહેરા પર હવે સતર્કતાના ભાવ હતા છતાં ય તેણે તવા પરથી નજર ફેરવ્યા વગર 'ખીમો બનાવું કે આમલેટ?' એવું પૂછતો હોય એટલી સહજતાથી પણ તદ્દન ધીમા અવાજે પૂછ્યું, 'ઇમર્જન્સી કી કુછ પહચાન ભી તો હો...'

'પહચાન તો, સમજો ના...' મામદ સાવ નામક્કર ન ગયો એટલે અભિની હિંમત ખૂલી. 'વિરમ રાજદેવ...'

હવે મામદ માટે સહજતાનો ડોળ કરવાનું શક્ય ન હતું. તેણે સ્ટવ ધીમો કર્યો અને અભિમન્યુને બરાબર નીરખ્યો. ઇન્તાઝે તેને ફોન પર કહેલા હુલિયા સાથે અભિમન્યુના ચહેરાને સરખાવ્યો. ત્રણ-ચાર દિવસની વધેલી કાબરચીતરી દાઢી, માથા પર ટકો કરાવ્યા પછી થોડાઘણા ઊગ્યા હોય તેટલા ટૂંકા વાળ, ક્રાઇમ રિપોર્ટર છે કે ખુદ ક્રિમિનલ એ નક્કી કરવું પહેલી નજરે અઘરું પડે તેવો ચહેરો, ઓપન શર્ટ, જિન્સ અને ચંપલ એ અભિમન્યુનો કાયમી ટ્રેડમાર્ક હતો. ક્રિમિનલ અને ક્રાઇમ રિપોર્ટર વચ્ચેનો ભેદ ખોલતું એકમાત્ર ચિહ્ન હતું તેનું ખુલ્લું હાસ્ય. એ સ્મિત કરે ત્યારે તેનું સાફ હૈયું ચહેરા પર ઊપસી આવતું હતું. જોકે અભિમન્યુને આ બાબત નડતરરૂપ લાગતી. તેના મતે, પોલીસ સ્ટેશનની આસપાસ દેખાતા ચહેરાઓમાં સહેલાથી ભળી શકે તેવો ચહેરો એ ક્રાઇમ રિપોર્ટર તરીકે સફળ થવાની ગુરુચાવી હતી. રુક્ષ દેખાવ, તરત ધ્યાને ન ચડે તેવાં કપડાં અને રફ ભાષા વડે તે ગુનેગારોનો ય વિશ્વાસ આસાનીથી જીતી શકતો હતો.

મામદે ફક્ત આંખથી ઇશારો કર્યો એટલે ખૂણામાં બેસીને બાફેલાં ઈંડાંના ફોતરાં ફોલી રહેલો છોકરો ઊભો થયો. પાણી ભરવાનું મોટું પીળા રંગનું કૅન તેણે ઊંચક્યું અને અભિમન્યુ તરફ એક અછડતી નજર ફેંકીને ચાલતો થયો. તેણે જે રીતે અભિને નીરખ્યો એ તેની ચપળ નજરની મનોમન તારીફ કર્યા વગર અભિ રહી શક્યો નહિ. આજે ઈંડાં ફોલીને પેટિયું રળતો આ છોકરો સંદેશા આપવા પૂરતું કામ કરે છે, પણ આવતી કાલે કોઈક ખૂંખાર ગુનેગાર તરીકે મારે જ તેનો રિપોર્ટ લખવાનો થાય... અભિએ ડચકારો કરીને માથું ધુણાવી દીધું. ગુનેગારોને તેણે બહુ નજીકથી જોયા હતા. ખુલ્લી ફૂટપાથ પર અભાવો વચ્ચે પાંગરતા નિર્દોષ બાળપણને તદ્દન અજાણપણે ગુનાખોરી તરફ પલોટાઈ જતું તેણે અનેક કિસ્સામાં જોયું હતું. સાથોસાથ, કોઈ દેખીતા કારણ વગર ગંભીરતમ ગુનાઓ આચરતા અને આચર્યા પછી આસાનીથી છટકી જતાં રૂપાળા, દમદાર ચહેરાઓને પણ પ્રતિષ્ઠાની આભા હેઠળથી તે હૂબહૂ ઓળખતો હતો. એટલે જ તેને દારૂના ખેપિયા કે મટકાનો આંકડો લખવા બેસતા છોકરા કરતાં લાંચ લઈને ગુનો થવા દેતા પોલીસ અધિકારી ઉપર, ગુનેગારો પેદા કરતી આ સિસ્ટમ ઉપર વધુ આક્રોશ ઊભરાતો અને તેનો એ આવેગ તેની સ્ટોરીમાં ય પડઘાતો.

'સામને ગલી કે મોડ પર વો લડકા ખડા હૈ. વહાં પહૂંચો'

મામદે સ્ટીલની ડિશમાં ડબલ આમલેટ પાથરતાં તેની સામે જોયા વગર કહ્યું. આકસ્મિક સૂચનાથી અભિ ક્ષણભર ચોંકી ગયો પણ બીજી જ પળે સ્વસ્થ થઈને તેણે સિગારેટની રાખ ખંખેરીને કદમ ઉપાડ્યાં. બાઇક સ્ટાર્ટ કરી અને બૅન્ચ પાસે બેસીને ખીમો ખાઈ રહેલા લોકો સામે હાથ ઊંચો કર્યો. 'ચલિયે ભાઈલોગ, ફિર મિલતે હૈ. લેકિન ખયાલ રખના યે મામદ ઠીક સે ઘર જા પાયે...' જવાબમાં ભાઈલોગે પણ સમજ્યા વગર હાથ ઊંચો કરીને વધુ એક વાર ઠહાકા લગાવી દીધા.

ગલીના નાકે જ એ છોકરો હાથમાં પાણીનું કૅન ઊંચકીને ધીમે ધીમે તેની દિશામાં આગળ વધી રહ્યો હતો. તેની નજીક પહોંચીને અભિએ પ્રશ્નસૂચક નજરે જોયું એટલે એ છોકરો ય આ બધા ભેદભરમથી ટેવાયેલો હોય તેમ જમીનસરસું મોં રાખીને ઝપાટાભેર બોલી ગયો, 'પૂરા ઘુમાકે સામને રહેવર મંઝિલ પર પહૂંચો. વહાં ગેટ પર એક આદમી ખડા હૈ. વો આગે લે જાયેગા.' આટલું કહીને પાણી ભરેલા વજનદાર કૅનના વજનથી ઝૂકી જતો એ ટાબરિયો લારીની દિશામાં ચાલતો થયો. સળંગ ડિવાઇડરવાળા એ આખા રસ્તાનો યુ-ટર્ન લઈને અભિ રહેવર મંઝિલ નામની જૂની ઇમારત પાસે પહોંચ્યો અને બાઇક પાર્ક કર્યું. તેણે જોયું કે ઇમારતના પૅસેજ તરફ જતાં રસ્તે ઊભેલો મુફલિસ જેવો લાગતો એક માણસ તેને એકીટશે જોઈ રહ્યો હતો.

'મામદને ભેજા હૈ...' અભિએ તેની સામે જોયા વગર કહ્યું.

'માલૂમ હૈ. ચાબી લાઓ...' જાણે આખા જગતની સુલતાની તેના બાપના નામે લખાયેલી હોય તેવા સત્તાવાહી અવાજે તેણે હાથ લાંબો કર્યો.

મળવા આવનારા અજાણ્યા માણસના વાહનનો કબજો લઈ લેવો એ ગુનાખોરીની દુનિયાનો ઉસૂલ હતો. અહીંના આકાશમાંથી પસાર થતું એક-એક પરિન્દુ સુધ્ધાં શંકાની નજરે જોવાતું હતું અને શ્વાસ ચાલતા રહે એ માટે એ જરૂરી પણ હતું. અભિએ વગર આનાકાનીએ બાઇકની ચાવી ધરી દીધી.

'ડાબી બાજુ બલ જાને કા...' પૅસેજમાં થોડે સુધી તેની સાથે આવેલા એ આદમીએ કહ્યું અને એ પાછો ફરી ગયો. ભેળપૂરી જેવી તેની ભાષા સાંભળીને આ તંગ હાલતમાં ય અભિને હસવું આવી ગયું. લગભગ ત્રીસેક ફૂટ લાંબા એ પેસેજમાં અજવાળાના નામે વીજળીનો એક બલ્બ સળગતો હતો. માથાની ઉપરથી પસાર થતી લાકડાની જર્જરિત સીડી પર ચાલતાં કદમોનો અવાજ સાંભળી શકાતો હતો. બાંધકામની વિશાળતા જોતાં આ બિલ્ડિંગનો ય એક જમાનો હશે તેવો અંદાજ આવી જ જાય. રસ્તા તરફના નીચેના મજલે આંગડિયા અને જૂની શરાફી પેઢીઓ ઉપરાંત મોટર રિવાન્ડિંગની દુકાનો હતી અને ઉપરના બે માળમાં દાયકાઓથી ભાડે રહેતાં અને હવે વગર દસ્તાવેજે માલિક બની બેઠેલા પરિવારો વસતા હતા. લાંબો, અંધારિયો, ગંદો પૅસેજ વટાવીને અભિ દાદરાના છેડે પહોંચ્યો ત્યાં નાનકડા ખુલ્લા ચોકમાં છોકરાઓ કલબલાટ કરતાં લંગડી રમી રહ્યા હતા અને ઓરતો રાતના વાળુ પછી એકઠાં થયેલાં વાસણો માંજી રહી હતી. ડાબી બાજુ વળીને અભિ ઊભો રહ્યો એ સાથે દાદરાની બાજુના દરવાજે ઊભા રહેલા માણસે કહ્યું, 'ઇધર આ જાવ...' આટલું કહીને એ બારણાની નીચે જતો દાદરો સપાટાભેર ઊતરવા લાગ્યો. બારસાખની પિવોટ પર અડધા લટકી રહેલા જમાનાજૂના બારણાથી બચતો અભિ તેની પાછળ દોરાયો. સીધા ઉતરાણવાળો એ દાદરો ભોંયરામાં ખૂલતો હોય તેમ છેક નીચેના પગથિયે આછો ઉજાસ પથરાયેલો હતો. દાદરો ઊતરીને તે ભોંયરામાં પ્રવેશ્યો. વર્ષોથી રંગરોગાન કે સારસંભાળ વગર ખખડધજ થઈ ગયેલી દીવાલો, ખાડાખબડાંવાળી મોઝેકની ફર્શ, બંધિયારપણું ઓઢીને ફરતી હવાની ગંધ, ભોંયરાની વચ્ચોવચ વાયર પર લટકતો મોટો બલ્બ અને એ બલ્બની બરાબર નીચે એક ચારપાઈ પર આડો પડેલો પહાડ જેવો તોસ્તાન એક આદમી.

એ અભરામ સુમરા હતો.

—અને વિરમના ભેદભરમ સુલઝાવવા જતાં ખુદ અભિમન્યુ રાવના જીવનમાં આવેલા ઝંઝાવાતના આરંભની એ ક્ષણ હતી.

* * *

~

'હવે તો મોઢામાંથી ફાટ...'

બહાર આકાશમાં ગોરંભાયેલું ચોમાસું રાજાવતની ત્રાડથી જાફરના ચહેરા પર પરસેવાની ધાર બનીને વહી રહ્યું હતું. ઈનોવાની ડીપ બૅકસીટ પર બેસીને તે ધ્રૂજી રહ્યો હતો.

'મને એમ કે... સાહેબ... એ પણ... મને...' રાજાવત આવ્યો ત્યારે જાફર ઊંઘતો હતો એ તેની પહેલી ગફલત. ભદૌરિયાને બગીખાના ચોકી પહોંચવા તેણે કહ્યું એ બીજી ભૂલ અને પછી લોકઅપમાં તેને જવા દીધો એ તેનો ત્રીજો અને સૌથી ગંભીર છબરડો. હવે રાજાવત તેની શું વલે કરશે તે વિચારમાત્રથી જાફરને કમકમાટી છૂટતી હતી.

'સાલા ખડ્ડુસ, હવે જો ભદૌરિયો ન મળ્યો તો કાપીને પાર્સલ કરી દઈશ તારું, યાદ રાખજે.'

રાજાવતનું મગજ ફાટફાટ થતું હતું. તેને લાંબું વિચારવાની જરા ય આદત ન હતી. કોયડા ઉકેલવા કરતાં કોયડા તોડીફોડીને બધું નવરું કરી નજર સામે સીધુંસટાક પાથરી દેવું અને પછી સમજવું તેને વધુ ફાવતું હતું. તેનો બેહદ શંકાશીલ સ્વભાવ પોલીસ ઓફિસર તરીકે ક્યારેક તેનો પ્લસ પોઇન્ટ પણ બની જતો. વિરમની ધરપકડ ખાનગી રાખવાની હતી પણ દયાલ સાહા તેની પૂછપરછ કરે એ પહેલાં રાજાવત પોતે જ વિરમનું મોં ખોલાવવા માંગતો હતો. એટલે જ એક ફાર્મહાઉસમાં તેને રાખીને સળંગ ત્રણ દિવસ તેણે ઢીબ્યો હતો. એ સાલો બેહોશ થયો ત્યાં સુધી માર ખમતો રહ્યો પણ મોંમાંથી એક હરફ પણ તેણે કાઢ્યો ન હતો.

હવે ત્રણ દિવસ પછી ય જો દયાલ સાહાને તે વિરમની ધરપકડ અંગે જાણ ન કરે તો રાજાવત પોતે જ શંકાના દાયરામાં મુકાઈ જાય. જમાનાના ખાધેલ સાહાને ઊઠાં ભણાવવાં એ કંઈ રમતવાત ન હતી. છેવટે રાજવતે વિરમને સંતાડવા માટે બગીખાના ચોકી પર પસંદગી ઉતારી. નવાબીકાળમાં અહીં બગીઓ રાખવામાં આવતી. ઘોડાના સાઈસ અને ચોપદારો માટે આગળની તરફ નાનકડી બંગલી, પાછળ બગીઓ રાખવા મોટું મેદાન અને ફરતી વંડી. આઝાદી પછી આ જગ્યા પોલીસ વિભાગના ફાળે આવી હતી. શરૂઆતમાં બે દાયકા સુધી પોલીસની પરેડ અને કવાયતના કાર્યક્રમો માટે વપરાતી બગીખાના ઇમારતનો હવે ખાસ કંઈ ઉપયોગ રહ્યો ન હતો.

પણ રાજાવતને તેનો પૂરતો ખપ હતો. પોલીસના ચોપડે સત્તાવાર રીતે તો એ ચોકી હતી પણ અહીં ભાગ્યે જ કોઈ સ્ટાફ રહેતો. નાઇટ પેટ્રોલિંગ માટે નીકળતા માઉન્ટેડ પોલીસ ક્યારેક વિસામો લેવા અહીં આવતા. બાકી તો નજીકમાં અકીકના કારખાનામાં સિઝનમાં આવતા મજૂરો બંગલીની પાછળ મેદાનના છેવાડે ઝૂંપડાં તાણીને પડ્યા રહેતા. મેઇન રોડ અને કારખાના તરફ જતી સડકના નાકે એક નાનકડો ગલ્લો હતો. બગીખાનાની ચાવી ય એ ગલ્લે જ પડી રહેતી. રાજાવતને આવી ભેંકાર અને એકાકી જગ્યા બહુ 'ધોરણસર'ની લાગી હતી. આરોપીઓના ઇન્ટ્રોગેશનથી માંડીને પોલીસના ચોપડે કદી ન ચડેલાં કારનામાંઓ તેણે અહીં સર્જ્યાં હતાં. તેના નામે બોલતાં પાંચ એન્કાઉન્ટર પૈકી બેનો અંજામ આ જ બંગલીની પાછળના મેદાનમાં આવ્યો હતો અને પાછળથી એ લાશોને સ્ક્રિપ્ટમાં નક્કી થયેલા સ્થળે હાથમાં બંદૂક પકડાવીને મૂકી દેવાઈ હતી અને બાજુમાં ગન હાથમાં ઝાલીને ઊભા હતા જાંબાઝ પોલીસ અધિકારી એસીપી તેજેન્દ્રસિંહ રાજાવત! અખબારોમાં પોતાની તસવીર જોઈને રાજાવતને ભારે કેફ ચડતો. એમાં જ આસિ. સબઇન્સ્પેક્ટર લક્ષ્મણસિંહ ભદૌરિયાને રાજાવતની સોડમાં ઘૂસવાનું કારણ મળી ગયું હતું. મીડિયામાં મજબૂત સંપર્કો ધરાવતા ભદૌરિયાએ એક-બે

કેસમાં રાજાવતની વાહવાહી કરાવી એટલે રાજાવતે તેને થોડુંક કોઠું આપ્યું અને બે-ચાર કબાડામાં ભેગો પણ રાખ્યો. ભદૌરિયો આમ તો તેને કાબેલ લાગ્યો પણ વિરમ સાથે એક વાર પણ કામ કરી ચૂકેલા દરેક પોલીસકર્મી પ્રત્યે રાજાવત શંકાશીલ તો રહેતો જ. બગીખાનામાં વિરમને ખસેડતાં પૂર્વે તેણે હરિઓમ અને જાફરને વ્યવસ્થા કરવાની સૂચના આપી હતી અને જોઈએ તો બીજાની મદદ લેવા કહ્યું હતું. એ વખતે તેણે કેદી કોણ છે તેનો ફોડ પાડ્યો ન હતો. એમાં જાફરે ભાંગરો વાટી નાંખ્યો અને સાહેબના જ માણસ ગણીને ભદૌરિયાને ય જોડે લીધો હતો.

'લાગ્યો... લાગ્યો...' જાફરની બાજુમાં કાને મોબાઇલ લગાડીને બેઠેલો પ્રેમજી જાણે સગી માએ દીકરો જણ્યો હોય એવી હોંશમાં રાડ નાંખી બેઠો.

'હેલ્લો ભદૌરિયા, તમે ફોન કેમ ઉપાડતા નથી યાર ?'

વીસ વર્ષ પોલીસખાતામાં રાજાવત જેવા સાહેબોના હુકમ ઉઠાવીને હેડ કોન્સ્ટેબલ પ્રેમજી રીઢો થઈ ચૂક્યો હતો. 'અરે પણ, આવા સમયે તો મોબાઇલ હાથવગો રાખવો જોઈએ ને... ના, કામ તો કંઈ ખાસ ન હતું પણ, એક મિનિટ ભદૌરિયા... મારે બીજો ફોન આવે છે, હમણાં હું તમને ફરી ફોન કરું છું.'

પ્રેમજીએ ફોન કટ કર્યો કે તરત રાજાવતે મોબાઇલ ઇન્ટરસેપ્ટિંગ રૂમમાં ફોન જોડ્યો. 'રાજાવત હિયર. મારે એક નંબરના વ્હેરઅબાઉટ ચેક કરવા છે. પ્રેમજી ડિટેઇલ્સ આપશે... ઓવર ટુ હિમ...' તેણે પ્રેમજીને મોબાઇલ આપ્યો એટલે પ્રેમજીએ પોતાનો અને ભદૌરિયાનો નંબર ઇન્ટરસેપ્શનમાં લખાવ્યો. સામેથી કશુંક કહેવાયું જે પ્રેમજી ડાયરીમાં નોંધવા લાગ્યો.

રાજાવતનો સ્વભાવ એટલી હદે શંકાશીલ કે તે પોતાના અંગત વિશ્વાસુઓના નંબર પણ ઇન્ટરસેપ્શનમાં આપી રાખતો. વિરમને પકડવાનું છૂપું એસાઇન્મૅન્ટ તેને સોંપાયું કે તરત રાજાવતે હોમ મિનિસ્ટરના ખાસ આદેશ વડે ક્રાઇમબ્રાન્ચ ઉપરાંત પોલીસ કંટ્રોલ, ઇન્ટરસેપ્શન અને ઇન્ટેલિજન્સ બ્યૂરોમાં પોતાના માણસો ગોઠવી દીધા હતા.

'એ હરિયાળા બજાર તરફ છે.' પ્રેમજીએ કહ્યું એ સાથે રાજાવતે મોબાઇલમાં ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ એક્ટિવેટ કરીને ગૂગલ મેપ્સ ઓપન કર્યું. બગીખાના ચોકીથી નીકળીને સિંગણવા ગામ તરફ જતી સડક વટાવીને તેઓ હવે શહેર ભણી વળી રહ્યા હતા. અહીંથી હરિયાળા બજાર પહોંચતાં ચાળીસ મિનિટ લાગે. ભરચક ટ્રાફિકમાં ખાનગી પાસિંગની ઈનોવાને પ્રાયોરિટી પૅસેજ મળવાનો નથી. મોબાઇલના સ્ક્રીન પર દેખાતા નકશાને તે એકીટશે જોઈ રહ્યો હતો. ઇમર્જન્સીમાં રાજાવતની ક્ષમતા બેવડાઈ જતી અને તેની ક્રૂરતા પણ.

'બંગાળીને ફોન લગાડ...'

નાગરવાડામાં રહેતો નામીચો બુટલેગર અર્જુન બંગાળી રાજાવતનો પિઠ્ઠુ હતો. ગૂગલ મેપ્સના નકશામાં નાગરવાડાથી હરિયાળા બજારનો રસ્તો પાંચ જ મિનિટનો દર્શાવાતો હતો. રિંગ ગઈ એટલે પ્રેમજીએ ફોન રાજાવતને ધર્યો.

સામેથી કશુંક પુછાયું એટલે રાજાવતે છાશિયું કર્યું, 'કોણ શું, તારો બાપ રાજાવત. ક્યાં ટિચાયો છે? નાગરવાડામાં જ છે ને? અચ્છા, લક્ષ્મણસિંહ ભદૌરિયા અત્યારે હરિયાળા બજાર આસપાસ ક્યાંક છે. ફટાફટ એને લોકેટ કરીને મને જાણ કર. અને સાંભળ...' રાજાવત સતત જીપીએસ નીરખીને વ્યૂહ બનાવી રહ્યો હતો. 'એ તારી રોંગ સાઇડમાં હશે તો તારે પીછો કરવામાં યુ-ટર્ન મારવો પડશે. એક કામ કર, તું નાગરવાડા

તરફથી એન્ટ્રી લે અને આખો રોડ એકેએક કોમ્પ્લેક્સ સાથે ચેક કરતો જા અને ગોરધનદાસ હોસ્પિટલ તરફથી હરિયાળા બજારની દિશામાં બીજા કોઈકને મોકલ.'

વીસ મિનિટ પછી રાજાવતની ગાડી શહેરના ગીચ ટ્રાફિકમાંથી આગળ વધી રહી હતી ત્યાં સુધીમાં ભદૌરિયા લોકેટ થઈ ગયો હતો. બંગાળી સલામત અંતરે સતત તેની પાછળ જ હતો. રાજાવતે હોલ્ડ-ઓલમાંથી ગન કાઢીને શર્ટની અંદર જીન્સમાં ખોસી એટલે પ્રેમજી અને જાફરે સૂચક નજરે એકમેકની સામે જોયું. મામલો તેમની ધારણા કરતાં પણ વધારે ગંભીર બની રહ્યો હતો.

બરાબર અડધા કલાક પછી, પૂરપાટ વેગે દોડી રહેલી ઈનોવાની વચ્ચેની સીટ પર ભદૌરિયાની મરમ્મત ચાલુ થઈ ગઈ હતી. રાજાવતે એક જ મુક્કો મારીને તેના આગળના ત્રણ દાંત તોડી નાંખ્યા હતા. પ્રેમજીએ કચકચાવીને તેના વાળ ખેંચ્યા અને જાફરે ગરદન પર એક ચોંપ ઝીંકી દીધી હતી. ચંદ ઘડીઓ પહેલાંની સાથીદારી હવે ભુલાઈ ચૂકી હતી. વરદીનો રંગ ખાખી કેમ છે? પોલીસ એકેડેમીમાં જ્યારે આ સવાલ પુછાયો ત્યારે રાજાવતે રસપ્રદ નિષ્કર્ષ તારવ્યો હતો. કારણ કે ફક્ત ખાખી જ એવો રંગ છે, જેના પર બીજો કોઈ રંગ ચડી શકતો નથી! દોસ્તીનો પણ નહિ, લાગણીના એક પણનો સંબંધનો નહિ. સત્તાવાર જવાબ તો જે હોય તે પણ, રાજાવત હંમેશાં પોતાના તારણને વળગી રહ્યો હતો. સંવેદનાનો રંગ ન ચડે એ જ સાચો ખાખી. તેની એ માન્યતાનો આજે વધુ એક વાર અમલ થઈ રહ્યો હતો. મોંમાંથી વહેતી લોહીની ધાર સાથે ભદૌરિયાએ પોપટની જેમ બોલવાનું ચાલુ કરી દીધું હતું. 'એમણે મારા બૂટ પાછળ કશુંક લખ્યું અને એ બૂટ હોટેલ લાઇટહાઉસના કાઉન્ટર પર જમા કરાવવાનું કહ્યું હતું.'

'ક્યાં છે એ બૂટ?'

'એ હું આપી આવ્યો...'

'ક્યાં? કોને?'

'પ્રેમજીનો ફોન આવ્યો ત્યારે હું લાઇટહાઉસના કાઉન્ટર પર જૂતાંનું ખોખું આપીને નીકળી રહ્યો હતો.' આગળનો દાંત તૂટી ગયા પછી દંત્યસ્વરો ઉચ્ચારવામાં ભદૌરિયો થોથવાતો હતો પણ હવે જો તે મોં ન ખોલે તો રાજાવત તેને દાટી દે તો ય તેનું હાડકું સુધ્ધાં હાથમાં ન આવે એ ભદૌરિયા જાણતો હતો. વિરમને મદદ કરતી વખતે તેને જરાક પણ અંદેશો હોત કે રાજાવત હજુ ય તેના પ્રત્યે શંકાશીલ છે તો તેણે આ જોખમ લીધું જ ન હોત. બગીખાના ચોકીએ હાજર રહેવાનું જાફરે કહ્યું અને છેવટે ગાડીમાં વિરમને ત્યાં લવાયો ત્યારે તેણે આપોઆપ ધારી લીધું કે રાજાવતની સૂચના હોય તો જ જાફરે તેને તેડાવ્યો હોય. ભદૌરિયાએ તેનો એવો અર્થ તારવ્યો હતો કે રાજાવતને તેની હાજરી સામે વાંધો નથી અને હવે બહુ બહુ તો તેને અહીંથી હઠાવી દેશે, પણ રાજાવતના શાતિર દિમાગના અનેક પરચા જોયા પછી ય આ પરચો જોવાનું કદાચ તેના નસીબમાં લખાયું હતું, ત્રણ દાંતના ભોગે અને હજુ ખબર નહિ બીજા શેના ભોગે.

'બૂટની પાછળ શું લખ્યું હતું?'

'એક મોટા ગોળ કૂંડાળાની અંદર બે નાનાં કૂંડાળા અને નીચે લખ્યું હતું, લાઇટહાઉસમાં જા.'

'હેં?' રાજાવતના ચહેરા પર હવે ઉશ્કેરાટના સ્થાને ગડમથલના ભાવ હતા. 'એક મિનિટ... એક મિનિટ, એણે તારા બૂટ નીચે કશુંક લખ્યું અને તને હોટેલ લાઇટહાઉસના કાઉન્ટર પર જૂતાં જમા કરાવવા કહ્યું, બરાબર?'

‘હા…’ રાજાવત ઉપરાંત પ્રેમજી, જાફર પણ મૂંઝાયેલા હતા અને ખુદ ભદૌરિયો પણ.

‘અને તું કહે છે કે બૂટની નીચે એવું લખ્યું હતું કે લાઇટહાઉસમાં જા…’ ભદૌરિયો હા પાડે એ પહેલાં રાજાવતે વીજળીની ઝડપે તેના કાન નીચે એક ધોલ ઠોકી દીધી.

‘સાલા, બેવકૂફ સમજે છે? તારા બાપને બેવકૂફ સમજે છે? જે કોઈ જૂતાં લેવા જાય એ લાઇટહાઉસમાં જ જાય અને એ જૂતાં નીચે પણ લાઇટહાઉસમાં જવાની જ સૂચના હોય, એમ? હું તને ઈનોવામાં પહેલાં બેસાડું અને પછી સૂચના આપું કે ઈનોવામાં બેસ, એમ?’ રાજાવતના મગજમાં જાણે અકળામણના અણુબોમ્બ ફાટી રહ્યા હોય તેમ તેણે ધડાધડ ત્રણ-ચાર લાફા ઝીંકી દીધા. ભદૌરિયાની આંખે અંધારાં આવી રહ્યાં હતાં અને મોંમાંથી નીકળતાં થૂંક અને લોહી તેના શર્ટ પર રેલાતાં હતાં.

‘હું સાચું જ કહું છું…’ ભડભાદર ભદૌરિયો બે હાથ જોડીને રડી પડ્યો. ‘મારો વિશ્વાસ કરો સાહેબ, મને ય એવો સવાલ થયો જ હતો પણ…’

રાજાવતે મનોમન ગણતરી માંડી. અત્યાર સુધી પોપટની જેમ પઢવા લાગેલો ભદૌરિયો આટલી વાત માટે જુઠ્ઠું બોલતો હોય તે શક્ય નથી. તેના જૂતાં પર સંદેશો મોકલતી વખતે વિરમે પણ ભદૌરિયો પકડાઈ જાય કે ફૂટી જાય એ સ્થિતિ વિચારી જ હોય. એ સંજોગોમાં સંદેશો બીજા કોઈના હાથમાં આવે તો ય અર્થ ન સરે એવો ગૂંચવડો તે જાણીજોઈને ઊભો કરે, પણ એ સંદેશો કોના માટે હતો?

‘લાઇટહાઉસમાં ફોન લગાડ…’ તેણે ભદૌરિયાને ઇશારો કર્યો. ‘અને કહે કે સાહેબે મને ખોખું પાછું લાવવાનું કહ્યું હતું પણ હું ભૂલી ગયો છું. આટલું કહીને ઉમેરજે કે કે હું આવું ત્યાં સુધી કોઈને જૂતાં ન આપે.’

ભદૌરિયાએ ફોન લગાડ્યો અને રાજાવતે કહ્યા પ્રમાણે વાત શરૂ કરી, ‘ભઈ, પેલા પાર્સલમાં ખોખું પાછું લાવવાનું મને સાહેબે કહ્યું હતું પણ ઉતાવળમાં હું ભૂલી ગયો છું એટલે… હેં? ક્યારે? અરે પણ… સાચે? ઓહ…ઓહ…’ રાજાવતના ચહેરા પર હવે અકળામણ ફાટી રહી હતી અને ભદૌરિયાના ચહેરા પર ખોફનું તાંડવ નાચતું હતું.

તેણે કાંપતા અવાજે કહ્યું, ‘પાંચ મિનિટ પહેલાં જ કોઈક છોકરી એ ખોખું લઈ ગઈ.’

*

‘વિરમ રાજદેવ કો તૂ ક્યા સમજતા હૈ?’ અભરામ સુમરાએ તેની આંખમાં આંખ પરોવીને સવાલ પૂછ્યો ત્યારે અભિમન્યુ પણ ઘડીક અચકાઈ ગયો. વિરમ પહેલેથી જ કશાંક ભેદી કૂંડાળામાં સંડોવાયેલો હોય તેવું તેને લાગતું હતું. તેણે કરેલાં છ-છ એન્કાઉન્ટર બનાવટી હોવાની તેને પાકી ખાતરી હતી પણ ચબરાક વિરમે કદીય ક્યાંય પુરાવા છોડ્યા ન હતા.

‘તને જુસબ સંધીનું એન્કાઉન્ટર યાદ છે?’ અભરામે સિગારનો ઊંડો કસ લઈને પૂછ્યું.

‘હા, પણ એ તો ફેઇક હતું ને…’

‘ફેઇક હતું એ તો આખી દુનિયાને ખબર છે યાર પણ એ જુસબ કોણ હતો અને વિરમે તેને કેમ પતાવી દીધો એ તું જાણે છે?’ પોતાની જાણકારીનું પ્રદર્શન કરવા કરતાં સામેવાળાને બોલતો કરવો વધારે મહત્ત્વનું હોય છે એવું ખંધા રિપોર્ટર તરીકે અભિમન્યુને શિખવાડવું પડે તેમ ન હતું. તેણે ભોળાભાવે ડોકું ધુણાવ્યું.

'એ વખતે હું વિરમની સાથે હતો. જુસબ એક સમયે હોમ મિનિસ્ટર સાહાનો જ માણસ. તને યાદ હોય તો, આઠેક વરસ પહેલાં સાહાની જ પાર્ટીના બોલકા નેતા વીરેન ઢોલરિયાની હત્યા થઈ હતી...'

'હા, એ મર્ડર જુસબે જ કર્યું હતું એટલે તો વિરમે તેનું એન્કાઉ...'

'યહીં તો...'અભરામે ખડખડાટ હાસ્ય વેરી દીધું. 'યહીં તો માર ખા રહી હૈ પૂરી દુનિયા. જુસબે વીરેન ઢોલરિયાનું મર્ડર કર્યું એ તદ્દન સાચું પણ એ મર્ડર કરાવ્યું હતું ખુદ દયાલ સાહાએ. પાછળથી કશીક લેતીદેતીમાં જુસબને સાહા જોડે વાંધો પડી ગયો. સાહાની સામે પડવામાં કોઈ ભલીવાર નથી એવું બરાબર જાણતો જુસબ ભોપાલ જતો રહ્યો અને હવાલાના ધંધામાં પડ્યો. પણ દયાલ સાહાને બીક હતી કે જુસબ કદીક પણ મોઢું ખોલે તો સાહાના વટાણા વેરાઈ જાય. એ વખતે વિરમ કોઈ પણ રીતે દયાલ સાહાની ગુડબુકમાં આવવા મથતો હતો. જો જુસબ નામના કાંટાને હઠાવીને સાહાનો રસ્તો ચોખ્ખો કરી દેવાય તો...! હું જ ભોપાલ જઈને જુસબનું ઠેકાણું શોધી લાવ્યો હતો. વિરમના પ્લાન મુજબ, જુસબનો વિશ્વાસ જીતવા મેં તેને મોટી રકમના ચાર-પાંચ હવાલા પણ સોંપ્યા હતા. પછી તેને એક મોટા હવાલાની લાલચ આપીને દાહોદ તેડાવ્યો હતો. દાહોદથી વિરમે તેને આંતરી લીધો. રસ્તામાં જ ખતમ કર્યો અને પછી તેને એન્કાઉન્ટરમાં ખપાવી દીધું. એ પછી તે સાહાનો વિશ્વાસુ બનીને ક્રાઇમબ્રાન્ચમાં આવી ગયો.'

અભિમન્યુએ ચહેરા પર આશ્ચર્ય ઓઢીને સાંભળી લીધું. અભરામ સુમરાની ભૂમિકા સિવાયની વિગતો તે જાણતો જ હતો.

'પણ મારી પાસેથી બહુ બહુ તો તને વિરમના ભૂતકાળની વાત મળશે, જે ઘણીખરી તો તું ય જાણતો જ હોઈશ...' અભરામે ખાટલાની ઈસ સાથે સિગાર સહેજ ઠપકારીને રાખ ખંખેરી. 'વિરમ સાથે છેલ્લા એકાદ વરસથી મારે કોઈ સંપર્ક નથી એટલે તેના લાપતા થવાના કારણ વિશે જાણવું હોય તો તારે બીજા કોઈકને મળવું પડશે...'

અભિમન્યુની આંખમાં ડોકાતો સવાલ વાંચીને સુમરાએ ઉમેર્યું, 'પણ એ મારા સુધી પહોંચવા જેટલું આસાન નથી. ઇન્તાઝના કહેવાથી હું તને મળ્યો પણ એ બીજી વ્યક્તિને તો આપણે શોધવી પડશે.'

સુમરાએ 'આપણે' કહ્યું એટલે અભિ ચોંક્યો.

'હા, મને ય બેહદ રસ છે એ જાણવામાં કે વિરમે આખરે એવું તો શું કર્યું છે કે તે આમ લાપતા થઈ જાય અને તેના લાપતા થવાથી દયાલ સાહા આટલો બેબાકળો થઈ જાય'

'તો તું અત્યાર સુધી મારી રાહ જોતો આ ગંધાતા ભોંયરામાં બેઠો હતો, એમ?' હવે અભિમન્યુને ય સુમરાની તત્પરતાથી તાજુબી થતી હતી.

'બકવાસ ન કર...' સુમરાના અવાજમાં નિષ્ક્રિય થયા પછી ય અસલના વખતના શાર્પશૂટરનો દમ યથાવત્ હતો. 'સાંભળ્યું છે કે આખા મામલાની પાછળ બહુ મોટો દલ્લો કારણભૂત છે...મોટો એટલે, બહુ જ મોટો.' સુમરો સાલો અહીં ભોંયરામાં બેસીને ય આખા ગામની ખબર રાખતો હતો.

'મારો રસ આખા મામલામાં એક પત્રકાર તરીકે છે. કોઈ દલ્લા-ફલ્લામાં મને રસ નથી.' સુમરાની વાતથી અભિ ચોંક્યો તો ખરો પણ તેણે અવાજ સ્વસ્થ રાખી જાણ્યો.

'પણ મને તો છે ને...' સુમરો આજે ય સુમરો જ હતો. 'ઘટના સુધી પહોંચવા તને મારી જરૂર પડશે અને

દલ્લો જો હોય તો તેની ભાળ મેળવવા મને તારી.'

'એ કઈ રીતે?' હવે અભિને ય સુમરાની વાતમાં રસ પડતો હતો.

'હું ખુલ્લેઆમ ફરી શકું નહિ એ તું જાણે છે. તારા જેવો અંધારી આલમને જાણતો અને પોલીસખાતામાં જાણીતો હોય તેવો માણસ મારી પડખે હોય તો ઘણો ફરક પડે.'

'વેલ, પણ આપણે મળવાનું છે કોને?'

'મળવાનું તો પછી, પહેલાં તો શોધવાનું છે અને એ આસાન નથી. આંખ ફેરવતાં ય તને વાર લાગે એટલી ત્વરાથી એ બંદૂક ચલાવી નાંખે છે.'

'કોણ છે એ?'

'એ છોકરી આગના કટકા જેવી છે. એનું નામ રાવી જામવાલ...'

* * *

~

'મેં એને પહેલી વાર જોઈ એ વાતને ત્રણેક વરસ જેટલો સમય થયો...' અભરામ સુમરાના ભોંયરામાં બલ્બના ઉજાસ હેઠળ વિરમનો એક પત્રકારની આંખેથી ઓઝલ રહેલો ભૂતકાળ ઊઘડી રહ્યો હતો. સાંકડી ચારપાઈ પર પડછંદ કદના સુમરાની પડખે સંકડાશ પડવાથી અભિમન્યુએ ઊભા થઈને ક્રૂડના એક ખાલી ટિન ઉપર બેઠક જમાવી દીધી હતી. તેના મનમાં અનેક સવાલો ઘૂમરાતા હતા. વિરમના ગૂંચવાયેલા કોકડામાં કશીક મોટી રકમનો મામલો હોય તેની નવાઈ ન કહેવાય. પણ સુમરાને તો કંઈક ગંજાવર આંકડાની આશંકા હતી અને હવે તેમાં આ છોકરી ય ઉમેરાઈ. અભિને પોતાની જાત પર ખીજ ચડતી હતી. આલા દરજ્જાના રિપોર્ટર થઈને તેને આટલી મોટી ઘટનાની ગહેરાઈ વિશે અંદાજ સુધ્ધાં ન હતો. તેનો ખાંખતિયો સ્વભાવ હવે શી વાતે ય સુમરાનો છાલ છોડવાનો ન હતો.

'... પણ ખાલી પેટે એ છોકરી વિશે વાત કરવામાં મજા નથી.' સુમરાએ આંખ મીંચકારી. 'તું કશુંક ખાઈશ?' ઓચિંતા સવાલથી અભિને યાદ આવ્યું. સવારથી તેણે કશું જ ખાધું ન હતું. 'બિરીયાની મંગાવીએ?' અભિએ હકારમાં ડોકું ધુણાવ્યું. તેને તાજુબી હતી કે ભોંયરામાં બેઠેલો સુમરો આખી દુનિયા સાથે કઈ રીતે આટલી ચુસ્તીથી સંપર્ક રાખી શકતો હશે!

સુમરાએ ચારપાઈ પડખેથી એક મોટી ડાંગ ઉઠાવીને માથે ટીંગાતા વીજળીના બલ્બના લાંબા વાયરને ઝોલ આપ્યો એ સાથે બલ્બ ઝોલ ખાઈને છેક દાદર સુધી ઝળૂંબ્યો. આખા ઓરડામાં હાલકડોલક થતા અજવાળા હેઠળ બેયના પડછાયા ઘૂમરાઈ વળ્યા. થોડી જ વારમાં એક આદમી દાદર ઊતરીને અંદર આવ્યો. સુમરાએ તેને બિરીયાની લાવવા કહ્યું.

'જીને કે લિયે ક્યા ક્યા ઇન્તઝામ કરના પડતા હૈ!' અભિના ચહેરા પરનું આશ્ચર્ય પારખીને સુમરાએ સ્મિત વેર્યું. સતત સિગાર પીને તેના હોઠ કાળા પડી ગયા હતા અને ધુમાડામાં ભળીને મોંમાં ખેંચાતી તમાકુની પીળાશ તેના આગળના દાંત પર ચડી ગઈ હતી.

'રાવી જામવાલ વિશે તું કંઈક કહેતો હતો...'

'હા, પણ એ પહેલાં મારે તને ઘણું કહેવું પડશે.' સુમરાએ ઓઇલનાં બે ખાલી ટિન ચારપાઈની સામે ગોઠવીને ડાઇનિંગ ટેબલ તૈયાર કર્યું. 'બહુ ખૂંખાર લોકોની આ ગેંગ છે.' અભિના ચહેરા પરનો વ્યંગ વાંચીને તેણે જવાબ વાળ્યો, 'હસ નહીં સાલા, હું તો આ લોકોની સામે ફકીર-સાધુ જેવો નિર્દોષ લાગું. દયાલ સાહા, વિરમ રાજદેવ, ગણપત ગામીત, કનુ દિવાકર, લલિત જાલન... આમાંથી કેટલાંને તું ઓળખે છે?'

'ગામીત તો પેલો આદિવાસી અગ્રણી. હું તેને કદી મળ્યો નથી પણ અનેક સેવા-સંસ્થાઓ ચલાવે છે અને બે-ચાર મોટા એવોર્ડ પણ તેને મળ્યા છે. હિન્દુ અધિકાર મંચના અગ્રણી કનુ દિવાકરને તો હું બરાબર ઓળખું છું અને જાલન ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝને તો ઓળખું જ ને યાર...' અભિના ચહેરા પર મૂંઝવણ વધી રહી હતી.

'આ સિવાય?' સુમરાની આંખમાં તોફાન હતું.

'એટલે?'

'આ તો એમનાં નામ અને દેખીતાં કામ તેં કહ્યાં. અસલિયત ક્યા જાનતે હો બરખુદાર?' ખણખોદિયા

રિપોર્ટરને મૂંઝવવાની જાણે સુમરાને ય મજા આવતી હતી.

'આ લોકો એક એવું ગ્રૂપ છે, એક એવું તંત્ર છે જેની હયાતી વિશે ભાગ્યે જ કોઈ જાણે છે. આ એવા લોકો છે જે દેશને પોતાની મરજી મુજબનો, પોતાની અપેક્ષા મુજબનો ઘડવા માંગે છે. તેમની આંખોમાં ભારતના આકાર અને રંગ વિશેનું કોઈક સપનું છે. એ સપનું એમની આંખોમાં કોણે આંજ્યું એ મને ખબર નથી. એ બધા કેવી રીતે એકઠા થયા એ ય મને ખબર નથી. એ સપનું સાકાર કરવા એ લોકો શું-શું કરે છે તેની મને બહુ થોડી જાણકારી છે. કેટલુંક મને વિરમે કહ્યું છે, કેટલુંક તેની સાથે રહીને મેં જોયું છે અને કેટલુંક મારું અનુમાન છે.' આટલું કહીને સુમરો દાદર ભણી તાકીને મૂંગો થઈ ગયો.

જર્જરિત દાદરનું ત્રીજું અને છઠ્ઠું પગથિયું સહેજ ખાંગું થઈ ગયું હતું એટલે તેના પર વજન આવે એ સાથે લાકડાની પરસ્પર અથડાતી ખપાટનો જરાક થડકારો થતો. સુમરાના સરવા કાન હરકોઈ હાલતમાં એ થડકારો ઝીલી લેતા અને વર્ષોની આદતથી કેળવાયેલો તેનો હાથ આપોઆપ લુંગીની ગાંઠમાં ભેરવેલી પિસ્તોલ ભણી ખેંચાઈ જતો. જર્મન બનાવટની હેકલર એન્ડ કોચ P30 એ તેની માનીતી પિસ્તોલ હતી અને જ્યાં સુધી એ પિસ્તોલ તેના હાથમાં સાબૂત છે ત્યાં સુધી તેના શ્વાસ પણ સાબૂત છે એવી અભરામ સુમરાને ખાતરી હતી. ભરઊંઘમાંથી ઊઠીને ય તે દોઢસો ફૂટ છેટેથી કપાળની બરાબર વચ્ચે 15 રાઉન્ડનું આખું મૅગેઝિન ખાલી કરી નાંખે અને એકે ય ગોળી આઘી-પાછી ન થાય. સુમરો પોતાની આ ક્ષમતા પર મુસ્તાક હતો અને વિરમ જેવા જાણતલો ય તેની આ ક્ષમતા પર ફિદા હતા.

સુમરાનો ખબરી મૂંગા મોઢે ટિનના ડબ્બા પર બિરીયાનીની બે પ્લેટ, દારૂની બોટલ, બે ગ્લાસ, સોડા વગેરે સામાન ગોઠવીને ખૂણામાં ઊભો રહ્યો. સુમરાએ તેને ઇશારો કર્યો એટલે એક પણ અક્ષર બોલ્યા વગર દાદર ચડી ગયો. માથાફરેલા ગુનેગારો સાથે ખાણી-પીણીની અભિને કોઈ નવાઈ ન હતી પણ આ માહોલ અજાયબ હતો. પળેપળ મોતના ઓથાર તળે જિવાતી જિંદગીનો થડકાર અહીંની હવામાં વલોવાતો હતો.

'આ લોકોના કેટલાક ઉસૂલ છે...' સુમરાએ વ્હિસ્કીનો એક મોટો ઘૂંટડો ભર્યો અને બિરીયાનીની પ્લેટ ખોળામાં લીધી. 'તેમના મનમાં ભારતનું એક ચિત્ર છે. એ ચિત્રની વિરુદ્ધમાં થતું દરેક કામ તેમને ખૂંચે છે. એ ચિત્રની વિરુદ્ધમાં વર્તતી દરેક વ્યક્તિ તેમની નજરે ગદ્દાર છે. એવા દરેક કામ અને દરેક વ્યક્તિનો નિકાલ એ લોકો પોતાની રીતે લાવે છે.'

'પણ કઈ રીતે? આવું ખતરનાક કમઠાણ ઊભું કરવું, તેને ઓપ આપવો એ કંઈ આસાન તો નથી. અઢળક પૈસા જોઈએ. નેટવર્ક જોઈએ. એન્ડ ફાઇનલી અ કોંક્રીટ મોટિવ શૂડ બી ધેર' અભિને હવે બિરીયાનીમાં રસ ન હતો.

'હા, વિરમ એવું કહેતો કે આ સમાંતર સરકાર છે. સમાંતર એટલા માટે કે, આવડા મોટા લોકશાહી દેશમાં ચૂંટણી લડીને સરકાર બનાવવી અને પછી પોતાના સપના મુજબનું ભારત ઘડવું એ નામુમકિન છે. તો બહેતર છે કે સિસ્ટમમાં રહીને જ આપણે સમાંતર સિસ્ટમ ખડી કરીએ. તેમનો હેતુ તદ્દન સ્પષ્ટ છે. દેશના હિતમાં સરકાર જ્યાં ટૂંકી પડે છે ત્યાં આપણે પહોંચો. સરકાર જે કરવા ઇચ્છતી નથી એ આપણે કરો. સરકાર જ્યાં ચોક્કસ કોમ, ધર્મ, લોકલાગણી કે મતબેંકની નારાજગીથી હાથ ઉગામતાં ડરે છે ત્યાં આપણે હાથ ઉગામી નાંખો. દેશના હિતની વિરુદ્ધમાં જાય તો સરકારને જ ઉથલાવી દો.'

'વેઇટ... વેઇટ' અભિએ બિરીયાનીની પ્લેટ બાજુ પર હડસેલી. 'એ બધું નક્કી કોણ કરે કે દેશના હિતમાં શું છે અને શું નથી?'

'એમની અદાલત અને એમની મુનસફી. તને સમજાવું...' સુમરાએ મોટો કોળિયો મોંમાં ઓર્યો અને દારૂના ઘૂંટડા સાથે નીચે ઉતાર્યો. 'કેરલના એક સાયન્ટિસ્ટનું ભેદી મર્ડર તને યાદ છે? એ વિરમે કરાવ્યું હતું! બે-અઢી વર્ષ પહેલાં ભેરાઈની ખાડીમાં આરડીએક્સ ઊતર્યો હોવાની શંકા વિશે તેં જ અહેવાલ લખ્યો હતો ને? પછી તને કેમ કંઈ પગેરું ન મળ્યું? તને તો ફક્ત આરડીએક્સ ઊતર્યો હોવાની ફક્ત શંકા જ હતી પણ હું તને આજે કહું છું કે તારી શંકા સાચી હતી. ભેરાઈના કાંઠે ઊતરેલો એ આરડીએક્સ સમજૌતા એક્સપ્રેસમાં બોમ્બ બનીને ફૂટ્યો હતો અને એ આખું ય કારસ્તાન વિરમની દેખરેખ હેઠળ થયું હતું.'

અભિમન્યુના હાથમાં બિરીયાનીની પ્લેટ ધ્રૂજી રહી હતી.

'કારણ કે એ સાયન્ટિસ્ટે કેટલાક ટોપ સિક્રેટ દસ્તાવેજો દેશના દુશ્મનોને વેચી દીધા હતા. આ લોકોને તેની ખબર પડી અને તેમની પોતાની અદાલતે પોતાની રીતે તેને સજા ફટકારી દીધી. સમજૌતા એક્સપ્રેસમાં તેમણે વિસ્ફોટ કર્યો, કારણ કે અદાલતમાં નિર્દોષ છૂટી ગયેલા કેટલાક આતંકવાદીઓ એ ટ્રેનમાં પાકિસ્તાન પરત જઈ રહ્યા હતા. દેશની અદાલતે ભલે તેમને છોડી મૂક્યા પણ આ લોકોની અદાલતે એ આતંકવાદીઓને મોતની સજા ફરમાવી હતી.'

'મતલબ કે આ લોકો તો એક પ્રકારના અંતિમવાદી...'

'એ લોકો પોતાને દેશભક્ત કહેવડાવે છે.'

'આહ... આહ... દેશભક્ત...' આઘાતમાં અભિમન્યુના બે હાથ પહોળા થઈ ગયા અને તે હવામાં તાકી રહ્યો. 'માય ફૂટ દેશભક્તિ... આ દેશભક્તિ છે? આ સાલા હરામખોરો પોતાની જાતને ભગતસિંહ અને ખુદીરામ બોઝ સમજે છે?' ઉશ્કેરાઈને તે ઊભો થઈ ગયો. 'દયાલ સાહા એકવીસમી સદીનો ચંદ્રશેખર આઝાદ અને તારો વિરમ રાજદેવ જાણે રામપ્રસાદ બિસ્મિલ... સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ... અને તું સાલા, આ 'રંગ દે બસંતી'નો અશફાક ઉલ્લાખાન... આહ્હ્હ્હ્.'

આવેગથી ધ્રૂજી રહેલા અભિમન્યુના ચહેરા પર લોહી ધસી આવ્યું હતું. તેની આંખોનું ખુન્નસ જોઈને સુમરો ય ઘડીભર સ્તબ્ધ થઈ ગયો. 'બોલ સુમરા, બોલ... દેશભક્તિની આ મનોજકુમાર છાપ ફિલ્મમાં આગળ શું થયું, બોલ...' અભિમન્યુના ઠહાકામાંથી નીતરતા નર્યા ઉપહાસની છાલક સુમરાના ચહેરા પર ક્ષોભ બનીને વાગતી હતી. દિગ્મૂઢ થયેલા સુમરાએ ગ્લાસમાં નજર કરી. ના, તેણે શરાબ તો નથી પીધો. બીજો કોઈ માણસ બીજા કોઈ સમયે આવું બોલ્યો હોત તો અભરામ સુમરાના એક ગડદાથી બેવડો વળી ગયો હોત પણ અભિમન્યુની તેને જરૂર હતી અને અત્યારથી જ વાત વટે ચડાવવાનો કોઈ અર્થ ન હતો. જમાનાનો ખાધેલ સુમરો ગમ ખાઈ ગયો.

'જબાન સમ્હાલ, હું તો જે કહું છું એ વિરમના મોઢે સાંભળેલું કહું છું. રહી વાત મારી, તો મેં એ સમયે વિરમને ય કહ્યું હતું અને તને ય એ જ કહું છું. હું એક પૈદાઈશી કિસમનો ક્રિમિનલ છું. મારે જે જોઈએ એ ગમે ત્યાંથી ગમે તેમ કરીને ઝૂંટવી લેવું એ મારી ફિતરત છે. કોઈ વિચાર-ફિચારની સાથે મારે કંઈ જ લાગે ન વળગે. હું માત્ર વિરમનો હિટમૅન હતો અને વિરમ આ આખા કમઠાણમાં બહુ તીવ્ર લાગણીથી જોડાયેલો હતો. એને બધું બદલી નાંખવાના ખ્વાબ દેખાતા હતા, મને નહિ. બધું બદલાય કે જેમનું તેમ રહે, મને તો ફક્ત મારી મલાઈ તારવવામાં જ રસ હોય છે.'

'ઓહ... ઓહ સોરી, આઈ એમ એક્સ્ટ્રિમલી સોરી... તું તો નારાજ થઈ ગયો મારા અશફાક ઉલ્લાખાન...'

હવે અભિમન્યુને ય પોતાનો ઉકળાટ ખોટા સરનામે કઢાઈ રહ્યો હોવાનો અહેસાસ થતો હતો. તેણે વાત બદલાવી.

'મને કહે, આ ગેંગમાં બીજા કોણ-કોણ સામેલ છે?'

'બધાને તો હું ઓળખતો નથી પણ કોઈક મિલિટરી અફસર પણ છે અને દયાલ સાહા જેવા રાજકારણી પણ એમાં સંડોવાયેલા છે.'

'દયાલ સાહા કેટલો બદમાશ છે એ વિશે એના સગા બાપને ય કોઈ શંકા નથી પણ એ આવી વિચારસરણીમાં સામેલ હોય એ જરા... વેલ, એ લોકો ફંડ કેવી રીતે મેળવે છે?'

'દયાલ સાહા એમનો ફંડ મૅનેજર છે અને વિરમ એનું ટ્રમ્પકાર્ડ છે. જોકે એ છે કે હતો એ સાલું હવે સમજાતું નથી.' પહેલીવાર સુમરાના ચહેરા પર અકળામણ વર્તાતી હતી.

'મને તો એ સવાલ થાય છે કે વિરમ જો સાહાનું ટ્રમ્પકાર્ડ હતો તો કયા કારણસર હતો?'

'એનો જવાબ બહુ અઘરો નથી પણ મારી મૂંઝવણ આજની સ્થિતિ વિશે છે. વિરમ જો દયાલ સાહાનો હિટમૅન મટી ગયો છે તો એ બંને વચ્ચે એવું શું બની ગયું.'

'વેઇટ, આપણે એક-એક મુદ્દા તારવીને છેડો પકડવાની કોશિશ કરીએ.' કાગળ પર મુદ્દા ટપકાવીને ગૂંચવણ ઉકેલવાની આદતવશ અભિમન્યુએ કાગળની અવેજીમાં હવામાં આંગળીથી ચિતરામણ ચાલુ કર્યું. 'તેં કહ્યું કે દયાલ સાહાનો રોલ ફંડ મૅનેજરનો છે. બટ ડોન્ટ ટેલ મી કે દયાલ સાહા પોતાના ખિસ્સામાંથી એ ફદિયાં કાઢતો હોય. એના જેવો હરામખોર તું કહે છે એવી કોઈ આઇડિયોલોજી ધરાવતો હોય એમાં જ મને તો...'

'તને નહિ, સૌને એ શંકા હોય જ. વિરમને ય એક તબક્કે હતી જ. રહી વાત ફંડિંગની તો તને એવરેસ્ટ બિલ્ડર્સના માલિકો પર ફાયરિંગ થયું હતું એ કેસ યાદ છે ને? એ ફાયરિંગ વિરમે જ કરાવ્યું હતું અને ડરી ગયેલા ગુપ્તા બ્રધર્સે રોકડી 10 કરોડની ખંડણી ગણી આપી હતી. એ પૈસાથી જ આ ગેંગે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી છાવણીઓ પર હુમલા કરાવ્યા હતા.'

'ઓહ... પણ એ માટે તો કેટલું જોરાવર નેટવર્ક જોઈએ...' અભિના ચહેરા પર અવિશ્વાસના ભાવ હતા.

'વિરમને તું શું ધારે છે? અહીંની વાત છોડ, પાકિસ્તાનના પેશાવરથી અફઘાનિસ્તાનના કંદહારના બંજર પહાડો સુધી તેના ખબરીઓ, કોણ જાણે ક્યાં ક્યાં પથરાયેલા છે. પઠાણો અને આફ્રિદીઓ અને વજીરી કબીલાઓ સુધી તેની પહોંચ મેં મારી સગી આંખે અનુભવી છે.' સુમરાના ચહેરા પર વિરમ પ્રત્યેનો અહોભાવ સ્પષ્ટ વંચાતો હતો. 'એ માણસ જન્મજાત લડાકુ છે પણ...' તે બોલતો અટકી ગયો એટલે બિરીયાનીની પ્લેટ નીચે મૂકી રહેલા અભિમન્યુએ સવાલિયા નજરે ઊંચે જોયું. '...પણ સાલો દેખાય છે એટલો શાતિર દિલથી નથી.'

'રાવી જામવાલ કોણ છે?'

'રાવી...' સુમરાએ ભોંયરાની છત તરફ તાકીને હળવો નિઃશ્વાસ છોડ્યો. ગાદલા નીચેથી સિગારની પેટીમાંથી એક સિગાર કાઢી, હોઠ વચ્ચે મૂકીને લાઇટરની ઝાળ સામે ધરી. હવા-ઉજાસ વગરના ભોંયરામાં મલબારી તમાકુની તીખી-કડવી ગંધ ફરી વળી. 'કર્નલ પ્રતાપસિંહ જામવાલ વિશે તેં કંઈ વાંચ્યું છે?'

'અફકોર્સ યસ, એમને તો કંઈક સૈન્યનો વિશિષ્ટ સેવા મૅડલ મળ્યો હતો.' અભિના અવાજમાં તાજુબી હતી. 'કાશ્મીરી આતંકવાદીઓ સામેની મૂઠભેડમાં માર્યા ગયેલા એ કર્નલ... એ મૂઠભેડમાં પેલો ખૂંખાર આતંકવાદી પણ કર્નલ જામવાલની ગોળીથી ઘાયલ થઈને ઝડપાયો હતો... અબ્દુલ મજીદ.'

'એ જ... એ જ કર્નલ જામવાલની એ દીકરી. દેશના નામે તેનો બાપ વેરાન ઘાટીઓમાં ખપી ગયો. બદલામાં દેશે એક મૅડલનું ચપતરું દઈને હાથ ખંખેરી લીધા. એ પછી આતંકવાદી અબ્દુલ મજીદને એક મંત્રીની બેટીના બદલામાં આઝાદ કરી દેવાયો. બસ, ત્યારથી એ ફૂટકડી છોકરીની આંખોમાં જ્વાળામુખી પ્રગટે છે અને એ જ્વાળામુખીની ઝાળ તેની બંદૂકમાંથી નીકળતી જાય છે. સહેજ સાંવરી, તીખો નાકનકશો, પિસ્તોલના નાળચા જેવા લિસ્સા, ચળકતા, ભર્યા ભર્યા ગાલ, રેશમ જેવા વાળને ખુલ્લા છોડી દેતી બોબ્ડ હેરસ્ટાઈલ, હાઇટ હશે માંડ પાંચ ફૂટ ઉપર ત્રણેક ઇંચ. એકદમ હરીભરી. કપાળ પરથી લપસીને વારંવાર આંખ આડા આવી જતા વાળ વચ્ચેથી એવું ત્રાટક કરે કે અચ્છા-અચ્છાને પરસેવો છૂટી જાય. તેની આંખો ઘડીક કામણ જગાવે અને ઘડીકમાં ખોફ.'

સુમરા જેવા બદમાશની આંખે એક છોકરીની ખૂબસૂરતીનું વર્ણન સાંભળીને અભિને ય રોમાંચ થતો હતો. પણ સુમરો જાણે રાવીને જોઈ રહ્યો હોય તેમ હવામાં તાકીને સ્તબ્ધપણે બોલી રહ્યો હતો, 'મેં તેને પહેલી વાર જોઈ ત્યારે તેણે જિન્સના આગળના ભાગે દેખાય એમ બૅરેટા પિસ્તોલ ખોસી હતી અને સાટીનના શર્ટમાં ધસમસતી તેની ભરાવદાર છાતી નીચે પિસ્તોલનું બૅરલ ભીંસાતું હતું. એ જોઈને હું બબડ્યો કે, 'બહેતર હોતા, હમ પિસ્તોલ બન જાતે!' એટલે તરત વિરમે મારો પહોંચો દબાવ્યો હતો અને ડોળા કાઢીને ફુસફુસાતા અવાજે કહ્યું હતું કે, સાલા સુવ્વર, પિસ્તોલ બનવાની વાત છોડ, જે છે એ ય મટી જઈશ અને ખબર પણ નહિ પડે. આંખો નીચી રાખ નહીં તો એ સમડી હમણાં તારી આંખો કાઢીને હાથમાં આપી દેશે...!'

'રાવી ક્યાં મળી શકે?' અભિમન્યુના અવાજમાં હવે ઘટનાનો તાગ મેળવવા નીકળેલા રિપોર્ટરના કુતૂહલથી વિશેષ કશીક અદમ્ય તાલાવેલી વર્તાતી હતી.

'હવાનાં સરનામાં ન હોય અને એમાંય આ છોકરી તો વંટોળિયા જેવી છે, પણ હશે ક્યાંક વિરમની આસપાસ એ નક્કી...' સુમરાએ ક્ષણેક વિચાર કરીને પૂછ્યું, 'વિરમ ધારો કે ઝડપાયો હોય તો દયાલ સાહા તેને છુપાવીને બંદી બનાવી રાખે તેવા કોઈ ઠેકાણા વિશે તું જાણે છે?'

'સાહા તો ઠીક, પણ અત્યારે તેનો માનીતો રાજાવત આ બાબતમાં પાવરધો છે. રાજાવતના એવાં કેટલાંક ઠેકાણાંની મને ખબર છે. ભૂમરા અપહરણ કેસના કહેવાતા આરોપીઓની લાશ ભેદી સંજોગોમાં મળી હતી અને તેમનું મૃત્યુ કેવી રીતે થયું એ ઉકેલાયું ન હતું. પરંતુ કહેવાય છે કે એ બંનેને રાજાવતે થોરડી ગામની સીમમાં આવેલા માનસિંહ મહાલમાં રાખ્યા હતા'

'એ સિવાય એવી બીજી કોઈ જગ્યાઓ...'

'એ સિવાય તો સુરાણા ફાર્મ પણ તેની માનીતી જગ્યા છે પણ ત્યાં મોટા ભાગે એ રંગરેલિયાં મનાવવા જાય છે. હા, કોઠાવાલા મેન્શન તરીકે ઓળખાતી ઈમારત અને બગીખાના ચોકીમાં એનાં કબાડા હોય છે ખરાં'

'તો આપણે એક કામ કરીએ. આવતીકાલથી રાજાવતના જ્યાં-જ્યાં કુંડાળા છે એ દરેક જગ્યાની રેકી કરવા માંડીએ. કદાચ એમ જ ક્યાંકથી વિરમનો પત્તો લાગી શકે.'

વાત પૂરી કરતો હોય તેમ, સુમરા મોટું બગાસું ખાઈને ચારપાઈમાં પડખું ફરી ગયો. બે જ મિનિટમાં તેનાં

નસકોરાં બોલવાં લાગ્યાં હતાં. બાજુમાં પાથરેલી ગોદડી પર શરીર લંબાવીને પડેલા અભિની આંખોમાં ઊંઘ ન હતી. દિવસભરના થાક અને અજંપાથી ત્રાસીને એ આંખ બંધ કરતો હતો એ સાથે બંધ પોપચાંની ભીતર વંટોળિયો ફૂંકાતો હતો...

—રાવી નામનો વંટોળિયો.

* * *

~

'રાજાવતે નેપ્કિન ફેરવીને ચહેરા પરનો પરસેવો લૂછ્યો, બેપરવાઈથી ગાડીના ડેશબોર્ડ પર નેપ્કિન ફગાવ્યો અને મોબાઇલ પર ફોન લગાવ્યો. તંગ મનોભાવ હેઠળ તેની આંખો ચકળવકળ થયા કરતી હતી. રાજાવત જેવા ખેપાની પોલીસ અધિકારીને ગાડીના ચિલ્ડ એસીમાંય પરસેવો વળી જાય એ દૃશ્ય દયાલ સાહાએ જોયું હોત તો પોતાની ધાકથી એ જરૂર પોરસાયો હોત. ફાર્મહાઉસના ઝાંપા પાસે પહોંચીને ડ્રાઇવરે નરમાશથી ગાડી ઊભી રાખી ત્યારે રાજાવત ફોન પર કહી રહ્યો હતો, 'આઈ રિચ્ડ... 8210.'

ગણતરીની મિનિટોમાં બોગનવેલના લાલ-સફેદ પાનથી ઘેરાયેલા આલીશાન દરવાજાની ડોકાબારી ખૂલી. સિક્યોરિટી ગાર્ડે ગાડીનો નંબર ચેક કરીને દરવાજો ખોલ્યો એટલે ડ્રાઇવરે ગાડી અંદર લીધી. વરસાદ વરસ્યા પછીનાં આછાં ભૂખરાં વાદળો પાછળથી સૂરજ ચળકતો હતો. આથમતી સાંજનો આછેરો તડકો વરસાદમાં ભીંજાયેલાં મેંદીના પાન પરથી લીલોછમ અજવાસ બનીને આંખોમાં અંજાતો હતો. રાજાવતે ગોગલ્સ કાઢીને ખિસ્સામાં મૂક્યાં અને ગળું સાફ કરવા ખોંખારો ખાધો. મૂરમ પાથરીને બનાવેલી સડક મેંદીની વાડ વચ્ચેથી જમણી બાજુ હળવો વળાંક લેતી બેઠા ઘાટના, પહોળા પથારાના બંગલા પાસે અટકી જતી હતી. પોર્ચમાં ગાડી ઊભી રહી એટલે રાજાવત ઊતર્યો. બંને હાથની મુઠ્ઠીઓ મજબૂતીથી ભીડી, પગના સ્નાયુઓ ખેંચીને તેણે શરીર તંગ કર્યું. હવે તેના માટે કટોકટીની ઘડી હતી.

દરવાજા પાસે ઊભેલા દયાલ સાહાના અંગત માણસ સેવંતીલાલે સ્મિત વેર્યું અને વિશાળ હોલમાંથી ડાબી બાજુની સહેજ સાંકડી ફોયર ભણી રાજાવતને દોર્યો. ફોયરના છેવાડે બગીચા ભણી ખૂલતાં રૂમના છેડે વિશાળ સોફાચેર પર દયાલ સાહા બેઠો હતો. કાળી ભરાવદાર દાઢી હેઠળ ઢંકાયેલો ગોરો ગોળ ચહેરો, ઝીણી માંજરી આંખોમાં વેધક ઊંડાણ, વાળના ઝૂમખા આડેથીય અછતું ન રહેતું વિશાળ તેજસ્વી કપાળ, બેઠી દડીનો મજબૂત બાંધો. તેના ખોળામાં નામમાત્રનાં કપડાં પહેરીને એક છોકરી બેઠી હતી. રાજાવતનો પગરવ સાંભળીને એ છોકરી ઊભી થવા ગઈ એ સાથે સાહાનું ધ્યાન ખેંચાયું.

'ઓહો રાજાવતસાહેબ... તમે તો આ તાન્યાને ચોંકાવી દીધી યાર...' ઊભી થવા મથતી છોકરીની મખમલી કમરના વળાંકમાં હાથ નાંખીને સાહાએ પહોળા સ્મિત સાથે કહ્યું.

'આઈ એમ સોરી સર... બટ, આઈ મીન...' બોસની સામે ય કદમબોસી કરવાનું રાજાવતના તુંડમિજાજી સ્વભાવને કદી માફક ન આવતું પણ આજે તેનો છૂટકો ન હતો.

સાહાના ચહેરા પર રાજાવત જાણે કશું બોલ્યો જ નથી એવી બેપરવાઈ હતી. તેણે તાન્યાના ગોરા ગાલ પર ખરબચડાં ટેરવાં ફેરવતાં બીજા હાથનાં આંગળા વાળમાં પરોવીને તેને નજીક ખેંચી. સાહાના ભારેખમ શરીર સાથે ભીંસાતા તાન્યાના માદક વળાંકો જોઈને રાજાવતની આંખોમાં ભડકા થતા હતા.

—કદાચ એટલે જ સાહા તેની પરવા કર્યા વગર ખેલ જારી રાખતો હતો.

'જાનતી હો તાન્યા રાની, યે સાહબ કૌન હૈ?' સાહાએ છોકરીના ગળાની નીચે અધખૂલી છાતી પર દાઢી ઘસીને લાલાશ ઉપસાવી દીધી. અકારણ નફ્ફટ હસીને તાન્યાએ રાજાવતની સામે જોયું. તેના ખિલખિલાટથી ઊછળતી તેની છાતીના પોલાણને જોઈને રાજાવતની મુઠ્ઠીઓ ભીંસાઈ જતી હતી.

'યે બડે પુલિસ અફસર હૈ... બહોત બડે... ઉન્હેં કુછ પિલાઓગી નહીં?' હાઇપ્રોફાઇલ કોલગર્લ તરીકે 18

વર્ષની ઉંમરે જ જિંદગીના બહુ બધા રંગો ખમી ચૂકેલી તાન્યાને આવા તાયફાઓની નવાઈ ન હતી. સાહાએ તેના માંસલ નિતંબ પર હળવો ચીમટો ભર્યો એટલે વળી તે નિર્લજ્જપણે હસી પડી અને રાજાવતની પાસેથી આંખો નચાવીને કમર મટકાવતી પસાર થઈ ગઈ.

'શું છોકરી છે યાર...' સાહાએ સોફા પર બેઠાં બેઠાં જ કમરમાંથી ઊંચા થઈ આળસ મરડી. 'સાલી બે દિવસથી પડખું નથી છોડતી. થાકતી નથી અને થકવી દે છે.' પછી અચાનક રાજાવતની આંખમાં આંખ પરોવીને તેણે ઉમેર્યું, 'તને આપું તો તું કદાચ તેને થકવી શકે... તેં તો હવે મને ય થકવી જ દીધો ને...!' સાહાના ભદ્દા હાસ્યમાં બદલાયેલો ટોન પારખીને રાજાવત સભાન બન્યો.

'સોરી સર, પણ વિરમ...'

'ઓહ યાહ... હું તો ભૂલી જ ગયો... તેં ફોનમાં કહ્યું હતું કે વિરમ ઝડપાઈ ગયો પણ કેટલાંક કોમ્પ્લિકેશન્સ... ઓહ... મને યાદ જ ન રહ્યું... સોરી માય ડિયર, પ્લીઝ હેવ સીટ.' સાહા સાલો નાટક કરી રહ્યો છે કે સાચે જ તાન્યાના કેફમાં ગુલતાન થઈને ભૂલી ગયો છે તેની ઘડીભર રાજાવતને ય અવઢવ થઈ આવી. વિરમ પકડાઈ ગયો છે, તેને બગીખાનામાં રાખ્યો છે ત્યાંથી માંડીને ભદૌરિયા અને લાઇટહાઉસનો ભેદી સંદેશ એ બધું જ તેણે સાહાને ફોનમાં કહ્યું હતું અને ત્યારે સાહાએ જ તેના આ છૂપા રંગમહેલમાં રૂબરૂ મળવા કહ્યું હતું. હવે એ હરામખોર જાણે તેને કશી ગંભીરતા જ ન હોય તેવો ડોળ કરતો હતો.

'તો..., શું છે આ લાઇટહાઉસનો મામલો?' સાહાના અવાજમાં નરમાશ હતી અને આંખોમાં ડારો હતો.

'યેટ ટૂ ચેક ઇટ સર, બટ ભદૌરિયા મારા કબજામાં છે અને બૂટ લઈ ગયેલી એ છોકરીની તલાશ માટે મેં સૂચના આપી દીધી છે.'

'અચ્છા? બઢિયા...' સાહાએ અહોભાવના અંદાજમાં આંખો ઉછાળી. 'એ છોકરી કોણ હોઈ શકે, તને કંઈ આઇડિયા છે?' સાહાના અજાણપણામાં કશોક વ્યંગ હોવાનું રાજાવત પારખી શકતો હતો.

'નોટ એક્ઝેક્ટલી સર, બટ...'

'તેં વિરમની પૂછપરછ કરી?' સાહાનો ચહેરો હવે તાન્યા સાથેના રોમાંસનો રોમાંચ છોડી ચૂક્યો હતો. બગીખાનામાં વિરમને લાવતાં પહેલાં રાજાવતે દયાલ સાહાને જાણ કર્યા વગર ત્રણ દિવસ સુધી વિરમને ધમાર્યો હતો તેની ખબર પડી ગઈ કે શું?

'નોપ...' સાહાની વેધક આંખોમાં મક્કમતાથી આંખ પરોવીને રાજાવતે રંગ બદલ્યો. 'તમે ના પાડી હતી એટલે... વિરમ પકડાયો ત્યારે રાજિયા હરામીને અંધારામાં રાખવા હું તરત તેને બગીખાનામાં ન લઈ ગયો... પણ નાવ ઇટ્સ સેઇફ સર... હવે તમે કાલે તેને ઇન્ટ્રોગેટ કરી શકશો.'

'વિરમની તો વેલ, પૂછપરછ કરીશું જ આરામથી, પણ મને લાગે છે કે...' સાહા વાક્ય અધૂરું છોડીને સોફા પરથી ઊભો થયો. ટેબલ પર પડેલું એનર્જી ડ્રિંકનું ટિન ઉઠાવ્યું અને એક ઘૂંટડો ભર્યો. '...પહેલાં તો મારે તારી પૂછપરછ કરવી પડશે.' પછી ટિનનો છેડો રાજાવતની છાતી સામે ધરીને મહેમાનગતિ કરી રહ્યો હોય તેમ હળવું સ્મિત વેરીને તેણે પૂછ્યું, 'ડૂ યુ નીડ ઇટ?'

તેના સ્મિતમાં સહજતા હતી કે ભેદ? રાજાવતથી નક્કી નહોતું થઈ શકતું.

*

'હવે આ રસ્તે આગળ જઈએ એટલે ડાબા હાથે જે દેખાય છે એ માનસિંહ મહાલ.' સડકની ધાર પર ગાડી ઊભી રાખીને અભિમન્યુએ આંગળી ચીંધી.

રાત્રે અડધી બોટલ દારૂ ઢીંચ્યા પછી દોઢ પ્લેટ બિરયાની ઝાપટીને સુમરો તો અઘોરીની જેમ મોડે સુધી ઘોર્યા કર્યો હતો પણ અભિમન્યુએ રાતભર બેચેનીમાં પડખા ફેરવ્યાં હતાં. વિરમ રાજદેવનાં કૂંડાળાં ઉકેલવા જતાં તેના મનમાં હવે જાતભાતના સવાલો સર્જાઈ રહ્યા હતા અને તેનો તાગ મેળવ્યા વગર હવે તેને ચેન પડવાનું ન હતું.

સુમરો ઊઠ્યો ત્યાં સુધીમાં તેણે માનસિંહ મહાલ જવાની તૈયારી મનોમન આટોપી લીધી હતી. ઓફિસમાં તેણે 'આજે નહીં આવું' એવો મૅસેજ મૂકી દીધો હતો. નવયુગ ટાઇમ્સમાં અભિમન્યુની ગેરહાજરીની ખાસ નવાઈ ન હતી, પરંતુ એ બે-ચાર દિવસ આમ ભેદી રીતે ગાયબ થઈ જાય ત્યારે હરીફ અખબારો જરૂર ટૅન્શનમાં આવી જતાં, કારણ કે ગાયબ થયા પછી પાછો ફરતો અભિમન્યુ જરૂર કંઈક સણસણતી સ્ટોરી સાથે ગેરહાજરીનો હિસાબ સરભર કરી નાંખતો.

માનસિંહ મહાલ સુધી જવા માટે સુમરાએ ઇન્તાઝને ફોન કરીને ગાડી મંગાવી લીધી હતી. જૂના મોડલની કાળી ફોર્ડ જોઈને સુમરાએ ઘડીક બબડાટી કરીને ઇન્તાઝને ભાંડ્યો હતો. વગડાઉ વિસ્તારમાં ક્વોલિસ કે ઝાયલો જેવી ગાડી હોય તો ફરક પડે તેમ તેને લાગતું હતું. અભિમન્યુ મિશન પર જતાં શાર્પશૂટરની માનસિકતા બહુ રસપૂર્વક નીરખી રહ્યો હતો.

સુમરાએ અદ્દલ ખેલાડીને છાજે એવી રીતે તૈયારી કરી હતી. સાધારણતઃ પહોળો પઠાણી પાયજામો અને ખમીસ પહેરતો સુમરો બહાર નીકળતી વખતે ઓળખ છુપાવવામાં માહેર હતો. ભોંયરાના ખખડધજ કબાટમાંથી કાઢીને આજે તેણે જિન્સ અને ચાઇનીઝ કોલરનો સહેજ ખૂલતો લેમન યલો કલરનો હાફ સ્લીવ શર્ટ ચડાવ્યો, હિપ પોકેટના ભાગે જિન્સમાં હેકલર એન્ડ કોચ P-30 પિસ્તોલ ખોસી અને સ્પોર્ટ્સ શૂઝ પહેર્યા ત્યારે અભિમન્યુને મનોમન હસવું આવી ગયું. બેઉનો હુલિયો એવો વિરોધાભાસી હતો કે એ બેઉને કોઈ જોડે જુએ તો સુમરો કોઈ નિવૃત્ત અમલદાર લાગે અને અભિમન્યુ શાર્પશૂટર લાગે. સુમરાએ જિન્સના બૅલ્ટ જોડે બાંધેલી પોકેટ કિટમાં લાઇટર, ટચૂકડું બાઇનોક્યુલર, મલબારી સિગારના પાકીટ, બુલેટના બે વધારાના મૅગેઝિન્સ અને ચાકુ મૂક્યા અને પગમાં મોજા ઉપર લેધરનું હોલ્ડર બાંધી તેમાં છરી ખોસી.

'ગન ચલાવતા આવડે છે?' સુમરાએ તેને પૂછ્યું હતું.

'હા, હું શૂટિંગ ક્લબમાં શીખ્યો છું પણ મારે એવી કોઈ જરૂર નથી.'

'ડાહ્યો ન થા. આપણે તારા છાપા માટે રિપોર્ટિંગમાં નથી જતાં.'

'તારા જેવા ખડુસ છાપાના રિપોર્ટિંગમાં હોય પણ નહીં' અભિમન્યુએ બનાવટી નારાજગી દેખાડતાં જવાબ વાળ્યો.

'એમ? તો છાપાના રિપોર્ટિંગમાં અલગ કિસમના ખડુસ હોય છે?' એકમેકની જરૂરિયાત સ્વીકારીને બંને વચ્ચે હવે દોસ્તાના મજાક થવા માંડી હતી. અભિમન્યુએ તેને ધબ્બો મારવા ઉગામેલા હાથમાં સુમરાએ ધરાર રિવોલ્વર પકડાવી દીધી હતી.

માનસિંહ મહાલની દિશામાં બંનેએ ઘડીભર જોયા કર્યું. ડામરના ધોરી માર્ગથી અંદરની તરફ ફંટાતી કાચી સડક ઉપર લગભગ પચાસેક મીટર છેટેથી ખેતર શરૂ થઈ જતાં હતાં અને ખેતરની કાંટાળી વાડ વળોટીને સડકથી ખાસ્સો દૂર ઊભો હતો માનસિંહ મહાલ. થોરડી દરબાર માનસિંહ ધાખડાનો એ રંગમહેલ. થોરડી સ્ટેટ જેટલો જ નાનો અને થોરડી દરબારની શાખ જેટલો જ રંગીન. આઠેક દાયકા પહેલાં બંધાયેલી એ ઇમારતમાં માનસિંહ ધાખડાએ અદ્દલ સ્કોટલૅન્ડ ખડું કર્યું હતું. ખેતરના ઢોળાવ ચડતાં ભાગે ગોથિક શૈલીની નાનકડી થાંભલી ફરતી પરસાળ, આગળ પહોળાશમાં ખૂલતો દાદર, અંદર હારબંધ ઓરડા, ઉપરના માળે મોટો હોલ, રંગીન કાચ મઢેલી બારીઓ અને ત્રણ દિશામાં ઝરૂખા. મેંગલોરી નળિયાં આવરેલી છત અને ડાબા હાથે ખોરડાની બહાર નીકળતી ચીમની.

માનસિંહ મહાલનોય એક જમાનો હતો. છેક રામપુરથી અને બર્દવાનથી અહીં તવાયફો આવતી. આકાશમાં હલાલ થતી સાંજે અહીં સમો બંધાવા લાગતો અને રાત-રાતભર મહેફિલ જામતી. માનસિંહના નિર્વંશ મૃત્યુ પછી આ ઈમારત ધણીધોરી વગરની પડી રહી. થોરડી અને રામપરા બે ગામની સીમ વચ્ચે આવતી આ ઇમારતનો દેખીતો કોઈ ઉપયોગ પણ ન હતો એટલે હવે આસપાસના ગામના સરપંચ અને માથાભારે માણસો કોઠા-કબાડા માટે પોતાની મરજી મુજબ તેનો ઉપયોગ કરી લેતા. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ ઇમારત પર રાજાવતની વણલખી હકૂમત ચાલતી હતી.

'આપણે ગાડી અહીં જ ક્યાંક પાર્ક કરીએ અને ચાલતા અંદર જઈએ.' સુમરાએ બરાબર નિરીક્ષણ કરીને કહ્યું. તેમણે રોડના કિનારે, પસાર થતાં વાહનોને પંક્ચર પડ્યું હોવાનો આભાસ થાય એ રીતે, સહેજ નીચાણવાળા ખાળિયામાં ઉતારીને ગાડી પાર્ક કરી અને મહાલની દિશામાં ચાલવા માંડ્યું. કાચી સડકની બેય દિશામાં ડાંગરનાં ખેતરો પથરાયેલાં હતાં. ક્યાંક દૂર મજૂરો ખેતરમાં નીંદામણ કરી રહેલા પણ દેખાતા હતા. મહાલની પાછળ ખાસ્સે દૂર કેટલાંક ઝૂંપડાંઓમાં રાતના વાળુની તૈયારી થઈ રહી હોય તેમ જલતા ચૂલામાંથી ઊઠતો ધુમાડો આકાશમાં ઊંચે ચડતો હતો. થોરની વાડ ટપ્પીને બંને ખેતરમાં પ્રવેશ્યા. ડાંગરના ધરુ રોપેલા ક્યારામાં પાનીડૂબ પાણી ક્યાંક ભરાયેલું હતું. બે ક્યારાની વચ્ચે જરાક ઊંચી પગથાર પર ચાલતાં બંને આગળ વધી રહ્યા હતા.

'વેઇટ...' અભિમન્યુએ આગળ ચાલતા સુમરાનો ખભો દબાવ્યો અને તે પોતે જમીનસરસો ઝૂક્યો.

'કેમ શું છે?' સુમરો હજુ સમજી શકતો ન હતો.

'આ દેખાય છે?' અભિમન્યુએ ડાંગરના ક્યારામાં પડેલાં પગલાં ભણી આંગળી ચીંધી.

'હા, તો? ખેતરમાં તો કંઈક લોકોની આવ-જા હોય જ ને યાર...' સુમરાને લાગ્યું કે અખબારનો આ રિપોર્ટર આજે નાહકનો શેરલોક હોમ્સ થવા જઈ રહ્યો હતો.

'કંઈક લોકો એટલે ખેતમજૂરો જ ને? અહીં તારા-મારા જેવા લોકો અકારણ તો આવે નહિ...' અભિ હજુય પગલાંની દિશામાં જોઈ રહ્યો હતો.

સુમરાએ અકળાઈને પૂછ્યું, 'કેમ, તને પગલામાં તારા-મારા જેવા લોકોનો ચહેરોય દેખાય છે?'

'ખડુસ, હું ખેડૂતનો દીકરો છું. મને ખબર પડે છે કે, રસ્તા પર ચાલવું અને ખેતરમાં ચાલવું એમાં ફરક હોય છે. આ પગલાં ખેતમજૂરનાં નથી. ખેતમજૂર ઊંઘમાં હોય તો ય કદી ધરુ રોપેલા ક્યારા પર ચાલે જ નહિ અને આ પગલાં જો...'

હવે સુમરો પણ લથબથ ભીની માટીમાં પડેલાં પગલાંઓ જોઈ રહ્યો. અભિએ બાજુના ક્યારામાં પોતાનો પગ મૂક્યો અને પછી કહ્યું, 'ક્યારાનું પાણી ફૂટપ્રિન્ટના ખાડા તરફ સરકે છે એ દેખાય છે? ધીમે ધીમે પાણી આખા પગલામાં ફેલાઈ જશે. હવે આ પગલું જો...' લગભગ અડધા પગલામાં ભરાયેલા પાણી તરફ તેણે આંગળી ચીંધી.

'ક્યારામાં આ પગલાં એકધારાં છે મતલબ કે, એ ડાંગરના ખેતરથી અજાણ વ્યક્તિનાં છે અને પાણી જે રીતે ભરાયું છે એ જોતાં...'

હવે સુમરાને વધુ સમજાવવાની જરૂર ન હતી. તેણે બારીકાઈથી ઝૂકીને જોયું. પગલાંની દિશા મહાલ પાછળના ઝૂંપડા તરફની હોય તોય સમજી શકાય કે કોઈક ખેતમજૂર અહીંથી પસાર થયો હોય પણ ક્યારામાં પડેલાં જે પંદરેક પગલાં દેખાતાં હતાં એની દિશા મહાલ તરફની જ હતી, મતલબ કે કોઈક મહાલમાં ગયું છે અને થોડી વાર પહેલાં જ ગયું છે.

સુમરાએ મહાલની દિશામાં જોયું અને તરત આદતવશ પીઠ પાછળ હાથ નાંખીને ગન કાઢી.

'આપણે રેન્જમાં છીએ, ઝૂકી જા...' જાણે હમણાં જ ગોળી છૂટવાની હોય તેવી સતર્કતાથી તેણે રીતસર અભિને ખેંચીને નીચે ઝુકાવી દીધો. વિક્ટોરિયા ગાર્ડનમાં ફરવા નીકળ્યા હોય તેમ બેધડક માનસિંહ મહાલમાં ઘૂસવાની તો તેની પણ તૈયારી ન હતી. વિરમને અહીં રાખ્યો હોય તો રાજાવતે પણ પૂરતો બંદોબસ્ત કર્યો જ હોય. એ સ્થિતિમાં પ્રતિકાર પણ થાય જ એવી સુમરાની ગણતરી હતી જ પણ તદ્દન સૂમસામ અને ભેંકાર મહાલ જોઈને તેણે છેક નજીકથી નિરીક્ષણ કરવાની ધારણા રાખી હતી. હવે આ પગલાં જોયા પછી એવું જોખમ ન લઈ શકાય.

હાથિયાથોરની વાડ પાછળ લપાઈને બંને ભોંયસરસા થઈ ગયા.

'હવે અડધા કલાકમાં સૂરજ આથમશે. અંધારું ઘેરાય ત્યાં સુધી રાહ જોયા વગર આરો નથી. કોઈક અંદર હોય તો આપણી હાજરી ખુલ્લી થયા પછી બચવું મુશ્કેલ...'

બંનેએ એકટશે મહાલની દિશામાં જોયા કર્યું. ડાંગરના ક્યારા પરથી ફૂંકાતા વગડાના વેગીલા, ઠંડા પવનના સુસવાટા સિવાય ક્યાંય કશો સંચાર વર્તાતો ન હતો. કશી પણ પ્રવૃત્તિ વગર, હિલચાલ વગર રાહ જોવાથી અભિમન્યુ ટેવાયેલો ન હતો એટલે પંદર-વીસ મિનિટમાં તે કંટાળ્યો.

'મને લાગે છે કે અંદર જવામાં ખાસ વાંધો ન આવવો જોઈએ...'

જવાબમાં સુમરો ફક્ત હસ્યો અને મહાલની બરાબર પાછળ આથમી રહેલા સૂરજ ભણી આંગળી ચીંધીને તેણે કહ્યું, 'સૂરજ આપણી આંખ સામે છે. એ દિશામાં આપણને નિશાન પાડવામાં મુશ્કેલી પડે પણ સામે કોઈ ગન લઈને ઊભું હોય તો એ એક જ ફાયરમાં આપણો ઢાળિયો કરી શકે. એટલે રિપોર્ટર સાહેબ, અત્યારે તો ચૂપચાપ પડ્યા રહો.'

સુમરા માટે આમ તદ્દન લાશની જેમ પડ્યા રહીને મોકાની રાહ જોવાની કોઈ નવાઈ ન હતી. શિકારની રાહ જોવામાં કેટલીક વાર તો તેણે દિવસો સુધી, કુદરતી હાજત પણ ટાળીને એક જ સ્થળે ઊભા રહીને ધાર્યું નિશાન પાડ્યું હતું પણ અભિની વાત અલગ હતી. એ અકળાઈ ન ઊઠે એટલે તેણે ધીમા અવાજે મજાક શરૂ કરી.

'તું કદી કોઈના પ્રેમમાં પડ્યો છે?'

'કેમ? તારે તારી દીકરીને મારી સાથે પરણાવવી છે?' આવા સમયે સુમરાની આવી અસંબદ્ધ વાતોથી અભિમન્યુ વધુ અકળાયો.

'તારા જેવા રખડુ જોડે તો ન જ પરણાવું પણ આ તો શું કે, પ્રેમિકાના વિચાર કર તો કદાચ તને કંટાળો નહિ આવે. હું પણ એમ જ કરતો હોઉં છું.'

અભિથી મરકી જવાયું. તેને હવે આ ખુર્રાટ અભરામ સુમરો બડો દિલચસ્પ અને થોડોક ભેદી પણ લાગવા માંડ્યો હતો.

'ધારો કે વિરમ પણ અંદર હોય અને તેના જાપ્તામાં બીજાય કોઈક હોય તો આપણે શું કરીશું?'

'ગધેડા, આ સવાલ તને હવે સૂઝે છે?' સુમરાના ચહેરા પર મજાકિયું સ્મિત હતું. 'એટલે જ મેં તને કહ્યું હતું કે આપણે તારા છાપાના રિપોર્ટિંગમાં નથી જતાં.'

'એટલે? તારે શું કરવું છે?' અભિને તો વિરમનું ઠેકાણું મળે એટલે છાપામાં આઠ કોલમનું હેડિંગ બનાવવાના જ વિચારો આવતા હતા.

'એટલે એમ કે, જો વિરમ અહીં હશે તો આપણે ગમે તેમ કરીને તેના સુધી પહોંચશું. એ કેદ હશે તો તેને છોડાવશું. દલ્લાનું સરનામું પૂછશું. એ કહી દે તો આપણે ત્રણેય પાર્ટનર, નહિ તો...'

'ઓહ કમ ઓન...' અભિ અધૂકડો બેઠો થઈ ગયો. 'મને કોઈ દલ્લા-ફલ્લામાં રસ નથી એ મેં તને કહ્યું અને કોઈ ગેરકાનૂની કબાડામાં હું સામેલ નહિ થાઉં...'

'મૂંગો મર...' સુમરાએ અભિનો પહોંચો દબાવ્યો પણ અભિ અટકે તેમ ન હતો. 'જ્યાં-ત્યાં લાશો ઢાળવી એ તારો પેશો છે, મારો નહિ. અને આવા ધંધામાં મારે...'

'સામે જો ને બેવકૂફ...' સુમરાએ તેના વાળ ખેંચીને કહ્યું ત્યારે અભિને ખ્યાલ આવ્યો કે સુમરો ગન તૈનાત કરીને મહાલની દિશામાં બાજનજરે તાકી રહ્યો હતો. તેણે નજર ફેરવી ત્યારે હવામાં ઘેરાઈ રહેલા અંધારા તળે માનસિંહ મહાલના ઉપરના મજલે તૂટેલા કાચની બારીઓ પછવાડેથી કશોક આછો ઉજાસ રેલાઈ રહ્યો હતો. ઉજાસ ધીમે ધીમે ખસી રહ્યો હતો. બંનેએ એકમેકની સામે સવાલિયા નજરે જોયું.

જર્જરિત, નિર્જન અને ભેંકાર માનસિંહ મહાલમાં કોઈક હતું.

* * *

~

અભિમન્યુના ચહેરા પર ઝળૂંબતા ઉચાટ અને સુમરાની આંખોમાં તગતગતી સતર્કતા વચ્ચે માનસિંહ મહાલના ઉપરના મજલે ખંડેર બની રહેલા ઓરડામાં આછા ઉજાસનો ઓળો આમ-તેમ ઘૂમતો હતો. પવનના સુસવાટાથી ફરફરતું ક્યારાની આસપાસ ઊગી નીકળેલું નકામા ઘાસનું નીંદામણ, અંધારું ઓઢીને ફરવા નીકળેલી ભેંકાર ક્ષિતિજમાં ઊડાઊડ કરતા આગિયાના ઝબકારા, ચોતરફથી ગુંજતો તમરાંનો અવાજ...

—અને અચાનક મહાલના ઉપરના મજલે ઝબૂકતો પ્રકાશ ઓલવાઈ ગયો.

'તારી ગન કાઢ અને સેફ્ટી લોક ખોલી નાંખ.' સુમરાએ કહ્યું એ સાથે અભિ કશુંક કહેવા ગયો પણ હવે દલીલનો સમય ન હતો. માનસિંહ મહાલમાં કોઈક હતું જ. એ જો ખુદ વિરમ હોય કે વિરમનો જાપ્તો રાખી રહેલા રાજાવતના માણસો હોય, સામનો તો થવાનો જ હતો. એસી ઓફિસના આરામદાયક માહોલમાંથી ફ્રન્ટ પર આવી જવાનો ગરમાવો અનુભવતા અભિએ રિવોલ્વર સાબદી કરી. સિનિયર પોલીસ અફસરોની શૂટિંગ ટૅક્ટિક્સના રિપોર્ટિંગ માટે એ એક વાર ફાયરિંગ રેન્જ પર ગયો ત્યારથી તેનેય ફાયર આર્મ્સ અને શૂટિંગનો છંદ લાગ્યો હતો. પછી તો તેણે શૂટિંગ ક્લબમાં જોડાઈને બાકાયદા તાલીમ પણ લીધી હતી. જોકે ક્લબની રેન્જ પર આસાન અને સહજ સ્થિતિ સિવાય બીજે ક્યાંય ફાયરિંગ કરવાનો તેને કદી પ્રસંગ આવ્યો ન હતો. તેણે જમીન પર હાથ ઘસીને વરસાદી ભીનાશથી ચીકટ થઈ ગયેલી હથેળી મલાવી અને ટ્રાઉઝરની ડાબી બાજુ ખોસેલી ગન કાઢી.

'વાડની પાછળ લપાઈને ઇમારતની સમાંતરે આપણે થોડા આગળ વધીએ તો?' સંજોગોએ અભિમન્યુને પણ રક્ષણાત્મક દૃષ્ટિથી વિચારતો કરી દીધો એ અનુભવીને સુમરા મરક્યો.

હાથિયાથોરની ચારેક ફૂટ ઊંચી વાડ પાછળ લપાવું આસાન હતું તોય સાવચેતી ખાતર સુમરાએ ભીની ખેતરાઉ જમીનની ઊબડખાબડ પગથાર પર સપાટાભેર ક્રાઉલિંગ શરૂ કર્યું. તેનું જોઈને અભિ પણ ગોઠણમાંથી ઝૂકીને ઝડપથી પાછળ દોરાયો. કોણી અને ઢીંચણના સહારે ઝડપથી આગળ વધી રહેલો સુમરો એકધારો મહાલની દિશામાં નજર રાખી રહ્યો હતો. ઇમારતની બરાબર સામે આવીને તેમણે પોરો ખાધો. હાંફતી છાતીએ બંનેએ સૂમસામ વગડામાં વળ ખાતા અંધારામાં ઘેરા ઓળા જેવા ભાસતા મહાલની સામે ફરીથી મીટ માંડી.

'આપણે હવે અહીંથી દોટ મૂકવી પડશે.' સુમરાએ પિસ્તોલ પરની પકડ મજબૂત કરી અને પૅન્ટના ડાબા પાયસામાં હાથ નાંખીને મોજાં સાથે બાંધેલો હોલ્ડર બૅલ્ટ ઢીલો કરી તેમાં ખોસેલી છરી કાઢી. સલૂકાઈથી છરી ઘુમાવીને જોતજોતામાં તેણે હાથિયાથોરની વાડમાં મોટું ભગદાળું પાડી દીધું.

'મને લાગે છે કે આપણે બેઉ એક જ દિશાએથી જઈએ એનાં કરતાં...'

'હમ્મ્મ...' સુમરાએ હકારમાં ડોકું ધુણાવ્યું. અભિ તેની ધારણા કરતાં વધારે કાબેલિયત બતાવી રહ્યો હતો.

'તું સામે દેખાય છે તે પગથિયા ભણી દોટ મૂક. હું પાછળથી તને કવર આપું છું.'

'અને તું... ?' અભિના ચહેરા પર કદી ન જોયેલી સ્થિતિનો સામનો કરવાનો ઉન્માદ હતો.

'હું પાછળની દીવાલ ચડીને ઉપરના મજલે જઈશ. તું ભોંયતળિયું ચેક કરીને ઉપરની તરફ આવ...'

અભિ ઘડીભર તેની સામે જોઈ રહ્યો. 'ટેઇક કેર...' તેના અવાજમાં સાચુકલી ચિંતા હતી પણ સુમરો આવી સ્થિતિથી ટેવાયેલો હતો.

'ગન સાબદી રાખજે... જા, ભાગ...'

સુમરાએ કાપેલી વાડ વચ્ચેથી અભિએ છલાંગ લગાવીને કમરમાંથી સહેજ ઝૂકેલી પોઝિશનમાં દોટ મૂકી. તેણે મહાલની દિશામાં અડધું અંતર કાપ્યું ત્યાં સુધી સુમરો બાજનજરે મહાલની અટારીની દિશામાં તાકીને પિસ્તોલ તૈનાત કરીને ઊભો રહ્યો. પછી તેણે પણ અભિથી ત્રાંસમાં દોડવાનું શરૂ કર્યું. સુમરો અડધે પહોંચ્યો ત્યાં સુધીમાં અભિ ઇમારતની પરસાળ ભણી જતાં પગથિયાના કઠેડા પાછળ લપાઈ ચૂક્યો હતો. ભેંકાર સ્તબ્ધતામાં માનસિંહ મહાલની જર્જરિત પરસાળની છત ઉપર લાકડાનાં ભાંગેલાં પીઢિયા કઢંગો આકાર ખડો કરતા હતાં. તૂટેલી બારીઓમાંથી ઓરડામાં ફૂંકાતો પવનનો વીંજણો સિસકારા મારતો ઘૂમરાતો હતો. આંખ અંધારાથી ટેવાય ત્યાં સુધી અભિએ લાંબી પરસાળ ભણી મીટ માંડી રાખી. હવે તેને પરસાળના હારબંધ ઓરડા દેખાતા હતા. અચાનક તેની આંખો ચમકી. બારણા પાસે કોઈકનો પડછાયો પડતો હતો કે શું? તેણે ગન પરની પકડ મજબૂત બનાવી અને કઠેડા પાછળ માથું ઝુકાવીને નિશાન તાક્યું. ના, એ પડછાયો તદ્દન સ્થિર હતો, મતલબ કે બારણું અધખૂલું હતું.

તેણે ઝડપભેર નિર્ણય લીધો અને પગથિયાંના કઠેડાની આડશ છોડીને લાંબી ડાંફમાં એકસાથે ત્રણ-ત્રણ પગથિયાં કૂદતો પલકવારમાં પરસાળમાં પહોંચી ગયો. પગથિયાથી જમણી તરફનો ઓરડો અધખૂલો જણાતો હતો તેના બારણા પાછળ લપાઈને તેણે ઓરડામાં નજર ફેરવી. સામેની દિશામાં તૂટેલી બારીમાંથી સાવ આછકલું ચાંદરણું ઓરડાની ભોંય પર પછડાતું હતું. એક નજરમાં આખો ઓરડો આવરી લઈને તે અંદર ઘૂસ્યો. કબૂતરની હગારની તીવ્ર ગંધ હવામાં વર્તાતી હતી. તેણે ભોંયતળિયાના ત્રણેય ઓરડા એક પછી એક ચકાસ્યા પણ ક્યાંય વિરમને અહીં રાખ્યો હોવાની કોઈ નિશાની કળાતી ન હતી. તો પછી ઉપરના મજલે ઉજાસ કોણે કર્યો હતો? ડાબી બાજુએથી ઉપરના મજલે જતાં દાદર તરફ તે સાવચેતીભેર લપક્યો ત્યારે તેનું હૈયુ જાણે બહાર ઊછળી આવવાનું હોય તેવી તીવ્રતાથી થડકી રહ્યું હતું.

સાત પગથિયાં પછી જમણી બાજુ વળતાં દાદરના તીવ્ર વળાંક પાસે પહોંચીને અભિ ઘડીભર ધડકતા હૈયે ઊભો રહી ગયો. જો ઉપરના મજલે કોઈક છે તો હવે જરૂર એનો સામનો થવાનો જ. તેણે સમયની ગણતરી માંડી. આટલી વારમાં કદાચ સુમરો દીવાલ ચડીને પાછળની દિશાએથી ઉપરની તરફ પહોંચી રહ્યો હોય. તેણે મનોમન દસ સેકન્ડના અંતરાલમાં 1થી 20 સુધીની ગણતરી કરી અને પછી સપાટાભેર ઉપરના ખંડની દિશામાં વળતો દાદર ચડી ગયો. નીચેની પરસાળની બરાબર સમાંતરે અહીં લાકડાની નકશીકામ કરેલી થાંભલીઓ પર કલાત્મક રવેશ બનાવ્યો હતો અને અંદરની તરફ વિશાળ ઓરડો હતો. તેણે સહેજ અડકેલા બારણા વચ્ચેથી અંદર નજર નાંખી. ભોંયતળિયાની સરખામણીએ અહીં ઉજાસ થોડો વધારે હતો પણ તોય કશું ભાળી શકાય તેમ ન હતું. હવે શું કરવું? સીધા અંદર ધસી જવું કે પાછળની તરફથી સુમરો પ્રવેશે તેની રાહ જોવી? તીવ્ર અવઢવમાં ધડકતા હૈયે એકાદ મિનિટ તે બારણાને અઢેલીને ઊભો રહ્યો પણ છેવટે તેની ધીરજ ખૂટી. બેઉ હાથમાં રિવોલ્વર મજબૂતીથી પકડી બંને હાથ છાતી સામે લાવીને તેણે કોઈ પણ ક્ષણે ફાયર કરવાની પોઝિશન લીધી અને ડાબા પગની એડીથી જોર કરીને દરવાજો હડસેલ્યો. વર્ષોથી માવજત વગર મિજાગરાંમાં જામ થઈ ગયેલો દરવાજો જરાક અમથા જોરથી ખસ્યો નહિ એટલે પગની ભીંસ વધારવામાં થોડા બેધ્યાન થઈને તેની નજર પણ ત્યાં ફરી ગઈ. એ જ સમયે એકસાથે ત્રણ ઘટનાઓ બની ગઈ. પહેલાં દરવાજો ખસ્યો, મિજાગરાનો કિચૂડાટ થયો એ સાથે જ 'ધડ્ડ્...' અવાજ સાથે તેની દિશામાં ગોળી છૂટી

અને અભિ જેને અઢેલીને ઊભો હતો એ લાકડાના જાડા બારણામાં જબ્બર થડકારો કરતી પરોવાઈ ગઈ. અભિ હજુ ફાયરિંગના અવાજને ઓળખે અને પ્રતિક્રિયામાં તેના ચહેરા પર તણાવની એક રેખા સુધ્ધાં ઊભરે એ પહેલાં તો બીજી ગોળી છૂટી અને એ તેની બરાબર માથે બારસાખનો મોટો ગચ્ચો ઉખાડતી ગઈ. તદ્દન ઓચિંતા ફાયરિંગથી ઓઝપાઈ ગયેલા અભિમન્યુએ દિશાભાન વગર રિવોલ્વરનું ટ્રિગર દબાવી દીધું. અંધારામાં કશું આમેય કળાતું ન હતું. એમાં ઉપરાઉપરી બે ફાયરિંગથી તે વધારે ઘાંઘો બન્યો. તેણે બેવકૂફની માફક આખા ઓરડાના દરેક ખૂણે બ્લાઇન્ડ ફાયર ચાલુ કરી દીધું.

અભિમન્યુના ત્રીજા ફાયર વખતે કશુંક જોરથી પછડાયું હોય તેવો બોદો અવાજ સંભળાયો પણ એ અવાજ તેને ઓળખાય એ પહેલાં તે વધુ બે ફાયર કરી ચૂક્યો હતો. આ બંને ઘટનાને સમાંતર ત્રીજી ઘટના એ બની કે અભિ ઉપર જ્યારે પહેલી ગોળી છૂટી બરાબર એ જ સમયે પાછળની બારીમાંથી પ્રવેશવા સુમરાએ ગરદન ઊંચી કરી હતી. ફાયરિંગના અવાજ સાથે તેણે શરીરનું કોકડું સંકોર્યું અને ઓરડાની દિશામાં પિસ્તોલ તાકી હતી. પણ એ સમયે અભિ બેફામપણે ગોળીઓ છોડી રહ્યો હતો.

'બેવકૂફ છે સાલો...' સુમરા મનોમન અકળાઈ ઊઠ્યો. તેને અભિની દિશાનો અંદાજ આવતો ન હતો એટલે તે ફાયર પણ કરી શકે તેમ ન હતો અને પોતે ફાયરિંગની લાઇનમાં હોય તો અડફેટે પણ ચડી જાય તેમ હતો. સુમરો હજુ કશું નક્કી કરે ત્યાં જ અભિના ત્રીજા ફાયર સાથે કશોક ધબાકો સંભળાયો. સુમરો જ્યાં છુપાયો હતો એ બારીની ઉપરથી કશુંક નીચે પડતું હોય તેવો આભાસ પણ તેને થયો. એ સાથે સુમરાના શ્વાસ હેબતાઈ ગયા. એ નક્કી નહોતો કરી શકતો કે કોની ગોળી કોને વાગી છે. એ જ સમયે બારણાની દિશામાંથી બીજી બે ગોળી છૂટી એટલે સુમરાને ખાતરી થઈ ગઈ કે અભિ સલામત છે પણ એ અડબંગને ખ્યાલ નથી કે તેણે અજાણપણે આબાદ નિશાન વીંધી નાંખ્યું છે. તેણે એક જ છલાંગે બારી કૂદીને ઓરડામાં પડતું મૂક્યું અને સાદ ફાટી જાય એટલા ઊંચા અવાજે ચીસ પાડી, 'બંધ કર... બંધ કર... એ હું છું... હું છું...'

સુમરાનો અવાજ સાંભળીને અભિને ભાન આવ્યું પણ તેના પર ઓચિંતા થયેલા ફાયરિંગના આઘાત હેઠળ હજુ ય તે દિગ્મૂઢ હતો. બંધ ઓરડાના કાળા ડિબાંગ અંધારાથી આંખ ટેવાય એ પહેલાં સુમરો આગળ વધવા ગયો એ સાથે તેના પગને કશુંક અડબડિયું આવ્યું અને તે ગોથું ખાઈ ગયો. બીજી જ પળે તે વીજળીની ત્વરાથી પાછો લપક્યો અને જ્યાં અડબડિયું આવ્યું હતું ત્યાં ભોંય પર તેણે રીતસર પડતું મૂકીને ચીસ પાડી, 'ફાયર બંધ કર... એ પકડાઈ ગયો છે... જલ્દી અહીં આવ... બારીની દિશામાં...' સુમરાએ જ્યાં પડતું મૂક્યું હતું ત્યાં બાજુમાં અભિની ગોળીથી તૂટેલું લાકડાની અભરાઈનું પાટિયું પડ્યું હતું અને સુમરાની નીચે વજનદાર ગોદડાં, ધડકી અને ધાબળાની નીચે કોઈ ગોટપોટ થઈને કણસતું હતું.

ચબરાક સુમરાને સિનારિયો સમજતાં વાર ન લાગી. અભિ પર ફાયરિંગ થયું એ સાથે જ તેણે ફાયરિંગની દિશાનો જરાક પણ ક્યાસ કાઢ્યા વગર આડેધડ, રિવોલ્વરનું નાળચું જ્યાં ફર્યું ત્યાં વળતી ગોળી છોડી નાંખી હતી. તેની ત્રીજી ગોળી સુમરા લપાયો હતો એ બારીની ઉપરની અભરાઈને વાગી એટલે અભરાઈનું જર્જરિત પાટિયું અને તેના પર પડેલાં ગોદડાં, ધાબળાં નીચે પટકાયાં. એ પાટિયું જ્યાં પટકાયું બરાબર ત્યાં જ આ માણસ બેઠો હોવો જોઈએ. એ અભિની ગોળીથી ઘાયલ થયો છે યા તો પાટિયું તેના માથે ઝીંકાયું છે. પણ એ અત્યારે અંધારામાં નક્કી થઈ શકે તેમ ન હતું. સુમરાએ ગોદડાં અને ધાબળાના ગંજ હેઠળ દબાયેલા એ હુમલાખોરને મજબૂતીથી દબોચ્યો. એટલી વારમાં અભિમન્યુ પણ હાથ ફંફોસતો તેના સુધી પહોંચ્યો.

'આ ધાબળો ખોલ... આપણે ઝડપથી અહીંથી ભાગવું પડશે...' સુમરાએ જરા પણ મચક ઢીલી કર્યા વગર

તેના શરીર નીચેથી એક ધાબળો ખેંચીને અભિની દિશામાં ફગાવ્યો. સાત રાઉન્ડ ફાયરનો અવાજ સાંભળીને ગમે ત્યારે આસપાસના ખેડૂતો અહીં ધસી આવે તેમ હતા. હવે અહીં વધારે રોકાઈ શકાય નહિ. અભિએ ધાબળો પહોળો કર્યો એ સાથે પડછંદ કદના સુમરાએ તેની નીચે ગોદડા હેઠળ કણસતા માણસને બાથ ભરીને અભિએ ખોલેલા ધાબળામાં પટક્યો અને બીજા ધાબળાથી મુશ્કેટાટ બાંધી દીધો.

'દાદર ક્યાં છે?'

'આપણી બરાબર સીધમાં...' અભિએ એક હાથે સુમરાનો હાથ ઝાલ્યો. સુમરાએ પેલા માણસને બાંધેલું પોટલું ઝપ્પ કરતું ખભે નાંખ્યું અને ભરઅંધારે સપાટાભેર દાદર ઊતરીને બંને સડકની દિશામાં ભાગ્યા. હવે તેમણે વાડની ઓથ લેવાની જરૂર ન હતી એટલે માનસિંહ મહાલથી તીરછી દિશામાં ખેતરની વચ્ચે જ દોડીને તેઓ કાચી સડક પર પહોંચી ગયા. આગળ દોડતાં અભિને ખ્યાલ આવ્યો, સુમરાને જરાક હાંફ ચડતો હતો.

'લાવ, હું ઊંચકી લઉં...'

'ના, તું ઝડપથી આગળ જઈને ખાળિયામાંથી ગાડી કાઢ...'

અભિએ વેગીલી દોટ મૂકી રોડની નીચે ઉતારેલી ફોર્ડ બહાર કાઢી. એન્જિન રાઉસ થવાથી સૂમસામ સડકનો સન્નાટો ગાજી રહ્યો. સુમરાને આવતો જોઈને તેણે ગાડીની ડીકી ખોલી. સુમરાએ ધબ્બ કરતું પોટલું ડીકીમાં ઠાલવ્યું અને ઉપર બાંધેલા ધાબળાની ગાંઠ ફરતું ડિકીમાં પડેલું રાંઢવું મજબૂતીથી બાંધ્યું. બેય ગાડીમાં ગોઠવાયા એટલે અભિએ ગાડી મારી મૂકી. દસેક મિનિટ સુધી સુમરાની હાંફ બંધ ગાડીમાં સંભળાતી રહી. અભિ પણ અણધારી ઘટેલી આ ઘટનાઓના આઘાત તળે સ્તબ્ધ હતો. ક્યાંય સુધી બંને ચૂપચાપ બેઠા રહ્યા અને ગાડી રસ્તાની નીરવતાને હેડલાઇટના ઉજાસતીથી વિક્ષિપ્ત કરતી આગળ વધતી રહી. થોડોક હાંફ ઓસર્યા પછી સુમરાએ ગાડીના ડૅશબોર્ડ પરથી પાણીની બોટલ લીધી અને એકશ્વાસે ગટગટાવી ગયા પછી મોં લૂછ્યું.

'આ માણસ કોણ હોઈ શકે?' તેના ચહેરા પર વિમાસણ હતી.

'એ કોઈ પણ હોય... છે જોખમી એટલું નક્કી. અંધારિયા, ભેદી મહાલમાં એ બેધડક ઘૂસ્યો હોય, મીણબત્તી લઈને બાપના બંગલામાં ફરતો હોય તેમ આમતેમ ઘૂમતો હોય, તેની પાસે ગન પણ હોય અને બારણાનો જરાક અવાજ થાય ત્યાં એ ભડાકો પણ કરી નાંખતો હોય... વી શૂડ નો... આપણે જાણવું તો પડે જ એ કોણ છે?'

'એ રાજાવતનો શૂટર હોઈ શકે?'

'ભોંયતળિયે વિરમને રખાયો હોવાના કોઈ અણસાર ન હતા તો રાજાવતનો શૂટર ઉપરના મજલે શું કરતો હોય?' અભિના તર્કમાં વજૂદ તો હતું.

'પણ તેં ઉપરનો મજલો આખો ચેક કર્યો હતો ખરો?'

'ના, હું દાદર ચડીને જે પહેલો ઓરડો દેખાયો ત્યાં ઘૂસવા ગયો અને એ સાલાએ તરત મારા પર ફાયરિંગ કરી દીધું.'

'તો પછી વિરમ કદાચ ઉપરના મજલે ક્યાંક હોય પણ ખરો...' સુમરાના તર્કથી અભિ પણ વિચારમાં પડી

ગયો.

'જો એમ હોય તો આ રાજાવતનો અથવા તો દયાલ સાહાનો માણસ હોય...' સાહાના નામથી સુમરાને કંપારી છૂટી ગઈ.

'આપણે એને મારે ત્યાં નહિ લઈ જઈ શકીએ. એ સાહાનો માણસ હોય તો કદાચ મને ઓળખી પણ જાય. પછી એને જીવતો છોડીએ અને એ સાહાને કહી દે તો સાહો સાલો મને પાતાળમાંથી શોધીને ય ખતમ કરી દે.' સુમરા કશું કહી રહ્યો છે કે સ્વગત બબડી રહ્યો છે એ અભિમન્યુથી નક્કી નહોતું થઈ શકતું.

'એક મિનિટ, ગાડી ખડી કર...' સુમરાના અવાજમાં દૃઢ નિશ્ચયાત્મકતા હતી અને અભિના ચહેરા પર અવઢવ.

'કહું છું, ગાડી થોભાવ. એને આપણે ધાબળામાં બાંધેલી હાલતમાં જ ઢીબી નાંખીએ. એ કશુંક બોલે પછી જ આગળનો નિર્ણય લઈ શકાય.' સુમરો શું કરવા માંગે છે એ અભિને સમજાતું ન હતું. તોય તેણે ગાડી ધીમી પાડીને રસ્તાની બાજુ પર ઝાડી પાસે ઊભી રાખી દીધી.

'પણ ધારો કે એ થર્ડ ડિગ્રી પછી ય કશું ન બોલ્યો તો? મેં ઘણા રીઢા ગુનેગારોની સામે પોલીસની થર્ડ ડિગ્રીને લાચાર થતી જોઈ છે અને આ માણસ પણ...'

'તેં અભરામ સુમરાની થર્ડ ડિગ્રી હજુ ક્યાં જોઈ છે? સાલા, તારા જેવા પઠ્ઠાને ય કરેલાં અને કદી ન કરેલાં ગુના પણ દસ જ મિનિટમાં કબૂલ કરાવી દઉં.'

'પણ એ કહેશે એની ખરાઈ પણ કરવી પડશે ને? એ જે બોલશે એ સાચું જ હશે એવું માની તો ન લેવાય...'

'એની ફિકર ન કર. એ તો ઠીક, એનો બાપ પણ સાચું જ બોલશે...'

'ધારો કે એ વિરમનો જ માણસ હોય તો?' અભિમન્યુને હજુ ય એ માણસની આમ અંતરિયાળ પૂછપરછ કરવાનો આઇડિયા જચતો ન હતો.

'એમ તો એ ખુદ વિરમ પણ હોઈ શકે... તું યાર મારું માથું ન પકાવ... જા તેને ઊંચકીને લાવ એટલે મરમ્મત શરૂ કરીએ.' સુમરાએ મુઠ્ઠી વાળીને હાથના સ્નાયુ તંગ કર્યા એટલે અભિમન્યુ નાછૂટકે નીચે ઊતર્યો એ સાથે સુમરાએ બેલ્ટ સાથે બાંધેલા પાઉચમાંથી સિગાર કાઢી અને લાઇટરથી પેટાવી ઊંડો કસ લીધો. તેના ચહેરા પર હવે આર યા પારની કરડાકી સ્પષ્ટ વંચાતી હતી. ક્યારની તેને સિગારની તલબ લાગી હતી. તેણે એકસાથે ત્રણ-ચાર ઊંડા કસ ખેંચ્યા એ સાથે બંધ ગાડીની ભીતર મલબારી તમાકુની ગંધ ફરી વળી. તેણે બારીનો કાચ ખોલ્યો બરાબર એ જ ઘડીએ અભિમન્યુની ચીસ અંધારી રાતે સૂમસામ સડકના સન્નાટામાં ગુંજી ઊઠી...'સુમરાઆઆઆ...'

તેના ફાટી જતા અવાજમાં વર્તાતો ખોફ પારખીને સુમરો પિસ્તોલ ઝાલીને ઝપાટાભેર બહાર નીકળ્યો ત્યારે અભિના ડોળા અધ્ધર ચડી ગયા હતા અને ચહેરા પર જાણે ચળીતર જોયાનો ધ્રાસકો લપડાકની માફક વીંઝાયો હતો.

'શું છે ગધેડા? ચીસો શાની...' વાક્ય પૂરું થાય એ પહેલાં જ સુમરાની નજર ડીકી પર પડી. ડીકીનું ઢાંકણ ખુલ્લું હતું.

'ઓહ કમબખ્ત...' સુમરાના ખુરદુરા આંગળાં વચ્ચેથી સિગાર ફસકી પડી અને લીધેલા કસના ધુમાડાનો ગોટો છાતીમાં જ અટવાઈ પડ્યો.

'અંદર જો તો ખરો... કદાચ ડીકી વાસતાં આપણે ભૂલી ગયા હોઈએ. કદાચ...' સુમરો હજુ ય માની શકતો ન હતો. અભિએ કશું જ બોલ્યા વગર ડીકી ખોલી નાંખી. અંદર ધાબળા, રાંઢવું વેરવિખેર પડ્યાં હતાં અને તેની અંદર બાંધેલો આદમી કપૂરની ગોટીની માફક ક્યાંક હવામાં ઊડી ગયો હતો.

'તાજુબ...તાજુબ...' સુમરાએ આઘાતથી ગાડીના હૂડ પર માથું ટેકવી દીધું. પકડાયેલો માણસ આમ ચકમો દઈને છટકી જાય તેની નાલેશીનો આઘાત તેને લાગતો હતો.

બરાબર એ જ સમયે અભિમન્યુના બરડાની બરાબર વચ્ચે એક ઝુઝાર ધબ્બો ઝીંકાયો અને વળ ખાઈ ગયેલો અભિમન્યુ ચીસ સાથે બેવડો વળી ગયો. સુમરાએ તેની દિશામાં જોયું એ સાથે તેની તરફ પણ ગન તકાઈ ગઈ.

'હાથ ઊંચા કર ભડવા... નહિ તો આખું મૅગેઝિન તારા લમણામાં ઠોકી દઈશ...'

સુમરો હતપ્રભ ચહેરે તેની સામે જોઈ રહ્યો. ચહેરા પર ફરફરતા ખુલ્લા વાળમાંથી ત્રાટક કરતી તેની આંખો રાની પશુની માફક તગતગતી હતી અને નવીનક્કોર પિસ્તોલના નાળચા જેવા લિસ્સા ગાલ ચળકતા હતા. ધાબળાની જેમતેમ કપાયેલી ચીંદરડીઓ તેના જિન્સ અને ટોપ ફરતી જ્યાંત્યાં ચોંટી હતી. અંધારી, મેઘલી રાતે સૂમસામ સડકની વચ્ચોવચ ચમત્કાર નિહાળીને સુમરાના ચહેરા પર સ્મિત ફરકી ગયું.

પકડાયા પછી ય છટકીને હવે એમને જ પકડી રહેલી વંટોળિયા જેવી એ છોકરી રાવી જામવાલ હતી.

* * *

~

'તો, અબ ક્યા કરેંગે રાજાવત સરકાર, હમ્મ્મ્... ?'

દયાલ સાહાએ સોફાના હાથા પર મઢેલા કુશન પર આંગળાં થપથપાવતાં પૂછ્યું. તેનો અવાજ ગમ્મતિયો હતો પણ તેના ભાવમાં ભારોભાર વ્યંગ સમાયેલો હતો.

તેણે ખાનગી રીતે વિરમની કરેલી મરમ્મત વિશે ખંધો સાહા જાણી ચૂક્યો લાગે છે. પણ એ મરમ્મત પાછળના હેતુ વિશે તેને શંકા ગઈ હશે? રાજાવતના મગજમાં 'જો અને તો'નું ઘમસાણ મચ્યું હતું અને એકધારી તંગ મનોદશા વચ્ચે ચહેરા પર સતત ભોળપણ ઓઢી રાખવું તેને ફાવતું ન હતું.

'સર, આઈ થિન્ક...' રાજાવતે ચાપલૂસીભર્યો ઉત્સાહ બતાવતા અણિયાળા સવાલોનો થકવી નાંખતો દોર ટાળવા વાતને આડી ફંટાવવાની કોશિશ માંડી. 'રાજિયા હરામીને ખબર હોવી જોઈએ...'

'અચ્છા?' ડ્રિન્ક્સની ટ્રોલી ખસેડીને આવતી તાન્યાની ચુસ્ત મલપતી ગોરી જાંઘો ભણી લોલુપતાથી તાકતા સાહાએ પૂછ્યું, 'હરામીને એવી શું ખબર હોઈ શકે જે મારા હોનહાર, જાંબાઝ પુલિસ અફસરને ન હોય?!!'

'****' રાજાવતના મનમાં ગાળોની બૌછાર છૂટતી હતી. દયાલ સાહા રમતો-ભમતો આવીને સીધો જ હોમ મિનિસ્ટર બની ગયો ન હતો. તેણે પ્રયત્નપૂર્વક અવાજમાં વધુ ચાપલૂસી ઘોળી, 'સર, હરામીએ આપણને ભલે વિરમનું ઠેકાણું બતાવ્યું પણ હજુ ય કેટલીક વિગતો જે વિરમ બોલતો નથી એ કદાચ...'

ગ્લાસમાં રેડાતાં સ્કોચના ખળખળાટથી રાજાવતનું ધ્યાન તાન્યા ભણી દોરાયું અને તેણે બોલવા ધારેલા શબ્દો તાન્યાનાં ઘાટીલાં સ્તનોના ભરાવદાર ઉભાર પર જ લસરી પડ્યા.

'યસ માય ડિયર રાજાવત, યુ આર સપોઝડ ટૂ સે સમથિંગ...' રાજાવતની આંખોમાં વીંટળાતા સાપોલિયાં સાહાની નજરથી અછતાં રહી શકે તેમ ન હતાં પણ રાજાવતને ટટળાવવામાં તેને પાશવી આનંદ આવતો હતો. તેણે પોતાનો ગ્લાસ ઉઠાવ્યો અને તાન્યાને આગોશમાં લીધી.

'યસ સર, આઈ મીન ટૂ સે... આઈ મીન...'

એક શ્વાસે સ્કોચનો ગ્લાસ ખાલી કરીને સાહા ઊભો થયો.

'રાજ્યમાં જેટલી પણ દીવાદાંડી છે તેનું લિસ્ટ કઢાવ અને...' તેના અવાજમાં હવે કમાન્ડની ધાક સંભળાતી હતી. 'વિરમને તાત્કાલિક બીજે ક્યાંક શિફ્ટ કરી દે. જૂતાં લઈ ગયેલી એ છોકરીને તું કદાચ ઓળખતો નથી.'

'યસ સર, બટ...'રાજાવતને રીતસર ફડકો પેસી રહ્યો હતો. સાહો સાલો જેટલો ખંધો અને મીંઢો હતો એટલો જ કાબેલ હતો. 'બીજે એટલે ક્યાં? આઈ મીન કોઈ સજેશન...'

'તને ઠીક પડે ત્યાં...' સાહાની આંખોમાં વ્હિસ્કીનો ખુમાર વર્તાવા માંડ્યો હતો. તેણે તાન્યાની કમર ફરતી ભીંસ વધારી અને બેડરૂમની દિશામાં ખેંચી. બે ડગલાં આગળ વધીને તે અટક્યો. ડોક ઘુમાવીને કહ્યું, 'આઈ રિપીટ, તને ઠીક પડે ત્યાં...' અને પછી આંખ મિચકારી, 'મારા બેડરૂમ સિવાય...'

લીમડાના કદાવર થડ ફરતી વીંટળાયેલી ગલકાની વેલ જેવી તાન્યાને બાથમાં લઈને તેણે દરવાજો બંધ કર્યો ત્યારે રાજાવતના રૂંવેરૂંવે ઝાળ ઊપડી હતી.

*

અંધારી સડક પર ટૅબ્લો બરાબર જામ્યો હતો.

સડકની ધાર પર ગાડીને અઢેલીને ઊભેલો અભરામ સુમરા, ગાડીની ડીકીથી બે ફૂટ દૂર જમીન પર ગોઠણિયાભેર ફસકાઈને કણસી રહેલો અભિમન્યુ અને તેની બરાબર પાછળ ઊભેલી રાવી. બંને હાથ હડપચીની સીધમાં લાવીને તેણે સુમરાની દિશામાં પિસ્તોલ તાકી હતી. સુમરો જરાક પણ હલે તો ગોળી તેના કપાળમાં ઊતરી જાય તેમ હતી અને અભિમન્યુ સહેજ ઊંચો થાય તો રાવી તેની પીઠ પર કિક ઠોકી શકે તેમ હતી. વિરમે આ દૃશ્ય જોયું હોત તો વીજળીની ત્વરાથી સુપીરિયર પોઝિશન લઈ લેવાની રાવીની ક્ષમતા પર વધુ એક વાર આફરીન થઈ ગયો હોત. સચોટ નિશાન વીંધવા કરતાં સચોટ નિશાન તાકવું વધારે અગત્યનું છે એવું વિરમ હંમેશાં માનતો અને એટલે જ એ રાવીને કહેતો, 'યુ આર ગોડ ગિફ્ટેડ.' જવાબમાં રાવી ય ખભા ઉછાળીને કહી દેતી, 'ગોડ ઓલ્વેઝ ગિફ્ટ્સ ઓન્લી ધોઝ હુ ક્રાફ્ટ ધેમસેલ્વ એઝ ધેર વિલ.' સંજોગોને અતિક્રમીને પોતાની ઈચ્છા મુજબ જાતને તરાશવી એ રાવીની કાયમની હઠ હતી અને એ હઠ પોષવા માટે અનેક વખત તે અકલ્પ્ય ઊંબાડિયામાં હાથ નાંખી ચૂકી હતી.

ગન તાકીને ઊભેલી એ છોકરી રાવી જામવાલ છે તેની ખબર પડ્યા પછી સુમરાએ સ્મિતભેર હાથ ઊંચા કરી દીધા હતા. જમીનસરસા ઝૂકીને કણસી રહેલો અભિમન્યુ હજુ ય કશું સમજી શકતો ન હતો. એ અભિને વધુ બે-ચાર ચોંપ ઠોકે એ પહેલાં તે બોલ્યો હતો, 'બંદૂક ન ચલાવીશ, રાવી...'

સામે ઊભેલી વ્યક્તિના મોંએ પોતાનું નામ સાંભળીને રાવી ચોંકી હતી અને બેવડો વળી ગયેલો અભિમન્યુ પણ. ઓહ... એક જ ઘુસ્તામાં તેને પાડી દેનાર રાવી હતી? એક છોકરીના હાથે પરાસ્ત થવાથી શરમાવું કે આખરે રાવીનો ભેટો થયો તેનાંથી ખુશ થવું? અભિ નક્કી નહોતો કરી શકતો. સુમરાનો અવાજ સાંભળીને રાવીને અનુભવાતી અવઢવ હજુ કશો જવાબ મેળવે એ પહેલાં સુમરાએ ઓળખાણ આપી દીધી હતી. 'હું અભરામ... અભરામ સુમરા...'

રાવીના ચહેરા પર ભરઅંધારે આશ્ચર્યનું અજવાળું ઝબકી ગયું હતું. ત્યાર બાદ હથિયારો હેઠાં મૂકાયાં હતાં. બંને વચ્ચે મીઠી રકઝક થઈ હતી આખરે ચંદ મિનિટો પછી કાફલો સુમરાની ફોર્ડમાં રવાના થયો હતો. સુમરાએ ઝડપભેર નિર્ણય લઈ લીધો હતો. હવે પોતાની સાથે રાવીને પણ છુપાવવી પડે તેમ હતી. શહેરમાં પ્રવેશીને તેણે ડાબી બાજુ મટિયાવાડની દિશામાં ગાડી વાળી ત્યારે ભળભાંખળું થઈ રહ્યું હતું.

મટિયાવાડ, બંગાળથી આવી વસેલા કુંભારોની એ વસ્તી અભરામ સુમરાનું એક એવું આશ્રયસ્થાન હતું જેના વિશે તેના અંગત વિશ્વાસુ ઇન્તાઝને ય ખબર ન હતી. મટિયાવાડ એ તેની જિંદગીનું એક એવું પ્રકરણ હતું, જેના વિશે કોઈની હાજરીમાં સુમરો વિચારવાનું સુધ્ધાં ટાળતો હતો.

—પણ આજે એ વગર આરો ન હતો.

*

અભિએ જે પહેલી ખુરશી દેખાઈ તેના પર રીતસર પડતું મૂક્યું. પૅન્ટના નેફામાં ખોસેલી ગન આદતના

અભાવે તેને ક્યારની ખૂંચતી હતી. તેણે રિવોલ્વર કાઢીને બારીની પાળી પર હાથ લંબાવીને બેદરકારીપૂર્વક મૂકી દીધી. ખુરશીના ઘસાયેલા રેક્ઝિનમાં તેની પીઠને ચેન પડતું ન હતું. તેના બરડામાં હજુ ય ઝીણી ઝીણી તમતમાટી સાથે સણકા ઊપડતા હતા. કોઈ ફક્ત એક ધબ્બામાં તેને બઠ્ઠો પાડી દે એ આઘાત તેના ચહેરા પરથી હજુ ય ઓસર્યો ન હતો. 'સાલીના હાથની જગ્યાએ હથોડા ફિટ કર્યા છે...' મનોમન બબડીને તેણે રાવીની સામે જોયું. તાજી કોલેજમાંથી બહાર નીકળી હોય એવો માસૂમ, લંબગોળ, અણિયાળો ચહેરો. લખોટીની જેમ ચળકતી કથ્થાઈ આંખો, માંડ ગરદન સુધી પહોંચતા લિસ્સા, સીધા વાળ, હાઇટના પ્રમાણમાં ભરાવદાર લાગે તેવો બાંધો. તેનું બ્લૂ જિન્સ ઢીંચણ અને ઢગરા પાસેથી માટી અને ધૂળથી ખરડાયેલું હતું. ડાર્ક ગ્રે કલરના તેના ટોપ પર પીળા રંગના ચૂનાનાં ધાબાં હતાં. તેના ડાબા લમણે ઊપસી રહેલાં ઢીમણાં પર લોહી જામી રહ્યું હતું. અભિ તેને એકીટશે નીરખી રહ્યો છે તેનો ખ્યાલ આવતાં જ તેણે છૂરીની ધાર જેવી તીક્ષ્ણ નજરે અભિની સામે ત્રાટક કર્યું.

'માય ગોડ...' અભિએ પરાણે નજર ઝુકાવી દીધી પણ રાવીની આંખોમાં ઉપરછલ્લી વરસતી આગની ભીતરમાં તેને એક અલ્લડ છોકરીની બિન્ધાસ્તી વર્તાતી હતી. રાવીની આંખમાં ઝનૂન વધારે હતું કે કામણ? ભરી પિસ્તોલે સૂમસામ વગડામાં ઘૂમતી આ બેખોફ છોકરી... અભિની પત્રકારસહજ ઉત્સુકતામાં હવે પુરુષસહજ અચરજ પણ ભળી રહ્યું હતું.

રસ્તામાં સુમરાએ અભિનો અછડતો પરિચય અને માનસિંહ મહાલમાં આવવાનો એ બંનેનો હેતુ ટૂંકમાં કહી દીધો હતો. એ પછી ય રાવીની આંખોમાં અવિશ્વાસની સતર્કતા હજુ યથાવત્ હતી. ડાબા હાથમાં ઝાલેલી પિસ્તોલ પરની ગ્રિપ તે સહેજપણ ઢીલી મૂકતી ન હતી અને નજર ફેરવે એ દિશામાં ગન પકડેલો તેનો હાથ આપોઆપ ઘૂમતો હતો. બહાર અજવાળું થઈ રહ્યું હતું. સુમરાએ ખૂણામાં પડેલી બે ખાટ ઢાળી દીધી હતી અને ક્યાંકથી ગોદડું ખંખેરીને તેના પર પાથરી દીધું હતું.

'આનાથી સલામત જગ્યા મારા માટે આખા હિન્દુસ્તાનમાં બીજી એકે ય નથી. આરામથી ઊંઘ કરી લઈએ. બપોરે જમ્યા પછી કશુંક પ્લાન કરશું.'

ઓશીકા હેઠે પિસ્તોલ દાબીને સુમરો આડો પડ્યો હતો અને ગણતરીની મિનિટોમાં તેનાં નસકોરાં બોલવાં માંડ્યાં હતાં.

રાવીએ બીજી ખાટ પર અધૂકડા બેસીને ખભે બાંધેલી કિટ છોડી હતી. અભિ તેને ત્રાંસી આંખે પણ બારીકીથી જોઈ રહ્યો હતો. એક-બે વાર તેણે અણગમાથી અભિની સામે જોયું પણ અભિ બેશરમીથી તેને તાકી રહ્યો એટલે તે છંછેડાઈ ગઈ. 'એઈ યુ જર્નો, માઇન્ડ યોર વર્ક. ડોન્ટ સ્ટેર...'

'ઇન્સ્ટેડ ઓફ સ્ટેરિંગ યુ, ઈઝ ધેર એનીથીંગ હિઅર ટૂ કિપ માઇન્ડ ધેર?' આ તો યાર, વડચકાં ભરવા સિવાય બીજું કંઈ જાણતી જ નથી. અકળાયેલો અભિ પણ હવે સ્ત્રી-દાક્ષિણ્ય કે સૌજન્ય નેવે મૂકી ચૂક્યો હતો.

'આ તું નહિ, તારી પીઠમાં વાગતા સબાકા બોલી રહ્યા છે.' રાવીએ ગુમાનભેર હોઠ મરડીને કહ્યું.

'માય ફૂટ...' અભિના ચહેરા પર માર ખાધા પછીની નાલેશીનો અણસાર વર્તાતો હતો. 'અંધારામાં એમ કોઈ ઓચિંતો ફટકો મારે તો શોક તો લાગે જ ને!'

'બહુ સારું. નેક્સ્ટ ટાઇમ તને ધોકાવતાં પહેલાં ઇન્વિટેશન કાર્ડ મોકલીશ!' રાવીના હાસ્યમાં ગુસ્તાખી પારખીને અભિ ખાસિયાણો પડી ગયો.

'માઇન્ડ વેલ, હું તમારા બંને જેવો ક્રિમિનલ નથી.'

'બેટર યુ માઇન્ડ વેલ, અમે બેમાંથી કોઈ ક્રિમિનલ નથી.'

'અચ્છા? તો શું તમે ગાંધીજીના અંતેવાસી છો? ભૂદાનયજ્ઞમાં નીકળેલા વિનોબા ભાવેના કાર્યકર છો?' ચબરાક રિપોર્ટર તરીકે અભિ સૂંઘી ચૂક્યો હતો કે આ માતેલી છોકરીને બોલતી કરવી હશે તો તેને છંછેડીને હાવી થવા દેવી પડશે. 'ઓહ યસ...' એ ઉપહાસપૂર્વક ગંદું હસ્યો. 'મને સુમરાએ કહ્યું હતું. તમે તો ક્રાંતિકારી છો. દેશ બદલવા નીકળ્યાં છો તમે. રંગ દે બસંતી...હાહાહાહા...' તેણે ઘોરી રહેલા સુમરા ભણી આંગળી ચીંધી. 'વાતવાતમાં ગોળી છોડતો આ ગુંડો અશફાકઉલ્લા ખાન, સેંકડો કબાડામાં સંડોવાયેલો તમારો વિરમ ચંદ્રશેખર આઝાદ...' તેણે સહેજ મોટેથી ખડખડાટ હાસ્ય વેર્યું, 'અને તું કોણ છે? જ્હોન ઓફ આર્ક કે ઝાંસીની રા...'

પોતાના ઠહાકામાં મસ્ત અભિ વાક્ય પૂરું કરે એ પહેલાં ખાટ પરથી છલાંગ લગાવીને રાવી એક જ લાંઘમાં તેના ભણી ધસી હતી અને આંખના પલકારે અભિનો જમણો હાથ કાંડામાંથી પીઠ પાછળ મરડીને તેને પંજા પર ઊભો કરી દીધો હતો.

બાસ્ટર્ડ, અમે કોણ છીએ એ બોલવાની તારી ઓકાત નથી. હું કે વિરમ જે હોઈએ એ, પણ તમે સાલા જેને દેશભક્ત માનો છો એ કોણ છે એ જાણ્યું કદી? પત્રકારનું પૂછડું થઈને ફરે છે પણ તેમની અસલિયત ઓળખી કદી? તારા છાપામાં તેમના વિશે એક લફ્ઝ લખવાની તાકાત બતાવી છે ક્યારેય?' તેણે દાંત ભીંસીને કહ્યું. તેના રેશમી વાળ ચહેરા પર ધસી આવ્યા હતા. આંજણથી ઘેરાયેલી કથ્થાઈ આંખોમાં લોહી તરી આવ્યું હતું અને ઉશ્કેરાટમાં તેની ભરાવદાર છાતી તંગ ટોપ હેઠળ હાંફી રહી હતી.

'ઓહ નો... છોડ મારો હાથ...' અભિએ સ્થળ-કાળનું ભાન ભૂલીને ચીસ નાંખી દીધી હતી અને ઘસઘસાટ ઊંઘી ગયેલો સુમરો ય ઓશીકા હેઠળથી ગન કાઢીને સફાળો બેઠો થઈ ગયો હતો.

પંજા પર ઊંચકાઈને કમરમાંથી પાછળની તરફ ઝૂકી રહેલા અભિના ચહેરા પર દર્દ હતું અને રાવી ખુન્નસભેર તેનો હાથ મરડી રહી હતી.

'શું નાટક છે આ બધું?' કાચી નીંદરમાંથી ઝબકીને જાગી ગયેલા સુમરાએ તીવ્ર અણગમાથી કહ્યું.

'આ તારા લહિયાને કહે, જીભડી કાબૂમાં રાખે. કપાળની બરાબર વચ્ચે ઠોકી દઈશ સાલાને...' રાવીએ અભિનો હાથ છોડ્યા વગર જવાબ વાળ્યો.

'બેવકૂફી બંધ કર... હાથ છોડ તેનો...' સુમરો અકળાઈને ખાટમાંથી ઊભો થવા ગયો એટલે રાવીએ અભિનો હાથ છોડી દીધો. અભિ ખભો દબાવતો ફરીથી ખુરશીમાં ફસકાઈ પડ્યો. તેના ચહેરા પર દર્દના ભાવ હતા પણ મનમાં તે પોરસાઈ રહ્યો હતો. આખરે આ વાઘણ જેવી છોકરીનું મોં ખોલવાની ચાવી તેને મળી ગઈ હતી.

'સુમરા, તારી આ પોટ્ટીને સમજાવી દેજે. હવે જો તેણે મારા પર હાથ ઉગામ્યો છે તો હું ય...'

'શું કરી લઈશ તું?' રાવી ફરીથી એક ડગલું આગળ ધસી આવી.

'બસ... બસ...' સુમરો બંનેની વચ્ચે આવીને ઊંચા અવાજે તાડૂક્યો, 'કોઈ નોનસેન્સ ન જોઈએ મારે. કાન ખોલીને સાંભળી લો તમે બંને... કોઈ જ માથાકૂટ ન જોઈએ.' સુમરાની ઉગ્રતા જોઈને રાવી પણ જરાક

ખચકાઈ ગઈ. 'આપણે ત્રણે ય એકબીજાની જરૂરિયાત છીએ એ સમજો.' તે રાવી તરફ ફર્યો અને રોષભેર કહ્યું, '—અને ગન ચલાવતાં તને એકલીને જ આવડે છે, એમ? આ રાજાવત, આ દયાલ સાહા... તને ભાન તો છે ને તું કોની સામે બાથ ભીડવા નીકળી છે? વિરમનો ક્યાંય પત્તો નથી અને તું એકલી અંધારામાં આથડે છે...'

રાવીના નાજુક, સાંવરા ચહેરા પર અસમંજસના ભાવ હતા. સુમરો કહી રહ્યો હતો એ સાચું જ હતું, પણ એ સ્વીકારવું કે નહિ, સુમરાનો ભરોસો કરવો કે નહિ તેની તેને હજુ ગડ સૂઝતી ન હતી. તેણે મોં ફેરવી લીધું.

'બરાબર સમજી લે, તારા એકલાથી એક તણખલું પણ હલવાનું નથી. વગર ફોકટના પાંચ-પચીસ ભડાકા તું કરીશ અને છેવટે માનસિંહ મહાલ જેવા કોઈક અગોચર ઠેકાણે ફૂંકાઈ મરીશ.'

'—અને તું સાલા...' સુમરાએ હવે અભિને ય અડફેટે લઈ લીધો. 'હાથમાં રિવોલ્વર આવી ત્યાં ભાદરવાના ભીંડાની જેમ ફુલાતો શેનો ફરે છે? સામેથી ફાયર થાય ત્યારે કેવું પાટલૂન પલળી જાય એ હમણાં જ જોયુંને તેં? મેં તને કહ્યું છે કે આ છોકરી ઝાળ જેવી છે એને વતાવવામાં સાર નથી.'

એકધારું બોલીને સુમરો ખાટ પર બેઠો. મટિયાવાડની ગીચોગીચ વસાહતથી છવાયેલા આ ઓરડામાં ઘડીક ચુપકીદી છવાઈ ગઈ.

'તમે એ સ્વીકારી લો, આપણે કોઈ મામા-માસીના દીકરા નથી, પણ એકબીજાની જરૂરિયાત છીએ...' સુમરાએ દઢતાપૂર્વક કહ્યું. 'રાવી, તારે વિરમને શોધવો છે. તારા એકલાથી એ બની શકે તેમ નથી. એ માટે તારે મારા પર વિશ્વાસ મૂકવો જ રહ્યો અને આ અભિમન્યુને સત્યનો તાગ મેળવવામાં રસ છે. એ આપણા બે વગર તેના માટે શક્ય નથી. અભિમન્યુની આપણને બંનેને જરૂર છે, કારણ કે એ ગમે ત્યાં છૂટથી હરીફરી શકશે. રાજાવતને કે દયાલ સાહાને ય રૂબરૂ મળી આવશે...'

'વેલ, પણ સુમરા... તારો રસ શું છે એ તું હજુ બોલ્યો નથી...' રાવીની આંખોમાંથી ભોંકાતી સવાલની અણી અભિમન્યુ જોઈ રહ્યો.

'મારો રસ...' સુમરાએ ચહેરા પર ખંધા સ્મિત સાથે આળસ મરડી અને કમરથી નીચે ઊતરી જતું જિન્સ કસ્યું. 'વિરમે ભલે મને પડતો મૂક્યો હોય, પણ મને વિરમ પ્રત્યે હજુ ય લાગણી અને આદર છે. અને બીજું...' સુમરાએ એવી જ ધારદાર નજરે રાવીની આંખમાં આંખ પરોવી. 'કરોડો રૂપિયાના દલ્લાની વાયકામાં ય મને રસ તો ખરો જ ને!'

અભિમન્યુને આ સુમરો મહાખેપાની અને ભેદી લાગતો હતો અને તે માન્યતા સતત મજબૂત બનતી જતી હતી. ચોંકી ઊઠેલી રાવીએ ઘડીએ જાણે કશું સાંભળ્યું નથી એમ ખાટ પર મૂકેલી કિટ ખોલ-બંધ કરવાનો ડોળ કરી રહી હતી.

'આરામથી ઊંઘી જાવ. ઊઠીને નક્કી કરીએ કે બધાને ડીલ મંજૂર છે કે નહિ...' સુમરાએ માથા પર ગમછો ઢાંક્યો, મોટા અવાજે બગાસું ખાધું અને પડખું ફરી ગયો.

લાકડાની જુનવાણી ઢબની આરામ ખુરશીમાં સેટ થવા મથતો અભિમન્યુ ઊભો થયો. બારી પાસેથી ખુરશી ખસેડીને તેણે રાવીની ખાટથી ઊંધી દિશાએ મૂકી અને પગ ટેકવવા ઓરડામાં પડેલી પતરાની બે મોટી પેટી ગોઠવીને રાવીની દિશામાં જોયું. એ જાણે લગ્નનું આણું પાથરી રહી હોય તેમ ખાટ પર તેની કિટનો સરંજામ

પાથરીને ફરીથી ગોઠવી રહી હતી.

'આઈ એમ સોરી...' અભિએ હળવા સ્મિત સાથે કહ્યું. જવાબમાં રાવી રોષભેર તેની સામે તાકી રહી. ચળકતી, મોટી ભાવવાહી આંખોના ઊંડાણમાં ઝકઝોરી નાંખતું કશુંક... એ શું હતું? તેણે રાવીએ પાથરેલા અસબાબ ભણી નજર દોડાવી. એક ઘાટીલી, છરહરી, તંગબદન છોકરીના પર્સમાં હોવું જોઈએ એમાંનું કશું જ અહીં ન હતું. રોડ એટલાસની બુક, પેન્સિલ, નાનકડી ટોર્ચ, કાજુ-બદામનાં નાનકડાં ત્રણ-ચાર પૅકેટ, બૅરેટા પિસ્તોલ, આઠ-દસ મૅગેઝિન્સ, બે છૂરી, પગમાં ખોસવાનો ટારઝન છાપ જમૈયો, જેના વડે તે વજનદાર રાંઢવું કાપીને ધાબળામાંથી છૂટી ગઈ હતી અને સ્પેનિશ નાઇફ વડે ફોર્ડની ડીકીનો નકૂચો મરડીને બહાર છટકી ગઈ હતી. ચહેરા પર પથરાયેલા વાળ આડેથી દેખાતા એ ભારાડી છોકરીના ચહેરાને અભિ મંત્રમુગ્ધપણે જોઈ રહ્યો. એ સમયે જો તેણે રોડ એટલાસના ખુલ્લા પાનામાંથી દેખાતા નકશા ભણી નજર કરી હોત તો જરૂર તેનું ધ્યાન ખેંચાયું હોત. એમાં દેખાતા નકશામાં રાવીએ ત્રણ-ચાર જગ્યાએ માર્કિંગ કર્યું હતું. એ ત્રણે ય જગ્યા દરિયાકાંઠાની હતી અને એ ત્રણે ય જગ્યાએ દીવાદાંડી હતી.

દીવાદાંડી યાને લાઇટહાઉસ.

* * *

~

મધરાતે જંપી ગયેલી બગીખાના ચોકીનો સૂમસામ સન્નાટો અચાનક મોબાઇલની રિંગથી ચોંકી ઊઠ્યો. ખુરશીના ડાબા ખૂણે ડોક ઢાળીને ઘસઘસાટ ઊંઘી રહેલા કાસમે અધબિડાયેલી આંખે પૅન્ટના ખિસ્સાંમાંથી મોબાઇલ કાઢ્યો અને ઊંઘરેટા અવાજે કહ્યું, ‘હેલ્લો...’

‘જાપ્તો સાબદો કર. બદલો કરવાનો છે. અમે આવીએ છીએ.’ સામા છેડેથી જાફરે બે જ વાક્યમાં વાત પૂરી કરી દીધી.

મંજાયેલા પોલીસકર્મીની એ રીઢી તાસીર હતી. ઓછામાં ઓછા શબ્દોમાં કામ ચલાવો અને કોઈનો પણ વિશ્વાસ ન કરો એ રાજાવતની મોડસ ઓપરેન્ડીનો પાયો તેના વિશ્વાસુ માણસોએ પણ બરાબર પચાવ્યો હતો. કાસમે ઊંઘરેટી આંખોમાંથી ઘેન ખંખેર્યું. ખુરશી પર એકધારું ટૂંટિયું વળીને અકડાઈ ગયેલું શરીર તંગ કર્યું અને કાચી ઊંઘની તંદ્રાને ઝાટકો માર્યો. ટેબલના ખાનામાંથી ટોર્ચ કાઢીને તે લોકઅપ તરફ ગયો અને કટાઈ ગયેલા લોખંડના સળિયા વચ્ચેથી તેણે ટોર્ચનું અજવાળું ફેંક્યું. એક પણ બારી વગરની અંધારી, ભેંકાર, ગંધાતી ઓરડીની બરાબર વચ્ચોવચ ભોંય પર વિરમ ઊંધેકાંધ પડ્યો હતો.

અધમૂઆ થઈને લગભગ બેશુદ્ધ હાલતમાં જંપી ગયેલા વિરમનો પહોળો બરડો શ્વાસોચ્છ્વાસથી ઊંચકાતો કાસમ ઘડીભર જોઈ રહ્યો. રાજાવતે કેટલી બેરહમીથી ભીંત સાથે તેનું માથું વારંવાર અફળાવ્યું હતું એ કાસમે નજરે જોયું હતું. ગુનેગારોનું ટોર્ચરિંગ જોવાની અને કરવાની કાસમને કોઈ નવાઈ ન હતી, પણ વિરમ કોઈ રેલવે સ્ટેશન પરથી ઉઠાવેલો મામૂલી ખિસ્સાકાતરુ ન હતો. એમ છતાં ય રાજાવતના હુકમથી કાસમ પણ પ્રેમજીની સાથે વિરમની સરભરામાં જોડાયો હતો. તેમણે બેઉએ વિરમને પીઠ પાછળથી ભીંસી રાખ્યો હતો અને રાજાવતે હાથમાં જાડા રબ્બરની મૂઠ પહેરીને વિરમને ધમાર્યો હતો. રબ્બરની મૂઠ પહેરીને ઘુસ્તા મારવાથી માર બેવડાય અને તેમ છતાં શરીર પર નિશાન ન પડે. લાકડીને બદલે લીલી શેરડીના સાંઠાથી ગુનેગારને ધોકાવ્યો હોય તો બીજે દિવસે કોર્ટમાં હાજર કરાય ત્યારે એ ચકામાં બતાવીને ફરિયાદ ન કરી શકે. પોલીસખાતાની આ બધી પરંપરાગત તરકીબોમાં રાજાવતે કેટલોક મૌલિક ઉમેરો પણ કર્યો હતો. પણ વિરમની ધરપકડ હજુ સાહેબે ક્યાંય કેમ બતાવી નથી? કાસમ હુકમ ઉઠાવનારો એટલો ચુસ્ત જણ હતો કે તે પોતાના મનમાં ય આવા સવાલને ઊભા ન થવા દેતો. ઓર્ડર એટલે ઓર્ડર, એમાં સામે સવાલ નહિ કરવાનો. ના, મનોમન પણ નહિ.

—અને હવે જાપ્તો સાબદો કરવાનો ઓર્ડર હતો. મતલબ કે વિરમને ઉઠાડવાનો હતો કે પોતે તૈયાર થઈને રાહ જોવાની હતી? ગડમથલમાં અટવાયેલો કાસમ ઘડીભર લોકઅપના સળિયાને અઢેલીને ઊભો રહ્યો. વિરમ ઊંઘી ગયો હતો કે બેહોશ હતો? પોતે ધારો કે તેને ઉઠાડે અને એ કંઈક સવાલ કરે તો? જેની ગાડી નીકળે તો ય પોતે રોડ પર ઊભા રહીને ટટ્ટાર શરીરે સલામી આપી હોય એ જ ઉપરી અધિકારીને પૂરીને માર્યા પછી તેની આંખમાં કેમ જોઈ શકાય? વિરમની પડછંદ કદકાઠી અને નક્કર સીસા જેવા સ્નાયુઓ જોતાં આટલા માર પછી ય ધારો કે તે કાસમને ભીડવી દે તો? કલ્પનામાત્રથી કાસમના શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ ગયું. ના... ના... એવું જોખમ ન લેવાય. નિર્ણય પર આવેલા કાસમના શરીરમાંથી કાચી ઊંઘની સુસ્તી હવે ગાયબ થઈ ચૂકી હતી. પરસાળની બહાર ઓટલા પર રાખેલા માટલામાંથી તેણે પાણી ભર્યું અને છાલક મારીને મોં ધોયું. બરાબર એ જ વખતે રાજાવતની ગાડી મુખ્ય રસ્તાથી બગીખાનાની કાચી સડક તરફ વળી રહી હતી.

'ઉઠાડ પેલા ભડવાને...' ગાડીમાંથી છલાંગભેર ઊતરતાંવેંત હાથ લંબાવીને રાજાવત તાડૂક્યો હતો. પાછળના દરવાજેથી ઊતરેલા પ્રેમજી અને જાફરના ચહેરા પરની તંગદિલી જોઈને કાસમ કળી ગયો હતો કે મામલો કશોક ગંભીર છે. રાજાવતે અણગમાથી લાકડાની જૂની, ગંદી ખુરશી તરફ નજર નાંખી અને પછી ટેબલની ધારને અઢેલીને સિગારેટ જલાવી. દયાલ સાહાએ તેને ઠંડાગાર ડામ આપ્યા હતા તેનો દઝારો રાજાવતને ભડકાવી ચૂક્યો હતો. સાહાએ તેને ગાળો દીધી હોત કે બે લાફા વળગાડી દીધા હોત તો ય રીઢા રાજાવતને ઓછું અપમાનજનક લાગ્યું હોત. તેને બદલે સાલાએ ક્લોરોફોર્મમાં નવડાવીને પછી રૂંવેરૂંવે ભાલા ભોંક્યા હતા.

હજુ ય તેને લાઇટહાઉસનો મામલો ગળે ઊતરતો ન હતો. બૂટ પાછળ સંદેશો લખીને વિરમ લાઇટહાઉસમાં મોકલે, કોઈક છોકરી એ બૂટ મેળવી લે અને એ બૂટ પાછળ પણ લખેલું હોય, 'લાઇટહાઉસમાં જા...!!' લાઇટહાઉસ તો ચોક્કસ જ કોઈક બીજી જ જગ્યા હોઈ શકે પણ બીજી એટલે કઈ? બૂટ લઈ જનારી એ છોકરી કોણ હતી? તેને કેવી રીતે ખબર પડી કે ગમે ત્યારે હોટેલ લાઇટહાઉસમાં વિરમનો સંદેશો આવશે? બગીખાના પહોંચતાં સુધીમાં આખા રસ્તે રાજાવતે બ્લૅકબેરીના મેમોપેડમાં શક્યતાઓનું ચેકલિસ્ટ તૈયાર કરી નાંખ્યું હતું.

સૌથી પહેલાં તો હોટેલ લાઇટહાઉસના માલિક અને મૅનેજરને ઊંચકી લેવાના છે. એમની પાસેથી વિરમનું કનેક્શન અને પેલી છોકરીનો ચહેરો ઓળખવો પડશે. પછી છોકરીને ય દબોચવી જ રહી. એ જો પકડાઈ ગઈ તો લાઇટહાઉસનો ભેદ પણ ઉકેલાઈ શકે છે. પણ લાઇટહાઉસની શક્યતા વિશે સાહાને કશીક ખબર હોય અને એ સાલો મને ઊંધા રવાડે ચડાવતો હોય તેમ બની શકે? રાજાવતે મેમોપેડમાં એ શક્યતા લખીને અન્ડરલાઈન કરી. તેણે સાહાનુંએ વાક્ય બરાબર નોંધ્યું હતું, 'તું એ છોકરીને ઓળખતો નથી' મતલબ કે સાહા તેને ઓળખે છે? તો એ સાલો મને આમતેમ ભેખડે ભરાવવાને બદલે સીધો રસ્તો કેમ નથી ચીંધતો? કે પછી એ રસ્તે જોખમ ભરપૂર છે અથવા તો તેને પોતાની પ્રતિષ્ઠા ખરડાવાનો ડર છે એટલે મને આગળ ધરી રહ્યો છે? ઓહ્‌હ્‌... તો કાલે ઊઠીને કદાચ મારા હાલ પણ વિરમ જેવા થાય ને! બાળપણમાં તેની મા ઘરના ઓટલે ચોકઠું દોરીને શૂન્ય-ચોકડી રમવા રાજાવતને ધરાર બેસાડતી, પણ તેને એમાં જબરો કંટાળો આવતો. એકધારું મગજ કસીને એ થાકી જાય એટલે ગુસ્સે થઈને કૂકરીઓ ઉછાળીને ચોકઠું ભૂંસીને નાસી જતો. આજે પણ કોયડાઓ વચ્ચે અટવાઈને તેના અણુએ અણુમાંથી 'તોડી નાંખું... ભાંગી નાંખું' પ્રકારના પોકારો થવા માંડ્યા હતા. સાહા કંઈક ગેઇમ રમી રહ્યો હોય તો પણ હુકમનો એક્કો વિરમ તેના કબજામાં હતો. હવે ગમે તેમ કરીને તેનું મોં ખોલાવવું જ રહ્યું.

'સાહેબ...' જાફરે તેનાથી સહેજ દૂર રહીને ધીમેકથી કહ્યું એટલે રાજાવતના મગજનું ઘમસાણ અટક્યું. 'સાહેબ, એ હજુ ય બેહોશ છે અને...' જાફર જે રીતે અટકી-અટકીને બોલી રહ્યો હતો એથી રાજાવતની આંખોમાં ગુસ્સો તરી આવ્યો. '...તેના બંને કાનમાંથી લોહી નીકળી રહ્યું છે.'

થર્ડ ડિગ્રીનો ઉસૂલ હતો. આરોપીને કોઈ પણ પ્રકારે લોહી નીકળવું ન જોઈએ અને ઢોરમાર માર્યા પછી આરોપીને બે કલાક સુધી પાણી નહિ આપવાનું. લોહી નીકળે તો એ પુરાવો બની જાય અને ભય, માર, તણાવ હેઠળ શ્વસનતંત્ર બેકાબૂ હોય ત્યારે ખૂબ પાણી પીવાથી પણ હાર્ટએટેક આવી શકે. રાજાવતનો ગુસ્સો બેફામ હતો. એ મારવા બેસે ત્યારે તેને ભાન ન રહેતું. એટલે કસ્ટોડિયલ ડેથની સ્થિતિ ટાળવા તે મેડિકો-લિગલ એડવાઇઝનો હંમેશાં બરાબર ખ્યાલ રાખતો. પણ વિરમના કિસ્સામાં તે સાચે જ બેકાબૂ બની બેઠો હતો એ યાદ કરીને રાજાવતના ચહેરા પર તણાવનો ઝબકારો થઈ ગયો. તે વિરમને સવાલો પૂછતો હતો અને એ

સાલો તેની હાંસી ઉડાવતો હતો ત્યારે તેણે ભયાનક ગુસ્સામાં વિરમનું માથું ભીંત સાથે અફળાવ્યું હતું. એ પછી તેણે વિરમને પૂછ્યું હતું કે, 'તારું અને સાહાનું શું બખડજંતર છે?' ત્યારે સાલાએ સીધો જવાબ આપવાને બદલે ખડખડાટ હસીને કહ્યું હતું, 'તારી માને પૂછ, તને પેદા કરવા માટે તેણે કોની સાથે બખડજંતર કર્યું હતું!'

—અને પછી ભભૂકી ઊઠેલા રાજાવતે તેના દીવાલસરસા ટેકવેલા માથા પર લાતો મારી હતી અને ત્યારે થયેલા ધડામ્ અવાજોથી જાફર અને કાસમ પણ ગભરાઈ ગયા હતા.

—અને હવે તેના કાનમાંથી લોહી નીકળી રહ્યું હતું. તેના મગજને કશુંક ડેમેજ, નેક્રોસિસ રપ્ચર થયું હશે?

'તેના શ્વાસની ગતિ કેવી છે?' રાજાવતે સવાલ તો પૂછી નાંખ્યો પણ જવાબની રાહ જોવા જેટલી ધીરજ હવે તેનામાં ન હતી. તે સપાટાભેર લોકઅપ તરફ ભાગ્યો. જાફર પણ તેની પાછળ દોરાયો. વીજળીના કનેક્શન વગરના લોકઅપમાં પ્રેમજીએ પેટ્રોમેક્સ જલાવી હતી અને તેના અજવાળામાં બેઉ હાથ માથા પાછળ પહોળા કરીને વિરમ ચત્તોપાટ પડેલો દેખાતો હતો. તેના પગ આંટીમાં બિડાયેલા હતા. રાજાવતે તેના નાક પાસે આંગળી ધરી રાખી. હાશ, શ્વાસનો લય તો એકધારો અને નિયમિત છે. તેણે આંખનાં પોપચાં ખોલીને મોબાઇલના સ્ક્રીનની લાઇટ ધરી. રિફ્લેક્શન પણ મળે છે.

'ગાડી કમ્પાઉન્ડમાં લઈ લે. બહારની બત્તી બુઝાવી દે...' રાજાવતે ફટાફટ હુકમો છોડવા માંડ્યા. '...અને ઝડપથી આને પાછલી સીટ પર સુવડાવી દે...'

રાજાવતના અવાજમાં તાકીદ હતી કે ઉચાટ હતો એ જાફર કળી શકતો ન હતો.

*

'વિરમ ઝડપાઈ ચૂક્યો છે.'

રાવીએ તદ્દન સપાટ સ્વરે બારીની બહાર જોતાં કહ્યું એ સાથે સુમરા અને અભિમન્યુ સ્તબ્ધ થઈ ગયા. સુમરાના હાથ થાળીમાંથી રોટલાનું બટકું તોડતાં અટકી ગયા અને સફરજન કાપી રહેલી અભિના હાથની છરી અટકી ગઈ.

ત્રણેક કલાકની ગાઢ ઊંઘ લીધા પછી સુમરો તરોતાજા થઈ ચૂક્યો હતો. અભિએ ઘડીક પડખાં ફેરવ્યાં હતાં. ઘડીક નફ્ફટપણે રાવીની સામે તાક્યા કર્યું હતું અને પછી કંટાળીને એ ય ઊંઘી ગયો હતો. રાવીએ એ ત્રણ કલાક ભારે ગડમથલ હેઠળ વિતાવ્યા હતા. સુમરા સાથે ગાઢ પરિચય હતો. તેની કાબેલિયત અને વિરમ પ્રત્યેના આદર અંગે પણ તેને કોઈ શંકા ન હતી. પણ આ પત્રકાર સાલો કોણ હતો અને શા માટે છાપાની ઓફિસ છોડીને આમ મધરાતે બંદૂકના ભડાકા કરતો માનસિંહ મહાલમાં આવી ચડ્યો હતો એ તેને સમજાતું ન હતું. સુમરા તેનો ભરોસો કરવાનું કહેતો હતો પણ રાવીને હજુ ગડ બેસતી ન હતી. વાત ફક્ત વિરમના લાપતા થવા પૂરતી જ હોત તો તો...

ના, ન કહી શકાય. બધું તો હરગિઝ ન કહી શકાય. ના, સુમરાને પણ નહિ અને આ પત્રકારને તો કોઈ કાળે નહિ. પણ તો પછી, એ એકલે હાથે આટલા માથાભારે અને પહોંચતા લોકોનો સામનો કરી શકશે? વિરમને છોડાવી શકશે? સુમરાની વાતમાં તથ્ય તો હતું જ. વિરમનો પત્તો એકલા હાથે લગાવવો એ તેના માટે મુશ્કેલ તો હતું જ, પણ અશક્ય હતું એવું સ્વીકારવાનો રાવીનો સ્વભાવ ન હતો. વિરમ આઝાદ થાય એ તેનું

પ્રાથમિક લક્ષ્ય હતું. એક વાર વિરમ તેની જોડે હોય તો પછી એ આખી દુનિયાને પછાડવાનું ગુમાન ધરાવતી હતી. છેવટે તેણે બહુ ગણતરીપૂર્વકનો જુગાર રમવાનું નક્કી કર્યું.

'ક્યારે?' હવે અભિની આંખોમાં અચંબો અને આઘાત બંને હતા. ખેપાની પત્રકાર તરીકેની તેની ઇજ્જત હવે દાવ પર લાગી ગઈ હતી. વિરમનું કબાડું શું હતું તેનો ય હજુ પત્તો લાગતો ન હતો અને હવે વિરમ પકડાઈ ગયો તો ય તેને ખબર સુધ્ધાં ન પડી? તેણે મનોમન પોતાના ઇન્ફોર્મર નેટવર્કને ગાળો દઈ દીધી.

'ચાર દિવસ થયા.' રાવીએ બારીની બહાર ઘૂમરાતી નજર ફેરવ્યા વગર એવા જ સપાટ સ્વરે જવાબ વાળ્યો.

'ખોટી વાત. તું અમને નાહકના ઘુમાવી રહી છે. ચાર દિવસથી પકડાયો હોય અને મને ગંધ સુધ્ધાં ન આવે એ...'

'તારા બાપનું નામ જેમ્સ બોન્ડ છે?' રાવીએ જરાક ગરદન ઘુમાવીને ધારદાર નજરે અભિનું વાક્ય કાપ્યું.

'અફકોર્સ નોટ, પણ મારા બાપનું નામ બેવકૂફ પણ નથી. તને ભડાકા કરવા સિવાય બીજું ભાન નહિ હોય પણ ધરપકડ થાય તો ક્યાંક એની નોંધ હોય અને આ વિરમ છે... વિરમ રાજદેવ, સિનિયર આઈપીએસ ઓફિસર... દિવસોથી લાપતા... એ પકડાય એટલે...'

'એક મિનિટ... એક મિનિટ...' ખંધા સુમરાએ બંનેની વાતમાંથી સાર પામી લીધો. 'ધરપકડ થઈ હોય તો નોંધ થાય ને!'

'ઓહ યસ્સ... બિલકુલ યસ્સ...' અભિને પણ હવે રાવીની ગુસ્તાખીનો તંત પકડાયો. 'સત્તાવાર રીતે નહિ, પણ ખાનગી ધોરણે વિરમ પકડાયો છે... મતલબ કે...'

'મામલો શું છે?' સુમરો હવે ગંભીર બની ચૂક્યો હતો. વિરમ પાસેથી કેટલીક અગત્યની વાતો કઢાવવી હોય તો જ દયાલ સાહા કે રાજાવત તેને પહેલાં ગુપ્તરાહે ઠમઠોરે અને પછી જરૂર પડ્યે ધરપકડ જાહેર કરી દે અથવા તો બહુ જોખમ હોય તો નકલી એન્કાઉન્ટરમાં ઠાર કરી દે.

'મામલો તો હું ય નથી જાણતી...' રાવીએ બારી પાસેના નેતરના મૂઢા પર પગ ટેકવ્યો.

'તું જુઠ્ઠું બોલે છે.' હવે સુમરો પણ શંકાશીલ બની ચૂક્યો હતો.

'બાય ગોડ, મને સાચે જ ખબર નથી. છેલ્લા બે મહિનાથી વિરમ કોઈક ભેદી મિશન પર હતો. અમારી વચ્ચે કોઈ જ સંપર્ક ન હતો.'

'તું માનસિંહ મહાલમાં શું કરતી હતી?' અભિએ રાવીની દલીલ ધ્યાન પર લીધા વગર બીજો સવાલ ઝીંક્યો.

'જે તમે બંને કરતા હતા... અટકળ. વિરમ હોય તો ક્યાં હોઈ શકે તેનું અનુમાન.'

'પણ તને તો ખબર હતી કે વિરમ ઝડપાઈ ગયો છે તો પછી તું ત્યાં કેમ હતી?' સુમરાએ થાળી હડસેલી દીધી હતી અને એક પગ ખાટની ઈસ સાથે ટેકવીને તે ચૂંચી આંખે સવાલ કરીને મનોમન ગણતરીઓ માંડી રહ્યો હતો.

'મને એના ઝડપાવાની ખબર હતી, એને ક્યાં રખાયો છે એ તો મારે શોધવાનું હતું.' રાવીએ આ ધાણીફૂટ ઇન્ટ્રોગેશનની તૈયારી રાખી જ હતી.

'વેલ, તને કેવી રીતે ખબર પડી કે વિરમ ઝડપાઈ ચૂક્યો છે?'

હવે રાવી સતર્ક થઈ ગઈ. વાત બિલકુલ તેણે ધારેલા વળાંક સુધી લાવવામાં તે સફળ રહી હતી અને હવે જ ખરી કસોટી હતી.

'સુમરાને પૂછ...' રાવીએ નેતરના મૂઢા પર બેસીને સલૂકાઈથી કહી દીધું.

'મને...?' સુમરાને ય આશ્ચર્ય થયું. 'હું શું જાણું યાર?'

'કેમ? વિરમની સ્ટાઇલથી તું અજાણ છે? તેનું સોલિડ વિશ્વાસુ નેટવર્ક તારાથી અજાણ્યું છે? તું પોતે જ એવા નેટવર્કનો એક હિસ્સો નથી?'

'હમ્મ્મ્...' સુમરો મનોમન કશીક ગડ બેસાડતો હતો પણ અભિ હજુ ય મૂંઝાયેલો હતો.

'એટલે? વોટ ડૂ યુ એક્ચ્યુઅલી મીન ટૂ સે?'

'માય ડિયર જર્નો...' રાવીનો અવાજ હવે બદલાઈ રહ્યો હતો. તેની ચંચળ આંખોમાં હવે છૂપું તોફાન નાચતું હતું. 'આઈ સિમ્પલી મીન ટૂ સે ધેટ યુ નીડ ટૂ લર્ન સો મેની થિંગ્ઝ અપાર્ટ ફ્રોમ યોર બિઝનેસ... ઉછીની ગન પૅન્ટમાં ખોસી દેવાથી તું ડોન નહિ થઈ શકે અને નાહકના પેટ પર ગનના સોળ ઊઠી આવશે... જસ્ટ આસ્ક સુમરા વોટ આઈ મીન ટૂ સે...' તેણે તદ્દન બેદરકારીથી સુમરા ભણી આંગળી ચીંધી.

'ના... મને પણ કશું જ સમજાયું નથી રાવી... મુદ્દાની વાત કર... અભિના સવાલનો સીધો જવાબ આપ...' સુમરો હવે દૃઢતાથી બેઠો થયો. તેને લાગતું હતું કે રાવી જાણીજોઈને વાત ગૂંચવી રહી હતી.

'ઓહ કમ ઓન... ઇટ્સ વિરમ સ્ટાઇલ...' રાવીના અવાજમાં ગુમાન વર્તાતું હતું. 'બટ ફર્સ્ટ ઓફ ઓલ, આઈ નીડ અ પ્રોમિસ...' તેણે સવાલિયા નજરે બંનેની સામે જોયું.

'શેનું પ્રોમિસ?'

'વિરમને છોડાવવામાં તમે મને મદદ કરશો...' તેણે ડાબા હાથ વડે જમણા અંગૂઠાનો નખ કાપતાં કહ્યું.

'હા બિલકુલ...' સુમરો જાણે આ સવાલની જ રાહમાં હોય તેમ બોલી ઊઠ્યો.

'અફકોર્સ નોટ... નોટ એટ ઓલ...' અભિએ ખુરશીમાંથી ઊભા થતાં મક્કમતાપૂર્વક હવામાં હાથ વીંઝી દીધા. 'જ્યાં સુધી મને આખો મામલો મારી હથેળીની રેખા જેટલો સ્પષ્ટ ન થાય ત્યાં સુધી... ડોન્ટ કન્સિડર મી વિધિન'

'ધેન, યુ કાન્ટ ગો આઉટ ઓફ ધિસ રૂમ...' રાવીએ કમરમાં ખોસેલી બૅરેટા પિસ્તોલ ખેંચી. 'મારી હયાતી અને હાજરી જાણ્યા પછી તું બહાર જાય એ મને પાલવે તેમ નથી.'

'ઓહ શટઅપ યુ મેડ ગર્લ, તું તારી જાતને સમજે છે શું?' હવે અભિ પણ બરાબર ગિન્નાયો હતો. 'એક જ મિનિટમાં તને તારી ઓકાતનું ભાન કરાવી દઈશ. યાદ રા...'

'એક મિનિટ અભિ...' હવે સુમરો ય ઊભો થઈ ગયો હતો. 'તેની વાત સાચી છે અને તું પણ ખોટો નથી. તેની પાસે તારા પર વિશ્વાસ કરવાનું કોઈ કારણ નથી. પણ રાવી, તારે વિરમ કેવી રીતે ઝડપાયો તેનો જવાબ તો

આપવો જ પડશે... પછી હું અભિની જવાબદારી લઈ શકું.'

'બટ...' અભિ વિરોધ કરવા જતો હતો ત્યાં સુમરાએ સખ્તાઈથી તેનો ખભો દાબ્યો.

'વેલ...' રાવીએ ઊંડો શ્વાસ લીધો એ સાથે તેના તંગ ટોપમાં ન સમાતા તેનાં ભરાવદાર સ્તનોમાં ઉછાળ આવતો સ્પષ્ટ વર્તાયો. 'વિરમનાં અનેક ઠેકાણાં એવા છે જ્યાં એ ગમે તે હાલતમાં પોતાના સંદેશા મને મોકલે છે.'

'હમ્મ્મ્મ્...' સુમરાને હવે કશીક ગડ બેસતી હતી.

'એવું જ એક ઠેકાણું છે હોટેલ લાઇટહાઉસ... હરિયાળા બજારથી સહેજ આગળ. ચાર દિવસ પહેલાં ત્યાં મને તેનો સંદેશો મળ્યો ત્યારે મને સમજાયું કે એ ઝડપાઈ ચૂક્યો છે.'

'સંદેશો કોણે આપ્યો? શું સંદેશો હતો?'

'ASI લક્ષ્મણસિંહ ભદૌરિયાના બૂટ પાછળ તેણે લખ્યું હતું...'

'શું?' સુમરાના અવાજમાં કંપન હતું અને અભિની વિસ્ફારિત આંખો કાનમાં ઓરાતાં વાક્યો સ્વીકારી શકતી ન હતી.

'લાઇટહાઉસમાં જા...' રાવીએ સીલિંગમાં ઘૂમતા પંખા ભણી તાકીને તદ્દન સપાટ સ્વરે કહી દીધું.

'હેં?' બંનેનો અવાજ આઘાતથી તરડાઈ જતો હતો.

* * *

~

મટિયાવાડનાં ગીચોગીચ મકાનો ઉપર મધ્યાહ્નનો સૂરજ ઝગારા મારી રહ્યો હતો. કાચાં-પાકાં મકાનોનાં ગેલ્વેનાઈઝનાં છાપરાં તડકાંમાં ચમકી રહ્યાં હતાં. બારીની બહાર જોઈ રહેલા સુમરાએ સિગારનો ધુમાડો છોડ્યો અને શૂન્યમનસ્કપણે ડાબી તરફના મકાનને તાકી રહ્યો. નિંભાડામાંથી કાઢેલાં તાજાં માટલાં દરેક મકાનના ચોગાનમાં અને ચોગાન ન હોય ત્યાં છાપરા પર સૂકવવા માટે હારબંધ પાથરેલા દેખાતા હતા. આકરા તાપમાં તવાયેલી માટીની ગંધ અને આંખોમાં અંજાતા માટલાંના ઘેરા લાલ રંગ વચ્ચે સુમરાનું ભાવવિશ્વ ભ્રમણામાં અટવાઈ રહ્યું હતું.

લાલચટ્ટાક માટલાની હાર વચ્ચે ઊભેલી એક લીલીછમ્મ છોકરી. દોરી પર કપડાં સૂકવવા પગના પંજા પર ઊંચી થઈને એ મથી રહી હતી. લીમડાના ઝાડના ઘટાટોપ પાંદડાં વચ્ચેથી પડતાં સૂરજના ચાંદરણામાં તેનો વાન સિંદૂરિયા રંગની આભા ખડી કરતો હતો. ઘેરા મરૂન રંગના લાંબા કુર્તામાં વધારે ગોરી લાગતી તેની મરોડદાર ગરદન, પાતળા ચહેરા પર માંસલ ગાલની કુમાશ, માટીના રંગથી ખરડાયેલા વાળ અને ઝીણી, કાળી આંખોમાં તરવરતું અપરંપાર કૌતુક. તેણે લથબથ કપડું ઝાટકવા ગરદન ઊંચકી એ સાથે દૂર બારીમાંથી તેને ઝાંકી રહેલી સુમરાની આંખોમાં તેની નજર સંધાઈ હતી અને...

'તારે કંઈ તૈયારી નથી કરવાની?'

અભિના સવાલથી સુમરાએ તંદ્રામાંથી જાગીને તેની તરફ જોયું. તેની આંખોમાં તરવરતો અજબ ખાલીપો જોઈને અભિને નવાઈ લાગી. સુમરાએ કશો ય જવાબ વાળ્યા વગર બારીની બહાર નજર કરીને ફરીથી એ જગ્યાએ તાક્યું, પણ હવે તેની ભાવસમાધિ તૂટી ચૂકી હતી. એ મકાનના ખુલ્લા ચોગાનમાં નર્યો સૂનકાર ફરતો હતો અને તેની ખુલ્લી આંખોમાંથી ફેંકાયેલું સ્મરણ લીમડાના થડને અઢેલીને બેસી ગયું હતું. બારીની બહાર દેખાતું મટિયાવાડનું એ મકાન, એ ચોગાન, એ લીમડો સુમરાના રુક્ષ, બરછટ નકાબ હેઠળ ઢંકાયેલા ચહેરાની એક આછેરી સંવેદના હતી. તેણે હળવો નિઃશ્વાસ છોડ્યો. માથું ધુણાવતાં બારીની નીચે દીવાલ સાથે સિગાર ઘસીને બુઝાવી દીધી.

'તો, તમે બંને તૈયાર?'

—અને એમ કાફલો નીકળ્યો હતો. લાઇટહાઉસ શબ્દમાં જ કશોક ભેદ રમે છે એવી ત્રણેયને ખાતરી હતી, પરંતુ એ ભેદ શું છે? લાઇટહાઉસ એ ખરેખર કોઈ દીવાદાંડી સાથે સંકળાયેલા સ્થળની વાત છે કે લાઇટહાઉસ શબ્દથી કશુંક બીજું જ સૂચવાયું છે? તાગ મેળવવા માટે હવે બહાર નીકળવું જ રહ્યું. સુમરાએ ઇન્તાઝને કહીને ફોર્ડને બદલે ટૅવેરા મંગાવી લીધી હતી. રહેવર મંઝિલમાં જઈને સુમરાએ આબાદ વેશપલટો કરી લીધો હતો. માથા પર તેણે ભૂરા રંગનો ગમછો બાંધીને લાંબાં ઓડિયાંને ઢાંકી દીધાં હતાં. જાડી ફ્રેમનાં ચશ્માં ચડાવ્યાં પછી બ્લૅક ડેનિમ અને બ્લૂ કલરના ફ્લાવર પ્રિન્ટના ઓપન લૂઝ શર્ટમાં સુમરો ટૂરિસ્ટ જેવો લાગતો હતો. રાવીએ તેલ નાંખીને વાળને ચપ્પટ કરી પાછળ પોનીમાં બાંધી દીધા હતા. કપડાં બદલવાનો તેને અવકાશ ન હતો અને તે પોતાનું રહેઠાણ હજુ આ બંનેને બતાવવા તૈયાર ન હતી. સુમરાએ મટિયાવાડમાં કોઈકને કહીને ત્રણેક દુપટ્ટા મંગાવી લીધા હતા. બાંધણીની પ્રિન્ટનો લીલા રંગનો દુપટ્ટો શાલની જેમ ઓઢીને રાવીએ શરીર ઢાંકી દીધું હતું અને બીજા દુપટ્ટા વડે ચહેરો બાંધી દીધો હતો. અભિને હુલિયો બદલવાની કોઈ જરૂર લાગી ન હતી.

હિંદવાણની ખાડીએ પહોંચતાં સુધી આખા રસ્તે સુમરા અને રાવી વાતો કરતાં રહ્યાં હતાં. સુમરો સતત તેને વિરમ વિશે પૂછતો હતો અને રાવી એક-બે શબ્દમાં જવાબ આપતી રહી હતી. વિરમ અને રાવીનું આ શું બખડજંતર હતું તેની કોઈ સ્પષ્ટતા હજુ અભિમન્યુને મળતી ન હતી. એ સતત રાવીનું નિરીક્ષણ કરી રહ્યો હતો એ રાવીને જરા પણ ગમતું ન હતું. બીજો કોઈ સમય હોત તો તેણે આકરી પ્રતિક્રિયા આપી હોત, પણ અત્યારે એ સમય ન હતો. જૂના જકાતનાકા થઈને સુમરાએ ડાબી તરફ દરિયાની દિશામાં ગાડી વાળી ત્યારે સાડા પાંચ થવા આવ્યા હતા.

ઉત્તરે જંગલ અને દક્ષિણે દરિયો ધરાવતું હિંદવાણ એક સમયે વિરમની મનપસંદ જગ્યા હતી. ભેરાઈના નિર્જન દરિયે આરડીએક્સ ઉતારીને સુમરો અહીં જ ટ્રક મારફત લાવ્યો હતો. દિવસો સુધી અહીં સાલિંગરામ બાપુના મંદિરના ભંડકિયામાં એ આરડીએક્સના લાટા પડ્યા રહ્યા હતા અને સુમરો ય વિરમની બીજી સૂચના ન મળે ત્યાં સુધી બાપુના હિસ્સાનો ગાંજો ફૂંકતો અઘોરીની માફક મંદિરના ઓટલે પડ્યો રહ્યો હતો. એક મધરાતે વિરમે તેને એસએમએસ કર્યો એ પછી તરત સુમરો દીવાદાંડીના ચોગાનમાં ઊભો રહી ગયો હતો. મધદરિયે ઊભેલા જહાજની બત્તીઓ કાંઠેથી ય ભળાતી હતી. આડે દિવસે ભેંકાર હવાના સુસવાટા અને દરિયાનાં ઊછળતાં મોજાંના અવાજ સિવાય સદંતર શાંત રહેતી હિંદવાણની ખાડીમાં એ રાતે ચહલપહલ વધી ગઈ હતી. જાડા માદરપાટમાં બાંધીને આરડીએક્સની લૂગદીનાં પોટલાં કાંઠે નાંગરેલા મછવામાં ઠલવાયાં હતાં અને અડધી જ કલાકમાં મામલો આટોપીને સુમરો પાછો ય આવી ગયો હતો. લાઇટહાઉસનો સંકેત ઉકેલવા અંધારામાં જ ગોળીબાર કરવાનો હતો ત્યારે સૌ પહેલાં હિંદવાણની દીવાદાંડી ચેક કરવી એ અંગે સુમરાના સુઝાવ સાથે રાવી પણ સંમત હતી.

સુમરાએ કાંઠાથી સહેજ દૂર ટૅવેરા ખડી કરી અને ગાડીના કાચ ઉતાર્યા વગર ત્રણેયે દીવાદાંડીની ઇમારત આસપાસનો માહોલ નીરખ્યો. હિંદવાણના ખડકાળ, ધૂળિયા અને છીછરા દરિયાકાંઠે ખાસ ચહલપહલ ન હતી. પાછોતરા વરસાદથી મધદરિયે મોજાંના ઉછાળા ખાઈને આવતું પાણી કાંઠાના ખડક સાથે અથડાઈને ચૂર-ચૂર થઈ જતું હતું. રેતિયા પથ્થરો સાથે બાંધેલા મછવા પાણીના જોરમાં આમ-તેમ હિલોળાતા હતા. પચાસ-સાઠ ફૂટ પહોળા ખડકને કોરીને તેના પર ઊભી કરેલી દીવાદાંડી દેખભાળના અભાવે ઘસાઈ ગઈ હતી. બાજુમાં જૂના વખતની કસ્ટમની ઑફિસ માટે બનાવેલા ત્રણ-ચાર ઓરડામાં હવે સરકારી મત્સ્યોદ્યોગખાતાના કારકુન બેસતા હતા અને મરિન પોલીસ રાઉન્ડમાં નીકળે ત્યારે તેમની મિજલસો માટે ય એ જ ઓરડાઓ વપરાતા. સુમરાએ કેટલાંક વર્ષ પહેલાં જોયેલા અહીંના માહોલમાં ખાસ ફરક પડ્યો ન હતો. દીવાદાંડીના ચોગાનમાં એક જિપ્સી પડી હતી. મતલબ કે મરિન પોલીસનો સ્ટાફ અહીં હાજર હતો.

વિરમે સૂચવેલી જગ્યા ધારો કે આ જ હોય તો પણ અહીં શું સુરાગ મેળવવાનો હતો? રાવીના ચહેરા પર અકળામણ હતી. 'આપણે નીચે નહિ ઊતરીએ ત્યાં સુધી કશો પત્તો લાગે તેમ નથી...' સાવ અંધારામાં ફાંફાં મારવા નીકળેલા આ ત્રણેયને એકસરખી વિમાસણ થઈ રહી હતી.

'ધારો કે આ જ એ લાઇટહાઉસ હોય તો તને શું લાગે છે, લાઇટહાઉસમાં જા એમ કહેવા પાછળ વિરમનો શો આશય હોઈ શકે?' છેવટે વચ્ચેની સીટ પર બેઠેલાં અભિમન્યુએ મગજ કસવાનું શરૂ કર્યું. કોઈએ જવાબ ન આપ્યો એટલે અભિએ પોતે જ તર્ક લડાવ્યો, 'ધારો કે, આ જ એ લાઇટહાઉસ હોય અને મારે અહીં જ તને મોકલવી હોય તો હું યા તો અહીં કશીક એવી કડી મૂકું જે જોતાંવેંત તને સમજાઈ જાય અથવા તો અહીં કોઈક એવો માણસ હોય જે તને આગળની એંધાણી આપે.'

'યસ, યુ આર રાઇટ...' હવે રાવીને પણ અભિના તર્કમાં રસ પડ્યો. 'પણ એ તો આપણે નીચે ઊતરીને ખુલ્લેઆમ ઘૂમીએ નહિ ત્યાં સુધી કેવી રીતે ખબર પડે?'

'હજુ આપણે રાહ જોઈએ.' સુમરાને જાડી ફ્રેમનાં ચશ્માંમાં સોરવતું ન હતું. તેણે ચશ્માં કાઢીને આંખ સાફ કરતાં કહ્યું. 'અહીં ક્યાંય કોઈ મૂવમૅન્ટ વર્તાતી નથી અને ચોગાનમાં પડેલી જિપ્સી કોની છે એ પણ ચેક કરવું પડે.'

એમની ગણતરી એવી હતી કે કોઈ પૂછપરછ થાય તો અભિમન્યુએ પોતાની પત્રકાર તરીકેની ઓળખ આપવી અને સુમરા અને રાવીને દરિયાકાંઠાની સ્ટોરી માટે દિલ્હીથી આવેલા રિપોર્ટર તરીકે ખપાવી દેવા. પણ જિપ્સી કોની છે તેની ખાતરી કર્યા વગર ગાડીમાંથી નીચે ઊતરવું કે કેમ?

ક્યાંય સુધી તેમણે ગાડીમાં બેસીને રાહ જોયા કરી. દીવાદાંડીના ચોગાનમાં અને કસ્ટમરૂમના મકાન આસપાસ કશી જ હિલચાલ થતી ન હતી. આથમતી સાંજના પવનના જોરમાં દરિયો ઘૂઘવી રહ્યો હતો.

'આઈ થિન્ક, વી શૂડ ગો અહેડ નાવ...' છેવટે રાવીની ધીરજ ખૂટી. 'પછી અંધારું ઘેરાઈ જશે તો કોઈ સુરાગ હશે તો ય નહિ જડે...'

તેણે ચહેરા પરનો દુપટ્ટો સરખો કર્યો અને અભિમન્યુની સામે જોયું.

'આપણે ત્રણે ય સાથે જઈએ તેના કરતાં...' અભિએ ફટાફટ પ્લાન બદલાવી નાંખ્યો, 'કોઈ પૂછપરછ ન થાય ત્યાં સુધી સુમરા, તું અમારો ડ્રાઇવર... અમે બેઉ અહીંથી ચાલતા ખડકની દિશામાં જઈએ છીએ. તું અમને બૅકકવર આપજે'

'ઓકે...' સુમરાએ પિસ્તોલ કાઢીને જાંઘ નીચે દબાવી પગ પર ગમછો પાથરતાં કહ્યું, 'મોબાઇલ ચેક કરી લો. લાસ્ટ ડાયલ્ડ નંબર એકમેકના હોવા જોઈએ. સિંગલ રિંગ મિસ્ડ કોલ એટલે વોર્નિંગ કોલ અને ડબલ રિંગ ફોર હેલ્પ...'

એટલી વારમાં અભિ અને રાવી પોતપોતાની ગન સાબદી કરીને નીચે ઊતરી ચૂક્યા હતા.

લટાર મારવા નીકળેલા પત્રકારની સ્ટાઇલમાં તેમણે આમતેમ ફરવાનું ચાલુ કર્યું. અભિ થોડોક ઝડપથી ચાલીને દીવાદાંડી તરફ આગળ વધ્યો. 'લાઇટહાઉસમાં જા' એવી વિરમની સૂચનામાં કશોક ભેદ જરૂર છે પણ એ ભેદ ઉકેલવા કોઈ પણ દીવાદાંડીની તલાશી લેવી એ અભિમન્યુને હજુ પણ ગળે ઊતરતું ન હતું. વિરમ રાજદેવ અને આ રાવી જામવાલ હોમ મિનિસ્ટર સાહા સાથે શા માટે બથોડાં લઈ રહ્યાં છે? એમની વચ્ચે એવું તો શું બની ગયું કે વિરમે લાપતા થઈ જવું પડે? વિરમ એવા કયા ભેદ જાણે છે જેને લીધે દયાલ સાહા તેને પકડ્યા પછી પણ તેની ધરપકડ સત્તાવાર રીતે જાહેર કરતો નથી? સુમરો વળી કંઈક કરોડો રૂપિયાના દલ્લાની વાત કરે છે. અભિમન્યુ બરાબર ગૂંચવાયો હતો પણ હવે તેણે તદ્દન મૌન રહીને સુમરાને અને રાવીને અનુસરવાનું મનોમન નક્કી કરી લીધું હતું. રસ્તામાં સુમરાના સવાલો સામે તે જે સ્માર્ટનેસથી જવાબ ચાતરી ગઈ હતી એ અનુભવ્યા પછી અભિને રાવીનું વર્તન પણ રહસ્યમય લાગતું હતું.

તેણે પાછળ ફરીને જોયું. રાવી તેના આઇફોન વડે સ્નેપ્સ ખેંચી રહી હતી. માથા પર તેણે બાંધેલા દુપટ્ટાને લીધે તે રણ વચાળે ઘૂમતી બેદુઈન આરબ છોકરી જેવી લાગતી હતી. તેની ધારદાર આંખો, ચુસ્ત અને સ્ફૂર્તિલું બદન. વર્ષોથી જાણે અહીં જ રહેતી હોય તેમ બિન્ધાસ્તપણે તે ઘૂમી રહી હતી. 'આ છોકરી બડી અજાયબ

છે... તદ્દન બેખોફ...' અભિના પત્રકારજીવને હવે રાવીના ભેદી વ્યક્તિત્વનો તાગ પામવાની ઉત્કંઠા જાગી હતી. એ ગમે ત્યાં ફરતી હતી. પલક ઝપકે એટલી વારમાં ગોળી ચલાવી દેતાં ય ખચકાતી ન હતી. જીભ ચાલે તેનાંથી ય વધુ તીવ્રતાથી તેનો હાથ ચાલી જતો હતો. આ માથાફરેલ છોકરી ક્યાં રહેતી હશે? આવા ખૂંખાર લોકો વચ્ચે કેવી રીતે આવી ચડી હશે? એ મેજર જામવાલની દીકરી છે પણ વિરમના સંપર્કમાં કેવી રીતે આવી? એ વિરમની...

'કોનું કામ છે, ભાઈ?' અવાજ સાંભળીને વિચારમગ્ન અભિમન્યુ ચોંક્યો. દીવાદાંડીના ઉપરના મજલેથી કોઈક તેને પૂછી રહ્યું હતું.

'ઓહ... અરે હા, સારું થયું તમે દેખાયા...' અભિમન્યુએ પળવારમાં સહજ ભાવ ધારણ કરીને કહી દીધું પણ તેને શું પૂછવું એ વિશે એ હજુ મનોમન ગોટે ચડતો હતો. તેણે ત્રાંસી નજરે પાછળ જોયું. રાવી ઢીંચણ પર બેસીને સોપારીના એક વૃક્ષના ફોટા પાડી રહી હતી. પેલા માણસે કદાચ હજુ રાવીને જોઈ લાગતી નથી. 'જી... અમે... હું... પત્રકાર છું, નવયુગ ટાઇમ્સ...' ફરીથી તેને મૂંઝવણ થઈ. સાચું નામ આપવું કે નહિ? 'આ લાઇટહાઉસની દેખરેખ તમે રાખો છો?'

'કેમ? શું કામ છે તારે?' એ માણસે પહેલા મજલાની બારીમાંથી ડોકું સહેજ વધારે બહાર કાઢીને પૂછ્યું.

સીધો જ તુંકારો? અભિને એ માણસનો ટોન વધારે પડતો રુક્ષ લાગ્યો. આવી કરડાકી દીવાદાંડીના કેરટેકરના અવાજમાં કે હિંદવાણ ગામમાં વસતા કોઈ આદમીના અવાજમાં ન હોય. 'આઈ સેઈડ, હું પત્રકાર છું. અમે દરિયાકાંઠા અને લાઇટહાઉસ વિશે સ્ટોરી કરી રહ્યા છીએ. મારે તમારું જ કામ હતું. ઉપર આવવાનો દરવાજો બંધ લાગે છે. જરા ખોલાવો ને...' સ્ટોરી માટે જાતભાતનાં નાટક કરવાની અભિને આદત હતી.

'એક મિનિટ...' એ માણસ જરાક ખચકાયો, બારીમાંથી દેખાતો બંધ થયો અને તરત પાછો ફર્યો. 'તું ત્યાં જ રહે, હું નીચે આવું છું. તારે શું કામ છે એ મારે સમજવું પડશે...'

મેં ઉપર આવવાનું કહ્યું તો એ ખચકાયો કેમ? એ અંદરની તરફ ફર્યો હતો એવું લાગ્યું. એ કોઈને પૂછીને વર્તી રહ્યો હતો? અભિના દિમાગમાં પ્રશ્નોની હારમાળા શરૂ થઈ ગઈ. ચાલુ થઈ ગયું. તેણે રાવીની તરફ જોયું. એ હવે સોપારીના ઝાડની હાર વટીને આ તરફ આવી રહી હતી. અભિએ ફરીથી એ ચહેરો મનોમન નીરખ્યો. તેનો અવાજ વધારે પડતો કરડો હતો. તેનો હુલિયો પણ... ઘાટી તલવારકટ મૂછ, સાફ શૅવિંગ, ટૂંકા વાળ, ભરાવદાર ચહેરો, ધગેલા ત્રાંબા જેવો વાન... આ માણસ હિંદવાણનો ન હોય. તેની ભાષા ગામઠી ન હતી અને રુઆબ પણ. આ કોઈક...

'હા બોલ, શું કામ હતું?' એ માણસે દરિયાની દિશામાં ખુલતા દીવાદાંડીના મિનારાના દરવાજેથી નીચે ઊતરતાંવેંત પૂછ્યું. 'તારું આઈ-કાર્ડ લાવ...'

અભિ તેની સામે, તેના બોલવાના અંદાજ સામે, ચાલવાના ઢંગ સામે અને આઈ-કાર્ડ માટે લંબાયેલા હાથની મજબૂતી સામે જોઈ રહ્યો. તેણે કાર્ડ શોધવાનો ડોળ કરતાં ખિસ્સાં ફંફોસવાનું શરૂ કર્યું. તેણે ઊંચે જોયું તો એ માણસ તેની પીઠ પાછળ જોઈ રહ્યો હતો. તેણે તેની આંખોમાં ક્ષણાર્ધ માટે આંચકાનો વિસ્ફોટ થતો અને તરત રીઢી આંખોમાં ઓલવાઈ જતો જોયો. અભિને ખાતરી થઈ ગઈ, એ જરૂર પાછળ આવતી રાવીને જોઈને ચોંક્યો હતો.

'યસ... સર, એ મારી સાથે જ છે. ફોટોગ્રાફર છે અને... એક મિનિટ, હું તમને આઈ-કાર્ડ...' અભિ બોલી

રહ્યો હતો પણ એ વખતે એ માણસ ખિસ્સામાંથી મોબાઇલ કાઢીને મચડી રહ્યો હતો. એ કોઈકને મૅસેજ કરતો હતો? અભિથી અનાયાસે જ ઉપર દીવાદાંડીના પહેલા મજલાની એ બારી તરફ જોવાઈ ગયું. ત્યાં કોઈકનો પડછાયો હોવાનો તેનો આભાસ થયો. સમથિંગ ઇઝ રોંગ... હોરિબલી રોંગ... અભિની છઠ્ઠી ઇન્દ્રિય જાણે પોકાર કરી રહી હતી.

'વેઇટ... આઈ-કાર્ડ ગાડીમાં પડ્યું લાગે છે...' તેણે પીઠ ફેરવીને સામે આવતી રાવીને આંખ તગતગાવીને ઈશારો કર્યો અને સુમરાને ય ચેતવી દેવા હાથમાંના મોબાઇલમાં લાસ્ટ ડાયલ્ડ નંબર પર રિંગ ઓન કરી દીધી.

'એઈ...' તેને જતો જોઈને મોબાઇલ પર મૅસેજ કરી રહેલો એ માણસ ચોંક્યો. 'ઊભો રહે... આ છોકરી કોણ છે?'

અભિની આંખોના વિસ્ફારિત ભાવ જોઈને રાવી ય સમજી ગઈ હતી કે કશીક ગરબડ છે. એ ત્યાં જ ઊભી રહી ગઈ. અભિ લાંબી ફલાંગ ભરતો તેની લગોલગ પહોંચી રહ્યો હતો એ જ સમયે પેલા માણસે હાક મારી.

'એઈ ભાગે છે ક્યાં? ઊભો રહે...'

'અરે આઈ-કાર્ડ... એક જ મિનિટ...' અભિએ સડકની દિશામાં હાથ લંબાવ્યો અને જાણે કશું સમજ્યો જ નથી એમ ચાલવાનું જારી રાખ્યું. તેનું જોઈને રાવી પણ પીઠ ફેરવીને ચાલવા માંડી. 'એ તને જોઈને ચમક્યો હતો... કોઈકને મૅસેજ કરતો હોય તેમ મને લાગ્યું... એ તને ઓળખતો લાગે છે...' દબાતા અવાજે તેણે રાવીને કહ્યું.

'નો વે... એ મને ન ઓળખતો હોય...'

હજુ તો તે બંને દીવાદાંડીથી માંડ પચાસ મીટર દૂર પહોંચ્યાં હશે ત્યાં એ માણસ હાંકોટા નાંખતો તેમની પાછળ દોડ્યો હતો. દીવાદાંડીના ચોગાનમાં હવે બીજા બે માણસો ય આવી પહોંચ્યા હતા. 'એઈ, ઊભા રહો... ભાગ્યા છો તો હવે વીંધી નાંખીશ સાલાઓ...' રાવીએ જોયું તો તેમની પાછળ દોડતો આવતો માણસ હાથમાં ગન તૈનાત કરી ચૂક્યો હતો. તેણે ફરીથી પૂરી ગરદન ઘૂમાવી. સાઇલેન્સર ચઢાવેલી કોલ્ટ પાયથન ગન. માય ગોડ... રાવીના ગળામાંથી ડચકારો નીકળી ગયો. 'એ પોલીસનો માણસ છે... ભાગ...'

બંને સપાટાભેર નીચે ઝૂક્યાં એ જ સમયે પાછળથી ગોળી છૂટીને સોપારીના થડમાં બોદા અવાજ સાથે ઘૂસી ગઈ. સોપારીના થડમાં ગોળી ઘૂસવાના અવાજ સાથે જ રાવી જમીન પર પટકાઈને જંગલી બિલ્લીની જેમ ત્રણ ગુલાંટ ખાઈ ગઈ અને પલકવારમાં એ ચત્તી થઈ ત્યારે તેણે કમરમાં ખોસેલી બૅરેટા પિસ્તોલ કાઢીને વળતું ફાયર કરી દીધું હતું. રેતિયા ખડકની આડશ પાછળથી લપકેલા અભિએ જોયું કે રાવીએ જમીન પર પડતું મૂક્યું ત્યારે તેનો આઈફોન ઊછળીને બીજી દિશામાં પડ્યો હતો.

'ગાડી તરફ ભાગ...' તેણે હળવા સાદે કહ્યું અને નીચે લપકીને રાવીનો ફોન ઉઠાવી લીધો અને કમરમાંથી ઝૂકીને દોટ મૂકી. અભિએ ચાલુ કરી દીધેલા ફોનની રિંગ અને રાવીની પિસ્તોલના અવાજથી સફાળા ભડકેલા સુમરાએ ફટાફટ ગાડી ચાલુ કરીને રેતાળ કાંઠા ભણી દોડાવી. રાવીએ કરેલા ફાયરિંગથી ડઘાઈ ગયેલો પેલો આદમી ખડકની આડશમાં લપાઈ ગયો હતો અને તેની પાછળ દોડતા તેના બે સાથીદારો ધડાધડ ફાયરિંગ કરી રહ્યા હતા. ચંદ મિનિટ પહેલાં સૂમસામ અને ભેંકાર ભાસતી હિંદવાણની ખાડી ખળભળી ઊઠી હતી.

સુમરાએ ગાડીનો ડ્રાઇવરની બાજુનો દરવાજો ખોલી નાંખ્યો એ સાથે રાવી બિલાડીની માફક કૂદકો મારતી ગાડીમાં પ્રવેશી. અડધી મિનિટમાં અભિ પણ સુમરાએ નિશાન ચૂકવવા આડી કરી દીધેલી ગાડીના વચ્ચેના દરવાજેથી બેસી ગયો. સુમરાએ અડધો ક્લચ દબાવેલો રાખીને ફુલ એક્સિલરેટર આપ્યું એ સાથે તીવ્ર અવાજે રાઉસ થયેલી ટેવેરા પાંજરામાંથી છલાંગ લગાવતા ચિત્તાની માફક રેતાળ કાંઠામાં ટાયરના લિસોટા પાડતી ભાગી.

'એ લોકો આપણો પીછો કરી રહ્યા હશે. એમની પાસે જિપ્સી હતી.' સુમરાએ રિયર વ્યૂ મિરરમાં જોઈને કહ્યું. વચ્ચેની સીટ પરથી અભિએ પણ ડોક ઘુમાવી. ના, હજુ કોઈ વાહન દેખાતું ન હતું. હિંદવાણથી સીધી સડકને બદલે સુમરાએ મદનપુરાના પાટિયા પાસેથી કાચી સડક ભણી ગાડી વાળી. અહીં બે ય બાજુ ભરચોમાસાનો કેળનો પાક હિલોળાતો હતો. પીછો કરતી જિપ્સી મેઇન સડક પર જતી રહે તો લીલીછમ કેળના ઊંચા મોલ વચ્ચે કદાચ ટેવેરા દૂરથી તેમના ધ્યાને ન ચડે એવી તેની ગણતરી હતી.

ક્યાંય સુધી અભિ પાછળ તાકી રહ્યો. પીછો થતો હોવાના અણસાર ન દેખાતા તેને હાશ થઈ. તેણે પૅન્ટમાં રિવોલ્વર ખોસી એ સાથે તેને રાવીનો મોબાઇલ યાદ આવ્યો. તેણે મોબાઇલ કાઢીને જોયું. આ છોકરી ય યાર અઘરી છે. કમરમાં બૅરેટા પિસ્તોલ અને ખિસ્સામાં આઇફોન. તે મનોમન હસ્યો. તેણે સહજ રીતે મોબાઇલ ઓન કર્યો એ સાથે હોમ સ્ક્રીન પર VR લખેલા ફોલ્ડર પર તેની નજર ગઈ અને એ ચમક્યો. રાવી એ સમયે સુમરા સાથે હુમલાખોર કોણ હોઈ શકે તેની ગડમથલમાં પરોવાયેલી હતી. અભિએ તરત પોતાનો મોબાઇલ કાઢ્યો. બંને મોબાઇલનું બ્લૂટૂથ ઓન કરીને એ ફોલ્ડર ટ્રાન્સફર કરી લીધું અને બ્લૂટૂથ બંધ કરી રાવી ભણી મોબાઇલ લંબાવ્યો.

'તને કદાચ ખ્યાલ નથી લાગતો, પણ તું કૂદી ત્યારે તારો મોબાઇલ પડી ગયો હતો.'

'ઓ માય ગોડ...' હાંફી રહેલી રાવીના મોં પર રાહતનો ભાવ હતો. 'સો નાઇસ ઓફ યુ...'

તેણે મોબાઇલ પોતાની કિટમાં મૂકતાં હસીને કહ્યું. જવાબમાં અભિએ પણ હાસ્ય વેર્યું.

—પણ તેના હાસ્યમાં શાતિર લુચ્ચાઈ હતી.

રાવી જે છૂપાવતી હતી એ જાણી શકવાની લુચ્ચાઈ.

* * *

~

'આઈ એમ નોટ રેડી ટૂ બી ફુલ એનીમોર...'

અભિએ અચાનક ઊભા થઈને ટેબલ પર હાથ પછાડતાં કહ્યું. તેના અવાજની ઉગ્રતાથી ખાટ પર બેસી ગન સાફ કરતાં સુમરાના હાથ અટકી ગયા અને સાબુવાળા ચહેરા પર પાણીની છાલક મારી રહેલી રાવીથી પણ ગરદન ઘુમાવીને એ દિશામાં જોવાઈ ગયું.

હિંદવાણની દીવાદાંડીથી પરત ફરતાં કોઈ તેમનો પીછો કરતું નથી તેની ખાતરી થયા પછી તેમને હાશ વળી હતી. હજુ પણ કોઈ પાછળ આવે તો તેમને ચકમો આપવા સુમરાએ મદનપુરાથી રેશમધારનો લાંબો ચકરાવો માર્યો હતો એટલે મટિયાવાડ પહોંચતાં રાત પડી ગઈ હતી. આખા રસ્તે રાવી અને સુમરાએ ફાયરિંગ કરનારા એ લોકો કોણ હોઈ શકે તેની જ ચર્ચા કર્યે રાખી હતી. અભિ પાછલી સીટ પર બેસીને આખા રસ્તે ચૂપ રહ્યો હતો. સુમરાને લાગ્યું કે તે વધુ એક વાર થયેલા ઓચિંતા ફાયરિંગ અને જીવસટોસટની ભાગદોડથી હેબતાઈ ગયો છે. રાવી દઢતાપૂર્વક માનતી હતી કે એ પોલીસના જ આદમીઓ હતા. તેના હાથમાં કોલ્ટ પાયથન ગન હતી, જે પીઆઈથી ઊંચી પાયરી પરના ચુનંદા નિશાનબાજ અધિકારીઓને અપાતી હતી. સુમરાને એ તર્કમાં દમ લાગતો હતો. જો એ પોલીસ હોય તો હવે રાજાવત અને સાહાની સામે કેવો પેંતરો રચવો એ પણ હવે વિચારવું જ પડે તેમ હતું.

સુમરાએ મટિયાવાડના નાકે જ ગાડી રોકાવીને કોઈકને ખાવાનું મોકલવા કહ્યું હતું. ગીચોગીચ મકાનો, સાંકડા રસ્તા, ઝાંખી સ્ટ્રીટલાઇટના અજવાળે તીવ્ર વળાંક લેતી શેરીઓ અને આમ તેમ ઘૂમતાં માણસોના લાંબા પડછાયા. રાવી બહુ જ બારીકીથી અને અહોભાવથી સુમરાનું આ સામ્રાજ્ય નીરખી રહી હતી. સુમરાની આંખ ફરે એ પહેલાં અહીં તેનો હુકમ ઉઠાવાઈ જતો હતો. ખાવાનું આવ્યું ત્યાં સુધી અભિ ખૂણામાં આરામખુરશી ઢાળીને મોબાઈલ મચડતો રહ્યો. ક્યાંય સુધી તેણે મોબાઇલમાં ત્રાટક કરી-કરીને જોયા કર્યું હતું. પછી એ ઊભો થયો હતો અને દઢતાપૂર્વક કહ્યું હતું,

'આઈ એમ નોટ રેડી ટૂ બી ફુલ એનીમોર...'

સુમરો હજુ સમજી શક્યો ન હતો અને રાવીએ પણ સમજ્યા વગર મજાક કરી નાંખી હતી, 'તું પેલા પોલીસવાળા માટે કહે છે?'

'ના, હું તારા માટે કહી રહ્યો છું.' રાવીની સામે ધારદાર નજર માંડેલી રાખીને તેણે સુમરાની સામે મોબાઇલ ધર્યો. 'તને આ દેખાય છે?'

અભિના ચહેરા પરની ઉગ્રતા પારખીને સુમરો ય હવે ગંભીર બની ચૂક્યો હતો. તેણે મોબાઇલ હાથમાં લીધો અને આંખો ઝીણી કરીને ધ્યાનપૂર્વક સ્ક્રીન નીરખ્યો.

'શું છે આ?' તેણે અસમંજસમાં અભિની સામે જોયું. 'આમાં તો કંઈક નકશા જેવું...'

'તારી જાતના...' સુમરાનું વાક્ય પૂરું થાય એ પહેલાં રાવી બાથરૂમના બારણામાંથી છલાંગ મારીને વચ્ચે પડેલી ખાટને લાત મારતી અભિ તરફ ધસી ગઈ હતી. 'જાસૂસના પેટના... તને હું હવે નહિ છોડું.'

'એઈ...' રાવીનો હાથ પિસ્તોલ ભણી જાય એ પહેલાં જ સુમરાએ સપાટાભેર ગન કાઢીને પોઝિશન લઈ

લીધી હતી. 'ખબરદાર જો હાથ લંબાવ્યો છે તો. આ તારી મા સગી નહિ થાય અને યાદ રાખજે, હું અભરામ સુમરા છું...' તેની ત્રાડમાં રહેલી ધાક અને આંખોમાં તરી આવેલા ડારાથી ઘડીભર અભિ હેબતાઈ ગયો. રાવી પણ પૂતળાની જેમ સ્થિર બનીને ઊભી રહી ગઈ. 'શું છે આ બધું, હેં? શું છે આ મામલો?'


'એ ગધેડાએ મારા મોબાઇલમાંથી ફોલ્ડર તફડાવ્યું છે.'

હિંદવાણથી પરત ફરતાં રાવી અને સુમરા ઉશ્કેરાટભેર ચર્ચા કરી રહ્યા હતા ત્યારે અભિ તેમની વાતોમાં હોંકારો ભણતો હતો પણ સીટની નીચે લંબાયેલા તેના હાથ સતત મોબાઇલના હોમસ્ક્રીન પર એ ફોલ્ડર ખોલવા મથતા હતા. ફોલ્ડર પાસવર્ડથી પ્રોટેક્ટ થયેલું હતું તેનો ખ્યાલ આવતાં તે ઘડીભર હતાશ થઈ ગયો હતો. પછી અચાનક કશુંક સૂઝયું એટલે તેણે મેઇલ સાઇટ ઓપન કરી, ફોલ્ડર એટેચ્ડ કર્યુ અને મૅસેજ લખ્યો, 'હેલ્પ મી ટૂ ક્રેક ઇટ પ્લીઝ. ઇટ્સ અર્જન્ટ.'

એ પ્રશાંત ઘેલાણી હતો, અભિનો સાયબર સોર્સ. કમ્પ્યૂટર અને ઇન્ટરનેટમાં જ્યાં અભિનો પોતાનો પનો ટૂંકો પડે ત્યાં એ પ્રશાંતની મદદ લેતો. ટેક્નોલોજીમાં માહેર પ્રશાંતે એક વાર ફક્ત ગમ્મત ખાતર કેટલીક મોટી કંપનીઓના, સરકારી ઓફિસોનાં કમ્પ્યૂટર્સ હેક કરી બતાવ્યાં ત્યારથી તે અભિની નજરમાં વસી ગયો હતો. પ્રશાંતને મેઇલ કર્યા પછી તેણે પાસવર્ડ ક્રેક કરીને એ ફોલ્ડર અભિને પરત મોકલ્યું ત્યારે તેઓ મટિયાવાડ પહોંચી ગયા હતા. ફોલ્ડરમાં કેટલીક વર્ડ ફાઇલ હતી, જેમાં કેટલાંક દરિયાકાંઠાંના સ્થળોની માહિતી હતી. એ સિવાય એક નકશો હતો. અભિએ ક્યાંય સુધી એ નકશો નીરખ્યો હતો.

નકશાના આગળના છેડે એક બોગદા જેવી નિશાનીમાંથી પસાર થતી સડક અને સડકની બંને તરફ હારબંધ પથરાયેલા પહાડો અને ગીચોગીચ જંગલ. સડકની ડાબી તરફ ચીપકાવેલી કેટલીક તસવીરો. અભિએ ધ્યાનપૂર્વક એ તસવીરો જોઈ. પહેલી તસવીરમાં બ્રાહ્મી કે એવી કોઈ પુરાતન લિપિમાં લખાયેલા મૂળાક્ષરો હતા. બીજી તસવીરમાં કોઈ અપૂજ મંદિરની ભગ્ન પગથાર દેખાતી હતી. ત્રીજી તસવીરમાં જીર્ણ અને ભેંકાર ખંડેરમાં હારબંધ તૂટેલી બારસાખ અને જ્યાં-ત્યાં ઊગેલાં ઝાડી-ઝાંખરાં વચ્ચેથી ઘસાઈ ગયેલા લાકડાનું એક આગળિયાબંધ કમાડ હતું અને ચોથી તસવીરમાં એક કાળમીંઢ પહાડ હતો. સીધા અને આકરા ચઢાણવાળા એ પહાડની ટોચ પર કેસરી ધજા ફરકતી હોય તેમ લાગતું હતું.

આ જરૂર કોઈક ખતરનાક ભેદ છે. નકશો જોઈને અભિ રીતસર છળી ઊઠ્યો હતો. મામલો હવે તેની ધારણા, અનુમાન કે ગણતરી કરતાં અનેકગણો વધારે જોખમી અને ઊંડો હતો. કોણ છે આ લોકો? શું કરી રહ્યા છે એ બધા? અરે, એ સૌ જાય ભાડમાં, એક પત્રકાર થઈને હું શા માટે આ કળણમાં આટલો ઊંડો ઊતરી રહ્યો છું? આ રાવી સાલી કશું જ કહેતી નથી અને માત્ર પોતે જ કહે એટલું સૌએ માની લેવાનું એવી દોંગાઈ દાખવે છે. સુમરો ય પૂરેપૂરો હરામી છે. એ કેટલું જાણે છે અને કેટલો દોરવાઈ રહ્યો છે એ ય ખબર નથી પડતી.



પારાવાર અવઢવથી અકળાઈને અભિ છેવટે ઊભો થયો હતો અને તેણે સુમરાની સામે મોબાઇલ ધરી દીધો હતો. હવે રાવીનું મોં ખોલાવ્યા વગર છૂટકો નથી અને ત્યાં સુધી હવે એ એક ડગલું ય આગળ ન ધરવા કૃતનિશ્ચય હતો.

'સવાલ એ નથી કે એ ગધેડાએ શું કર્યું. સવાલ એ છે કે તેં ગધેડીએ આ નકશા વિશે અમને કેમ કંઈ કહ્યું નથી?' અભિનો આક્રોશ અને રાવીની ઉસ્તાદી રીઢો સુમરો બરાબર સમજી ચૂક્યો હતો.

'યુ સી, આઈ જસ્ટ વોન્ટેડ ટુ...' પહેલી વાર રાવીના અવાજમાં રક્ષણાત્મક કંપ અભિએ અનુભવ્યો.

'અંગ્રેજી ન ફાડ... યુ સી કે વી સી, અંધારી આલમનો ઉસૂલ છે...' સુમરાના દબાયેલા અવાજમાં ય ધાક અનુભવાતી હતી. 'ગેંગની ગોળી હંમેશાં ભરોસાના ઘોડેથી છૂટે છે. એક વાર ભરોસો જામ થઈ ગયો એટલે ખલ્લાસ...'

'એક મિનિટ સુમરા...' સુમરાના મનમાં ય પોતાના જેવી જ આશંકા જાગી છે એવું અનુભવીને અભિએ ય ઝુકાવ્યું. 'માત્ર નકશો નહિ... તેણે હવે બધું જ કહેવું પડશે. હિંદવાણ જતાં તેં એને પૂછેલા અનેક સવાલો એ સિફતપૂર્વક ચાતરી ગઈ છે. અને બીજી વાત, તને કેટલીક ખબર હોય તો પણ, હવે એ બધી જ ખબર મને પણ પડવી જ જોઈએ...'

'બધી ખબર પડવી જોઈએ એટલે સાલા, તું શું મારો બાપ છે? બોસ છે મારો? પત્રકાર થયો એટલે શું દાદો થઈ ગયો છે? આ તારી પ્રેસકોન્ફરન્સ ચાલે છે કે સાલા તું પૂછે ને હું જવાબ આપતી રહું?' ભડકેલી રાવીની

દમ-બ-દમ ઊંચકાતી છાતીનો હાંફ તેનો ઉશ્કેરાટ છતો કરતો હતો. 'તું છે કોણ મને સવાલ પૂછનારો? અને આ સુમરાની ય શું હેસિયત છે મને કંઈ પૂછવાની.'

'કારણ કે તેના હાથમાં ગન છે.' અભિએ જવાબ વાળ્યો એથી તંગ હાલતમાં ય સુમરો મરકી પડ્યો. 'જો રાવી, તારે કંઈ ન કહેવું હોય તો ન કહીશ પણ યાદ રાખજે, તારા એકલાથી એક તણખલું પણ હલવાનું નથી. આજે જોયું ને તેં? સાહાએ એક-એક જગ્યાએ માણસો તૈનાત કરી દીધા છે. એ આદમી મારી સાથે વાત કરતો હતો પણ તને જોઈને તો એ રીતસર ભડક્યો હતો. મતલબ કે તારો હુલિયો બધે જ પહોંચી ગયો છે. સુમરાનો પાડ માન... તારા માટે વિરમને છોડાવવાનું તો દૂર, આ મટિયાવાડની બહાર નીકળવું ય આસાન નથી.'

અભિના ચાબખાથી રાવીના મન પર વિવશતાના સોળ ઊઠતા હતા પણ લાચારી સ્વીકારવાનો તેનો સ્વભાવ ન હતો. પણ તો ય એ સત્ય હતું જ. પોતે હોટેલ લાઇટહાઉસમાંથી જૂતાં મેળવ્યા છે વાત ખૂલી ગઈ છે અને સાહા-રાજાવતે દરેક સંદેહાત્મક લાઇટહાઉસ પર શિકારી વરૂ જેવા આદમીઓ ગોઠવી દીધા છે તેની રાવીને ય ખાતરી થઈ ચૂકી હતી. મહિનાથી વિરમને જોયો નથી અને સામે ખૂંખાર, પહોંચેલા લોકો...

'મને નકશાની ખબર નથી... સાચે જ મને ખબર નથી.'

'તારી પાસે એ ક્યાંથી આવ્યો?'

'વિરમે મને મેઇલ કર્યો હતો. વિરમનો એ છેલ્લો મેઇલ હતો. એ પછી અમારી વચ્ચે સંપર્ક નથી રહ્યો.'

'વિરમ એવું શું કરી રહ્યો હતો એ તો તને ખબર હોય જ અને હું જાણું છું એ મુજબ, આમાં કશોક કરોડો રૂપિયાનો દલ્લો સામેલ છે. સીધેસીધું કહી દે રાવી...'

'યસ રાવી, વોટએવર આઈ નો અબાઉટ યુ, આઈ સેલ્યુટ યુ... પણ તારે ય હવે ખૂલવું તો પડશે જ. ભરોસો રાખ, આખી દુનિયામાં જો કોઈ તને સાથ આપી શકે તેમ હોય તો કદાચ એ અમે બે છીએ. અધરવાઈસ યુ આર લોનલી...'

રાવીએ ખાટની ધાર પર ઝૂકીને હળવો નિઃશ્વાસ છોડ્યો. સામેની દીવાલને એકધારું તાકી રહેલી તેની કથ્થાઈ, ભાવશૂન્ય આંખોમાં ભીનાશ તગતગી આવી. ત્રણ વર્ષની એકધારી હડકાયા કૂતરા જેવી રઝળપાટ, આંખોમાં અંજાયેલી આગ અને સ્વભાવમાં ભળી ગયેલી રુક્ષતા આજે થાકવા આવી હતી. બંદૂકની ગોળીના અવાજથી અને ખતરા સાથે બાથ ભીડીને બઠ્ઠડ થઈ ગયેલી સંવેદનાને અચાનક ડૂમો ભરાયો અને તરડાયેલા અવાજે તેનાંથી બોલી જવાયું...

'ઈટ્સ અ લોંગ સ્ટોરી...'

*

'યસ સર, એ ઓલમોસ્ટ હોશમાં છે' રાજાવતે અદબભેર ઊભા રહીને કહ્યું.

'આદમી યા તો હોશમાં હોય છે યા તો નથી હોતો. આ ઓલમોસ્ટ હોશમાં હોવું...'ડાબા હાથના અંગૂઠાના નખ વડે સાહાએ ગંદી રીતે દાંત ખોતર્યો, પછી ઝભ્ભાની ચાળ પર અંગૂઠો સાફ કરતાં વાક્ય પૂરું કર્યું. '... મને જરા સમજાયુ નહિ.'

વિરમને બગીખાના ચોકીથી રાજિયા હરામીના ફાર્મહાઉસમાં ખસેડ્યા પછી રાજાવતે તાકીદે ડોક્ટરને બોલાવ્યા હતા. મૂઢમારથી અને બરહેમીથી દીવાલ સાથે માથું અફળાવવાથી વિરમના મગજને લોહી પહોંચાડતી નસ પર સોજો ચડી ગયો હતો. પોતાના ખપ પૂરતું શરીરશાસ્ત્ર જાણી ચૂકેલા રાજાવતનો અંદાજ સાચો હતો. જરાક વધારે તેણે મગજ ગુમાવ્યું હોત તો વિરમના મગજમાં નેક્રોસિસ રપ્ચર થઈ ગયું હોત. તાકીદની સારવારથી કાનમાંથી નીકળતું લોહી તો બંધ થયું હતું પરંતુ હજુ ય તે સતત ઊલટીઓ કરી રહ્યો હતો. જીભનો લવો વળવામાં તકલીફ થતી હતી અને મોંમાંથી લાળ સતત ટપક્યા કરતી હતી. હજુ બે દિવસ સુધી તેને ઓબ્ઝર્વેશનમાં રાખવો પડે તેમ ડોક્ટરે કહ્યું હતું પણ સાહા રાહ જોવા તૈયાર ન હતો.

'સર, આઈ મીન, હી ઇઝ વેલ...' એ જ મિનિટે રાજાવતનો મોબાઇલ રણક્યો. તેણે અણગમાથી ત્રાંસી આંખે મોબાઇલનો સ્ક્રીન જોયો અને ચહેરા પર ચમકારો આવી ગયો. 'એક્સ્કયૂઝ મી સર, જાડેજા લાઇન પર છે... હિંદવાણથી, જસ્ટ અ મિનિટ પ્લીઝ...'

'હા બોલ...' રાજાવતે સાહાથી સહેજ દૂર જવા પીઠ ફેરવી. સામા છેડેથી કોઈક બોલી રહ્યું હતું અને રાજાવત સાહાની હાજરીનું ભાન ભૂલીને દબાયેલા અવાજે બેફામ ગાળો બોલી રહ્યો હતો. પંદરેક મિનિટ પછી તેણે ફોન મૂક્યો ત્યારે તેનો ચહેરો ધોળી પૂણી જેવો થઈ ગયો હતો.

'આઈ એમ સોરી સર બટ ધેર ઇઝ એન ઇમર્જન્સી...' ગુસ્સાથી લાલચોળ થઈ ગયેલા રાજાવતના ગૌર ચહેરાને ઘડીભર સાહા સવાલિયા નજરે તાકી રહ્યો. 'ધેટ ગર્લ ઇઝ શોન એટ હિંદવાણ.'

સાહાના ચહેરાના બદલાયેલા ભાવ જોઈને રાજાવત ચૌકન્નો બની ગયો. 'એ લોકો ત્રણ જણા હતા. મેં લાઇટહાઉસ આસપાસ ગોઠવેલા માણસોએ તેમને જોયા. એક આદમી એ છોકરી સાથે લાઇટહાઉસ નજીક ઘૂમી રહ્યો હતો. તેમનો ત્રીજો સાથી ટેવેરા ગાડી લઈને રોડ પાસે જ ઊભો હતો. એન્ડ સર, એ છોકરીએ ફાયરિંગ પણ કર્યું હતું. જાડેજાએ તેમને પડકાર્યાં એટલે તેઓ નાસી ગયા.'

'નાસી ગયા??? તારી ****' સાહાના મોંમાંથી ગાળ નીકળી ગઈ.

'જાડેજાએ પીછો કર્યો હતો પણ તેઓ કદાચ અંતરિયાળ ગામડાંમાં થઈને નીકળી ગયા હશે. બટ કોમ્બિંગ ઇઝ ઓન સર... સવાર સુધીમાં પત્તો લાગી જશે.' ઘાંઘો થયેલો રાજાવત હવે કોઈપણ હિસાબે પોતાની ઇજ્જત બચાવવા મરણિયો થયો હતો. 'યસ સર, પણ આપણને મહત્ત્વની કડી મળી ગઈ છે.' 'તેમની સાથે એક આદમી પોતે નવયુગ ટાઇમ્સનો રિપોર્ટર હોવાનું કહેતો હતો. જાડેજાએ તેના હુલિયાના આધારે તલાશ કરી તો ખબર પડી કે એ ક્રાઇમ રિપોર્ટર અભિમન્યુ રાવ હતો.'

'માય ગોડ... ઓહ માય ગોડ...' સોફા પર બેસેલા સાહાના ગોરા, ભરાવદાર ચહેરા પર તંગદિલી પથરાઈ ગઈ અને કાળી, ઘેરી દાઢી પર પરસેવો તરી આવ્યો. 'વેરી સ્ટ્રેન્જ... ઇટ્સ રિયલી સ્ટ્રેન્જ...' તેણે બે હાથનાં આંગળાં ભીડીને ક્યાંય સુધી લાઉન્જમાં આંટા માર્યા કર્યા. રાજાવત તંગ ચહેરે સાહાને નીરખતો રહ્યો.

'એક કામ કર...' સાહાના ડોળા ચકળવકળ ઘૂમી રહ્યા હતા. 'તાત્કાલિક એક પ્રેસકોન્ફરન્સ બોલાવ...'

'હમ્મમ્...' પોતાને બદલે દયાલ સાહા જાતે જ સોલ્યુશન વિચારવા માંડ્યો છે એથી રાજાવતને રાહત પણ થતી હતી અને તેની ઉત્સુકતા પણ બેવડાતી હતી.

'મીડિયામાં જાહેર કરી દે, મોડી સાંજે હિંદવાણની ખાડીમાં કેટલાક મછવામાંથી ઊતરેલા આતંકવાદીઓને

નૅવલ પોલીસે પડકારતાં આતંકવાદીઓએ તેમના પર ગોળીબાર કર્યો અને છટકી ગયા છે.'

'ઓહ યા...' રાજાવતના ચહેરા પર સ્મિત આવી ગયું. હોમ મિનિસ્ટર સાહાનો પ્લાન તેના દિમાગમાં ઊતરવા લાગ્યો હતો.

'વેઇટ... એમ હોંશમાં ન આવી જા... અસલી સ્ટોરી હવે આવે છે... અજાણ્યા આતંકી હુમલાખોરોની સાથે નવયુગ ટાઇમ્સના ક્રાઇમ રિપોર્ટર અભિમન્યુ રાવ પણ હોવાની પ્રાથમિક માહિતી મળે છે. પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે અભિમન્યુ હાલ ફરાર છે...'

'વેઇટ...****' રાજાવતના મોંમાંથી તારીફસૂચક ગાળ નીકળતા રહી ગઈ. મનોમન તે ઢીંચણિયાભેર ઊભો રહીને દયાલ સાહાની કૂટબુદ્ધિને સલામ કરી રહ્યો હતો.

* * *

~

હોમ મિનિસ્ટર દયાલ સાહાએ ઘડીભર તેની સામે જોયા કર્યું. પ્રાચીન ગ્રીક શિલ્પમાં કંડારીને જીવતો કર્યો હોય તેવો માંસલ છતાં સુરેખ ચહેરો અત્યારે ગરદન પર લુઢકી ગયો હતો. અધબીડાયેલાં ભરાવદાર પોપચાં હેઠળની મોટી, કાળી, ઘેઘૂર આંખોમાં સૂનકાર હતો... શમણાંનો દીવડો ઓલવાઈ ગયા પછીનો નર્યો સૂનકાર. પહોળા ખભા પર ટટ્ટાર ઊભો રહેતો જાજરમાન સીનો, માંસલ બાવડાંના એક-એક સ્નાયુમાં ઊભરતી તાકાત. એ ઘાયલ હતો, પણ એ વિરમ હતો અને તેના વિરમ હોવાનો સાહાને પૂરતો પરિચય હતો.

તેણે વિરમની સહેજ નજીક ખુરશી ખેંચી. એટલા ખખડાટથી ચોંકેલા વિરમે પરાણે મહેનતપૂર્વક ગરદન સહેજ ઊંચકી, સાહાની આંખમાં આંખ પરોવી અને તેના તરડાઈને સૂજી ગયેલા હોઠ પર સ્મિત વંકાયું. એ સ્મિતમાં ઉપહાસ હતો કે ઘૃણા હતી? શરણાગતિની સ્વીકૃતિ હતી કે અણનમ ગુમાન હતું? સાહાએ મુઠ્ઠીઓ ભીંસીને મન મક્કમ કર્યું.

'આમ તો લાંબા સમયે મળીએ ત્યારે કેમ છો એવું પૂછવાનો રિવાજ છે...' સાહાએ દાઝભરી નજરે વિરમને બરાબર નીરખ્યો. '... પણ તને જોયા પછી એવું પૂછવાની મને જરૂર લાગતી નથી. આટલું બધું ક્યાં ફરી આવ્યો, દોસ્ત?'

વિરમે કશો જ જવાબ વાળ્યા વગર ઝૂકેલી ગરદને ફક્ત પોપચાં ઊંચકીને સ્મિતભેર તેની સામે તાક્યા કર્યું.

'માય ડિયર, તું બૂરી રીતે ઘેરાઈ ચૂક્યો છે. રાધર, તને એ ખબર હોવી જ જોઈતી હતી...' સાહા જાણે તેના હિતમાં તેને ચેતવી રહ્યો હોય તેવા ઠપકાભર્યા સૂરે કહી રહ્યો હતો. 'તારા જેવો માણસ આવી બેવકૂફી કરે... મને સાચે જ, માન્યામાં નથી આવતું. તારે આવું કંઈ કરવાની ક્યાં જરૂર જ હતી, યાર?' સાહા ખુરશીની આગળની તરફ ઝૂક્યો અને અવાજમાં શક્ય તેટલી મીઠાશ ઘોળીને કહ્યું, 'જો વિરમ, બધા જ તારાથી સખત નારાજ છે. મેજરે તો એ જ વખતે તને ખતમ કરી દેવાનું કહી દીધું હતું. મેં માંડ એમને ઠંડા પાડ્યા છે. હજુ ય વખત છે. તેં જે કર્યું એ માફ તો કદાચ નહિ થાય પણ હું હજુ ય તને બચાવી શકું તેમ છું.'

વિરમે આંખ ઊંચી કરી એટલે સાહાને આશા બંધાઈ. તેણે વધુ નજીક ખસીને દોસ્તાના મિજાજમાં આંખ મિચકારતાં કહ્યું, 'લેટ મી સે, તું યાર જબરો ભેજાબાજ તો છે જ. યુ હેવ ક્રિયેટેડ સો મેની કોમ્પ્લિકેશન્સ... કોઈને ખબર નથી કે તું છેલ્લે ક્યાં હતો. કોઈને એ પણ ખબર નથી કે નકશામાં શું હતું. મેજર સહિત બધા જ હજુ ય ગાફેલ છે. બધાને એમ જ છે કે...'

'...કે હું ય તમારા બધા જેવો ગદ્દાર અને મક્કાર છું?' વિરમે તદ્દન ભાવશૂન્ય આંખે તાકીને એવા સપાટ સ્વરમાં કહી નાંખ્યું કે સાહા જેવો ખંધો આદમી ય ખસિયાણો પડી ગયો.

આ સાલો શી વાતે ય હાથ નહિ જ મૂકવા દે... ચહેરો પરાણે હસતો રાખીને વિરમને તાકી રહેલા સાહાના મનમાં વિચારોના હજાર જાતના ઘોડા હડિયાપાટી કરી રહ્યા હતા. વિરમ જેટલો ખૂંખાર છે એટલો જ ગણતરીબાજ પણ છે તેની સાહાને બરાબર ખબર હતી જ. વેપનનું નેટવર્ક છેક પૂર્વ ભારત સુધી લંબાવવા માટે વિરમે જ્યારે આસામના અલગતાવાદી સંગઠન ઉલ્ફાના અત્યંત રીઢા આતંકીઓ જોડે જબલપુરમાં મિટિંગ કરી હતી ત્યારે સાહા પણ સાથે હતો. સાહાએ ત્યારે કશું જ બોલવાનું ન હતું. આર્થિક રીતે એ સોદો ખોટનો ન નીવડે અને તાત્કાલિક કશોક નિર્ણય લેવાનો થાય એટલા માટે સાહાને જાતે તેમાં હાજર રહેવું પડ્યું

હતું. એ વખતે સાહાએ વિરમની વિચક્ષણતા નજરે જોઈ હતી. આ માણસ જેટલી સફાઈથી બંદૂક ચલાવે છે એટલી જ સિફતથી જીભ પણ ચલાવી જાણે છે.

એટલે જ વિરમને મળતાં પહેલાં તેણે બરાબર હોમવર્ક કર્યું હતું, પણ એ સાલો એક પણ દાવ પૂરો થવા દેતો ન હતો. છંછેડાયેલા સાહાએ છેવટે હુકમનાં પાનાં ખોલવા શરૂ કર્યા. 'હવે રાવી પણ ઝડપાઈ જવાની તૈયારીમાં છે અને...' તેણે ઘડીભર અટકીને વિરમના ચહેરાના ભાવને નીરખ્યો પણ વિરમ શૂન્યમનસ્કપણે તેને તાકી રહ્યો હતો. '... આજે જ હિંદવાણની ખાડી પર લાઇટહાઉસમાં તેની મૂઠભેડ થઈ છે.'

એ પછી ય વિરમના ચહેરાની એકે ય રેખા ન બદલાઈ એટલે સાહાએ ધીરજ ગુમાવી. 'તું કદાચ મોં નહિ ખોલે, પણ યાદ રાખ, ભદૌરિયાએ ખોલી નાંખ્યું છે. લાઇટહાઉસનો મૅનેજર પણ ખોલશે અને રાવી જામવાલ પણ...'

'—પણ એ પછી ય તમારે જે જોઈએ છે એ તો નહિ જ મળે. કારણ કે...' વિરમનો અવાજ ધ્રૂજતો હતો અને આટલું બોલતાં ય તેના ગળામાંથી હેડકી આવતી હોય તેવા અવાજો નીકળતા હતા. 'સાહા...' તેના તરડાતા અવાજમાં ય ખુર્રાંટપણાનો ડારો વર્તાતો હતો. 'તમારી એકેએકની અસલિયત જાણ્યા પછી, તને શું લાગે છે, મેં કશું કાચું છોડ્યું હશે? યાદ રાખ, તું ગમે તેટલાં માથાં પટકે તો ય મારા સિવાય આખી દુનિયામાં બીજું કોઈ તને એ ખજાના સુધી લઈ જઈ શકે તેમ નથી અને હું...' વિરમે ડાબો ખભો સહેજ ઊંચકીને લાળથી ભીંજાયેલા હોઠ શર્ટ સાથે ઘસ્યા. 'ટુકડે ટુકડે કપાઈ જઈશ તો ય તને એ કહેવાનો નથી.' પછી સાહાની સામે ક્યાંય સુધી તેણે જોયા કર્યું. તેની આંખોમાંથી વરસતી આગથી દાઝીને જાડી ચામડીના સાહાથી ય નીચું જોવાઈ ગયું. 'ઈટ્સ માય રિવેન્જ ઓન્લી...'

વિરમે વાક્ય પૂરું કર્યું ત્યારે તેના ચહેરા પર પથરાયેલી દર્દની રેખાઓમાં કશાક પાશવી આનંદનો અણસાર વર્તાતો હતો.

*

'ઇટ વોઝ નોટ ઓન્લી રિવેન્જ...' મટિયાવાડના એ મકાનના ઉપરના માળે આછા જલતા બલ્બના અજવાસ હેઠળ રાવી કદાચ પહેલી વાર હૈયું ખોલી રહી હતી. 'ના, એમાં કોઈની સામે બદલો લેવાની વાત જ ન હતી. અમારી આંખોમાં કશુંક શમણું હતું... અમે કશુંક નક્કર કરવા ધારતાં હતાં.' ભયાનક કટોકટીના સમયે એકલાં પડી જવાનો અહેસાસ અને હાર ભાળી ગયા પછીની હતાશા તેના સ્વરમાં વર્તાતી હતી. સ્તબ્ધ કમરામાં એકધારા ઘૂમતા પંખાના ઘસાયેલા બૅરિંગના કિચૂડાટને બાદ કરતાં નીરવ સન્નાટો હતો.

'મે બી આઈ એમ અ સિનિક ગર્લ બટ નોટ વિરમ, પણ આખરે તો અમે બે ય બેવકૂફ સાબિત થયાં.'

'તું વિરમના, એ લોકોના પરિચયમાં કેવી રીતે આવી?' સુમરા માટે આ વાત ખાસ નવી ન હતી પણ ખાટની ઈસ પર હાથ ટેકવીને એકાગ્રતાથી સાંભળી રહેલા અભિને બરાબર રસ પડ્યો હતો.

'માય ફાધર કર્નલ પ્રતાપસિંહ જામવાલ વોઝ એન આર્મી ઓફિસર. ઇન્ડો-તિબેટ બોર્ડર પર ચમોલી અમારી જાગીર હતી. મારા વડદાદા બદરીનાથ જામવાલ બ્રિટિશ આર્મીમાં હતા. મારા દાદા ભૂષણપ્રતાપ નિશાનબાજીના ચૅમ્પિયન હતા. વી ધ જામવાલ્સ ઓલ્વેઝ પ્રાઉડ ઓફ અવર બ્રેવ લેગસી. હું નૈનિતાલની રોયલ મેયો કોલેજમાં હતી એ વખતે ડેડનું પોસ્ટિંગ કાશ્મીરમાં હતું. વેકેશનમાં કે રજાઓમાં હું કાશ્મીર જતી.

મારી મા ગુલમર્ગમાં રહેતી અને ડેડ એમની રેજિમેન્ટ જોડે. રજાઓમાં મારા ઘરે જશ્ન જામતો. ડેડના આર્મી ફ્રેન્ડ્ઝ પણ આવતા. બંગલાની પાછળ તોતિંગ પહાડોની ઓથે ખુલ્લા ચોગાનમાં તાપણું જલતું અને ડેડ જાતે તેમાં કબાબ શેકતા. ઉત્તમ શરાબની પ્યાલીઓનો રણકાર અને શેકાતા કબાબની ગંધ વાદીઓમાંથી ફૂંકાતી સર્દ હવાની ભીનાશમાં વહેતી રહેતી.'

'જશ્ન પતે પછી હું અને મા સૂવા જતાં રહીએ પણ ડેડ એમના ફ્રેન્ડ્સ સાથે વાતો કર્યા કરે. ક્યારેક તો રાત-રાતભર તેમની વાતો ચાલે. ગોરખા રેજિમેન્ટમાંથી ડેપ્યુટેશન પર આવેલા મેજર બિહોલાનો ડેડ બહુ જ આદર કરતા. ગુલમર્ગના અમારા ઘરે મેજર બિહોલાના નામે બહુ બધો ભેદી સામાન આવતો. ક્યારેક કોઈક માણસ મજબૂત કપડામાં વીંટાળેલા પાર્સલ આપી જાય તો ક્યારેક ગાડી ભરીને ય સામાન ઊતરે. એ બધું જ પ્યારેલાલની દેખરેખ હેઠળ રહેતું.'

'પ્યારેલાલ કોણ હતો?' વાર્તા સાંભળતા બાળકની મુગ્ધતાથી તાકી રહેલા અભિએ સવાલ કર્યો.

'પ્યારેલાલ એટલે ડેડનો જમણો હાથ. ત્રણ પેઢીથી તેનો પરિવાર ચમોલી ઠાકુરની ખિદમતમાં હતો. પ્યારેલાલે પણ એ પરંપરા નિભાવી હતી. અમારી જાગીરની દેખરેખ હોય કે ડેડનાં અંગત કામો, ડેડની જે વાતો મારી માને ય ખબર ન હોય એ પ્યારેલાલ જાણતો. મેજર બિહોલાના નામે આવતાં પાર્સલો કે બીજો સામાન એક અલગ તાળાબંધ કમરામાં મુકાય અને તેની ચાવી પ્યારેલાલ જીવની જેમ સાચવે. ક્યારેક મા કે હું નૈનિતાલ, ચમોલી જઈએ ત્યારે એ જ સામાન બહુ જ ચુપકીદીથી અમારી ગાડીમાં ગોઠવાય અને ચમોલી પહોંચ્યા પછી અમને ઘરે ઉતારીને ગાડીમાં ક્યાંક રવાના થઈ જાય.'

'એક વાર અમારી ગાડીને ચમ્બા પાસે અકસ્માત નડ્યો અને એ પાર્સલ વેરવિખેર થઈ ગયાં. પ્યારેલાલને અને માને ખાસ્સું વાગ્યું હતું પણ હું બચી ગઈ હતી. મેં તરત ડેડને ફોન કર્યો તો ડેડે હું કેમ છું, મા કેમ છે, એ પૂછવાને બદલે પેલાં પાર્સલ તો સલામત છે ને એવું પૂછ્યું. મને સખત માઠું લાગ્યું. નજીકના કાંગ્રા બેઝ કૅમ્પથી તાત્કાલિક મદદ મોકલવાનું ડેડે કહ્યું હતું પણ ફોન મૂક્યા પછી મને સખત અકળામણ થતી હતી. પાર્સલમાં એવું તો શું હોય છે કે ડેડને અમારા કરતાં ય તેની ફિકર વધારે થાય છે?'

'માને કપાળમાંથી લોહી વહેતું હતું અને જમણો હાથ ઊંચો થતો ન હતો. કદાચ તેને ફ્રૅક્ચર હતું. પ્યારેલાલ બેહોશ હતો. અમારો ડ્રાઇવર તેમને બીજા વાહનમાં ચમ્બા હોસ્પિટલ મોકલવાની તજવીજમાં હતો એ દરમિયાન મેં ચપ્પો થઈ ગયેલી ડીકીમાંથી જેમતેમ કરીને વજનદાર પાર્સલ ઉતાર્યાં. પાછળની સીટ સાથે ભીંસાઈને પાર્સલ બેવડાં વળી ગયાં હતાં. ખોખા કદાચ અંદરથી ભાંગ્યાં હશે પણ આર્મીમાં વપરાતા મજબૂત કોટનનું બેવડું પડ ફાટ્યું ન હતું. રસ્તાની ધારે પહાડના ઢોળાવ પર પાથરેલા અમારા સામાન વચ્ચે મેં ત્રણેય પાર્સલ મૂક્યાં. મને સતત કુતૂહલ હતું અને ડેડના ટોન સામે ગુસ્સો પણ હતો. મારા પર્સમાંથી પેપર નાઇફ કાઢીને મેં પાર્સલ ફાડવા માંડ્યું.'

'જાડા કાપડમાં વીંટાળેલું દેવદારનું ખોખું તોડ્યું ત્યારે મારી આંખો ફાટી ગઈ હતી. એમાં આર્મીમાં વપરાતી ગન્સ હતી. નીચે એક્સ્પ્લોઝિવ્સ ડિટોનેટર, ગનના પૂરજા, એમ્યુનિશન જેવો સામાન હતો. હું મારી આંખો પર વિશ્વાસ કરી શકતી ન હતી. મારા ડેડ મેજર પ્રતાપસિંહ જામવાલ લશ્કરનાં હથિયારોની હેરાફેરી કરતા હતા? બ્રેવ એન્ડ લોયલ, રોયલ એન્ડ એસ્ટિમ્ડ જામવાલ ઇઝ અ બ્લડી ટ્રેટર? હું આઘાતથી છળી ઊઠી હતી. ચાર-ચાર પેઢીથી જામવાલોના લોહીમાં વહેતો રાષ્ટ્રવાદ આટલો ખોખલો હતો? મેં વહેલામાં વહેલી તકે ડેડને પૂછવાનું નક્કી કર્યું અને પુરાવા તરીકે એ ખોખામાંથી એક ગન કાઢી લીધી.'

'અમે ચમોલી પહોંચ્યા પછી પ્યારેલાલ પથારીવશ હતો તેનો લાભ લઈને મેં કાયમ બંધ રહેતા ભંડકિયાના તાળાબંધ કમરાઓની તલાશી લીધી એ પછી તો મારો આઘાત બેવડાઈ ચૂક્યો. ડેડ અને મેજર બિહોલા કશાક જબ્બર કાવતરામાં સંડોવાયેલા હતા. મને માનવામાં આવતું ન હતું પણ મારી આંખો સામે બધા જ પૂરાવા હતા. હું હવે ડેડના આવવાની જ રાહ જોતી હતી.'

રાવીએ પાણીની બોટલમાંથી મોટો ઘૂંટ ભર્યો. તેની લાંબી, સુરેખ ગરદનમાં જાણે પાણીનો ઘૂંટડો ઊતરતો દેખાતો હોય તેમ અભિ મંત્રમુગ્ધપણે તેને તાકી રહ્યો. ખાટને ટેકો દઈ પગ લાંબા કરીને બેઠેલા સુમરાએ ઘડિયાળમાં જોયું. ભડભાંખળું થવા આવ્યું હતું. રાવીની અત્યાર સુધીની વાત તેના માટે ય નવી હતી. પણ નિષ્કર્ષ સાથે જ નિસબત ધરાવવા ટેવાયેલા સુમરાને તેમાં ખાસ રસ પડતો ન હતો.

'પછી? તેં તારા ડેડને પૂછ્યું ખરું?'

'હું ડેડને કંઈ પૂછું એ પહેલાં જ...' રાવી કશું જ બોલ્યા વગર બલ્બના અજવાળે ઘૂમરાતા સીલિંગ ફૅનના ઓળાને તાકી રહી. 'મારું વૅકેશન પૂરું થવામાં હતું. હું મારા દોસ્તો સાથે બદરીનાથ તરફ લોંગ ડ્રાઇવ પર ગઈ હતી અને એ સમયે ઘરેથી ફોન આવ્યો. મને તાકીદે ઘરે પાછા ફરવા કહેવાયું. હું ઘરે પહોંચી ત્યારે રડારોળ થઈ રહી હતી. બંને હાથ ઝોળીમાં નાંખીને ઊભેલા પ્યારેલાલે ડૂમો ગળામાં રોકીને મને કહ્યું હતું... કર્નલ પ્રતાપસિંહ જામવાલ આતંકવાદીઓ સાથેની મૂઠભેડમાં શહીદ થઈ ગયા હતા.'

'પછીના દિવસો ભારે વ્યસ્ત રહ્યા. શોક વ્યક્ત કરવા આવતા મહેમાનોની આવનજાવન અને જાતભાતની ધાર્મિક વિધિ. ડેડના ડેડબોડી સાથે જ મેજર બિહોલા આવી પહોંચ્યા હતા અને બધો જ દોરીસંચાર તેમણે હાથમાં લઈ લીધો હતો. પ્યારેલાલ હવે તેમના હુકમો એવી રીતે ઊઠાવતો હતો જાણે ચમેલી ઠાકુરની ખાલી પડેલી ગાદીએ હવે બિહોલા બેઠો હોય. ચમોલીની બજારો શહીદવીર પ્રતાપસિંહ જામવાલના નામનાં બૅનર્સથી ઊભરાઈ રહી હતી. રિયાસતના ચોગાનમાં દિવસભર તેમના નામનો જયજયકાર ઊઠતો રહેતો અને મારા મનમાં સવાલોનો વંટોળિયો ફૂંકાઈ જતો... મારો બાપ શહીદ હતો કે ગદ્દાર હતો? મારો બાપ દેશ માટે ખપી ગયેલો શૂરવીર હતો કે દેશદ્રોહી હતો? મારા સવાલોનો જવાબ હવે એ એક જ માણસ આપી શકે તેમ હતો... મેજર બિહોલા. હું તકની રા...'

નીચે દાદરનું બારણું ખખડ્યું એ સાથે રાવી અટકી ગઈ. કોઈ જ અણસાર વગર તેણે આદતવશ સીધો ગન પર હાથ મૂકીને સુમરા સામે જોયું. સુમરાના ચહેરા પર પણ પ્રશ્નાર્થ હતો. રાવીની વાતમાં મશગૂલ થઈ ચૂકેલા અભિને હજુ એ બંનેના ચહેરાની તંગદિલી સમજાતી ન હતી. એટલી વારમાં સુમરો સફાળો ઊભો થયો હતો. બલ્બ બુઝાવીને તેણે બહાર દાદરની દિશામાં ઊઘડતી બારીમાંથી ડોકિયું કર્યું. નીચે તેનો કોઈ વિશ્વાસુ આદમી ઇશારો કરતો હતો.

'કશું ખાસ નથી. હું આવું છું.' સ્વસ્થતાપૂર્વક કહીને સુમરો દાદર ઊતરી ગયો. બારીની બહાર હળવો ઊજાસ પથરાઈ રહ્યો હતો અને રાવીની આંખમાં ઊંઘ. અભિના મગજમાં હજુ ય જામવાલ અને બિહોલા અને લશ્કરનાં હથિયારોની હેરાફેરી વળ ખાતી હતી. થાકેલી રાવી હવે લંબાવવાની પેરવી કરી રહી હતી પણ અભિના પેટમાં કુતૂહલના ગોટા વળ ખાતા હતા. નવેસરથી કયો સવાલ પૂછીને રાવીને ફરી આગળ વધતી કરી શકાય તેના વિચારમાં એ અટવાતો હતો ત્યાં જ સુમરાના ખડખડાટ હાસ્યે બંનેને ચોંકાવી દીધાં.

'બધાઈ હો બરખુદાર...' સુમરાના ઠહાકામાં નર્યો ઉપહાસ હતો. 'પત્રકાર હોવાનો બહુ ફાંકો રાખીને અમને બેયને ક્રિમિનલ કહેતો હતો ને? લે સાલા, હવે તું બી કમાઈ ખા.' તેણે ફરીથી ખડખડાટ હાસ્ય વેર્યું. ખાટ પર

બેઠક લીધી અને અભિના પગ પાસે છાપું ફેંક્યું.

'કેમ, શું છે?' મૂંઝાયેલા અભિએ છાપું ઊઠાવ્યું.

'તારી જાતે જ જોઈ લે ને... સમાચાર આપવાવાળો ખુદ આજે સમાચાર બન્યો છે!'

'ઓહ નો... ઓહ****...' અભિના મોંમાંથી ગાળ નીકળી ગઈ. તેની વિસ્ફારિત આંખો, ચહેરા પર પથરાઈ ગયેલો અજંપો અને અવાજના ધ્રુજારાથી અચંબિત થઈને રાવી પણ તેના પર ઝળૂંબી. અખબારના પહેલા પાને જ સમાચાર હતા,

'હિંદવાણની ખાડીમાંથી આતંકવાદીઓ પ્રવેશ્યા... સમગ્ર રાજ્યમાં રેડ એલર્ટ... આતંકી ટુકડી સાથે પત્રકાર અભિમન્યુ રાવ પણ સામેલ...'

રાવીના ચહેરા પર સ્મિત આવી ગયું. સુમરો હજુ ય હસવાનું રોકી શકતો ન હતો. રાવીએ તેને ચૂપ રહેવા ઇશારો કર્યો. અભીની આંખોમાં આક્રોશ ભભૂકતો હતો. તેણે છાપું પછાડ્યું અને સ્વિચ્ડ ઓફ કરેલો મોબાઇલ ઓન કરવા હાથમાં લીધો.

'નો...' રાવીએ તરાપ મારીને તેને રોક્યો. 'હવે આ મોબાઇલ તારાથી ઓન નહિ કરાય. યુ આર અ સર્ટિફાઇડ ટૅરરિસ્ટ નાવ. મોબાઇલ ઓન કરીશ એ સાથે આ જગ્યા જાહેર થઈ જશે.' અભિએ જોયું, રાવીના ચહેરા પર સ્મિત હતું પણ તેના વંકાયેલા હોઠમાં સહાનુભૂતિ હતી.

'હવે તારે પણ તારી નિર્દોષતા સાબિત કરવા ઝઝૂમવું પડશે... અમારી માફક' રાવીએ તેનો ચહેરો થપથપાવ્યો. અભિની આંખોમાં ઊગેલી ભીનાશ ભણી તાકીને તેણે તેના વાળમાં હાથ પસવાર્યો, 'આઈ કૅન અન્ડરસ્ટૅન્ડ. બટ નાવ આઈ હોપ, યુ કૅન અન્ડરસ્ટૅન્ડ અસ બેટર.'

બરાબર એ જ સમયે રાજાવતની ઓફિસમાં મટિયાવાડનો નકશો આંકવાની મથામણ થઈ રહી હતી.

* * *

~

'બીજો કોઈ રસ્તો હોય તેવું મને લાગતું નથી...' સાહાની આંગળીઓ યંત્રવત્ કમ્પ્યૂટરના કી-બોર્ડ પર ફરતી હતી. ડઘાયેલી આંખો સ્ક્રીન પર દેખાતા ચહેરાને તાકી રહી હતી અને તેના દિમાગમાં વિચારોનું તોફાન ફૂંકાતું હતું. 'એ જીદે ભરાયો છે. હવે એ કોઈ કાળે નમતું નહિ જ મૂકે.'

'એની લિવરેજ? અપાર્ટ ફ્રોમ રાવી...?' સામેથી વાક્ય ફેંકાયું ત્યારે સાહાનું ધ્યાન તેના કમ્પ્યૂટર સ્ક્રીનની બીજી વિન્ડો પર ઝડપભેર ફ્લેશ થતા આંકડાઓ પર ચોંટ્યું હતું.

'આર યુ ધેર?' સામેથી પુછાયું એ સાથે સાહા થોડો અસ્વસ્થ થયો. તેને કશી ખબર તો નહિ પડી હોય ને? સાહાને પેટમાં ફાળ પડતી હતી પણ હવે ગમે તેમ કરીને તેનો પત્તો લગાવવા સાહા દૃઢ હતો. તેણે કપાળ પરની ભીનાશ લૂછી અને ઠંડકથી જવાબ વાળ્યો, 'યાહ, એમ હિયર ઓન્લી...' પછી ઘડીભર અટકીને વાક્ય પૂરું કર્યું, 'એક્ચ્યુઅલી નેટવર્ક સક્સ ટૂડે.'

'વેલ, આઈ રિપીટ માય ક્વેશ્ચન... એની લિવરેજ, અપાર્ટ ફ્રોમ રાવી?' હવે સાહાને જવાબ વાળ્યા વગર છૂટકો ન હતો.

'હા, વિરમનું ફેમિલી છે પણ વિરમનો સ્વભાવ જોતાં તેના ફેમિલીને આપણે હાથ પણ અડાડીયે તો એ વધુ ઝનૂને ભરાશે. એન્ડ વી શૂડ નોટ ફરગેટ, હવે મીડિયાનું એટેન્શન પણ વધી જશે એટલે વિરમની ધરપકડ પણ લાંબો સમય તો નહિ છુપાવી શકાય ને?'

'આ પત્રકારનો મામલો શું છે?'

'એ મને પણ હજુ સમજાતું નથી. ધો આઈ નો હિમ પણ એ કેવી રીતે આમાં સંડોવાયો એ મને હજુ ય ગળે ઊતરતું નથી.'

'તેને આતંકવાદી જાહેર કર્યો એટલે દેશભરનાં મીડિયાનાં ધાડાં ઊતરી પડશે. તારું હોમવર્ક બરાબર પાકું તો છે ને? તું જરાક લપસ્યો એટલે અમને સૌને લઈને પડીશ એ ન ભૂલતો.'

'એ અભિમન્યુ રાવ છે...' સાહાએ બોચી ખંજવાળવાના બહાને બીજી વિન્ડોમાં ઝબકતા આંકડા ભણી નજર ફેરવી લીધી અને મનોમન વધુ અકળાયો, પણ જેની સામે તે કમ્પ્યૂટરના સ્ક્રીન પર ઊભો હતો એ આદમીને સાહાના હોમ મિનિસ્ટર હોવાની ય કોઈ તમા ન હતી. અકળામણને સિફતપૂર્વક આંખોમાં ઓલવી દઈને સાહાએ વાક્ય પૂરું કર્યું, 'અભિમન્યુ એ પત્રકાર પરિષદમાં નાસ્તો કરવાના લોભે આવતો કોઈ રેંજીપેંજી રિપોર્ટર નથી. એ આમાં પડ્યો છે એ જાણ્યા પછી ય હું તેને છુટો રાખું તો એ મને છાપાની આઠ કોલમમાં ઊંધો લટકાવે. બટ ડોન્ટ વરી, મીડિયા વિલ બી મૅનેજ્ડ.'

'ગમે તે કર, વિરમનું પછી ફોડી લઈશું. પહેલાં તો એ પત્રકારને હઠાવ. મામલો કોઈ હિસાબે મીડિયામાં ન જવો જોઈએ.'

'યસ, આઈ એમ અબાઉટ ટૂ ટ્રેસ હિમ... બહુ જલદી રિઝલ્ટ આવી જશે.' સાહાએ ફરીથી બીજી વિન્ડોના ફ્લેશ થતા આંકડાઓ પર ત્રાંસી આંખે નજર માંડી પણ હજુ ય એ કશું ઉકેલી શકતો ન હતો.

'વિલ કેચ યુ લેટર. પત્રકારનો મામલો પતાવ પહેલાં. વિરમની ધરપકડ હું કહું નહિ ત્યાં સુધી જાહેર ન કરીશ.'

'ઓકે. કિપ ફેઇથ પ્લીઝ. વીલ ટ્રાય માય બેસ્ટ.' પછી સાહાએ ચૅટિંગની ટેવવશ લખી નાંખ્યું... 'ગૂડ બાય એન્ડ ટેક કૅર.'

'બેટર યુ ટૅક કૅર વેલ...' સાહા લૉગ આઉટ થવા જતો હતો ત્યાં ચૅટબોક્સની બ્લૂ ફ્લેશ તેણે જોઈ. 'મારું આઈ.પી. એડ્રેસ મળ્યું તને?' સ્ક્રીન પર તેણે ફેંકેલો ખડખડાટ ઠહાકો જાણે સાહાની છાતીમાં ભાલાની જેમ ભોંકાયો. 'બાપ છું તારો. માઇન્ડ વેલ એન્ડ માઇન્ડ યોર જોબ ઓન્લી.'

'ય****' સાહા મનોમન ગાળ બોલીને સ્ક્રીનની બિડાઈ ગયેલી બારીમાં અલોપ થઈ ગયેલા એ ચહેરાને ક્યાંય સુધી તાકી રહ્યો. આજે વધુ એક વખત તેણે માત ખાધી હતી. કમ્પ્યુટરના આઇ.પી. એડ્રેસ વડે તેનું ઠેકાણું જાણવાની સાહાની ગુસ્તાખી વધુ એક વખત ખુલ્લી પડી ગઈ હતી.

*

'તકદીરની તલવારને બે ય બાજુ ધાર હોય છે...' સુમરાએ સિગારનો ધુમાડો છોડતા ઝીણી આંખે અભિ ભણી તાકીને કહ્યું. 'જે વધારે ભીંસ કરે એ બાજી જીતે. અત્યારે સાહાએ તારી તરફ ભીંસ આપી છે. જો તું વધારે ભીંસ આપે તો બાજી તારી.'

'ઓહ કમઓન સુમરા, સ્ટોપ ધિસ રબીશ નોનસેન્સ.' અભિનો ગુસ્સો ઝાળની માફક ફેંકાતો હતો. 'તેની પાસે ગવર્મેન્ટ મશીનરી છે. તેણે તો તેના પાવર વાપરીને આરોપ મૂકી દીધો. હવે નિર્દોષ તો મારે સાબિત થવાનું ને? આઇ હેટ ધિસ લો... બ્લડી બ્લાઇન્ડ લો.'

રાવી ખડખડાટ હસી પડી. સુમરાથી ય મલકી જવાયું. 'બેટા, એટલે જ હું તને કહેતો હતો કે, હું, રાવી, વિરમ કે હવે તું... આપણે કોઈ ક્રિમિનલ નથી અને જો અમે ક્રિમિનલ છીએ તો બીજા કોઈ સત્યવાદીનાં પૂછડાં નથી.'

'ટેલ મી, કોઈ પણ માણસ ક્રિમિનલ છે કે નથી એ કોણ નક્કી કરશે? કાયદો જ ને? કાયદા પાસે કોઈ જાદુઈ છડી છે? કાયદો તો આંધળો છે. એ પુરાવા માંગે છે અને બતાવવામાં આવે એટલા જ પુરાવા જુએ છે. એની પાસે તર્ક નથી. વિવેકબુદ્ધિ નથી. ઘટનાની પહેલાંનું એ સાંભળતો નથી અને ઘટના પછીનું અનુભવતો નથી.' રાવી અભિની બરાબર સામે ઉભડક બેસી ગઈ. તેની કથ્થાઈ, ભાવવાહી આંખોના ઊંડાણમાં અભિ પરોવાતો રહ્યો. 'શુષ્ક પુરાવાની કાખઘોડી પર ઊભેલો આવો પંગુ, લાચાર કાયદો અને આ સડેલી સિસ્ટમ બદલવા અમે નીકળ્યાં હતાં... જેને તું અમારું રંગ દે બસંતી કહીને હસી કાઢતો હતો એ આ હતું, જે તું આજે અનુભવી રહ્યો છે.'

'રેલો વસ્તુ જ એવી છે. પૂંઠે આવે ત્યારે જ ભીનાશ વર્તાય છે.' સુમરાએ સ્મિતભેર આળસ મરડતા કહ્યું. એને અભિને પજવવાની જાણે મજા આવતી હતી. 'અશફાક ઉલ્લાખાન... મારો રોલ તો જાણે તેં નક્કી કરી લીધો છે. તને કયો રોલ ફાવશે? સુભાષચંદ્ર બોઝ...? તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે લાઇટહાઉસ દૂંગા...'

વહેલી સવારે મટિયાવાડની એ જૂની, મેડીબંધ ઇમારતનો બીજો માળ ખડખડાટ હાસ્યથી રોશન થઈ ગયો હતો. ત્રણે ય વચ્ચે પહેલી જ વાર પરસ્પર અવિશ્વાસ અને ઉગ્રતાની જગ્યાએ ભાઈબંધીની હૂંફ ઊભરાતી

હતી. સુમરાનો આદમી મોટું પવાલું ભરીને ચા, પ્યાલા, આમલેટ-બ્રેડની તશ્તરી લઈને આવ્યો હતો. સવારની ચાના ઘૂંટ સાથે અભિના ઓલવાઈ ગયેલા ચહેરા પર થોડુંક નૂર આવ્યું હતું.

જોકે હજુ ય એ નક્કી નહોતો કરી શકતો કે હવે તેણે શું કરવું જોઈએ? સુમરા અને રાવી બારીના કઠેડા પાસે ઊભાં હતાં. સુમરા તેને મટિયાવાડની ઇમારતોની બાંધણી વિશે કશુંક સમજાવી રહ્યો હતો. વસ્તુસ્થિતિ સ્વીકાર્યા પછી અભિ હવે સ્વસ્થ ચિત્તે વિચારવા માંડ્યો હતો. સરન્ડર થઈને પોતાને નિર્દોષ સાબિત કરવાનો તો કોઈ સવાલ જ પેદા થતો ન હતો. તે દયાલ સાહાની લુચ્ચાઈથી પૂરતો વાકેફ હતો અને વિરમનો દાખલો હવે તેની નજર સામે હતો. શરણે થયા પછી સાહા તેને ગમે તેવા ગંભીર ગુનાઓમાં સપડાવી દે તો આખી જિંદગી એ અદાલતોનાં જ ચક્કર કાપતો રહે.

તો શું જિંદગીભર અભરામ સુમરાની જેમ અજ્ઞાતમાં ખોવાઈ જવું? નોટ એટ ઓલ... એ તો પલાયનવાદ છે. રાવીના એ તર્કમાં વજૂદ હતું જ. દયાલ સાહાએ ગમે ત્યારે અભિમન્યુનું બિલ ફાડી શકાય તે માટે એ આતંકવાદીઓ સાથે સંકળાયેલો હોવાનું ચલણ બનાવી નાંખ્યું હતું. હવે લાગ મળ્યે ગમે ત્યારે સાહાની પોલીસ કે ખાનગી માણસો અભિને લમણામાં ગોળી ઠોકી દે અને પછી મનફાવે તે સ્ટોરી રજૂ કરીને તેને આતંકવાદી કે તેમનો મળતિયો ચીતરી મારે એ નિશ્ચિત હતું. અભિ પાસે હવે એક જ વિકલ્પ બચતો હતો. તેણે ચાનો પ્યાલો ઊઠાવ્યો. ગરમાગરમ ચાનો મોટો ઘૂંટ ગળા હેઠે ઉતાર્યો અને બારી તરફ રાવી અને સુમરાની દિશામાં પગ માંડ્યા.

*

'સા'બ, કુછ ઇનામ કી ઉમ્મીદ કર સકતા હૂં?'

'હમ્મ્મ...' ટેબલ પર પગ લાંબા કરીને ખોળામાં મોબાઇલ મચડી રહેલા રાજાવતે સામે કોણ ઊભું છે અને શું પૂછે છે તેની જરાક પણ તમા દર્શાવ્યા વગર હોંકારો ભણ્યો. પરસ્પર આંટી ભીડેલા પગનું ડોલન તેની ખુશમિજાજીની ચાડી ખાતું હતું. ઘેઘૂર, વાંકડિયા વાળના કપાળ પર અસ્તવ્યસ્ત પથરાયેલાં ગૂંચળાં અને આછી દાઢી હેઠળ તેનો ગોરો ચહેરો વધુ મર્દાના લાગતો હતો.

'કહીએ સૂબેદારમિયાં, ક્યા ઉમ્મીદ કરતે હૈ? હમ્મ?' તેણે બેફિકરાઈથી મોબાઇલ ટેબલ પર ફગાવ્યો, ઝાટકા સાથે પગ ટેબલ પરથી ઊંચક્યા અને ઊભો થયો. મટોડિયા લાલ રંગનો શર્ટ, બ્લૅક જિન્સ, સ્પોર્ટ્સ શૂઝ અને ચેસ્ટ બૅલ્ટમાં ભરાવેલી ગન. તેને ઊભો થયેલો જોઈને અંદરના ઓરડામાં થતી ઘુસપુસ અટકી ગઈ. બહાર પરસાળમાં ઘૂમી રહેલા કોન્સ્ટેબલની ચહલપહલ રોકાઈ ગઈ. ઘડીકમાં મિજાજ બદલી નાંખતા રાજાવતની એ ધાક હતી.

'અબે બોલ ના યાર...' રાજાવતે જિન્સના હિપ પોકેટમાંથી પર્સ કાઢ્યું. 1000 રૂ.ની બે નોટ કાઢી પર્સ બંધ કર્યું, વળી પર્સ ખોલ્યું અને બીજી બે નોટ કાઢી 4000 રૂ. એ આદમીના હાથમાં થમાવ્યા. 'જા એશ કર' બાતમીદારને ખુશ રાખવા એ રાજાવતનો કાયમી ઉસૂલ હતો. તેના બાતમીદારો કોઈ ઠોસ માહિતી આપ્યા વગર, ફક્ત અંગત કારણસર પણ રાજાવત પાસેથી પૈસા લઈ જતાં. રાજાવતને આજે એવો જ જૂનો બાતમીદાર કામ લાગ્યો હતો.

મદદઅલી તેનું નામ, પણ તેને છેલ્લે ક્યારે કોણે મદદ તરીકે બોલાવ્યો હશે એ તો તેને ય યાદ ન હતું. વરલી મટકાના ધંધામાં આંકડા લખવાના ચાલુ કર્યા એ જ દિવસે પાંચ લાખનું સૌથી મોટું પાનું તેના ગલ્લે ખૂલ્યું

ત્યારથી તેનું નામ મદદ પાંચ લખિયા પડી ગયું. પછી મૂળ નામ મદદ નીકળી ગયું અને 'પાંચ લખિયા'નું લટકણિયું જ નામ બની ગયું. પણ ત્યાં સુધીમાં મદદઅલી વરલી-મટકાનો સૂબેદાર બની ગયો હતો.

કોઈ જાતના સત્તાવાર લખાણ, દસ્તાવેજ, પાકી પહોંચ કે હિસાબ વગર ફક્ત બોલાયેલા શબ્દોના ભરોસે અને કાગળની રદ્દી ચબરખી પર ચાલતા મટકાના અબજોના કારોબારની દુનિયા પણ બડી નિરાળી હતી. ઘડિયાળના કાંટે ખૂલતી એ દુકાન વિશ્વાસના પાયે અવિરામ ચાલ્યા કરતી. આંકડા પર સટ્ટો લગાડનારો કદી સટ્ટો લેનારાને ઓળખતો નહિ અને સટ્ટો લેનારો કોણ છે, ક્યાં છે તેની વચેટિયાને ય કદી ખબર પડતી નહિ. તેમ છતાં ય હિસાબનું વરણ રોજ સાંજે અચૂક ચૂકતે થઈ જતું. મટકાના આંકડા લખતાં દસ ગલ્લા પર નિયંત્રણ ધરાવે એ ફોજી, એવા દસ ફોજીનો મટકાનો કારોબાર જેના હાથમાં હોય તે જમાદાર અને એવા દસ જમાદાર રોજ સાંજ પડે જેને મટકાનો હિસાબ સોંપતા હોય તે સૂબેદાર. પાંચ લખિયો હવે સૂબેદાર હતો અને હવે તેને દસ સૂબેદારના હાકેમ બનવું હતું.

સૂબેદારની એ મનખા છેવટે રાજાવતને ફળી હતી. હિંદવાણની ખાડી પર પેલી ભેદી છોકરીની સાથે આવેલો આદમી અભિમન્યુ રાવ હોવાનું ખૂલ્યા પછી રાજાવતને કનડતો સવાલ એ હતો કે એ બંનેને ટવેરા ગાડીમાં ભગાડી ગયેલો ત્રીજો આદમી કોણ હશે? તેણે પંદરેક નામોનું ચેકલિસ્ટ તૈયાર કર્યું. વિરમના જૂના સાથીદારો પૈકી કોણ હોઈ શકે? અભિમન્યુ રાવના દોસ્તારો, મળતિયાઓ હોઈ શકે? એ ભેદી છોકરીની માફક પોલીસના ચોપડાથી દૂર રહેલા અજાણ્યા ચહેરાઓ પણ સામેલ હોય તો? રાજાવતે દરેક શક્યતા બારીકાઈથી ચકાસી જોઈ. એક-એક નામ, એ નામનો ભૂતકાળ અને વર્તમાન, હાલમાં એ ક્યાં છે, શું કરે છે, ઘટનાના દિવસે ક્યાં હતા એ બધી જ વિગતો એ ચેક કરતો ગયો. તેણે આપેલા લિસ્ટમાંથી એક જ નામ કોઈ ઉલ્લેખ વગર કોરુંકટ રહ્યું હતું.

અભરામ સુમરા.

—અને રાજાવતના મગજમાં ઘમસાણ મચી ગયું હતું. વિરમનો એક સમયનો જમણો હાથ છેલ્લા કેટલા ય વખતથી ગાયબ હતો. તેણે સુમરાની કૂંડળી ખોલાવી. એ સાધારણ ટપોરી ન હતો. ફક્ત નિશાનબાજીમાં અવ્વલ શાર્પશૂટર ન હતો. આંખ મીંચીને હુકમ ઊઠાવનારો તાબેદાર પણ ન હતો. એ જેટલો માથાફરેલ હતો એટલો જ ભેજાબાજ હતો. એ જેટલો કાબેલ નિશાનબાજ હતો એટલો જ ચાલાક હતો. એ ડ્રાઇવિંગમાં ય ભલભલા નીવડેલા પ્રોફેશનલ્સને હંફાવતો અને વેશપલટો કરીને હવામાં ઓગળી જવામાં ય માહેર હતો. તો પછી ટવેરા ચલાવતો એ આદમી સુમરા હતો? રાજાવત બહુ જ ઝડપથી નિષ્કર્ષ પર આવી ગયો. તેણે તદ્દન ચુપકીદીથી સુમરાનાં સંભવિત ઠેકાણાઓની તલાશ આદરી દીધી. ક્યાંય જરાક સરખો ય અણસાર મળતો ન હતો.

એ વખતે મદદઅલીએ તેને બાતમી આપી હતી. વરલીમટકાનો હાકેમ ઇન્તાઝ મલેક બહારના પાસિંગવાળી ટવેરા ગાડીની તલાશમાં હતો. મદદની બાતમી પછી રાજાવતે ઇન્તાઝના ફોન નંબર મેળવ્યા. લૅન્ડલાઇન તો આખો દિવસ અઠ્ઠો-પંજો-તીરી એવા ભેદી આંકડાઓથી કલબલતી રહેતી અને મોબાઇલ નંબર પર ઇન્તાઝ મુંબઈની હસીનાઓ સાથે ભદ્દી અને કામુક વાતો કર્યા કરતો. તેનો ફોન ટ્રેસ કરતાં પોલીસકર્મીને ઘડીક તો મજા આવી પણ પછી તેના ય કાન પાકી ગયા. આ તો યાર, સેક્સ સિવાય બીજું કંઈ વિચારતો જ ન હતો. પહેલા પાંચેક કલાકના કોલ રિપોર્ટ પછી રાજાવત પડતું મૂકવા જતો હતો.

છેવટના પ્રયાસ તરીકે તેણે મદદઅલીને ફોન કર્યો હતો અને ઇન્તાઝના બેનામી મોબાઇલ કે સાવ અંગત ફોન

રિસીવ કરવાની મોડસ ઓપરેન્ડી વિશે પૂછ્યું ત્યારે જે ખબર મળી એ જ રંગ લાવી ગઈ હતી. અંડરવર્લ્ડનો કોઈ મોટું માથું પોતાના જાહેર નંબર પર ઓપરેશનની કે અન્ય કશી ગુપ્ત વાત ન કરે એ સાધારણ નિયમ હતો, પરંતુ એ વાત કરવા માટેના તરીકા દરેકના અલગ અલગ રહેતા. ઇન્તાઝની સ્ટાઇલ એ હતી કે એ તેના વિશ્વાસુ હસનનો ફોન વાપરતો. ઇન્તાઝના દરેક ખુફિયા સંદેશા હસનના ફોન પર આવે અને હસન ઇન્તાઝને એ સંદેશા રૂબરૂ પહોંચાડે. રાજાવતે તાત્કાલિક હસનનો ફોન ઓબ્ઝર્વેશનમાં મૂક્યો અને તેને જાણે લોટરી લાગી ગઈ. હિંદવાણની ખાડીની ઘટના પહેલાં રહેવર મંઝિલમાંથી ત્રણ અલગ-અલગ નંબર પરથી ફોન આવ્યા હતા અને ઘટનાના દિવસે મટિયાવાડથી કુલ પાંચ ફોન થયા હતા, જે દરેકના નંબર અલગ હતા પણ મકાન તો એક જ હતું.

'સા'બ, સબ ડિટેઇલ્સ તૈયાર હૈ...' કાસમે અદબભેર કહ્યું. રાજાવત તેજકદમીથી અંદરના ઓરડામાં ગયો. ટેબલ પર પાથરેલા નકશા પર નજર માંડી. જાફર તેને નકશો સમજાવી રહ્યો હતો. હાઈવેને અડીને આવેલી મટિયાવાડની વસાહત જૂની બાંધણીનાં ગીચોગીચ મકાનો અને સાંકડા રસ્તાઓથી છવાયેલી હતી. ત્રણ દિશાએ પડતા મુખ્ય રસ્તા સાથે મટિયાવાડની ચાલીની કાચી કેડીઓ જોડાતી હતી. નીંભાડા, માટીનાં વાસણ વેચતી દેશી દુકાનો, એકબીજાને અડોઅડ ઊભેલાં મકાનો અને તીવ્ર વળાંક લેતા ખાંચાઓ. એવા જ એક ખાંચા પર ઊભા ઘાટનું ત્રણ માળનું એક મકાન. સુમરાનું એ સંભવિત ઠેકાણું.

રાજાવત ક્યાંય સુધી એ નકશાને જોઈ રહ્યો. ગીચોગીચ વસ્તી અને સાંકડી શેરીની ભુલભુલામણીમાં ઓપરેશન પાર પાડવું હોય તો...

ક્યાંય સુધી તેણે વિચાર્યા કર્યું. છેવટે સાહાને ફોન જોડ્યો...

* * *

~

બપોરે 12 વાગ્યા પછી

મટિયાવાડના એ જર્જરિત, ત્રણ માળિયા મેડીબંધ મકાનમાં સન્નાટો હતો. સુમરો હથિયાર, એમ્યુનિશન અને વાહનની વ્યવસ્થામાં પરોવાયેલો હતો. બધું જ વહેલીતકે આટોપીને મટિયાવાડનું આશ્રયસ્થાન છોડી અન્યત્ર જતાં રહેવા માટે તે મન મનાવી ચૂક્યો હતો. સુમરાની સૌથી મોટી ખાસિયત જ આ હતી. એ હંમેશાં સામેની વ્યક્તિના દષ્ટિકોણથી વિચારતો. સાહાની જગ્યાએ પોતે હોય તો શું કરે એ સવાલના જવાબમાં તેણે કેટલાક વિકલ્પો તારવ્યા હતા અને એ દરેક વિકલ્પ મટિયાવાડના અત્યાર સુધી સુરક્ષિત રહેલા આ આશ્રયસ્થાનને જોખમી સાબિત કરતા હતા. અભિ ઓળખાઈ ગયો છે. રાવીની ઓળખ પહેલેથી જ સ્પષ્ટ છે. એ સંજોગોમાં હવે સાહા કે રાજાવત કોઈ પણ હિસાબે તેમને બંનેને ગાડીમાં ભગાડી જનાર ત્રીજા ચહેરાને ઓળખવામાં લાગ્યા હોય. ધારો કે તેમને કોઈ પણ રીતે ખબર પડી જાય કે એ ત્રીજો અજાણ્યો ચહેરો અભરામ સુમરા પોતે છે તો પછી સુમરાનાં ઠેકાણાં શોધી કાઢવાનું ક્રાઇમબ્રાન્ચના શિકારી ભેડિયા જેવા રાજાવત માટે મુશ્કેલ ન હોય.

મટિયાવાડ તેના માટે બે દાયકાથી માના ખોળા જેવું હૂંફાળું રહ્યું હતું, પણ હવે નહિ. તેણે મનોમન ગણતરી માંડી લીધી હતી. સાહા અને રાજાવતની પહોંચથી સલામત રહીને હવે વિરમનો પત્તો લગાવવો રહ્યો. પૈસા જોઈશે. હથિયાર જોઈશે. આદમી, વાહન, કારતૂસ, ખોટી ઓળખના બનાવટી પુરાવા... રાવી અને અભિને વાતો કરતાં છોડીને તે લિસ્ટ બનાવવા બેસી ગયો હતો. લિસ્ટની દરેક જરૂરિયાતની સામે તે વિકલ્પ વિચારતો હતો. પોતાની જરૂરિયાત કરતાં ય અનેકગણું એકઠું કરીને તે સલામત અને સારા વળતરમાં રોકી ચૂક્યો હતો. બનાવટી નામે ખોલાવેલા બૅન્ક એકાઉન્ટ્સમાં એ રકમ નિયમિત જમા થતી રહેતી અને સુમરો ડેબિટ-ક્રેડિટ કાર્ડ વડે ખર્ચતો રહેતો. એ સિવાયની જરૂરિયાત માટે ઇન્તાઝ હતો જ. તેણે ઇન્તાઝના ખાનસામા હુસૈનને ફોન જોડ્યો અને ઇન્તાઝને લિસ્ટ લખાવ્યું હતું. બસ, એ તેની ગંભીર ભૂલ હતી પણ એ ભૂલથી હવે વધુ નુકસાન થવાનું ન હતું, કારણ કે થવું જોઈતું નુકસાન થઈ જ ચૂક્યું હતું.

બપોરે 2 વાગ્યે

'મને હજુ ય તારી વાત આગળ જાણવી છે.' બપોરે જમીને ખાટ પાસે પાથરેલી ગોદડી પર લંબાવતાં અભિએ કહ્યું હતું.

'વી વિલ હેવ પ્લેન્ટી ઓફ ટાઇમ...' રાવીએ ગનના નાળચામાં ઊંડે સુધી કપડું પેસાડવાની મથામણ કરતાં જવાબ વાળ્યો, 'નાવ ફર્સ્ટ ઓફ ઓલ, વી નીડ ટુ થિન્ક ફોર વિરમ. એને છોડાવ્યા વગર આ નકશાનો કે લાઇટહાઉસનો ભેદ આપણે ઉકેલી શકવાના નથી.'

'અફકોર્સ, મને પણ એમ જ લાગે છે.' ધાર્યો જવાબ ન મળે ત્યારે પહેલાં તો ભોળાભાવે શરણાગતિ સ્વીકારી લો અને પછી ઓચિંતા તમારો દાવ ખેલો. કાબેલ રિપોર્ટર તરીકે અભિનું એ મંજાયેલું શસ્ત્ર હતું. ભલભલા રાજકારણીઓની હામાં હા ભણતાં-ભણતાં ક્યારે તે અણિયાળા સવાલનો સિકંજો કસી લેતો એની ખંધા રાજકારણીઓ કે મીંઢા પોલીસ અફસરોને ય ખબર ન પડતી. આદત સે મજબૂર, એ જ ચાલ અત્યારે તે રાવી સામે અજમાવી રહ્યો હતો. 'પણ વિરમને સાહાએ ક્યાં રાખ્યો હશે તેનો તને કોઈ આઇડિયા છે?'

'કમઓન યાર, એવો આઇડિયા હોત તો હું અત્યારે આ ગન સાફ કરતી બેઠી હોત?' રાવીએ પતરાની કૂંપીમાંથી તેલના ટીપા વડે કપડું ભીંજવ્યું અને ટ્રિગરના અંદરના ગ્રૂવ્ઝ પર સફાઈપૂર્વક ઘસ્યું. 'માનસિંહ મહાલ વિશે મને શંકા હતી. એ સિવાય હવે તો સુમરાની જ સલાહ લેવી પડે. બટ હેઈ, એ ક્યાં ગયો છે? સવારનો ક્યાંક ભટક્યા કરે છે.'

'એ એમ્યુનિશનની વેતરણમાં છે અને ગાડી મંગાવવાનું ય કહેતો હતો. વિરમની તલાશમાં સાંજે નીકળવું પડશે ને?' અભિને સુમરા કરતાં ય રાવીએ અધૂરી છોડેલી વાત આગળ વધારવાનો રસ ઝાઝો હતો. 'આ સુમરો ય આમ જુઓ તો તારા મેજર બિહોલા જેવો જ છે...' રાવીએ સવાલસૂચક નજરે તેની સામે જોયું. 'જોને, એ બિહોલો તને અંધારામાં રાખતો હતો તેમ આ સુમરો ય...'

'તો હું બિહોલાની માફક સુમરાના લમણે ય ગન તાકી દઈશ.'

'ઓહ, ક્યા બાત હૈ! તેં બિહોલાના લમણે ય ગન તાકી દીધી હતી? ઇટ્સ સ્ટ્રેન્જ... અનબિલિવેબલ' અભિની ચાલબાજીથી અજાણ રાવી સામેથી જ તેના છટકામાં આવી ગઈ હતી.

બપોરે 2.20 વાગ્યે

'વી આર થ્રી કિલોમીટર્સ અવે નાવ...' રાજાવતે દબાતા અવાજે મોબાઇલમાં કહ્યું.

'કેરી ઓન... બટ નો મોર કેઝ્યુઅલ્ટીઝ... ભરચક એરિયા છે. ગીચોગીચ વસ્તીમાં મકાનને ઘેર્યા પછી જ ફાયર ઓપન કરજે.' સામા છેડેથી હોમ મિનિસ્ટર દયાલ સાહાએ કહી તો દીધું પણ તેના અવાજમાં રહેલો ઉચાટ રાજાવતે પારખ્યો હતો.

'ડોન્ટ વરી સર, જો એ ત્રણે ય ત્યાં હશે તો બે મૅગેઝિનથી વધુ કારતૂસ નહિ વેડફાય. વી આર હેવિંગ બેસ્ટ ઓફ ધ બેસ્ટ શૂટર્સ ઓફ ડિપાર્ટમેન્ટ.'

'કોઈ ફૂટી જાય એમ તો નથી ને?' સાહા પોતાના જ પોલીસખાતાને બખૂબી જાણતો હતો.

'નો વે સર, સેકન્ડ કમાન્ડને ખબર જ નથી કે ઓપરેશન ક્યાં છે. ધે આર જસ્ટ ફોલોઇંગ મી. અને લોકેશન મેપિંગ જેમણે કર્યું એ ટીમના મોબાઇલ મેં પહેલેથી જ લઈ લીધા છે.'

'શાબ્બાશ. આઈ બિલિવ યુ માય ડિયર. ઓલ ધ બેસ્ટ.' સામા છેડેથી ફોન કપાઈ ચૂક્યો હતો. મટિયાવાડ પર ઓફિશિયલ ઓપરેશન લઈ જવાના રાજાવતના સૂચનથી શરૂઆતમાં તો સાહા ભડકી ગયો હતો. પણ રાજાવતે ધીરજપૂર્વક તેને આખો પ્લાન સમજાવ્યો હતો. હિંદવાણની ખાડીમાંથી પ્રવેશેલા અજાણ્યા આતંકીઓ અહીં પનાહ લઈ રહ્યા છે તેવી બાતમી મળે, પોલીસ ફેરચકાસણી કરે, અહીં બંને આતંકવાદીઓ સાથે પત્રકાર અભિમન્યુ રાવ પણ જણાય, પોલીસ શરણે આવવાનું કહે પરંતુ સામેથી ગોળીબાર થાય, વળતા ગોળીબારમાં ત્રણે ય (અથવા પેલો પત્રકાર તો ચોક્કસ) માર્યો જાય. તેમની પાસેથી હથિયારો, દારૂગોળો પણ મળે. હવે સીધું પાકિસ્તાન કનેક્શન સાબિત કરી દો કે પછી મુખ્યમંત્રીના મર્ડરનું કારણ ધરી દો. પબ્લિક ખુશ, મીડિયા ખુશ અને ખાખીનો સિતારો બુલંદ.

'વન્ડરફુલ માય ડિયર...' પ્લાન સાંભળીને સાહાના ભરાવદાર દાઢી હેઠળના ચહેરા પર ખુશીના ગલગોટા ખીલી ઊઠ્યા હતા. 'બટ, મારે એ છોકરી કોઈ પણ હાલતમાં જીવતી જોઈએ.' સાહાના અવાજમાં કિલકારી ફૂટતી હતી. '... અને એ પત્રકાર કોઈ પણ હાલતમાં મરેલો.'

એ પછી રાજાવતે સેકન્ડ કમાન્ડ માટેની ટીમ વીણી-વીણીને પસંદ કરી હતી. મટિયાવાડની સાંકડી કેડી પર ગાડીઓ લઈને સીધા જ ધસી જવું નામુમકિન હતું. તેણે ત્રણ દિશાએથી છાપો મારવાનું આયોજન કર્યું હતું. મોબાઇલના સ્ક્રીન પર તેણે જીપીઆરએસ ચેક કર્યું. હવે તેઓ ફક્ત દોઢ કિલોમીટર છેટે હતા. તેણે ગાડી રોકવા ઇશારો કર્યો. તેની પાછળ એક ઈનોવા હતી અને બીજી ક્વોલિસ મટિયાવાડના પૂર્વ દિશાના હાઈ-વે પરથી આવવાની હતી. ત્રણે ય ગાડીની કોમન ફ્રિક્વન્સી પર સેટ કરેલો વાયરલેસ તેણે ઓન કર્યો.

'હેલ્લો! કોબ્રા હિયર...' ઓપરેશનની ચુસ્તી જાળવવા પોલીસ વાયરલેસ પર તેનો કાયમી કોડ ગોરીલા આજે તેણે બદલી નાંખ્યો હતો. 'કોબ્રા ટુ ક્રો... કોબ્રા ટુ સ્પેરો.'


'ક્રો હિયર...' રાજાવતની ગાડીથી થોડું અંતર રાખીને તેની પાછળ હંકારી રહેલી ઈનોવામાંથી ઇન્સ્પેક્ટર દેવગઢિયાએ જવાબ વાળ્યો. દેવગઢિયા પોલીસબેડાનો મોતીમાર નિશાનબાજ ગણાતો. દેવગઢિયાની ટીમમાં ત્રણ ચુનંદા સબઇન્સ્પેક્ટર અને બે આર્મ્ડ કોન્સ્ટેબલ હતા.

'સ્પેરો હિયર...' રાજાવતની ગાડીથી વિરુદ્ધ દિશામાં સામેના ટ્રેક પરથી આવી રહેલી ક્વોલિસમાં ઇન્સ્પેક્ટર શિંદે હતો. શૂટિંગ રેન્જ પર ભાગ્યે જ કદી 6થી વધુ પોઇન્ટ મેળવી શકેલો શિંદે છાપામાર હુમલામાં એક્કો હતો. મટિયાવાડનું મકાન ઘેરાઈ જાય, ત્રણે ય જણા માટે અંદર પુરાઈ જવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન બચે ત્યારે દીવાલ ચડીને રવેશ વાટે મકાનમાં પ્રવેશવાનું કામ શિંદેની ટીમે કરવાનું હતું અને દેવગઢિયા તથા રાજાવત પોતે તેમને કવર ફાયર આપવાના હતા. પણ એ બધો જ પ્લાન રાજાવતના મનમાં હતો. દેવગઢિયા અને શિંદેને તો એ છેક છેલ્લી ઘડીએ હવે કહી રહ્યો હતો.

'ક્રો... યુ હેવ ટુ ફોલો મી ઓન્લી. વી આર અબાઉટ ટૂ રિચ ટાર્ગેટ... જસ્ટ ફ્યૂ કિલોમીટર્સ અવે.' રાજાવતે મોબાઇલના નોટપેડમાં ટપકાવેલી વિગતો ભણી નજર કરી. 'એન્ડ સ્પેરો, આસ્ક યોર ડ્રાઇવર, તમે મટિયાવાડના ખાંચાથી કેટલા દૂર છો? ઓકે, ફાઇન. એ ખાંચામાં પ્રવેશીને પાંચ મિનિટ વેઇટ કરો. પાંચ મિનિટ પછી 70 મીટર સ્ટ્રેઈટ આગળ જઈને રાઇટ ટર્ન મારો. રાઇટ ટર્ન લીધા પછી અનધર 60 સમથિંગ મીટર એન્ડ યુ હેવ ટૂ સ્ટોપ ધેર. એ પછી રસ્તો સાંકડો હશે. ગાડી ત્યાં જ થોભાવી દઈને સપાટાભેર આગળ વધો. અંગ્રેજી વી શૅઇપમાં સાંકડી ગલી આવશે એ ક્રોસ કરશો એટલે ખૂણા પર એક જૂનું મકાન છે. ઇટ્સ અવર ટાર્ગેટ.' રાજાવત વિચારવાનો ય સમય આપ્યા વગર એકશ્વાસે બોલી ગયો.

'ક્રો, સાંભળ્યું ને? યુ હેવ ટુ ફોલો મી. ત્યાં પહોંચીને તમારે મકાનની રાઇટ એન્ડ બૅક સાઇડ કવર કરવાની છે. ફ્રન્ટ પર હું અને લેફ્ટ સાઇડમાં સ્પેરો... ઇઝ ઇટ ઓકે? કોઈ શક???'

સામા છેડેથી ઓકે કહેવાયું એ સાથે રાજાવતે મૂવ થવાનો આદેશ આપ્યો. એ વખતે તેના ડાબા હાથનો અંગૂઠો અકારણ નખ વડે સીટ ખોતરી રહ્યો હતો. હવેની એક-એક ઘડી તેના માટે ભારે કસોટીની બની રહેવાની હતી.



બપોરે 2.30 વાગ્યે

નમતી બપોરનો સૂરજ કાળાભમ્મર વાદળની કોર ફાડીને મટિયાવાડની છાતી માથે મંડરાતો હતો. વહેલી સવારે પડેલા વરસાદમાં ભીંજાયેલાં મકાનોનાં નળિયાં ક્યારના સુકાઈને ઝગમગવા લાગ્યાં હતાં. સવાર સુધી એકધારું વહીને થાકી ગયેલાં નેવાં તડકાના માર સામે ટૂંટિયું વાળીને લાકડાની થાંભલીએ વળગી સુસ્તાઈ રહ્યાં હતાં. ક્યાંક ચાકડામાં ઘૂમરાતી લથબથ માટીના લોંદા આડો હાથ ધરીને કારીગર આકાર આપવા મથતો હતો, ક્યાંક ઝાળ નાંખતા નીંભાડામાં લાંબો સળિયો પરોવીને ઓરતો કાચાં-પાકાં માટલાં સંકોરતી હતી. ક્યાંક છોકરાઓ પાકી ગયેલાં માટલાંઓ હારબંધ ગોઠવીને કેળવાયેલા હાથે લાલ ગેરુનો પીંછડો મારી રહ્યા હતા. ક્યાંક નાની કૂલડીઓનો ઢગલો તો કશેક તાવડીના થપ્પા. નીંભાડાથી દૂર દીવાલને અઢેલીને કેટલીક બુઢ્ઢી ઓરતો વાળ ફરતો દુપટ્ટો બાંધીને દાંતે બજર ઘસી રહી હતી. તૂટેલા માટલાંની ચપતરીનો ઢગલો કરીને કેટલાક છોકરા સતોડિયું રમી રહ્યા હતા. હાઈ-વેને સમાંતર પતરાના પાર્ટિશન નાંખીને ઊભી કરેલી દુકાનોમાં બુઢ્ઢાઓ ખાંસતા અવાજે સામાન ગોઠવી રહ્યા હતા. સાંજ ઢળ્યે અહીં થોડીક ઘરાકી નીકળતી. મટિયાવાડની આ રોજિંદી દુનિયા હતી.

ધારદાર ખૂણો પાડતી સડકના વળાંકે એક હાથલારી પર પગ ટેકવીને સાથીદાર સાથે સંતલસ કરી રહેલા સુમરાનાં ભવાં તણાયાં. તે ઊભો હતો તેની બરાબર સામેની દિશામાં વળતી ગલીમાં કશીક દોડધામ થઈ હતી. બે-ત્રણ ગાયો ભડકીને સુમરો ઊભો હતો એ દિશામાં ભાગી હતી અને તેમની વજનદાર ખરી કે ઢીંકની અડફેટે આવતાં માટલાંઓનો ભુક્કો બોલતો જતો હતો. એંઠવાડ ખાઈને અલમસ્ત થયેલી એદી ગાયો એમ અકારણ તો ભાગે નહિ. સુમરાએ કમરમાંથી દીવાલસરસા ઝૂકીને સામેની ગલીની દિશામાં ગરદન લંબાવી. બે-ત્રણ અજાણ્યા આદમીઓ (શિંદેની ટીમના) તેજકદમીથી આવી રહ્યા હતા. સુમરો તેમને પગથી માથા સુધી નીરખી રહ્યો. ના, એ મટિયાવાડના જણ ન હોય. એ કોઈ માટલાં ખરીદવા આવેલા ઘરાક પણ નથી. અજાણી કે રોજિંદી ન હોય તેવી સડક પર ચાલતા માણસનાં પગલાં આટલાં મક્કમ ન હોય.

સુમરાના દિમાગમાં ઘંટડીઓ વાગવા માંડી. એ જ વખતે તે ઊભો હતો તેની ડાબી બાજુની સાંકડી ગલી તરફ પણ કશીક દોડધામ થઈ. (રાજાવત અને દેવગઢિયાની ટીમ નાકાબંધી કરીને આગળ વધી રહી હતી.) દીવાલના છાંયે બેસીને બજર ઘસતી બુઢ્ઢી ઓરતો અચાનક ઊભી થઈ ગઈ. સતોડિયું રમતાં છોકરાઓ દડો પકડવાને બદલે ઓઝપાયેલા ચહેરે સુમરો ઊભો હતો એ દિશામાં ભાગ્યા. સુમરા માટે ચૌકન્ના બની જવા આટલું પૂરતું હતું.

તેણે ઊંડો નિઃશ્વાસ છોડ્યો. તેની ધારણા, ઘણી ઝડપથી, પણ સાચી પડી હતી. પોલીસ મટિયાવાડની શેરીઓમાં તેમને ઘેરી ચૂકી હતી. તેણે પહોળા લેંઘાના નેફામાંથી ગન કાઢી. તેની પાસે 12 કાર્ટ્રિઝનું એક જ મૅગેઝિન લોડેડ હતું. તેણે ગણતરીની સેકન્ડોમાં નિર્ણય લઈ લીધો. ત્રીજા મજલે અભિ અને રાવીને ચેતવવા જવાનો હવે સમય ન હતો. એ પોતે ઉપર જાય તો એ પણ મકાનમાં પુરાઈ જાય. તેના કરતાં એ બહાર રહીને છટકવાનો કોઈક રસ્તો ઊભો કરી શકે. એક પણ અક્ષર બોલ્યા વગર તેણે સાથીદારના હાથનો પંજો જોરથી દાબ્યો. પોલીસનું આગમન સમજી જવા માટે આટલો સંકેત પૂરતો હતો. તેણે સાથીદારને ઉપરના મજલે જતાં દાદર તરફ ઇશારો કર્યો અને પોતે સફાઈપૂર્વક મકાનની પાછળ નીકળતી સાંકડી ગલીમાં હાથલારી ધકેલતો વળી ગયો.

બપોરે 2.40 વાગ્યે

દેવગઢિયા અને તેના બે સબઇન્સ્પેક્ટર મકાનની પાછળ જતી એ ગલીની નાકાબંધી કરી રહ્યા હતા ત્યારે સુમરો હાથલારી હડસેલતો મકાનથી દૂર ઊંધી દિશામાં જઈ રહ્યો હતો. આટલી વારમાં જ તેણે માથા પર ગમછો બાંધી લીધો હતો અને પહોળા પાયસાનો મુલતાની લેંઘો ઢીંચણ સુધી વાળીને મજૂર જેવો દેખાવ ઘડી કાઢવાનો શક્ય પ્રયત્ન કરી નાંખ્યો હતો. હવે તે નાકાબંધીની બહાર નીકળી ચૂક્યો હતો. સહજ ક્રમમાં જ તેણે ગળામાં બાંધેલું તાવીજ ચૂમી લીધું.

સુમરો જ્યારે રોડ બ્લોક કરતા પોલીસવાળાને ત્રાંસી આંખે જોતો તેમનાથી વિરુદ્ધ દિશામાં આગળ વધી રહ્યો હતો બરાબર એ જ સમયે રસ્તા પર ખૂલતાં મકાનના દાદર પાસે તંગદિલી ઊભી થઈ ગઈ હતી. મકાનની સામે રાજાવત હજુ તો મોરચો ગોઠવીને બે કોન્સ્ટેબલને દાદરનું અધૂકડું બિડાયેલું બારણું ખોલવા મોકલતો હતો એ જ ઘડીએ લાકડાના દાદર પરથી કોઈના ઊતરવાનો 'ધબ...ધબ' અવાજ સંભળાયો હતો અને ચોંકી ગયેલા રાજાવતના એક જ ઇશારે સામટી પંદર બંદૂકો તકાઈ ગઈ હતી. દાદર ઊતરીને નીચે આવેલો આદમી ડઘાઈ ગયેલી નજરે તકાયેલી બંદૂકોને જોઈ રહ્યો. તેના હાથમાં ટ્રે હતી, ચાના પ્યાલા હતા, કોલ્ડ્રીંક્સની બોટલ અને ખાણાની એંઠી ડિશો હતી. ઉપર ગયો ત્યારે તે સુમરાનો સાથીદાર હતો પણ નીચે ઊતરતી વખતે તે વૅઇટર બની ચૂક્યો હતો. રાજાવતે તેને અટકમાં લીધો અને પૂછપરછ માટે ઇન્સ્પેક્ટર શિંદે તરફ ધકેલ્યો પણ ત્યાં સુધીમાં એ આદમી તેની ફરજ બજાવી ચૂક્યો હતો.

એક સાથે ત્રણ-ત્રણ પગથિયાં કૂદીને ત્રીજા માળે આવેલા એ આદમીએ હાંફતી છાતીએ અને વિસ્ફારિત આંખે બેફિકરાઈથી વાતોએ ચડેલા અભિમન્યુ અને રાવીને પહેલાં ગનનો ઇશારો કર્યો, પછી બહારની તરફ આંગળી ચીંધી અને ઝડપભેર હાથમાં આવ્યાં એ વાસણો, પ્યાલા, ટ્રે ઊંચકીને દાદર ઊતરી ગયો. તેના ઇશારા સાથે જ રાવી છલાંગ લગાવીને તૈનાત થઈ ગઈ. તેણે વેરવિખેર પડેલો સામાન આંખના પલકારામાં કિટમાં નાંખ્યો અને કિટ ખભા પાછળ બાંધી લીધી. કારતૂસનાં બબ્બે મૅગેઝિન તેણે કમર પર બાંધેલા બૅલ્ટમાં ખોસ્યાં અને જમીન પર લેટેલી હાલતમાં કાચિંડાની જેમ કમરમાંથી ઊંચકાઈને રવેશમાં પડતાં બારણાની તિરાડમાં નજર નાંખી.

બહાર તેની આંખની બરાબર સીધમાં એક આદમી દેખાતો હતો. રાવીએ બારણું એકાદ ઇંચ વધુ ખસેડ્યું. હવે બહારનું દૃશ્ય થોડું સ્પષ્ટ થયું. બે આદમી ગન તાકીને મકાનની દિશામાં ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા. રાવીએ તાત્કાલિક નિર્ણય લીધો. અભિને તેણે બારણું ખોલીને ક્રાઉલિંગ કરતાં રવેશ તરફ જવા ઇશારો કર્યો.

'ધે આર કમિંગ ઇન... કવર ધ ડોર એન્ડ ફાયર. કોઈ પણ હાલતમાં એ ઉપર ન આવવા જોઈએ.'

અભિ ઝડપભેર ચત્તોપાટ થઈને બિલ્લીપગે રવેશમાં આગળ વધ્યો. સિમેન્ટના તૂટેલા, જીર્ણ જાળિયાની પાળીની સાવ નજીક તે પહોંચ્યો ત્યારે એ બંને આદમી દાદર સુધી પહોંચી ચૂક્યા હતા. રાજાવત ઉપરની દિશામાં તેના તરફ જ જોઈ રહ્યો હતો પણ મકાનની બરાબર પાછળ ખસી રહેલા સૂરજનો ઊજાસ રાજાવતના ગોગલ્સ ખાળી શકતા ન હતા. નહિ તો ત્યારે જ તેને અભિમન્યુ દેખાઈ ગયો હોત.

બહારથી અભિ ફાયર કરે અને દાદરની તરફ ધસીને પોતે પોઝિશન લે એવી રાવીની સ્ટ્રેટેજી હતી. એ દાદર તરફ લપકી રહી હતી એ જ સમયે તેનો મોબાઇલ ધ્રૂજ્યો. રાવીની કાયમી તાસિર હતી. તેનો ફોન હંમેશાં વાઇબ્રેશન મોડ પર જ રહેતો. તેણે ઘડીભર સ્ક્રીન સામે તાક્યા કર્યું. નંબર અજાણ્યો હતો. શું કરવું? કોણ હોઈ શકે? તેના આ અત્યંત ખાનગી, બેનામી નંબર પર અત્યારે કટોકટીની ઘડીએ કોણ ફોન કરતું હોય? વીજળીની ઝડપે તેના મગજમાં વિચારો ઘૂમરાઈ વળ્યા.

બપોરે 2.44 વાગ્યે

ચંદ સેકન્ડના ફરક સાથે ચાર ઘટના બની.

મકાનની ડાબી તરફ પોઝિશન લઈ ચૂકેલા શિંદેના માણસોએ મકાનની પછીતે સીડી ગોઠવી દીધી હતી અને બે જણા હાથમાં ગન ઝાલીને પહેલા પગથિયે પગ માંડી રહ્યા હતા.

દેવગઢિયાના શૂટરોએ બાજુના એક બંધ, અવાવરું મકાનનું તાળું તોડવા ક્યાંકથી મેળવેલી કોશ ઉગામી હતી. લગભગ અડોઅડ ઊભેલું એ મકાન સરખી જ ઊંચાઈનું હતું એટલે ફાયરિંગ કરવા માટે અને બની શકે તો અંદર ધસી જવા માટે દેવગઢિયાને એ વ્યૂહાત્મક રીતે યોગ્ય લાગ્યું હતું.

દાદર ભણી લપકતાં અટકી ગયેલી રાવીએ ત્વરિત નિર્ણય લીધો અને ફોન રિસીવ કરી કાને માંડ્યો. તેના ચહેરા પર હાશ થઈ આવી. સામા છેડે સુમરા હતો.

નીચેનું દૃશ્ય જોઈને અભિના હૈયામાંથી હાયકારો નીકળી ગયો અને પેટમાં કશુંક ચૂંથાતું હોય તેવો લવકારો ઊપડવા માંડ્યો. દાદરના બારણામાંથી પેલા બે આદમી ઝાંકી રહ્યા હતા. તેમની બરાબર પાછળ રાજાવતના માણસો મકાનની દરેક દિશાએ ગન તાકીને ઊભા હતા. તેઓ બૂરી રીતે ફસાઈ ગયાં હતાં. અભિ ઘડીભર દિગ્મૂઢ નજરે જોઈ રહ્યો. તેણે આંખો બંધ કરી. હોઠ મક્કમતાથી બીડ્યા. સિમેન્ટના જાળિયાની ફાટમાંથી રિવોલ્વરનું નાળચું જરાક તાક્યું. આંખ ખોલી અને ટ્રિગર દબાવ્યું ત્યારે તેના ચહેરા પર હળવાશ આવી ચૂકી હતી. કોઈ પણ ભોગે લડી લેવાના દૃઢ નિર્ણયની હળવાશ. અભિએ બરાબર નિશાન સાધ્યું હતું. દાદર ચડી રહેલા બંને આદમી ઓટલામાં જ ફસકાઈ પડ્યા હતા. એ જ વખતે રાજાવત ચિલ્લાયો હતો અને અંધાધૂંધ ગોળીઓ અભિની દિશામાં છૂટી હતી. ગોળીઓના સૂસવાટા, સિમેન્ટની પાળીનાં ઊડતાં ગચ્ચાં, ભાંગતી થાંભલીઓના નીચે ફેંકાતા ટુકડા અને લાલઘૂમ ચહેરે ઉશ્કેરાટથી ચિલ્લાતો રાજાવત...

મટિયાવાડની એ બપોર બહુ લાંબી ચાલવાની હતી.

* * *

~

અભિમન્યુની કફોડી હાલતઃ

'ફાયર...'

રાજાવત ચિલ્લાયો એ સાથે જ મકાનની સામેના ચોગાનમાંથી એકસામટી બંદૂકો ગર્જી હતી. પોલીસ ઓપરેશનનો પહેલો નિયમ હતો, ટાર્ગેટ ક્લિયર ન થાય ત્યાં સુધી એકસામટું ફાયરિંગ કરીને સામેની વ્યક્તિને ગૂંચવી દો. ડઘાયેલી હાલતમાં તે કશીક મૂવમૅન્ટ કરશે. તેનું સ્થાન લોકેટ થાય એટલે એક પછી એક નિશાનબાજ તેના પર ફાયર કરતો રહે અને તેને ચસકવાની કે વળતું ફાયર કરવાની તક જ ન મળે. એ સંજોગોમાં એ ભાગવાનો પ્રયત્ન કરે એટલે વીંધાઈ જાય.

અભિએ ત્રીજા માળના રવેશમાંથી બે ફાયર કરીને દાદર ભણી ધસી રહેલા બંને સબઇન્સ્પેક્ટરોને ઢાળી દીધા એ સાથે રાજાવતની ટીમના કેળવાયેલા ચાર નિશાનબાજોએ તરત નીંભાડાની આડશ શોધીને પેંતરો લઈ લીધો હતો અને ખુદ રાજાવત બબ્બે પિસ્તોલ વડે આડશની પરવા કર્યા વગર ફાયર કરતો આગળ ધસી ગયો હતો. રવેશની દિશામાં અને વચ્ચેના માળ તરફ અંધાધૂંધ ગોળીઓ છૂટી હતી. ડઘાયેલો અભિ જમીનસરસો ચંપાઈ ગયો હતો. માથા પરથી પસાર થઈને સનસનાટી કરતી ગોળીઓ પાછળ દીવાલમાં પેસીને ઈંટ-ચૂનાનાં છોતરાં વેરતી હતી. સિમેન્ટનાં પીઢિયાંમાં ભોંકાતી ગોળીથી ચાર-ચાર આંગળ જાડાં ભોડાં ઊખડીને હવામાં ઊડતાં હતાં. સામે નિશાન તાકીને વળતું ફાયર કરવાનું દૂર, અભિમન્યુથી તો ગરદન સુધ્ધાં ઊંચી થઈ શકતી ન હતી.

તેણે હિંમત કરીને આંખો ખોલી. હવામાં ઊડતા ચૂનાની સફેદી વચ્ચેથી ચૂંચી આંખે તેણે ક્યાસ કાઢ્યો. એકની ઉપર બીજી એમ ત્રણ ઇંટ ગોઠવીને બનાવેલી જાડી પાળીની આડશ એ એકમાત્ર તેનો આશરો હતો. એ પાળીથી એક તસુ પણ તે ઊંચકાયો એટલે ખલ્લાસ. તેણે ગમે તેમ કરીને રવેશમાં ખૂલતાં દાદરના કઠેડાની આડશ લેવી રહી. એક વાર એ ત્યાં સુધી પહોંચી જાય તો વળતું ફાયર થઈ શકે. તેણે મનોમન અંતરનો તાગ મેળવ્યો. ધડાધડ છૂટતી ગોળીઓ વચ્ચે આઠેક ફૂટ દૂરનો એ કઠેડો તેને આઠ જન્મ છેટો લાગતો હતો. ક્રાઉલિંગ કરવામાં જોખમ હતું. એમ કરવાથી છાતી અને ઢેકા સહેજ ઊંચકાય તો ય એ વીંધાઈ જાય. તેણે સાષ્ટાંગ પ્રણામની મુદ્રામાં બંને હાથ જમીનસરસા લંબાવ્યા. માવજતના અભાવે ઘસાઈને ખરબચડી થઈ ગયેલી ભોંયના ઊખડેલા પોપડામાં આંગળાં ભેરવ્યાં અને શરીરને ભોંય પર સરકાવ્યું.

રાવીની ગૂંચવણઃ

'ઓહ કમ ઓન યાર, તું ક્યાં છે?' સુમરાનો અવાજ સાંભળીને રાવીને હાશ થઈ હતી. સુમરો જવાબ વાળે એ પહેલાં અભિએ કરેલા ફાયરનો અવાજ સંભળાયો હતો.

'આ ફાયર કોણે કર્યું?' સામા છેડેથી સુમરાએ ચિંતાતુર સ્વરે પૂછ્યું. જવાબમાં રાવી કશુંક બોલી પણ ગોળીબારના બિહામણા અવાજોમાં તેના શબ્દો વહી ગયા.

'સુમરા, બરાબર ભીંસાઈ ગયાં છીએ. તું છે ક્યાં?'

'ચિંતા ન કર, હું નાકાબંધીની બહાર છું. એ લોકો બાજુના મકાનમાં પ્રવેશે છે. ત્રણે ય બાજુથી ઘેરો છે. ઓછામાં ઓછા પચીસ લોકો છે.'

'ઓ માય ગોડ...' પિસ્તોલના બૅરલ સાથે રાવીનાં આંગળાં જડાઈ ગયાં અને તેની કથ્થાઈ આંખોમાં વિસ્ફાર તરી આવ્યો.

'તમે ફાયર કરતાં રહો. તારી પાસે એમ્યુનિશન પૂરતું નહિ હોય...'

'અભિની ખબર નથી. મારી પાસે ચાર-પાંચ મૅગેઝિન્સ છે...' રાવીએ પીઠ પાછળ બાંધેલી કિટ પર હાથ ફંફોસ્યો, 'અને કેટલાંક ગ્રેનેડ્સ...'

'શાબ્બાશ બેટા...' સુમરાથી સહજ રીતે જ કહેવાઈ ગયું. બીજા કોઈ સંજોગો હોત તો 'બેટા' સંબોધનથી રાવી કદાચ... પણ અત્યારે એ સમો ન હતો. 'તમે મકાનની બંને તરફ ફાયર કરતાં કરતાં ભોંયતળિયે આવી જાવ. ત્યાં ડાબા ખૂણે પતરાંનો દરવાજો ખોલશો એટલે સંડાસ આવશે. અહીં બધા જ સંડાસ છત વગરના છે એટલે સંડાસની પાળી કૂદીને બાજુના મકાનમાં જઈ શકાશે.'

'પણ ત્યાં...'

'હા, ત્યાં પણ નાકાબંધી છે જ પણ દરેક મકાનનું સંડાસ બાજુના મકાનના સંડાસને અડીને છે. તમે જો ત્રણેક ઘર આગળ વધી શકો તો હું કંઈક ગોઠવણ કરું છું.'

બહાર ગોળીબારના અવાજો વચ્ચે અભિ સલામત તો હશે ને? રાવી એક તરફ સુમરાને સાંભળી રહી હતી અને બીજી તરફ તેનો જીવ રવેશમાં વછૂટતી ગોળીઓ વચ્ચે ફંગોળાતો હતો.

'તને આ નંબર પર હું કહેતી રહું છું. કોનો નંબર છે? સેઇફ તો છે ને?'

'અત્યાર સુધી એ એક દુકાનદારનો નંબર હતો, હવે મારો છે. હિંમત ના હારશો. પાડી જ દો સાલાઓને. હું કંઈક કરું છું.'

સુમરાએ ફોન કાપ્યો એ સાથે રાવીએ મોબાઇલ શર્ટના બ્રેસ્ટપોકેટમાં મૂક્યો. પિસ્તોલના કુંદામાં મૅગેઝિન ઠપકાર્યું અને એક સાથે ત્રણ-ત્રણ પગથિયાં ઠેકતી રવેશની દિશામાં ભાગી.

રાજાવતનો મોરચોઃ

ત્રીજા માળના રવેશમાંથી ગોળી છૂટી કે વચ્ચેના માળના જાળિયામાંથી એ રાજાવત નક્કી નહોતો કરી શકતો પણ ગોળી છૂટી એટલા માત્રથી તેનો જુસ્સો ઊછળી આવ્યો હતો. તેના સાથીદારો મકાનની સામે બંને દિશાની આડશમાં વહેંચાઈને ગોળીઓ છોડી રહ્યા હતા ત્યારે રાજાવત બંને માળે ફાયરિંગ કરતો આગળ ધસ્યો હતો. તડકો બરાબર તેની આંખમાં આવતો હતો. તેણે બીજી ગન હોલ્સ્ટરમાં ખોસીને એક હાથે આંખ આડું નેજવું કર્યું. ઉપરથી ઇંટનાં રોડાં, ચૂના-માટીના રજકણ અને સિમેન્ટનાં મોટાં ગચ્ચાં આડેધડ ફંગોળાઈ રહ્યાં હતાં. તે ઘડીભર નીંભાડાની ફરતા ગોઠવેલા ટીપડાંની આડશમાં ઊભો રહીને ફાયરિંગ કરતો રહ્યો. ઉપર ક્યાંય મૂવમૅન્ટ કળાતી ન હતી. મતલબ કે, અંદર આદમી ઓછા હોવા જોઈએ અથવા તો તેમની પાસે એમ્યુનિશન ઓછું હોવું જોઈએ. જો બહારથી એકધારું ફાયરિંગ જારી રાખીને તેમને હતપ્રભ કરી દેવાય તો...

તેણે મકાનની જમણી બાજુ મોરચો સંભાળી રહેલા દેવગઢિયાને હાક મારી ઇશારો કર્યો. દેવગઢિયા એ વખતે એક મકાનનો કબજો લઈને માણસોને ઉપર મોકલી રહ્યો હતો. રાજાવતના ઇશારાથી તેણે બે માણસોને તેની મદદમાં મોકલ્યા. ફાયરિંગ તેજ કરવાનો રાજાવતે ઇશારો કર્યો એ સાથે પાછળથી તેના આદમીઓએ

એકસાથે ગોળીબાર કરવા માંડ્યો અને મટિયાવાડ બેટલ ઓફ નોર્મન્ડીની માફક ધણધણી ઊઠ્યું. એકધારા ફાયરિંગ વચ્ચે મકાનની અંદર રહેલા આદમીઓ સલામત આડશમાં લપાઈ જવા મજબૂર બની જાય ત્યારે મકાનમાં પ્રવેશીને તેમના પર હુમલો કરી દેવો એવો રાજાવતનો વ્યૂહ હતો. તેણે દેવગઢિયાએ મોકલેલા બે આદમીને દાદર તરફ ઇશારો કર્યો અને પોતે પણ લાંબી ડાંફ ભરતો દાદર તરફ દોડ્યો.

એ હજુ બીજી ડાંફ ભરતો હતો એ જ ઘડીએ ઉપરથી ગોળી છૂટી હતી. ટીપડાંની કિનારી પર તીરછી ઝીંકાયેલી એ ગોળીથી કેરોસીન ભરેલું ટીપડું સળગતા નીંભાડામાં ઊથલ્યું હતું અને ધીમા ઝગારે જલી રહેલો નીંભાડો ભડભડ સળગ્યો હતો.

'રૂક જાવ...' રાજાવતના મોંમાંથી ચીસ નીકળી ગઈ. દાદર ભણી પહોંચવા આવેલા બંને આદમી અને પોતે ઉપરથી થતા ફાયરિંગના આસાનીથી નિશાન બને તેમ હતા. તેણે ભીની, ચીકણી માટી અને કાદવથી ખરડાયેલી જમીન પર પડતું મૂક્યું એ વખતે ઉપરથી દરેક દિશામાં ગોળીઓ છૂટી રહી હતી. ઉપર કેટલા જણ છે તેનો અંદાજ આવી શકતો ન હતો.



રાવીનો સપાટોઃ

એ રાવીનું નિશાન હતું. દાદર ચડીને રવેશમાં પહોંચેલી રાવીએ અભિને પાળીને સમાંતર જોયો અને તેને હાશ થઈ હતી. બીજી જ સેકન્ડે કઠેડા પર ચડીને નીંભાડાની આડશમાંથી આગળ લપકી રહેલા રાજાવતને તેણે નિશાન બનાવ્યો હતો અને મકાનની સામે ક્યાં માણસો લપાયા છે તેની પરવા કર્યા વગર ચારેબાજુ ધડાધડ ગોળીઓ છોડવા માંડી હતી. રાવીને જોઈને હોશમાં આવેલો અભિ સપાટાભેર ક્રાઉલિંગ કરતો કઠેડા તરફ ભાગ્યો હતો. એ બંનેની પોઝિશન વધુ મોકાની હતી. ઊંચાઈ પર હોવાથી સીધું નિશાન તાકી શકવાનો ફાયદો

પણ હતો અને મકાનની પાળીની નૈસર્ગિક આડશ પણ તેમને મળી રહેતી હતી.

'અભિ, હું આ લોકોને સંભાળું છું. તું નીચે વચલા માળે જા અને ત્યાંથી ફાયરિંગ કર...' રાવીએ એક હાથે ફાયરિંગ જારી રાખતાં પીઠ પાછળની કિટ ઢીંચણ પર ઝીલી. અભિ એ માથાફરેલી છોકરીને જોઈ રહ્યો. લંબગોળ ચહેરો, લિસ્સા, ચળકતા ભર્યાભર્યા ગાલ. એ દરેક દિશામાં રાની પશુની માફક ગરદન ઘૂમાવતી હતી અને ગરદનના ઘુમાવ સાથે તેના ટૂંકા, ખુલ્લા વાળ વાછટની જેમ વીંઝાતા હતા. તેની કથ્થાઈ આંખોમાં ભભૂકતો દઝારો જાણે પિસ્તોલની ટ્રિગર પર ભીંસાતો હતો.

'ઓહ કમ ઓન, ગો... સુમરો હાઈ-વે તરફથી કશીક વેતરણ કરે છે. આપણે ફાયરિંગ ચાલુ રાખીને ભોંયતળિયેથી ભાગી શકીએ તેમ છીએ... જલદી જા નીચે...' અભિ નીચે ધકેલાયો એટલી વારમાં રાવીએ આખું મૅગેઝિન ખાલી કરીને સફાઈપૂર્વક બીજું મૅગેઝિન લોડ કરી દીધું હતું. 'અને સાંભળ... આ રાખ... હું નીચે આવીને ભોંયતળિયાનો દરવાજો ખોલું પછી તારે વચ્ચેના માળેથી ફેંકવાનો છે...' દાદરના અંધારિયા પૅસેજમાં અભિ તેના હાથમાં પકડાવાયેલી એ ચીજને ઓળખવા મથી રહ્યો. 'એ ગ્રેનેડ છે... જા, ભાગ જલ્દી...'

વચ્ચેના માળે લાકડાની નકશીદાર થાંભલીઓથી ઘેરાયેલી બારીઓ હતી. બારી ખોલીને ફાયરિંગ કરવાથી તો નીચે ઊભેલા જવાનોના હાથે વીંધાઈ જવાય. અભિ રિવોલ્વર રિલોડ કરીને ઘડીક અસમંજસમાં ઊભો રહ્યો. એ જ ઘડીએ બાજુના સરખી ઊંચાઈવાળા મકાનની બારી ધડામ દઈને ખૂલી હતી અને ત્યાંથી વચલા માળના બંધ ઓરડા ભણી અંધાધૂંધ ગોળીઓ છૂટી હતી. જરાક વારની ગડમથલને લીધે અભિ ફરી એક વાર બચી ગયો હતો. ગણતરીની મિનિટોમાં એ દિશાની બંને બારીઓ ચાળણી જેવી થઈ ગઈ હતી. બારીના કાણામાંથી સૂરજનાં ધસી આવેલાં ચાંદરણાં અંધારિયા ઓરડાની ફર્શ પર બિહામણા ઓળા પાથરતા હતા અને બારી તોડીને ઓરડામાં આમતેમ અથડાતા ફૂટેલા કારતૂસના ખનકારા ભેંકાર ઓરડાની બંધિયાર સ્તબ્ધતાનું બાવડું મરોડતા હતા.

અભિએ નીચે લેટેલી હાલતમાં જાળિયા તરફ ખૂલતું બારણું સહેજ હડસેલ્યું. જોખમ પારાવાર હતું. દરવાજો સ્હેજ વધારે ખૂલી જાય તો નીચે ઊભેલા લોકોને તેની હાજરી વર્તાઈ આવે અને જો તે વધારે ઊંચો થવા જાય તો જમણી બાજુના મકાનમાંથી ફાયરિંગ કરી રહેલાં (દેવગઢિયાના) આદમીઓનો શિકાર બની જાય. તેણે ઘડીભર આંખ બીડી. જિંદગીભર એ પોતાની નિયતિના ભરોસે ચાલ્યો હતો અને તેના બાપનું માથું પોતાના કારણે કદી નીચું ન થાય તેની જિંદગીભર કાળજી રાખી હતી. આજે તેના બાપનો એ ભરોસો સરાણે ચઢ્યો હતો. દુનિયા તેના વિશે શું માનશે તેના કરતાં ય તેના બાપ પર શું વીતી રહી હશે તેનો અહેસાસ તેને ચકરાવી દેતો હતો. તેની આંખોમાં ખુન્નસ પથરાયું. કાળઝાળ બનીને તે પડખું ફર્યો. સામે જાળિયાની ફાંટમાં રિવોલ્વરનું નાળચું ખોસ્યું અને ધડાકો કરી દીધો.

નીચે તેને દીવાલસરસા પાથરેલાં માટલાનાં ઢગલા પાછળ લપાયેલી દેહાતી ઓરતોના જમેલામાં કશીક હિલચાલ વર્તાતી હતી (રાજાવતના માણસો ત્યારે પોઝિશન બદલવા આગળ આવી રહ્યા હતા) પણ ત્યાં ફાયરિંગ કરતાં તેનો જીવ ન ચાલ્યો. ભડકે બળતા નીંભાડાની આગળ એક માણસ ટીપડાને પગથી લાત મારતો તેની પછવાડે લપાઈને આગળ વધવાની કોશિશ કરી રહ્યો હતો. રાવી જો પાળીથી દૂર કઠેડાની સલામત આડશમાંથી ફાયર કરતી હશે તો તેને એ દેખાયો ન હોય તેમ ધારીને ઝનૂને ભરાયેલા અભિએ જોખમ લઈને ય ગરદન સહેજ બહાર કાઢી અને ટીપડાંની આડશે આગળ ધપતા આદમી (રાજાવત)ની

દિશામાં ગોળી ચલાવી દીધી.

બંને દિશા તરફથી મૂવમૅન્ટ એ રોકી શક્યો હતો, પરંતુ મકાનની જમણી તરફથી (દેવગઢિયાના માણસો દ્વારા) એકધારું ફાયરિંગ ચાલુ હતું. એમને જવાબ આપવા એ બારીની દિશામાં ભીંતસરસો ઊભો થવા ગયો ત્યાં જ રવેશમાંથી ઊતરતી રાવીએ સિસકારો કર્યો.

'હું નીચે ભોંયતળિયે જઈને બારણું ખોલું છું. તું મનોમન વીસ સુધી ગણતરી કર. બરાબર 20ના આંકડે નીચે ગ્રેનેડ ઝીંકી ભોંયતળિયે આવતો રહેજે.'

'...પણ નીચે તો...' અભિનું વાક્ય પૂરું થાય એ પહેલાં તો બિલ્લીની જેમ દબાયેલા પગલે છલાંગ લગાવીને રાવીએ સીધો જ નીચે ભૂસકો મારી દીધો હતો. દાદર ઊતરીને તે ભોંયતળિયે જાય તો તો સામે જ મોરચો માંડીને ઊભેલા આદમીને એ દેખાઈ જાય. એટલે રાવીએ દાદરના કઠોડા પરથી જ સીધો કૂદકો મારીને ભોંયતળિયાના અંધારિયા ઓરડામાં પડતું મૂક્યું.

વર્ષોથી બંધ પડેલા એ ઓરડાની ધૂળથી છવાયેલી ભોંય પર પટકાઈને રાવીએ કિટમાંથી નાનકડી બેટન ટોર્ચ કાઢી. બંધિયારપણાથી ગંધાતી હવા, દીવાલો પર બાઝેલાં કરોળિયાનાં જાળાં, ભીંત પર ઘૂમતી ગરોળીઓની છટપટાહટ અને ફર્શ પર ખૂણેખાંચરે દોડાદોડી કરતાં ઉંદરની કાયમ બેહિચક રહેતી સૃષ્ટિ રાવીના દબાયેલા ધુબાકાથી ઘડીક વિક્ષુબ્ધ બની ગઈ. સુમરાએ ડાબી તરફ પતરાનો દરવાજો કહ્યો હતો. રાવીએ હાથના ગોખલા આડેથી એ દિશામાં ટોર્ચ ફેરવી. સાંકળ ભીડેલો પતરાનો કટાયેલો દરવાજો તેને દેખાયો. દરવાજો ખોલી રાખે તો બહારનું અજવાળુ અંદર આવે અને તો સામે ઊભેલા આદમીઓને પણ એ કદાચ દેખાઈ જાય. તેણે અભિની રાહ જોવાનું નક્કી કર્યું.

ફાયરિંગના અવાજો હજુ ચાલુ હતા. એ ગ્રેનેડના ધડાકાની રાહ જોઈ રહી હતી પણ ત્યાં જ ઓચિંતો તેની પડખે જ ધુબાકો થયો. અભિ ગ્રેનેડ ફેંક્યા વગર જ દાદર કૂદીને નીચે આવી ગયો હતો. રાવી હજુ સમજી શકતી ન હતી ત્યાં અભિએ તેનું બાવડું ખેંચ્યું હતું, 'લેટ્સ મૂવ...'

રાજાવતની અવઢવઃ

ટીપડું આગળ ધકેલીને તેની આડશમાં દાદર ભણી લપકવા રાજાવતે પ્રયત્ન કર્યો એ જ વખતે તેની દિશામાં ગોળીઓ છૂટી એટલે રાજાવત અટકી ગયો. ત્રીજા માળેથી કોઈ ફાયરિંગ કરતું હોય તો તેને એ દેખાઈ ન શકે. મતલબ કે વચ્ચેના માળેથી કોઈએ બંદૂક ચલાવી હતી. દેવગઢિયાના માણસો એ તરફ અંધાધૂંધ ફાયરિંગ કરી રહ્યા હતા તો ય એ જીવ પર આવેલો એ માણસ ત્યાંથી નિશાન તાકતો હતો. રાજાવત ઘડીભર હેબતાઈ ગયો. તેને હિંમત ગણવી કે મરણિયા માણસની જિજીવિષા? દાદરના દરવાજા પાસે લપાયેલા બંને આદમી ઓટલા પાછળ સંકોરાઈને જાળિયા ભણી ફાયર કરી રહ્યા હતા. ટીપડા પાછળ મડદાની જેમ નિશ્ચેષ્ટ પડેલો રાજાવત નક્કી નહોતો કરી શકતો કે આટલી ગોળીઓ છૂટે છે ક્યાંથી?

તેણે બંને મોરચાનો ગોળીબાર ઘડીક બંધ કરવા સંકેત કર્યો. પંદર મિનિટમાં આશરે સો રાઉન્ડના ફાયરમાં વીંઝાયેલી હવાએ ઘડીક પોરો ખાધો. છાતીના ધબકારા ય નગારા પર પછડાતી દાંડી જેવા લાગે એવા સન્નાટા વચ્ચે 45 સેકન્ડ સુધી રાજાવત મનોમન ગણતરી માંડતો રહ્યો. અંદરથી થતું ફાયરિંગ અટકી ગયું હતું. યા તો એમનું એમ્યુનિશન ખૂટ્યું કે પછી એમનાં ઢીમ ઢળી ગયાં? ટીપડાંની આડશમાંથી તેણે કોણી સુધી હાથ ઊંચો કર્યો. 1-2-3-4... ચાર સેકન્ડ પછી મકાન ભણી ફરીથી બંદૂકો ધણધણી હતી અને કેળવાયેલા

કમાન્ડોની માફક બે જ લાંઘમાં છલાંગ મારીને રાજાવત મકાનના ઓટલા ભણી ધસ્યો હતો. એટલી વારમાં ઓટલા પાછળ લપાયેલા બંને આદમીઓએ બારણાની અંદર ધસીને દરેક ખૂણે પાણીનો ફુવારો ફેરવતા હોય તેમ સ્ટેનગનનું નાળચું ઘુમાવીને બ્લાઇન્ડ શાવર ફાયર કરી નાંખ્યો. જોખમ હોવા છતાં ય ભુરાયો થયેલો રાજાવત બે ય હાથે પિસ્તોલ ધમધમાવતો ઉપરના મજલે ચડી ગયો. એ જોઈને પાછળથી ધસી આવેલા આદમીઓ ય તેની પાછળ દોરાયા.

નાકાબંધીની બહાર એકઠાં થયેલાં ટોળાની આંખોમાં ઉન્માદ હતો. રોજિંદા ક્રમને શ્વસી રહેલું મટિયાવાડનું નાકું ફક્ત અડધા જ કલાકમાં લોથપોથ થઈને હાંફી રહ્યું હતું. દેવગઢિયાના આદમીઓ હજુ ય બાજુના મકાનમાંથી ગન તાકીને પોઝિશન સંભાળી રહ્યા હતા. શિંદેના છાપામાર આદમીઓએ બાજુના મકાનની દીવાલ ઓળંગીને ત્રીજા માળના રવેશમાં ભૂસકો મારી દીધો હતો. ઉપરથી શિંદેના આદમીઓ અને નીચેથી રાજાવત સહિતની ટીમ, આંખના પલકારે આખું મકાન ઉલેચાઈ ગયું. અંદર કોઈ ન હતું.

'દેવગઢિયાઆઆઆઆ...' રાજાવતની ત્રાડથી જર્જરિત મકાનની દીવાલો ય કાંપી ઊઠી. 'હોલ્ડ ધ રોડ... ચેક એવરી કોર્નર... એ લોકો ભાગ્યા છે. પાછળના રસ્તે જ ક્યાંક... છટક્યા તો તારી ખેર નથી.' રાજાવત બબ્બે પગથિયાં કૂદતો એક-એક માળનો ખૂણેખૂણે ચકાસી રહ્યો હતો. દેવગઢિયા માટે વિમાસણની ઘડી હતી. તેની ટીમના છ આદમીમાંથી બે તો તેણે રાજાવતના ઇશારાથી અંદર મોકલી દીધા હતા. તેણે બીજા મકાનમાં પોઝિશન લઈને ઊભેલા ચારે ય આદમીને નીચે ઉતાર્યા.

આગળ તો રાજાવતનો મોરચો હતો, જમણી તરફ પણ ફાયરિંગ જારી હતું અને ડાબી તરફ દીવાલ હતી. એટલે જો એ લોકો ભાગ્યા હોય તો પાછળ જ ક્યાંક તેમણે નાઠાબારી શોધી હોય. રાજાવતનો તર્ક સાચો હતો. અડોઅડ ઊભેલાં જૂની બાંધણીના બખોલ જેવાં મકાનોમાં ભાગીને એ આસપાસનાં મકાનમાં જ ભરાયાં હોય. હાઈ-વે તરફ જતી ગલીની તો તેમણે નાકાબંધી કરી રાખી હતી એટલે એથી આગળ ભાગ્યાં હોય એ શક્ય નથી.

દેવગઢિયાએ નીચે ઊતરીને ગણતરી માંડી. એ મકાનની પછવાડે હારબંધ ચાર મકાન પછી નાનકડી સડક ફંટાતી હતી. મતલબ કે તેણે આ ચાર મકાનની તલાશી લેવી પડે. તેણે બે-બેની ટીમમાં બે મકાનની તલાશી લેવા આદમીઓ મોકલ્યા અને બાકીના બે મકાનની બરાબર સામે તે પોતે સ્ટેનગન તાણીને ઊભો રહી ગયો. આખું ઘર ફેંદીને એક-એક સામાનનો ઢગલો કરવાનો આદેશ આપીને રાજાવત બહાર આવ્યો. કાદવથી ખરડાયેલાં કપડાંમાં ગુસ્સાથી ભભૂકતો તેનો ધૂળથી ખરડાયેલો, લાલઘૂમ નમણો ચહેરો વધારે મર્દાના લાગતો હતો. બહાર નીકળીને તેણે સિગારેટ જલાવી, ઊંડો કશ લીધો અને અનાયાસે જ દેવગઢિયાની દિશામાં જોયું એ સાથે તેની ચીસ ફાટી ગઈ.

'દેવગઢિયાઆઆઆઆઆ... ફાયર...'

સડકના વળાંક પરથી રિવર્સ ગિયરમાં પૂરપાટ ઝડપે લાલ રંગની ક્વોલિસ ધસી આવતી હતી. રાજાવત પોઝિશન લે એ પહેલાં રિવર્સમાં ક્વોલિસ ચલાવતા આદમીએ ઊંધા હાથે તેની તરફ ધડાધડ ફાયર કરી દીધું હતું. ડઘાઈ ગયેલો દેવગઢિયા કશું સમજે એ પહેલાં આડશ માટે સડકના વળાંક પર મૂકેલી બેરિયર્સ તોડીને ધસમસતી ક્વોલિસ આગળ વધી હતી.

દેવગઢિયો સ્ટેનગનનું નાળચું ઘુમાવે એ પહેલાં...

મકાનની આડશમાંથી લપાઈને રાજાવત વળતો ગોળીબાર કરે એ પહેલાં...

રાજાવતની ત્રાડથી ચોંકેલા આદમીઓ બહાર નીકળે એ પહેલાં...

ચોથા મકાનની બારીના સળિયા પાછળથી ધમાધમ ગોળીઓ છૂટી હતી. દેવગઢિયાની સ્ટેનગન હાથમાં જ ઠઠી રહી હતી અને પડખામાં ગોળી ખાઈને તે ઊથલી પડ્યો હતો. રાજાવતના માથાથી બે જ ઇંચ ઊંચે સરનામા વગરની ટપાલ જેવી બે ગોળી સનનન કરતી પસાર થઈ ગઈ હતી.

—અને એ અંધાધૂંધી વચ્ચે પહેલાં અભિમન્યુ ક્વોલિસમાં ખડકાયો હતો. ક્વોલિસનો પાછલો દરવાજો ખોલીને તેણે ફાયરિંગ શરૂ કર્યું એટલે મકાનમાંથી નીકળીને રાવી ગાડીના ખુલ્લા દરવાજામાં પરોવાઈ ગઈ હતી. દરવાજા બંધ થાય એ પહેલાં તો ક્વોલિસ ગોળીની ઝડપે હાઈ-વેની દિશામાં આગળ ભાગી હતી.

ગિન્નાયેલો રાજાવત બેય હાથમાં પિસ્તોલ ઝાલીને ધડાધડ ફાયર કરી રહ્યો હતો. ક્વોલિસનો પાછલો કાચ વેરણછેરણ કરતી કેટલીક ગોળી ગાડીમાં ય ઘૂસી હતી. ઘડીક ગાડી સર્પાકારે સડક ભણી ફંટાઈ હતી. એક દુકાનના ઓટલા પર પણ ચડી ગઈ હતી. ફાયરિંગ ચાલુ રાખતો રાજાવત બેફામ ગાળો બોલતો છેલ્લી આશા ગળે બાંધીને પાછળ પણ દોડ્યો હતો પણ એટલી વારમાં હાઈ-વે તરફ વળી ગયેલી ક્વોલિસ સલૂકાઈથી પૂરપાટ દોડતી આગળ વધી ગઈ હતી.

* * *

~

'ચાળીસ કિલોમીટર... ચાળીસ કિલોમીટર સુધી પીછો ન થવો જોઈએ. પછી રાજાવત જખ મારે છે...' સુમરો એક્સિલરેટર પર પગ દબાવીને, બીડેલા હોઠે પૂરપાટ ગાડી ભગાવી રહ્યો હતો. પાછળ થતાં ફાયરિંગનો જવાબ વાળવાનું અભિ-રાવી પર છોડીને તે મનોમન આગળનો નકશો આંકી રહ્યો હતો.

નાકાબંધી થાય એ પહેલાં આગળ નીકળી જવામાં સફળ નીવડેલા સુમરાએ ભંગારની એક દુકાને ઊભા રહીને દુકાનદારનો મોબાઇલ તફડાવ્યો હતો. પોતાનો નંબર ટ્રેસ થઈ ચૂક્યો હોય તો જ પોલીસ મટિયાવાડ સુધી આવી પહોંચે એ ન સમજવા જેટલો નાદાન તે ન હતો. રાવીને છટકબારીનો રસ્તો બતાવીને તે હાથલારી હંકારતો હાઈ-વે તરફ આગળ વધ્યો. (એ સમયે રાવી રવેશમાં પહોંચીને અભિમન્યુને વચ્ચેના માળે જવા કહી રહી હતી) હાથલારીને ટેકો દઈને બીડી ફૂંકતા હમાલની માફક તે હાઈ-વે પર ઘડીક ઊભો રહ્યો. એક-બે ઈનોવા, પ્રાડો જોઈને એ લલચાયો હતો પણ તેની આગળ-પાછળ બીજી ગાડીઓ ય હતી એટલે નાછૂટકે તેણે એ ગાડીઓ જવા દેવી પડી.

સમય વીતતો જતો હતો અને સુમરાની ઉતાવળ પણ. એ સતત રસ્તા સામે અને મોબાઇલના સ્ક્રીન પર જોયા કરતો હતો. પહેલેથી જ એ એકલપંડો હતો. ટીમ લીડ કરવી એ તેનો સ્વભાવ પણ ન હતો અને એ તેને જોખમભર્યું પણ લાગતું. મોટા ભાગે હંમેશાં તેણે દરેક ઓપરેશન એકલે હાથે જ પાર પાડ્યું હતું. એ એકની મદદ લેતો તો તેની બીજાને ખબર પડવા ન દેતો. પહેલી જ વાર તેણે અભિ અને રાવી જેવા બિનઅનુભવી જવાનિયાને સાથે રાખીને જોખમમાં ઊતરવું પડ્યું હતું.

શરૂઆતમાં તો તેના ગણતરીબાજ સ્વભાવે એ બંનેને પંપાળીને મૂળ હેતુ સુધી પહોંચવા પ્રેર્યો હતો પણ હવે તેને રાવી અને અભિની સલામતી પોતાની જવાબદારી હોય તેમ લાગવા માંડ્યું હતું. તેને થતું હતું કે એ બે ય બચ્ચાં નાહકનાં ભેખડે ભેરવાઈ રહ્યાં છે. આ દયાલ સાહા, આ રાજાવત... અરે, આ વિરમ સુધ્ધાં કેવા ખૂંખાર, શક્તિશાળી અને ભેજાબાજ છે એ સુમરા બરાબર જાણતો હતો, પણ હવે આ બે ય છોકરડાંનો પગ કૂંડાળામાં પડી ચૂક્યો હતો.

લાલ રંગની ક્વોલિસ તેણે દૂરથી જોઈ એ સાથે તે સતર્ક બન્યો. માથા પર બાંધેલો ગમછો છોડીને હાથમાં લીધો અને પિસ્તોલ તેમાં ઢાંકી દીધી. હાથલારી તેણે રસ્તાની વચ્ચોવચ ધકેલી અને બીજા હાથમાંનો પાવડો હલાવીને તેણે ક્વોલિસ ધીમી પાડવા ઇશારો કર્યો. ડાયવર્ઝન હોવાનું ધારીને ડ્રાઇવરે ગાડી ધીમી પાડી એટલી વારમાં સુમરા પાવડો આમતેમ હલાવી ભેદી ઇશારા કરીને ડ્રાઇવરને મૂંઝવતો રહ્યો. અટવાયેલા ડ્રાઇવરે કાચ ઉતાર્યો એટલે સુમરાએ નજીક જઈને તેના લમણે બંદૂક ધરી દીધી હતી. (એ સમયે રાવી અને અભિ ભોંયતળિયેથી સંડાસની પાળી ઓળંગી બાજુના મકાનમાં પ્રવેશી રહ્યાં હતાં)

ગણતરીની મિનિટોમાં હાથલારી પર માલસામાન બાંધવા રાખેલા રાંઢવાથી એ ડ્રાઇવર બંધાઈને સર્વિસ રોડ માટેના ખાડામાં પડ્યો હતો અને સુમરા તદ્દન ચુપકીદીથી ગાડી આગળ ધપાવતો નાકાબંધીનાં બૅરિયર્સ દેખાય એટલો નજીક ઊભો રહી ગયો હતો. ચોથા ઘરની દીવાલ ઓળંગતી વખતે જ રાવીએ તેને ફોન જોડ્યો કે તરત સુમરાએ પિસ્તોલ કાઢી હતી. ગાડીનું એન્જિન ફાટી પડે એવી તીવ્રતાથી રાઉસ કરીને નાકાબંધી આગળ ઊભેલા પોલીસના આદમીઓને ચોંકાવી દીધા હતા અને એ કશું સમજે એ પહેલાં પૂરપાટ વેગે રિવર્સમાં ગાડી ભગાવી રિયર વ્યૂ મિરરમાંથી નિશાન તાકી અવળા હાથે ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

*

'બ્લોક ધ રોડ...' રાજાવત એક મકાનના ઓટલે બેસીને તાડૂકી રહ્યો હતો. એક હાથે તે મોબાઇલના જીપીઆરએસમાં નકશો ચકાસી રહ્યો હતો અને બીજા મોબાઈલ પરથી કંટ્રોલરૂમને સૂચના આપતો હતો. અણધાર્યા ભીષણ ગોળીબાર પછીની સ્તબ્ધતા સ્થાનિક ચહેરા પર થીજી ગઈ હતી. હતપ્રભ બનેલા કુંભારોના અવિરત ઘૂમરાતા ચાકડા અટકી ગયા હતા અને મૂંગી ઝાળમાં સળગી રહેલા નીંભાડામાં 'તડ્...તડ્...' અવાજ સાથે ફાટી રહેલાં માટલાં સંકોરવાના ય કોઈને હોશ ન હતા.

'વાઘેલા... બુદ્ધિના બળદિયા, ડોન્ટ યૂઝ યોર બુલશીટ બ્રેઇન એન્ડ જસ્ટ ફોલો વોટ આઈ સે...' રાજાવતે જીપીઆરએસમાં દેખાતો નકશો બરાબર મનમાં મઢી લીધો હતો. 'કંટ્રોલમાંથી ઓર્ડર છોડ. વીરનગર હાઈ-વેની શક્ય તેટલી નજીક જેટલી પણ બૅટરી (પેટ્રોલિંગ વાન) હોય એ દરેકને લોકેટ કર. વીરનગર તરફ જતા હાઈ-વે ઉપર મટિયાવાડથી ચાળીસ કિલોમીટર દૂર ફલકના પાટિયા પાસે ત્રણ રસ્તા ફંટાય છે. જેટલી પણ બૅટરી લોકેટ થાય એ દરેકને ત્યાં મોકલ. તું ય તાત્કાલિક આર્મ્ડ પાર્ટી સાથે પહોંચ અને ત્રણે ય રસ્તા, ફલક ડેરીના છેડા પાસેનો હાઈ-વે બધું જ જડબેસલાક બ્લોક કરી દે. એકેએક વાહન ઊંધું-ચત્તું કરી દે, એકેએક આદમી, બાળક, ઓરત બધાનું એકએક લૂગડું ઊતારીને ચેક કર. એક પણ વાહન, એક પણ આદમી સઘન તલાશી વગર નીકળ્યો તો તારી ચામડી ઉતરડીને એનાં જૂતાં બનાવડાવીશ, યાદ રાખજે.' રાજાવતની આંખોમાં ધૂંધવાતી ઝાળ જબાનમાંથી વરસતી હતી. ફોન પર સૂચના આપતાં હવામાં ઘૂમરાતો પિસ્તોલ સાથેનો તેનો હાથ આસપાસ ઊભેલા પોલીસના આદમીઓને ગભરાવતો હતો અને ડરના માર્યા સૌ આમતેમ ખસી જતા હતા. રાજાવત કેટલો સનકી હતો એ કોઈથી અજાણ્યું ન હતું.

'એક્સક્યૂઝ મી સર...'

'શું છે તારે? સાલા ફટ્ટુ, ફાયરિંગ વચ્ચે કૂદકો મારતાં ડર લાગે છે તો જા કોઈ સર્કસમાં નટ-બજાણિયા ભેળો ચરી ખા...' રાજાવત શિંદે પર તાડૂક્યો.

'આઈ એમ સોરી સર, બટ... દેવગઢિયા બૂરી રીતે જખ્મી છે. એમને...'

'તો?? હજુ જખ્મી જ છે ને? મરી જશે તો અહીં મટિયાવાડના આ રસ્તાની વચ્ચોવચ આપણે એનો પાળિયો બનાવીશું...' બાજુની દુકાનના પાટિયા પર લોહી નીંગળતી હાલતમાં પટકાયેલા દેવગઢિયા ભણી તિરસ્કારભરી નજરે તેણે જોયું, '...અને ઉપર લખશું, શહીદસમ્રાટ દેવગઢિયા આ રસ્તા પર એમના બાપના વરઘોડામાં નાચતાં-નાચતાં પતી ગયા છે.'

નાટકિયા અંદાજમાં બોલાયેલા તેના શબ્દોમાંથી કાળઝાળ ક્રૂરતા વરસતી હતી. ઘમંડી રાજાવત બે ચીજ કદી જ સહન ન કરી શકતો, અપમાન અને પીછેહઠ. અને તેની ટીમના કમનસીબે છેલ્લા કેટલાક સમયથી રાજાવતના ભાગે આ બે જ ચીજ સહેવાની આવતી હતી. હવે તેનો ગુસ્સો મર્યાદાની બહાર છટકી ગયો હતો.

'હઠાવ...' તેણે વિકૃત ચહેરે ઘાયલ દેવગઢિયા ભણી હાથ લંબાવતા તાડૂકીને શિંદેને કહ્યું. 'હઠાવ આ ****ને, ગાડી મંગાવ. પીછો કરવા કોણ તારો બાપ જશે?'

'યસ સર, બટ સર...' શિંદેના ધ્રૂજતા પગનો ન રોકી શકાતો થરથરાટ તેના અવાજમાં વ્યક્ત થઈ જતો હતો. 'આ સામાન...??'

'હમ્મ્મ્મ...' રાજાવતે મકાનમાંથી વીણી-વીણીને ઢગલો કરેલા સામાન તરફ જોયું. ગંદી સડક પર તે ઢીંચણિયાભેર ઝૂક્યો. એક નોટબૂકનાં પાનાં ઉથલાવ્યાં અને બાજુ પર ફગાવી. એક બે જૂના, કટાઈ ગયેલા પૅન્ડન્ટ, તાવીજ, દારૂની ખાલી બોટલો, ગંજીફાની બે કેટ. ફાટેલી લુંગી, પહોળા કદના સદરાં, બે પાટલૂન. એ બધું તેણે અલગ દિશામાં ફગાવ્યું.

—અને કપડાંના ઢગલાની નીચે પડેલી ચીજો ભણી નજર નાંખી એ સાથે તેની આંખોમાં કંઈક અજીબ ચમકારો અંજાયો હતો.

*

અભિ અને રાવી ફાયરિંગ કરતાં કરતાં જ ગાડીમાં કૂદી પડ્યાં એ સાથે સુમરાએ ક્વોલિસ ભગાવી મૂકી હતી. પાછળ અંધાધૂંધ ફાયરિંગ થઈ રહ્યું હતું. અભિ વચ્ચેની સીટની બારીમાંથી હાથ બહાર કાઢીને વળતો જવાબ આપી રહ્યો હતો અને રાવી છેક પાછલી સીટ પર કૂદી હતી. એ જોખમી હતું, પારાવાર જોખમી હતું. રાજાવતની પહેલી બન્ને ગોળીથી પાછળના કાચના ફુરચા ઊડી ગયા હતા. પણ રાવીએ એ જ તૂટેલા કાચમાંથી હાથ કાઢીને ચહેરો બહાર કાઢ્યા વગર પાછળની દિશામાં બ્લાઇન્ડ ફાયર કરવા માંડ્યું હતું. તેણે લગભગ આખું મૅગેઝિન ઠાલવી દીધું ત્યાં સુધીમાં મટિયાવાડની સડક પાછળ મૂકીને ગાડી હાઈ-વે પર આગળ વધી ગઈ હતી.

ક્વોલિસ ઝબ્બે કરી એ પહેલાં જ સુમરાએ મનોમન વિચારી લીધું હતું. વીરનગર તરફ જતાં આ હાઈ-વે પર રસ્તાની જમણી બાજુ નાના નાના કસબાઓ, એક રેસ્ટોરાં, ડાબી બાજુ એક પેટ્રોલપમ્પ અને એક સ્ટીલ રોલિંગ મિલ સિવાય ખાસ કંઈ વસાહત આવવાની ન હતી. સળંગ ચાળીસ કિલોમીટર સુધી રસ્તો ક્યાંય ફંટાતો ન હતો અને ચાળીસ કિલોમીટર પછી ત્રણ દિશાએ વળતો હતો. એ ત્રિભેટો ફલક ડેરીના પાટિયા તરીકે ઓળખાતો. પોલીસ નાકાબંધી કરે એ પહેલાં કોઈ પણ હિસાબે ફલક ડેરીનું પાટિયું વટી જવાની સુમરાની નેમ હતી.

'આપણે ક્યાં જઈશું, તારા મનમાં કંઈ પ્લાન છે?' છેક પાછળની સીટ પર આડી પડેલી રાવીનો તેની પ્રકૃતિથી વિપરીત તદ્દન ધીમો અવાજ સંભળાયો. સુમરાએ રિયર વ્યૂ મિરરમાં જોયું. તૂટેલા કાચના દરવાજાને અઢેલીને તે સામેની સીટ પર પગ લાંબા કરીને બેઠી હતી. પસીનામાં ભળી ગયેલી ધૂળથી ખરડાયેલું ટોપ, જિન્સમાં જ્યાં-ત્યાં પડેલાં ધબ્બાં, ગળા નીચે હળવો ઉઝરડો. ગાલ પર આવી ગયેલી વાળની લટ વચ્ચેથી તેને તાકી રહેલી આંખો... એ આંખોમાં થકાન હતી કે ફફડાટ? અચાનક ધીરા પડી ગયેલા તેના અવાજમાં અજંપો હતો કે ડર?

'તને કંઈ થયું છે?' સુમરાએ પૂછ્યું એ સાથે વચ્ચેની સીટ પર બારીની બહાર ઝળૂંબીને હજુ ય ગન તાકી રહેલો અભિ ચોંક્યો અને રાવી તરફ ઝૂક્યો એ સાથે તેના મોંમાંથી ડચકારો નીકળી ગયો.

'માય ગોડ... સુમરા, શી ઇઝ ઇન્જર્ડ... તેને ગોળી વાગી છે...'

ડાબા ખભાની નીચેથી નીકળતું લોહી તેના સ્તન પર થઈને પેટ સુધી પહોંચતાં મોટો ધબ્બો પાડી રહ્યું હતું.

'ડોન્ટ વરી, એમ ઓલરાઇટ... સુમરા, ડોન્ટ સ્ટોપ... ગો અહેડ.'

અભિએ રાવી પર ઝૂકીને તેનો ઘા તપાસ્યો. 'માય ગોડ... ઓ માય ગોડ... તેની શોલ્ડર બ્લેડને તોડીને ગોળી

વચ્ચે ફસાઈ છે. વી નીડ ટૂ ગો ટૂ ધ ડોક્ટર... સુમરા, ગાડી રોક...'

'પ્લીઝ શટઅપ અભિ, આઈ સેઈડ, એમ ફાઇન... સુમરા, આગળ એ લોકો નાકાબંધી કરે એ પહેલાં સલામત જગ્યાએ ભગાવ... પછી જોયું જશે... એન્ડ જેન્ટલમૅન, મને જરા હવા આવવા દે...' રાવીએ જરાક હસીને અભિને કહ્યું. તેના ચહેરા પર તણાતી દર્દની રેખાઓ તે હાસ્યમાં ઓગાળી દેવા મથતી હોવાનું અભિને સ્પષ્ટ વંચાતું હતું. એ બહુ જ જિદ્દી હતી. એ કોઈનું કહ્યું માનવા ટેવાયેલી ન હતી. એ એનું જ ધાર્યું કરશે. નિઃશ્વાસ છોડતો અભિ આગળની ડ્રાઇવર સીટ પર ઝૂક્યો અને ગાડીનું ડૅશબોર્ડ ખોલ્યું, આમતેમ ફંફોસ્યું અને અંદરથી એર ફ્રેશનર તરીકે વપરાતી કોલનની બોટલ કાઢી. પછી પોતે બેઠો હતો એ સીટના લેધરમાં ચાકુ ભેરવીને અંદરથી સ્પોન્જનો ગચ્ચો ઉખેડી લીધો. કોલનમાં તરબોળ કરેલું સ્પોન્જ હાથમાં ઝાલીને તેણે આમતેમ જોયું. પછી ચાકુ વડે પોતાના શર્ટ પર જ કાપો મૂકીને કટકો ફાડ્યો. તેમાં સ્પોન્જનો પેલ ભરીને તે રાવી તરફ ઝૂક્યો.

'કમ ઓન, એની કોઈ...'

'શટઅપ...' અભિએ ડોળા કાઢીને રાવીના ટોપને ડાબી બાજુના ખભા પરથી સહેજ ઊંચું કર્યું. તેની બ્રેસિયરનો સ્ટ્રેપ ખભા પર સરકાવ્યો.

'બીજો કોઈ સમય હોત તો તું અત્યારે ગોળી ખાઈને ઢળી પડ્યો હોત, બચ્ચા!' રાવીના અવાજમાં મજાકનું તોફાન હતું.

'એવો સમય આવ્યો હોત તો કદાચ આ સમય જ ન આવ્યો હોત!'

મરદની એ બચ્ચીએ શબ્દશઃ સામી છાતીએ ગોળી ખાધી હતી. રાજાવતે ક્વોલિસ પાછળ છોડેલી એ પહેલી ગોળી ગાડીના કાચને વીંધીની રાવીના ખભા પર ત્રાંસી ઝીંકાઈ હતી. એ પછી ય રાવીએ આખું મૅગેઝિન રાજાવતની દિશામાં ઠાલવી દીધું હતું. અભિએ હળવે હાથે કોલન વડે ઘા સાફ કર્યો અને રાવીના ટોપનો લીરો ફાડી ખભા ફરતો જેમ તેમ બાંધ્યો.

'સુમરા, આપણે તાત્કાલિક કોઈ ડોક્ટરની જરૂર પડશે.'

'હમ્મ્મ...' એકધારા વેગે ગાડી ભગાડી રહેલા સુમરાના ચહેરા પર પણ હવે ચિંતાની લકીરો પથરાઈ રહી હતી. તેણે ગાડીના વિરુદ્ધ દિશાના ટ્રેક પર જમણી બાજુએ જંગલી બાવળ, આંબલી અને પીપરના ઝાડ પાછળ દેખાતા કસબાઓ ભણી નજર ફેંકી.

'રાવી, તારી કિટમાં ગ્રેનેડ હજુ બચ્યા છે?'

'એકે ય ગ્રેનેડ ફેંકવાની નોબત જ ક્યાં આવી છે? મેં કહ્યું હતું પણ આ ડરપોક ફેંક્યા વગર જ નીચે આવતો રહ્યો.'

'ચૂપ કર, નીચે ફક્ત પોલીસ ન હતી. દીવાલ પાસે ઓરતો અને બાળકો ય હતાં. મેં ગ્રેનેડ ફેંક્યો હોત તો...'

'ચિંતા ન કર બચ્ચા, અહીં કોઈ નથી. કિટમાંથી બે ગ્રેનેડ ઊઠાવ' સુમરાએ ગાડી ઊભી રાખી. અભિએ તેના હાથમાં બે ગ્રેનેડ થમાવ્યા.

'આપણો પીછો કરતી પોલીસને અહીંથી આગળ વધવામાં થોડી તકલીફ પડવી જોઈએ. વળી, આપણે અહીં

રોડ ડેમેજ કર્યો હશે એટલે પોલીસ એમ જ ધારશે કે આપણે આગળની તરફ ગયા છીએ.'

'હમ્મ્... તો?' અભિને હજુ ય સુમરાનો દાવ સમજાતો ન હતો.

'તું જોયા કર...' સુમરાએ બે-ચાર વાહનો પસાર થાય અને રસ્તો થોડો નિર્જન થાય તેની રાહ જોઈ. પછી એક ગ્રેનેડની ક્લિપ ખેંચી અને વીસેક ફૂટ દૂર બરાબર રોડ વચ્ચે દડાની ટપ્પી પાડતો હોય તેમ ફેંક્યો. બોદા અવાજ સાથે હાથબનાવટનો એ બોમ્બ ફાટ્યો અને ડામરનું ચાર-છ ફૂટનું ભગદાળું ઉખાડી નાંખ્યું. (એ વખતે મટિયાવાડમાં રાજાવત શિંદેને પીછો કરવા માટે ગાડી કાઢવાનું કહીને મકાનમાંથી આણેલો સામાન ચકાસવા ઝૂક્યો હતો.) બીજા બોમ્બ વડે તેણે બાજુના ટ્રેકના ય એવા જ હાલ કર્યા અને ગાડી મારી મૂકી. લગભગ દોઢેક કિલોમીટર આગળ જઈને તેણે રાવી, અભિને નીચે ઉતારીને ગાડી ખાળિયામાં ફંગોળી દીધી.

'હવે આપણે જ્યાં રસ્તો તોડ્યો છે તેનાંથીય થોડાક પાછળ પેલા કસબાઓ ભણી જવાનું છે.' અભિ મનોમન સુમરાની ચાલાકીને સલામ કરી ગયો. દોઢ કિલોમીટર આગળ બોમ્બ ફેંકીને રસ્તો તોડાયેલો હોય, ગાડી છેક અહીંથી મળે એટલે પોલીસ તેમને અહીં આસપાસ છુપાયેલા અથવા તો આગળ ગયેલા જ ધારે. એ જોતાં, પીછેહઠ કરીને બીજી દિશાના કસબા ભણી જવાનો સુમરાનો વ્યૂહ આ સંજોગોમાં એકમાત્ર કાબેલ વિકલ્પ હતો.

અભિએ રાવીની તરફ જોયું. તેની આંખો બોઝિલ બની રહી હતી. ખભો સૂજી રહ્યો હતો. જરાક સરખી હવાની લહેરખીથી ય તેના ચહેરા પર દર્દ તરી આવતું હતું. તે સહેજ ઝૂક્યો અને સલૂકાઈપૂર્વક રાવીને ખભા પર ઊઠાવી લીધી. રસ્તો ઓળંગીને બંને ઝડપભેર જંગલી બાવળની ઝાડીની પાછળ થઈને વેરાન વગડામાં ભાગી છૂટ્યાં.

લગભગ અડધા કલાક સુધી એક પણ અક્ષર બોલ્યા વગર બંને દોડતાં રહ્યાં. સુમરો ગમછા હેઠળ પિસ્તોલ ઝાલીને આગળ દોડતો હતો. રસ્તા પરથી પસાર થતા વાહનની ઘરઘરાટી સંભળાય એ સાથે તે સતર્ક બની જતો હતો. સુમરાને ક્યાંય આગળ નીકળી ગયેલો જોયા પછી અભિ ઘડીક હાંફ ખાવા ઊભો રહ્યો. તેણે ખભા પરથી રાવીને નીચે ઉતારી એ સાથે જ રાવીનાં કદમ લડખડી ગયાં. માય ગોડ... પારાવાર દર્દ હેઠળ તે બેહોશ થઈ ગઈ હતી. તેને તાત્કાલિક સારવારની જરૂર પડશે નહિ તો ગેંગ્રીન થવા માંડશે. અભિએ ચિંતાતુર ચહેરે ફરીથી રાવીને ખભા પર ઊઠાવી અને ઊંડો શ્વાસ ફેફસાંમાં ભરીને આંધળી દિશામાં અભાનપણે દોડવા માંડ્યું.

તેના ચહેરા પરથી નીતરતો પરસેવાનો રેલો તેના ગળા અને છાતી પરથી વહીને પૅન્ટના નેફાને ભીંજવતો હતો. ડાબા ખભામાં એકધારું વજન વહીને સબાકા બોલી રહ્યા હતા. ફેફસાંમાં અટવાતો હાંફ છાતીનું પિંજર ફાડીને બહાર આવી જવા ધસતો હતો. કલાકોથી પાણીનો ઘૂંટડો પણ ગળે ઉતાર્યા વગર તે એકધારો એક પછી એક મુસીબતોનો સામનો કરતો જતો હતો. પશ્ચિમ દિશામાં આથમતા સૂરજના કેસરવરણા ઉજાસ હેઠળ તેની આંખો સામે જાતભાતના ઓળા નાચતા દેખાતા હતા. ઘડીકમાં તેની સામે ટીપડું ખસેડતો કોઈ આદમી ધસી આવતો હતો. ઘડીકમાં તેના પડખેથી છૂટતી ગોળીઓમાં બારીના લાકડાનાં ભોડાં ઊખડતાં હતાં. બચવાનો કોઈ વિકલ્પ તેને સૂઝતો ન હતો, ભાગી છૂટવું એ એક માત્ર તેનું લક્ષ્ય હતું.

—અને સમય, સ્થળ, દિશા કે ખભા પરના વજનના કોઈ ભાન વગર તે બસ, અંધાધૂંધ દોડતો જ જતો હતો.

'ઊભો તો રહે... અભિ, એ ય અભિ... ઊભો રહે...' કોઈ તેની સાથે દોડતું હતું, તેનો ખભો પકડીને

ઝકઝોરતું હતું. એ પોલીસવાળો હતો? પોલીસે એમને ફરીથી ઘેરી લીધા હતા? તેણે દોડતાં દોડતાં જ રાવી ફરતા વીંટળાયેલા ડાબા હાથને મજબૂતીથી કસ્યો. રાવીને પોતાના શરીર સાથે વધુ મક્કમતાથી ચાંપી અને જમણા હાથે રિવોલ્વર કાઢી.

'ઓ ય બેવકૂફ, શું કરે છે હરામખોર...' કોઈએ તેના હાથમાંથી ગન ઝૂંટવી લીધી.

એ સુમરા હતો.

તે થોડો સ્વસ્થ થયો ત્યારે ભરવાડના કૂબામાં હતો. લાકડાની પટ્ટી પર નાળિયેરીના પાનની છાજલીથી મઢેલા દરવાજાની બહાર સૂરજ અસ્તાચળે જઈ રહ્યો હતો. સુમરો ખાટલામાં સુવડાવેલી રાવીને ચિંતાતુર ચહેરે જોઈ રહ્યો હતો. તેણે રાવીના ચહેરા પર આર્જવપૂર્વક હાથ મૂક્યો. એ તાવથી ધગધગતી હતી. તેના ખભા ફરતા સુમરાએ વાંસના ખપાટિયા મજબૂતીથી બાંધીને કશુંક ઝોળી જેવું બનાવ્યું હતું.

'શી નીડ્સ ડોક્ટર...' તેણે સુમરા સામે જોયું.

'હમ્મ્મ્...' સુમરાએ ઊંચે જોયા વગર કહ્યું. ઓછામાં ઓછું બોલીને મનોમન સતત રસ્તો શોધ્યા કરવો એ આફતના સમયે સુમરાની તાસીર બની જતી.

'મારા મોબાઇલમાં ડોક્ટરના નંબર્સ છે. લે'મી ચેક ઇટ.'

'તારો મોબાઇલ ઓન ન કરીશ. તારો નંબર એમની પાસે હોય જ. એ આસાનીથી ટ્રેસ થઈ શકે છે.'

'અરે ભાડમાં જાય ટ્રેસિંગ, આ છોકરી અહીં આ હાલતમાં છે અને તને પકડાઈ જવાની ચિંતા થાય છે?'

'ગધેડા, તો શું તું એમ માને છે કે પકડાઈ જઈશું એટલે રાવી સાજીનરવી થઈને હિમાલય ચડવા જેવી થઈ જશે? બેવકૂફ, એ લોકો તને, એને કે મને કોઈને છોડવાના નથી.' સુમરો ગુસ્સાથી બબડતો રહ્યો એટલી વાર અભિ ખિસ્સાં ફંફોસતો હતો. ઘડીભર એ વિચારમગ્ન ઊભો રહ્યો...

—અને ત્યાં જ ઢગલો થઈ ગયો. તેના ખુલ્લા મોંમાંથી ઊના ઊના સિસકારા નીકળતા હતા અને તે સતત માથું ધુણાવતો હતો.

'કેમ, શું થયું?'

'મારો મોબાઇલ ત્યાં રહી ગયો...' અભિએ તદ્દન રડમસ અવાજે કહ્યું.

'ત્યાં એટલે ક્યાં? ગાડીમાં?'

'ના, મટિયાવાડમાં...'

'અરે ભાડમાં ગયો ત્યાં ભુલાઈ ગયો તો... આમ પણ તારો નંબર એમની પાસે હોય જ એટલે એ મોબાઇલ તો હું તને ઓન કરવા જ ન દેત. ડોક્ટરની વ્યવસ્થા તો બીજી રીતે ય થઈ શકશે. તું ચિંતા ન કર.'

'મને બીજી ચિંતા છે...' અભિના અવાજમાં હવે કંપારી વર્તાતી હતી.

સુમરા ચોક્યો. 'એટલે??? તું શું કહે છે યાર, ખુલીને બોલ ને...'

'એ મોબાઇલમાં પેલો નકશો પણ હતો.'

*

રાજાવત ક્યાંય સુધી તાકી રહ્યો. તેના મનોભાવ કરતાં ય વધુ ઝડપે તેના ચહેરાના હાવભાવ બદલાતા રહ્યા. તેણે મોબાઇલ ત્રાંસો કર્યો, ઉલટાવ્યો, સહેજ નમાવ્યો. છેક નાકની દાંડી સુધી લાવીને અંદર દેખાતો નકશો અને તેમાંની તસવીરો નિહાળી અને પછી ખડખડાટ ઠહાકો મારતાં હુકમ છોડ્યો.

'શિંદે, ગાડી નિકાલ...'

તેના અચાનક બદલાયેલા મિજાજથી પોલીસના આદમીઓ હતપ્રભ હતા, પણ એ કોઈની પરવા કર્યા વગર મનોમન પોરસાઈ રહેલા રાજાવતના દિમાગમાં ફતેહનાં નગારાં વાગતાં હતાં... હવે સાલો દયાલ સાહા જખ મારે છે!

* * *

~

હાઈ-વેને સમાંતર ત્રણેક કિલોમીટર અંદરની તરફ ત્રીસ-ચાળીસ કૂબાઓનો એ નેસ હરભમ માલાના નેસ તરીકે ઓળખાતો. દોડાદોડ આવેલા સુમરાએ પહેલાં તો 'એક્સિડન્ટ થયો છે, તાત્કાલિક મદદની જરૂર છે' એવું કહીને નેસના બે-ત્રણ જુવાનિયાને જોડે આવવા તૈયાર કરી લીધા હતા. ખાટલો ઊંચકાવીને સુમરો તેમની સાથે પાછો ફર્યો હતો અને રાવીને તેમાં સુવડાવીને તેઓ નેસમાં પ્રવેશ્યા ત્યાં સુધીમાં નેસનો મુખિયો હરભમ માલા કડિયાળી ડાંગ પછાડતો આવી ગયો હતો. કેસ એક્સિડન્ટનો નથી પણ કશીક પોલીસની ગરબડ છે એ સમજવું હરભમ માટે આસાન હતું પણ સુમરા માટે હરભમ પોતે ખાસ અઘરો ન હતો. હરી પત્તીની લાલચમાં હરભમને તેણે બરાબર પલાળ્યો હતો.

હરભમ માટે આવા ગોરખધંધાની નવાઈ ન હતી. અંધારિયા, એકાકી વગડામાં થઈ શકતા તમામ ગેરકાનૂની ધંધાને તેણે કંઈક ને કંઈક બદલો લઈને ઓથ આપી હતી. તેણે તરત પોતાના ચાર-પાંચ લઠ્ઠાને તૈયાર કર્યા અને તેમને હાઈ-વે ભણી નજર રાખવા રવાના કર્યા. પછી તેણે કૂબાઓની પછવાડે ખુલ્લી ગમાણમાં આડા પડખે બેસીને હાંફતા ડાઘિયા કૂતરાઓને બૂચકાર્યા હતા. ખુલ્લા વગડામાં દૂધાળા ઢોરના રક્ષણ માટે સશસ્ત્ર બોડીગાર્ડની ગરજ સારતાં એ પાળેલા કૂતરાઓને તેણે ચારે દિશામાં છૂટા મૂકી દીધા. હવે પાંચ-સાત કિલોમીટરના પરિઘમાં પોલીસ પગ મૂકે કે તરત હરભમને તેની ગંધ આવી જવાની હતી. વચ્ચેના કૂબામાં ત્રણેયને રવાના કરીને હરભમે પોતે કાંટાળી વાડથી ઘેરાયેલા ચોગાનમાં ખાટલો ઢાળ્યો ત્યારે તેનો તમામ ઇન્તઝામ રસપૂર્વક નિહાળી રહેલા સુમરાની આંખોમાં ધરપત હતી.

આખી રાત રાવીનો તાવ ધીખતો રહ્યો હતો અને રાતભર તે સનેપાતમાં બબડતી રહી હતી. તાવની ગરમીથી તવાયેલો તેનો ચહેરો કૃશ થઈ ગયો હતો. પુષ્કળ લોહી વહી ગયા પછી ખભાથી નીચેનો હાથ ફિક્કો પડી ગયો હતો. સ્નાયુનું જાળું તોડીને હાંસડીના હાડકામાં પેસી ગયેલી ગોળીથી શોલ્ડર બ્લૅડમાં મલ્ટિપલ ફ્રૅક્ચર થયાં હોવાની અભિની ધારણા હતી. આખી રાત તેણે રાવીની પાસે બેસીને મીઠાંનાં પાણીનાં પોતાં મૂક્યાં હતાં. રાવી ક્યારેક અસંબદ્ધ બબડી જતી હતી, ક્યારેક સફાળી બેઠી થવા જતી હતી. દર્દથી વિકૃત થઈ ગયેલા તેના ચહેરાની બદલાતી રેખાઓ આખી રાત અભિ અનિમેષ તાક્યા કર્યો. કમાલ છે આ છોકરી! ક્યાં તિબેટની સરહદે પહાડીઓ વચ્ચે આવેલું ચમોલી અને ક્યાં આ ભરવાડનો સાંકડો, ગંધાતો, અંધારિયો કૂબો! ક્યા જોશ પર સવાર થયેલી આ છોકરી અહીંથી તહીં કુટાતી હતી? એવું કયું ઝનૂન તેને વળગ્યું હતું કે જે હોઠ પર લિપસ્ટિક ફેરવવાની ઉંમરે છાતીમાં ગોળી ખાવા તેને પ્રેરતું હતું? ચિંતા, તાજુબી અને અહોભાવથી અભિ તેને જોતો રહ્યો હતો.

'લે, આ પહેરી લે...'

અભિએ નજર ઘુમાવીને જોયું, સુમરા ભોંય પર બેસીને કશુંક ફેંદી રહ્યો હતો. તેણે લંબાવેલાં કપડાં ભણી અભિ અસમંજસપણે તાકી રહ્યો.

'એકાદ કલાકમાં આપણે નીકળવું પડશે.'

'કેવી રીતે?' અભિની આંખોમાં સવાલ ઝબક્યો અને તરત અલોપ થઈ ગયો. ગમે તેવી ભીષણ હાલતમાં ય તદ્દન ઠંડા કલેજે વિચારી શકતા સુમરા માટે અભિને અપરંપાર તાજુબી હતી.

'હાઈ-વે પર આખી રાત પોલીસ પેટ્રોલિંગ જારી રહ્યું છે.'

'તો?'

'અહીંથી આપણે હાઈ-વે સુધી જવાનું છે. ત્યાંથી ફલક ડેરીમાં દૂધ ભરવા જતાં ભરવાડો જોડે ગાડીમાં ચડી જઈશું.' હવે અભિને સુમરાએ લંબાવેલા કપડાંનો ભેદ સમજાયો.

'પણ...' તેણે રાવી તરફ હાથ લંબાવ્યો. 'રાવીને કેવી રીતે લઈ જઈશું?'

'થઈ પડશે... કંઈક તો કરવું જ પડશે. નહિ તો અહીં જ એ સડી મરશે.' સુમરા જેવા ભડભાદરના ચહેરા પર પણ અંકાયેલી ચિંતા વાંચીને અભિ સફાળો ઊભો થયો.

અડધા કલાક પછી બંને કૂબાની બહાર નીકળ્યા ત્યારે પૂર્વમાં ભળભાંખળું થઈ રહ્યું હતું. ખાટલા પર માથું ટેકવીને ઊંઘરેટી આંખે આડો પડેલો હરભમ માલા તેમને ઘડીભર જોઈ રહ્યો અને પછી આડેધડ વધેલી દાઢી અને જાડી મૂછો હેઠળ તેના પીળા હોઠ મલકાટમાં વંકાયા. તેણે કાઢેલો અસબાબ આ બંનેએ બરાબર કામે લગાડ્યો હતો. મેલા, જાડા, બરછટ માદરપાટની ધોતી, ઉઘાડા શરીર પર વીંટાળેલી કામળી અને માથા પર પનિયું બાંધેલો પહાડ જેવો તોસ્તાન કદનો અભરામ સુમરા વધેલી દાઢીને લીધે અદ્દલ વગડાનો માલધારી લાગતો હતો.

અભિમન્યુએ પણ ચસોચસ ચોયણી ઉપર ખુલ્લી વાધરીનું કેડિયું પહેરી તેના પર ચહેરો ઢાંકવા ધાબળો ઠઠાડ્યો હતો. બે ટીપાં પાણીમાં કલાડાની થોડી મેશ પલાળીને તેનો ગોરો ચહેરો થોડો કાબરચીતરો કરેલો હતો. સફાઈબંધ કાપેલા વાળ ઢાંકવા તેણે ગમછો બાંધ્યો હતો. તેમને જોઈને હરભમ માલાના મોંમાંથી ય ડચકારો નીકળી ગયો. બેઉના પગમાં અણિયાળી ચાંચના જાડા ચામડાના જોડા અને હાથમાં લાકડી ગોઠવો એટલે પોલીસ તો શું, ગાય-ભેંશ પણ થાપ ખાઈ જાય.

બેહોશ રાવીના જિન્સના પાયસા ઢીંચણથી કાપીને તેના ઉપર ખરબચડા કાળા મલીરનો સાંકડા ઘેરવાળો તાયફો વીંટ્યો હતો. સૂજી ગયેલા હાથને ખાસ હલાવ્યા વગર સ્લીવમાંથી તેનું ટોપ ફાડીને તેની ઉપર જેમતેમ કમખો ચઢાવી ઉપર કામળી વીંટી દીધી હતી. બેય હાથમાં કોણી સુધી પતરાંનાં બલોયાં, હાથીદાંતના કડાં પહેરાવી તેના ચહેરાની નૈસર્ગિક કુમાશમાં મેંશ અને હળદરના થોડા લપેડા મારી દીધા. બેશુદ્ધ હાલતમાં ઈજાના દર્દ અને તાવથી કણસતી રાવી માલધારી ઓરત તરીકે જાજરમાન લાગતી હતી.

મોંસૂઝણું થાય એ પહેલાં ગાય-ભેંશ, ગાડર-બકરાં દોહીને હાઈ-વે પર ઊભા રહી જવાનો આસપાસના દરેક કસબાના માલધારીઓનો રોજિંદો ક્રમ હતો. ડેરીમાં દૂધ જમા કરાવી ચાર રસ્તા પર ભરાતા નાનકડા બજારમાં ખરીદી પતાવીને સૌ આઠ-નવ વાગ્યે કસબામાં પરત આવી જતા. સુમરાએ હરભમ માલા જોડે સંતલસ કરી લીધી હતી. એ મુજબ, રોજિંદા ક્રમમાં દૂધ ભરવા જતાં માલધારીઓના સ્વાંગમાં નેસમાંથી આજે સુમરા અને અભિમન્યુ ઉપરાંત બીજા ચાર આદમી અને ત્રણ ઓરત નીકળ્યાં હતાં. હાઈ-વે સુધી ખાસ ભય ન હતો એટલે બેહોશ રાવીને ઝોળીમાં સુવડાવીને સૌએ ખભે ઊંચકી હતી. હાઈ-વે પર વાહનમાં બેસતાં સુધી ય બહુ વાંધો આવે તેમ ન હતો. ત્રણે ય ઓરતોના જમેલા વચ્ચે રાવીને ઘૂમટો તાણીને બેસાડી દેવાની હતી. ખરું જોખમ નાકાબંધી પર હતું. ત્યાં કેટલા આદમીઓ હશે, ચેકિંગ કેવુંક સઘન હશે, તેમની તસવીરો પહોંચી ગઈ હશે કે કેમ એ વિશે નરી અટકળો પર જ આધાર હતો એટલે સુમરા અને અભિએ પડશે એવા દેવાશે જેવો અધ્ધરતાલ વ્યૂહ વિચાર્યો હતો. અહીંથી કોઈ પણ હાલતમાં જેમ બને તેમ જલદી નીકળવું એ

તેમનું એકમાત્ર લક્ષ્ય હતું.

ભળભાંખળું થવા આવ્યું હતું. તૂટેલી સડક પાસે પહોંચીને ડ્રાઇવરે ગાડી નીચે ઉતારવી પડી હતી. વાંકાચૂકા ખાળિયામાંથી જેમતેમ રસ્તો કરતો ડ્રાઇવર ગાળો બબડતો હતો એ જોઈને હરભમે સુમરા સામે આંખ મિચકારી હતી. ગ્રેનેડના ધડાકા સાંભળીને જ ચરિયાણમાં ઘૂમતો હરભમ નેસમાં દોડી આવ્યો હતો. હવે તે સમજી શકતો હતો કે એ કારસ્તાન સુમરાનું જ હતું. ગ્રેનેડે પણ કમાલ તો કરી જ હતી. બબ્બે ફૂટ જેટલા ડામરના પોપડાં ઊખડીને જ્યાં ત્યાં વેરાયા હતા અને મૂરમ, કપચી બહાર આવી ગયાં હતાં. મહામુસીબતે ડ્રાઇવરે એ ફરજિયાત ડાયવર્ઝન પાર કર્યું હતું.

દોઢ કિલોમીટર છેટે ખાળિયામાં ઉતારેલી ક્વોલિસને જોઈને ગાડીમાં બેઠેલા માલધારીઓમાં વળી કુતૂહલ જાગ્યું હતું. કોઈક પીધેલા ડ્રાઇવરે ઉતારી દીધી હશે એવા અભિપ્રાય પણ વ્યક્ત થયા હતા. ક્વોલિસની આસપાસ ઊભીને બીડીઓ ફૂંકતા ત્રણ-ચાર પોલીસવાળાએ તેમની ગાડીની કોઈ દરકાર ન કરી એટલે સુમરો સતર્ક થઈ ગયો. મતલબ સાફ હતો, આગળ જડબેસલાક નાકાબંધી હોવી જ જોઈએ.

—અને ખરેખર એમ જ હતું.

ફલક પાટિયાથી 100 મીટર આગળ જ ડામરનાં પીપડાં અને લોખંડની જાળીઓ મૂકીને આડશ ખડી કરી દેવાઈ હતી. ગાડી ઊભી રહી કે તરત એક પોલીસે ડ્રાઇવરને નીચે ઉતારી દીધો હતો. એક જવાન ડ્રાઇવરની કૅબિનમાં ઘૂસ્યો હતો અને પાછળનું પાટિયું ખોલીને સૌ પેસેન્જરોને માલસામાન સાથે ઊતરી જવા કહેવાયું હતું. હવે જ ખરાખરીનો મામલો હતો. સુમરાએ અભિ અને હરભમની સામે જોયું. ખુલ્લા વગડામાં પલોટાયેલા હરભમ માલા માટે આટલો ઇશારો કાફી હતો.

'કાં સાયેબ, આ હું માંઈડું સે?' પાટિયું ખોલાયું એ સાથે જ ઠેકીને નીચે ઉતરેલા હરભમે ડાંગ પર હાથ ટેકવીને પોલીસના આદમીને પૂછ્યું.

'ચૅકિંગ છે. મોટાસાહેબનો ઓર્ડર છે. પુરુષો આ તરફ ઊભા રહી જાવ અને બૈરાં પેલી તરફ.' વિરોધથી ટેવાયેલા પોલીસે હરભમની સામે પણ જોયા વગર કહી દીધું.

'પણ શેકિંગ બા'રના વાહન ને બા'રના માણહનું હોય ને? અમારે તો આ રોજનું સે. મોડું થ્યા કેડે ફલકવાળા ના પાડી દેહે તંઈ કોણ તમારો મોટો સાયેબ અમને રૂપિયા હરગાવશે? ધંધાના ટાઇમે આમ હવાર-હવારમાં હું પત્તર ખાંડો સો?' હરભમે ઉગ્રતાથી વિરોધ કર્યો એટલે પાછળથી બીજી ગાડીમાં આવેલા બીજા નેસવાળા ય કલબલાટ કરતાં વિરોધમાં જોડાયા.

નાકાબંધીની પેલી તરફ ખુરશી ઢાળીને બેઠેલા ક્રાઇમબ્રાન્ચના ઇન્સ્પેક્ટર વાઘેલાની ધાકથી પોલીસના આદમીઓએ વિરોધ ગણકાર્યા વગર પુરુષોની તલાશી લેવા માંડી પણ બૈરા હજુ ગાડીમાંથી ઊતર્યાં ન હતાં.

'તમને કહ્યું એ સંભળાતું નથી? બૈરાં ઊતરીને આ તરફ આવી જાવ. તલાશી તો બધાની લેવી પડશે.'

'એટલે? તું બૈરાંની તલાશી લઈશ? બૈરાંને તું હાથ લગાવીશ?' ડાંગ ઉછાળતા આગળ ધસી આવેલો હરભમ હવે તુંકારા પર ઊતરી આવ્યો. મામલો સંવેદનશીલ બને તો જ બીજા નેસવાળા ય ઉગ્રપણે વિરોધમાં સાથ આપે તેમ હતા. હરભમનું તીર બરાબર નિશાન પર જ વાગ્યું. બીજા નેસના બૈરાંમાંથી ય કો'ક ઘૂમટા હેઠેથી બોલ્યું, 'હાથ તો હેનીનો લગાડે? એક બલોયા ભેગું ડાચું ન તોડી નાંખીએ?'

દૂધ ભરવામાં મોડું થવાનો કચવાટ તો હતો જ, એમાં વળી બૈરાંની ય તલાશી લેવાની વાત ભળી એટલે માલધારીઓનો દેકારો વધ્યો. ગભરાયેલો પોલીસવાળો દોડતો મોટાસાહેબ પાસે ગયો. સાહેબે જાતે આવીને તાલ જોયો. ડેરીએ આપેલી દૂધનો હિસાબ રાખવા માટેની કેટલીક ડાયરી ય ચકાસી. છેવટે પુરુષોની પૂરેપરી જડતી લઈને વાહન આગળ જવા દીધું ત્યારે સુમરાના ચહેરા પર હાશ હતી પણ અભિના ચહેરા પર હજુ ય તંગદિલી પથરાયેલી હતી.

હવે ક્યાં જઈશું?

*

ગાડી ઊભી રહી કે તરત રાજાવત ઠેકીને ઊતર્યો. તેની આંખોમાં ઉજાગરાની લાલાશ અને ચહેરા પર એકધારી તંગ મનોસ્થિતિનો થાક હતો. મટિયાવાડથી નીકળીને તેણે સાંજ ઢળી ત્યાં સુધી નાકાબંધીનું નિરીક્ષણ કર્યું હતું અને સવાર પડે કે તરત આસપાસના કસબાનું કોમ્બિંગ કરવાનો ય આદેશ આપી દીધો હતો. ક્વોલિસમાંથી તેમને ખાસ કોઈ કડી હાથ લાગે તેમ ન હતી. ડોગ સ્ક્વોડના સ્નિફર્સે ગાડીમાંથી આવતી કોઈ તીવ્ર ગંધને બરાબર પકડી હતી. (રાવીનો ઘાવ સાફ કરવા માટે અભિએ વાપરેલા એરફ્રેશનર કોલનની એ ગંધ હતી) ગંધ પકડીને ભુરાયા થયેલા કૂતરા રસ્તો ઓળંગીને બીજી તરફ ગયા હતા પણ વળી કશોક ગૂંચવાડો અનુભવતા હોય તેમ ગોળ-ગોળ ઘુમરાટા મારતાં (સુમરા અને અભિ ભાગ્યા હતા તેનાથી ઊંધી દિશામાં) ભાગ્યા હતા. એમણે ક્વોલિસ છોડી હતી એ જગ્યાથી પાંચસો મીટર દૂર સ્ટીલ રોલિંગ મિલ હતી. રોલિંગ મિલના બોઇલરની ચીમની બળેલા ડીઝલની તીવ્ર વાસ છોડતી હતી. અભિ અને સુમરાના સદ્નસીબે ડીઝલ અને કોલનના સ્પિરિટની ગંધ વચ્ચે સ્નિફર ડોગ ગૂંચવાઈ ગયા હતા.

સવારે સૂરજ ઊગ્યો કે તરત હાઈ-વેની બંને તરફના કસબાઓ અને માલધારીઓના નેસમાં કોમ્બિંગ પાર્ટી મોકલાઈ ગઈ હતી (એ સમયે બેહોશ રાવીને ફલક ડેરીના પાછળના ચોગાનમાં અભિ ઉતારી રહ્યો હતો અને હરભમનો 'હિસાબ' સમજવા સુમરો તેને ડેરીના એટીએમ ભણી લઈ ગયો હતો.) સાડા દસ સુધી વાઘેલા તરફથી કોઈ ગૂડ ન્યૂઝ ન આવ્યા એટલે રાજાવતના મગજમાં ઘમસાણ મચ્યું હતું. આગલા દિવસે મટિયાવાડમાંથી નીકળતાંવેંત જ તેણે સાહાને ફોન કરીને ઓપરેશનની વિગતો આપી દીધી હતી. મોડી સાંજે પ્રેસ કોન્ફરન્સમાં પોતે હાજર રહેવાનું ટાળીને શિંદેને આગળ ધરી દીધો હતો. તેનું તમામ ધ્યાન એ નકશામાં કેન્દ્રિત થયું હતું. ક્યાંય સુધી અવઢવ અનુભવ્યા પછી આખરે તેણે એ નકશો મળ્યા અંગે સાહાને માહિતી ન આપવાનો નિર્ણય લીધો હતો.

—પણ એ નકશો શું સૂચવતો હતો?

રાજાવતે શક્ય તમામ મથામણ કરી જોઈ હતી. જંગલ અને પહાડો વચ્ચે કોઈ બોગદામાંથી પસાર થતો આવો રસ્તો આસપાસનો તો ન જ હોય. અહીં દરિયાકાંઠાની નીચાણવાળી જમીન પર ક્યાંય આસપાસ એવા પહાડો કે જંગલ ન હતાં. આ લૅન્ડસ્કેપ કંઈ અલગ હતો. નકશામાં મુકાયેલી તસવીરો તેણે ધ્યાનથી જોઈ હતી. એ તસવીરો શું સૂચવતી હતી? એ કોઈ સ્થળની એંધાણી હતી? એરો વડે જોડાયેલી આ તસવીરો કોઈ પ્રવાસમાર્ગ દર્શાવતી હતી? શેનો હતો એ પ્રવાસમાર્ગ? આ જે કંઈ બખડજંતર હતું એ એટલા મોટા ઘેરાવામાં પથરાયેલું હોઈ શકે? પણ એ બખડજંતર હતું શું? એ ભેદી પહાડ, તૂટેલી બારસાખ, જરીપુરાણુ એ મંદિર, તિલસ્મી લિપિમાં લખાયેલાં કશાંક વાક્યો... શું છે આ બધું યાર??? કોયડાના કાયર રાજાવતે માથું પટકી

દીધું હતું.

ભાગેડુઓની તલાશ શિંદે અને વાઘેલા પર છોડીને સવારથી નકશાનો ભેદ ઉકેલવા મથતા રાજાવતે છેવટે જોખમી નિર્ણય લીધો હતો. યસ, એ વગર કોઈ આરો ન હતો.

'એને બહાર લાવ... આવી શકે તેમ છે ને?' ગાડીમાંથી ઊતરતાંવેંત રાજાવતે જાફરને સૂચના આપી.

'જી સર, આમ તો... પણ તમે જ અંદર જાવ તો...' રાજાવતના મિજાજથી જાફર સુપેરે પરિચિત હતો. રાજાવત ગમે ત્યારે ગાળાગાળી કે થર્ડ ડિગ્રી પર ઉતરી આવે તો તેની ધમાલને એ રોકી ન શકે અને આ ફાર્મહાઉસ કહેવા માટે જ ફાર્મહાઉસ હતું. એક સમયે હાઈ-વે પર આવેલો આ આખો વિસ્તાર હવે ધમધમતો થઈ ગયો હતો. અહીં ખાસ સિક્યોરિટીની ય જરૂર ન હતી અને આવ-જા પણ સરળ હતી એટલે જ સાહાને આ સ્થળ વધુ સલામત લાગ્યું હતું.

રાજાવત કશું જ બોલ્યા વગર મેઇન હોલની લાંબી લોબીમાંથી પસાર થઈને છેક છેવાડાના રૂમમાં પ્રવેશ્યો. એ ઊંઘતો હતો. રાજાવત ઘડીભર અવઢવમાં તેને જોઈ રહ્યો. દિવસોથી હજામત વગર તેના વાળ, દાઢી, મૂછ બેફામ વધી ચૂક્યાં હતાં. લમણા પર બાંધેલા પાટા હેઠળ તેની આંખો વધારે સૂજેલી લાગતી હતી. પોતે જાતે જ તેને ઉઠાડવો પડે તેમાં તેને હીણપત લાગી કે પછી કઈ રીતે ઉઠાડવો તેની સમજ ન પડી, તેણે હાક મારી, 'જાફર... આને બેઠો કર.'

'હું જાગું જ છું પણ હા, બેઠો કરવા જાફરની મદદ જોઈશે.' અચાનક વિરમે આંખ ખોલીને કહ્યું એથી રાજાવત ખાસિયાણો પડી ગયો.

'ધ ગેઇમ ઇઝ ઓવર ડૂડ.' રાજાવતે સોફા પર ઠાઠથી બેસીને સિગારેટ જલાવતા કહ્યું. વિરમ કશું જ બોલ્યા વગર તેની સામે તાકી રહ્યો. બંને એકબીજાને ધારદાર નજરે ઘડીભર જોતા રહ્યા. જાફરે આવીને વિરમને બેઠો કર્યો અને સોફા ચેર બેડ પાસે લઈ જઈને તેના પર હડસેલ્યો. વિરમના ચહેરા પરથી તેને થતી પીડાના ભાવ સ્પષ્ટ વંચાતા હતા. જરાક સરખી મૂવમૅન્ટ સાથે તેના માથામાં ઝાલર વાગતી હોય તેવા સણકા ઊપડતા હતા અને બંને હાથ વચ્ચે તે માથું જકડી લેતો હતો.

'બહાર કોઈ આવે તો તરત ખબર કરજે.' જાફરને રવાના કરીને રાજાવતે ઊંડો કસ લીધો. વિરમને ભીડવવા તેણે અનેક દાવ વિચાર્યા હતા પણ શી ખબર, તેની સામે આવતાંની સાથે જ તેજોદ્વેષથી પ્રેરાયેલી રાજાવતની કાયમી લઘુતાગ્રંથિ સક્રિય થઈ જતી હતી.

'તારી પોટ્ટીને કાલે ગોળી આંટી દીધી છે અને તારો ખેલ હવે પતવામાં જ છે.' ક્વોલિસમાં લોહીનાં નિશાન, લોહીવાળા સ્પોન્જના ટુકડા વગેરે મળ્યા પછી કોઈકને ગોળી વાગી છે એવી તો રાજાવતને ખાતરી હતી, પણ એ ગોળી રાવીને જ વાગી એમ કહીને તે વિરમને નાણવા માંગતો હતો.

'કોંગ્રેચ્યૂલેશન' વિરમે તદ્દન ઠંડા કલેજે ઊંચું પણ જોયા વગર જવાબ આપ્યો.

'કોંગ્રેચ્યૂલેશનની પત્તર ન ફાડ, તારી પોટ્ટી મારા કબજામાં છે. મેં હજુ દયાલ સાહાને રિપોર્ટ કર્યો નથી.'

'પોટ્ટીનું નામે ય તું જાણે છે ખરો?' વિરમે છાતીને અડકતી હડપચી સહેજ ઊંચકાવીને પૂછ્યું. તેની આંખોમાં અને વંકાયેલા હોઠમાં સ્પષ્ટ ઉપહાસ હતો.

'હોશિ તારી પોટ્ટી, તારો અભરામ સુમરા અને પેલો રિપોર્ટર અભિીએ? સાલા, તું સમજે છે શું મને? તારા બાપ દયાલ સાહાનું બંધન ન હોય તો બે જ દિવસમાં તારા મોંએથી બધુ જ ઓકાવી દઉં.' ગુસ્સાને પરાણે કાબૂમાં રાખવા મથતા રાજાવતે ધ્રૂજતા હાથે મોબાઇલ તેની સામે ધર્યો. 'આ જો. આ તારી પોટ્ટી પાસેથી જ મળ્યો છે. હજુ ય સમય છે. એક વાર એ બધાં પકડાશે પછી મારા હાથની વાત નહિ હોય. બોલી નાંખ, આ નકશો શાનો છે?' રાજાવતના અવાજમાં ભાગ્યે જ વર્તાતી મીઠાશ હતી. દલીલ કરવામાં તે કાયમ નબળો રહેતો, પણ આજે ગમે તેમ કરીને તે વિરમને પલાળવા તત્પર હતો. 'હું રાજપૂતનો બચ્ચો છું વિરમ, જબાન આપું છું તને. મારી સાથે હાથ મિલાવી લે. દયાલ સાહાને આપણે આસાનીથી ઠેકાણે પાડી દઈશું.'

'હાહાહાહા...' માથામાં વાગતા સણકા ઘડીભર ભૂલીને વિરમ હસી પડ્યો. 'એમ? કૂતરી વિયાય એટલી આસાનીથી?' વિરમના અવાજમાં જૂની દુશ્મની વખતનો ઝેરકોચલા જેવો વ્યંગ સાંભળીને રાજાવત સમસમીને સ્તબ્ધ થઈ ગયો. ઘડીક તેની મુઠ્ઠીઓ બિડાઈ. ઘડીક તેના ડોળા ચકળ-વકળ ફર્યા. ઘડીક તેનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં. ચંદ સેકન્ડ તે ગુસ્સાથી હાંફતી છાતીએ આંખો ફાડીને વિરમને જોતો રહ્યો.

—અને પછી જાણે શરીરમાં કોઈ પ્રેતાત્માએ પ્રવેશ કર્યો હોય તેમ હાથીની ચિંઘાડ જેવા અવાજે ચીસ નાંખીને તેણે બે ય હાથે વિરમનું માથું કાન પાસેથી ઝાલ્યું અને બેફામ ગાળોની બૌછાર સાથે ખુરશીના હાથા સાથે અફળાવવા લાગ્યો.

ત્યારે તેની ગાળો ઉપરાંત ઝનૂનભેર ખુરશી સાથે ઝીંકાતા વિરમના માથાના અવાજ પણ બહાર ઊભેલા જાફરને સંભળાતા હતા.

'ધડામ...ધડામ...ધડામ...'

* * *

~

'ભાનમાં આવતાં હજુ એકાદ કલાક થશે. એ પછી બીજા બે કલાક પાણી ન આપશો અને આ...' ડોક્ટરની સૂચના અભિ એકાગ્રતાથી સાંભળી રહ્યો હતો ત્યારે ઝૂંપડીની બહાર ઊભેલા સુમરાનું દિમાગ અલગ દિશામાં વિચારી રહ્યું હતું.

ફલક ડેરી પાસે છકડામાંથી ઊતરતી વખતે બંને મૌન હતા પણ અભિમન્યુની આંખમાંથી ફેંકાતો સવાલ સુમરાએ બરાબર વાંચ્યો હતો.

હવે ક્યાં??

કૂબામાં અભિમન્યુ આખી રાત રાવીની પાસે બેસીને પોતાં મૂકી રહ્યો હતો ત્યારે સુમરાએ હરભમ માલા સાથે વાતો કરીને આસપાસના આખા વિસ્તારની ભૂગોળ મનમાં આંકી હતી. નાકાબંધી વટી ગયા પછી પણ જોખમ તો ઊભું રહેવાનું જ હતું. સુમરાથી જરા ય અજાણ્યું ન હતું. મટિયાવાડ જેવી ગીચ વસ્તી ધરાવતી જગ્યાએ આવું સશસ્ત્ર ઓપરેશન લાવીને રાજાવતે ઇરાદો સ્પષ્ટ કરી દીધો હતો. એ કોઈપણ હાલતમાં ત્રણેયને ઢાળી દેવાનો સ્પષ્ટ ઓર્ડર લઈને જ એ આવ્યો હતો. મતલબ કે ખુદ હોમ મિનિસ્ટર અને તેના તાબાના પોલીસ તંત્ર સાથે તેમણે બાથ ભીડવાની હતી.

ફલક ડેરી સહીસલામત રીતે ઊતર્યા પછી પણ જ્યાં સુધી બીજો રસ્તો ન નીકળે ત્યાં સુધી હરભમનો કેડો ન મૂકવાનું સુમરાએ નક્કી કરી લીધું હતું. રૂપિયા માટે કંઈ પણ કરવા તત્પર હરભમ માલા વગડાનો રાજા હતો. આસપાસના માલધારીઓના તમામ નેસ તેની શેહમાં રહેતા. રાવીની હાલત જોતાં તાકિદે તેની સારવાર થાય અને એ બેઠી થઈ જાય ત્યાં સુધી હરભમની જરૂર પડવાની જ હતી એ પામી ગયેલા સુમરાએ હરભમને લાલચના શીશામાં ઉતાર્યો હતો. રૂપિયા માટે કંઈ પણ કરી શકતા હરભમે પણ ડોક્ટરને લાવવાથી માંડીને બીજા વાહનની વ્યવસ્થા કરી આપવા સુધીની જવાબદારી સ્વીકારી લીધી હતી.

ફલક ડેરીથી છ કિલોમીટર આગળનો નેસ કામચલાઉ હોસ્પિટલ બની ગયો હતો અને હરભમે લાવેલા ડોક્ટરે રાવીના ખભામાં ફસાયેલી ગોળી કાઢી આપી હતી. પુષ્કળ લોહી વહી જવાથી રાવીનો ચહેરો અત્યંત કૃશ થઈ ચૂક્યો હતો. તેનું બ્લડપ્રેશર પણ ખાસ્સું ઘટી ગયું હતું છતાં ય ડોક્ટરે રૂપિયાની લાલચમાં જોખમ ઊઠાવીને સર્જરી પાર પાડી દીધી હતી. ડોક્ટરને પોતાના માણસો જોડે વળાવ્યા પછી હરભમ બપોરના ખાણાની વ્યવસ્થામાં પરોવાયો ત્યારે પહેલી વાર સુમરા અને અભિ એકલા પડ્યા.

'તું હરભમ પર વધારે પડતો વિશ્વાસ મૂકતો હોય તેમ મને લાગે છે.' સળંગ ઉજાગરા અને તંગદિલી વેઠીને અભિનો અવાજ કરમાઈ રહ્યો હતો.

'એ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી.' સુમરાએ સિગારનો ધુમાડો છોડ્યો અને વિખેરાઈ રહેલા ગોટામાંથી સર્જાતા આકારોને અન્યમનસ્કપણે તાકી રહ્યો.

સુમરાના ચહેરા પર ભાગ્યે જ દેખાતો તણાવ વર્તાતો હતો. ગમે તેવા જોખમને ભરી પીવાની તેની ક્ષમતા અભિ પિછાણી ચૂક્યો હતો. હર હાલતમાં એનું દિમાગ આગળનો રસ્તો, આગળનો વ્યૂહ વિચારતું રહે છે અને એમાં એ કેટલો ચોક્કસ છે એ માનસિંહ મહાલ જતી વખતે તેની તૈયારી જોઈને જ અભિને સમજાઈ ગયું હતું. આટલા વરસથી પોલીસને અને માંધાતા રાજકારણીઓને થાપ આપીને અસ્તિત્વ ઓગાળીને એ જીવતો

હતો. તેનું વ્યાપક નેટવર્ક, તેના વિશ્વાસુ સંપર્કો, સ્થિતિને પારખવાની અને ત્વરિત નિર્ણય પર આવવાની તેની ક્ષમતા અને તગડું બૅન્ક બૅલેન્સ--આ બધા થકી સુમરો એકમેવ હતો અને છતાં ય અજેય હતો.

'રાવી જ્યાં સુધી બેઠી ન થાય ત્યાં સુધી હરભમને હથેળીમાં રાખવો જ રહ્યો.' સુમરાએ ફરીથી સિગારનો કસ લીધો. તેની આંખોમાં ધુમાડાની લાલાશ હતી. હળવો નિઃશ્વાસ છોડીને તેણે કહ્યું, 'નકશો શેનો છે, ક્યાંનો છે એ આપણને ખબર નથી. વિરમ-સાહા-રાવીને ક્યાં વાંકું પડ્યું છે એ આપણને ખબર નથી. એમાં હવે શિકારી કૂતરા જેવો રાજાવત પણ ભળ્યો છે. લાઇટહાઉસ કઈ બલા છે એની ય કશી સૂઝ નથી. આપણે તદ્દન આંધળી દિશામાં દોડી રહ્યા છીએ. તને કે મને પૂરી વાતની ખબર જ નથી અને ઊંડા કળણમાં ફસાતા જ જઈએ છીએ.'

અભિએ હેરતભરી નજરે તેની સામે જોયું. અડીખમ ચટ્ટાન જેવો સુમરો આજે મૂંઝાતો હતો કે શું?

'તું કદી કળણમાં ફસાયો છે?' અભિમન્યુનો બેમતલબ સવાલ ન સમજી શકાવાના ભાવ સાથે સુમરાએ ઊંચે જોયું.

'તને ખબર છે ને, હું ખેડૂતનો દીકરો છું. કિશોરવયે હું મારા બાપુ જોડે ખેતરે જતો ત્યારે માટીની ભીની, તૂરી ગંધથી મારાં રૂંવેરૂંવે આહ્લાદ જાગી ઊઠતો. હું કૂવાના થાળે બેસીને 'ભક્...ભક્...ભક્...' અવાજ સાથે પાણી ફેંકતા પંપનો હોઝપાઇપ મજબૂતીથી ઝાલીને બેસતો અને બાપુ આખા ખેતરમાં પાણીનો ધોરિયો ફેરવતા. ભીની, ગોરાડુ જમીનને ભરચક પિયતથી ધરવી દીધા પછી બાપુ ઝાડના છાંયે આડા પડખે થતા ત્યારે હું દબાતા પગલે ચૂપચાપ દોડી જતો અને લથબથ જમીનમાં આળોટતો.' ઠંડા, કરકરા, નરમ કાદવના એ સ્પર્શ, એ સોડમના સ્મરણથી આ તંગ હાલતમાં ય અભિની આંખોમાં ચમક આવી ગઈ.

'તું કળણ શબ્દ જેટલી વાર બોલ્યો નથી એટલા કલાકો હું કળણમાં આળોટ્યો છું. કળણમાં કેમ ફસાઈ જવાય, તને ખબર છે?' અભિએ હેતપૂર્વક સુમરાના ખભા ફરતો હાથ વીંટાળ્યો. આ પડછંદ બાંધાનો ખુર્રાંટ આદમી જરાક પણ મૂંઝાય એ તેનું મન સ્વીકારી શકતું ન હતું. 'કળણમાં એક પગ ફસાય ત્યારે બહાર નીકળવા આપણે જોર કરીએ. એ તાકાતનું બધું જ વજન ફસાયેલા પગ ઉપર આવે. સરવાળે આપણે વધુ ને વધુ ઊંડા ઊતરતા જઈએ.'

'હમ્મ્મ્...' સુમરાએ સ્મિત વેર્યું. અભિની વાત તેને અસંબદ્ધ લાગતી હતી પણ તેનો મર્મ કંઈક અલગ હોવાનું તે પારખી શકતો હતો.

'કળણની બહાર નીકળવું એ એક કળા છે, જે મારા જેવા ખેડૂતના દીકરા ગળથૂથીમાં જ શીખી લે છે. કળણ ગમે તેટલું પોચું, ઊંડું કે પહોળું હોય દરેક કળણનો એક હિસ્સો તો પગ ટેકવવા જેટલો નક્કર હોય જ. અમે ધરતીના છોરાઓ એને મગરિયું કહીએ. બસ, એ મગરિયું પારખીને ત્યાં પગ મૂકો એટલે એક જ છલાંગે કળણની બહાર.'

'આ કળણમાં તને એવું મગરિયું ક્યાંય કળાય છે?'

'બહુ જોખમી છે પણ એ એક જ રસ્તો મને તો દેખાય છે.' અભિએ સુમરાની આંખમાં આંખ પરોવીને કહ્યું. દિવસોની વધેલી દાઢી હેઠળ વધારે ગોરા અને નમણા લાગતા તેના ચહેરા પર દૃઢતા વાંચીને સુમરો ય પોરસાયો.

'કોણ, વિરમ?' હવે સુમરાને ય ગડ સૂઝતી હતી.

'યસ... કોઈ પણ હાલતમાં, પાતાળમાંથી પણ હવે વિરમને શોધવો જ રહ્યો. વિરમ હાથ લાગે તો જ આ ભેદી નકશો અને લાઇટહાઉસનો તાગ મળશે અને તો જ આપણે આમાંથી બહાર નીકળી શકશું.'

'વિરમને આ લોકોએ કંઈ ચાર રસ્તે ઉઘાડેછોગ તો ન બેસાડ્યો હોય ને? તેનું ઠેકાણું કઈ રીતે શોધશું? જ્યાં સુધી ઇન્તાઝ સાથેના મારા ફોન ટ્રેસ થવાનું કારણ ન મળે ત્યાં સુધી મારું નેટવર્ક નકામું છે.'

'પણ મારું નેટવર્ક હજુ ય સાબૂત છે.'

'કઈ રીતે? તારો મોબાઇલ તો...'

'આઈ નીડ ઇન્ટરનેટ. તારી પાસે કેટલાં સિમકાર્ડ પડ્યાં છે?'

—અને અભિએ તેના છેડાં લંબાવવાની મથામણ આદરી દીધી હતી.

રાવીના આઇફોન વડે પોતાનું મેઇલ આઈડી ખોલ્યું અને કોન્ટેક્ટ ડિટેઇલ્સમાંથી કેટલાક નંબર અલગ તારવ્યા. પછી સુમરાએ ખરીદી રાખેલા બેનંબરી સિમકાર્ડનો ઉપયોગ કરીને ફોન જોડ્યો હતો.

'હેલ્લો વિરાજ... હું અભિમન્યુ રાવ...' સામા છેડે પહેલાં નર્યો સન્નાટો અને પછી ગાળોનો વરસાદ વરસ્યો. વિરાજ શાનબાગ અભિનો ખાસ દોસ્ત અને ટીવી ચૅનલનો ક્રાઇમરિપોર્ટર હતો. પહેલાં તો તેને માનવામાં જ ન આવ્યું પણ પછી તેણે સવાલોની ઝડી વરસાવી દીધી. તું અચાનક ક્યાં ગાયબ થઈ ગયો, હાલ ક્યાં છે, હિંદવાણથી ઘૂસેલા કહેવાતા આતંકવાદીઓનો મામલો શું છે અને તેમાં તારી કહેવાતી સંડોવણી જેવા અનેક સવાલો વિરાજે એકશ્વાસે પૂછી નાખ્યા.

'એ કશું જ હું અત્યારે કહી શકું તેમ નથી બટ બિલિવ મી, ડિપાર્ટમેન્ટ ઇઝ લાઇંગ... આઈ નીડ યોર હેલ્પ. હું બધું જ તને કહું છું, બટ નોટ નાવ.'

'બટ લાસ્ટ નાઇટ ધેર વોઝ અ બિગ એન્કાઉન્ટર એટ મટિયાવાડ... એન્ડ સોર્સીઝ સેડ, યુ વેર ઇન્વોલ્વ્ડ...' વિરાજના અવાજમાં ધ્રૂજતી તાજુબી હજુ શમતી ન હતી.

'ઓહ કમ ઓન યાર, ડોન્ટ થિન્ક લાઇક અ સ્ટુપિડ... આઈ સેઈડ, આઈ કાન્ટ શૅર એનિથિંગ. બટ બિલિવ મી...' અભિમન્યુએ ઊંડો શ્વાસ લઈને ફેફસાંમાં આત્મવિશ્વાસ ભર્યો. વિરાજને સહેજપણ શંકા ન જાય અને તેમ છતાં ય તે માહિતી આપે જ એ જરૂરી હતું. 'આઈ એમ બિહાઈન્ડ અ સ્કૂપ... નો, નો... આઈ કાન્ટ ડિસ્ક્લોઝ એનિથિંગ. બટ... મારે કેટલીક વિગતોની જરૂર છે.' અભિએ મહામુસીબતે વિરાજના કુતૂહલને લટકતું રાખીને સ્કૂપનું ગાજર બતાડીને પોતાનો હેતુ સાધ્યો હતો. સાધારણ રીતે એક જ ક્ષેત્રના બે પત્રકારો વચ્ચે વ્યાવસાયિક હરીફાઈ પ્રવર્તતી હોય પણ અભિ અને વિરાજ વચ્ચે જરૂરિયાતની દોસ્તી ગાઢ હતી. અભિ પ્રિન્ટ મીડિયામાં જ્યારે વિરાજ ન્યૂઝ ચેનલમાં. પરિણામે જ્યાં આપસી હિતો ટકરાતાં ન હોય તેવા કિસ્સાઓમાં ઇન્ફર્મેશન શૅર કરવામાં બંનેને ફાયદો રહેતો.

'મારે મુખિયાજીના છેલ્લા એક અઠવાડિયાના વ્હેરએબાઉટ જાણવા છે.' ક્રાઇમબ્રાન્ચ પોલીસમથકની ઇમારત વૈષ્ણવ હવેલીની સામે આવેલી હતી. એટલે ક્રાઇમબ્રાન્ચ માટે હવેલી અને ઇન્ચાર્જ ઓફિસર માટે હવેલીના મુખિયાજી એવો તેમનો કાયમી કોડવર્ડ હતો.

'યુ મીન...' સામા છેડેથી વિરાજ હજુ ય અવઢવમાં હતો. તેને હજુ પણ અજાણ્યા નંબર પરથી અભિનો ફોન, સ્કૂપની વાત અને અભિની પૂછપરછ પર ભરોસો બેસતો ન હતો.

'યાહ... આઈ સિમ્પલી મીન વોટ આઈ સેઈડ...' અભિએ તેની અવઢવ પારખીને તેનો સવાલ કાપતાં બીજો દાવ પણ ખેલી નાંખ્યો, 'કમ ઓન યાર, ગંભીરતા સમજ. અધરવાઇસ આઈ વિલ હેવ ટૂ આસ્ક અરુણ...'

'ઓકે... ઓકે... જસ્ટ હોલ્ડ ઓન ઓર કોલ લેટર. મારે ચેક કરવું પડશે.' અરુણનું નામ પડ્યા પછી વિરાજે સંમત થયા વગર છૂટકો ન હતો. અરુણ યાદવ વિરાજની કટ્ટર હરીફ એવી બીજી ચેનલનો રિપોર્ટર હતો. માંડ-માંડ અભિ સાથે ઊભી થયેલી સમજૂતીની સિન્ડિકેટ તોડવી અને હાથે કરીને અરુણના હાથમાં બાજી જવા દેવી વિરાજને પોસાય તેમ ન હતી.

'કમ ઓન યાર, ડોન્ટ મેક મી ફૂલ. તને ઠકરાર રોજેરોજની લોગબુક મેઇલ કરે છે. ચેક યોર મેઇલ એન્ડ ઇન્ફર્મ મી. ડોન્ટ ફેઇલ પ્લીઝ. હું દસ મિનિટમાં ફરી ફોન કરું છું.' અભિએ ફોન મૂક્યો ત્યારે તેના ચહેરા પર ઉચાટ હતો પણ રિપોર્ટર તરીકેની તેની ખંધાઈ જોઈને મૂછમાં મલકાતો સુમરો અભિનો દાવ પામી ગયો હતો.

પોલીસનું તંત્ર, અંધારી આલમ અને અખબારી દુનિયાનો આપસી સંબંધ બડો અજીબ હોય છે. ત્રણેયની રોજીરોટી એકબીજા પર અવલંબે અને છતાં ય ત્રણેયને એકમેકનો પડછાયો સુધ્ધાં ન ખપે. ગુનેગારો વચ્ચે પોલીસના ખબરી હોય તેમ પોલીસની વચ્ચે પત્રકારોના ખબરી હોય. દરેક રિપોર્ટર પોતપોતાની રીતે પોલીસતંત્રના મહત્ત્વના વિભાગો કે અધિકારીઓની આસપાસ પોતાના બાતમીદારોનું જાળું રચતા હોય. બાતમીદાર કોણ હોઈ શકે, તેની બાતમી કેટલી અધિકૃત હોય તેનો આધાર જે-તે રિપોર્ટરની દક્ષતા ઉપર અવલંબે. વિરાજે ક્રાઇમબ્રાન્ચના હેડ રાઈટર ઠકરારને સાધી રાખ્યો છે અને એ ઠકરારનો બચ્ચો વિરાજને રોજ રાજાવતની સત્તાવાર ઉપરાંત ખાનગી ગાડીની મૂવમૅન્ટનો રિપોર્ટ મોકલતો હોય છે એ અભિને ખબર હતી.

દસ મિનિટ પછી બીજા સિમકાર્ડનો ઉપયોગ કરીને અભિએ ફરીથી ફોન જોડ્યો. અરુણ યાદવનું નામ બરાબર કારગત નીવડ્યું હોય કે પછી અભિએ ગળે લટકાવેલું સ્કૂપનું ગાજર કામ કરી ગયું હોય, વિરાજ ફટાફટ રાજાવતની ઓફિશિયલ લોગબુકનાં ઠેકાણાં બોલવા માંડ્યો હતો અને અભિ ઝડપથી નોંધવા માંડ્યો હતો.

'હમણાં એ ઓફિસની ગાડી ટાળે છે એટલે નવલસિંહ (રાજાવતની સત્તાવાર ગાડીના ડ્રાઇવર) પાસેથી તો ખાસ માહિતી મળતી નથી. પણ નવલસિંહે એટલું કહ્યું કે સાહેબ આજકાલ રાજિયા હરામીની ગાડીઓ વારંવાર મંગાવે છે.'

'એ સળંગ ચાર દિવસ બગીખાના ગયો એમ તું કહે છે પણ પછીના ત્રણ દિવસ બગીખાનાની કોઈ એન્ટ્રી જ નથી...' અભિએ પોતાની નોંધ ચેક કરીને શંકા જતાવી. 'બગીખાના ચોકી ખાસ વપરાતી તો નથી તો પછી... વેલ,' તેણે મનોમન કશુંક નોંધ્યું અને બગીખાના ફરતું કૂંડાળું ચીતર્યું. 'બગીખાના સિવાય એ મિલ રોડના ફાર્મહાઉસમાં શું કરે છે? તેના પંખી આજકાલ મીલ રોડ પર ઊડવા માંડ્યાં છે?' રાજાવતની રંગીન તબિયત મીડિયામાં કોઈથી અજાણી ન હતી. છેક દિલ્હી અને કોલકાતાથી કાચી વયની છોકરીઓ તે મંગાવતો અને બરાબર પાકી થાય ત્યાં સુધી છોડતો ન હતો. એ માટે તેનાં કેટલાંક બેનામી રહેઠાણો ય હતાં પણ મિલ રોડના આ ફાર્મહાઉસ વિશે અભિ પહેલી વાર જાણી રહ્યો હતો.

તેના મોઢે મિલ રોડના ફાર્મહાઉસનું નામ સાંભળીને અંદર રાવીનું ઓઢણું સરખું કરતા સુમરાના કાન ચમક્યા

અને તે બહાર આવ્યો. અભિના હાથમાં પડેલા કાગળ પર તેણે નજર દોડાવી. અભિની વિરાજ સાથેની વાત ચાલુ જ હતી અને તેણે અભિની આંગળીઓ વચ્ચેથી બોલપેન ખેંચીને મિલ રોડ ફાર્મહાઉસ લખ્યું હતું તેની નીચે લાઇન દોરી જમણા હાથની હથેળી વડે ધરપત સૂચવી.

‘ઓકે વિરાજ, તને થેંક્સ તો શું કહું પણ બેટા, તારા દાઢિયા (એડિટર)ને ટાઇમ સ્લોટ માટે કહી રાખજે, એક જબ્બર સ્કૂપ આવી રહ્યું છે... હેં? અરે નો પ્રોબ ડૂડ બટ હેઈ, ડોન્ટ ડિસ્ક્લોઝ એનિથિંગ અબાઉટ મી ઓર માય કોલ... બાકી તું તો સ્કૂપથી હાથ ધોઈશ જ, મારી મહેનત પર પણ પાણી ફેરવી દઈશ.’ અભિએ દાટી મારીને વાત આટોપી લીધી.

‘શું ઘોંકા ભોંકતો હતો યાર? મારે એક તો એક-એક શબ્દ ચીપીચીપીને ગોઠવેલો બોલવો પડતો હોય તેમાં તું...’ ચાલુ વાતચીતમાં સુમરાની દખલથી અભિએ નારાજગી વ્યક્ત કરી.

‘મિલ રોડના ફાર્મહાઉસનું શું છે?’ સુમરાએ તેના હાથમાં રહેલો કાગળ ઝીણવટથી નીરખ્યો.

‘રાજાવત સરકાર એમના પંખીઓને આજકાલ ત્યાં દાણા નાંખવા જતા હોય એમ લાગે છે.’

‘એ રાજિયા હરામીનું ફાર્મહાઉસ છે. હું અનેક વાર ત્યાં ગયો છું. ધિંગરા મર્ડરકેસમાં મારું નામ ખૂલ્યું હતું ત્યારે હું એ ફાર્મહાઉસના આઉટહાઉસમાં જ પંદર દિવસ છુપાયો હતો.’ જમાનાના ખાધેલ સુમરાની ક્રાઇમકુંડળીના ગ્રહો બધાં ખાનાંમાં દોડી ચૂક્યા હતા.

‘એક મિનિટ... એક મિનિટ... મને વિચારવા દે...’ અભિ તેની આદત મુજબ મુદ્દાઓ નોંધવાના શરૂ કર્યા. ‘નંબર વન—રાજાવત આજકાલ તેની ઓફિશિયલ ગાડી ગરાજમાં મૂકી રાખે છે. નંબર ટૂ—તેના બદલે તે રાજિયા હરામીની ગાડીઓ મંગાવે છે. નંબર 3—બગીખાના પોલીસચોકીનો હાલ કોઈ ઉપયોગ નથી તો ય સળંગ ત્રણ દિવસ એ દિવસમાં ત્રણ-ત્રણ વખત ત્યાં જાય છે અને પછી એ બાજુ ફરકતો સુધ્ધાં નથી. અને હવે તું કહે છે કે એ ફાર્મહાઉસ રાજિયા હરામીનું છે.’

બંનેના ચહેરા પર તંગદિલી અને આંખોમાં તાજુબી આવી ગઈ. ‘મતલબ સમથિંગ ઇઝ એબ્નોર્મલ ધેર. મિલ રોડ ક્યાં આવ્યો?’

અભિ મોબાઇલ પર મેપિંગ કરી રહ્યો હતો ત્યારે સુમરાનું દિમાગ બીજા વિચારોમાં અટવાઈ રહ્યું હતું.

વિરમ જો ત્યાં હોય તો તેને કઈ રીતે છોડાવી શકાય? વિરમને છોડાવવો જોઈએ ખરો???

* * *

~

'દુનિયાની કોઈ પણ ડિક્શનરી તું ચેક કરી જોજે, બધામાં રાજિયો તો 'હરામી' જ રહેવાનો.' સુમરાએ ગાંડા બાવળના ખરબચડા થડ ફરતાં બાંધેલા જાડા માદરપાટ પર માથું ટેકવતાં કહ્યું. છાતી માથે ધખી રહેલા સૂરજના આકરા તાપ અને વરસાદની આલબેલ પોકારતા તીવ્ર બફારા વચ્ચે વગડો સુસ્તાઈ રહ્યો હતો. બાવળનાં ઝુંડ ફરતી બોરડીની હાર, વચ્ચે ક્યાંક રાયણ, અરીઠા અને ખીજડાનાં ઘેઘૂર ઝાડના કાંટાળા છાંયડે બપોર આરડતી હતી. મોંસૂઝણેથી જાગીને ધમધમવા લાગેલા કૂબા ય હવે બપોરની સુસ્તીમાં એકમેકની કોટે ઢબૂરાઈને ઝોકે ચડ્યા હતા. દૂર મુખ્ય સડક પરથી પસાર થતાં એકલદોકલ વાહનની ઘરઘરાટી સિવાય સર્વત્ર નર્યો સન્નાટો પથરાયેલો હતો.

'માણસો બે પ્રકારના હોય છે. એક સંબંધ, દોસ્તી કે અરે દુશ્મની પણ બરાબર નિભાવી જાણે અને બીજા એવા, જેના માટે પોતાનાં મતલબથી વધીને બીજો કોઈ સંબંધ હોતો નથી. પણ...' સુમરાએ ગળે ભેરવેલા ગમછાથી કપાળ પરનો પરસેવો લૂછ્યો અને પછી ગમછો ઘુમાવી તપ્ત ચહેરાને હવા નાંખવાનો નિરર્થક પ્રયત્ન કર્યો. '... કેટલાક એવા હોય છે જેમને સ્વાર્થ હોય કે ન હોય, ગદ્દારી કરવાની આદત લોહીમાં ભળેલી હોય છે. રાજિયો હરામી એવા ત્રીજા પ્રકારનો માણસ છે.'

મિલ રોડ પર આવેલા રાજિયા હરામીના ફાર્મહાઉસમાં જો વિરમને રખાયો હોય તો રાજિયાની કૂંડળી ખોલવી જરૂરી હતી.

'રાજિયો બહુ નાની ઉંમરથી ગુનાખોરીની દુનિયામાં પલોટાયેલો આદમી છે પણ એ કદી ય કોઈનો થયો નથી. એક દાયકા પહેલાં રેલવે સ્ટેશનના બાંકડે બેસીને એ હમાલોના મટકા લખતો હતો અને પોતે જ આંકડો લખાવનારા લુખ્ખાઓને પકડાવીને રેલવે પોલીસને વહાલો થતો હતો. પછી રેલવેના જ કોઈ ખાલી પડેલા ક્વાર્ટર પર કબજો જમાવીને તેણે જુગારની ક્લબ શરૂ કરી. બે-ચાર મહિને પોતાની જ ક્લબ પર રેડ પડાવીને એ પોલીસને જુગારિયાઓ સાથે તોડપાણીનો તગડો બંદોબસ્ત કરાવી આપતો. પોલીસને હપ્તો ચૂકવવાની આ અનોખી પદ્ધતિ તેને એવી ફળી કે આજે તેની પંદર-વીસ ક્લબ ચાલે છે. મુંબઈથી છોકરીઓ લાવવાના ધંધામાં ય તે પડેલો છે.'

'એ બધી મને ખબર છે યાર...' રાજિયા જેવો નામીચો અને હાઈપ્રોફાઇલ ગુનેગાર ક્રાઇમ રિપોર્ટર તરીકે અભિના ધ્યાન બહાર હોય તે શક્ય જ ન હતું. તેને રાજિયાનું વિરમ સાથેનું કનેક્શન જાણવાની તાલાવેલી હતી. 'મને તાજુબી એ છે કે વિરમ જેવો પહોંચેલો અફસર પણ રાજિયાને કોઠું આપે?'

'એમાં પોલીસખાતાનું આપસી રાજકારણ અને હુંસાતુંસી કારણભૂત છે. તને યાદ હોય તો કિશનસિંહ ઝાલા ક્રાઇમબ્રાન્ચના ચાર્જમાં હતા ત્યારે વિરમ હજુ એસ.પી. હતો. ઝાલાએ એ વખતે વિરમના કેટલાક બાતમીદારો પર, વિરમની ભલામણ અવગણીને કેસ ઠોકી દીધા હતા. એટલે વળતા પ્રહાર તરીકે વિરમે ઝાલાના ઇન્ફર્મરમાં ફૂટ પડાવવાની પેરવી કરી. ઊગતા સૂરજને પૂજનારો રાજિયો એ વખતે ઝાલાનો વિશ્વાસુ બાતમીદાર હતો. વિરમે રાજિયાને જ ફોડ્યો અને તેની મદદથી ખોટી માહિતીઓ પાસ કરીને ઝાલાને બે-ચાર મહત્ત્વના કેસમાં ગૂંચવી દીધા. રાજિયો ય એવો ઉસ્તાદ કે મળેલી તકનો તેણે ભરપૂર ઉપયોગ કર્યો. વિરમે કરેલા કહેવાતા સૌ પ્રથમ એન્કાઉન્ટરનો ડ્રામા પાર પાડવામાં ય રાજિયાએ જ મદદ કરી હતી.'

'જો એ વિરમનો આટલો વિશ્વાસુ હોય તો વિરમ સાથે ગદ્દારી કરે ખરો?'

'મેં કહ્યું ને, એ સગા બાપને વેચીને સગી માને મિજબાની પર લઈ જાય એટલો ખૂટલ, એટલો હરામી છે.'

'પણ વિરમ તો વિશ્વાસ મૂકવાના મામલે બહુ જ સાવચેત હોવાનું તું કહે છે અને બીજા પાસેથી ય મેં સાંભળ્યું છે. રાજિયામાં એ કેમ થાપ ખાઈ ગયો હશે?'

'એ વાત મને ય હજમ નથી થતી.' સુમરાએ સિગારનો છેલ્લો કસ લીધો, 'પણ આ આખા મામલામાં બહુ બધી કડીઓ ખૂટે છે. જો મેં સાંભળ્યું છે એ સાચું હોય તો... હવે એ સાચું જ હોય તેમ મને લાગે છે.'

'ઓહ કમ ઓન સુમરા, ડોન્ટ મેક મી કન્ફ્યૂઝડ.' ખાટલા પર કોણી ટેકવીને બેઠેલો અભિ સુમરાની ગોળગોળ વાતોથી બેઠો થઈ ગયો. 'શું સાંભળ્યું છે તેં? આપણે મળ્યા ત્યારથી તું કશીક મસમોટા દલ્લાની વાત કરે છે અને એક પણ વાર એના વિશે ફોડ પાડીને બોલતો નથી.'

'એમાં ફોડ પાડીને બોલવા જેવું તો વિરમ જ બોલી શકે...' સુમરાએ અભિની આંખમાં એકીટશે તાકીને કહ્યું, '... અથવા રાવી.'

'પણ આવો કોઈ મોટી રકમનો મામલો છે એવું તું ક્યાંથી જાણે છે એ તો તારે કહેવું જ પડશે સુમરા, યાદ રાખ આ મારી જિંદગીનો સવાલ છે... સાલાઓ હું તમારી જેમ...' અધૂકડા ઊભા થઈ સુમરાની છાતી સુધી ધસી ગયેલા અભિએ ઉશ્કેરાઈને સુમરાના ખમીસનો કોલર ઝાલી લીધો, 'મારા માટે આ કળણમાંથી બહાર નીકળવું...' પોતે સુમરા પર નાહક અકળાઈ રહ્યો છે તેનો અહેસાસ થતાં તેણે કોલર પર હાથ પછાડ્યા. 'યાદ રાખ સુમરા, હું મારી નિર્દોષતા સાબિત કરવા આખી દુનિયા હલાવી નાંખીશ. કંઈકની લાશ ઢાળી દઈશ, યાદ રાખ... કંઈકને ઢસરડીને દુનિયાની સામે લઈ જઈશ... તને ભાન છે?? તને જરાક પણ ભાન છે કે ગઈ કાલના એક સીધાસાદા પત્રકારને આજે દુનિયા આતંકવાદી તરીકે ઓળખે છે? તને સહેજ પણ અહેસાસ છે, મારા બાપ પર શું વીતી રહી હશે? રોજ અખબારમાં મારી બાયલાઇન વાંચીને હરખાતો મારો બાપ આજે હેડલાઇનમાં મારું નામ વાંચીને થડકી ઊઠતો હશે.'

'એ ય... પાગલ ન બન...' અભિમન્યુને ભડકી ઊઠેલો જોઈને સુમરો ય ઉશ્કેરાઈ ગયો. 'મને ભાન નથી પડતું કે તું બૂરી રીતે ફસાયો છે? આપણે આમાંથી બહાર નીકળવાના રસ્તો શોધીએ જ છીએ. વિરમને બહાર લાવવો જ પડશે.'

'પણ આ ખજાનાની વાત શું છે? તેં શું સાંભળ્યું છે? કઈ લાલચમાં તું આમાં જોડાવા તૈયાર થઈ ગયો છે એ તો તારે મને કહેવું જ પડશે, સુમરા...' અભિના અવાજમાં છરીની અણી જેવી તાકીદ અને આંખોમાં ફૂટ્યા પછીના બંદૂકના નાળચા જેવો ધગારો હતો.

'વાત બહુ જ અસ્પષ્ટ છે.' સુમરાએ ઊંડો શ્વાસ લીધો.

'ગમે તેવી હોય, આપણે ક્યાં અહીં મોતીના સોદા કરવા નીકળ્યા છીએ? આઈ વોન્ટ ટૂ નો એવરીથિંગ.'

'તું મને રહેવર મંઝિલમાં મળવા આવ્યો એ પહેલાં હું ભેસ્તાનના જંગલમાં આશરો લઈને રહેતો હતો.'

'ઓહ યાર, તારા કેટલાંક ઠેકાણાં હોય છે?' સુમરાને ટ્રેક પર આવેલો જોઈને અભિએ વાતાવરણ હળવું પાડવા મજાક કરી નાંખી.

'એવાં ભરોસાપાત્ર ઠેકાણાંઓ અને માણસો ન હોત તો હું આટલા સમય સુધી જીવતો જ રહ્યો ન હોત.'

સુમરાએ હવામાં તાકીને હળવો નિઃશ્વાસ છોડતાં કહ્યું. 'આપણે મટિયાવાડમાં જે મકાનમાં હતા તેની પાછળની ગલીમાં એક નાનકડું ઘર હતું. એ ત્યાં રહેતી હતી.'

'એ ત્યાં રહેતી હતી મીન્સ?? કમઓન, કોની વાત કરે છે?' સુમરાની આંખોની કાયમ લાલઘૂમ રહેતી ટશરોની પાછળથી ડોકાતો કશોક ગુલાબી શેરડો પારખીને અભિ ચોંક્યો.

'તેં પણ એને જોઈ છે.' સુમરાએ ખોંખારો ખાઈને ગળાની ખર્રાશ હઠાવી.

'મેં જોઈ છે? મેં એને ક્યાં જોઈ છે? આપણે મટિયાવાડમાં હતા ત્યારે તો યાર, આપણી ટોમબોય સિવાય હરામ છે જો મેં કોઈ નાઝનીનનો પડછાયો ય જોયો હોય તો...'

'કહું છું... એ જ કહું છું. એનું નામ ઝરીન. બંગાળના કોઈક દૂરના ગામડાથી તેનો પરિવાર મટિયાવાડમાં સ્થાયી થયેલો. એ વખતે હું એક કેસ હેન્ડલ કરી રહ્યો હતો.' પોતે જાણે કોઈ પોલીસ ઓફિસર હોય તેમ સુમરો કેસ હેન્ડલ કરવા જેવો શબ્દ વાપરતો હતો પણ અન્ડરવર્લ્ડની એ જ સ્ટાઇલ હતી. તેમને મન પોલીસ અને તેમના કામ આડે ખાસ કંઈ ફરક હતો જ નહિ!

'એ કયો કેસ? મને યાદ હશે જ... ડિટેઇલમાં કહે...' ખજાનાની, વિરમના ભેદભરમની વાતમાં સુમરો કોઈ છોકરીને લાવ્યો અને હવે કયા કેસની વાત માંડી રહ્યો છે? ગૂંચવાયેલો અભિ ઉતાવળો થઈ રહ્યો હતો.

'પાલકર ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના માલિક પાસેથી મેં પાંચ કરોડની ખંડણી લીધી હતી.'

'માય ગોડ... સુમરા, ઇટ વોઝ યુ???' અભિ જાણે અંગારા પર પગ મુકાઈ ગયો હોય તેમ સુમરાથી છેટો ખસી ગયો. 'ઓહ યાર, એ કારસ્તાન તારું હતું?' પોતાના ધંધામાં માહેર અભિની આ ખાસિયત હતી. પત્રકારત્વમાં જોડાયા પહેલાંના કેસ પણ એ તારીખ-વાર સાથે કડકડાટ બોલી શકતો. દેશના ટોચના બિઝનેસ એમ્પાયર તરીકે નામના ધરાવતા પાલકરના દીકરાનું અપહરણ થતાં જબરી ધમાલ થઈ હતી. દેશભરના મીડિયાવાળા તૂટી પડ્યા હતા અને છેક દિલ્હીથી ફોનલાઇન ધણધણી હતી. બને ત્યાં સુધી ખંડણી ચૂકવીને પતાવટ કરવામાં માનતો કિશન પાલકર પૈસા દીધા પછી ય દીકરો જીવતો પાછો ન આવતા બરાબર હઠે ચડ્યો હતો. છેવટે એમાં આતંકવાદી કનેક્શન ખૂલ્યું હતું, કેટલાક એન્કાઉન્ટર પણ થઈ ગયાં હતાં અને ચાર-પાંચ પોલીસ ઓફિસરની કારકિર્દી કાયમ માટે પનિશમેન્ટલ પોસ્ટસની ભવાટવિમાં અટવાઈ ગઈ હતી. અભિની આંખો સામે એ આખો ઘટનાક્રમ તાજો થઈ ગયો.

'હા એ જ કેસ.' સુમરાના ચહેરા પર આંખના ખૂણા પાસેની રેખાઓ કશોક બોજ વર્તાતો હોય તેમ તંગ થઈ ગઈ. 'મેં જ કિશન પાલકરના છોકરાને ઊઠાવ્યો હતો. મેં જ ફોન પર પાલકર જોડે વરદી પાડી હતી. પાલકરનો બચ્ચો શી વાતે ય દસ કરોડની વરદી માટે તૈયાર થતો ન હતો. ખાસ્સી દમદાટી પછી પાંચ કરોડમાં વરદી નક્કી થઈ.' વરદી પાડવી એટલે ખંડણીની રકમ નિયત કરવી એ અન્ડરવર્લ્ડનો શબ્દ અભિથી અજાણ્યો ન હતો. 'મેં તેના દીકરાને કેટલાક ટપોરી જોડે મટિયાવાડમાં છુપાવ્યો હતો. મટિયાવાડ આખું મારા એક અવાજ પર ઊભું રહી જાય એવું સોલિડ નેટવર્ક મેં ત્યાં જમાવ્યું છે એ તો તેં જોયું. આ ઝરીનનો પરિવાર ત્યારે મટિયાવાડમાં હજુ નવોસવો. પાલકરના દીકરાને જ્યાં રાખેલો એ ભોંયરાના બંદોબસ્ત પર નજર રાખવા હું બારીએ ઊભો રહું ત્યારે એ કપડાં સૂકવતી હોય કે માટલાને રંગ લગાવતી હોય કે તડકે સૂકવેલા તાવડીના થપ્પા સંકોરતી હોય. હું રોજ તેને જોયા કરતો...' સુમરાના ચહેરાના બદલાયેલા ભાવથી તાજુબી અનુભવતો અભિ ગમ્મત અને કુતૂહલની લાગણીથી તેને તાકી રહ્યો. તેને યાદ આવ્યું કે મટિયાવાડમાં તેઓ

હતા ત્યારે સુમરો મોટા ભાગનો સમય એ બારી પાસે ઊભો રહીને સિગાર પીતો, બહાર તાક્યા કરતો.

'મને ખબર નથી કેમ, પણ બસ એ છોકરી મને બહુ ગમવા લાગી... તેની કાળી ઘેરી આંખો, ઢીંગલી જેવો માસૂમ ચહેરો જોઈને સાચે જ યાર, મને સમજાતું નહિ પણ કંઈક થવા લાગતું.' સુમરા જેવા ખુર્રાટના મોંએ આવી દિલકશ વાત સાંભળીને શું કહેવું તેની અભિને સમજ પડતી ન હતી. આમાં ખજાનો ક્યાં આવ્યો? પાલકરના દીકરાનું મર્ડર આમાં ક્યાં આવ્યું?

'વરદી ફાઇનલ થઈ એ જ રાતે મારો પ્લાન એવો હતો કે પાલકરના દીકરાને હું ગાડીની ડીકીમાં બાંધીને લઈ જઈશ. એ ગાડી નક્કી થયેલા સ્થળે છોડી દઈશ. ખંડણીની રકમ હાથમાં આવે પછી એ ગાડીનો નંબર આપીને હું છૂટો. પણ સાલું બધું જ ચોપટ થઈ ગયું...' જાણે અત્યારની જ ઘટના હોય તેમ સુમરાના અવાજમાં હતાશા વર્તાતી હતી. 'પાલકરના છોકરાને લઈ જવા માટેની વ્યવસ્થામાં હું બહાર હતો એ જ સાંજે કોઈક અજાણી ટોળકી ત્રાટકી હતી. મારા પંટરો અંધારામાં રહી ગયા અને તદ્દન ચુપકીદીપૂર્વક એ લોકો પાલકરના છોકરાને અને મારા પંટરોને ઊઠાવી ગયા. એમાં જ એ ઝરિને ય અડફેટે ચડી ગઈ.'

'એ કેવી રીતે? મને સમજાયું નહિ...'

'ત્રણ પંટરને મેં સૂટકેસ ખરીદવા મોકલ્યા હતા. બે અહીં મકાનમાં પાલકરના દીકરા પર પહેરો ભરતા હતા. અચાનક બે ગાડીમાં આઠ જણાએ ઢળતી સાંજે છાપો માર્યો અને મારા બે પંટર અને પાલકરના દીકરાને દબોચી લીધા. તેમને ગાડીમાં નાંખીને એ જતા હતા એ જ વખતે ઝરીન એ જોઈ ગઈ. તેણે ચીસ પાડી એટલે લોકો એકઠા થઈ જવાના ડરથી આ લોકો તેને પણ ઊઠાવી ગયા.'

'માય ગોડ... ઇટ્સ સ્ટ્રેન્જ... તો પછી મેં એ છોકરીને ક્યાં જોઈ છે?'

'તેં એની લાશ જોઈ છે. હમીરપુર એન્કાઉન્ટર કેસ યાદ છે?'

'આહ્હ્હ્હ્...' અભિની આંખો છળી ઊઠી. 'ઓ'માય ગોડ... ઓહ યાહ... ઓહ શીટ્...' તેના ગળામાંથી બીજો અવાજ જ નહોતો નીકળતો.

'પાલકરના દીકરાને એ લોકોએ બેહોશ કરીને ફેંકી દીધો. પછી ત્રણ દિવસ સુધી ગુનેગારોની તલાશીનું નાટક ચાલ્યું. ચોથા દિવસે હમીરપુરની કોતર પાસેથી પસાર થઈ રહેલી ગાડી પોલીસે આંતરી. એ લોકોએ ગોળીબાર કર્યો અને પોલીસના વળતા ગોળીબારમાં ત્રણ જણા માર્યા ગયા. એન્કાઉન્ટર પાર્ટીને લીડ કરનાર હતા જાંબાઝ પોલીસ અફસર વિરમ રાજદેવ. એ એન્કાઉન્ટરમાં એક રૂપાળી છોકરી ય મારી ગઈ હતી... એ જ મારી ઝરીન...' અભિને એ આખો કેસ કંઠસ્થ અને એ દરેક ચહેરા ચક્ષુસ્થ હતા. આટલી રૂપાળી, માસૂમ છોકરી કેવી રીતે આતંકવાદી હોઈ શકે તેની ચર્ચા મહિનાઓ સુધી ચાલી હતી અને કોઈના ઠામ-ઠેકાણાં ક્યાંય મળ્યાં ન હતાં. છેવટે પોલીસે રજૂ કરેલી સ્ટોરી સ્વીકારી લેવી પડી હતી.

'પાલકરના છોકરાનું એ અપહરણ મેં વિરમના કહેવાથી કર્યું હતું.' સુમરા બોલતો જતો હતો અને અચરજ, આઘાત અને અવઢવથી ખૂલી ગયેલું અભિનું મોં શી વાતે ય હવે બંધ થાય તેમ ન હતું. 'અને સાહાના કહેવાથી ખુદ વિરમે જ મને અંધારામાં રાખીને પાલકરના છોકરાને છોડી મૂક્યો હતો. એ તેને છોડી મૂકે કે જીવતો દાટી દે મને કંઈ જ ફરક પડતો ન હતો, પણ મને જે આઘાત હતો એ ઝરીનનો હતો. મેં વિરમ પાસે અનેક વાર તેનો જવાબ માંગ્યો. દર વખતે વિરમે મને ટાળ્યો. છેવટે મારી ધીરજ ખૂટી. મેં વિરમને વરદીની આડમાં ચાલતા તેના તમામ ગોરખધંધાની પોલ ખોલી નાંખવાની ધમકી આપી... મારાથી અપાઈ ગઈ. એ

મારી ભૂલ હતી. આ લોકો સાથે બાથ ભીડવાનું મારું ગજું નથી એ મને પછી સમજાયું, પણ બસ, એ પછી આજ સુધી હું પળપળ માથા પર વીંઝાતા મોતના સુસવાટા સાંભળતો ગુમનામીમાં જીવું છું.'

'અને ખજાનો? એનો શું મામલો છે?'

'મને ખાતરી નથી, પણ કેટલોક મારો અંદાજ છે, કેટલુંક મેં સાંભળ્યું છે. સાહાની આગેવાની હેઠળ વિરમ કશાંક ભેદી ગોરખધંધા કરે છે. એ લોકો પોતાની જાતને રાષ્ટ્રવાદી કહેવડાવે છે. દેશમાં બધું જ પોતાની ધારણા મુજબ ચાલવું જોઈએ એવો તેમનો હઠાગ્રહ છે. એ બધા સાથે મારે કંઈ નિસબત ન હતી. મારે તો ફક્ત વિરમના ઓર્ડર્સ ઊઠાવવાના હતા અને એ માટે મને ચિક્કાર રૂપિયા મળતા હતા. ફંડ એકઠું કરવા માટે સતત કરવા પડતા ગોરખધંધા, અપહરણ, ખંડણી, બ્લૅકમેઇલિંગના ચક્કરથી છૂટવા આ ટોળકીને કોઈક ભેદી રસ્તો મળી આવ્યો હોવાની મને શંકા છે. દક્ષિણ ભારતના કોઈક મંદિરની વિરમે વારંવાર મુલાકાત લીધી હોવાનું પણ મને જાણવા મળ્યું હતું અને એ ખજાનાના મામલે જ વિરમે મને નારાજ કરીને સાહાને રાજી રાખવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. પણ એ ખજાનો ક્યાં છે? કેટલો છે? મળ્યો કે નહિ? વિરમ અને સાહાને ક્યાં વાંકું પડ્યું એ તો હવે બસ, વિરમ કહી શકે અથવા રાવી...'

ગાંડાબાવળના થડ પછવાડેથી માલધારી ઓરતે ગમછો હલાવ્યો એથી અભિની તંદ્રા તૂટી. તે સફાળો ખાટલા પરથી કૂદ્યો અને મોટી લાંઘ ભરીને નેસ ભણી દોડતાં બોલતો ગયો... 'રાવી ભાનમાં આવી ગઈ લાગે છે...'

* * *

~

'કેમ? મારી પાસે તો છે...' રાવીએ તેના ભણી લંબાવેલી ગન હાથમાં ઝાલતાં અભિ ખચકાયો.

'રાખી લે, ત્યાં કેવી સિક્યોરિટી હશે તેની આપણને ખબર નથી.' ક્ષિતિજમાં તાકી રહેલા સુમરાએ નજર પણ ફેરવ્યા વગર જવાબ વાળ્યો.

'મતલબ કે, મારે રિવોલ્વરને બદલે બૅરેટા યુઝ કરવાની છે એમ તું કહેવા માંગે છે?' અભિને હજુ ય મૂંઝવણ થતી હતી.

'ના, બંને રાખી લે.' સુમરાએ ગળા ફરતા વીંટાળેલા ગમછાથી મોં ઘસ્યું અને અભિની સામે જોયું. 'સાધારણ સંજોગોમાં આવા ઓપરેશન માટે હું ઓછામાં ઓછા આઠ આદમી અને બે ગાડી પસંદ કરું પણ આ હાલતમાં આપણી પાસે બીજો કોઈ વિકલ્પ પણ નથી.'

રાવી ભાનમાં આવ્યા પછી ખાસ્સો સમય તેની શુશ્રૂષામાં ગયો હતો. તેને ખાસ્સી નબળાઈ વર્તાતી હતી. અભિએ તેને નાળિયેરના પાણી સાથે દવાઓ આપી. તેનો ડાબો હાથ ઝોળીમાં હતો એટલે તેને ચમચી વડે થોડું ફ્રૂટ ખવડાવ્યું. હરભમની સૂચનાથી બે માલધારી ઓરતો રાવીની સહાયતામાં આવી ગઈ હતી. ખંધો હરભમ પણ મામલો પેચીદો હોવાનું ધારી ચૂક્યો હતો. ડોક્ટર લાવવાની ફી પેટે તેણે પચાસ હજારનો આંકડો પાડ્યો ત્યારે તેને મનમાં અંદેશો હતો કે આ પહાડ જેવો ખૂંટિયો ગરજનો આવો ટીંચર ભાવ પાડવા માટે તેની બોચી ઝાલી લેશે. તેને બદલે સુમરાએ આંખનું મટકું ય માર્યા વગર હા પાડી દીધી ત્યારથી હરભમના પેટમાં લાલચનાં ગલૂડિયાં કલબલ કરવા લાગ્યાં હતાં. એટલે સહાયતાનું પૅકેજ જેટલું મોટું થાય એમ બિલ પણ મોટું અંકે કરવાની તેને ખાતરી હતી. પાર્ટી માલદાર છે, રૂપિયા છુટ્ટા હાથે વેરે છે અને તેઓ જે કોઈ આફતમાં ફસાયા છે તેમાંથી આસાનીથી છૂટવાના નથી તેની પાકી ખાતરી થયા પછી હરભમે નેસના મુખિયાને સાનમાં સમજાવી દીધો હતો અને પોતાના વિશ્વાસુઓને પણ મદદે જોતરી દીધા હતા.

રાવીનો ફિક્કો ચહેરો, ઊંડી ઊતરી ગયેલી આંખો અને પાતળા થઈ ગયેલા અવાજથી અભિની આંખોમાં સહજ વ્યાકુળતા પ્રસરી જતી હતી. રાવીએ આનાકાની કરી છતાં ય તેણે બંને હાથ ભીના કરીને તેના વાળમાં ફેરવી દીધા હતા. સુમરો અને રાવી તેનો ઉદ્યમ જોઈ રહ્યા હતા અને તેમની આંખોમાં તાજુબી આંજીને અભિ જાતે જ બકરી દોહવા બેસી ગયો હતો. બે-ચાર શેડ દૂધ પ્યાલામાં ભરીને તેણે એક-બે ટીપાં મધ તેમાં નાંખ્યું હતું અને દૂધ-મધના મિશ્રણમાં મુલાયમ કપડું ભીંજવીને તેના વડે રાવીનો ચહેરો ધોવા તે બેઠો હતો.

'બાળપણમાં અમે સાબુ કદી જોયો જ ન હતો.' રાવીનું કટાણું થયેલું મોં જોઈને તેણે કહ્યું, 'તું જેને ક્લિન્સિંગ મિલ્ક કહે છે ને તેનું આ પ્યોરેસ્ટ ફોર્મ છે.'

'બસ કર યાર, મારે ક્યાં ફિલ્મનું શૂટિંગ કરવા જવાનું છે તે આટલી કાળજીથી ચહેરો ધુએ છે?'

'હા, પણ ગનના શૂટિંગ માટે તારો હજુ ઘણો ખપ છે.' અભિએ તેના ટૂંકા વાળ કાન પાછળ સફાઈપૂર્વક ગોઠવતાં તેના ભર્યા-ભર્યા ગાલ પર હળવી ટપલી મારીને કહ્યું હતું. પાણી વડે દૂધ-મધ કાળજીથી સાફ કર્યા પછી રાવીના ફિક્કા ચહેરા પર નિખાર ઊઘડ્યો હતો.

સાંજ ઢળવા આવી ત્યારે રાવીનો ખાટલો કૂબાની પછીતે ફેરવ્યો અને સુમરા તેમજ અભિ તેની આસપાસ

ગોઠવાયા હતા. બપોર આખી ધોમધખેલો વગડો સાંજની ઠંડકમાં જાણે આળસ મરડીને સુસ્તી ઊડાડતો હોય તેમ લીલીછમ કિલકારી ભરતો હિલોળાઈ રહ્યો હતો. આથમતી સાંજના ચોમાસું વાદળોનો કિનખાબ ઓઢીને ઠંડો પવન ફૂંકાવા લાગ્યો હતો.

'ઉપરવાસમાં ક્યાંક વરસાદ પડી રહ્યો લાગે છે.' અભિએ હવાની ગંધ પારખીને કહ્યું.

'ન પડવો જોઈએ...' અભિની નિસર્ગને પારખવાની સહજ સૂઝ પર સુમરાને ભારે તાજુબી થવા માંડી હતી. આ માણસ નખશિખ પત્રકાર હતો અને ધરતી સાથે હાડોહાડથી જોડાયેલો ખેડૂત પણ હતો. જોકે સુમરો તો સાંગોપાંગ ખેપાની જ હતો. 'આપણા પ્લાનિંગ મુજબ જો કાલે વરસાદ પડે તો બધું ચોપટ થઈ શકે તેમ છે.'

'કેમ? શું છે કાલનું પ્લાનિંગ?' ગાર-માટીથી લીંપેલા કૂબાની પછીતે ગોદડાના સહારે અઢેલીને બેઠેલી રાવીએ પૂછ્યું એ સાથે સુમરા અને અભિની આંખોએ સંતલસ કરી લીધી.

'વિરમનું ઠેકાણું મળી ગયું છે. આઈ મીન...' અભિનું વાક્ય પૂરું થાય એ પહેલાં રાવીના ચહેરાના ભાવ પલટાયા હતા. જંગલમાં ઘૂમતા રાની પશુની આંખો જરાક અમથા અવાજથી ચૌકન્ની થઈ જાય એવી સહજ આદતવશ રાવીના ઝોળીમાં બાંધેલા હાથમાં ગન કાઢવાનો ટળવળાટ ફરી વળ્યો.

'ક્યાં??' તેના અવાજમાં અધીરાઈ અને તંગ થયેલા જડબામાં ઝુઝાર મક્કમતા કચકચતી હતી.

'રિલેક્સ... રિલેક્સ ડિયર...' તેના આવા પ્રતિભાવની અપેક્ષા રાખી જ હોય તેમ અભિએ તરત આર્જવપૂર્વક તેના માથે હાથ ફેરવ્યો હતો. 'હજુ અમને ફક્ત ધારણા છે.' એ પછી તેમણે વિરાજ શાનબાગ મારફત રાજાવતની આવનજાવન કઈ રીતે જાણી તેનો અહેવાલ આપ્યો હતો. મિલ રોડના ફાર્મહાઉસમાં રાજાવતની મૂવમેન્ટ અને એ ફાર્મહાઉસ સાથે રાજિયા હરામીનું કનેક્શન જાણ્યા પછી રાવી પણ વિચારમાં પડી ગઈ હતી.

'લાઇટહાઉસ એટલે કઈ જગ્યા એ તને ખબર નથી. વિરમે મોકલેલા નકશાનો ભેદ પણ તને ખબર નથી અને હવે તારા ઉપરાંત અમે બંને પણ બૂરી રીતે ફસાઈ ચૂક્યા છીએ.' સુમરાએ બહુ કાળજીપૂર્વક પ્લાન ખોલવાનો આરંભ કર્યો. તેને આ હાલતમાં રાવીને બાકાત રાખવી હતી અને રાવી તેની વાત નહિ જ સ્વીકારે એવો ડર પણ હતો. 'જેટલું મોડું કરશું એટલું જોખમ વધશે. આ હરભમ પણ કંઈ ઓછી માયા નથી. રૂપિયાની ધારમાં એ પલળી ચૂક્યો છે, પણ આપણી લડાઈ હોમ મિનિસ્ટર સાથે છે એ જાણ્યા પછી તેનું મોં વધુ પહોળું થશે અથવા તો એ ડરીને ફસકી પણ જાય.' સુમરો એકશ્વાસે બોલી ગયો.

'યાહ, આઈ એગ્રીડ. સ્ટાર્ટ ધ એસોલ્ટ. આપણે કાલે સવારે જ ફાર્મહાઉસ પર ધસી જઈએ.' રાવીએ તદ્દન સહજતાથી કહી નાંખ્યું.

'બિલકુલ...' સુમરાની આંખોમાં તેના કરડા, ખૂંખાર ચહેરા સાથે અસંગત લાગે તેવી સંવેદના તગતગતી હતી. તેણે રાવીના જમણા હાથના પહોંચા પર લુહારના ઘણ જેવા પોતાના હાથની ખુર્દરી હથેળી પસવારી. '...પણ આપણે નહિ, અમે.'

'એટલે?' છંછેડાયેલી રાવીએ ઝાટકા સાથે હાથ ખેંચી લીધો અને ગોદડાના ટેકેથી બેઠી થઈ ગઈ. 'વોટ ધ હેલ ડૂ યુ મીન? હુ ધ હેલ યુ આર ટૂ કીપ મી આઉટ?? કમઓન, કાન્ટ આઈ ફાયર ધ ગન? હેલ સુમરા, તમે બેઉ વિરમને છોડાવવા જાવ અને હું અહીં સૂતી રહું એમ તું ધારે છે?' રાવીનો પ્રતિભાવ અપેક્ષિત હતો પણ

તેની ઉગ્રતા ધારણા કરતાં ક્યાંય વધારે હતી. તેણે રોષભેર જમણા હાથે ડાબા પડખેથી નિર્લજ્જતાભેર કમખો ઊંચો કર્યો. 'આ દેખાય છે??' તેની મલાઈ જેવી ગોરી, સાપની કાંચળી જેવી સુંવાળી અને વળ ખાતી નદીના ઘૂઘવાટ જેવી ભરી-ભરી કમરથી અડધો ઇંચ ઉપર બે રૂપિયાના સિક્કા જેવડું આછું ભૂખરું ચકામું હતું.

'હિસ્સાર રેલવેસ્ટેશનના નવા યુનિટના ઉદ્ઘાટન વખતે રેલવેમંત્રી બ્રિજનારાયણ મિશ્રા પર થયેલું ફાયરિંગ યાદ છે? તેણે અભિમન્યુની સામે જોયું. 'એ ફાયરિંગ મેં કર્યું હતું. મિશ્રાના કમાન્ડો અને પોલીસની પલટન સામે એકલે હાથે હું ઝઝૂમી હતી અને આ ગોળી ખાધા પછી ય હું ઝડપાઈ ન હતી.' તદ્દન નબળી શારીરિક હાલત છતાં ય આટલા ઉશ્કેરાટમાં બોલી નાંખ્યા પછી તેનાં ફેફસાંમાં શ્વાસ ભરાઈ ગયો હતો અને ચસોચસ કમખા હેઠળ વધારે ભરાવદાર લાગતાં તેનાં સ્તનો દમ-બ-દમ ઊંચકાતાં જતાં હતાં. 'મારો કમખો ઉતાર તો જમણા બાવડાની નીચે ખંજરનું નિશાન પણ બતાવું. સાલા, તમે મને શું સમજો છો?'

'કમ ઓન યાર, ડોન્ટ પેનિક... તું ખોટો અર્થ તારવે છે...' અભિએ પરાણે તેને પછીતને ટેકે હડસેલીને શાંત પાડવાની કોશિશ કરી. 'તું સુમરાનો પ્લાન સમજ્યા વગર ખોટી બૂમાબૂમ ન કર. એન્ડ ડોન્ટ ગેટ મી રોંગ, બટ યુ આર નોટ વેલ, ઇટ્સ ફેક્ટ.'

'ના અભિ, એને ખોટા થાબડભાણા ન કર. તેણે સ્વીકારવું જ પડશે.' સુમરાએ મક્કમતાપૂર્વક કહ્યું અને ખાટલા પર રાવીની બાજુમાં તે ગોઠવાયો. 'ખોટી જીદ ન કર, રાવી...' પોતાની આંખમાં પરોવાયેલી સુમરાની આંખોના અકથ્ય ભાવને રાવી સ્તબ્ધ બનીને જોઈ રહી. 'હાલ પથારીમાંથી બેઠા થવાની પણ તારી ક્ષમતા નથી અને આપણાથી વધારે રાહ જોઈ શકાય તેમ નથી. તારી-મારી વાત તો ખેર, જવા દે. પણ તને ખબર છે ને...' સુમરાએ અભિ ભણી હાથ લંબાવ્યો, 'આ છોકરો સાવ ફોકટનો આમાં સંડોવાઈ ગયો છે. કમ સે કમ તેને તો આમાંથી હેમખેમ બહાર નીકળવા દે. આ બધા ભેદ ન ઉકેલાય ત્યાં સુધી દુનિયાને તે મોં બતાવી શકે તેમ નથી અને વિરમ વગર એ ભેદ ઉકેલાય તેમ નથી. તને તારો બાપ દેશદ્રોહી છે કે શહીદ તે જાણવાની પીડા હતી એવી જ પીડામાંથી અત્યારે આ છોકરાનો બાપે ય પસાર થઈ રહ્યો હશે, તને ખ્યાલ આવે છે?'

અભિના ગોરા ચહેરા પર ઝૂલતાં વાંકડિયાં ઝુલ્ફાંમાં નજર અટવાઈ ગઈ હોય તેમ રાવીએ ક્યાંય સુધી તાક્યા કર્યું હતું. 'ઓકે... એઝ યુ સે...' રડમસ અવાજે આટલું કહીને તેણે આંખો બંધ કરી દીધી હતી. એ ખુર્રાટ છોકરીની બંધ પાંપણોની ભીતર ઊમટેલી પીડા આંખના ખૂણેથી ભીનાશ બનીને બહાર આવવા મથતી હતી એ અભિએ જોયું. કાશ, આ છોકરી થોડી વહેલી મળી હોત. રાવીના લંબગોળ ચહેરાના નમણા વળાંકને તાકી રહેલા અભિને થયું, જો એ વહેલી મળી હોત તો એ આવી માથાફરેલ ન રહી હોત. તેણે ફરીથી તેની બંધ આંખોના કથ્થાઈપણાને ઝાંક્યા કર્યું અને મનોમન આવી ગયેલા વિચારથી મરકી પડ્યો. ના, આ છોકરી તો આવી જ હોવી ઘટે. વાવાઝોડાની થપાટ જેવી વેગીલી, આગના ભડકા જેવી ઝાળઝાળ. તો પછી શક્ય છે કે તેને વહેલો મળ્યો હોત તો પોતે આવો સીધોસાદો, સરળ પત્રકાર ન રહ્યો હોત!

—પછી શરૂ થઈ હતી સુમરાની પ્રિય રમત, પ્લાનિંગ.

સુમરાએ સ્મૃતિના આધારે ફાર્મહાઉસનો અંદરનો નકશો કાગળ પર આંક્યો હતો. 'હું ન ભૂલતો હોઉં તો, તોતિંગ દરવાજાથી લગભગ બસ્સો મીટરના ડ્રાઇવ-વે પછી ડાબી બાજુ ચાર-પાંચ ઓરડાના આઉટહાઉસ છે.' તેણે કાગળ પર એક ચોકઠું ચીતર્યું. 'આઉટહાઉસથી થોડે દૂર ડ્રાઇવ-વેના વળાંક પર આઠ-દસ પગથિયાં વટીને ત્રીસેક ફૂટ લાંબી અને વીસેક ફૂટ પહોળી લાઉન્જ છે.' સુમરો આંખ બંધ કરીને ફાર્મહાઉસમાં વિતાવેલા એ ભૂતકાળમાં ડૂબકી મારીને જાણે કાગળ પર ઘડિયાળના કાંટા પાછા ખેંચતો હતો. 'લાઉન્જની બંને તરફ

મોટા ઓરડા છે. પાછળની તરફ ગાર્ડન છે અને તેની પાછળ આંબા, ચીકુડી, દાડમડી અને બદામડીનાં ઝાડ છે. એ પછી ખેતર શરૂ થાય છે.'

રાવીના આઇફોન પર જીપીએસ ઓન કરીને અભિએ મિલ રોડ પર એ ફાર્મહાઉસ લોકેટ કર્યું હતું. બીજા કાગળ પર તેણે મિલ રોડ, ફાર્મહાઉસ અને તેની આસપાસની ઇમારતોની નિશાની દોરી. નજીકનું પોલીસસ્ટેશન ફાર્મહાઉસથી દોઢ કિલોમીટર છેટે હતું એ જોતાં વિરમને અહીં રાખ્યો હોય તો અહીંથી પોલીસસ્ટેશન સાથે સીધા અને ત્વરિત સંપર્કની વ્યવસ્થા પણ હોવાની જ. ત્રણ કિલોમીટરના પરિઘમાં કામ આપે એવા જર્મન બનાવટનાં કોર્ડલેસ એલાર્મ પોલીસખાતાએ વસાવ્યા હોવાનું અને કેટલાક વીવીઆઈપીઓના બંગલાઓમાં તે મૂકાયા હોવાનું અભિ જાણતો હતો. વિરમ જેવા માણસને અહીં રાખ્યો હોય તો રાજાવતે અહીં પણ એ સુરક્ષા ગોઠવી હોઈ શકે. અભિના મુદ્દાને સુમરાએ ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લીધો હતો. બંગલાની પાછળના ખેતરનો એક છેડો મિલ રોડને સમાંતર હતો જ્યારે બીજા છેડે જમણી તરફ મિલ રોડને કાટખૂણે કાપતો વેલિંગ્ડન રોડ હતો. એ સર્કલથી વેલિંગ્ડન મલ્ટિપ્લેક્સ થિયેટર દોઢસો મીટર છેટે હતું અને બીજો છેડો રિંગ રોડને સ્પર્શતો હતો. રાજિયાએ હરામની કમાણીમાંથી બહુ મોકાની જગ્યાએ પચીસ વીઘા જમીન લઈ રાખી હતી.

'દરવાજેથી પ્રવેશવાનું તો આસાન નહિ જ હોય.' અભિએ નકશા ભણી તાકતા કહ્યું. 'જો વિરમ અહીં હોય તો મુખ્ય દરવાજે પૂરતો બંદોબસ્ત હોય જ. સીસીટીવી કૅમેરા પણ હોવાના.'

'હમ્મ્મ્...' સુમરાએ દાંત વચ્ચે સિગાર દબાવીને તેના ધુમાડાથી બળતી આંખો ચૂંચી કરીને હોંકારો ભણ્યો.

'બંગલા ફરતી મિલ રોડને સમાંતર ઊંચી દીવાલ હોવાની જ, કારણ કે આ રોડ તો મલ્ટિપ્લેક્સને લીધે હવે ધમધમતો થઈ ગયો છે. બટ આઈ ડાઉટ, વેલિંગ્ડન સર્કલથી છેક રિંગ રોડ સુધી આ ખેતર પથરાયેલું છે એ જોતાં લગભગ 1,200 મીટર જેટલી લાંબી પાકી દીવાલ તો નહિ જ હોય.'

'હમ્મ્... મને પણ એમ જ લાગે છે. જો તારની વાડ હોય તો... પ્લાન A...' સુમરાએ સિગાર હાથમાં લઈને ધુમાડાનો ગોટો હવામાં છોડ્યો અને વેલિંગ્ડન રોડ પર સર્કલથી લગભગ ત્રણસો મીટર છેટે એક કૂંડાળું દોર્યું અને એવું જ બીજું કૂંડાળું રિંગ રોડને સ્પર્શતી ખેતરની દિશામાં દોર્યું. '... તો આપણે અહીંથી એન્ટ્રી લેવી જોઈએ.'

'અને ધારો કે છેક સુધી દીવાલ હોય તો?' નકશાને ઝીણવટપૂર્વક નીરખી રહેલી રાવીએ શંકા વ્યક્ત કરી.

'તો પ્લાન B ડાયરેક્ટ એટેક. સીધા મેઇન ગેટ પર સિક્યોરિટી કોર્ડન તોડીને જ અંદર ધસી જઈશું.'

'ઈમ્પોસિબલ...' રાવીએ ડોકું ધુણાવી નાંખ્યું. 'તમે બે જણા હશો. એક ગાડી ડ્રાઇવ કરશે. બીજો ફાયર કરશે તો કવર કોણ આપશે?' તેની શંકામાં વજૂદ તો હતું જ પણ સુમરાના ચહેરા પર બેફિકરાઈ હતી. તે જ્યારે નિર્ણય પર આવી જાય ત્યારે ઓછામાં ઓછું બોલવાની તેની તાસીર હવે અભિ પણ પામી ચૂક્યો હતો.

'અમે બે નહિ હોઈએ.' સુમરાએ રાવીની આંખોમાં તાક્યું. 'ઓછામાં ઓછા પચાસનો કાફલો હશે...' રાવી અને અભિની આંખોમાં અચરજનો ચકરાવો રમતો જોઈને તેણે મર્માળુ સ્મિત વેર્યું, 'હરભમ માલા...!!'

હરભમ માલા... પચાસનો કાફલો... સુમરો શું કરવા ધારે છે? અભિને હજુ ય ગડ બેસતી ન હતી. 'પણ તારની વાડવાળો પ્લાન A જ પોસિબલ હોય તો હરભમ માલાને સંડોવવાની જરૂર છે ખરી?' અભિ હજુ ય

એ અડબંગ દેહાતી પર ભરોસો કરતાં અચકાતો હતો.

'યસ રિપોર્ટરસા'બ, હરભમની જરૂર પ્લાન A માટે જ છે.' ચહેરા પર નિશ્ચયાત્મક સ્મિત મઢીને તે ઊભો થયો. બે ય હાથે ઢગરો થપથપાવીને ધૂળ ખંખેરી. ગળામાંથી ભદ્દો અવાજ કાઢીને આળસ મરડી અને ક્ષિતિજને તાકી રહ્યો.

સંધ્યાનો પાલવ ખેંચીને મગરુબ ચાલે અસ્તાચળે જઈ રહેલો સૂરજ, માલધારીઓના કૂબામાંથી ઊઠતી ધૂમ્રસેર, ચૂલામાં જલતા લક્કડિયા કોલસાની હવામાં ઘૂમરાતી તીખી ગંધ અને ચરિયાણમાંથી પાછા ફરતાં વાડા ભણી હારબંધ દોરાઈ રહેલાં ગાડર-બકરાં... સુમરાએ ક્યાંય સુધી નિઃશબ્દપણે તાક્યા કર્યું. તેના ચહેરા પર સ્મિત હતું એ જોઈને અભિ અને રાવીએ અચરજભેર એકમેકની સામે જોયું અને મલકી પડ્યાં. ઓછાબોલા સુમરાના ખુર્રાટપણા પર તેમને ભરોસો હતો. રાવીએ ઓશીકા નીચેથી તેની ફૅવરિટ બૅરેટા પિસ્તોલ કાઢી અને કહ્યું, 'આ તારી પાસે રાખજે...'

'કેમ? મારી પાસે તો છે...' રાવીએ તેના ભણી લંબાવેલી ગન હાથમાં ઝાલતાં અભિ ખચકાયો.

*

'પ્રધાનમંત્રીને કહા હૈ કિ દેશ કી જનતા પર હમેં પૂરા વિશ્વાસ હૈ ઔર જનતા હમારા સમર્થન કરતી હૈ...' રાજાવતે મનોમન ગાળ બબડતાં રિમોટમાં ખાડો પડી જાય એટલા જોરથી અંગૂઠો દબાવીને ચૅનલ બદલી. બીજી ચૅનલ પર પ્રધાનમંત્રીને બદલે કોઈ મુખ્યમંત્રી હતા, વાત તો એ જ હતી, 'જનતા હમારા સમર્થન કરતી હૈ...' ત્રીજી ચૅનલ પર કોઈ ફિલ્મનું ગીત, ચોથી પર ક્રિકેટ... રાજાવતે રિમોટ ફગાવ્યું અને સફાળો બેઠો થયો. 'આજે નહિ ચાલે... નહિ જ ચાલે...' તેણે સાદા ટ્રાઉઝર પર ટી-શર્ટ ચડાવ્યું અને પગ હવાઈ ચંપલમાં ખોસ્યા. મોટી લાંઘ ભરતો તે બહાર નીકળ્યો.

'ચાવી લાવ...' તેને અચાનક જોઈને સડક થઈ ગયેલો કોન્સ્ટેબલ પહેલાં સલામ કરવી કે ચાવી આપવી તેની ગડમથલમાં અટવાઈ ગયો એટલે બાઘાઈમાં તેનાંથી બોલાઈ ગયું, 'જી સર??'

રાજાવતે તેની કાનપટ્ટી પર હળવા હાથે એક ઠોકી. 'બહેરો છે? કાનમાં કુતુબમિનાર ખોસ્યો છે? સંભળાતું નથી, મેં શું કહ્યું?' ડારતી આંખે તેણે જાતે જ કોન્સ્ટેબલનાં ખિસ્સાં ફંફોસીને ઈનોવાની ચાવી કાઢી. પોર્ચમાં પાર્ક કરેલી ગાડીમાં બેઠો અને આંખના પલકારે ગાડી સડક પર હંકારી મૂકી. તેના ઉદ્દંડ મગજમાં ભયાનક ધૂંધવાટ લબકારા મારતો હતો. સાંજ ઢળવા લાગી ત્યારથી તેણે પીવાનું શરૂ કરી દીધું હતું. જેક ડેનિયલ્સના સાત-આઠ પૅગ પેટમાં ઓર્યા પછી તેનો ધૂંધવાટ શમવાને બદલે વધુ વકર્યો હતો. તેણે છાપામાં મન પરોવી જોયું, પત્નીને ય ફોન જોડ્યો પણ છેવટે તેને ય ગાળો દઈને ફોન પછાડ્યો. ટીવી ચૅનલમાં ય તેનું મગજ શાંત ન થયું. આખરે તેને નૂરી યાદ આવી. છેલ્લા એક મહિનાથી વિરમની જફામાં તે સુરાણા ફાર્મહાઉસનો વિચાર સુધ્ધાં કરી શક્યો ન હતો પણ આજે ચાલે તેમ ન હતું. એકધારી નિષ્ફળતાઓ, સાહાના ઝેરીલા પ્રહારો, વિરમની કાતિલ ઠંડક, મોબાઇલમાંથી મળેલા નકશાનો તાગ ન મળવાની અકળામણ અને તેની પોતાની પ્રકૃતિગત ઉદ્દંડતા એ બધું જ આજે વ્હિસ્કીના બુંદ-બુંદ પર પરવાન ચઢીને તેની નસોમાં તોફાન જગાવી ચૂક્યું હતું.

અડધા કલાક પછી તે ફાર્મહાઉસના આલીશાન બેડરૂમમાં હતો. આછી રોશની હેઠળ પારદર્શક, ટૂંકા ફ્રોકમાં ઊભેલી નૂરીના કુમળા, માદક અને ઘાટીલા વળાંકો તે લોલુપ નજરે જોઈ રહ્યો. હજુ ય તેના મનમાં સાહાએ

ચોપડાવેલી ગાળો ઘણની જેમ પછડાતી હતી. તેણે માથું ઝકઝોર્યું અને નૂરીની ગોરી, માંસલ જાંઘો પર હાથ પસવાર્યો.

'તારી હેસિયુનિફોર્મ ઉતાર અને ટ્રેનમાં ચડીને તાળીઓ પાડ... તું એ જ કરી શકે.' મટિયાવાડના ઓપરેશનની નિષ્ફળતા પછી હોમ મિનિસ્ટરે તેને ડિપાર્ટમેન્ટમાં બધાની હાજરીમાં ઠપકાર્યો હતો. રાજાવતે ફરીથી માથું ધુણાવ્યું. નૂરીની માંસલ જાંઘોની સ્નિગ્ધતા પર ઘૂમરાઈ રહેલો તેનો હાથ વધુ મજબૂતીથી ત્યાં જકડાયો એથી નૂરીના મોંમાંથી ઊંહકારો નીકળી ગયો.

'કેમ??' રાજાવતે અંગૂઠાથી તેની હડપચી ઊંચી કરીને તેની આંખોમાં જોયું. 'કેમ અવાજ કરે છે સાલી? હમ્મ્મ્?? પહેલી વાર આવ્યો છું હું એમ??' તેણે નૂરીના કાન પાસેથી વાળ ખસેડ્યા અને તેની મરોડદાર ગોરી ગરદન પર ક્યાંય સુધી દાંત ભીંસીને લાલઘૂમ ચકામું પાડી દીધું. 'સહેજપણ અવાજ નહિ જોઈએ... હમ્મ્મ્... બહોત દિન બાદ આજ મૂડ બના હૈ...' રાજાવતની આંખોમાં ઘૂમરાતાં સાપોલિયાં નિહાળીને નૂરીના અર્ધા ઊઘાડા, ઘાટીલા બદનમાં થથરાટ ઉપડતો હતો. ગરદનનો ઢોળાવ ચઢીને તેના મખમલી ગાલની સુંવાળપ સાથે હોઠ ઘસતાં તે ફરીથી તંદ્રામાં આવી ગયો.

'તારા કરતાં મેં ખહુડિયો કૂતરો પાળ્યો હોત તો એણે ય કંઈક તો કર્યું હોત... મોકો જોઈને એ ય તે એક વાર તો જોરથી ભસ્યો હોત...' સાહાએ તે ઊભો હતો એ દિશામાં ગુસ્સાભેર પેપરવેઇટ ઝીંક્યું હતું. એ વખતે સહેજ મલકીને નીચું જોઈ ગયેલા બીજા અફસરોના ચહેરા, તેમની ઝૂકેલી આંખોમાં સ્પષ્ટ વર્તાતો ઉપાલંભ, વંકાયેલા હોઠમાં વંચાતો ઉપહાસ... તેણે નૂરીને જોરથી ભીંસી પીઠ પાછળ હાથ નાંખીને નીચા ગળાનું તેનું ફ્રોક ફાડ્યું. તેની માંસલ પીઠની કુમાશ આંગળાંમાં ભરી, તેનાં ભરાવદાર સ્તનો વચ્ચે માથું ભીંસ્યું અને તેને ઊંચકીને બેડ પર ફેંકી.

પછી રાતભર આલીશાન ખંડમાં બે જ અવાજ ઘૂમરાતા રહ્યા. એરકન્ડિશનરની ધીમી ઘરઘરાટી અને તેમાં નૂરીના થીજેલા ઊંહકારા. સાહાનું એક-એક વાક્ય લાલઘૂમ ચકામું બનીને નૂરીના ગોરા બદન પર છપાતું રહ્યું.

* * *

~

'ઊઠો જનાબ...' સુમરાએ અભિના ઘુંઘરાળા વાળમાં હાથ ફેરવ્યો એ સાથે અભિ સફાળો બેઠો થઈ ગયો.

પરોઢની મીઠી નીંદરમાં વગડો કોકડું વળીને જંપી રહ્યો હતો એ વખતે અહીં જબ્બર તૈયારીઓ થવા માંડી હતી.

સુમરાએ ગજબ મિલિટરી શિસ્તથી આયોજન કર્યું હતું. હરભમની પાસે તેણે જાતભાતની ચીજો મંગાવી હતી. કાથીના દોરડા, બાયનોક્યૂલર, અલગ અલગ આંકડા ચિતરેલી પાંચ-સાત નંબરપ્લેટ, એ નંબરપ્લેટ ચિપકાવવા સ્ક્રૂ ડ્રાઇવર, એડહેસિવ ટેપ, એક-દોઢ મીટર લાંબો ઇલેક્ટ્રિક વાયર, જાડી નાડાછડીના બે દડા...

'અલ્યા, આ શું છે યાર...?' શણના કોથળામાં આ બધો અસબાબ ભરી રહેલો અભિ નાડાછડીના દડા જોઈને ખડખડાટ હસી પડ્યો. 'આપણે વિરમની જાનમાં જઈએ છીએ કે શું??'

'હાથ બાંધવા માટે એનાથી વધુ મજબૂત બીજી એકે ય ચીજ મેં જોઈ નથી...' સુમરાએ માથા પર અસલ માલધારીની સ્ટાઇલથી ગમછો બાંધતાં જવાબ વાળ્યો, 'અને જાડાં રાંઢવાં કરતાં નાડાછડી જગ્યા પણ ઓછી રોકે.' સુમરાએ તેની ગન લોડ કરીને કેડિયાની અંદરના ખિસ્સામાં ખોસી અને વધારાનાં મૅગેઝિન્સ ઉપરના ગજવામાં મૂક્યાં.

અભિએ પોતાની રિવોલ્વર ઉપરાંત રાવીએ ધરાર આપેલી તેની બૅરેટા ગન એમ બે ય વેપન ક-મને નેફામાં આગળ-પાછળ ખોસ્યાં. 'યાર આ બહુ ખૂંચે છે' એવી તેની ફરિયાદ સુમરાએ અવગણી ત્યારે તેણે રાવીને મનાવવાની ય કોશિશ કરી જોઈ. 'હું તારી સેફ્ટી માટે કહું છું. તું એકલી અહીં છે એટલે...'

'બહુ સારું...' રાવીએ બનાવટી છણકો કર્યો. અભિની નામરજી તે સમજી ચૂકી હતી. 'મારી ચિંતા કરવાનું વળી તું ક્યારથી શીખ્યો? અને તું એમ માને છે કે મારી પાસે એ એક જ ગન છે?'

એ જ વખતે નેસના છેવાડે ગાડીની હેડલાઇટનું અજવાળું રેલાયું હતું. હરભમ ગાડી લઈને આવી ગયો હતો. માલધારીના વેશમાં લાંબી, જાડી ડાંગ હાથમાં ઝાલીને અભિ અને સુમરો નીકળ્યા. બે-ચાર ડગલાં આગળ જઈને સુમરો કશુંક યાદ આવ્યું હોય તેમ થંભ્યો. તેણે ખિસ્સામાંથી બટવો બહાર કાઢ્યો અને કૂબા પાસે ઊભેલી રાવી તરફ પાછો ફર્યો. રાવીના ગાલ થપથપાવીને તેણે એક કાર્ડ તેના હાથમાં થમાવ્યું. 'આ ખાતામાં દસેક લાખ રૂપિયા તો હશે જ. અમને કંઈ થાય તો...' મોંસૂઝણાની ઠંડકથી વગડાની હવામાં ઠરતી ઝાકળની ભીનાશ સુમરાની આંખમાં તગતગતી હતી.

'ઓહ નો...' રાવીનો ડૂમો તેના ગળામાં જ અટવાઈ ગયો. ભાવાવેશમાં આવીને તેણે પહાડ જેવા સુમરાની ઘેઘૂર તળેટી જેવી પહોળી છાતી પર માથું ઘસ્યું અને તેના દાઢિયાળા ચહેરા પર હાથ પસવારતાં સ્મિત વેર્યું, 'તમને કંઈ નહિ થાય.' પછી તેણે ઝોળીમાં રહેલો ડાબો હાથ સહેજ ઊંચો કર્યો અને મજાકિયા, તોફાની સ્વરે કહ્યું, 'હું છું ને!'

તેના ચહેરા પર સ્મિત હતું. અવાજમાં મગરૂબી હતી પણ આંખોમાં અજંપો હતો.

*


સવારે સાડા સાત વાગ્યેઃ

'ઝાંપો ખોલીને કોઈક બહાર આવ્યું છે...' ફાર્મહાઉસના તોતિંગ દરવાજા પર બાયનોક્યુલર ફોકસ કરીને તાકી રહેલા અભિએ કહ્યું. 'સિક્યોરિટીવાળા માટે અંદરથી ચા-નાસ્તો આવ્યા છે.'

'મતલબ કે એ સાધારણ સિક્યોરિટીવાળા નથી. ચોકીદાર માટે સવારે ચા-નાસ્તો મોકલતો કોઈ માલેતુજાર મેં જોયો નથી. એ સાદાવેશમાં પોલીસના જ આદમી હોવા જોઈએ.'

સુમરો પ્લાન ખોલતો ન હતો એટલે અભિ મનોમન અકળાતો હતો પણ સુમરાની પ્રકૃતિ તે જાણી ચૂક્યો હતો. હરભમની સાથે ક્વોલિસમાં તેઓ નીકળ્યા ત્યારે ચારેક કિલોમીટર પછી બીજી ગાડી સતત તેમની પાછળ આવતી હોવાનું અભિને લાગ્યું. 'સુમરા...' તેણે ભડકીને કહ્યું હતું, 'કોઈક આપણો પીછો કરે છે.'

'ના, એ આપણી જ ગાડી છે. હરભમનો ભત્રીજો સૂરજ પણ આપણી સાથે આવે છે.' સુમરાએ રસ્તા પરથી નજર હઠાવ્યા વગર સપાટ સ્વરે કહ્યું. '...અને જરૂર પડ્યે ત્રીજી ગાડી પણ આવશે, બીજા પચાસ-સાઠ ભરીને...' સુમરાની દોંગાઈ અનુભવીને અભિ થીજી ગયો. 'આ માણસ શું કરવા ધારે છે યાર...' મનોમન બબડીને તે ચૂપ થઈ ગયો હતો.



મિલ રોડ પર પહોંચીને પહેલાં તો તેમણે 25 વીઘામાં પથરાયેલા એ આખા ખેતરની પ્રદક્ષિણા કરી. અભિની ધારણા લગભગ સાચી હતી. વેલિંગ્ડન રોડ પર ક્યાંય સુધી પાકી દીવાલ હતી પરંતુ રિંગ રોડ તરફ તારની વાડ બાંધીને ખેતર વાળી લેવાયું હતું. ચોમાસાની વહેલી સવારે લહેરાઈ રહેલા ડાંગરનાં દોઢેક ફૂટ ઊંચાં છોડવાં જોઈને સુમરો અકળ રીતે મરક્યો હતો અને પછી તેમણે રિંગ રોડનો આખો ચકરાવો મારીને ફાર્મહાઉસના મેઇન ગેટથી લગભગ ત્રણસો મીટર છેટે રસ્તાની સામેની તરફ અડિંગો જમાવ્યો હતો. સૂરજને ફાર્મહાઉસના જ ટ્રેક પર અડધો કિલોમીટર દૂર વેલિંગ્ડન સર્કલ પર ઊભા રહેવાની સૂચના આપી હતી. હવે રાહ જોવાની હતી. વિરમને અહીં રખાયો હોય તેવી ખાતરી ન થાય ત્યાં સુધી ફાર્મહાઉસમાં ધસી જવાનો કોઈ મતલબ ન હતો.

સવારે દસ વાગ્યે (ફાર્મહાઉસની અંદર):

'...વો મુકદ્દર કા સિકંદર જાને મન કહલાયેગા...'

વિરમના રૂમની બહાર સોફા પર પગ લંબાવીને ટીવી જોઈ રહેલો જાફર અમિતાભનો જબરો આશિક હતો. હજારો વાર જોયેલા ગીતમાં ય એ અમિતાભને પહેલી જ વાર જોતો હોય તેવો અહોભાવ તેની આંખોમાં અંજાયેલો હતો. અચાનક અંદરના રૂમમાં કશોક અવાજ સાંભળીને તેના ચહેરા પર અણગમાના ભાવ ઊપસ્યા. 'સાલો ફરીથી ઓક્યો લાગે છે...' જાફરનો અણગમો ખોટો ય ન હતો. વહેલી સવારે વિરમને ફરીથી ઊલટીઓ શરૂ થઈ હતી અને નશીલી, ઊંઘરેટી આંખે ગાળો બબડતો જાફર સતત એ સાફ કરવામાં પરોવાયેલો રહ્યો હતો. વિરમ પણ રાજાવતે છેલ્લી મુલાકાતમાં તેને ધમાર્યો એ પછી મિજાજ ગુમાવી બેઠો હતો. રૂમમાં કોઈ પ્રવેશે કે તરત તાકાત હતી ત્યાં સુધી ઊભો થઈને ધસી જવા મથતો હતો. પછી તેણે હાથ આવે એ ચીજ ફેંકવાનું ચાલુ કર્યું હતું.

કંટાળેલા જાફરની અકળામણ હવે આસમાને પહોંચી હતી. તેણે બારણાનો લેચ દબાવીને અંદર ડોકિયું કર્યું. ડબલ બેડમાં ય માંડ સમાતો મજબૂત બાંધાનો વિરમ બેડની ધાર પર ઊંધેકાંધ પડીને ઓકી રહ્યો હતો. 'સર...' જાફરે અધૂકડા દરવાજેથી સાદ કર્યો. હજુ ય જો રાજાવત હાજર ન હોય તો તે વિરમની આમન્યા ચૂકી શકતો ન હતો. જાફરનો સાદ સાંભળીને વિરમે એ જ હાલતમાં લેટેલા રહીને ગંદી ગાળ દીધી, વાંઝિયો ગુસ્સો વ્યક્ત કરવા પથારીમાં પગ પછાડ્યા, ફેંકવા માટે કશીક નક્કર ચીજ શોધવા આમતેમ હાથ ફંફોસ્યા એ સાથે તેનું ધડ ઊંચકાયું, પેટના સ્નાયુ બૂરી રીતે વલોવાયા અને ગંદા અવાજે તેણે ગળામાંથી મોટો ઘળકો કાઢ્યો.

એરકન્ડિશનરની શીતળતા પર સવાર થઈને ઊલટીની કદરૂપી ગંધ બંધ ઓરડામાં ઘૂમરાઈ વળી. 'કંઈક તો કરવું પડશે... કરવું જ પડશે' મનોમન બબડીને જાફરે ફાર્મહાઉસની સિક્યોરિટી સંભાળતા સબઇન્સ્પેક્ટર સાલ્વેને બોલાવ્યો હતો. બંનેએ ચિંતાતુર ચહેરે ક્યાંય સુધી મસલત કરી હતી. રાજાવત જે મૂડમાં અહીંથી ગયો હતો એ જોતાં અત્યારે હજુ તેની સવાર પડી ન હોય. આ હાલતમાં તેને ફોન કરવો એટલે ગંદામાં ગંદી ગાળો ખાવાની ગૅરંટી. છેવટે તેમણે જાતે જ નિર્ણય લઈ લીધો. અગાઉ બોલાવેલા ડો. ઝવેરીને ફરીથી બોલાવી લઈએ. નિર્ણય પર આવીને તરત સાલ્વેએ ગાડી કાઢવા કોન્સ્ટેબલને કહ્યું અને ઝાંપો ખોલવા ફોન જોડ્યો.

સવારે દસ વાગ્યે (ફાર્મહાઉસની બહાર):

ફાર્મહાઉસનો જાજરમાન દરવાજો ખૂલ્યો એ સાથે સુમરો સતર્ક બની ગયો. બંગલાની અંદરથી ચા-નાસ્તો લઈને માણસ બહાર આવ્યો ત્યારે નાનકડી ડોકાબારી ખૂલી હતી પણ આ વખતે બહાર પહેરો ભરતા આદમીએ જાતે જ આખો દરવાજો ખોલ્યો હતો. મતલબ કે બંગલાની અંદરથી કશુંક કહેવામાં આવ્યું હોવું જોઈએ.

'સૂરજને કોલ લગાવ...' સુમરાએ ગાડીને અઢેલીને બીડી ફૂંકી રહેલા હરભમને ઢંઢોળ્યો. 'એ આદમી બીજો દરવાજો ય ખોલી રહ્યો છે મતલબ કે અંદરથી ગાડી કે એવું કશુંક મોટું વાહન બહાર આવી રહ્યું છે. આપણે પીછો કરવો પડશે.' આહ્હ્હ્... હવે અભિને ખ્યાલ આવ્યો કે દીર્ઘદર્શી સુમરાએ બીજી ગાડી કેમ લેવડાવી હતી અને સૂરજને કેમ એ ગાડી સાથે વેલિંગ્ડન સર્કલ પાસે બેસાડ્યો હતો.

'તું દોડ...' સુમરાએ કહ્યું ત્યાં સુધીમાં અભિ ક્વોલિસનો દરવાજો ખોલી ચૂક્યો હતો. હવે તેને સમજાવવું પડે તેમ ન હતું.

દસ મિનિટ પછી ફાર્મહાઉસમાંથી ઈનોવા નીકળીને વેલિંગ્ડન સર્કલથી આગળ વધી એટલી વારમાં અભિ સૂરજની ગાડીમાં ગોઠવાઈ ચૂક્યો હતો. વેલિંગ્ડન સર્કલથી આગળ ફ્લાયઓવર પાર કરીને એ ગાડી જમણી તરફ શહેરની દિશામાં ફંટાઈ હતી અને વીસ મિનિટ પછી પંચેશ્વર હાટ વિસ્તારની એક ઇમારત પાસે ઊભી રહી હતી. પંદરેક મિનિટ પછી એ ઇમારતના ભોંયતળિયાના પાર્કિંગમાંથી એક એમ્બ્યુલન્સ નીકળી અને ગાડીમાંથી ઊતરીને એક આદમી એમ્બ્યુલન્સમાં ગોઠવાયો કે તરત હોર્ન વગાડતી એમ્બ્યુલન્સ તેઓ આવ્યા હતા એ જ દિશામાં રવાના થઈ અને ફાર્મહાઉસમાંથી નીકળેલી ગાડી એ જ રોડ પર આગળ ભાગી.

હવે? એમ્બ્યુલન્સનો પીછો કરવો કે આગળ જઈ રહેલી ગાડીનો? અભિ ઘડીભર વિમાસણમાં મુકાઈ ગયો. તેણે સુમરાને ફોન જોડ્યો. 'પંચેશ્વર હાટ પાસે છું. અહીંથી એક એમ્બ્યુલન્સ નીકળી છે. મને લાગે છે એ ફાર્મહાઉસ તરફ જ આવશે. ગાડી શહેરની દિશામાં જઈ રહી છે, હું તેની પાછળ છું.'

બપોરે સાડા બાર વાગ્યે (ફાર્મહાઉસની અંદર):

ડોક્ટર ઝવેરીએ વિરમના ચહેરા પર ઓક્સિજન માસ્ક લગાવ્યો અને તેની છાતી પર ઇલેક્ટ્રોડ્સ ચિપકાવ્યા. તેનું બ્લડપ્રેશર વધારે હતું. તેના મગજ પર સોજો અથવા લોહી ગંઠાઈ ગયું હોય તેવી ડો. ઝવેરીની ધારણા હતી, પરંતુ કમ્પ્લીટ સીટી સ્કેન વગર એ નિદાન કરવું મુશ્કેલ હતું. તેમણે ક્યાંય સુધી તંગ ચહેરે કાર્ડિયોગ્રામ જોયા કર્યો. રાજાવતે પહેલી વાર તેમને કહેણ મોકલ્યું ત્યારથી તેમને મન આ કમઠાણ જોખમી લાગતું હતું. પણ રાજાવતના આદેશને ટાળવાની તેમની હેસિયત ન હતી. પોતે કોઈ કબાડામાં ફસાય એ પહેલાં રાજાવતને નારાજ કર્યા વગર પોતાનો પગ કૂંડાળામાંથી કાઢી લેવાની ફિરાકમાં ડો. ઝવેરીએ સાલ્વેને બરાબર ડરાવ્યો, પેશન્ટને તાત્કાલિક ન્યુરોલોજિકલ ટ્રીટમેન્ટની જરૂર છે. સઘન સારવાર માટે મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં તાકીદે ખસેડવો પડશે. જોકે એ નિર્ણય લેવાની સાલ્વેની ત્રેવડ ન હતી. રાજાવતની રાહ જોયા વગર આરો ન હતો. પરંતુ ત્યાં સુધી અર્ધબેહોશ હાલતમાં ય ઉધામા કરી રહેલા વિરમને કેમ સંભાળવો? અને રાજાવત તો... છેવટે સાલ્વેની કાકલૂદીથી ડો. ઝવેરીએ વિરમને ઘેનમાં રાખવા અને પોતાની જાન છોડાવવા તેને ક્લોનાઝેપામનું ઇંજેક્શન આપવા બૅગ ફંફોસી.

બપોરે એક વાગ્યે (ફાર્મહાઉસની બહાર):

પંચેશ્વર હાટથી નીકળેલી ગાડી હીરાપન્ના ટાવર પહોંચી હતી. અહીં હોટેલ ઇસ્તંબુલમાંથી દસ ટિફિન લઈને ત્રણ વેઇટર નીચે ઊતર્યા હતા અને ગાડીની પાછલી સીટ નીચે એ ટિફિન ગોઠવાયા પછી ગાડી ફરીથી મિલ રોડની દિશામાં ઊપડી હતી. અભિએ મિલ રોડ પહોંચીને સુમરાને અહેવાલ આપ્યો. બંને ક્યાંય સુધી મૌન રહીને એકમેકને તાકી રહ્યા. સંકેતો સ્પષ્ટ હતા. વિરમ અંદર જ હતો. એ વગર આટલો સઘન ચોકીપહેરો ન હોય. એક ટિફિનમાં બે હટ્ટાકટ્ટા આદમી આરામથી ખાઈ લે એવડાં હોટેલ ઇસ્તંબૂલના દસ ટિફિન અંદર ગયાં હતાં. મતલબ કે રાજાવતે ફાર્મહાઉસમાં કંઈ હવાફેર કરવા આટલા આદમીઓને ઉતાર્યા ન હોય. વિરમ અહીં જ હતો અને કશોક ગંભીર બીમાર પણ હતો. એમ્બ્યુલન્સમાં વિરમને કશેક લઈ જતા હોય તેમ બની શકે? સુમરાના ચહેરા પર ઝડપભેર બદલાઈ રહેલી રેખાઓ અભિ નિઃશબ્દપણે તાકી રહ્યો. મનોમન કશીક ગણતરીઓ માંડી રહ્યો હોય તેમ સુમરો ક્યાંય સુધી અન્યમનસ્ક રહ્યો. આંગળી વડે હવામાં ચિતરામણ કર્યાં. ખિસ્સામાંથી નકશો કાઢીને રિંગ રોડની દિશામાં તેણે કરેલાં કૂંડાળાંઓ નીરખ્યાં. તેના જડબાં તંગ થયાં અને તેણે કહ્યું, 'હરભમ, ત્રીજી ગાડીને કહે રિંગ રોડના છેડે આપણને મળે.'

બપોરે 1.20 વાગ્યે (ફાર્મહાઉસના રિંગ રોડ તરફના છેડે):

સૂરજની ગાડી ફાર્મહાઉસના દરવાજાની સામેના રોડ પર સલામત અંતરે પાર્ક કરવાનું કહીને ત્રણેએ ક્વોલિસ મારી મૂકી હતી. તેઓ રિંગ રોડ તરફ પહોંચ્યા ત્યારે હરભમના બે સાગરીત તૈયાર જ ઊભા હતા.

'માલ ક્યાં?' ક્વોલિસમાંથી ઊતરતાંવેંત હરભમે સવાલ પૂછ્યો. જવાબમાં તેના સાગરીતોએ દૂર લીમડાના ઝાડ નીચે પાર્ક કરેલા ટૅમ્પો ભણી આંગળી ચિંધી. માલ? શેનો માલ? આ સાલાઓ શું બોલે છે? અભિમન્યુ તાજુબીથી જોઈ રહ્યો. હવે જ ખરાખરીનો ખેલ હતો અને સુમરાએ સાલાએ આ પ્લાનિંગ વિશે જ કોઈ ફોડ પાડ્યો નથી.

'હું કરવાનું સે માલનું હવે?' હરભમે સુમરાને સવાલ કર્યો. 'ઠામુકો ટેમ્પો જ મંઈ પેહાડવાનો સે કે?' અડબંગ હરભમને ય સુમરો કે સુમરાનું આયોજન, કશું જ પલ્લે પડતું ન હતું, પણ તેને એટલું તો સમજાઈ ગયું હતું કે આ જણ છે ખેપાની.

'નીચે ઉતાર...' સુમરાએ તારની વાડ ભણી તાકીને કહ્યું. હરભમને અવઢવમાં જોઈને જરા અકળામણથી કહ્યું, 'તને કહું છું, ઘેટાં-બકરાં નીચે ઉતાર...' ઓત્તારી...અભિમન્યુને હવે ગડ બેસી. માલ મતલબ ઢોરઢાંખર કે ઘેટાં-બકરાં. હરભમના સાગરીતો ડચકારો બોલાવતા ટૅમ્પોમાંથી ઘેટાં-બકરાં ઉતારી રહ્યા હતા ત્યાં સુધીમાં સુમરાએ લાત ઝીંકીને જમીનમાં ખોસેલા સિમેન્ટનાં બે પીઢિયાં ખાંગાં કરી નાંખ્યાં હતાં અને કોથળામાંથી કટર કાઢી ફટાફટ તારના વાયર કાપીને વાડમાં વીસેક ફૂટનું ભગદાળું પાડી નાંખ્યું.

'હવે તું અને હું અસલી માલધારી છીએ...' સુમરાએ અભિની તરફ ફરીને કહ્યું, 'ખેતરમાં ઘેટાં-બકરાં અંદર ઘૂસી ગયાં છે અને આપણે એ કાઢવા મથીએ છીએ એવું અંદર પહેરો દેતા લોકોને લાગવું જોઈએ. જરાક પણ ચૂક થઈ તો ગોળી છૂટશે...' માય ગોડ... ઓ માય ગોડ... બીજો કોઈ સમય હોત તો અભિ સુમરાને વહાલથી વળગી પડ્યો હોત. 'તમે બે જણા એ પલટનની સામે કઈ રીતે હુમલો કરશો.' એવા રાવીના સવાલના જવાબમાં સુમરાએ પચાસ-સાઠની ફોજ કહી હતી એ આ ફોજ! ફાર્મહાઉસમાં મુખ્ય દરવાજેથી તો સીધો પ્રવેશ શક્ય ન હતો. તારની વાડ વળોટીને કે દીવાલ કૂદીને ફાર્મહાઉસ સુધી પહોંચવું તો વળી એથી ય વધુ મુશ્કેલ. વીસેક વીઘાનું ખેતર રેઢું મૂકીને રાજાવતે બંગલા પાસે તો પૂરતી સંખ્યામાં આદમીઓ તૈનાત રાખ્યા હતા. એ સંજોગોમાં ખેતરની દિશાએથી પણ ફાર્મહાઉસ ભણી જઈએ એટલે પોલીસના આદમીઓ પડકાર્યા વગર ન રહે.

એ સંજોગોમાં સુમરાનો પ્લાન આબાદ હતો. તેમણે ખેતરમાં ઘૂસી ગયેલાં ઘેટાં-બકરાંને કાઢવા અંદર આવેલા માલધારી તરીકે છેક ફાર્મહાઉસ સુધી ધસી જવાનું હતું. દેખાવ ઘેટાં-બકરાંને પાછા વાળવાનો કરવાનો હતો પણ ખરેખર તો તેમને ભડકાવીને આગળ ને આગળ છેક બંગલા સુધી ધકેલવાનાં હતાં. બકરાં પાછળ તેમને બંગલાની દિશામાં દોડતા જોયા પછી પણ પોલીસના આદમી બહુ બહુ તો ગાળો દેશે, ધમકાવશે પણ હુમલાખોર ગણીને સીધી ગોળી તો નહિ જ ચલાવે.

'સમજાયું??' સુમરાએ ડાબા હાથના રાઠોડી પંજામાં ડાંગ ઘુમાવતાં પૂછ્યું.

'બિલકુલ... બિલકુલ સમજાઈ ગયું.' સુમરાના માસ્ટર માઇન્ડનો વધુ એક પરચો અનુભવીને તાનમાં આવી ગયેલો અભિ હવે કોઈને ગાંઠે તેમ ન હતો.

'હું તને કવર આપતો તારી પાછળ આવું છું... કર ફતેહ.'

પછીની મિનિટે અભિએ અદ્દલ માલધારીની માફક ગળામાંથી તીક્ષ્ણ સ્વરે 'ભર્રર્રર્રર્ર... ભર્રર્રર્રર્ર' અવાજ

કાઢતાં ડાંગ ઘુમાવીને ઘેટાં-બકરાં પાછળ દોટ મૂકી.

—અને જન્મથી જ ઢોરઢાંખર સાથે પનારો પાડતા હરભમ અને તેના સાગરીતો જીવ ઉપર આવેલા આ મરજીવાઓનો કરતબ જોતા રહી ગયા.

ડાંગરના મોલ વચ્ચે છુટ્ટા મૂકી દેવાયેલા ઘેટાં-બકરાં આ લીલાંછમ વૈભવથી તાજુબ થયાં હોય તેમ ઘડીક ત્યાં જ ઊભા રહી ગયાં અને ટૅમ્પોની દિશામાં જોયાં કર્યું પણ અભિ અને સુમરા ડાંગ પછાડતા દોડ્યા કે તરત બે-પાંચ ઘેટાં ભડક્યાં અને 'બેં... બેં' કરતાં ભાગ્યાં એટલે બાકીનો બધો ગાડરિયો પ્રવાહ તેમની પાછળ દોરવાયો.

અંગ ઉપર સફેદ કમખો, નીચે ઘેરા ભૂરા રંગની લાલ બોર્ડર મઢેલી ધોતી, માથે બાંધેલો લીલો ગમછો, ગળામાં વજનદાર મેટલ ચેઇનમાં ઝૂલતું મસમોટું તાવીજ, બેઉ હાથમાં ભારેખમ કડાં અને હાથમાં કડિયાળી ડાંગ લઈને 'માલ' પાછળ દોડતા અભિમન્યુને જો અત્યારે તેનો એડિટર જુએ તો ય ઓળખી શકે તેમ ન હતો. અમસ્તો ય તોસ્તાન કદનો લાગતો સુમરા માલધારીના વેશમાં દોડતી વખતે તો ધસમસતા ડુંગરા જેવો ભાસતો હતો. બંગલો નજીક આવતો ગયો તેમ અભિના ચહેરા પરનો ઉન્માદ અને ગળામાંથી નીકળતા 'ભર્રર્રર્ર... ભર્રર્રર્ર' અવાજની તીવ્રતા વધતાં ચાલ્યાં.

'એઈ... એઈ...' બંગલાની લોન હજુ ખાસ્સી દૂર હતી અને ખેતર પૂરું થયું ન હતું ત્યાં બદામડીના ઝાડ પછવાડેથી કોઈનો હાકોટો પડ્યો.

'હું એને સંભાળું છું. તું આગળ ધસ્યો જા...' સુમરાએ દબાતા અવાજે કહ્યું અને અવાજની દિશામાં મોં ફેરવીને અટક્યાં વગર જવાબ વાળ્યો, 'અરે શાયેબ, આ માલ મંઈ પેહી ગ્યો સ... અમું કાઢીએ જ શીએ... બસ અબઘડી... જરાક હાથ દિયો... આ બકરાં ધોડ્યાં જ જાય સે...' બે દિવસની સુમરાની સંગતમાં હરભમ માલા કેટલું શીખ્યો એ તો એ જાણે પણ સુમરાએ તેની લઢણ બરાબર પકડી હતી.

બદામડી, ચીકુડીના ક્યારા બાજુ પેશાબ કરવા વળેલો એ આદમીય બકરાંને તગેડવામાં જોડાયો એથી સુમરાને ફાવતું મળ્યું. તેનો દાવ આબાદ કામ લાગ્યો હતો. જીવ પર આવીને તેણે ય અભિની નકલ કરતો અવાજ કાઢ્યો, 'ભર્રર્રર્ર...' તેનું જોઈને પેલો આદમી ય મજાક કરતો હોય તેમ એકાદ ડાંખળું હવામાં વીંઝતો બકરાં પાછળ દોડતા બોલવા લાગ્યો... 'ભર્રર્રર્ર... ભર્રર્રર્ર'

એ દરમિયાન અભિ લોન સુધી પહોંચી ગયો હતો અને તેને જોઈને ચોંકી ઊઠેલા આદમીઓ હજુ કંઈ સમજે એ પહેલાં જ તેમનું ધ્યાન પોતાની તરફ ખેંચવા સુમરાએ મોટા અવાજે બૂમ મારી, 'ઓ શાયેબ, ઓમ આવતાં રિયો ઓમ... આ બંધૂકુ જોઈને તો બકરાં ભડકશે...' સુમરાનો હેતુ સ્પષ્ટ હતો. ઓચિંતા આવું કહેવાથી એ લોકો જો આપોઆપ અનુસરી બેસે અને બંગલાની પરસાળથી દૂર હટી જાય તો અભિને ફાવતું મળે. વળી, તેમનું ધ્યાન આ તરફ ખેંચાય તો તેમના જ એક આદમીને બકરાં કાઢવામાં જોડાયેલો જોઈને તેમને શંકાનું કારણ પણ ન રહે.

અભિએ તગેડેલાં બકરાં મેંદીની વાડ કૂદીને બંગલાની લાઉન્જમાં ચડી બેઠાં. કેટલાંક ઘેટાં છેક દરવાજાની દિશામાં ભાગ્યાં. અભિ-સુમરાને ગાળો ભાંડતા પોલીસવાળાઓ ય બાજુ પર ખસી ગયા. ગણતરીની મિનિટોમાં તો બંગલાનું આખું ચોગાન ખળભળી ગયું. લાઉન્જમાં ચડેલાં બકરાંને કાઢવાનો દેખાવ કરતો અભિ લાગલો જ બંગલામાં ઘૂસ્યો એ સાથે જ એક આદમી ચોંક્યો, 'ત્યાં નહિ... ત્યાં નહિ... એઈ...' એ ગન તાકતો તેની

પાછળ દોડવા ગયો કે તરત સુમરાએ તેનો રસ્તો આંતર્યો, 'અરે શાયેબ, બકરું અંદર પેહી ગયું સે...'

'અરે ભાડમાં ગયાં તારાં બકરાં... હટ સાલા...' ઉશ્કેરાયેલા એ આદમીએ સુમરાના પડખા પર ઝીંકવા લાત ઉગામી બરાબર એ જ ઘડીએ તોતિંગ દરવાજાને જોડતી મિલ રોડ તરફની ઊંચી દીવાલ પાસે કશીક હોહા થઈ અને 'ધડામ...' કરતો ગોળી છૂટવાનો અવાજ ફેંકાયો.

ત્યાં શું મામલો છે? ત્યાંથી કોઈ હુમલો કરશે અથવા દરવાજાથી ક્યાંય દૂર દીવાલ તરફ વધારાના આદમી હશે એવું તો વિચાર્યું જ ન હતું. પ્લાનથી વિરુદ્ધનું વાતાવરણ સર્જાતું પામી ગયેલા સુમરાએ નાટકનો પડદો પાડતો હોય તેમ પેલાએ લાત મારવા ઊગામેલા પગને પંજાથી પકડ્યો અને મરડીને ખેંચ્યો એ સાથે ચીસ નાંખતો એ આદમી જમીન પર પટકાયો.

માલધારીના આમ અચાનક બદલાયેલા તેવરથી ચોંકી ઊઠેલા બીજા આદમીએ ગન તાકી એ પહેલાં તો વીજળીની ત્વરાથી ખમીસના ખિસ્સામાંથી ગન કાઢીને સુમરાએ ધડાધડ ત્રણ ફાયર કરીને મેંદીની વાડ પાસે ઊભેલા એ ત્રણેયને ઢાળી દીધા. હવે તે બાંકડાની પાછળ લપાયેલા બીજા ત્રણેક આદમીની રેન્જમાં હતો. ડઘાઈ ગયેલા એ આદમી પૈકી કોઈ પણ તેને આસાનીથી નિશાન બનાવી શકે તેમ હતા એટલે આંખના પલકારામાં તેણે છલાંગ મારી અને આડશ મળી શકે તે હેતુથી દાદરા ચડીને બંગલાની લાઉન્જ ભણી ભાગ્યો.

થાંભલીની આડશમાંથી ફાયરિંગ પણ કરી શકાશે અને અંદરથી વિરમને લઈને આવતા અભિમન્યુનેય સામેથી થતાં ફાયરિંગ સામે રક્ષણ આપી શકાશે તેમ ધારીને તેણે કમરમાંથી ઝૂકીને ચાળીસેક ફૂટ લાંબી ખુલ્લી લાઉન્જમાં દોટ મૂકી. સામે બાંકડા પાછળ લપાયેલો એક આદમી હિંમત કરીને લાઉન્જની દિશામાં લાઇટ મશીનગન ધણધણાવવા લાગ્યો હતો. તેના અંધાધૂંધ ફાયરિંગથી બચતો સુમરો આંખ મીંચીને દોડ્યો એ જ સમયે કોઈએ બારણાની ત્રાંસમાંથી પગ આડો કર્યો. એ જાફર હતો. બહાર ચોગાનમાં થતી હોહા અને દીવાલ પાસે ગર્જેલી ગનના અવાજથી ચોંકેલો જાફર બહાર આવવા જતો હતો ત્યારે જ તેણે સુમરાને દોડતા જોયો એ સાથે સહજ સ્ફુરણાથી તેણે પગ આડો કરી દીધો હતો. જાફરના પગની અડફેટે અટવાઈને સુમરો ગડથોલિયું ખાઈને માર્બલની નક્કર ફર્શ પર મોંભેર ઝીંકાયો. તેના માથામાં બોલી રહેલાં તમરાંને અવગણીને તે ગન ઉઠાવે એ પહેલાં છલાંગ મારીને જાફર તેના પર જોશભેર પટકાયો હતો અને સુમરો તેને ઉથલાવવાની તાકાત અજમાવે એ પહેલાં તો જાફરે સુમરાના લમણે ગન તાકી દીધી હતી.

જાફરની આંખમાં ઘૂંટાતા ખુન્નસના શેરડામાં સુમરાએ જિંદગીમાં વધુ એક વાર મોતનો ઓછાયો નિહાળ્યો. પછડાટથી તેની ગન હાથમાંથી છટકી ગઈ હતી અને ડાબો હાથ તેની પીઠ હેઠળ ચગદાઈ ગયો હતો. તેણે શક્ય તેટલી સ્વસ્થતાપૂર્વક જાફરની આંખમાં તાક્યા કર્યું. જાફર દાંત કચકચાવી રહ્યો હતો. કદાચ આટલી નજીકથી આંખમાં આંખ પરોવીને ગોળી મારવાનો તેને પહેલો અનુભવ હશે. એ હિંમત એકઠી કરી રહ્યો છે. ટ્રિગર સાથે ભીંસાઈ રહેલી તેની આંગળીને જોઈને સુમરો પામી ગયો. બસ, હવે ગણતરીની સેકન્ડ અને અભરામ સુમરા ખલ્લાસ... સુમરાએ આંખ મીંચી દીધી.

ધડામ્... ગોળીના અવાજથી હડબડાઈને મોતના ભયથી મીંચાઈ ગયેલી સુમરાની આંખ ખૂલી. તેની છાતી પર સવાર થયેલો જાફર બરાબર લમણામાં ગોળી ખાઈને ડાબા પડખે લુઢકી પડ્યો હતો. કોણે છોડી હતી એ ગોળી? મોત તેને બાથ ભીડીને ખેંચી રહ્યું હતું ત્યારે ફરી કોણ તેને જિંદગીના કિનારે તાણી લાવ્યું હતું?

દિગ્મૂઢપણે સુમરાએ ગોળી છૂટી હતી એ જમણી દિશામાં જોયું.

છલાંગભેર મેંદીની ત્રણેક ફૂટ ઊંચી વાડ કૂદતી, આગના લબકારાની જેમ પિસ્તોલ ગર્જાવતી રાવી તેની દિશામાં આવી રહી હતી.

ધસમસતા વાવાઝોડાની વેગીલી લપડાક જેવી રાવી...

* * *

~

સુમરા અને અભિને લઈને નીકળેલી ગાડીનો શેરડો દેખાતો બંધ થયો એ સાથે રાવીએ તૈયારી આરંભી દીધી હતી. પોતાની ઘાયલ હાલતમાં સુમરા કે અભિ તેને આ જોખમી ઓપરેશનમાં સામેલ નહિ જ કરે એવી ખાતરી થયા પછી રાવીએ તરત નમતું મૂકી દીધું હતું, પણ એ બંને એમની તૈયારીમાં લાગ્યા હતા ત્યારે રાવી મનોમન પોતાનું આયોજન કરી રહી હતી.

આકાશમાં આછેરો ઉજાસ રેલાયો ત્યારે ઝોળીમાં રાખેલો ઈજાગ્રસ્ત હાથ સંભાળપૂર્વક છોડીને તરફાળની આડશ બાંધી તેણે એક પછી એક કપડાં ઉતાર્યાં. નિરાવૃત બદન પર ફૂંકાતા વહેલી સવારના ઠંડા પવનની લહેરખી તેને કંપાવી રહી હતી. બાવળનાં ગીચોગીચ ઝાંખરાંમાંથી તેના મરોડદાર, ભર્યા-ભર્યા વળાંકોને તાકીને શરમાઈ જતાં હોય તેમ સૂરજનાં આછાં ચાંદરડાં સ્થાનફેર કરી જતાં હતાં. ઘડીભર રાવી પોતાના ઘાટીલા શરીરને મુગ્ધતાથી જોઈ રહી. તરુણાઈનાં વર્ષોમાં તેને પોતાનો બાંધો બહુ વિચિત્ર લાગતો. તેની ગોરી, છરહરી અને તંગબદન ફ્રેન્ડ્સની સરખામણીમાં એ પોતાની જાતને બટકી અને જરાક જાડી માનતી. પણ તો ય શી ખબર, ટોળામાં ફરતી વખતે તેમના વળાંકો પર ઘૂમતી છોકરાઓની નજર છેવટે રાવી પર જ અટકી જતી. તેના ભણી તકાઈને વિસ્ફારિત થઈ જતી છોકરાઓની આંખો અને અધખુલ્લા રહી ગયેલા હોઠમાંથી ફેંકાતી લોલુપતા બીજી છોકરીઓ માટે કાયમ જલનનું કારણ બની જતી અને રાવી માટે તાજુબીનું. તેને કદી એ સમજાતું નહિ કે તેનામાં એવું શું છે જે બીજી રૂપકડી છોકરીઓ કરતાં ય તેના ભણી છોકરાઓનું ધ્યાન વધુ તીવ્રતાથી ખેંચે છે?

વિરમને મળ્યા પછી પહેલી વાર તેને પોતાના સ્ત્રીત્વનું સત્ય ઓળખાયું હતું. વિરમ હંમેશાં કહેતો, 'તારો મિજાજ એ જ તારું સઘળું રાવીપણું છે.'

વિરમના સ્મરણથી તે સતર્ક બની. ગોળી વાગી હતી એ ભાગ પર પ્લાસ્ટિકનો કટકો બાંધ્યો અને ઉતાવળભેર ઠંડાગાર પાણીની હેલ માથા પર રેડી દીધી. શરીર કોરું કરીને તેણે ઘાવ પર ડ્રેસિંગ કર્યું અને એન્ટિ સેપ્ટિક લિક્વિડમાં પલાળેલા રૂના પેલ એડહેસિવ ટેપ વડે એક હાથે જેમ તેમ ચિપકાવ્યા. વાળ કોરા કરીને તેણે મરૂન રંગની અતલસની ચસોચસ ચોળી પહેરી. લિસ્સા, સુંવાળા, ચળકતા અતલસના મુલાયમ સ્પર્શથી તેના ઘાટીલાં, ભરાવદાર સ્તન ઘડીભર થરથરી ઊઠ્યાં. ઘેરા ભૂરા રંગના પહોળા થેપાડાને તેણે ચુસ્તીથી કમર ફરતો વીંટાળ્યો. હાથમાં વજનદાર બલોયાં, પગમાં કડાં, ગળામાં જાડી હાંસડી, આંખમાં ઘાટું આંજણ અને માથા પર પાતળા મલીરની કામળી ઓઢીને તે કૂબાની બહાર નીકળી ત્યારે તેનું દેહાતી સૌંદર્ય જોઈને આખો વગડો ઝળાંઝળાં થઈ ગયો.

હરભમે તેની સહાયતામાં મૂકેલી માલધારી ઓરતો પાસે તેણે આ સાજ-શણગાર ઉપરાંત દૂધ ભરવાનાં બે નાનાં કૅન પણ મંગાવી રાખ્યાં હતાં. કૅનમાં તેણે સફાઈપૂર્વક પોતાની કિટ ગોઠવી દીધી. બેય પગની પિંડી ઉપર સ્ટ્રેપ્સ બાંધી તેમાં ધારદાર છરા ખોસ્યા. થેપાડા પર કમર ફરતી બાંધેલી પછેડીના એક તરફના ઝોલમાં ગન ખોસી અને બીજી તરફ મૅગેઝિન્સ અને પર્સ બાંધ્યાં. બચેલા બે ગ્રેનેડ્સ, ત્રીસેક ફૂટ લાંબું રાંઢવું અને હાથનાં આંગળાંમાં પહેરવા માટેનો પોલિશ્ડ બ્રાસનો ચાર અણિયાળા ખાંચાવાળો પંચ બીજા કૅનમાં મૂક્યાં અને અદ્દલ માલધારી સ્ત્રીની માફક ઉતાવળી, અલ્લડ ચાલે સડક ભણી ચાલવા માંડ્યું. તેના માંસલ નિતંબના લયબદ્ધ થિરકાટ સાથે ડોલતાં એલ્યુમિનિયમના કૅન સાંકળ સાથે અથડાઈને 'ખડિંગ... ખડિંગ' અવાજ કરતાં જતાં હતાં અને એ ખનકારાના સૂરમાં રમમાણ બનીને વહેલી સવારનો પવન તેની પાછળ જાણે હેલે ચડ્યો હતો.

ડેરીના વાહનમાં દૂધ ભરવા ગયેલા માલધારીઓનો પાછા ફરવાનો સમય થાય એ પહેલાં તેણે હાથ લંબાવીને એક ટૅમ્પો રોક્યો હતો. મોબાઇલના જીપીએસ વડે તેણે નકશો ગોખી નાંખ્યો હતો. ફલક ડેરીથી વિરુદ્ધની દિશામાં રત્નુપરા તરફથી તે રિંગ રોડ પર પહોંચી શકે અને રિંગ રોડથી જમણી દિશામાં સોળ કિલોમીટર પછી મિલ રોડ તરફ જતો ફાંટો આવશે. રત્નુપરાથી બીજા વાહન મારફત તે રિંગ રોડ પર પહોંચી એ જ વખતે દોઢ કિલોમીટર દૂર વેલિંગ્ડન સર્કલ પાસે ફાર્મહાઉસમાંથી નીકળેલી ગાડીનો પીછો કરવા અભિ દોડી રહ્યો હતો.

મિલ રોડ પર ફાર્મહાઉસ શોધી લેતાં તેને વાર લાગી નહિ. દરવાજા આસપાસ કડક પહેરો હશે જ એવી ધારણાને લીધે તેણે મુખ્ય દરવાજાની ડાબી તરફની ઊંચી દીવાલ બાજુ ઘડીક આંટા માર્યા. સુમરાના પ્લાનનો તેણે અધકચરો અંદાજ મેળવ્યો હતો. સુમરાનો પ્લાન A રિંગ રોડ તરફ તારની વાડ વળોટીને પ્રવેશવાનો હતો પણ ધારો કે એ કોઈ બીજા રસ્તે પ્રવેશે તો? છેવટે રાવીએ દરવાજાની સમાંતરે દીવાલ ચડીને બંગલા પર નજર રાખવાનું નક્કી કર્યું.

સવારનો તડકો બરાબર ઝગમગી રહ્યો હતો પણ શહેરની ભાગોળના આ હાઈ-વે પર પૂરપાટ વેગે દોડતાં ટ્રક અને ચકચકતી ગાડીઓ સિવાય ખાસ અવરજવર ન હતી. હવે જેમ વધારે મોડું થશે તેમ જોખમ વધતું જશે... રાવીએ બંને દિશામાં જોઈને તરત નિર્ણય લીધો. દીવાલ તરફ લંબાતા રાયણના ઝાડની આડશમાં તે ઊંધી ફરીને ઊભડક બેઠી અને બેય કૅન ખોલ્યાં. રાંઢવું ખુલ્લું કરીને દીવાલસરસું મૂક્યું. ગ્રેનેડ પછેડીની ઝોળીમાં સરકી ન જાય તેમ બાંધ્યા અને બ્રાસનો પંચ ડાબા હાથના આંગળા પર સરકાવી દીધો. તેણે 400 મિલીગ્રામની આઈબૂપ્રોફેન સવારે જ લઈ લીધી હતી એટલે બે-ચાર કલાક તેને દુખાવામાં થોડી રાહત રહેવાની હતી.

રાંઢવાનો એક છેડો ઝાડ સાથે બાંધીને તેણે દીવાલ પર પીઠ ટેકવી ઝાડના થડ પર પગ ભેરવ્યા અને ત્રીજી છલાંગે તે પહેલી ડાળીના ફાંટા સુધી પહોંચી ગઈ. અહીંથી તેને બંગલાનું ચોગાન સ્પષ્ટ દેખાતું હતું. બોગનવેલના લાલ, સફેદ પાંદડાંના રંગીન ઓછાયા તળે ચાર-પાંચ જણા સિમેન્ટના બાંકડાઓ પર બેઠા તડાકા મારી રહ્યા હતા. બેના હાથમાં 303 ગન હતી અને એકના ખભે એલએમજી લટકતી હતી. રાવીએ રસ્તા પરથી તેને જોઈ શકતા દરેક ખૂણાનું બારીક નિરીક્ષણ કર્યું અને ઝાડ પર વધુ આગળ વધી. રાંઢવાનો બીજો છેડો દિવાલની બીજી તરફ ફાર્મહાઉસમાં ફગાવ્યો અને એક હાથે ડાળીનો અછડતો ટેકો રાખી દિવાલની ધાર પર પગ ટેકવ્યા. (એ વખતે અભિ અને સુમરા રિંગ રોડ તરફની ખેતરની વાડ કાપી રહ્યા હતા)

હવે તેને બંગલાની લાઉન્જમાં આવ-જા કરતા આદમીઓના પગ સુધ્ધાં દેખાતા હતા. ચોગાનમાં એક એમ્બ્યુલન્સ, એક ઈનોવા અને બીજી બે ગાડીઓ જેમતેમ પાર્ક થયેલી હતી. હવે શું કરવું તેની અસમંજસમાં તે ક્યાંય સુધી દિવાલ પર કમરમાંથી ઝૂકીને બેઠી રહી. ફાર્મહાઉસમાં ઝંપલાવવું કે સુમરા-અભિ ત્રાટકે ત્યાં સુધી રાહ જોવી? સુમરો કંઈક પચાસ-સાઠનું લશ્કર ઉતારવાની ફાંકાફોજદારી કરતો હતો. એ વળી શું હશે? દીવાલની ધાર પર ગરોળીની જેમ ચિપકેલા રહીને બાજનજરે બંગલાનું નિરીક્ષણ કરી રહેલી રાવીના મગજમાં વિચારો ફૂટતા રહ્યા.

થોડી વારમાં બંગલાની ડાબી તરફ કશીક હલચલ થઈ અને રાવીના સરવા કાને ધડબડાતી જમીનના ધબકારા ઝિલાયા. જંગલી બિલાડીની જેમ ચૌકન્ના થઈને તેણે એ દિશામાં ત્રાટક કર્યું. ધબકારાની માત્રા

ઝીલવા દીવાલ સાથે કાન ચાંપ્યા અને જમણા હાથે પછેડીના ઝોલમાંથી ગન કાઢી. પહેલાં તેને 'ભર્રર્રર્ર... ભર્રર્ર' અવાજ સંભળાયો પણ એ શાનો અવાજ છે એ સમજે એ પહેલાં અભિ અને સુમરાએ તગેડેલાં ઘેટાં-બકરાં ભાગમભાગ કરતાં બંગલાનું ચોગાન વટીને લીલીછમ લોન પર ભાગતાં દેખાયાં. ઘેટાં-બકરાંની તબડાટી વચ્ચે તેણે બાંકડા પર બેઠેલાં, ઊભેલા આદમીઓને સાઇડ પર ખસી જતાં જોયા અને તેમની નજરની દિશામાં જોયું તો ધસમસતા આવી રહ્યા હતા ભૂરા રંગની ધોતી અને સફેદ કમખો પહેરેલા, ડાંગ ઉછાળતા બે માલધારી!

આહ્હ્હ્... શાબ્બાશ સુમરા! એ હાલતમાં ય રાવીના મોંમાંથી બુલંદ અવાજે તારીફ નીકળી ગઈ. જોતજોતામાં તેણે અભિને બંગલાની લાઉન્જ વટીને અંદર ઘૂસતા જોયો એ જ ક્ષણે...

રાવીએ દીવાલ પરથી નીચે ભૂસકો માર્યો.

ઘેટાં-બકરાંને એ દિશામાં જતાં રોકવા બંદૂકનો કુંદો ઘુમાવી રહેલા આદમીએ એક માલધારી ઓરતને જોન ઓફ આર્કની માફક નીચે ભૂસકો મારતાં જોઈ. બહાર ચોગાનમાં બે માલધારી ડાંગ પછાડતા હતા, ઘેટાં-બકરાં જાણે ગૌચરમાં મહાલતાં હોય તેમ આમતેમ હડિયાપાટી કરતાં હતાં અને હવે આ માલધારી ઓરત આમ દીવાલ કૂદીને આવી હતી. આ બધું છે શું? ઓઝપાયેલા એ આદમીએ રાવીને પડકારી પણ તેને ખબર ન હતી કે ખંજરની અણી જેવી આ તીખી છોકરી જીભેથી શબ્દ ફેંકાય એથી ય વધુ ઝડપે બંદૂક ચલાવી નાંખે છે.

—અને એમ જ થયું. સુમરાના જડબેસલાક વ્યૂહથી પોરસાઈ ગયેલી રાવીએ છટકબારીનો બીજો એકે ય રસ્તો વિચાર્યા વગર સીધી જ તેના પર ગોળી ચલાવી દીધી.

એ જ વખતે બંગલાના ચોગાનમાં સુમરાને લાત મારવા પેલા આદમીએ પગ ઉગામ્યો હતો. ગોળીનો અવાજ સાંભળી સુમરો કંઈક અલગ સમજ્યો અને તેણે પેલા આદમીને ભોંયસરસો પટકી નાંખ્યો એ સાથે માલધારીના સ્વાંગમાં ઘૂસેલા આ હુમલાખોરો છે એ પોલીસને સમજાઈ ગયું.

બંગલાની અંદર

લાઉન્જ વટીને અંદરના પૅસેજમાં પ્રવેશેલા અભિને વિરમનો રૂમ શોધવામાં તકલીફ ન પડી. બહારની ધડબડાટી, ફાયરિંગના ધડાકા અને અભિમન્યુના દેહાતી જોડાના અવાજથી ડો. ઝવેરી સાથે વાત કરી રહેલા જાફર અને સાલ્વે ભડક્યા. જાફરે સંકેત કરીને સમજાવ્યું કે પોતે બાજુના ઓરડામાંથી બહાર નીકળીને પાછળથી હુમલો કરે છે. આટલી ઇશારત કરીને તે બાજુના ઓરડામાં ઘૂસ્યો. અણધારી ધમાલ અને આ બંનેના તંગ ચહેરાથી ડો. ઝવેરીનાં આંતરડાં પેટમાં જ ચોંટી ગયાં. ડઘાયેલો સાલ્વે ખીંટીએ ટીંગાતા યુનિફોર્મમાં લટકતી ગન ખેંચવા લપક્યો. ત્યાં સુધીમાં અભિમન્યુએ તેના ઓળાની હલચલ પારખી લીધી હતી. મરણિયા બનેલા અભિએ બચાવનો કોઈ વ્યૂહ વિચાર્યા વગર બે ય હાથમાં ગન ઝાલીને રૂમમાં પ્રવેશતાં જ ધડાકા કરી નાંખ્યા ત્યારે ખૂણામાં ફસકાયેલો સાલ્વે હજુય ગન કાઢવા મથતો હતો. અભિએ તેના વાળ ખેંચીને ધડાધડ બે લાફા વળગાડી દીધા અને પીઠની બરાબર વચ્ચે ઢીંચણનો બળવંતો પ્રહાર કરી તેને બેવડો વાળી દીધો.

સાલ્વેને હજુ કળ વળે એ પહેલાં તેના બે ય હાથ પીઠ પાછળ લઈ જઈ નાડાછડીની મડાગાંઠે બાંધી, તેના મોં પર જેમતેમ જાડી એડહેસિવ ટેપનો દટ્ટો મારીને અભિએ ડોક્ટરના લમણે ગન તાકી કે તરત થરથર ધ્રૂજતા

ડોક્ટરે એક પણ સવાલ પુછાયા પહેલાં જ આંગળી ચીંધી દીધી... સામેના રૂમમાં!

બંગલાની બહાર

જાફરે પગ આડો નાંખીને સુમરાને ગડથોલિયું ખવડાવી દીધું એ દૃશ્ય રાવીએ જોયું પણ કોણ પટકાયું તેની સમજ પડે એ પહેલાં જાફરને તેણે સુમરાની છાતી પર ચડી બેસતાં જોયો. રાવી પાસે એ વખતે બે જ વિકલ્પ હતા. એક તો એ પોતે બાંકડાની પાછળ લપાયેલા આદમીઓની રેન્જમાંથી બચવા આડશ શોધે અથવા તો જોખમ લઈને જાફરનું નિશાન તાકે. લાઉન્જની સહેજ ઊંચી, ઢાળવાળી પગથાર પર ગોઠણિયાભેર બેઠેલા જાફરનું નિશાન તાકવું ય મુશ્કેલ હતું. રાવીએ વીજળીના ઝબકારે નિર્ણયનાં મોતીડાં પરોવી લીધાં હોય તેમ એક જ છલાંગે મેંદીની વાડ પર પગ દીધો. શરીર ઊંચક્યું. લાઉન્જની ઊંચાઈની સમાંતરમાં ગન લીધી અને જાફરને લમણામાં ગોળી ઠોકી દીધી.

હતપ્રભ થઈ ગયેલા સુમરાએ રાવીને જોઈ એ ઘડીએ તો તેને પોતાની આંખ પર વિશ્વાસ ન બેઠો. ગળા ફરતી મફલરની માફક વીંટાળેલી કામળી, ઢીંચણ સુધી ચડાવીને કછોટો મારી દીધેલું ઘેરદાર ભૂરું થેપાડું, કાંડાં પર બલોયાં, હાથમાં ગન, આંખમાં ઘેઘૂર આંજણ અને ચહેરા પર આગની જ્વાળા જેવી બેખોફ મુસ્તાકી. હવે એ મેંદીની વાડની આડશમાં આડી લેટીને બાંકડા પાછળથી એલએમજી ધણધણાવતા આદમી તરફ ગોળી છોડી રહી હતી. સુમરાએ ભોંયસરસા ઘસડાઈને પોતાની ગન શોધી અને મુખ્ય દરવાજા પાસે લપાવા જતા બે આદમીને નિશાન બનાવી દીધા. એક પણ અક્ષર બોલ્યા વગર કે આંખોની પણ સંતલસ વગર રાવી અને સુમરાએ એકમેકને માફક આવે એવો ટેબ્લો પાડી દીધો. દરવાજા તરફ અને આઉટહાઉસ તરફના આદમીઓને સુમરો ખાળી રહ્યો હતો અને બંગલાની બરાબર સામેના બાંકડા પાછળ લપાયેલા આદમીઓને રાવી માથું ઊંચકવા દેતી ન હતી. ત્રણ મોરચામાં ફેલાયેલા બાવીસ આદમીઓ બે પિસ્તોલનાં ગરજતાં નાળચાંની શેહમાં આવી ગયા હતા.

બંગલાની અંદર

અંદર કોઈ આદમી ગન તાકીને બેઠો હશે તો? ડોક્ટરે આંગળી ચીંધી એ સાથે, ખેતરમાં પ્રવેશ્યા પછી જાણે ઝોડ વળગ્યું હોય તેમ ધસમસતો અભિ પહેલી વાર પાંચ-સાત સેકન્ડ માટે ખચકાયો. પછી નજર ખસેડ્યા વગર તેણે બોચી ઝાલીને ઝવેરીને આગળ કર્યો અને લાત મારીને દરવાજો ખોલ્યો. વિશાળ રૂમમાં બરાબર વચ્ચે બેડ પર વિરમ ચત્તોપાટ પડ્યો હતો. તેની અધબિડાયેલી આંખો, દિવસોની વધેલી કાબરચીતરી દાઢી હેઠળથી ડોકાતા ઉઝરડા અને કપાળ પર, લમણા પાસે ઊપસી આવેલાં ઢીમણાં... અભિ ફાટી આંખે જોઈ રહ્યો. આ વિરમ... હોનહાર આઈપીએસ ઓફિસર વિરમ રાજદેવ... ગઈકાલ સુધીનો વણબોલાયેલો ખોફ, આજે તેની જિંદગીની તમામ વણધારેલી આફતોનું મૂળ... તેણે ડોક્ટરની સામે જોયું.

'હી ઇઝ અનકોન્શિયસ...' ઝવેરીના અવાજમાં ધ્રુજારો શમતો ન હતો. 'આઈ મીન... હી ઈઝ... આઈ મીન... તેને ઘેનનું ઇંજેક્શન આપવું પડ્યું છે. નોશિયા, હાઈપરટેન્શન એન્ડ...'

'હાથ પકડ...'

'હેં??' ડઘાયેલા ઝવેરીએ અભિમન્યુના હાથ પકડવા પંજો લંબાવ્યો.

'ગધેડા, મારા નહિ આ તારા બાપના હાથ પકડ. તેને બેઠો કર...' કોઈ પણ પ્રકારે પોતાનો છુટકારો ઝંખતો અભિ હવે જીવ પર આવી ચૂક્યો હતો.

ડો. ઝવેરીએ જેમતેમ કરીને વિરમને બેઠો કર્યો એટલે અભિએ તેને કમરમાંથી ઝૂકીને ખભા પર ઊંચકી લીધો, ડો. ઝવેરીની બોચી ખેંચીને તેને આગળ કર્યો અને ઘેટાં-બકરાંની માફક જ તેને તબડાવતો લાઉન્જ ભણી દોડ્યો.

ત્યાં સુધીમાં સુમરાના બેકાબૂ ફાયરિંગથી આઉટહાઉસ પાસે ત્રણ લાશ ઢળી ગઈ હતી અને બાકીના આદમીઓ ડઘાઈને તિતરબિતર થઈ ચૂક્યા હતા. હવે સુમરાએ રાવી તરફનો મોરચો સંભાળ્યો. રાવી પણ એ સંકેત સમજી હોય તેમ ફાયરિંગ કરતી ત્રાંસમાં સુમરાની દિશામાં ખસવા લાગી. એ જ ઘડીએ લાઉન્જમાં પ્રવેશેલા અભિએ પણ ડો. ઝવેરીની બગલમાં હાથ નાંખીને બાંકડા પાછળ ધડાધડ ગોળીઓ છોડી દીધી. હવે ત્રણે ય દિશાએથી ઘેરાયેલા આદમીઓએ બાંકડો, વાડ, ઝાડનું થડ જે આડશ મળી ત્યાં લપાઈને હથિયાર હેઠા મૂકી દીધાં હતાં.

'એમ્બ્યુલન્સ કાઢ...' ખભા પર વિરમનો બોજ, એક હાથમાં ડોક્ટરની બોચી અને બીજા હાથે અંધાધૂંધ ફાયરિંગ કરી રહેલા અભિની ત્રાડથી સુમરો એમ્બ્યુલન્સ પાસે દોડ્યો. તેણે દરવાજો ખોલીને અભિને કવર આપ્યું. એટલી વારમાં રાવી બેફામ ફાયરિંગ કરતાં પાછા પગે મેઇન ગેટ તરફ ધસી અને અંદરથી ભીડેલા તોતિંગ આગળિયા ખોલીને દરવાજો ઉઘાડી નાંખ્યો. વચ્ચેની સીટ નીચે લપાયેલા ડ્રાઇવરને તગેડીને સુમરાએ એમ્બ્યુલન્સ સ્ટાર્ટ કરી એ સાથે અભિએ પહેલાં ડોક્ટરને લાત મારીને અંદર તગેડ્યો અને પછી વિરમને સીટ પર સુવડાવી પોતે ય અંદર કૂદ્યો. ચાલુ ગાડીએ રાવી અંદર ચડી એ સાથે અભિએ અધખુલ્લા દરવાજામાંથી ગોળી વરસાવવા માંડી.

જ્યાં લાગ મળ્યો ત્યાં લપાઈ ગયેલા રાજાવતના એકે ય આદમીને જોકે ગરદન ઊંચી કરીને જોવાના ય હોશ ન હતા અને એમ્બ્યુલન્સ પૂરપાટ વેગે દરવાજો વટાવીને હાઈ-વે પર ધસી ગઈ હતી.

*

'નોઓઓઓઓ...' રાજાવતના ગળામાંથી ફાટેલી ચીસ સાંભળીને નૂરી છળી ઊઠી. આખી રાત નૂરીને કચડ્યા પછી શમેલો ધૂંધવાટ વહેલી સવારથી રાજાવતનાં ઘસઘસાટ નસકોરાંમાંથી ગુંજતો રહ્યો હતો. સાડા અગિયાર વાગ્યે તેની સવાર પડી પણ ઊઠતાંવેંત તેણે વ્હિસ્કીના ચાર પૅગ ચઢાવી ફરીથી નૂરીને બાથ ભીડી હતી. તેના તેવર જોતાં એ આજની રાત પણ અહીં જ વિતાવશે તેની કલ્પનાથી નૂરીને કમકમાટી થતી હતી. બરાબર ત્યાં જ રાજાવતનો મોબાઇલ રણક્યો હતો. ફોનમાં બેફામ ગાળો ભાંડ્યા પછી રાજાવતે મોબાઇલ ફગાવ્યો. ક્યાંય સુધી હવામાં તાકીને કારમી ચીસો પાડી. ટેબલને લાત મારી. સોફો ઉથલાવી નાંખ્યો. દારૂની બોટલ, કાચના જગ ફગાવીને તોડી નાંખ્યા. આખો રૂમ ખેદાનમેદાન કરી નાંખીને હાંફતી છાતીએ સીલિંગને તાકી રહ્યો હતો ત્યારે તેના ચહેરાની હતાશા, આંખોની વિવશતા અને ઢળી પડેલા શરીરની લાચારી નૂરી કંઈક અજીબ ભાવથી જોઈ રહી. રાતભર તેના માંસલ બદન પર રાજાવતે પાડેલાં લાલઘૂમ ચકામાં અત્યારે તેને રાજાવતના ચહેરા પર તમાચો બનીને ઝીંકાતાં દેખાતાં હતાં.

*

'તમે શાંતિ નહિ જાળવો ત્યાં સુધી હું એક પણ શબ્દ બોલવા તૈયાર નથી.' હોમ મિનિસ્ટર દયાલ સાહાએ પ્રેસકોન્ફરન્સમાં હકડેઠઠ ઉમટેલા પત્રકારોને સંબોધતા ત્રીજી વખત શાંતિ જાળવવા અપીલ કરી. ચિલ્ડ એસી વચ્ચે ય સાહાના ચહેરા પરથી પરસેવાના રગેડા ઊતરતા હતા અને હંમેશાં સ્થિતપ્રજ્ઞ રહેતા તેના દાઢિયાળા

ખંધા ચહેરા પર આજે ફડકો વર્તાતો હતો.

વારંવારની વિનંતી પછી આખરે કોલાહલ શમ્યો એટલે સાહાએ હતું એટલું મનોબળ એકઠું કર્યું. આવડતી હતી એટલી તમામ અભિનયશક્તિ કામે લગાડી અને માઇકમાં મોં ખોસ્યું.

'ભાગેડુ આઈપીએસ ઓફિસર વિરમ રાજદેવ છેલ્લા ચાર દિવસથી પોલીસના કબજામાં હતો. તેનું લાપતા થવાનું રહસ્ય બહુ જ મોટા દેશદ્રોહી કાવતરા સુધી લંબાઈ રહ્યું હોઈ પોલીસે બાકીની કડી મેળવવા વિરમની ધરપકડ હજુ જાહેર કરી ન હતી. દરમિયાન, આજે બપોરે બે વાગ્યે વિરમને જ્યાં રખાયો હતો ત્યાં તેના સાથીઓએ સશસ્ત્ર હુમલો કરીને વિરમને નસાડી જવામાં સફળતા મેળવી છે. સામનો કરવામાં એએસઆઈ હુસૈન જાફર સહિત પોલીસના છ ફરજપરસ્ત જવાનો શહીદ થયા છે અને ચાર ગંભીર રીતે ઘાયલ છે.'

'એક મિનિટ સાહાસાહેબ...' ટોળામાંથી કોઈનો હાથ ઊંચો થયો એ સાથે બીજા પત્રકારોય સવાલોની ઝડી વરસાવવા લાગ્યા.

'પ્લીઝ માય ફ્રેન્ડ્સ... પ્લીઝ કીપ સાઇલન્ટ... મને મારી વાત પૂરી કરવા દો...' સાહાને બરાબર ખબર હતી કે શ્વાસ લેવા માટે બે વાક્ય વચ્ચે અટકવું એ આજે કાયમ માટે શ્વાસ અટકાવી દેવા બરાબર હતું. 'તમે જે પૂછવા માંગો છો એ જ હું કહી રહ્યો છું.' કોલાહલ જરાક શમ્યો એટલે તંગ ચહેરા પર કૃત્રિમ સ્વસ્થતા લાવવા મથ્યો અને એકશ્વાસે ઝડપભેર બોલી ગયો, 'સમગ્ર ઓપરેશન જેમના ચાર્જમાં હતું એ ક્રાઇમબ્રાન્ચના એસીપી તેજેન્દ્રસિંહ રાજાવતને ફરજમાં બેદરકારી બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સમગ્ર ઘટનાની સઘન તપાસ માટે ટૂંક સમયમાં કમિશન નીમવામાં આવશે.'

આટલું બોલીને સાહા ઊભો થયો એ સાથે પત્રકારોમાં દેકારો મચી ગયો.

—પણ સાહાના થડકતા હૈયાના ધબકારા કદાચ પચાસ-સાઠ લોકોના એ દેકારા કરતાં ય વધારે અવાજ કરી રહ્યા હતા.

* * *

~

'આઈ રિયલી કાન્ટ એક્સ્પ્લેઇન, બટ ઇટ્સ ફેક્ટ...' આટલું લખતાં સાહાની આંગળીઓ ધ્રૂજી રહી હતી. મિજાગરામાં જામ થઈ ગયેલું બારણું કિચૂડાટ કરે તેમ આજે એક-એક શબ્દ ટાઇપ કરતાં તેની આંગળીઓના વેઢામાં કડેડાટી બોલતી હતી.

ચેટિંગના સામા છેડે ધાણીફૂટ છૂટતી ગાળોની બૌછારથી સતત સ્ક્રોલ થતું ચેટબોક્સ તે નીચી મૂંડીએ જોઈ રહ્યો. પ્રેસકોન્ફરન્સ હેમખેમ પતાવ્યા પછી ય તેનો જીવ ઊંચો હતો. તેના પેટમાં લોચા વળતા હતા. ભારેખમ શરીરને અનુકૂળ વિશાળ, નરમ રિવોલ્વિંગ ચૅરમાં રીતસર પડતું મૂકીને ક્યાંય સુધી તેણે પરસેવો લૂછ્યા કર્યો હતો. ગભરામણ અને બેચેની ઓછી કરવા તેણે ટેબલના ખાનામાંથી એન્ટિ એન્ગ્ઝાઈટી ડ્રગ પ્રોપેનોલોલની સ્ટ્રિપ ખોલી અને એક ગોળી લઈ લીધી. પ્રેસકોન્ફરન્સમાં જતાં પહેલાં જ તેણે મેઈલ કરી દીધો હતો એટલે હવે ગમે ત્યારે તેના મેઇલ પર ચૅટએલર્ટ આવવાનો હતો પણ કમ્પ્યૂટરના સ્ક્રીનને તાકવાના તેને હોશ ન હતા.

'યસ દયાલ, વોટ્સ અપ?' વાક્ય સાથે એલર્ટ બઝ થયું કે તરત સાહાએ તમામ મનોબળ કામે લગાડ્યું. ઊંડો શ્વાસ લઈને ફેફસાંને તંગ કર્યાં અને સપાટાભેર લખી નાંખ્યું,

'વિરમ હેઝ સ્લીપ્ડ અવે...'

'વોટ???' સામા છેડેથી પહેલાં પ્રશ્નોની અને પછી ગાળોની ઝડી વરસી હતી અને એ એક-એક ગાળથી દયાલ સાહાને ચહેરા પરની ભરાવદાર દાઢીનો એક-એક વાળ નિર્દયતાથી ખેંચાતો હોય તેમ લાગતું હતું, પણ નતમસ્તકે સાંભળી લીધા સિવાય બીજો કોઈ આરો ન હતો.

'હૅવ સસ્પેન્ડેડ રાજાવત' તેણે કાંપતા હાથે લખ્યું.

'હેલ વિથ યુ એન્ડ યોર પ્રોઝ...' સામા છેડેથી ઉશ્કેરાટ શાંત થવાનું નામ લેતો ન હતો.

'સ્ટેટની દરેક બોર્ડર પર કડક નાકાબંધી કરી દીધી છે. બધે જ રેડએલર્ટ જાહેર કર્યો છે. મારા ખાસ વિશ્વાસુઓને કામે લગાડી દીધા છે. ક્યાંકથી તો બાતમી મળશે જ.' સાહાએ ધડાધડ વાક્યો ફેંકી દીધા એ પછી ઘડીભર સ્ક્રીન પર સન્નાટો ઝબૂકતો રહ્યો.

'વિરમ ઈન્જર્ડ છે એ જોતાં એ લોકો બહુ લાંબે નહિ જઈ શકે. તેમને ગમે ત્યારે મેડિકલ ટ્રીટમેન્ટની જરૂર પડવાની જ. એ ઝડપાયા વગર નહિ જ રહે.'

'સાહા... યુ સ્ટુપિડ સ્ટાલ્વર્ટ... તને ભાન કેમ નથી પડતું? વિરમ નાસી ગયો તેનાં કરતાં ય તેને જે રીતે નસાડી જવાયો એ મને વધારે ડેન્જરસ લાગે છે.'

'યસ, આઈ નો...' સાહાએ સમજ્યા વગર લખી નાંખ્યું.

'માય ફૂટ... તારા ભેજામાં પૂળો મૂક, સાલા ગધેડા. મન તો થાય છે કે તને નાગો કરીને ગોળા જેવડી તારી ફાંદનો એકેએક લચકો ઓગળી જાય ત્યાં સુધી તને આખા ગામમાં દોડાવું...'

સામા છેડેથી પડતી થપાટ પર સાહા સમસમી રહ્યો હતો. આ માણસે કદી પણ તેના હોમ મિનિસ્ટર હોવાની તમા રાખી ન હતી અને આજે તો એ બે કોડીના ગુનેગારની માફક તેને દબડાવતો હતો.

—પણ મૂંગા મોઢે ગાળો ખાઈ લીધા વગર સાહાને બીજો કોઈ આરો ય ક્યાં હતો? તેની દરેક આંગળી એ માણસના પગ નીચે દબાયેલી હતી અને સાલો સાહા જેવા ખંધા રાજકારણીને ય ગમે ત્યારે ક્લચમાં લઈ શકતો હતો.

'કોઈ મોટા લોજિસ્ટિક સપોર્ટ અને મૅનપાવર વગર એ શક્ય નથી. ધે શૂડ હેવ ઇનફ મની ટૂ થ્રો. એ વગર આટલી મોટી કોન્સ્પિરસી કેમ પોસિબલ બને? સાલા, બેવકૂફના સરદાર, તારા તોસ્તાન પોલીસતંત્ર, તારા ઇન્ટેલિજન્સ બ્યૂરો, તારી સપોર્ટ મશીનરી આ બધાની છાતી પર પગ મૂકીને એ લોકો તારું નાક કાપી ગયા, તને ભાન પડે છે???'

'આઈ એસ્યોર, વિલ કેચ હિમ બૅક...' સાહાએ ટાઇપ કર્યું ત્યારે મનોમન બોલાઈ રહેલાં આ શબ્દોમાં તે રીતસર કરગરી રહ્યો હતો.

'શટઅપ... શટઅપ યુ નોનસેન્સ... તારાથી સાચે જ હું થાક્યો છું. હવે તારા દિમાગને નાંખ ચૂલામાં. ટેલ મી, વિરમની ફેવરમાં આવડી કોન્સ્પિરસી કોણ ઊભી કરી શકે?'

'મને એક્ઝેક્ટ તો હજુ ખબર પડી નથી પણ...'

'પેલો પત્રકાર કરી શકે? એ કેમ આમાં ઘૂસ્યો છે એ મને હજુ ય તું સમજાવી શક્યો નથી.'

'એ કઈ રીતે આમાં સંડોવાયો એ મને સાચે જ નથી સમજાતું. કદાચ એ કોઈ સ્કૂપ સમજીને પાછળ દોરવાયો હોય અને હવે એ સંડોવાઈ ચૂક્યો હોય તેમ મને લાગે છે.' અભિમન્યુની સામેલગીરી અંગે દયાલ સાહાનો અંદાજ ઘણેખરે અંશે સાચો હતો.

'અને આ રાજાવત? સસ્પેન્ડ કર્યા પછી હવે એ કોઈ રીતે નડે એમ નથી ને? આઈ મીન, તેની પાસે એવી તો કોઈ માહિતી નથી ને કે આપણે વિરમનું સોલ્યૂશન હજુ લાવ્યા નથી ત્યાં રાજાવતનું સરદર્દ સહેવાનું થાય...'

'નો વે... એના અનેક કબાડા મારા હાથ નીચે છે. એ સનકી જરૂર છે પણ બેવકૂફ નથી. પોતાનું અહિત સમજતાં તેને આવડતું જ હોય...'

'ફિશિયારી ન ઠોક. મને હવે તારા પર સહેજ પણ ભરોસો નથી રહ્યો. જો એ પત્રકાર આમાં નથી તો બીજુ કોણ હોઈ શકે?'

'સુમરા...' સાહાએ થડકતા હૈયે ટાઇપ કર્યું. 'અભરામ સુમરા... વિરમનો એક સમયનો હિટમૅન.'

એ વાક્ય પછી ક્યાંય સુધી સ્ક્રીન ચૂપ રહ્યો. તંગ મનોસ્થિતિમાં સાહા ભાવશૂન્ય ચહેરે ફાટી આંખે સ્ક્રીનને તાકી રહ્યો. તેની નજર ત્યાં ચોંટેલી હતી પણ દિમાગ ક્યાંય ઘૂમી રહ્યું હતું. છેવટે તેનું ધ્યાન પડ્યું ત્યારે ચૅટબોક્સમાં લાસ્ટ મૅસેજ બ્લિન્ક થઈ રહ્યો હતો...

'આઈ એમ કમિંગ... વ્હેર એન્ડ હાઉ, વિલ ઇન્ફર્મ યુ સૂન...'

આટલું લખીને જવાબની રાહ જોયા વગર એ લોગઆઉટ થઈ ચૂક્યો હતો. જાણે સ્ક્રીનમાંથી કશીક ભૂતાવળ પ્રગટતી હોય તેમ સાહા ક્યાંય સુધી ફાટી આંખે તાક્યા કર્યો. ચહેરા પરથી દદડતા પરસેવાના રગેડા લૂછવાનું ય તેને ભાન ન હતું. 'હી ઇઝ કમિંગ... ઓહ નો... ફાઇનલી હી ઇઝ કમિંગ...' મનોમન બબડીને તેણે લમણે હાથ દીધો. આંગળી વડે નેણ ખંજવાળ્યાં. લિસ્સા, ટાલિયા માથા પર ઘડીક હાથ ફેરવ્યા કર્યો અને ફરીથી

ટેબલનું ડ્રોઅર ફંફોસ્યું.

પ્રોપેનોલોલ ડ્રગના ડબલ ડોઝની તેને જરૂર વર્તાતી હતી.

*

ફાર્મહાઉસમાંથી એમ્બ્યુલન્સ ભાગી તેનો આઘાત ઓસર્યા પછી ફરી વળેલી પોલીસે ત્રીજા જ કલાકે હરભમ અને તેના સાગરીતોને અટકાયતમાં લઈ લીધા હતા. જોકે હરભમ માલા જરા ય ઓછી માયા ન હતો. તેનો કાયમી ઉસૂલ હતો, 'પૈહા પૂરતું જ પેહવું... પૈહાથી વધારે નઈ ને પૈહાથી ઓસું નઈ!!' પરિણામે તેણે એક-એક ચીજનો ટિંક્ચર ભાવ પાડીને સુમરાને બરાબર ખંખેર્યો હતો. ઘેટાં-બકરાંનાં ય નંગ દીઠ 8,000 રૂપિયા તેણે બેશરમીથી માંગી લીધા હતા. ત્રણ દા'ડાના ખેલમાં સહેજે છ-સાત લાખનો વકરો એટલો નફો રળી લીધા પછી પણ હરભમે પોતાના પૂરતી સલામત છટકબારી રાખી હતી. બે ય કસબામાં આ લોકોને આશરો આપ્યાની તમામ એંધાણી સાફ કરી નાંખવાની તેણે સૂચના આપી રાખી હતી.

સુમરા પાર્ટી શું કરવા ધારે છે તેની જરાક ગડ સૂઝી કે તરત તેણે પોતાના માટે સેઈફ પૅસેજ વિચારી લીધો હતો. ફાર્મહાઉસના રિંગ રોડ તરફના છેડે પોતે માણસો સાથે ઢોર ચરાવી રહ્યો હતો ત્યારે ત્યાં બે ગાડીમાં આવેલા પાંચ-સાત લોકોએ બંદૂકની અણીએ તેમનાં કપડાં પહેર્યાં અને તેમને ઝાડ સાથે બાંધીને માલઢોર ફાર્મહાઉસમાં હાંકી મેલ્યા એવી કેફિયત ડઘાયેલા ચહેરે અને રઘવાયેલા સ્વરે આપીને તેણે પોલીસને બરાબર મૂંઝવી હતી. પોલીસે વર્ણન પૂછ્યું ત્યારે તેણે માણસોની સંખ્યા અને તેમના ચહેરા-મોહરાં અંગેનું મનઘડંત વર્ણન આપીને સુમરાએ રોકડા ગણી દીધેલા મોંમાંગ્યા ખનખનિયાની થોડીક શરમ ભરી હતી.

ઓચિંતી લપડાક ખાઈને સ્તબ્ધ બનેલા પોલીસતંત્રનું મનોબળ હવે રાજાવતના સસ્પેન્શનથી વધારે ઘવાયું હતું. પરિણામે હરભમના નિવેદનથી પોલીસની તપાસ અવળા રસ્તે દોરવાઈ ગઈ હતી. હરભમે આપેલા વર્ણનના આધારે પોલીસે પાંચ-સાત શકમંદોના સ્કેચ તૈયાર કરીને પોલીસસ્ટેશનની ભોંય પર ઊભડક બેઠેલા હરભમને બતાવ્યા ત્યારે હરભમે અધમણિયું ડોકું હલાવી નાંખવામાં વાર લગાડી ન હતી.

પોલીસને અવળા રસ્તે ચડાવવામાં પૈસાની શરમ ઉપરાંત હરભમના દિમાગ પર પડેલી સુમરાના ખેપાનીપણાની અસર વધારે કારણભૂત હતી. સુમરાને યાદ કરીને ખંધો હરભમ મનોમન પોરસાઈ રહ્યો હતોઃ

ઈ ગમે ઈ હોય, પણ જણ હતો ભાયડો!

*

'વોટ ધ હેલ ઇઝ ધિસ...' ક્યાંય સુધી મોબાઇલના સ્ક્રીન પર દેખાતા નકશાને ત્રાટક કરીને, ઊંધો-ચત્તો કરીને જોઈ રહેલા રાજાવતે છેવટે કંટાળીને મોબાઇલ પોતાના જ લમણામાં ઠોક્યો.

તેની મનોસ્થિતિ અનુભવીને મનોમન ખુશ થતી નૂરીના ચહેરા પર નૂર આવ્યું હતું. આ સનકી છતાં શક્તિશાળી, ભેજાગેપ છતાં ખુર્રાટ આદમી ક્યાંક ફસાયો હતો, બરાબર ફસાયો હતો એટલું સમજી ચૂકેલી નૂરી હળવેથી બાજુના રૂમમાં સરકી ગઈ હતી અને રાજાવતને ય હવે નૂરી યાદ આવે તેમ ન હતી.

વિરમને ભગાડી જવાયો એ ખબર મળી તેની થોડી જ વારમાં પોતાના સસ્પેન્શનના સમાચાર પણ તેને મળી ગયા. ઉદ્દંડ રાજાવત માટે એકસામાટા આ બે આઘાત પચાવવા અઘરા હતા. ખુશી હોય કે આઘાત,

અભિવ્યક્તિ માટે રાજાવતને પાગલપનભર્યા ઉન્માદ સિવાય બીજી કોઈ પ્રતિક્રિયા આવડતી જ ન હતી. ક્યાંય સુધી ગાળો બોલીને, મોટે-મોટેથી ચીસો પાડીને, આખો રૂમ વેરણછેરણ કરીને તેના ગુસ્સાને છેવટે હાંફ ચડ્યો એટલે ફ્રિઝમાંથી સ્કોચની બોટલ કાઢી મોઢે માંડી. શરીર અને મનથી પસ્ત થયેલા રાજાવતે પોતે જ પછાડેલા સોફાના પાયા સાથે પીઠ ટેકવી અને પગ લંબાવી વ્હિસ્કીનો બીજો અને વધુ મોટો ઘૂંટડો ભર્યો. કોરા દારૂનો ઘૂંટડો મોંમાંથી અન્નનળી વાટે હોજરીમાં પહોંચ્યો એ આખા રસ્તે જલદ દારૂની તીવ્ર જલનમાં તેના અહંકારને પડેલી થપાટનો ચચરાટ ઓસરતો હતો.

દીવાલ પર જડેલા પેઇન્ટિંગને તેણે ક્યાંય સુધી તાક્યા કર્યું. અફાટ રેગિસ્તાનની છાતી માથે ઘેરાતાં વાદળોના ઓછાયા તળે આરડતા ઊંટનું એ દશ્ય જોઈને તેના નશાર્ત મનમાં બાળપણનું સ્મરણ ઊમટ્યું. ભરતપુરના મેવાતી ઠાકુર ઘરાણાના ભાયાતનું એ એકમાત્ર ફરજંદ. બંજર રેગિસ્તાનની સુક્કી, ખડતલ ધરતી પર દોમદોમ સાહ્યબી વચ્ચે એ ઊછર્યો હતો. એકના એક લાડકા માટે તેના પિતાએ ઘરમાં જ નિશાળ ખડી કરી દીધી હતી જ્યાં તેના બીજા સહાધ્યાયી તો ઠીક શિક્ષકો ય તેનો પડ્યો બોલ ઝીલતા. ભણવાની વાત હોય કે રમત, દરેક સ્પર્ધામાં તેણે બીજો નંબર કદી જોયો ન હતો. પોતે સર્વશ્રેષ્ઠ છે અને અન્યનું અસ્તિત્વ તાબેદારી માટે છે, હુકમ ઉઠાવવા માટે છે એવી સમજ બાળપણથી જ તેના ના-સમજ દિમાગમાં ઠસી ગઈ હતી.

એકધારા પેઇન્ટિંગને જોઈ રહેલા રાજાવતની આંખો પર હવે નશો સવાર થઈ રહ્યો હતો. રેતીના વંટોળ વચ્ચે સર્દ હવાની ભીનાશમાં આરડી રહેલું ઊંટ હવે ઊભું થઈને દોડવા લાગ્યું હતું અને તેના પર સવાર હતો કિશોરવયનો તેજેન્દ્ર... કુંવર તેજેન્દ્ર. રાજાવતે માથું ધુણાવ્યું અને વ્હિસ્કીનો ઘૂંટડો મોંમાં ઓર્યો પછી ફરીથી પેઈન્ટિંગ તરફ તાક્યું. હવે ઊંટને તબકાવી રહેલા કુંવર તેજેન્દ્રના એ દશ્યમાં આસપાસ દોડી રહેલા છોકરાંઓ ય ઉમેરાયા હતા અને તેમની કિલકારીનો ગુંજારવ રાજાવતને સંભળાઈ રહ્યો હતો.

'માફ કીજિયે સરકાર... ગલતી હો ગઈ હુકુમ...' આ તો માસ્ટર દિનમણિલાલનો અવાજ. રાજાવતે શરીર ટટ્ટાર કર્યું અને આંખો ચોળી પણ પેઈન્ટિંગમાં દેખાતું એ દશ્ય હવે તેની નજર સામે ખડું થઈ ગયું હતું. તોફાની વંટોળમાં ઊડતી રેતની રજ તેના ચહેરા પર પથરાતી અનુભવાતી હતી અને રેગિસ્તાનની તરસતી ધરતી પર ઝીંકાવા આતુર મોસમના પહેલા વરસાદની ભીની, મીઠી, ખુશબૂદાર હવા તેના નાકમાં પેસી રહી હતી.

'સરકાર... ઇસ બાર જાને દીજિયે હુકુમ...' માસ્ટર દિનમણિલાલ બે હાથ જોડતો, કરગરતો સરકણી રેત પર પાછા પગે દોડી રહ્યો હતો અને તેની પાછળ ઊંટ તબડાવતો કુંવર તેજેન્દ્ર... માસ્ટરની ગલતી ફક્ત એટલી જ હતી કે તેણે લીંબુ-ચમચીની દોડમાં લીંબુ પડી ગયા પછી ય દોડી ગયેલા કુંવર તેજેન્દ્રને વિજેતા જાહેર કર્યો ન હતો. ગુમાની તેજેન્દ્ર હવે અહીં રણની વચ્ચોવચ બીજા છોકરાંની હાજરીમાં બેરહમીથી માસ્ટરને દોડાવતો હતો અને બિચારો માસ્ટર નોકરી ગુમાવવાના ડરથી, ઠાકુરસા'બની પાંચ-પંદર સાટકાની સજાના ભયથી કુંવરને કરગરતો હતો...

'આપ કભી હાર નહીં સકતે હુકુમ... આપ હી નંબર વન હૈ... ગલતી મેરી હૈ... માફ કીજિયે હુકુમ...'

'આહ્હ્હ્હ્...' રાજાવતે વળી ઘવાયેલા સાંઢ જેવો ભાંભરોટો નાંખીને પેઇન્ટિંગ ભણી વ્હિસ્કીની બોટલ ઝીંકી અને ઝાટકાભેર ઊભો થઈ ગયો. 'મૈં હાર ચૂકા હૂં... મૈં હાર ચૂકા હૂં... મૈં કભી નંબર વન નહીં થા...' સન્નાટામાં પડઘાતી તેની ચીસથી જાણે આખો બંગલો તેના પર અટ્ટહાસ્ય કરી રહ્યો હતો. મૂંગાં ડૂસકાં રોકીને રૂંધાયેલા ગળાનું હાડકું તીવ્રપણે બહાર આવવા મથતું હતું. ક્રોધ, આવેશ, પરાસ્ત થયા પછીની હતાશાના

ભાવથી વિકૃત થયેલો તેનો ચહેરો વધારે ડરામણો લાગતો હતો.

'આમ તો નહિ જ પાલવે... કોઈ કાળે આમ તો હું હાર નહિ જ સ્વીકારું...' મનોમન બબડીને રાજાવતે અધખુલ્લા બારણાની ધાર સાથે માથું ટેકવ્યું અને વાવાઝોડામાં ફંગોળાતા તણખલાની માફક આમતેમ ઘૂમરાઈ રહેલા વિચારોને એકતંત કરવા મથ્યો.

વિરમને ભગાડી જવાયો છે. એ પોતે સસ્પેન્ડ થઈ ચૂક્યો છે. વિરમે મોકલેલાં જૂતાં લઈ ગયેલી એ છોકરી કોણ છે તેની ય ખબર પડી નથી. ત્રીજો સાથી અભરામ સુમરા છે એ સ્પષ્ટ થઈ ગયું છે પણ પેલો રિપોર્ટર અભિમન્યુ રાવ આ કમઠાણમાં કઈ રીતે ઘૂસ્યો એ હજુ ઉકેલાતું નથી. લાઇટહાઉસ એટલે શું? બંગલાની બહાર ઝરમર વરસતા વરસાદની ભીનાશથી તેના તપ્ત દિમાગને શાતા વળી રહી હતી. તેણે પરસાળની કિનારીએ ખુરશી ગોઠવી અને વિચાર આગળ ધપાવ્યા.

આ લાઇટહાઉસ શું હોઈ શકે એ ભેદ જો પામી શકાય તો વિરમ અને સાહા વચ્ચેની આખી અંટસનો છેડો મેળવી શકાય. લાઇટહાઉસ મતલબ દીવાદાંડી જ હોય એવું શક્ય છે? લાઇટહાઉસ હોટેલ પણ હતી અને તેણે ગ્રીન રોડ પર લાઇટહાઉસ નામની લક્ઝુરિયસ ડેકોરેટિવ પીસની દુકાન પણ જોઈ હતી. લાઇટહાઉસ એટલે એવું કશુંક હોઈ શકે? અને પેલો નકશો...

તે સફાળો ઊભો થયો અને રૂમમાં ફગાવેલો મોબાઇલ શોધ્યો. મટિયાવાડની રેડમાં મળેલા મોબાઇલ અને તિલસ્મી લાગતા નકશા વિશે તેણે સાહાને જાણ ન કરી એ તેની દૂરંદેશી પ્રત્યે અત્યારે તેને હાશકારો થતો હતો.

'વોટ ધ હેલ ઇઝ ધિસ...' ક્યાંય સુધી મોબાઇલના સ્ક્રીન પર દેખાતા નકશાને ત્રાટક કરીને, ઊંધો-ચત્તો કરીને જોઈ રહેલા રાજાવતે છેવટે કંટાળીને મોબાઇલ પોતાના જ લમણામાં ઠોક્યો. આમ ગૂંચવાઈ ગયે નહિ પાલવે રાજાવત સરકાર... થાકી ગયેલા દિમાગને પોરસ ચડાવવા તેણે સેલ્ફ ટોક શરૂ કરી. કોયડાના કાયર રાજાવતને મગજ કસવું પડે એવું કોઈ કામ કદી ફાવ્યું ન હતું. કોયડાને તોડી-ફોડીને વેરણછેરણ કરી નાંખવા એ જ એકમાત્ર ઉકેલ છે એવી તેના દબંગ દિમાગની દૃઢ શ્રદ્ધા હતી. જેના મોબાઇલમાંથી આ નકશો મળ્યો એ તેના હાથમાં નથી. વિરમે પણ તેનો ઢોરમાર ખાઈને પણ પોતાનું નીંભર મૌન છોડ્યું નથી. અને હવે તો વિરમ પણ તેના હાથમાંથી છટકી ગયો છે.

વેઇટ... વેઇટ... સપાટાભેર દોડતા વિચારોના ઘોડાઓને તેણે લગામ કસી. વિરમ જ્યાંથી પકડાયો ત્યાંથી જ નવેસરથી ખોજ આરંભી હોય તો???? તે ક્યાંય સુધી હવામાં તાકીને વિસ્ફારિત આંખે જોતો રહ્યો. યસ... ધેટ્સ ઇટ...

તે ઊભો થયો. બદનને તંગ કરીને હતાશા ખંખેરી નાંખી. હવે તેના ચહેરા પર ફરીથી એ જ ગુમાન ઊભરી આવ્યું હતું... પોતે જ સર્વશ્રેષ્ઠ હોવાનું ગુમાન. પોતે જ વિજેતા બનવા સર્જાયો હોવાનું ગુમાન.

*

'કંઈ પણ કર... એને હોશમાં લાવ નહિ તો હું તારાં રૂંવેરૂંવે ગોળી મારી દઈશ...' રાવીએ ચિલ્લાઈને કહ્યું ત્યારે ડો. ઝવેરીના હૈયામાં ધબકારો અટકી ગયો હતો. મિલ રોડ પર આગળ વધીને સુમરાએ ચિચિયારી કરતો તીવ્ર વળાંક લઈને એમ્બ્યુલન્સને રિંગ રોડ પર હાંકી મૂકી એ સાથે ઝવેરીએ રોકકળ કરી મૂકી હતી.

અકળાયેલા અભિમન્યુએ રાવીને એકબાજુ હડસેલીને ઘાંઘા થયેલા, એકધારા કરગરતા ડોક્ટરના જડબા પર બે ઠોકી ત્યારે ડોક્ટર ચૂપ થયો હતો.

'પેશન્ટની હાલત જરા ય સારી નથી. તેને તાત્કાલિક ટ્રીટમૅન્ટની જરૂર છે અને પ્લીઝ, મને છોડી દો... મને તો રાજાવતે બોલાવ્યો હતો એટલે મારે આવવું પડ્યું...' આ આદમીનું ભેજું કંઈક ઠેકાણે લાગે છે એમ સમજીને ડોક્ટરે એકચિત્તે ડ્રાઇવિંગ કરી રહેલા સુમરાને ફુસફુસાતા અવાજે કહ્યું હતું.

અભિમન્યુ સતત બારીની બહાર ગન તાકીને પીછો થતો હોય તો સામનો કરવા તત્પર રહ્યો હતો. રાવી એકધારી વિરમ પર લળીને તેના ઘવાયેલા ચહેરાની ત્રસ્ત રેખાઓ પર આંગળી પસવારી રહી હતી. વિરમ ઘડીક આંખો ખોલતો હતો. રાવીની આંખમાં તાકતો હતો. ઘડીક તેના હોઠ હલતા હતા. ગરદન જરાક ઊંચકાતી હતી. ઘડીક રાવીને લાગતું હતું કે એ તેને ઓળખી ચૂક્યો છે. ઘડીક તેને ભ્રમ થતો હતો કે તેને પાસે જોઈને વિરમના હોઠ પર સોહામણું સ્મિત આવવા મથે છે. ઘડીક તેને એમ લાગતું હતું કે માલધારી ઔરતના વેશમાં તેને જોઈને વિરમ મૂંઝાઈ રહ્યો છે એટલે તેણે કામળી ક્યાંય ફગાવી દીધી હતી અને ગળાની હાંસડી, હાથનાં બલોયાં ય ઉતારી નાંખ્યાં હતાં.

'યુ આર સેઇફ વિરમ... તું મારી પાસે છે... તને કશું જ નહિ થવા દઉં...' એ એકધારી વિરમના કાનમાં બબડી રહી હતી.

બેફામ સ્પીડમાં ગાડી હંકારી રહેલા સુમરાએ રિંગ રોડ પરથી ય અંદરની તરફ એક પછી એક વળાંકો પર ગાડી દોડાવ્યે રાખી હતી. વહેલામાં વહેલી તકે એમ્બ્યુલન્સ તેમણે છોડવી જ પડશે. સુમરાના ચહેરા પર સહેલગાહે નીકળેલા મોજીલા આદમી જેવી સ્વસ્થતા હતી પણ તેના દિમાગમાં સવાલોના હથોડા ઝીંકાતા હતા.

હવે શું? હવે ક્યાં? હવે કેવી રીતે?

* * *

~

સુમરાએ અચાનક એમ્બ્યુલન્સ ધીમી પાડીને રસ્તાની ધાર પર લીધી એ સાથે અભિમન્યુ સતર્ક થયો. લગભગ ચારેક કલાક સુધી એક પણ અક્ષર બોલ્યા વગર પૂરપાટ વેગે વાન ભગાવી રહેલો સુમરો આખરે શું કરવા ધારે છે એ વિશે અભિમન્યુ પણ તણાવમાં હતો.

રસ્તામાં એક ટોલનાકું આવ્યું ત્યારે તેણે સાઇરન ચાલુ કરી દીધી હતી. અભિ અને રાવીએ નીચે ઝૂકીને ગન સાબદી કરી નાંખી પણ એમ્બ્યુલન્સ આવતી જોઈને નાકા પરના બૅરિયર્સ દૂર થઈ ગયા એટલે સુમરાએ સ્પીડબ્રેકર પાસે વાન ધીમી પાડી અને તદ્દન સહજ ચહેરે ટોલનાકું વટાવી દીધું. તેના મનમાં હાશ વળતી હતી. સંકેત સ્પષ્ટ હતો, હજુ ય આખા રાજ્યના દરેક રસ્તા પર નાકાબંધીના આદેશ જાહેર થયા નથી.

ઝનૂન ઓસર્યા પછી રાવીના ખભા પરના ઘાવમાં હવે લવકારા બોલવા લાગ્યા હતા. ગજા બહારનો શ્રમ વેઠીને વકરેલા તેના ઘાવમાં ડ્રેસિંગ કરીને ડો. ઝવેરીએ પેઇનકિલર ઇંજેક્શન આપ્યું એ પછી થોડી સ્વસ્થ થયેલી રાવી વિરમની ફિકરમાં પરોવાઈ હતી. વિરમની બોઝિલ આંખો તળેથી કળાતા ઝબકારને ઝીલવા રાવી એકીટશે તેને તાકી રહી હતી

—અને રાવીને અભિમન્યુ.

આગના ભડકા જેવી આ છોકરી વિરમને નિહાળ્યા પછી કેમ અચાનક આટલી બાવરી થઈ ગઈ હતી? તેની આંખોમાંથી ફૂંકાતું વાવાઝોડું વિરમને તાકતી વખતે કેમ અચાનક મોરપિંછની નજાકતમાં પલટાઈ જતું હતું? રાવીને વિરમ માટે કંઈક...

એમ્બ્યુલન્સ અચાનક ધીમી પડી એટલે અભિમન્યુનો વિચારતંતુ ખોરવાયો. તેણે રિયર વ્યૂ મિરરમાં જોયું. રાવીને બેઠા રહેવા અને અભિમન્યુને નીચે ઊતરવા સુમરો સંકેત કરતો હતો.

'હવે વહેલી તકે એમ્બ્યુલન્સ છોડવી પડશે.' સુમરાએ તેની પ્રકૃતિ મુજબ ભાવશૂન્ય ચહેરે કહ્યું.

'હમ્મ્મ્...' અભિએ જવાબ તો વાળ્યો પણ તેની આંખોમાં અનેક સવાલો તગતગતા હતા. 'વિરમની હાલત ખરાબ છે. એમ્બ્યુલન્સ વગર તો આપણે...'

'મને પણ એ જ અવઢવ છે...' સુમરાએ ચાંચવાળા દેહાતી જોડાની અણીથી જમીન ખોતરતાં કહ્યું. તેના આયોજનમાં વિરમને નસાડી ગયા પછી ક્યાં જવું એ વિશે અસ્પષ્ટતા હતી, પરંતુ ચારેબાજુ નાકાબંધી હશે ત્યારે છેવટે વિરમ કંઈક રસ્તો સુઝાડશે તેવી તેની ગણતરી હતી. એ ગણતરી સદંતર ખોટી પડી હતી. હવે તો વિરમ પોતે જ...

જે સવાલોના જવાબ મેળવવા તેમણે વિરમને નસાડી જવાનું જોખમ ઊઠાવ્યું એ સવાલો તો હજુ ઊભા જ હતા અને ઉપરથી હવે બેહોશ વિરમને લઈને ભાગવાનું હતું.

વિરમ બેહોશ છે. તેમના અસ્તિત્વ સામે ભોંકાતા અણિયાળા સવાલો અનુત્તર હતા. એ હોશમાં હોત તો આ દરેક સવાલોનો જવાબ મેળવ્યા પછી આગળનો વ્યૂહ નક્કી થયો હોત, પણ હવે તો... ડોક્ટર ઝવેરી કહેતો હતો કે એ ક્યારે ભાનમાં આવે તે કહી ન શકાય. તેને ગંભીર સારવારની જરૂર હતી.

ક્યાંય સુધી તેમણે એકમેકની આંખોમાં ઘૂરકતા સવાલોના બોજ તળે તાક્યા કર્યું.

'સુમરા...'

'હમ્મમ્...'

'વિરમને કોણે પકડ્યો હતો?'

'રાજાવતે... કેમ?' સુમરાને અભિનો સવાલ ન સમજાયો પણ તેના ચહેરા પર ઝબકતી મક્કમતા કશુંક સૂચવતી હતી.

'રાજાવતને વિરમની બાતમી કોણે આપી હોઈ શકે?'

'ખાતરીપૂર્વક તો ન કહી શકાય, પણ... રાજિયો હરામી છેવટની ઘડી સુધી વિરમનો વિશ્વાસુ હતો અને એ હાલ રાજાવતની પડખે ચડ્યો છે એ જોતાં હરામી જ ફૂટી ગયો હોવો જોઈએ...' સુમરો હજુય અભિના મનમાં ચાલતો તંત પકડી શકતો ન હતો.

'ચાલ, રાજિયાને જ ઊઠાવીએ...' અભિના ગોરા ચહેરા પર રીતસરનો ઉન્માદ ફરી વળ્યો હતો. તેની કાળી, મોટી આંખોમાં અદમ્ય ઉશ્કેરાટની લાલી ઘેરાતી જતી હતી.

'એટલે... તું...'

'સી, વિરમ હોશમાં આવે અને આપણને મદદરૂપ થાય એવી માહિતી આપે તેનું કંઈ ઠેકાણું નથી. એક વાર અહીંથી ભાગીને આપણે સ્ટેટ બોર્ડર ક્રોસ કરી જઈશું પછી ફરી પાછા આવવું આસાન નહિ હોય. એ દરમિયાન જો વિરમની હાલત વધારે કફોડી બની તો વળી નવી મુસીબત.' અભિમન્યુ જાણે તેના એડિટરને સ્ટોરી માટે કન્વિન્સ કરી રહ્યો હોય તેમ સુમરાના ખભા પર હાથ મૂકીને, તેની આંખમાં આંખ પરોવીને એકીશ્વાસે બોલી રહ્યો હતો. 'અત્યારે હજુ ય એ શક્ય છે. રાજિયાને ઉઠાવીએ. તેની પાસેથી વિરમના છેલ્લા ઠેકાણા વિશેની માહિતી ઓકાવીએ તો શક્ય છે કે કોઈ સગડ મળે.'

'પણ રાજિયો એ કહી દે તો ય શું? ધારો કે એ કહે કે વિરમે મને ફલાણી જગ્યાએ મળવા બોલાવ્યો અને મેં રાજાવતને એ જગ્યા કહી દીધી... ધારો કે, એ જગ્યા હાઈ-વે પર આવો કોઈ ત્રિભેટો હોય, ધારો કે એ જગ્યાએ વિરમે ફક્ત કામચલાઉ આશરો જ લીધો હોય તો આપણે આખું કમઠાણ કર્યા પછી ય ફરી હતા ત્યાંને ત્યાં જ ને?'

'અફકોર્સ યસ, પણ ધારો કે રાજિયો એવી માહિતી આપી દે કે વિરમે મને જાંબુડાની દીવાદાંડીએ મળવા બોલાવ્યો, તો?? ધારો કે તે એમ કહે કે, વિરમ હિંદવાણની દીવાદાંડીના જ કોઈ ભેદી ભોંયરામાં છુપાયો હતો, તો?? બરાબર સમજી લે સુમરા, આ બધા જો અને તોની વચ્ચે જ ક્યાંક તારો અને મારો છુટકારો સલવાયેલો છે. તને સમજાય છે?' અભિએ સુમરાના ખભા પર મૂકેલા હાથે ઉશ્કેરાટભેર ભીંસ આપી દીધી. 'તને સમજાય છે હું શું કહેવા માંગું છું?'

'પણ આ બધું તો હરામીએ રાજાવતને ય કહ્યું જ હોય ને?'

જવાબમાં અભિએ ફેફસાંમાં ઊંડો શ્વાસ લઈને છોડ્યો. કમર પર હાથ મૂક્યા, ગરદન ઘુમાવી અને પાંચ-સાત સેકન્ડ ચૂપ રહ્યો. ફરીથી તેણે સુમરાની સામે જોયું. તેની આંખોનો ઉન્માદ પ્રત્યેક ક્ષણે ગહેરાતો હોવાનું

સુમરાને લાગતું હતું. 'તેં ઘાણીએ જોતરાયેલા બળદ કદી જોયો છે? બળદને ઘાણીએ જોતરવા કેળવીએ ત્યારે તેનાં શિંગડાં ફરતા બે ય આંખોની આસપાસ ડાબલા બાંધવા પડે. એ પછી બળદને આજુબાજુનું કશું જ ન દેખાય અને એ ગોળ-ગોળ ચાલતો જ રહે.'

આત્મવિશ્વાસભેર ફેંકાતા અભિના એક-એક શબ્દને સુમરો સતર્કપણે સાંભળી રહ્યો. આ છોકરાની વાતમાં દમ તો હતો.

'શક્ય છે કે વિરમ ઝડપાયો ત્યાં જ લાઇટહાઉસના કે એ નકશાના ભેદની કંઈક કડી હોય. શક્ય છે કે વિરમે એ જગ્યાએ જ જવા રાવીને સંકેત કર્યો હોય અને આપણે હજુ એ પામી શક્યા ન હોઈએ. શક્ય છે કે હરામીએ રાજાવતને બધું જ કહ્યું હોય તો પણ બળદ જેવા રાજાવતની આંખે એ ઘડીએ ફક્ત વિરમની ધરપકડના ડાબલા બંધાયેલા હોય તેમાં એ આસપાસનું કશું જ જોઈ શક્યો ન હોય. શક્ય છે કે...'

'સુભાનલ્લાહ...' સુમરાને હવે બરાબર ગડ બેસી ગઈ હતી. તેણે સ્મિતભેર અભિને બાથ ભીડી. 'શક્ય છે... એ જ શક્ય છે પણ રાજિયાને ઊઠાવવો એ આસાન તો નહિ હોય...'

'જાત બચાવવા માટે દિશાહીન રઝળપાટ કરવા જેટલું જોખમી પણ નહિ જ હોય...' અભિમન્યુના બિડાયેલા હોઠની દઢતા સુમરો મરકતી આંખે ઘડીભર જોઈ રહ્યો.

*

બંને વાનમાં ગોઠવાયા એટલે તરત સુમરાએ ગાડી આગળ ધપાવી. અભિમન્યુએ રાવીને સંકેત કરી દીધો હતો. રાવીએ પોતાના માટે અને વિરમ માટે દવાઓ, ઇંજેક્શન વગેરે ડોક્ટર પાસે પૅક કરાવવા માંડ્યા ત્યારથી ડોક્ટરની આંખોમાં ધ્રાસ્કો ફાટતો હતો. આખરે આ લોકો શું કરવા ધારે છે? પંદરમી મિનિટે ફરીથી એમ્બ્યુલન્સ થોભી એટલે તેમણે પહેલાં ડોક્ટર ઝવેરીને નીચે ઉતાર્યો. સુમરો ખભા પર રાંઢવું અને કમખાના ખિસ્સામાં નાડાછડીના ત્રણ મોટા દડા ભરાવીને નજીકના એક પીપરના ઝાડના પહેલા માળે ચડ્યો એ જોઈને ઝવેરીના શરીરમાં જાણે માતાજી આવ્યા હોય તેવો કંપવા ઊપડ્યો.

આ માથાફરેલાઓ તેને ફાંસીએ ચડાવે છે કે શું? એ હાથ જોડીને કરગરતો રહ્યો અને અભિએ તેના હાથ-પગ બાંધી, મોં પર ડૂચો મારીને ઝાડ પર ચડાવ્યો. સુમરાએ તેને પ્રમાણમાં થોડી આરામદાયક પોઝિશનમાં પણ બરાબર કચકચાવીને ડાળ પર વળગાડ્યો. સાત-આઠ કલાક પહેલાં ડો. ઝવેરી મળી આવે એ તેમને પાલવે તેમ ન હતું. અંધારી, મેઘલી રાતે ઝાડની ડાળીએ મડાગાંઠે બંધાઈને વગડા વચ્ચે થયેલો આ રાતવાસો ડોક્ટર કદી ભૂલવાનો ન હતો.

પછી આઠ-દસ કિલોમીટર દૂર જઈને એક ધાબા પાસે સુમરાએ વાન થંભાવી અને ત્યાં પડેલાં વાહનોનું નિરીક્ષણ કર્યું. ધાબાથી બીજા પંદરેક કિલોમીટર આગળ જઈને તેણે એમ્બ્યુલન્સ થંભાવી દીધી. અંધારું ઘેરાય એ પહેલાં જ બીજા વાહનનો બંદોબસ્ત કરી લેવાનો હતો અને ધાબા પર ઊભેલી કાળી, ચકચકતી ટોયોટા ફોર્ચ્યુનર સુમરાની આંખમાં બરાબર વસી ગઈ હતી.

બસ, અડધા જ કલાક પછી ફોર્ચ્યુનરનો ડ્રાઇવર અને તેની સાથેનો આદમી મુશ્કેટાટ બંધાઈને ખાળિયામાં ઊંધેકાંધ પડ્યા હતા અને તેનાથી થોડાક આગળ તેમણે એમ્બ્યુલન્સને નધણિયાતી છોડીને પહેલાં ફોર્ચ્યુનરની નંબર પ્લેટ બદલી નાંખી અને પછી જે દિશામાંથી આવ્યા હતા એ જ દિશામાં ફોર્ચ્યુનર મારી મૂકી.

ત્યારે અંધારાની કાંધે ચડેલો વગડો તમરાંના હાલરડે દિવસભરનો હાંફ ઉતારી રહ્યો હતો.

*

બાલંભ ટોલનાકાથી ફોર્ચ્યુનર શહેરમાં પ્રવેશી એ સાથે ત્રણે ય એલર્ટ થઈ ગયાં. વચ્ચેની સીટ પર વિરમને સુવાડ્યો હતો. રાવી તેની બાજુમાં ગોઠવાઈ હતી. આગળની સીટ પર અભિ પણ સુમરાની બાજુમાં ગોઠવાઈને સીટ નીચે ગન તૈયાર કરીને બેઠો હતો. રસ્તાઓ પર પોલીસની હાજરી ધ્યાન ખેંચે તેવી હતી. શહેરની બહાર જતાં વાહનોનું કડક ચેકિંગ થઈ રહ્યું હતું પણ અંદર પ્રવેશતાં વાહનોની સ્પીડ કન્ટ્રોલ કરવા ઝિગઝેગ બૅરિયર્સ મૂકવા પૂરતી જ તકેદારી લેવાઈ હતી. શહેરની બહાર નીકળેલા ભાગેડુઓ તરત શહેરમાં જ પાછા આવે એટલા બેવકૂફ તો ન જ હોય એવા અદ્દલ પોલીસવિચારને વધુ એક વખત માત મળી રહી હતી.

'આપણે તાત્કાલિક કપડાં બદલવા પડશે.' અભિમન્યુએ માથા પરનો ગમછો ઉતારતાં કહ્યું. મટિયાવાડથી ભાગીને હરભમના નેસમાં આશરો લીધો ત્યારથી ત્રણેયે માલધારીનાં કપડાં પહેરેલાં હતાં, પણ ફાર્મહાઉસના હુમલા પછી તેમનો આ હુલિયો હવે જોખમી બની રહે તેમ હતો.

પહેલાં સુમરાએ એટીએમમાંથી દસ હજાર રૂપિયા ઉપાડ્યા. પછી એક મોલના પાર્કિંગલોટમાં ગાડી ખડી કરીને અભિમન્યુને અંદર ધકેલ્યો. મલ્ટિપ્લેક્સના દર્શકોને બાદ કરતાં બંધ થવાની તૈયારીમાં મોટા ભાગના શો-રૂમમાં ચહલપહલ ન હતી એટલે ભૂરા રંગની ધોતી અને કમખામાં માર્બલની સુંવાળી ફર્શ પર દેહાતી જોડા વડે 'ખચડ... પચડ' અવાજ કરતો જતો અભિમન્યુ ખાસ કોઈના ધ્યાનમાં આવે તેમ ન હતો. છતાં ય સાવચેતી ખાતર મોં આડો ગમછો ધરીને તે જે પહેલો શો-રૂમ ખુલ્લો દેખાયો ત્યાં ધસ્યો અને ફટાફટ તેણે પોતાના અને સુમરા માટે બે-ત્રણ જિન્સ, ત્રણ-ચાર શર્ટ અને રાવી માટે બે જિન્સ અને કેટલાંક ટોપ્સ પસંદ કરી લીધાં.

પાર્કિંગલોટમાં જ તેમણે ગાડીની અંદર વારાફરતી કપડાં બદલી નાંખ્યા. પાણી નાંખીને વાળ ચપ્પટ બેસાડી દીધા અને રેવાલ ચાલે ફોર્ચ્યુનર પાર્કિંગલોટનો ઢાળ ચડી રોડ પર આવી ત્યારે રાતના અગિયાર વાગ્યા હતા. દિવસભરની દોડધામથી ધમધમીને થાકેલા શહેરનો એ જંપવાનો સમય હતો.

—અને એ જ સમયે રોઝવૂડ જિમખાનામાં રાત રોશન થવા થનગનતી હતી.

એ રાજિયા હરામીની ક્લબ હતી.

*

'ક્યા બાત હૈ મિયાં, ઇતને મેં હી થક ગયે...' રાજિયાએ એક કાઉન્ટર પાસે ઊભા રહીને કોઈનો ખભો થપથપાવ્યો. એ ચાંદ મહેરઅલી હતો. દિવસે હોઝ પાઇપ ઇન્ડસ્ટ્રીમાં મબલખ રૂપિયા કમાઈને રાત્રે અહીં જુગારમાં હારવું એ તેનો વરસોનો ક્રમ હતો. રમીની ત્રણ-ચાર બાજી લગભગ રોજ એ હારતો અને પછી ઉપરના મજલે વૈભવી રૂમમાં કોઈ રૂપાળી છોકરી જોડે ઐયાશી કરીને મધરાત પછી ઘરે જતો. પણ આજે બીજા ક્રમનો પ્રોગ્રામ તેણે બીજે કશેક ગોઠવ્યો હતો.

'થકને વાલી બાત આજ કહીં દૂસરી જગહ હૈ જનાબ...' જાડિયા મહેરઅલીએ નરમ ખુરશીમાંથી પહેલાં પોતાની ફાંદ આગળ કરી અને પછી ટેબલના ટેકે ઊભા થતાં ભદ્દું હાસ્ય વેર્યું.

'કભી બાહર કી ચાંદની હમેં ભી દિખાયા કરો મિયાં...' રાજિયાએ ઝભ્ભાના ખિસ્સામાંથી ઇલેક્ટ્રોનિક

સેન્સર ધરાવતું એક્ઝિટ કાર્ડ કાઢતાં કહ્યું.

'અરે કભી આઇયે હુજૂર, ચાંદ જહાં જાયે વહાં ચાંદની હી તો હોગી...' જર્દા ખાઈને સડી ગયેલા પીળાધમરક દાંત બતાવતા ચાંદ મહેરઅલીએ ઠહાકો માર્યો.

રોજેરોજ એક-એકથી ચડિયાતી છોકરીઓને સોડમાં ઘાલતો આ ગંધારો જાડિયો શું ઐયાશી કરી શકતો હશે તેનું આશ્ચર્ય આંખમાં ઓલવીને રાજિયાએ તેને એક્ઝિટ કાર્ડ થમાવ્યું.

આજે બપોરે પોતાના ફાર્મહાઉસ પર બનેલી ઘટનાથી રાજિયાએ ક્યાંય સુધી તંગદિલી અનુભવી હતી. રાજાવતે તેના ફોન રિસીવ કર્યા ન હતા એટલે તેને વધારે ફાળ પડતી હતી. દુનિયા આખીના કબાડા કરતો રાજિયો મારનો જબરો કાયર હતો. ઘર કરતાં ક્લબ તેને વધુ સલામત લાગતી હતી એટલે રાત ઢળી એ પહેલાં જ તે ક્લબમાં ઘૂસીને જાણે કશું જ બન્યું નથી એવો ડોળ કરી રહ્યો હતો.

પોલીસમાં પૂરતી પહોંચ હોવા છતાં ય રાજિયો ક્લબની સિક્યોરિટીના મામલે કદી કચાશ છોડતો ન હતો. અંદર આવવાનું કાર્ડ અલગ. બહાર નીકળવાનું ય અલગ. ગેટ પર પહોંચતી ગાડી કાર્ડ આપે, સિક્યોરિટી એ કાર્ડને લેસરગનથી મૅચ કરે પછી જ ગેટ ખૂલે. કાર્ડના સેન્સર કોડ પણ રોજ બદલાય અને રોજિંદા મેમ્બર્સને એ બદલાયેલા કોડવાળું કાર્ડ પણ દરરોજ સાંજે છના ટકોરે મળી જાય. બહાર નીકળતી વખતનો પણ એ જ ક્રમ. જુગાર રમીને કે ઐયાશી કરીને બહાર નીકળવા માંગતી પાર્ટીને ખુદ રાજિયો જ બિલ ચૂકવાઈ ગયાની ખાતરી કરીને એક્ઝિટ કાર્ડ ઈશ્યૂ કરતો. કાર્ડ સ્વેપ કરીને ક્લબનો દરવાજો ખોલ્યા પછી લગભગ ત્રીસેક કદમ દૂર પાર્કિંગમાંથી ગાડી કાઢવાની અને ડાબા હાથે સો મીટર દૂર દરવાજે જઈને સિક્યોરિટીને આ કાર્ડ આપો ત્યારે જ મેઇન ગેટ ખૂલી શકે. ક્લબમાં આવતા માલેતુજારોની પ્રાઇવસી જાળવવા રાજિયાએ ક્લબ બિલ્ડિંગની આસપાસ મેઇન ગેટ સિવાય મૅન્યુઅલ સિક્યોરિટી કરતાં ઇલેક્ટ્રોનિક સુરક્ષા પર વધારે ભાર મૂક્યો હતો.

—અને આજે તેને એ જ ભારે પડી ગયું...

પોતાના ટેબલથી લગભગ આઠેક કાઉન્ટર વટાવ્યા પછી ચાંદ મહેરઅલીએ જાડા કાચથી મઢેલા દરવાજાના નોબમાં કાર્ડ સ્વેપ કરીને જમણા હાથે દરવાજો ખેંચ્યો એ સાથે જ અલગ અલગ દિશાએ બે હાથ તેની તરફ લંબાયા. એક હાથે મુશ્કેટાટ રીતે તેનું મોં દબાવ્યું અને બીજા હાથે તેને કોણીમાંથી ઝાલીને જોરાવર આંચકો માર્યો એ ભેગો જાડિયો મહેરઅલી બહારની તરફ ખેંચાઈ ગયો.

દસેક મિનિટ પછી...

પોતાની તરફ આવતા અજાણ્યા આદમીને રાજિયો સાશંક નજરે જોઈ રહ્યો. એ આદમીએ એક ટેબલ તરફ કંઈક પૂછ્યું, જવાબમાં કોઈએ પોતાના તરફ આંગળી ચીંધી એટલે એ આદમીએ આ તરફ કદમ ઉપાડ્યાં એ બધું જ રાજિયાએ જોયું હતું.

પણ એ ક્લબમાં આવ્યો કઈ રીતે? રાજિયાએ ક્લબના દરવાજા ભણી જોયું. ઓહ નો, દરવાજો તો ખુલ્લો હતો. એ કેવી રીતે બની શકે?

'હુજૂર, મેરે સા'બને આપકો બુલાયા હૈ... કુછ જરૂરી કામ હૈ...' રાજિયો કંઈ પૂછે એ પહેલાં જ એ આદમીએ ઝડપથી નજીક આવીને અદબભેર કહી દીધું.

'તૂ કૌન હૈ બે? અંદર કૈસે આયા...' ડરપોક રાજિયાએ પાછળની હરોળમાં ગોઠવાયેલા હટ્ટાકટ્ટા બાઉન્સર્સનું ધ્યાન ખેંચવા અવાજ ઊંચો રાખ્યો.

'જી મૈં ચાંદ મહેરઅલી સા'બ કા ડ્રાઇવર હૂં. સા'બને અંદર ભેજા હૈ... વો દરવાજે પે ખડે હૈ.'

રાજિયાએ ગરદન સહેજ ઝુકાવીને જોયું તો દરવાજાની ત્રાંસમાં ત્રીજા પગથિયે ઊભેલો ચાંદ મહેરઅલી તેને દેખાયો પણ દરવાજાની આડશમાં તેની ફાંદ પર ગન ટેકવીને ઊભેલો સુમરો તેને દેખાય તેમ ન હતો.

અંદર આવેલો એ આદમી અભિમન્યુ હતો. ઇલેક્ટ્રોનિક સર્કિટ ધરાવતું બારણું પાછું ભિડાઈ જાય એ પહેલાં જ બે ચોંપમાં મહેરઅલીનું નામ-ઠામ પૂછીને તેને સુમરાના હવાલે કરીને તે અંદર ઘૂસી ગયો હતો. રાજિયાની ક્લબથી સુપેરે માહિતગાર સુમરાએ બરાબર દાવ ગોઠવ્યો હતો.

'એ જાડિયો અત્યારે જ ચાંદની ચખાડવા આતુર લાગે છે...' દરવાજો ખુલ્લો રાખ્યાના અણગમાથી કટાણું મોં કરીને રાજિયો આગળ ધપ્યો અને અભિ તેની પાછળ અદબભેર દોરવાયો.

'અરે મિયાં, યે ધંધે કા ટાઇમ ખોટી મત કરો... જાવ તુમ ઐશ કરો. હમ ફિર કભી આયેંગે. યે દરવાજા ખુલ્લા છોડકે હમેં યહાઁ મત બુલાઓ... યે ઠીક...' રાજિયાનું વાક્ય પૂરું થાય એ પહેલાં પાછળથી અભિના એક જ ધક્કે રાજિયો બહાર હડસેલાયો. એ જ ઘડીએ દરવાજો બંધ થઈ ગયો અને રાજિયાએ પાડેલી ચીસ તેના ગળામાંથી નીકળે એ પહેલાં સુમરાએ રાજિયાને અને ચાંદને મોં દાબીને આગળ હડસેલ્યા. ચાંદની વૈભવી ઓડી ક્યૂ-ફાઇવ સ્ટાર્ટ કરીને અભિએ રિવર્સ લીધી એટલે બૅકસીટમાં બેયને હડસેલી વચ્ચે સુમરો ગોઠવાયો. ગેટ પાસે અભિએ કાર્ડ ધર્યું ત્યારે સુમરાના વજનદાર પંજા તળે બેયના શ્વાસ રૂંધાઈ રહ્યા હતા. દરવાજો ખૂલ્યો એટલે અભિએ ક્યૂ-ફાઇવ મારી મૂકી.

પાંચ જ મિનિટમાં પાછલી સીટ પર સુમરાએ કચકચાવીને રાજિયાની મરમ્મત ચાલુ કરી દીધી હતી. જેસીબી મશીનની ખંપાળી જેવા સુમરાના જોરાવર હાથના પાંચ-સાત ઢીકામાં જ બેવડો વળી ગયેલો રાજિયો મહેરઅલીની પિસ્તાળીસ લાખની ક્યૂ-ફાઇવમાં જ ઓકી ગયો હતો. રાજિયાને બરાબર પિછાણતા સુમરાએ પૂછપરછ કરતાં પહેલાં જ તેને બરાબર ધોકાવી નાંખ્યો એટલે પહેલા સવાલમાં જ રાજિયો ઊલટીના ઘળકા સાથે જવાબ પણ ઓકવા લાગ્યો.

'વિરમ બાવાપીરની દરગાહે પહોંચ્યો તેના ત્રીજા દિવસે ઝડપાયો હતો. એ પહેલાં તે બીજે ક્યાંક હતો પણ ક્યાં એ મને ખબર નથી. બાવાપીરની દરગાહે પહોંચીને તેણે મને ફોન કર્યો હતો. એ તેની માને મળવા જવા માંગતો હતો. મહિને પાંચ લાખ રૂપિયાના મારી ક્લબના હપ્તા જતા કરવાની શરતે એ ખબર મેં રાજાવતને આપી દીધી હતી. બસ, આથી વિશેષ મને કશી જ ખબર નથી.'

અભિ અને સુમરાએ પરસ્પરની સામે જોયું. આટલું પૂરતું હતું. ક્લબથી પાંચેક કિલોમીટર દૂર સાંકડી ગલીના વળાંકે ક્યૂ-ફાઇવની પાછલી સીટ પર રાજિયો હાંફી રહ્યો હતો અને ચાંદ મહેરઅલી હાર્ટએટેક આવી જવાના ડરથી જીભ નીચે મૂકવા સોર્બિટ્રેટની સ્ટ્રિપ ફંફોસી રહ્યો હતો.

—ત્યારે પાછળથી આવેલી ફોર્ચ્યુનરમાં સવાર થઈને અભિ તેમજ સુમરા રવાના થઈ ગયા હતા.

*

વાઇબ્રેટરના કર્કશ અવાજથી ગિન્નાયેલા રાજાવતે પહેલાં તો ઓશીકામાં મોં ઘાલીને અવાજને અવગણવાની કોશિશ કરી જોઈ પણ ફોન બંધ થવાનું નામ લેતો ન હતો. મનોમન ગાળ બબડતાં છેવટે તેણે ગાદલા નીચેથી ફોન કાઢ્યો અને ઊંઘરેટી આંખે જોયું. કોઈ અજાણ્યો નંબર હતો. તેણે સમય જોયો. રાત્રે સાડા ત્રણ વાગ્યે કોનો ફોન હોઈ શકે? તેણે રિસીવ કરીને ફોન કાને માંડ્યો.

'સાહેબ, શું કરવા ગરીબ આદમીને પરેશાન કરો છો...' સામા છેડેથી રાજિયો હતો.

'બકવાસ ન કર, તારી કઈ મા મરી ગઈ કે અત્યારે ફોન કરે છે?' રાજાવતે પરાણે ગાળો રોકી, પણ અવાજમાંનો ધુત્કાર તે રોકી શકે તેમ ન હતો.

'મા તો સાહેબ...' સામા છેડે ચંદ સેકન્ડની ચુપકીદી પથરાઈ ગઈ, પણ એ ચુપકીદીમાં રાજાવતને એવું સંભળાતું હતું જાણે એ કહી રહ્યો હોય, 'મા તો સાહેબ અત્યારે તમારી મરી ચૂકી છે...'

'કુલ સાત લાફા અને એટલા જ તોતિંગ મુક્કા ખાધા છે સાહેબ... એક લાફાના એક લાખનો હિસાબ કંઈ વધારે તો ન કહેવાય...'

'શું બકે છે ગધેડા? અડધી રાત્રે પીધા પછી તને હું જ મળ્યો? સવારે તારી ચામડી ઉતરડીને આ નશો ભુલવાડી દઈશ યાદ રાખજે...' પોતે સસ્પેન્ડ થઈ ચૂક્યો છે એ હકીકત રાજાવત ચોવીસ કલાકમાં તો પચાવી શકે તેમ ન હતો એટલે તેનાથી આદતવશ દાટી મરાઈ જ ગઈ.

'સાહેબ, એક ખબર આપવાની છે... તમે જેને શોધો છો એ તો સાવ હાથવગા છે...'

'એટલે??' રાજાવતને હજુ ય હરામીનો ટોન સમજાતો ન હતો.

'એટલે એમ કે, વિરમને ઉઠાવીને નાસેલી એ ટોળકી...' હરામીએ જાણી-જોઈને વાક્ય અધૂરું છોડ્યું. રાજાવતને ટટળાવવાની તેને મજા પડતી હતી.

'હેં???' રાજાવત સફાળો પથારીમાંથી બેઠો થઈ ગયો. 'રાજિયા... રાજિયા... હરામીની ઓલાદ... બોલી નાંખ... જલદી બોલી નાંખ...' રાજિયાના ગળે ઢીંચાયેલા શરાબનો નશો હવે રાજાવતના દિમાગ પર ચડી બેઠો હતો.

'એક લાફાના એક લાખ... પંદર લાફા-મુક્કા ખાધા છે સાહેબ...' હરામીપણાના સ્પેશિયલ કોર્સમાં ગોલ્ડમેડલ મેળવ્યો હોય તેમ રાજિયો ખાધેલા મારની કિંમત પણ વસૂલી જાણતો હતો.

'દીધા... દીધા...' રાજાવત સ્થળ, સમયનું ભાન ભૂલીને ચિલ્લાઈ ઊઠ્યો.

'તો ઊપડી જાવ સાહેબ, એ જ જગ્યાએ જ્યાંથી વિરમને ઉઠાવ્યો હતો... બાવાપીરની દરગાહે...'

'બુદ્ધિના લઠ્ઠ... જો તારી ખબર સાચી પડી તો... એક લાફાના દસ કરોડ અપાવીશ તને... આવી જા મારી જોડે...' રાજાવતે અટ્ટહાસ્ય કરતાં કહી દીધું.

હવે ચોંકી જવાનો વારો રાજિયા હરામીનો હતો. એક ખબર આપવાના દોઢસો કરોડ??? રૂપિયા સૂંઘીને ઇન્દ્રિયોને ઉત્તેજિત રાખતો રાજિયો સ્તબ્ધ થઈ ગયો. આખરે આ મામલો છે શું??

* * *

~

'મેજર અંકલ પાછા જાય એ પહેલાં જ મારે તેમને પૂછી લેવું હતું, પણ કોઈ રીતે એવી અનુકૂળતા જ મળતી ન હતી.' ફોર્ચ્યુનરની સીટ પાછળની તરફ ઝુકાવી ડૅશબોર્ડ પર પગ લાંબા કરી લેટેલી રાવી પાછળની સીટ પર સૂતેલા વિરમના ચહેરા સામે અને પછી બારીની બહાર જોઈને ચૂપ થઈ ગઈ. બહાર ધીમી ધારે વરસાદ પડી રહ્યો હતો. વેગીલી વાછટમાં લથબથાઈને રસ્તા પર બેસી ગયેલું અંધારું ફોર્ચ્યુનરની હેડલાઇટથી ચોંકીને હાંફળા પગે બાવળની ઝાડીમાં ઊતરી જતું હતું. હેડલાઇટની રોશની પડ્યા પછીનો અંધારાનો ઓઝપાયેલો ચહેરો ઓળખવા મથતી હોય તેમ રાવી ક્યાંય સુધી અન્યમનસ્કપણે બારીની બહાર ઝડપભેર પસાર થતા ઝાડીના ઓળાને તાકી રહી.

'પછી? એવી અનુકૂળતા છેવટે તને ક્યારે મળી?' અભિમન્યુને રાવીનું મૌન તીવ્રપણે ખૂંચતું હતું, પરંતુ માંડ તે બોલતી થઈ હતી.

હરામીની મરમ્મત કર્યા પછી તેમણે 250 કિલોમીટર દૂરની બાવાપીરની દરગાહનો રસ્તો આંક્યો હતો. નાકાબંધી પર વિરમને બારીના ટેકે અઢેલીને અભિએ પણ તેની બાજુની સીટ પર લુઢકીને ઊંઘી ગયાનો ડોળ કરી નાંખ્યો હતો. સુમરાએ સ્વસ્થ ચહેરે આખી ગાડી ઉપર-તળે થઈ જવા દીધી હતી. આટલી વારમાં ડો. ઝવેરી કે ફોર્ચ્યુનરના અસલી માલિકો હાથ ન લાગ્યા હોય તેની સુમરાને ખાતરી હતી. રાવીએ મોબાઇલ પર ગેઇમ રમતી હોવાનું નાટક કર્યે રાખ્યું હતું. છેવટે ઉપરછલ્લી ચકાસણી પછી આડશો દૂર કરીને ફોર્ચ્યુનરને આગળ ધપવા દેવાનો સંકેત થયો હતો. દસેક કિલોમીટર પછી તેમણે ફરીથી ગાડી ઊભી રાખી અને સ્પેરવ્હિલની ફ્રેમમાં છુપાવેલાં વેપન્સ પોતપોતાની કમરે ખોસ્યાં. વિરમને ફરીથી વચ્ચેની સીટ પર સુવડાવ્યો અને એમ્બ્યુલન્સમાંથી લઈ લીધેલા ડિજિટલ મીટર વડે તેનું પ્રેશર માપ્યું હતું. તેનું બ્લડપ્રેશર હજુ ય 100-170 જેટલું હતું. તેના મોંમાંથી સતત લાળ પડી રહી હતી. થોડીથોડી વારે તેની અધખુલ્લી આંખોના ડોળા કીકી તળે હર-ફર કરીને પુનઃ સ્તબ્ધતાના દૃશ્ય પર અટકી જતા હતા. ક્યારેક તેની ગરદનની ડાબી તરફની નસ કંપી જતી હતી. એ સાથે તેના મોંમાંથી અસંબદ્ધ અવાજો ફૂટતા હતા. લાળથી ભીંજાયેલા તેના હોઠને સતત લૂછતી જતી રાવી એ અવાજને પારખવા સરવા કાને ઝૂકતી હતી પણ એ અસ્ફુટ સ્વરોમાંથી કશો ય અર્થ પકડાતો ન હતો. છેવટે સુમરાએ અભિને ડ્રાઇવિંગ સોંપીને પરાણે રાવીને આગળની સીટ પર આરામદાયક સ્થિતિમાં બેસાડી હતી અને પોતે ડીપ બૅકસીટમાં ગોઠવાઈને ઝોકે ચડ્યો હતો.

અંધારી રાતે ક્વચિત્ પસાર થતાં વાહનોના હોર્નને બાદ કરતાં લગભગ નિર્જન ભાસતા રસ્તા પર અભિએ ફોર્ચ્યુનર બરાબર ભગાવી હતી. વરસાદ ચાલુ થઈ ગયો હતો. અભિએ વાઇપર ઓન કરીને ફેનનો નોબ અપર સાઇડમાં ઘુમાવ્યો. પંદરેક કિલોમીટર સુધી ચૂપચાપ ડ્રાઇવિંગ કર્યા પછી આખરે તેને ચટપટી ઊપડી હતી. મટિયાવાડમાં રાવીએ તેના બાપ વિશે વાત માંડ્યા પછી ફરીથી એ વાત આગળ ધપાવવાનો મોકો જ મળ્યો ન હતો.

'હાવ ડુ યુ ફિલિંગ નાવ?' સફેદ કોટનના પાટાની જેમતેમ બનાવેલી હાંસડીમાં લટકતાં રાવીના હાથ ભણી ઇશારો કરીને તેણે પૂછ્યું.

'ઇટ્સ ઓકે... રાધર, મને યાદ જ નથી રહ્યું કે મને ય કંઈક વાગ્યું છે...' રાવીએ અછડતું સ્મિત વેરીને જવાબ આપ્યો પણ તેના લંબગોળ ચહેરાને રોશન કરતો અજવાસ એ સ્મિતમાંથી ગાયબ હતો. 'ક્યારેક મને

ય એમ થાય કે, દિવસો સુધી નર્મ, ખુશબોદાર બિછાનામાં પડી રહું. કોઈક માથે હાથ પસવારીને મારી સવાર ઉઘાડે. ક્યારેક એમ થાય કે કોઈક મારી ફિકર કરે... કોઈક મારી રાહ જુએ... કોઈક મને પૂછે, તેં સમયસર ખાધું કે નહિ? શું ખાધું? ક્યારેક કોઈકના એ સવાલથી જ વગર ખાધે ઓડકાર આવી જાય. ક્યારેક કોઈક પૂછે કે ઘરે ક્યારે પહોંચીશ અને પછી એ સવાલથી જ પગમાં જોર ઊપડે. કોઈકની આતુર આંખોની પાંખે બેસીને મન સડસડાટ ઘરે પહોંચી જાય. મારા પગરવને ઓળખીને આંગણું મને ભેટવા દોડે. ક્યારેક એમ થાય કે, દરવાજે કોઈક ઊભું હોય. કોઈક મીઠો છણકો કરે. કોઈક ગાલે ચીમટો ભરે અને પછી બે ય હાથે મને વીંટળાઈ વળે...'

તેણે ઊંડો નિઃશ્વાસ છોડ્યો અને પાછલી સીટ પર હાલકડોલક થતા વિરમના ચહેરાને ચૂપચાપ, ભાવશૂન્ય નજરે જોયા કર્યો. વિરમ એ તેની વાવાઝોડા જેવી જિંદગીના ઘમસાણનો હવે એકમાત્ર વિસામો હતો. ઉન્માદ અને ઉશ્કેરાટના ખરાબામાં ફસાયેલી જિંદગીને બહાર કાઢી શકે તેવો એકમાત્ર રસ્તો હતો.

—અને હવે એ વિરમ પોતે જ સંભવ અને અસંભવના કાંઠા વચ્ચે બેહોશીમાં ફંગોળાઈ રહ્યો હતો. રાવીએ જીભને પરાણે તાળવા સાથે ભીંસીને પ્રયત્નપૂર્વક ડૂમો ગળા હેઠળ રોકી રાખ્યો. અભિ સ્તબ્ધપણે તેને જોઈ રહ્યો. વેગીલા પવનની લપડાક જેવી આ છોકરી આજે વરસાદના ઝરમરતાં ફોરાંની ભીનાશ જેવું બોલી રહી હતી. તેની આંખોમાં હતાશા હતી કે થકાન? ના, બહારથી આગના કટકા જેવી લાગતી આ તોફાની, કાળઝાળ છોકરી અંદરથી તો બસ, છોકરી જ છે. રાવીના સ્ત્રીસહજ માર્દવના અહેસાસથી અભિ હૂંફાળું મરકતો રહ્યો.

પછી અભિએ તેના મિજાજને ક્રમશઃ બદલતા જઈને વાતને છેવટે ત્યાં લાવી દીધી હતી, જ્યાં અગાઉ મટિયાવાડમાં એ અટકી હતી.

'ચમોલી રિયાસત તો ખોબા જેવડી પણ જામવાલોની શાખ ઠાકુર ઘરાણામાં ઘણી ઊંચી. ડેડની ઉત્તરક્રિયા પછી કેટલાય દિવસો સુધી ઘરમાં મહેમાનોની અવરજવર રહી હતી. ડેડના આકસ્મિક અવસાનના આઘાતમાં અટવાયેલી મોમ મોટા ભાગે ચૂપ બેઠી રહેતી અને મારે પણ પરાણે સફેદ ઘૂંઘટા હેઠળ ઢંકાયેલી ઓરતોના જમેલામાં બેસીને ઠાકુરોની મરજાદ પાળવી પડતી. એ મારી પ્રકૃતિને માફક આવે એમ ન હતું પણ ડેડના ન હોવાનો એ તીવ્ર અહેસાસ હતો. બાળપણથી જ હું ઉન્મુક્ત અને શરારતી છોકરી હતી અને ડેડ પણ મને ઠાકુરોની પરંપરા મુજબ ચાર દીવાલ વચ્ચે બાંધી રાખવાને બદલે ખુલ્લી હવામાં આકરી સ્થિતિ વચ્ચે એક મર્દની માફક પલોટતા હતા.'

'ઘોડેસવારી શીખેલી હું ચમોલીની અને કદાચ જામવાલ ઘરાણાની પહેલી છોકરી હોઈશ. ઘોડાની પીઠ પર જીન ગોઠવતા સાઈસને હડસેલીને છાતી પર ફ્રિલવાળુ ચપોચપ શર્ટ અને તંગ બ્રિચિઝ પહેરેલી કોઈ છોકરી ઊભી બજારે ઘોડો તબડાવતી પહાડીઓની સફરે નીકળે એ દૃશ્ય હળાહળ રૂઢિચુસ્ત ચમોલીને સહેજે ય માફક ન આવતું. મારા કઝીન્સ, દૂરના રિશ્તેદારો અને જામવાલ ઘરાણાના ભાયાતો મને તાજુબી, ઈર્ષ્યા અને આઘાતથી જોઈ રહેતા, પણ ડેડે કદી કોઈની પરવા કરી ન હતી. મને ચુનંદા નિશાનબાજોએ બંદૂક શિખવાડી હતી. પંદર વર્ષની ઉંમરે જ હું મારતા ઘોડે સો ફૂટ છેટેથી ઝાડ પર લટકતા સફરજન નાંખવાનો મહાવરો કરતી.

ચમોલીની દક્ષિણે જ્યાં અમારી જાગીર પૂરી થતી ત્યાંથી જ હિમાલયના પહાડો હારબંધ પથરાયેલા હતા. ડેડની સાથે અને પછી તો એકલા પણ હું એ પહાડોનાં કઠિન ચઢાણો પર જતી. વિજયાદશમીએ પહાડીઓ ઓળંગવાની હરીફાઈ યોજાતી. અઢારમા વર્ષે મેં પહેલી વાર 23 જવાનિયાઓને હરાવીને ટ્રોફી જીતી ત્યારે

ગર્વથી ફાટ-ફાટ થતા ડેડે આખા ચમોલીને જશ્ન કરાવી દીધો હતો. ખબર નહિ કેમ, પણ ડેડની આંખોમાં મારા માટે કંઈક અજબ અપેક્ષા હું નિહાળતી. એ અપેક્ષા શું હતી તેની મને જરાક પણ સમજ પડે એ પહેલાં જ આ બધું બની ગયું અને મારા માટે રહી ગયા હતા અઢળક સવાલો.'

દોઢેક કલાકના ડ્રાઇવિંગ પછી અભિએ એક ધાબા પાસે ગાડી થોભાવી હતી. વિરમને કદાચ સેલાઈન ચડાવવો પડે તેમ હતો. ધાબા પાસે ઊતરીને અભિએ ચા પીધી. રાવીએ પણ ક-મને થોડુંક ખાઈ લીધું. એનાલ્જેસિક લેતાં પહેલાં પેટમાં કંઈક નાંખવું જરૂરી હતું. સુમરો જાણે ઘરઆંગણે સૂતો હોય તેમ છેક પાછળની બંને સીટ પર પડછંદ શરીર જેમતેમ ગોઠવીને નસકોરાં બોલાવી રહ્યો હતો. આઠ-દસ ટ્રકડ્રાઇવર ધાબાથી દૂર ખાટલા ઢાળીને ગંજીફો ખેલી રહ્યા હતા. એ સિવાય ધાબા પર ખાસ ચહલપહલ ન હતી. કાઉન્ટર પર બેઠેલા આદમીને કહીને અભિએ એક તપેલામાં થોડું પાણી ગરમ કરાવ્યું હતું અને તેમાં ગમછો ભીંજવ્યો હતો. વિરમના ચહેરા પર, પીઠ અને છાતી પર કાળજીપૂર્વક સ્પોન્જ કરીને રાવીએ તેના માથા તળે કુશનના તકિયા ગોઠવ્યા. તેના ખરબચડાં ગાલ પર, તેના વાળમાં આર્જવપૂર્વક હાથ પસવાર્યો અને પછી એકીટશે તેની સામે જોઈ રહી.

'ભગવાને ખરેખર તો તને છોકરી બનાવવાની જરૂર હતી...!' ટાપટીપ કરવાની વિરમની આદત અંગે મજાક કરતાં એક વાર તેણે કહ્યું હતું. મોંઘા, બ્રાન્ડેડ અને લેટેસ્ટ સ્ટાઇલનાં કપડાંનો શોખીન વિરમ પોતાના દેખાવ અંગે બહુ સભાન રહેતો.

'ઇટ કિપ્સ માય કોન્ફિડન્સ લેવલ અપ, યુ નો!' કપડાંના કલરની પસંદગીમાં ય ભારે ચીવટ રાખતા વિરમનો કાયમી જવાબ હતો. 'ડ્રેસિંગ મેક્સ ધ મૅન...' ફ્લાવર પ્રિન્ટના તેના હાફ સ્લીવ કાર્ગો શર્ટના ઉતરડાઈ ગયેલા લીરાની લટકતી ચીંદરડીઓ જોઈને રાવીએ હળવો નિઃશ્વાસ છોડ્યો. શું થઈ ગયું આ આદમીનું... સમયના અદૃશ્ય હાથે વીંઝાયેલા કોરડાના સોળ ઊઠેલા જોઈને રાવીનું હૈયું ચચરી જતું હતું.

'પછી તેં તારા મનમાં ધૂંધવાતા એ સવાલોનો જવાબ કઈ રીતે મેળવ્યો?' અભિને અદ્દલ એક રિપોર્ટરને છાજે એવી ચટપટી ઊપડતી હતી. ધાબા પરથી નીકળીને મુખ્ય સડક પર વાળ્યા પછી એ ફોર્ચ્યુનરને ટોપ ગિઅરમાં નાંખી ચૂક્યો હતો પણ રાવીની વાતમાં એક પછી એક આવી જતાં સ્પીડબ્રેકર્સ તેને ખૂંચતા હતા.

'તને ખબર છે, મારું નામ રાવી કેમ રાખ્યું?' રાવીના ચહેરા પર ઝબૂકતો ઉત્સાહ જોઈને અભિને રાહત થઈ. 'અમારા ચમોલીના સીમાડાને પખવાળતો રાવી નદીનો ફાંટો પસાર થાય. પહાડીઓના વળાંકો પરથી વળ ખાતા નદીના ધસમસતા, તોફાની પ્રવાહને લીધે ડેડને એ જ નામ જચી ગયું હતું. જેના પરથી મારા હોંશીલા બાપે મારું નામ રાવી રાખ્યું હતું એ જ ધસમસતી રાવી નદીના તટ પર મેં એમના જમણા પગના અંગૂઠે આગ મૂકી હતી.

પરંપરાની ઐસીતૈસી કરીને ડેડને મારા હાથે જ અગ્નિદાહ આપવા મેં જીદ કરી ત્યારે મારા કઝીન્સનાં ભવાં તણાઈ ગયાં હતાં અને ત્યારે મેજર અંકલે જ તેમને જેમતેમ કરીને સમજાવ્યા હતા. બહુ હચમચાવી દેનારી એ ક્ષણ હતી. ના, બાપને અગ્નિદાહ દેવા માટે નહિ પણ બાપના મૃત્યુ સમયે જ તેમની ખરી ઓળખની અવઢવનો એ આઘાત હતો. દીકરી હોવાના કોઈ ભેદભાવ વગર મને લડાયક તાસીરથી ઉછેરનારો મારો બાપ ધુમાડો પહેરીને પહાડીઓની પેલે પાર ઊડી ચૂક્યો હતો અને મારી ભીની આંખોની સામે ઊઠતી ચિતાની જ્વાળાઓમાં લબકારા લેતો હતો એ પ્રશ્નાર્થ... મેજર જામવાલ શહીદ હતા કે ગદ્દાર?

ડેડના મૃત્યુ સાથે જામવાલોની પૈતૃક પ્રોપર્ટી, એસેટ્સની ખટપટ શરૂ થઈ ગઈ હતી. ડેડને સંતાનમાં એકમાત્ર હું

જ હોવાથી મારા કઝીન્સ અમારી જાગીર તેમના હિસ્સામાં આવે એવો આશાવાદ સેવતા હતા. મેજર બિહોલા ન હોત તો શી ખબર, હું કઝીન્સના કાવાદાવા સામે કઈ રીતે ઝઝૂમી હોત. કદાચ એ વખતે મેં ઉશ્કેરાટમાં બધુ જ ફનાફાતિયા ય કરી નાંખ્યું હોત. પણ મેજર અંકલે એ આખો મામલો બહુ સિફતથી સંભાળી લીધો હતો. પ્યારેલાલે પણ ત્રણ પેઢીની જામવાલો પ્રત્યેની ફરજ વફાદારીપૂર્વક બજાવતા એટલે તેમણે બધા જ દસ્તાવેજો અને કાગળોના પોટલા સલામત રીતે મેજર અંકલના કબજામાં મોકલી દીધા હતા.

છેવટે ઉત્તરક્રિયા પૂર્વે પરંપરા મુજબ દસમા દિવસે મેજર પ્રતાપસિંહ જામવાલ પછી ચમોલી ઠાકુર તરીકે મારા કઝીનની તાજપોશી થઈ હતી, પણ જામવાલી હવેલી સહિતની મારા પિતાના કબજાની તમામ પ્રોપર્ટી પર મારો અને મોમનો હક યથાવત્ રહ્યો હતો. રાજા-રજવાડાં ગયાં પછીની એ નરી નાટકબાજીમાં મને કોઈ રસ ન હતો, પણ મેજર અંકલે અમને તબાહ થઈ જતાં બચાવી લીધાં હતાં. એટલે હું પણ આમન્યા તોડીને તેમની પૂછપરછ કરતા ખચકાતી હતી.

આખરે પંદરમા દિવસે મેં પ્યારેલાલને કહ્યું હતું, 'બપોરે ઘોડો તૈયાર રાખજે અને મેજર અંકલને કહેજે, હું તેમને મળવા શિકારગાહ આવું છું.' પ્યારેલાલ ગડમથલભરી નજરે જોઈ રહ્યો, પણ મારા અવાજમાં રહેલા રણકારે તેને વધુ સવાલો પૂછતાં કદાચ રોક્યો હતો.

શિકારગાહ કોઠી પર મેજર અંકલને ઉતારો અપાયો હતો. અમારા નિવાસસ્થાન જામવાલી હવેલીથી પશ્ચિમે ચમોલી ગામથી ચારેક કિલોમીટર દૂર પહાડીઓના ઊતરતા ઢોળાવ પર મારા દાદાએ મજાની કોઠી બંધાવી હતી. દાદાના દોસ્તો, અંગ્રેજ પોલિટિકલ એજન્ટ અને તેમના મળતિયાઓ જામતા શિયાળે વરુના શિકાર માટે અહીં કૅમ્પ નાંખતા. પહાડીના ભૂખરા-બદામી ઓજસમાં ભળી જતી છીણિયા પથ્થરની બાંધણીવાળી ઇમારત સુધીના રસ્તે ઘોડો તબડાવતા મેં સવાલોની ઝડી વિચારી રાખી હતી. હવેલીના ભોંયરામાંથી મળેલા ઇન્ડિયન આર્મીના માર્કાવાળાં વેપન્સ, ગ્રેનેડ્સ, સરહદ પારના કેટલાક ભેદી નકશા, સાંકેતિક નામો અને નંબરો લખેલી એક ડાયરી એ બધું એક પોટલામાં બાંધીને મેં જોડે લીધું હતું. મેજર અંકલને આજે કોઈ રીતે હું ચસકવા ન દઈને જવાબ મેળવવા માટે મક્કમ હતી.'

'કહાં પહોંચે બરખુરદાર?' ફોર્ચ્યુનરની ડીપ બૅકસીટમાંથી આળસ મરડતા સુમરાએ પૂછ્યું એ સાથે હવામાં તાકીને બોલી રહેલી રાવી અટકી હતી અને તેના શબ્દોની આંગળી ઝાલીને મનોમન શિકારગાહની પહાડી ચડી રહેલા અભિમન્યુની તંદ્રા પણ તૂટી હતી. 'કમઓન યાર, તું ઊંઘી જા ને ફરી...' તેણે સખત ચીડ સાથે સુમરાને કહી દીધું હતું, પણ એટલી વારમાં બોટલ મોઢે માંડીને પાણીના મોટા ઘૂંટડા ગળે ઉતાર્યા પછી ચૂપ થઈ ગયેલી રાવી ફરીથી વિરમનો ચહેરો પસવારવામાં લાગી ગઈ હતી. બહાર મોંસૂઝણું થઈ રહ્યું હતું. રાતભર એકધારું, ધીમુંધીમું વરસ્યા પછી ખાલી થયેલા રૂના પોલ જેવાં સ્વચ્છ વાદળો મેઘનું મલિરિયું ઓઢણું હડસેલીને ઉજ્જ્વળ ચહેરે સવાર ઉઘાડવા મથતા હતા. અભિએ મનોમન આવડતી હતી એટલી તમામ ગાળો સુમરાને દઈ દીધી. હવે શી ખબર, ફરી ક્યારે આ છોકરી હૈયું ખોલશે...

રાવીની વાતોમાં મશગૂલ થઈ ગયેલા અભિને ય કેટલો રસ્તો કપાઈ ગયો તેનો અંદાજ રહ્યો ન હતો. તેણે ફોર્ચ્યુનરની નેવિગેશન સિસ્ટમ ચેક કરી. હવે ત્રીસેક કિલોમીટર પછી ડાબા હાથે બાદલપરાના વળાંક પર આગળ વધીએ એટલે બીજા પંદરેક કિલોમીટર પછી બાવાપીરની દરગાહ આવશે. ચાલુ ગાડીએ સુમરાએ બોટલમાંથી પાણી લઈને મોં પર છાલક મારી ચહેરો માંજ્યો. કમર ફરતું જિન્સ તંગ કર્યું અને ગન ચેક કરી. બાવાપીરની દરગાહે કેવો સિનારિયો હશે તેની કલ્પના થઈ શકતી ન હતી. વિરમના આ ઠેકાણાથી એ સહેજે

ય માહિતગાર ન હતો.

'હવે કોઈ ધાબું આવે ત્યાંથી અગરબત્તી અને લોબાન ખરીદવાં પડશે.' શાતિર સુમરાએ ફટાફટ સ્ટ્રેટેજી પ્લાન આઉટ કરવા માંડી હતી. 'રાવી, તું અંદર ગાડીમાં જ બેસજે. અભિ, આપણે બંને અહીંથી પસાર થતા શ્રદ્ધાળુ વાહનચાલકની માફક દરગાહે ધૂપ-દીપ કરવા જતાં હોઈએ એવો ડોળ કરશું.' દરગાહ પર સાહા કે રાજાવતના આદમીઓ હોય તેવો સદાય સતર્ક રહેતા સુમરાને અંદેશો હતો.

બાદલપરાના પાટિયા પાસે એક ધાબા પર તેમણે ગાડી થોભાવી. અગરબત્તીનાં પૅકેટ ખરીદ્યાં અને બાવાપીરની દરગાહ વિશે થોડીક માહિતી પણ મેળવી લીધી. બસ્સો વર્ષ પહેલાં થઈ ગયેલા કોઈ ઓલિયાની એ મજાર અસાધ્ય બીમારીથી લાચાર શ્રદ્ધાળુઓને માથું ટેકવવાના સ્થાનક તરીકે આસપાસના વિસ્તારમાં જાણીતી હતી. અડધા કલાકમાં મુખ્ય સડકથી ફંટાતી પાતળી કેડીના રસ્તે નાનકડી ટેકરી પર ખુલ્લા માંડવા નીચે દરગાહના દીદાર થયા. થોડી વાર સુધી તેમણે ગાડી ત્યાં જ ખડી કરીને નિરીક્ષણ કર્યું. દરગાહની પાછળ ટેકરીના ઢોળાવમાં બાંધેલી ત્રણ-ચાર કોટડીના ચોગાનમાં એક ખાટલો ઢાળેલો હતો અને એક બુઢ્ઢી ઓરત ખાટલાની ઈસને અઢેલીને દાતણ ઘસી રહી હતી. એ સિવાય સર્વત્ર વહેલી સવારના વગડાનો મૂંગો સન્નાટો હતો.

થોડી વારમાં કોટડીનું બારણું હડસેલીને એક આદમી નીકળ્યો. કાબરચીતરી લાંબી દાઢી, અતલસનો લીલોછમ ચળકતો ઝભ્ભો, ગળામાં લાલ-લીલા રંગના મોટા પારાની ત્રણેક તસબી, જાડી ચેક્સની લુંગી અને માથા પર સફેદ પટકો બાંધેલા એ આદમીએ ચીપિયા વડે છાલિયું ઝાલ્યું હતું અને છાલિયામાં ઝગતા દેતવામાંથી લોબાનની મીઠી, માદક ગંધ હવામાં ઘૂમરાતી હતી.

'ચાલ...' સુમરાએ માથા પર રૂમાલ બાંધીને ગાડીનો દરવાજો ખોલતાં નિશ્ચયાત્મક સ્વરે કહ્યું.

અડધા કલાક પછી...

અભિ અને સુમરા કોટડીના આંગણામાં ઢાળેલા એ ખાટલા પર બેસીને મુંજાવરની બીવીએ ધરેલી જર્મન સિલ્વરની રકાબીમાંથી ચાનો સબડકો મારી રહ્યા હતા. એકધારા તસબી ફેરવતા એ ભલા મુંજાવરે અભિ-સુમરાએ દરગાહ પાસે પેટાવેલી અગરબત્તી હાથમાં ઝાલી ઢીંચણિયાભેર બેસીને પાક કુર્રાનની આયાતોનો પાઠ કર્યો. લોબાનનું છાલિયું ઉપાડ્યું અને રસ્તા પર પાર્ક કરેલી ગાડી પાસે ત્રણે ય આવ્યા.

'યા અલ્લાહ... યે ક્યા હો ગયા ઉસે...' વચ્ચેની સીટ પર સુવડાવેલા વિરમના ચહેરા અને માથા પર લોબાનનો ધુમાડો પાથરીને મુંજાવરે ચિંતિત ચહેરે હાથ ફેરવ્યો.

'ઔર તો કુછ મૈં નહીં જાનતા...' દરગાહના ચોગાનમાં પાછા ફરીને મુંજાવરે કહ્યું, 'યે આદમી યહાં આયા થા. તીન-ચાર દિન વહાં હી ઠહરા થા...' મુંજાવરે ડાબા હાથની છેલ્લી કોટડી ભણી હાથ લંબાવ્યો. 'પૂરા દિન દરવાજા બંધ કરકે અંદર પડા રહેતા થા. શામ કો કભી બહાર આતા થા. બહોત કમ બોલતા થા મેરે સાથ. વૈસે તો યહાં બહોત લોગ આતે-જાતે રહેતે હૈ લેકિન યે કુછ ખાસ થા ઇસલિયે મૈંને ઉસકી ખાતિર-બરદાશ્ત કી થી...'

'વો ખાસ ક્યૂં થા, બાબા... આપ તો ઉસે જાનતે તક નહીં થે?' સુમરાએ ભાવસભર અવાજમાં ચિંતિત ચહેરે પૂછ્યું.

'કહા ના, મુજે તો અભિ ભી ઉસકા નામ તક નહિ માલૂમ... ફિર ભી વો ખાસ થા. ક્યૂંકિ...' મુંજાવર

ઘડીભર સુમરાને, અભિને જોઈ રહ્યો. તેણે હળવેથી ગળા નીચે થૂંક ઉતાર્યું. 'ઉસે પુલિસ કે આદમી લે ગયે થે. બાદ મેં પુલિસને મુઝે બહોત પરેશાન કિયા થા. લેકિન અબ નહીં...'

'અરે નહીં બાબા, આપ કો કોઈ પરેશાની અબ નહીં હોગી. ઉસ વક્ત પુલિસ કી કુછ ગલતફહેમી થી. લેકિન અબ વો બેહોશ હૈ. હમ ઔર ઉસકી ઓરત...' સુમરાએ ગાડીની અંદર બેઠેલી રાવી ભણી આંગળી ચીંધી, 'બહોત પરેશાન હૈ બાબા... વો કુછ મહિનોં સે લાપતા થા. યહાં કહાં સે આયા ઇતના આપ કહે દે તો ભી...'

'વો ઇસલિયે હી ખાસ થા ક્યૂંકિ વો જહાં સે આયા થા વો જગહ હમારે લિયે ખાસ હૈ...' મુંજાવરે અચકાતાં સ્વરે કહી દીધું, 'ઝિયાઉદ્દીન સરકાર... મેરે આકા...' દરગાહ ભણી એકીટશે નજર માંડીને તે જોઈ રહ્યો. ગળામાં તસબીની વચ્ચે લટકતું તાવીજ તેણે ચૂમ્યું, 'બાવાપીર કે મુર્શિદ થે ઝિયાઉદ્દીન સરકાર... કોંકણ ઘાટી મેં બરખોલા ગાંવ કે પાસ ઉનકી મજાર હૈ... બહોત હી જાનીમાની જગહ હૈ યે... યે આદમી વહાં સે આયા થા... ઉસકે પાસ સરકાર મુંજાવર કા હમારે લિયે લિખા હુઆ પૈગામ થા...' આટલું કહીને ઘરડો મુંજાવર ઊભો થયો અને કોટડીની અંદર જઈને એક કવર લેતો આવ્યો. 'ઈસી લિફાફે મેં પયગામ થા કિ કુછ દિન હમ ઇસ પયગામ કો લાનેવાલે આદમી કી દેખભાલ કરે.'

અભિ અને સુમરાના ચહેરા પર ભયાનક અવઢવ પથરાઈ ગઈ. મામલો સૂલઝી રહ્યો હતો કે વધારે ગૂંચવાઈ રહ્યો હતો? 'યે બરખોલા ગાંવ કહાં આયા?' અભિએ પૂછ્યું.

'કહા ના, રત્નાગિરિ સે કુછ આગે સાવંતવાડી સે એક સડક ઉસ તરફ જાતી હૈ. વહાં કિસી સે ભી સરકાર મજાર કા રાસ્તા પૂછને સે બતા દેગા. બહોત મશહૂર જગહ હૈ... રોશનબુર્ઝ કે બિલકુલ બગલ મેં...'

'રોશનબુર્ઝ મતબલ???'

'રોશનબુર્ઝ મતબલ...' મુંજાવર ઘડીક ગૂંચવાયો, તેણે હાથ હવામાં ઊંચો કરીને કંઈક આકાર ઘડવા પ્રયાસ કર્યો, 'વો ક્યા કહેતે હૈ... સમંદર કે કિનારે... વો મિનારે જૈસા... હા, દીવાદાંડી... ઝિયાઉદ્દીન સરકાર કી મજાર વહાં દીવાદાંડી કે પાસ હી હૈ... આસાની સે મિલ જાયેગી.'

મુંજાવરે લિફાફાની ગડી વાળતાં કહ્યું.

એ વખતે તેણે અભિ અને સુમરાની ફાટી ગયેલી આંખો અને પહોળા થઈ ગયેલા મોં જોયા હોત તો જરૂર હેબતાઈ ગયો હોત. દોઢ હજાર કિલોમીટર દૂરથી બરખોલાની એ દીવાદાંડી જાણે એ બંનેના ચહેરા પર ઉજાસ રેલાવી રહી હતી.

—છેડો સાંપડ્યાની રાહતનો ઉજાસ...

* * *

~

રાજિયા હરામીના લમણા પર ઉપસેલા ઢીમણાં પર ઊઠતા મૂંઝવણનાં ચકામાં રાજાવત ગમ્મતભેર જોઈ રહ્યો.

'હા, દોઢસો કરોડ... તું બરાબર સમજ્યો છે...' રાજાવતે અફીણનો નશો તો નથી કર્યો ને? હરામીએ સાશંક નજરે તેના સોહામણા ચહેરા સામે ઘડીક તાકીને જોયું અને ફરી નજર ઝુકાવી દીધી.

વિરમને નસાડીને ભાગેલા લોકો બાવાપીરની દરગાહે જઈ રહ્યા છે એવી માહિતીના બદલામાં પોતે પંદર લાખ માંગશે ત્યારે જવાબમાં ઉશ્કેરાયેલા રાજાવતની તોતિંગ ગાળો જ પડવાની છે એવી રાજિયાને ખાતરી હતી, પરંતુ રાજાવતે પંદર લાખને બદલે દોઢસો કરોડ ઓફર કરી દીધા એ પછી રાતભર રાજિયાને પથારીમાં હજારો અનુમાનોનાં શૂળ ભોંકાતાં રહ્યાં હતાં. સુમરાના ગંજાવર મુક્કા ખાઈને સૂજી ગયેલા ચહેરાના અને તમતમતા બરડાના લવકારા વિસરીને તેનું મગજ હવે પંદર લાખ અને દોઢસો કરોડ વચ્ચેનો મીંડાંનો ફરક તારવવામાં મશગૂલ થઈ ગયું હતું.

હરામીના આશ્ચર્ય વચ્ચે સવારે છ વાગ્યામાં જ તેના મોબાઇલના સ્ક્રીન પર રાજાવતનો નંબર ઝળક્યો હતો. 'શું વિચાર્યું તેં?' તેણે ફોન રિસીવ કર્યો કે તરત રાજાવતે પૂછી નાંખ્યું. 'બોલ, પંદર લાખ જોઈએ છે કે દોઢસો કરોડ?'

'મને... હું... મને... હજુ અવઢવ છે, પણ...' હરામીનું ડરપોકપણું તેને અજાણ્યા જોખમમાં કૂદતાં રોકતું હતું અને રૂપિયાની ગંધ માત્રથી ઉત્તેજિત થઈ જતી તેની ઇન્દ્રિયો તેને આગળ ધકેલતી હતી.

સામા છેડે રાજાવત તાડૂક્યો હતો. 'તારી અવઢવની હમણાં કહું... જસ્ટ... સિમ્પલ... પ્લેઇન... યસ ઓર નો...'

રાજાવતે ફેંકેલું સવાલનું ખંજર હરામીના કાન વાટે ભેજા સુધી પેસી ગયું. બાવાપીરની દરગાહે બોલાવતી વખતે વિરમે ય તેને કહ્યું હતું, 'રાજિયા, આખરી વાર આટલી મદદ કરી લે. તારા નિર્ણય માટે પાંચ પેઢી સુધી તારા છોકરા તને યાદ કરશે...'

એ વખતે રાજિયાને ભરોસો પડ્યો ન હતો એટલે વિરમના તેના પરના ભરોસાને ઊભાઊભ રાજાવત પાસે વેચીને તેણે રોકડી કરી લીધી હતી.

હવે રાજાવત એવી જ ઓફર કરી રહ્યો હતો. આખરે આ મામલો છે શું? જિંદગીમાં પહેલી વાર રાજિયાને પોતાની પહોંચના છેડા વામણા લાગ્યા. આટલા મોટા કબાડાની તેને ગંધ સુધ્ધાં નથી આવી. આ ધંધા માટે હવે તે નકામો થઈ રહ્યો હતો કે શું? ચંદ સેકન્ડની ચૂપકીદી પછી તેણે રાજાવતને કહ્યું હતું, 'પણ આપણે પહેલા એક વાર મળીએ...'

રાજાવતે સાંજનો સમય આપ્યો ત્યારે ય તેને તાજુબી થઈ હતી. વિરમની ટોળકી બાવાપીરની દરગાહ તરફ ભાગી છે એવી માહિતી મળ્યા પછી ય આ માણસ કેમ હલતો નથી? એ દિવસે હરામીની સાંજ માંડ પડી હતી.

'હા, દોઢસો કરોડ... તું બરાબર સમજ્યો છે...'

રાજાવતે ટિચર્સ સ્પેશિયલનો મોટો ઘૂંટ ગળા નીચે ઉતારીને કહ્યું ત્યારે હરામી વિસ્ફારિત આંખે તેને તાકી રહ્યો હતો.

'મામલો તું ધારે છે... તું ધારી શકે છે તેનાથી અનેકગણો મોટો છે...' સસ્પેન્ડ થયા પછીની હતાશા ખંખેરીને રાજાવત હવે અસલના મૂડમાં આવી ચૂક્યો હતો. સુરાણા ફાર્મની લીલીછમ હરિયાળી વચ્ચે રેક્લાઇનર ચૅરમાં ઠાઠથી ઝૂલતો રાજાવત સ્ટ્રોબેરી રેડ કલરના ઓપન કોલર શર્ટ અને બ્લૅક કોડ્રોયમાં સોહામણો લાગતો હતો. સામંતશાહી અંદાજ તેના લોહીમાં હતો અને કોઈની પણ તમા ન રાખતો બાર ખાંડીનો દબંગ મિજાજ તેણે બાળપણથી કેળવ્યો હતો. તેનો આત્મવિશ્વાસ બુલંદી પર હોય ત્યારે એ રાજાપાઠમાં આવી જતો કે પછી રાજાપાઠમાં આવે તો જ તેનો આત્મવિશ્વાસ બુલંદ થતો એ તેને પોતાને ય સમજાતું ન હતું, પણ આજે બે ય બાબત તેનામાં એકસામટી થતી રહી હતી.

'કિસ્મતનો કાંટો ફરે છે ત્યારે એલાર્મ નથી વાગતું, રાજિયા...' તેણે બકેટમાંથી આઇસક્યૂબ ઊઠાવીને ગ્લાસમાં નાંખ્યા અને બરફની સફેદી પર ધીરે ધીરે છવાઈ જતી વ્હિસ્કીની કથ્થાઈ ઝાંયને તે ઘડીભર જોઈ રહ્યો, 'પણ એ માટે કેટલાંક સંકેત ઓળખવા પડે' હરામીએ જીહજૂરીની તેની આદતવશ મૂંડી તો હલાવી નાંખી, પણ હરામ છે જો એ કશું ય સમજ્યો હોય તો.

હરામીની સમજની પરવા કર્યા વગર રાજાવતે આગળ ચલાવ્યું, 'તારી જબાન બજારુ ઓરત જેવી છે... જે ઝાઝા રૂપિયા ચૂકવે એ લઈ જાય...' તેણે ઉપહાસભર્યો ઠહાકો માર્યો. જાડી ચામડીનો રાજિયો જો કે આવા દરેક ઉપાલંભની અસરથી પર હતો. ઊજળા બાસ્તા જેવું સફેદ શર્ટ, સફેદ પૅન્ટ, સફેદ ચંપલ, સોનેરી ફ્રેમનાં ચશ્માં અને ગળામાં સોનાના બે-ચાર જાડી ચેઇન એ રાજિયા હરામીની કાયમી ઓળખ હતી. તેનો બાળક જેવો નિર્દોષ ચહેરો એ તેની સૌથી મોટી મૂડી હતી અને એ રાજિયો ય બરાબર જાણતો હતો. અત્યારે ય સૂફી ઓલિયા જેવી આંખો કરીને તે ભોળાભટાક ચહેરે રાજાવતને જોઈ રહ્યો.

'પણ એમ છતાં ય વિરમના પક્ષેથી તને ખેડવવા મેં ભરપૂર કોશિશ કરી અને ત્યારે એકે ય વાર તેં કોઠું ન આપ્યું.'

'એમ નહિ સાહેબજી...' હરામીએ સમજ્યા વગર સફાઈ આપવા માંડી, 'ત્યારે તો સાહેબજી, એવું હતું ને કે...'

'ઓહ કમઓન યાર, એમ નોટ આસ્કિંગ એની એક્સપ્લેનેશન, કમઓન...' રાજાવતે અડધેથી જ તેનું વાક્ય કાપ્યું, 'પણ એમ છતાં ય તેં સામેથી મને વિરમનો પત્તો આપ્યો... ઇટ્સ ઓલ ડેસ્ટિનીઝ માસ્ટર પ્લાન... આઈ બિલિવ ઇટ... ડૂ યુ નો, ઇટ હેપન્સ સમટાઇમ... તમે ધાર્યું જ ન હોય એવી જગ્યાએથી મદદ મળે, તમે વિચાર્યું જ ન હોય એવા લોકો અણધાર્યો રસ્તો સુઝાડી દે, આ બધા સંકેતો તકદીર જાગી રહ્યાના એલાર્મ જેવા હોય છે...' હરામીએ વળી મૂંડી હલાવી અને વ્હિસ્કીનો ઘૂંટ મોંમાં ભરી ઢીંચણ પર ગ્લાસ ટેકવ્યો. રાજાવત જલદી લવારી બંધ કરીને મૂળ વાત પર આવે તેનો હવે તેને ચચરાટ ઊપડતો હતો.

'વિરમનો પત્તો મને તેં આપ્યો ત્યારે તું મારો માણસ ન હતો... વિરમને રાખવા તારું ફાર્મહાઉસ તેં આપ્યું ત્યારે ય મને તારા પર ભરોસો ન હતો... વિરમને ભગાડીને ક્યાં લઈ જવાયો એ બાતમી તું આપી રહ્યો છે એ મને તારી સાથે જોડતી આ મામલાની ત્રીજી ઘટના છે... એન્ડ આઈ બિલિવ ઇન કોઈન્સિડન્સ... અ મિરેક્યૂલસ કોઈન્સિડન્સ...'

'પણ આમાં દોઢસો કરોડ જેવી ઓફર... મારે જરા સમજવું તો પડશે ને?'

'હા, દોઢસો કરોડ... તું બરાબર સમજ્યો છે...'

'તને ગળે નહિ ઊતરે પણ એ હકીકત છે. સાહાના કહેવાથી વિરમ છેલ્લા કેટલાક મહિનાથી હજારો વર્ષ જૂના કોઈ ભેદી ખજાનાની શોધમાં હતો. બસ, એ દરમિયાન જ વિરમ અને સાહા વચ્ચે કશોક અવિશ્વાસ ઊભો થયો.'

'એમ નહિ સાહેબ, પણ આમાં તમારા જેવા કાબેલ ઓફિસરને મારો શું ખપ પડે?' પંપાળીને વાતને પાટા પર ચડાવવામાં રાજિયો માહેર હતો.

'એ ખજાનાનું પગેરું મેં કેટલેક અંશે શોધી કાઢ્યું છે. સમજને કે...' રાજાવત ઘડીક અટક્યો. ક્ષણાર્ધ માટે તેણે કશોક વિચાર કર્યો. રાજિયા જેવા રૂંવેરૂંવેથી હરામી આદમીને બધું કહી શકાય નહિ અને કેટલુંક કહ્યા વગર એ મક્કાર મદદ કરવા તૈયાર ન થાય. છેવટે રાજાવતે વાત માંડી. સાહાએ તેને વિરમને પકડવાનું કામ સોંપ્યું ત્યાંથી માંડીને મટિયાવાડના ઓપરેશન સુધીની બધી જ વિગતો કહી. રાજિયો બીજા ધોરણમાં ભણતાં બાળક જેવી મુગ્ધ આંખે તેને સાંભળતો રહ્યો પણ તેના દિમાગમાં પોતાનું ગણિત ચાલતું જ હતું.

'હવે જ્યાં સઘળો ભેદ હોવાની મને શંકા છે એ જગ્યા આ છે...' રાજાવતે મોબાઇલના સ્ક્રીન પર તેને નકશો બતાવ્યો એ જોઈને રાજિયો થીજી ગયો. વાતમાં દમ તો છે. સાહા પાસે પાવર હતો, પણ વિરમ ન હતો. વિરમને છોડાવી ગયેલી ગેંગ પાસે વિરમ હતો પણ નકામો હતો. રાજાવત પાસે કશું જ ન હતું પણ આ ઠોસ નકશો તો હતો જ. હરામીએ પોતાના કાટલા વડે મનોમન સૌને જોખી નાંખ્યા. રાજાવતનું પલ્લું નમતું હતું. એ કાબો પોલીસ અફસર પૂરતો બદમાશ પણ હતો. સાહા જો આ કેસમાં ભેરવાઈ જાય તો આવતીકાલ રાજાવતની હતી. કરોડો-અબજોની વાતો થતી હોય ત્યારે લાળ ટપકાવતા કાંઠે બેઠા રહેવાનો હરામીનો સ્વભાવ ન હતો.

'ઓકે ડન, સાહેબજી...' શર્ટના બટન જેવી ગોળ, નિર્દોષ આંખોમાં ચમકારો આંજીને તેણે કહી દીધું. 'પણ મારે શું કરવાનું છે એ તમે હજુ કહ્યું નહિ...'

'બહુ બધું એમ્યુનિશન જોઈશે. માણસો ય જોઈશે અને ખાસ તો લોજિસ્ટિક સપોર્ટ...'

'પણ સાહેબજી, તમે એમનો પીછો કેમ ન કરાવ્યો?' છેવટે રાજિયાએ તેની બીજી ચચરાટીય ખુલ્લી કરી નાંખી.

'શું ફરક પડે છે? પીછો કરાવું તો એમને ગંધ આવી જાય અને એ પ્લાન બદલી નાંખે. તેના કરતાં એમને આગળ જવા દઉં અને પછી છેવટ સુધીનું તેમનું પગેરું દબાવું.' રાજાવતે ઉન્માદી સ્મિત વેરતાં કહ્યું, 'અને એ લોકો પણ અંધારામાં જ બાચકાં ભરે છે એ હું...'

'એક જ મિનિટ સાહેબજી...' રાજિયાએ તેના ખિસ્સામાં ઘરઘરાટી કરતાં મોબાઈલનો સ્ક્રીન જોયો અને અડધી સેકન્ડ માટે ચમક્યો. બીજી અડધી સેકન્ડમાં તેણે એ ચમકારો ઓલવી નાંખ્યો અને સહેજ દૂર જઈને ફોન રિસીવ કર્યો. 'હા જી બોલો...'

*

‘સોનપુર છત્રી પાસે આવી જા. એકલો જ અને પ્રાઇવેટ ગાડીમાં.’ સાહાએ એ ટેક્સ્ટ મૅસેજ વાંચ્યો એ જ ક્ષણથી તેને ઉપડેલો કંપવા હજુ ય શમતો ન હતો. આખા રસ્તે તેણે ડ્રાઇવ કરતાં કરતાં પરસેવો લૂછ્યા કર્યો હતો. આખરે નિયતિએ તેની ઘડિયાળમાં એ સમય ગોઠવી જ દીધો, જેને એ હંમેશાં ટાળતો રહ્યો હતો.

‘આઈ એમ કમિંગ…’ એવા સપાટ વાક્ય સાથે તે દિવસે તેણે ચેટ પર પડદો પાડી દીધો એ પછી સાહાએ અનેક વિચારો કરી નાંખ્યા હતા. એ કઈ રીતે આવશે, ક્યાં આવશે, આવીને શું તીર મારી દેશે અને પોતે શું કરશે એ દરેક સવાલોની સામે તેણે વિકલ્પો ચકાસી લીધા હતા, પણ આજે ખરાખરીની એ ઘડી વખતે જમાનાનો ખાધેલ સાહા અંદરથી ધ્રૂસકી રહ્યો હતો. આ માણસ… એણે કંઈકની રાજકીય કારકિર્દી બનાવી હતી અને કંઈકની ખતમ કરી નાંખી હતી. આર્મીથી માંડીને આતંકવાદી જૂથ, દરેક ઠેકાણે એકસરખી તાકાતથી તેનો અદશ્ય પંજો ફેલાયેલો હતો.

—અને એ માણસ હવે તેની સામે આવી રહ્યો હતો.

સોનપુર છત્રી દૂરથી દેખાઈ એટલે તેણે ગાડી તદ્દન ધીરી પાડી દીધી. શહેરના આઉટસ્કર્ટ પર આવેલા એ ચૌરાહા પર આસપાસના ગામડાંઓના રસ્તા ફંટાતા. સરકારી બસ અને ખાનગી પેસેન્જર વાહનોનું એ પિકઅપ પોઇન્ટ હતું. સાહાએ માણસોના જમેલા ભણી નજર નાંખી. ના, આટલા લોકો હોય ત્યાં ગાડીમાંથી ઊતરવું તેના માટે જોખમી હતું. તેણે છત્રીસર્કલ ફરતો એક રાઉન્ડ મારીને આંબલીના એક ઝાડ નીચે ગાડી થંભાવી દીધી એ જ મિનિટે તેના મોબાઇલમાં વળી બીજા કોઈ નંબર પરથી ટૅક્સ્ટ મૅસેજ બ્લિન્ક થયો. ‘વેલડન બોય, સ્ટે ધેર. તારી ગાડીની બાજુમાં બ્લૂ કલરની રેન્જરોવર આવશે. ગાડીનું ઇગ્નિશન ઓન રાખીને એમાં ગોઠવાઈ જા.’ સાહા હજુ મૅસેજ પૂરો વાંચે એટલી વારમાં જાજરમાન રેન્જરોવર તેની ગાડીની પડખે આવી ગઈ. સાહાના કદાવર શરીર સાથે સહેજે ય મેળ ન ખાતી ઈટિઓસનું એન્જિન ચાલુ રાખીને તે બહાર નીકળ્યો એ સાથે રેન્જરોવરનો દરવાજો ખૂલ્યો. ખુલ્લા દરવાજામાં પહેલા પગ માંડવો કે નજર તેની ગડમથલમાં સાહાનું હૈયું ટ્રૅક્ટરના એન્જિન જેવા અવાજો કરી રહ્યું હતું.

—અહીં આવતાં પહેલાં તણાવથી બચવા પ્રોપેનોલોલની બબ્બે ગોળીઓ લીધી હતી તો પણ…

*

એક કલાક પછી…

ઓફિસમાં પ્રવેશતાવેંત સાહાએ સોફા પર પડતું મૂક્યું. પરસેવાથી ગંધાઈ ગયેલો લથબથ નેપ્કિન એક બાજુ ફગાવ્યો અને ટેબલ પર પડેલી પાણીની બોટલનું સીલ ધ્રૂજતા હાથે તોડીને સીધી બોટલ મોઢે માંડી. જાણે ચળીતર જોઈને આવ્યો હોય તેમ તેની આંખોમાં હજુ ય વિસ્ફાર ઝબકતો હતો. ક્યાંય સુધી સીલિંગને તેણે તાક્યા કર્યું પછી સફાળા બેઠા થઈને ટેબલ પર પડેલા કાગળમાં કશાક આંકડા પાડ્યા અને છેવટે ઇન્ટરકોમનું બટન દાબી માઉથપીસમાં સૂચના આપી, ‘અંદર આવ…’

તેનો અંગત સહાયક સેવંતીલાલ અંદર આવીને અદબભેર ઊભો રહ્યો. સાહાએ તેને બેસવા ઇશારો કર્યો. અંગૂઠાથી નેણ ખંજવાળતા દયાલ સાહાને સેવંતીલાલ સ્થિતપ્રજ્ઞ નજરે જોઈ રહ્યો. ચારેબાજુ જાતભાતના કબાડાઓનું કમઠાણ પાથરીને બેઠેલા સાહાને ગમે તેવી કટોકટીભરી પરિસ્થિતિમાં ય ચટ્ટાનની જેમ સ્વસ્થ રહેતાં તેણે જોયો હતો, પણ આજકાલ મામલો કંઈક અલગ જણાતો હતો.

'કેટલીક ગાડીઓ જોઈએ છે…' સાહાએ થોડી સેકન્ડ પછી અસ્ફુટ સ્વરે કહ્યું.

'જી…' દોઢ દાયકાથી સાહાની જોડે રહીને તેના મિજાજને બરાબર અનુરૂપ રહેતાં શીખી ગયેલા સેવંતીલાલે એવો જ અસ્પષ્ટ જવાબ આપી દીધો, જેમાં ન સમજાયાનો પ્રશ્નાર્થ પણ ન હતો અને સમજાઈ ગયાની સંમતિ પણ ન હતી.

સાહાએ ઊંચે જોયું, 'દસેક ગાડીનો બંદોબસ્ત કરવાનો છે, તાત્કાલિક…' તેણે ટેબલ પર કાગળમાં ટપકાવેલી વિગતો ભણી અછડતી નજર ફેંકી. 'ક્યાંય પાર્ટીનું, સરકારનું કે અંગત રીતે મારું કનેક્શન ન આવે એ રીતે… ઓછામાં ઓછા પંદર દિવસ માટે, ડ્રાઇવર વગર… ડિપોઝિટ માટે મારા પર્સનલ એકાઉન્ટમાંથી કૅશ લઈ લેજે…'

'જી…' સેવંતીલાલે નજર ફેરવ્યા વગર નોટપૅડમાં બે જ અક્ષર પાડીને આખી સૂચના ટપકાવી દીધી.

'કોઈ એક જ પાર્ટીને નથી કહેવાનું. એક પાર્ટીની બેથી વધારે ગાડી નહિ જોઈએ…' ઓલ્હ… સેવંતીલાલનો ચહેરો હજુ ય એવો જ સપાટ હતો, પણ તેના મગજમાં સપાટાભેર ટ્રાવેલ્સ પાર્ટીનું લિસ્ટ સ્ક્રોલ થઈ રહ્યું હતું.

'બધી જ ગાડી પ્રાઇવેટ પાસિંગની હોવી જોઈએ. એક કલાકમાં બંદોબસ્ત કરી નાંખ અને કોને કહ્યું છે તેનું લિસ્ટ મને આપ…'

સાહાની ચૅમ્બરમાંથી બહાર નીકળીને સેવંતીલાલે પહેલાં બધી જ શરતો મનમાં આંકી લીધી અને પછી પહેલો ફોન અરોરા બ્રધર્સમાં જોડ્યો અને તેમના અંગત કાફલામાંથી બે ગાડી પાકી કરી. બીજો ફોન સુલેમાનને જોડ્યો અને તેની ય બે ગાડી મંગાવી લીધી. ત્રીજો ફોન રાજિયા હરામીને જોડ્યો.

*

'શું આમ આટલો દૂર જઈને ચટર-પટર કરે છે યાર? તું ય પંખી પાળવા લાગ્યો કે શું?' રાજાવતે હાક મારી એટલે હરામીએ દૂરથી જ હાથનો ઇશારો કરીને તેને રોક્યો.

ફોન મૂક્યા પછી પણ જાણે વાત ચાલુ હોય તેમ તે ઘડીભર ઊભો રહ્યો, પણ તેના મગજમાં વિચારોનું ઘમસાણ મચી રહ્યું હતું. વિરમને લઈને નાસેલી ટોળકી બાવાપીરની દરગાહ ભણી ગઈ છે. રાજાવત પણ કંઈક એવો પ્લાન ઘડી રહ્યો છે અને હવે હોમ મિનિસ્ટરનો પીએ અંગત પાસિંગની, ડ્રાઇવર વગરની ગાડી પંદર દિવસ માટે માંગી રહ્યો છે. બધાનો છેડો એક જ દિશામાં તો નથી ને? અને જો હોય તો પોતે એ દિશામાં કેમ નથી? કૂદવા માટે ડાળીઓની સંખ્યા વધતી જોઈને તેના હરામીપણાને કેફ ચડ્યો.

'ક્યા બાત હૈ સાહેબજી… ક્યા બાત હૈ…' તેણે ચાપલૂસીભર્યા સ્વરે રાજાવતને રીતસર ચરણસ્પર્શ કરી લીધો.

'ઓયે… નાટક ન કર, શું વાત છે?'

'સેવંતીલાલનો ફોન હતો…' રાજિયાએ સોનેરી ફ્રેમનાં ચશ્માનાં કાચ પર ફૂંક મારતાં કહ્યું એ સાથે રાજાવતના કાન સરવા થઈ ગયા. 'બે ગાડી મંગાવી છે તાત્કાલિક…'

'તો??' રાજાવતને હજુ ય એમાં ખાસ ગમ ન પડી.

'ખાનગી પાસિંગની બે ગાડી, પંદર દિવસ માટે, ડ્રાઇવર વગર…'

'ધેટ્સ ઇટ… ધેટ્સ ઇટ…' રાજાવત સફાળો ખુરશીમાંથી ઊભો થઈ ગયો. 'મતલબ કે સાહા ય મેદાનમાં ઊતરે છે… આહ્હ્હ્હા…' તેણે એક જ ઘૂંટડે વ્હિસ્કીનો અડધો ભરેલો ગ્લાસ ખાલી કરી નાંખ્યો. તેની પ્રકૃતિ છંછેડાયેલા સાપ જેવી હતી અને સાહાએ અનેક વાર તેને હડધૂત કર્યો હતો. રાજાવતના અહંકારી મિજાજને એ જરાક પણ ફાવતી વાત ન હતી. તેણે ગુમાનભેર રાજિયાની આંખોમાં નજર માંડી. 'હવે તને સમજાયું કે મેં બાવાપીરની દરગાહ ભણી પીછો કેમ ન કર્યો? કારણ કે હું ઇચ્છું છું કે સાહા ખુદ બહાર નીકળે…'

*

'કારણ કે હું ઇચ્છું છું કે સાહા ખુદ બહાર નીકળે…' સુમરાએ ગાડીની સ્પીડ સહેજપણ ઘટાડ્યા વગર પૂરપાટ ઝડપે તીવ્ર વળાંક લેતાં કહ્યું.

સાંજ સુધી તેમણે બાવાપીરની દરગાહ પર જ મુકામ કર્યો હતો. મુંજાવરની ઓરતે રાવીના ઘાવને સાફ કરીને ફરીથી પાટો બાંધી દીધો એ પછી ટ્રાંક્વિલાઇઝરની અસર હેઠળ તેને ઘેન ચડ્યું હતું. એ ઘડીક સૂઈ જ જવી જોઈએ એમ ધારીને સુમરાએ દરગાહથી ત્રણેક ખેતરવા દૂર અંદરની તરફ સલામત જગ્યાએ ફોર્ચ્યુનર વાળી હતી. આગલી રાતના વરસાદથી ભીંજાયેલી માટીની ખુશબોદાર હવાના વીંજણાએ રાવીનું ઘેન બેવડાવ્યું હતું અને લીમડાના ઝાડ હેઠે ઢાળેલા ખાટલા પર તે ઘસઘસાટ ઊંઘી ગઈ હતી. બીજા ખાટલા પર વિરમને સુવાડ્યો હતો. હજુ ય તેનો સનેપાત જારી હતો. અભિને લાગતું હતું કે એ બબડે છે મતલબ કે ગમે ત્યારે એ હોશમાં જરૂર આવશે. તેને તાત્કાલિક કશીક સારવારની જરૂર હતી. તેણે સુમરાને ય એ વિશે કહ્યું હતું અને જવાબમાં સુમરાએ ફક્ત માથું હલાવ્યું હતું. આટલા સંસર્ગમાં અભિ બરાબર સમજી ગયો હતો, આ માણસ જ્યારે ઓછામાં ઓછું બોલે છે ત્યારે તેઓ આફત વચ્ચેથી નીકળતા રસ્તાની વધુમાં વધુ નજીક હોય છે.

ત્રણેયને દરગાહથી દૂર ખેતર પર મોકલીને સુમરો મુંજાવરની લુંગી પહેરી તેની સાથે દરગાહના ચોકમાં વાતો કરતો બેઠો રહ્યો હતો. અભિએ તેને ઘડીક આરામ કરવા સૂચવ્યું પણ તેણે 'હું અહીં ઠીક છું' એવું કહીને તેને પાછો ધકેલ્યો હતો.

સુમરો આખરે શું કરવા ધારે છે? એ ખરેખર કોઈ રસ્તો વિચારી ચૂક્યો છે કે પછી એ પણ તેમની માફક હવામાં જ તીર તાકે છે?

રાજિયા હરામીને ઢોરમાર માર્યા પછી તેણે ઓડીમાં રેઢો મૂક્યો ત્યારથી અભિને સવાલ થતો હતો પણ વેવાઈના ઘરે મહેમાનગતિ માણવા આવ્યા હોય તેમ બાવાપીરની દરગાહેથી તેમણે સાંજે 'આવજો… આવજો' કહીને વિદાય લીધી ત્યારે અભિથી રહેવાયું નહિ.

'યાર, આમ તો આપણે આપણા માટે વધારે જોખમ ઊભું નથી કરી રહ્યા?'

'એટલે?' સુમરો ચૂપચાપ ગાડી ચલાવતો રહ્યો એટલે રાવીએ પૂછી નાંખ્યું. નમતી બપોરે તેલમાં તરતા રીંગણ, બટાકાના શાકમાં બે રોટલા ચોળીને પેટમાં ઉતાર્યા પછી હજુ ય રાવીના હોઠ પર તીખાશનો તમતમાટ વર્તાતો હતો પણ ભરપૂર ઊંઘ અને ભરપેટ ભોજન પછી તેના ચહેરા પર તાજગી હતી.

'રાજિયાને આપણે છોડી દીધો. તેણે રાજાવતને કહ્યું જ હોય કે આપણે આ દિશામાં આવ્યાં છીએ અને હવે અહીં એ આવશે એટલે આ મુંજાવરનો બચ્ચો ય બધું બોલી જ નાંખશે ને??'

'તો શું તું એમ ધારે છે કે આપણે રાજિયાને, આ મુંજાવર અને તેની બૈરીને એ બધા કબાડાને આપણી જોડે લઈને ફરીએ?' રાવીને અભિની મૂંઝવણ સમજાઈ હતી પણ તેને વધારે ગૂંચવવાની મજા આવતી હતી.

'ડોન્ટ ડોક નોનસેન્સ યાર...' અભિ ખરેખર છેડાયો પણ ખરો. 'મને ભાન પડે છે, પણ આ રીતે પાછળ ક્લૂ મૂકીને હાથે કરીને જોખમ ઊભું કરવાનું કંઈ કારણ ખરું?'

'કારણ કે હું ઇચ્છું છું કે સાહા ખુદ બહાર નીકળે...' શાર્પ અને સ્પીડી ટર્નમાં ફંગોળાયેલી ગાડીને સંતુલિત કરતાં તેણે ઉમેર્યું, 'આપણે બાવાપીરની દરગાહ ભણી ફંટાયા એવું રાજિયો રાજાવતને અને રાજાવત સાહાને કહે એવું હું ઇચ્છું જ છું.'

'બહુ ભાગ્યા યાર... અંધારામાં બહુ તીર માર્યાં... પણ હવે નહિ... હવે બસ, આર યા પાર...' આથમતા સૂરજની લાલી ઝીલતો સુમરાનો કરડો ચહેરો વધારે રૌદ્ર ભાસતો હતો. 'હવે આ રાજાવતની છાતી પર પગ મૂકીને દયાલ સાહાની ફાંદ પર ગન તાકીને જ આગળનો રસ્તો શોધવો પડશે...'

'પણ લાઇટહાઉસનો કે એ નકશાનો ભેદ તો એ ય ક્યાં જાણતા હશે?'

'નહિ જાણતા હોય તો આપણને જાણવામાં મદદ કરશે...' સુમરાએ રિયર વ્યૂ મિરરમાં જોઈને દૃઢતાપૂર્વક જવાબ વાળ્યો. 'ત્યાં એ હોમ મિનિસ્ટર હતો અને હું ફરાર મુજરિમ... પણ કોંકણમાં હું એનો બાપ છું...'

આટલું કહીને સુમરો ચૂપ થઈ ગયો. રાવીએ આંખ ફેરવીને અભિને વધુ સવાલો ન કરવા સૂચવી દીધું. તદ્દન મૂગા સન્નાટા વચ્ચે ફોર્ચ્યુનર હીટમાં આવેલી અરબી ઘોડીની જેમ પૂરપાટ વેગે ભાગતી રહી.

પણ એ સમયે ફોર્ચ્યુનરની ગતિથીય બમણી ઝડપે સુમરાના મગજમાં ગણતરીઓનું વાવાઝોડું ફૂંકાતું હતું અને એ વાવાઝોડાના કેન્દ્રમાં ઊપસતો એક ચહેરો...

સિસ્કો ડેલગાડો.

* * *

~

ધોધમાર વરસાદના બબ્બે આંગળ જાડા ફોરાં ફોર્ચ્યુનરના છાપરા પર તડબડાટી બોલાવી રહ્યાં હતાં. રસ્તાની બે ય બાજુ બાવળના ગીચોગીચ ઝુંડ વરસાદી વાયરામાં આમતેમ ઝૂલીને અંધારામાં બિહામણા ઓળા રચતાં હતાં. વાઇપરના એકધારા 'સપટ્... સપટ્' અવાજ સાથે હડસેલાતા પાણીના રગેડા વચ્ચે દષ્ટિ પરોવીને સુમરો ફોર્ચ્યુનર ભગાવ્યે જતો હતો. રસ્તાની જમણી તરફ દૂર કશોક અજવાસ પારખીને તેણે ગાડી ધીમી પાડી. પાછળથી આવતી કોઈક ગાડીને પસાર થઈ જવા દઈને તેણે હળવો વળાંક લીધો.

ડીઝલપમ્પની ઓફિસમાં સળગતી ટ્યૂબલાઇટ સિવાય આખો ય વિસ્તાર અંધારાથી તરબોળ હતો. સુમરાએ પમ્પ પાસે ગાડી થોભાવીને ઓફિસની દિશામાં ડીપર માર્યું એ સાથે ટેબલ પર પગ લંબાવીને ઝોકે ચડેલા માણસોમાં સળવળાટ થયો. એક જણે મોં પર રૂમાલ ઘસીને ઊંઘ લૂછી, બારણાં પર ટીંગાડેલી છત્રી ખોલી અને એ બહાર આવ્યો. રસ્તા પરથી વહીને પમ્પની ઊબડખાબડ ભોંય તરફ ભરાતા પાણીમાં 'છપ્... છપ્...' અવાજે ચાલતો તે નજીક આવ્યો.

'ડીઝલ ચી ટાંકી ફૂલ કરૂન દે.'

અભિ વિસ્ફારિત આંખે સુમરાને જોઈ રહ્યો. તેનું આશ્ચર્ય પામી ગયેલો સુમરો કશો ફોડ પાડ્યા વગર ફક્ત શરારતભર્યું મરક્યો. પેલા આદમીએ નોઝલ ટાંકીમાં ખોસી અને મીટર ચાલુ કર્યું.

'ભાઈસા'બ, ચિપળુણ ચા રસ્તા કોણચ્યા બાજુ લા આહે?'

'ચિપળુણ??' ટાંકીમાં નોઝલ ખોસેલી રાખીને એ આદમી ડ્રાઇવર સાઇડની બારી પાસે આવ્યો.

સુમરાની જિંદગી અનેક સ્તરોમાં પથરાયેલી હતી. રાભડા ગેંગના ટપોરી તરીકે ગુંડાગીરીનાં પગરણ માંડ્યા પછી બહુ ઝડપથી તેણે શાર્પશૂટર તરીકે નામના મેળવી લીધી હતી. અંડરવર્લ્ડમાં પ્રવેશવું જેટલું આસાન છે એટલું જીવતાં રહેવું આસાન નથી હોતું એ સત્ય સુમરો પામી ચૂક્યો હતો. તેને બહુ ઝડપથી સમજાઈ ગયું હતું કે ગુનાખોરીની દુનિયા એક એવી નદી છે જ્યાં હાથ-પગ સતત હલાવતા જ રહેવું પડે. જે ઘડીએ હાથ-પગ હલાવવાનું બંધ કરો એ જ ઘડીએ ડૂબવાનું નિશ્ચિત હોય છે. ગુનાખોરીમાં ધાક જમાવવા માટે અનિવાર્ય એવી હિંમત અને સાહસ હોવા ઉપરાંત સુમરો પાક્કો ભેજાબાજ પણ હતો.

શાર્પશૂટર તરીકે ગમે ત્યારે પોલીસની કે દુશ્મનોની ગોળી પર પોતાનું નામ લખાઈ જશે તેવું સમજી ચૂકેલા સુમરાએ હથિયારોની હેરાફેરી પર હાથ અજમાવ્યો હતો. આ ધંધામાં કસ વધુ અને જોખમ ઓછું હતું. તીક્ષ્ણ અવલોકન, માણસની સચોટ પરખ અને ટાઢુંબોળ કલેજું આટલી નૈસર્ગિક મૂડીના જોરે સુમરાએ તળ સૌરાષ્ટ્રના ભેરાઈથી માંડીને છેક કોંકણના વેરાન કાંઠાઓ સુધીના દરિયાકિનારે જડબેસલાક નેટવર્ક જમાવી દીધું હતું. પાંચ વરસ પહેલાં દરિયાઈપટ્ટી પર સુમરાનો દબદબો એવો હતો કે કાંઠાવિસ્તારમાં એક પરિન્દુ ય ઊડે કે તરત સુમરાને જાણ થઈ જતી. તેની આ ક્ષમતાએ જ છેવટે વિરમ સાથે તેનો ભેટો કરાવ્યો હતો.

'પ્હેણ હૂન ઉજવ્યા બાજુ લા વળા...' એ માણસે ખભા પર છત્રી ટેકવતાં કહ્યું (આગળ પ્હેણ ગામથી જમણી બાજુ ટર્ન લેજો), 'નંતર વડખેળ યેઈલ (ત્યાં વડખેળ ગામનું પાટિયું આવશે) તિથુન મેઇન રોડ વર જ 225 કિલોમીટર નંતર ચિપળુણ યેઈલ (વડખેળથી સીધા મેઇન રોડ પર જ 225 કિલોમીટરના અંતરે ચિપળુણ આવશે')

'તને મરાઠીય આવડે છે?' સુમરાએ સ્મિતભેર પેલાને રૂપિયા ચૂકવ્યા અને ગાડી મેઈન રોડ તરફ વાળી કે તરત અભિએ પૂછી નાંખ્યું.

'હમ્મ્મ્...' સુમરાએ, જાણે આ સવાલ અપેક્ષિત જ હોય તેમ શરારતી સ્મિત સાથે કહી દીધું, 'તને હજુ મરાઠીની જ ખબર પડી છે...' અભિના પત્રકારજીવને ઝીણી-ઝીણી ખણખોદ કર્યા વગર ચેન નથી પડતું એ સુમરો ક્યારનો સમજી ચૂક્યો હતો.

'મેં પાંચ વરસ આ કાંઠા પર ગાળ્યાં છે.' તેણે જરાક ગરદન ઘુમાવીને પાછળની સીટમાં વિરમનો ચહેરો સાફ કરતી રાવી તરફ નજર ફેરવીને મર્માળુ સ્મિત વેર્યું.

'હા મને ખ્યાલ છે. વિરમના ગોરખધંધામાં તું દરિયાકાંઠાની હેરાફેરી સંભાળતો હતો...' જ્યારે સામેની વ્યક્તિને બોલતી કરવી હોય ત્યારે તદ્દન ખોટી અટકળ પણ બોલી નાંખવી. વિરોધ કરવા માટે પણ એ વ્યક્તિ કંઈક તો કહી જ દેશે. રિપોર્ટિંગની આ મૂળભૂત કળા અભિના લોહીમાં વણાઈ ગઈ હતી.

'ના, દરિયાકાંઠા પર મારું મજબૂત નેટવર્ક હતું માટે વિરમે મને સાધ્યો હતો.' ભાગ્યે જ કશું બોલતાં સુમરાને ય જાણે આજે કશુંક કહેવું હતું. 'રાભડા ગેંગના ટપોરી તરીકે હું નાનાં-મોટાં કામ કરતો હતો. એ જમાનો બહુ જુદો હતો. આજે મને લાગે છે કે, એ વખતે અમારા ભાઈલોગ સાચે જ બહુ સરળ હતા.'

અભિએ પ્રશ્નસૂચક નજરે તેની સામે જોયું અને પછી ખડખડાટ હસી પડ્યો, 'હાર્ડકોર ક્રિમિનલ અને સરળ??' તેણે ફરીથી ઠહાકો માર્યો, 'માય ડિયર, મરાઠી બોલવામાં તું ગુજરાતી ભૂલી રહ્યો છે. ગુજરાતીમાં સરળ એટલે સીધા-સાદા એવો અર્થ થાય છે. એ શબ્દ ગુંડા માટે નથી વપરાતો.' અભિએ તો હળવી મજાકમાં કહી દીધું પણ સુમરાને જાણે હાડોહાડ લાગી આવ્યું.

'કેમ, અમે ક્રિમિનલ્સ સીધા-સાદા ન હોઈ શકીએ? સાલાઓ, તમે એવું સમજો છો કે અમે ગુંડાઓ છીએ એટલે માત્ર અમે બદમાશ જ હોઈએ? અમે આખરે છીએ શું? અમે ભાઈલોગ પોતાને ડોન સમજીએ છીએ, પણ ખરેખર તો અમે બધા આખરે, જેને તમે સીધા-સાદા અને સરળ સમજો છો એ પોલીસ, પોલિટિશિયન અને હાઈ પ્રોફાઇલ બિઝનેસમૅનના પ્યાદાં જ ને? વહાં દારૂ કા કાઉન્ટર ચાલુ કરો, ફિલહાલ યે ક્લબ બંદ કર દો, મીડિયા મેં બબાલ મચ રહી હૈ, ઉસ જમીન ખાલી કરવાઓ, ઉસકી રેલી મેં આદમી ભેજો ઔર ફલાને કી રેલી મેં પથ્થર ફેંકવાઓ... અમને એવો ભ્રમ રહે કે અમે આ બધું કરીએ છીએ, પણ એ અમારો વહેમ જ હોય અને એ વહેમમાં અમે કદી જ આંખો ન ખોલીએ એ માટે અમને ડોન હોવાના કેફમાં ચકચૂર પણ રખાય...' રસ્તા પરથી નજર હઠાવ્યા વગર બોલી રહેલો સુમરો ફોર્ચ્યુનરની હેડલાઇટના ઉજાસમાં જાણે આજે પોતાની જિંદગીનાં અંધારાં ઉલેચી રહ્યો હતો.

'એ કોઈ મારા દુશ્મન ન હતા. એ કોઈને હું ઓળખતો ય ન હતો અને તેમ છતાં મેં કોઈકના ઓર્ડરથી કંઈકને ટપકાવી દીધા છે.' ડોકુ ધુણાવતો સુમરો જાણે સ્વગત બોલી રહ્યો હતો. 'તું તો બહુ જાણીતો પત્રકાર છે ને? તો મને સમજાવ...' સુમરાના દબાયેલા અવાજમાં ઉશ્કેરાટ વધતો જતો હતો. 'જો અમે ગુંડા છીએ, ક્રિમિનલ છીએ, અમે સમાજનું કલંક છીએ, અમે તમારી સભ્ય સમાજની વ્યાખ્યા મુજબ સીધા-સાદા કે સરળ નથી તો મને સમજાવ કે અમે શા માટે છીએ?? જો અમે છીએ જ તો પછી આ પોલીસ શું કરે છે? પોલીસ જો અમને છાવરે છે તો આ સરકાર શું કરે છે? સરકારના ઇશારે જ પોલીસ અમને થાબડભાણાં કરે છે તો પછી સાલા તમે મીડિયાવાળા શું કરો છો?'

એકશ્વાસે ઊંચા અવાજે બોલી ગયા પછી તેણે ગરદન ધુણાવી. તેના હાવભાવમાં હળાહળ તિરસ્કાર વર્તાતો હતો. 'તને સાંભળવું નહિ ગમે દોસ્ત...' તેણે અભિની સામે વેધક નજરે જોયું, 'શું આ સરકાર, શું આ પોલીસ, શું આ તારો અપાહિજ કાનૂન અને શું તું પોતે... બરાબર સમજી લે, જો અમે સરળ ન હોઈ શકીએ તો તમે કોઈ સીધા નથી. જો અમે ગુંડા છીએ તો તમે કોઈ સંત નથી. તું લોકશાહી અને કાનૂનની વાત કરે છે ને... લેકિન મૈંને તો યાર સબકો એક હી હમામ મેં એકસાથ દેખા હૈ.' સુમરાએ થૂંક ગળા નીચે ઉતાર્યું અને પછી વાક્ય પૂરું કર્યું, '...ઔર વો ભી બિલકુલ નંગા' એક-એક શબ્દ છૂટા પાડીને બોલાયેલા એ વાક્યમાં ધગતી ઝાળનો દઝારો અભિના મૌનને સ્પર્શી રહ્યો હતો.

પાછલી સીટ પર અધૂકડી બેઠીને તલ્લીનપણે સાંભળી રહેલી રાવી મરકી રહી હતી. બહાર વરસાદ વરસી રહ્યો હતો અને અંદર સુમરાનો આક્રોશ.

*

અડધા કલાક પછી પ્હેણ ગામના પાટિયે ફોર્ચ્યુનર ઊભી રાખીને અભિએ ડ્રાઇવિંગ સંભાળ્યું અને રાવી તેની બાજુમાં ગોઠવાઈ. આકરા શબ્દોમાં ઉકળાટ ઠાલવીને હળવા થયેલા સુમરાએ ડીપ બૅકસીટ પર લંબાવ્યું. હવે વડખળના રસ્તે ત્રણેક કલાક પછી ચિપળુણ આવવાનું હતું અને ત્યાં સુધી કોઈ ફિકર ન હતી.

'આજે તો સુમરા સરકાર કંઈક અલગ મૂડમાં હતા...' અભિએ રાવીની સામે અછડતું જોઈને સ્મિતભેર કહ્યું.

'સુમરાને આટલો સેન્ટિ થતાં મેં પહેલી વાર જોયો. સાલા, તને તો પોલીસના ઇન્ટ્રોગેશન ડિપાર્ટમેન્ટનો ચીફ બનાવવો જોઈએ. તું પથ્થરને ય ભડકાવીને બોલતા કરી દે છે એ મેં આજે જોઈ લીધું.' રાવીના અવાજમાં પોતાના માટે તારીફ હતી કે સુમરા માટે સહાનુભૂતિ એ અભિ નક્કી ન કરી શક્યો.

'જો એવું જ હોય તો લેટ મી સે, યુ આર હાર્ડર ધેન સ્ટોન...'

'વોટ ડુ યુ મીન??'

'જોને, હજુ ય તારી વાત ક્યાં તું પૂરી કરે જ છે?'

રાવી ખડખડાટ હસી પડી. 'સાલા, તને તો ધરવ જ નથી. સુમરો થાકીને સૂઈ ગયો એટલે હવે મારો દાવ લેવાનો? તું પેદા થયો ત્યારે તારી માએ તને પહેલું ચિત્ર ક્વેશ્ચન માર્કનું જ બતાવ્યું હતું કે શું??'

—અને એમ ફરીથી રાવી વાતે ચડી હતી.

*

'હું શિકારગાહ કોઠી પર પહોંચી ત્યારે નમતી બપોરના આછા તડકામાં મેજર અંકલ વરંડામાં ખુરશી ઢાળીને કશુંક લખી રહ્યા હતા. દરવાજા પાસે ઘોડો રોકીને હું છલાંગભેર નીચે ઊતરી. ચારવાહ ઘોડાની લગામ હાથમાં લે એ પહેલાં જ હું વરંડાની દિશામાં આગળ વધી ગઈ હતી. મેજર અંકલ ટેબલ પર કશોક નકશો પાથરીને કશુંક માર્કિંગ કરી રહ્યા હતા. મને જોઈને તેમણે સ્મિત કર્યું, પરંતુ હું છેક અહીં મળવા આવી તેનાથી થયેલું અચરજ તેમની આંખોમાં વંચાતું હતું.

'વેલકમ બેબી, તેં કહ્યું હોત તો હું અત્યારે હવેલી પર આવી જાત ને...' તેમણે નકશાનો વીંટો વાળતાં કહ્યું.

'થેંક્સ બટ...' મારે ક્યાંથી વાત શરૂ કરવી તેની મને ગતાગમ પડતી ન હતી. મારે ઇન્ડિયન આર્મીના કાબેલ મેજર અને મારા ડેડના ખાસ દોસ્તની ઊલટતપાસ લેવાની હતી અને એ મારા માટે આસાન ન હતું.

'કમઓન બેબી, એની પ્રોબ્લેમ? એની ઈશ્યૂ ફ્રોમ યોર કઝીન્સ?'

'યાહ, ઇટ ઇઝ. બટ ઇટ્સ ફ્રોમ માય ડેડ એન્ડ યુ...' મેં છેવટે શ્વાસભેર કહી જ દીધું અને ફટાફટ પોટલું ખોલીને તેમાં મૂકેલી ગન્સ, ગ્રેનેડ્સ ટિપોઈ પર મૂકી દીધા. હવે મારે કંઈ વધારે બોલવાની જરૂર ન હતી અને સાચું કહું તો, વધુ કંઈ બોલવાની મારી હિંમત પણ ન હતી. મારા ડેડ ગદ્દાર હશે તો? કદાચ, એ આઘાત જીરવવા માટે હું તૈયાર ન હતી.

ટેબલ પર પાથરેલી ચીજો જોઈને એમના ચહેરા પરની એકે ય રેખા ન બદલાઈ. મને હતું કે એ જોઈને એ છળી ઊઠશે, ઉશ્કેરાઈ જશે, મને ડાંટવા લાગશે. તેને બદલે તેમણે ટેબલ પરથી ગન ઉઠાવી. હાથમાં લીધી. હથેળીની ધાર પર ગનનો કુંદો ઠપકાર્યો અને ડાબા હાથે ગન તાકીને એક આંખ ઝીણી કરી હવામાં ટાર્ગેટ લીધું.

'બૅરેટા... 96... હાઈલી એક્યુરેટેડ... તેં નોટિસ કર્યું, તેનો ટ્રિગર ફ્લેટ એન્ડ સ્લાઇટલી એન્ગલ્ડ છે...' મેજર જાણે એમ્યુનિશન એન્ડ આર્ટિલરીનો રિપોર્ટ લખતા હોય તેમ સ્વગત બોલતા રહ્યા. 'એક્સપર્ટ્સ સે, ઇટ્સ લેફ્ટીઝ ફર્સ્ટ ચોઇસ...' તેમણે મારી સામે જોઈને સ્મિત કર્યું અને ગન નીચે મૂકી.

હવે શું કહેવું તેની વિમાસણમાં મારા ગાલ સુધ્ધાં ફરકતા હતા. એ માણસ તદ્દન સહજ હતો અને હું એટલી નર્વસ હતી જાણે હું જ હથિયારોની ચોરી કરતાં પકડાઈ હોઉં. 'આ બધું હવેલીના બેઝમૅન્ટમાં હતું... આઈ મીન, હજુ ય છે.'

'યાહ, એન્ડ ધેર આર મેની મોર...' તેમણે ગ્રેનેડની સેફ્ટી ક્લિપના લોક પર નખ ભીંસતાં કહ્યું. 'ધેર આર સમ મશીનગન્સ, સમ ક્લાશ્નિકોવ્ઝ, સો મચ એમ્યુનિશન્સ...' તેમણે ગાર્ડન ચૅર મારી સહેજ વધુ નજીક ખસેડી, 'એન્ડ લે'મી સે, તારી હવેલીના બેઝમૅન્ટ ઉપરાંત રોહતકના મારા ઘરમાં પણ છે, સાહિબગંજમાં કૅમ્પ કમાન્ડર કોમલ જાડેજાના ફાર્મમાં પણ છે, કોઝિકોડેમાં ફર્સ્ટ ઓફિસર રજત ચોપ્રા, ધોલપુરમાં કૅપ્ટન મિશ્રા, ગુવહાતીમાં રોશન અરોરા... વોન્ટ ટૂ નો ધ એન્ટાયર લિસ્ટ?' મેજર બિહોલા ચહેરાની એક રેખા બદલ્યા વગર બોલી રહ્યા હતા અને મારી આંખો ઝપકવાનું સુધ્ધાં ભૂલી ગઈ હતી.

'બટ એઝ આઈ નો, આ તો ગદ્દારી કહેવાય...' મેં આખરે બોલી નાંખ્યું.

'કોની સાથેની ગદ્દારી કહેવાય, મને સમજાવીશ?' મને હતું કે મારા સવાલથી તે ઉશ્કેરાશે પણ તેમણે એટલી જ સ્વસ્થતાથી સ્મિતભેર પૂછી નાંખ્યું.

'અફકોર્સ વિથ અવર નેશન...'

'ટેલ મી, વ્હિચ નેશન??'

'નેશન મીન્સ...' હું જરા અચકાઈ ગઈ. 'નેશન મીન્સ ઇન્ડિયા...'

'વ્હિચ ઇન્ડિયા? એ દેશ, જેની લાખો હેક્ટર જમીન ચીન ખાઈ રહ્યું છે અને તાયફો જોતું દિલ્હી તાબોટા પાડી રહ્યું છે? એ દેશ, જેનું સ્વર્ગ જેવું કાશ્મીર આખું પાકિસ્તાનના પિઠ્ઠુઓ લૂંટી રહ્યા છે? એ દેશ, જે

દુશ્મનની હિરાસતમાં રહેતાં પોતાના જ સૈનિકોને વિસારે પાડી દે છે? એ દેશ, જેના સત્તાધારીઓ લોકશાહીના નામે રોજ આપણા કૂલે ચીમટો ભરી જાય છે અને ગાલ પર લાફો મારે છે?' તેમનો અવાજ ધીમો હતો, આંખોમાંથી આગ વરસતી હતી અને અવાજમાં સંમોહન હતું. તેમને સાંભળું કે તેમને જોઉં, મને સમજ પડતી ન હતી.

'જાણે છે તારું ગોત્ર શું છે?' અચાનક તેમના આવા સવાલથી હું અવઢવભર્યા બાઘા ચહેરે તેમને જોતી રહી. 'તું કાશ્યપ છે. એ રાજર્ષિ કશ્યપ, જેણે છેક આજના તુર્કી અને કઝાખસ્તાન વળોટીને યુરોપના સીમાડા સુધી બાથ ભીડી હતી. એ આખો સમુદ્ર તેમના નામે કાશ્યપાયન તરીકે ઓળખાય છે...' ઓહ માય ગોડ, આ હું શું સાંભળી રહી હતી? કાસ્પિયન સમુદ્રનું આવું કનેક્શન? મને હસવું ય આવતું હતું અને તાજુબીય થતી હતી.

'બિલિવ ઇટ ઓર નોટ, બટ ડોન્ટ લાફ ઓન અવર બિલિફ' પહેલી વાર એમના ચહેરાને મેં કરડો થતો જોયો. 'આ દેશ આપણે ઊભો કર્યો છે... તારા અને મારા પરદાદાઓનાં લીલાંછમ માથાં વઢાયાં ત્યારે આ દેશની સીમાઓ વિસ્તરી હતી. હજારો વર્ષથી આપણે લોહી સિંચીને આ ધરતી ઉછેરી હતી. એ ધરતી, એ દેશ જે ખૈબરની પહાડીઓની ક્યાંય પેલે પાર તુર્કી સુધી અને પૂર્વમાં છેક બર્મા, થાઈલૅન્ડ અને મલેશિયા સુધી ફેલાયેલો હતો. શું બચ્યું છે આજે?? અમે સરહદ પર ભમીએ છીએ એટલે અમને ખબર છે કે રોજરોજ સંકોચાતા સીમાડા આજે ક્યાં પહોંચ્યા છે. દેશને કાજે ખૂન વહાવવાની પેઢીઓની વિરાસત છે એટલે ખબર છે કે સીમાડા સર્જવા માટે કેટલો ભોગ આપવો પડે છે અને ફૌજી છીએ એટલે એ પીડા સહન નથી થતી.'

હું દિગ્મૂઢપણે તેમને જોતી રહી અને તે ઝાટકા સાથે ખુરશીમાંથી ઊભા થઈ ગયા, 'હાટડી માંડી છે દિલ્હીમાં બેઠેલાઓએ અને લોકશાહીના નામે આપણી માને વેચી રહ્યા છે સાલાઓ...' તેમના અવાજમાં કંપ, ચહેરા પર રૌદ્રતા અને આંખોની ભીનાશમાં આક્રોશ તગતગતો હતો. 'મારા દેશને જે વેચી ખાય છે, મારી ધરતીની જે આબરુ લૂંટે છે, મારા પ્રતાપી પૂર્વજોનાં બલિદાનોને જે ગંધાતી ગટરમાં વહાવી દે છે એવું કોઈપણ શાસન, કોઈપણ માણસ, કોઈ પણ બંધારણ કે કોઈ પણ કાનૂન મને મંજૂર નથી... હરગિઝ મંજૂર નથી'

તેમણે ઊંડો શ્વાસ લીધો. ટેબલ પર પડેલો જગ સીધો જ મોઢે માંડીને 'ઘટક્...ઘટક્' અવાજ સાથે પાણી પીધું. તેમનો મજબૂત, કદાવર બાંધો અને લાલઘૂમ મર્દાના ચહેરો હું તાજુબીથી જોઈ રહી. 'તું શું માને છે, આ હથિયારો આ બારૂદ તારા ઘરમાંથી મળે એટલા માત્રથી શૂરવીર મેજર પ્રતાપસિંહ જામવાલ દેશદ્રોહી થઈ ગયો? તારો સગો બાપ ગદ્દાર ગણાઈ ગયો? તું શું સમજે છે અમને? અમે આર્મીનાં શસ્ત્રો વેચી ખાતા બે બદામના હરામજાદાઓ છીએ?'

'હા, અમે એ શસ્ત્રો આર્મી ડેપોમાંથી જ ઉપાડ્યાં છે અને યાદ રાખ, આ શસ્ત્રો અમે એ દરેક સામે બેહિચક ઉઠાવતા રહીએ છીએ જે આ દેશને વેચી ખાય છે. વી આર નોટ બ્લડી ટ્રેઇટર. નાઇધર મી, નોર જામવાલ... તું જામવાલની બેટી છે. તારી રગોમાં દોડતા ખૂનમાં પેઢીઓની શહાદતનો ઇતિહાસ ભર્યો છે એટલે તને સફાઈ આપું છું. બાકી, બીજું કોઈ આ ગન લાવીને મારી સામે સવાલિયા નજરે જુએ તેની બીજી જ ક્ષણે આ જ ગન તેના ભેજામાં ઠાલવી દઉં...' તેમણે મારા લમણે ગન તાકીને કહ્યું ત્યારે તેમની આંખોમાં પાશવી ઉગ્રતા જોઈને હું છળી ઊઠી હતી.

'જાણે છે તારા ખાનદાનનો, જામવાલ ઠાકુરોનો મુદ્રાલેખ શું છે?' હું જવાબ આપું એ પહેલાં જ બે હાથ પહોળા કરીને તેમણે ગૌરવશાળી અંદાજમાં કહ્યું, 'મા સૈવ્યમ્ પરાજિત... કદી જ હું પરાજિતોનો, કાયરોનો સંગ નહિ કરું... તારા બાપે એ મુદ્રાલેખ પાળ્યો છે. એ બહાદુર યોદ્ધો હતો. જન્મજાત લડવૈયો હતો. ખૂનની

ગરમી અને વિચારોની તીક્ષ્ણતાનો એ માણસ, એ પ્રતાપસિંહ જામવાલ... બિલિવ મી બેટા, આ સોના જેવી ધરતીના ગૌરવ કાજે ખપી ગયેલો શહીદ છે.' તેમણે મારા ખભે હાથ મૂક્યો. તેમની આંખોની નર્મ ભીનાશ નીચલી પાંપણ પર બુંદ બનીને લટકી રહી હતી.

—પણ ત્યારે આટલા દિવસથી મારા દિમાગમાં અટવાતા સવાલોનો દાવાનળ મારી આંખમાંથી દરિયો બનીને વહી રહ્યો હતો.

ક્યાંય સુધી હું તેમને વળગીને રડતી રહી, કદાચ ડેડના મૃત્યુ પછી પહેલી જ વાર. ક્યાંય સુધી અમારી વચ્ચે છવાયેલું મૌન મારા મનમાં ગૂંચવાયેલા સવાલોને ઉકેલતું રહ્યું. ધીમે ધીમે પહાડીઓનો ઢોળાવ ઊતરતી સાંજ શિકારગાહ કોઠીના આંગણામાં પ્રવેશી રહી હતી. સર્દ હવામાં વહેતી ભીનાશ મારા વાળમાં ઘૂમરાતી હતી. તદ્દન શૂન્યમનસ્ક બેઠા રહ્યા પછી મેં આકાશમાં જોયું.

રાવી નદીના તટ પર ધુમાડો પહેરીને હવામાં ઊડી ગયેલો મારો બાપ જાણે મારા માથે વહાલભર્યો હાથ પસવારતો હતો.

મેં ટેબલ પર પડેલી બૅરેટા ગન ઉઠાવી અને મેજર અંકલની સામે જોયું.

તેમણે અર્થસભર સ્મિત વેર્યું, 'હા, મને જામવાલે કહ્યું હતું... યુ આર લેફ્ટી.'

* * *

~

'સૈયાં બૈયાં છોડ ના... કચ્ચી કલિયાં તોડ ના...'

હોન્ડા સીઆરવીની આલીશાન પાછલી સીટમાં આડો પડીને એલસીડી પર મૂવી જોઈ રહેલો રાજાવત ઘોઘરા સાદે બેસૂરા અવાજે લલકારી રહ્યો હતો. 'આ લડકી શું નાચતી હતી, યાર...' ગીતના તાલે મૂંડી હલાવતો રાજાવત બોલ્યે જતો હતો, 'યુ વોન્ટ બિલિવ, રાજકમલમાં મેં આ મૂવી સળંગ એક મહિના સુધી દરરોજ જોયું હતું. હોસ્ટેલની દીવાલ કૂદીને અમે થિયેટરમાં પહોંચી જતા ને પછી આખી રાત સપનામાં માધુરીને ભીંસી રાખતા...' રિયર વ્યૂ મિરરમાંથી તેને તાકી રહેલા હરામીની સામે આંખ મીંચકારીને તેણે કહ્યું, 'સાલી માધુરીને હી કમ ઉમ્ર મેં જવાન કર કે સબ આદતેં ખરાબ કર દી... આજે પણ રાત પડે કોઈક તો જોઈએ જ છે!' તેણે શરીર વાંકુંચૂકું કરીને આળસ મરડી અને ગંદા અવાજે ઠહાકો માર્યો.

નીકળ્યા ત્યારથી રાજાવત જાણે પિકનિક પર જતો હોય તેમ ખુશમિજાજ હતો.

સેવંતીલાલે ગાડી મંગાવી એ જાણ્યા પછી રાજાવત સિકંદર સાનીના પાઠમાં આવી ગયો હતો. બહુ ઝીણવટપૂર્વક તેણે રાજિયા હરામીને લિસ્ટ લખાવડાવ્યું અને પછી બંગલાનું આઉટહાઉસ ખોલ્યું ત્યારે તો રાજિયાને ય પોતાનું હરામીપણું લાજતું હોવાનો અહેસાસ થઈ આવ્યો. થ્રી સ્ટાર આઈપીએસ ઓફિસર તરીકે રાજાવતે રૂપિયા તો મબલક બનાવ્યા જ હોય, તેમાં રાજિયાને જરાય શંકા ન હતી, પરંતુ અહીં તો એકે-56 જેવી રાઇફલ, હાઈપાવર્ડ ટેલિસ્કોપિક એટેચમેન્ટ, ઈલેક્ટ્રોનિક્સ સર્કિટ જડેલા જાતભાતના ઇન્ટેલિજન્સ ટ્રાન્સમીટર્સ અને ખોખા ભરીને કારટ્રિજના હારડા જોઈને રાજિયો રીતસર હેબતાઈ ગયો.

'પોલીસ રેડ પાડે ત્યારે બધું નથી પકડાઈ જતું...' હરામીના ચહેરા પર પથરાયેલું અચરજ પારખીને તેણે શેખી મારી લીધી, 'જે નથી પકડાતું એ પોલીસ ઓફિસરના ઘરમાં પહોંચી જાય છે... પછી સંઘરવામાં તો જેવો જેનો શોખ...' તેણે ત્રણ-ચાર ખોખાં ઉથલાવીને કેટલીક ચીજો, વેપન્સ અલગ તારવ્યાં. હાઈરેન્જ ઓટોમેટિક ગનનો નોબ ખેંચીને તેણે બે-ત્રણ વખત મૅગેઝિન અંદર-બહાર કરીને ચકાસણી કરી લીધી. પસંદ કરેલી ગન્સના ગેજ મુજબ કારતૂસના હારડા તેણે અલગ અલગ મૅગેઝિન્સમાં ઠાંસ્યા. ટેલિસ્કોપના એટેચમેન્ટ પણ ચકાસી લીધા.

'આ તારી પાસે રાખ...' તેણે કેટલીક નાનકડી ચીજો રાજિયાના હાથમાં થમાવી. 'સેવંતીલાલને જે ગાડી મોકલે તેમાં ડીકીના અંદરના પડખે આ ચિપકાવી દેજે.'

'પણ આ શું છે?' હરામીને રાજાવતના બદલાયેલા તેવર સમજાતા ન હતા.

'ટ્રાન્સમીટર છે... જર્મન મેડ. દમણના હરિનારાયણ મુખિયાનું નામ સાંભળ્યું છે?' રાજિયો ય આ ધંધાનો જૂનો ખેલાડી હતો. દાણચોરીના ધંધામાં મુખિયાની હાક અને ધાકથી તે અજાણ્યો ન હતો. 'તેને ત્યાં રેડ પાડી ત્યારે નકામું બધું જ પકડી પાડ્યું. કેસ લૂલો કરી નાંખવા મુખિયાને ખંખેર્યો પણ ખરો અને કામની આ બધી ચીજો ઘરભેગી કરી દીધી... આ ટ્રાન્સમીટરથી એ બંને ગાડી 2 કિલોમીટરની રેડિયસમાં આપણા રિસીવર પર ઝિલાઈ જશે.'

બીજા દિવસે સવારે હોન્ડા સીઆરવી ગાડી તેણે બંગલાના કમ્પાઉન્ડમાં દાખલ કરી ત્યારે રાજાવત તૈયાર જ હતો. હરામી તેના ઠાઠ એકીટશે નિહાળી રહ્યો. પોલ્કા ડોટની પ્રિન્ટવાળું ઓફવ્હાઈટ શર્ટ, કોણી સુધી વાળેલી

સ્લીવ, ડાર્ક બ્લૂ જિન્સ, ગ્રૂવિંગ સોલના સ્પાર્ટન શૂઝ અને આંખો પર ડાર્ક બ્લૅક ગ્લેર્સ. ગાડી પૂરપાટ ઝડપે બાવાપીરની દરગાહની દિશામાં આગળ વધી ત્યારે સિગારેટ ફૂંકી રહેલા રાજાવતના સોહામણા અને પ્રભાવશાળી ચહેરા પર નરી બેફિકરાઈ હતી અને હાઈ-વે પર ગાડી પહોંચી એ સાથે માધુરીના ડાન્સ સોંગ્સ પર તેની ખુશમિજાજી ડોલવા લાગી હતી.

સાથે લીધેલા આઇસ બકેટમાંથી તેણે પાંચ-સાત ક્યૂબ્સ ગ્લાસમાં નાંખ્યા અને ઓલ્ડ મોન્કની બેઠા ઘાટની નકશીદાર બોટલ પર હાથ પસવાર્યો. માધુરીને નાચતી જોયા પછી તેને રમની બોટલનો સ્પર્શ પણ માધુરીની વળ ખાતી કમરની સુંવાળપ જેવો ઉન્માદ જગાવતો હતો. બોટલમાંથી તેણે રમની ધાર કરી અને માધુરીના વળાંકોના તાલે ક્યાંય સુધી ગ્લાસ હલાવ્યા પછી તેણે રમનો મોટો ઘૂંટ ભર્યો. ઓલ્ડ મોન્કનો કડવો, તેજ નશો હોજરી વાટે તેના દિમાગ પર હાવી થઈને વરસાદી ભીનાશમાં આહ્લાદનો અહેસાસ ભેળવતો હતો, પણ ત્યારે રાજિયા હરામીના પેટમાં ફડકાનાં સાપોલિયાં ગૂંચવાઈ રહ્યાં હતાં. હજારો કરોડના આ ખજાનાની વાતમાં દમ તો હશે ને?

એવો જ ફડકો ખરેખર તો રાજાવતને ય હોવો જોઈતો હતો, પણ અવિચારી અને જડપણું ક્યારેક વરદાન પણ બની જાય છે. રાજાવતના કિસ્સામાં એવું જ હતું. વિરમ અને હોમ મિનિસ્ટર દયાલ સાહા સાથે મળીને કશાક ભેદી કૂંડાળાં ચીતરી રહ્યા છે એવી ગંધ આવ્યા પછી રાજાવતે સતત તેની ખબર રાખી હતી. વિરમ લાપતા થયો એ જ અરસામાં તેને માહિતી મળી હતી કે હજારો કરોડનો આંકડો ય ટૂંકો પડે તેવા કોઈ ખજાનાની તલાશમાં વિરમ લાગ્યો છે, પણ એ ખજાનો શું છે, ક્યાં છે, વિરમને કેવી રીતે ખબર પડી એ વિશે એ કશું જ જાણતો ન હતો અને તેના જાડા દિમાગને એવા કોઈ સવાલ કનડતા પણ ન હતા.

સવાલો ઊભા કરીને તેમાં જ અટવાઈ જવું તેના કરતાં સામે આવતા દરેક સવાલને જ મૂળસોતો ઉખેડીને રસ્તો કરી લેવો એ રાજાવતને વધુ ફાવતી બાબત હતી.

એલસીડી સ્ક્રીનને રોશન કરતા માધુરીના કામણમાં પરોવાઈ ગયેલો રાજાવત લોલુપ આંખે ડોકું ધુણાવતો ગાઈ રહ્યો હતો... 'યે કિસ કી હૈ આહટ, યે કિસ કા હૈ સાયા...' એ વખતે તેને ય ખબર ન હતી કે તેના કિસ્મતમાં કેવું તોફાન આહટ માંડી રહ્યું હતું.

*

'ચાલો, એક પાર્ટી તો બાવાપીર દરગાહેથી આગળ નીકળી ચૂકી છે...' ડીપ બૅકસીટ પર આળસ મરડી રહેલા સુમરાએ ઘેનભર્યા સ્વરે કહ્યું.

'યુ મીન...' અભિમન્યુ સમજી ન શક્યો.

રાતભર આખા રસ્તે એકધારો પડેલો વરસાદ મોંસૂઝણે વાદળની કાખમાં બેસીને પહાડની ટોચે જંપી રહ્યો હતો. હવામાં તરતા ભેજથી તરબતર શીકરો પર બાઝેલી સવાર ઊઘડવા મથતી હતી. કાળમીંઢ ખડકોનો ઢાળ ઊતરતી ઝરણાની કિલકારી પર ઓવારી જતી ખુશહાલ લીલોતરી વહીને સડક પર આવી જતી હતી. તોતિંગ ચટ્ટાનોની બાંહોમાં રાતભર થીજેલું અડાબીડ ધુમ્મસ શરમાતી નવોઢાની માફક ગોટ-ગોટ થઈને નાળિયેરીનાં ઝુંડ વચ્ચે લપાઈ રહ્યું હતું. કોંકણના નિસર્ગને મંત્રમુગ્ધપણે નિહાળી રહેલા અભિએ નાછૂટકે ફોર્ચ્યુનર ખડી કરી દીધી.

'મેં મુંજાવરને ફોન કર્યો હતો.' ફોર્ચ્યુનરના બોનેટને અઢેલીને ઊભેલા સુમરાએ સિગાર જલાવી હવામાં ધુમાડાનો ગોટો છોડ્યો. 'રાજાવતને તેણે આ દિશામાં મોકલી દીધો છે. આપણાથી ચોવીસ કલાક પાછળ છે એ. જોકે મને રાહ છે દયાલ સાહાની...' પહાડ પરથી ઊતરતા ઝરણાનો પ્રવાહ સડકની સમાંતરે મોટો ધોરિયો બનીને ઢાળ ઉતરતો જતો હતો. સુમરાએ કમરમાંથી ઝૂકીને ખોબામાં પાણી ભર્યું અને મોં પર છાલક મારી. ઠંડાગાર સ્પર્શથી વરસાદી પાણીની તાજગી તેના ચહેરા પર તરી આવી. બોનેટ પર ટેકવેલી સિગાર તેણે ફરી દાંત વચ્ચે ભીંસી અને ઊંડા કસ લીધા.

'પ્લાન કુછ ઐસા હૈ...' ગાડીના કાચ લૂછીને ત્રણેય અંદર ગોઠવાયાં એટલે સુમરાએ કહ્યું. 'મુંજાવરને મેં પઢાવી રાખ્યો છે. રાજાવત પછી એ સાહાને પણ એટલી જ સરળતાથી બરખોલનો રસ્તો ચીંધી દેશે, પણ આપણે સીધા બરખોલ નહિ જઈએ...'

'બટ, વિરમ નીડ્સ સમ મેડિકલ ટ્રીટમેન્ટ. આપણે...'

'હા મને બરાબર ખ્યાલ છે...' રાવીનું વાક્ય સુમરાએ અધવચ્ચે જ કાપ્યું. 'એટલા માટે જ પહેલાં આપણે વિરમની સારવારની વ્યવસ્થા ગોઠવશું. એ દરમિયાન, બરખોલની દીવાદાંડીએ થતી દરેક ગતિવિધિ પર નજર રાખવાનો ઇન્તઝામ પણ હું કરી દઈશ.'

'એ કેવી રીતે?' અભિની ઉત્સુકતાના જવાબમાં સુમરો ફક્ત હસ્યો. 'તેનું નામ છે સિસ્કો ડેલગાડો...' એ હવામાં તાકીને હળવું મરક્યો. તેની નજર સામે પહાડના ખડકો પર અટવાતાં વાદળો વચ્ચે સિસ્કો સાંગોપાંગ ખડો થઈ રહ્યો હતો. 'પાસપોર્ટ પર તો એ ગોવાના બમ્બોલિમનો વતની અડધો પોર્ટુગિઝ અને અડધો ભારતીય છે, પણ કઠણાઈ એ છે કે તેની પાસે એક બ્રીફકેસ ભરાય તેટલા પાસપોર્ટ છે' સુમરાના અવાજમાં ગરમાવો અને ચહેરા પર અહોભાવ હતો. 'પણ સિસ્કોને આમાં નાંખતાં પહેલાં મારે કેટલીક નક્કર વિગતો જાણવી પડશે...' તેણે રાવીની સામે જોયું, 'હું પણ આ કિસ્સામાં કેટલીક ખૂટતી કડીઓથી વાકેફ નથી...'

'એટલે??' રાવીને સુમરાનો ઇશારો તો સમજાયો હતો, પરંતુ તે હજુ ય ખચકાતી હતી, 'યુ મીન...?'

'મેં પણ ખજાના વિશેની વાયકા સાંભળી છે, પરંતુ હવે બહુ થયું રાવી...' સુમરાએ રાવીને ભીડવવાની શરૂઆત કરી એથી અભિ મનોમન હરખાતો હતો.

'એટલે તારે શું જાણવું છે? આઈ મીન, કેટલી વિગતો તને નથી ખબર એ તું...'

'દરેક... હવે દરેક વિગત તારે કહેવી જ પડશે.' પહાડની તળેટીમાં નાળિયેરીના પાનની છાજલી બાંધીને ખડી કરેલી હારબંધ હાટડીઓ પાસે સુમરાએ ફોર્ચ્યુનર ધીમી પાડી. રસ્તાને સમાંતર આછકલા ઢોળાવ પર પાથરેલા ટેબલ-ખુરશી પર છૂટાછવાયા આઠ-દસ લોકો બેઠા હતા. બે હાટની વચ્ચે બાંધેલા નાનકડા ઓટલા પર રેંકડો ફેરવીને ચૂલામાં હવા ફેંકતો એક આદમી તપેલામાં ચા ઉકાળી રહ્યો હતો. દોરી પર નાસ્તાનાં પડીકાંના હારડા લટકતા હતા. અંદરની તરફ દેહાતી કોંકણી ઢબના ધોતીકછોટો પહેરેલી એક ઓરત મોટા તવા પર પાથરેલી જાળી પાસે બેસીને જિંગા, પાપલેટ માછલીમાં છરી વડે સફાઈપૂર્વક ઊભા કાપા પાડીને અંદર મસાલો ભરી રહી હતી અને ભૂંજાતી માછલીની ઊંચા ધુમાડિયા વાટે ફેંકાતી સોડમ હવામાં ભૂખનો અહેસાસ ઘૂમરાવતી હતી. 'આપણે અહીં ફ્રેશ થઈએ, નાસ્તો કરીએ. હવે આ રૂટ પર આવી જ હોટલ મળશે.' પછી તેણે રાવીની આંખમાં આંખ પરોવી, 'આશા રાખું કે, બધું જ કહી દેવા માટે મારે બીજી વાર હવે તને કહેવું નહિ પડે...'

*

સુમરાની તાકીદ પછી હવે રાવીનો આરો ન હતો. આ હાલતમાં જો અભરામ સુમરા તેની પડખે ન ઊભો હોય તો પોતે ક્યારની ફસકાઈ પડી હોત તેની રાવીને બરાબર સમજણ હતી. આગળનો રસ્તો પણ સુમરા વગર ખૂલવાનો ન હતો તેની પણ તેને ખાતરી હતી. સુમરાનો ઉદ્દેશ ગમે તે હોય પણ રાવી અને વિરમ પ્રત્યેની તેની લાગણી સ્પષ્ટ હતી. માનસિંહ મહાલમાં ભેટો થયા પછી તેને શરૂઆતમાં અભિમન્યુ પ્રત્યે શંકા હતી. એક પત્રકાર આવા માથાફોડિયા અને જીવલેણ કમઠાણમાં સામે ચાલીને સપડાઈ જાય એ વાત જ તેને ગળે ઉતરતી ન હતી. મટિયાવાડમાં અભિએ તેના મોબાઇલ જોડે અળવીતરાં કર્યા ત્યારે તેને એ સનકી બદતમીજ લાગતો હતો. એ વખતે સુમરો વચ્ચે ન પડ્યો હોત તો રાવીએ તેના કપાળની વચ્ચોવચ ગોળી મારી દીધી હોત.

પરંતુ મટિયાવાડના રવેશમાંથી ભોંયસરસા લપાઈને ફાયરિંગ કરી રહેલા અભિને, હરામીના ફાર્મહાઉસમાં વિરમને ખભા પર નાંખીને ઝૂનનભેર ભાગતા અભિને તેણે જોયો એ ક્ષણથી તેને ખાતરી થઈ ગઈ હતી, ના, એ ખરેખર કિસ્મતના ખોટા વળાંક પર ભેરવાઈ ગયેલો સાચો આદમી છે. એ ઉગ્રતાપૂર્વક દલીલ પર ચડી જતો ત્યારે તેના અવાજમાં નાના બાળક જેવો ઉશ્કેરાટ અને તેની આંખોમાં વહાલ ઉપજાવે તેવો ઝબકારો થઈ જતો. તેના અવાજમાં કશોક રણકો હોવાનું રાવીને સતત અનુભવાતું હતું. એ સોહામણો કહેવાય તેવો હૅન્ડસમ કે વિરમ જેવો ડેશિંગ ન હતો, પણ શી ખબર, તેના ચહેરા પર કશીક આભા રાવીને વર્તાતી હતી. એ ચમક, એ આભા તેની સાફદિલીની હતી? આંખોની એવી રોનક, ચહેરાનું એવું ઓજસ, અવાજનો એવો રણકો તેનો પોતાનો, સુમરાનો કે વિરમનો કેમ ન હતો? અભિમાં એવું શું હતું? રાવીને એ સમજાતું ન હતું, પણ હવે તેને અભિ ગમવા લાગ્યો હતો.

'મેજર અંકલને મળીને આવ્યા પછી હું હળવાશ અનુભવતી હતી. તેઓ ડ્યૂટી પર ગયા તેના ચારેક મહિના સુધી અમારી વચ્ચે ખાસ કોઈ સંપર્ક ન હતો. તેમના દ્વારા મોકલાતાં સંપેતરાં લઈને કેટલાક જવાનો ક્યારેક આવતા. પ્યારેલાલ બધું ભોંયરામાં મુકાવતો. હવે મને બધી ખબર હતી એટલે પ્યારેલાલને ય ખાસ ફિકર ન હતી. એ જ અરસામાં કાશ્મીરના મિનિસ્ટરની દીકરીનું અપહરણ થયું અને તેના બદલામાં કેટલાક આતંકવાદીઓને છોડી મુકાયા. એ આતંકવાદીઓમાં અબ્દુલ મજીદ પણ હતો, જેને ઝબ્બે કરવામાં મારા બાપે જીવ ગુમાવ્યો હતો.' રાવીના ચહેરા પર તીવ્ર કડવાશભર્યો ઉશ્કેરાટ છવાઈ રહ્યો.

'ઇટ વોઝ ટર્નિંગ પોઇન્ટ ઓફ માય લાઇફ... બસ, એ પછી ઉન્માદ વલોવતા વમળોમાં ફંગોળાયેલી જિંદગી આજ સુધી સ્થિર નથી થઈ...' અભિ એકીટશે રાવીના ચહેરાના બદલાતા ભાવોને જોતો રહ્યો. 'એ વખતે મેં ઊઠાવેલી ગન...' તેણે બૅરેટાના લિસ્સા બૅરલ પર આંગળી પસવારી અને ભાવસભર આંખે તાક્યા કર્યું, 'હું, આ ગન, ખભા પર આ હેવરસેક અને ખાનાબદોશ જેવી આ જિંદગી... અભિ, આજે પહેલી વાર હું કોઈ ત્રાહિત પાસે કબૂલાત કરું છું...' તેણે અભિના ખભા પર હૂંફ નીતરતો હાથ મૂક્યો, 'તને યાદ છે, ચાર વર્ષ પહેલાં પાકિસ્તાનના અંકુશ હેઠળના ડેરા કોતવાલમાં લશ્કર-એ-તૈયબાની છાવણીઓમાં સિરિયલ બોમ્બબ્લાસ્ટ થયા હતા અને તેમાં 35 આતંકવાદીઓ માર્યા ગયા હતા?' અભિ ફાટી આંખે રાવીને જોઈ રહ્યો હતો. વિરમના ખુલ્લા બદન પર હોટલમાંથી લીધેલા ગરમ પાણીનું સ્પોન્જ ફેરવતી રાવી ઘડીભર ચૂપ થઈ ગઈ. અભિની આંખોમાંથી પુછાતો સવાલ પારખીને તેણે વાક્ય પૂરું કર્યું, 'ઇટ વોઝ માય ફર્સ્ટ એસાઇન્મૅન્ટ... વેરી ફર્સ્ટ એન્ડ એક્સ્ટ્રિમલી સક્સેસફુલ...'

'સુમરાને એ યાદ હોવું જોઈએ... આરડીએક્સનો બંદોબસ્ત તેણે કર્યો હતો...' જવાબમાં સુમરાએ હળવા સ્મિત સાથે હકારમાં ડોકું ધુણાવ્યું. 'આખો ય પ્લાન વિરમનો હતો. મેજર અંકલે જ ગુલમર્ગમાં અમારી મુલાકાત કરાવી હતી. હું તદ્દન અણઘડ હતી એટલે વિરમે એક તબક્કે મને આ જોખમી ઓપરેશનમાં સાથે લેવાની ઘસીને ના પાડી દીધી હતી...' તે અલ્લડ સ્મિત સાથે વિરમના ઘાયલ, બેહોશ ચહેરા સામે આર્જવપૂર્વક જોઈ રહી. તેની કથ્થાઈ આંખોમાં કંઈક ચંચળ તોફાન પ્રગટતું અભિને લાગ્યું. આ છોકરી વિરમના પ્રેમમાં હતી?

'દયાલ સાહા એ વખતે મેજર અંકલના ગ્રૂપનો ફંડ મૅનેજર હતો. કોઈ પણ ઓપરેશન માટે જરૂરી ફંડ તે ગણતરીના કલાકોમાં ઊભું કરી દેતો. વિરમ શરૂઆતમાં સાહાનો વિશ્વાસુ હતો, પરંતુ તેણે બહુ ઝડપભેર મોટાં ઓપરેશન પાર પાડીને બધાનો વિશ્વાસ જીતી લીધો હતો.'

'મોટા ઓપરેશન એટલે?'

'પાકિસ્તાનના અન્ડરવર્લ્ડ સાથે ઘરોબો કેળવીને વિરમ વેપન્સ મંગાવતો. એ વેપન્સ મણિપુરના અલગતાવાદીઓ, નક્સલાઇટ્સને વેચતો. એ આખી કડી...'

'એક મિનિટ... એક મિનિટ...' અભિમન્યુ બોલ્યા વગર ન રહી શક્યો, 'એક તરફ તમે તમારી જાતને રાષ્ટ્રવાદી કહેવડાવો છો અને બીજી તરફ તમારા સંબંધ દેશના દુશ્મનો અને અલગતાવાદીઓ સાથે હોય એ વળી કેવું?'

'મેજર અંકલની થિયરી જ કંઈક એવી હતી. ડેરા કોતવાલમાં અમે જે બોમ્બ ફોડ્યા એ આરડીએક્સ મુલતાનથી જ આવ્યો હતો. આરડીએક્સના બદલામાં અમે ઇન્ડિયન આર્મીના સ્ટ્રેટેજિક પોઇન્ટ્સના કેટલાક નકશા મુલતાન મોકલ્યા હતા. એ બધા જ નકશા ખોટા અથવા અધૂરા હતા. મેજરની સ્ટાઇલ કંઈક એવી હતી કે, દુશ્મનના હથિયાર વડે દુશ્મનનો કાંટો કાઢવો અને દેશની અંદરના દુશ્મનોને ય નશિયત કરતાં જવા. લોકશાહી પદ્ધતિથી મિલિટરી કે કોઈ એક જૂથ સંપૂર્ણ ભારતની સર્વસત્તા હસ્તગત કરી શકે એ નામુમકિન છે એ સંજોગોમાં જો પૂરતું ફન્ડ અને પૂરતો સ્ટ્રેટેજિક પાવર હોય તો પડદા પાછળ રહીને પણ ધાર્યું કરી શકતું શક્તિશાળી જૂથ બનાવી શકાય એવી મેજરની નેમ હતી.'

'નો વે,' અભિ છળી ઊઠ્યો, 'એ રીતે તમે દેશના કાયદા અને બંધારણથી ય ઉપર જવા ધારતા હતા, એમ? રીઢા રાજકારણીઓને, ચૂંટણીમાં થતી ગોલમાલ અને વહીવટમાં ખુલ્લેઆમ થતી ખાયકીને તમે કઈ રીતે રોકવાના હતા? એ શું તમારી દૃષ્ટિએ દેશદ્રોહ ન હતો?'

'હતો જ... અમે કેટલાય રાજકારણીઓને પાઠ ભણાવ્યો છે. ઝારખંડનો મુખ્યમંત્રી આભાસ મ્હાતો મેજરની ધમકીને ગાંઠતો ન હતો તો રહસ્યમય હેલિકોપ્ટર અકસ્માતમાં મોતને ભેટ્યો, બિહારનો શહેરીવિકાસ મંત્રી બ્રિજનારાયણ પાંડે પોતાના ભ્રષ્ટાચારને છાવરવા મેજરને મસમોટી ખંડણી ચૂકવતો હતો છેવટે તેને ય રાજીનામું આપવાની અને સરકારને થયેલી ખોટ ભરપાઈ કરવાની ફરજ પડી.'

'ઉત્તરપ્રદેશ વિકાસ પરિષદનો અધ્યક્ષ ટંડન, કર્ણાટકનો નિજલિંગપ્પા... આ સૌએ, તું શું માને છે, અબજો રૂપિયાની ખાયકી ખૂલ્યા પછી કાયદાના ડરથી રાજીનામાં ધરી દીધાં હતાં? રાતોરાત એમની એવી કઈ નૈતિકતા જાગી ગઈ હતી કે એમણે અબજો રૂપિયા સરકારી તિજોરીમાં જમા કરાવીને પોતાનો ગુનો કબૂલી લીધો હતો? ઓસ્વાલ ગ્રૂપને મધ્યપ્રદેશમાં ફાળવાયેલી જમીનનો આઠ વર્ષથી વિવાદ ચાલતો હતો. સરકાર કે

ઓસ્વાલ કોઈ, પબ્લિકની લાગણીને કે અદાલતના આદેશને ગાંઠતા ન હતા. આઠ વર્ષ પછી રાતોરાત એવું શું થઈ ગયું કે રમાકાન્ત ઓસ્વાલે જાતે જ અબજો રૂપિયાનો ફાયદો કરાવતો એ પ્લાન્ટ અને સરકારી જમીનની એ ફાળવણી સ્વેચ્છાએ જતી કરી દીધી? તું શું માને છે, પાંચ-પચીશ વ્યક્તિના આંદોલનથી એ ડરી ગયો હતો? અદાલતના બે-ચાર મનાઈહુકમને લીધે એ ખસી ગયો હતો? ચાર રેલી કે પાંચ સૂત્રથી એ કોઈનું રૂંવાડું ય ન ફરકે એ તને નથી ખબર?'

'એ દરેક ઘટનાની પાછળ ગરજેલી બંદૂકનું લાય લગાડતું નાળચું કારણભૂત હતું. ક્યાંક બ્લૅકમેઇલિંગ, ક્યાંક ધમકી અને છેવટે ઊંધા હાથની અડબોથ... મેજર બિહોલાના, જાતે જ ન્યાય કરવાના સિદ્ધાંત પર વિરમને પાક્કો ભરોસો બેસી ચૂક્યો હતો અને વિરમના ચાલબાજ ઝનૂનનો મેજરને ય ખપ હતો. પાંચ વર્ષમાં એક પછી એક સફળતા મળતી ગઈ. સરહદ પારના દુશ્મનો અને દેશની અંદરના ગદ્દારો બંને પર અમે મક્કમ રીતે હાવી થઈ રહ્યા હતા. એમ છતાં ય સાવ છાની રીતે ઓછામાં ઓછા રિસોર્સીઝમાં લીકપ્રૂફ ઓપરેશન્સ પાર પાડવા માટે ફંડની તીવ્ર જરૂર હતી.'

'મેજર ભાગ્યે જ, અત્યંત જરૂરી હોય ત્યાં જ પોતાની જાતને ખુલ્લી કરતાં. બાકી તો દરેક ઓપરેશન અને ડીલિંગમાં ઓપન ફ્રન્ટ પર વિરમની જવાબદારી રહેતી. મારો રોલ વિરમને સપોર્ટ આપવાનો રહેતો. એકાદ વરસ થયું હશે, વિરમે મને તાકીદે મેજરને લોકેટ કરીને મિટિંગ ગોઠવવા કહ્યું. મેં મેજરને મૅસેજ પાસ કર્યો. ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશની સરહદ પર જિગ્ની ગામે એક ખેતરમાં અમે મળ્યા ત્યારે વિરમે જે ધડાકો કરીને મેજરને ચોંકાવી દીધા એ મને કદી ય નહિ ભુલાય.' રાવીએ વિરમના તપ્ત ચહેરા પર હાથ ફેરવ્યો. તેના વાળ પસવાર્યા અને તેની બેહોશ આંખોની ભીતર ઝાંખતી રહી.

'વિરમે દોઢસો વર્ષ પહેલાંના પત્રો, દસ્તાવેજો ટેબલ પર પાથરીને અમને સ્તબ્ધ કરી દીધા હતા. એ નાનાસાહેબ પેશ્વાના પત્રો હતા. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અંગ્રેજોથી પરાસ્ત થયા પછી પેશ્વાનું શું થયું, તેમની પાસે રહેલો મરાઠા સામ્રાજ્યનો અને મુઘલ સલ્તનતનો બેશકીમતી ખજાનો ક્યાં ગયો તેના વિશે આજ સુધી ઠોસ પુરાવા નથી મળ્યા. દોઢસો વર્ષથી વીસરાઈ ગયેલા, સમયના ગર્ભમાં દટાઈ ગયેલા એ ઇતિહાસની ખૂટતી કડી આ પત્રોમાંથી નીકળતી હતી. 1858માં કાનપુર પાસેના બિઠુરથી લાપતા થયેલા ઇતિહાસનું અનુસંધાન ભાવનગર પાસેના સિહોરમાં નીકળતું હતું અને નાનાસાહેબના આખરી દિવસોના એ પીળા પડી ગયેલા જર્જરિત દસ્તાવેજમાં સ્પષ્ટ કહેવાયું હતું, આપલ્યા ખજાના બદનૂર મધે મોડીરામચ્યા હાતિ સલામત આહે... આપણો ખજાનો બદનૂર ગામે મોડીરામને ત્યાં સલામત છે...'

તદ્દન અજાણપણે સુમરાનો પગ બ્રેક સાથે જડાઈ ગયો અને પૂરપાટ વેગે દોડી જતી ફોર્ચ્યુનર ચિચિયારી સાથે રસ્તાની ધાર ભણી ઘસડાઈ ગઈ. ગાડીના એન્જિનની ઘરઘરાટી એ વખતે ધીમી પડી ગઈ હતી અને બંધ દરવાજા વચ્ચેની સ્તબ્ધતામાં કશુંક જોરથી થડકી રહ્યું હતું.

ફાટી આંખે રાવીને સાંભળી રહેલા અભિ અને સુમરાના હૈયાનો એ ધબકાર હતો.

* * *

~

'આઈ ડોન્ટ બિલિવ...' અભિએ ખભા ઊંચકીને કહી તો દીધું પણ તેના ચહેરા પર પ્રગટેલી ઉલઝનની રેખાઓ હજુ ય ઓસરતી ન હતી.

'બિહોલાએ પણ પહેલું રિએક્શન આવું જ આપ્યું હતું.' રાવીએ સીટની નીચેથી તેનો હેવરસેક ફંફોસ્યો અને એક નાનકડા પર્સમાંથી કેટલાંક મેમરી કાર્ડ્સ કાઢ્યાં. 'તારો મોબાઇલ લાવ...' તેણે સુમરાના હાથમાંથી મોબાઇલ લીધો અને તેમાં મેમરી કાર્ડ ખોસી એક ઇમેજ ઓપન કરી, 'આ જો...' તેણે સીટની વચ્ચે મોબાઇલ આગળ ધર્યો એટલે અભિ અને સુમરો સહેજ ઝળૂંબ્યા. 'નાનાસાહેબ પેશ્વાનો એ પત્ર છે.'

સુમરાએ ગાડી તદ્દન ધીમી પાડી દીધી અને બંને ધ્યાનથી મોબાઇલના સ્ક્રિન પર દેખાતી એ સ્કેન્ડ ઇમેજ જોઈ રહ્યા. સમયનો હાથબદલો પામતો રહીને પીળો પડી ગયેલો, વચ્ચેની ગડીમાંથી બટકી ગયેલો તદ્દન જર્જરિત દેખાતો એ કાગળ બહુ જૂનો હોવાનું તો સ્પષ્ટ અનુભવાતું હતું.

'હમ્મ્મ્... આ અક્ષર દોત-કલમના છે...' અભિએ વિઝન ઝૂમ કરીને કહ્યું.

'મતલબ?' સુમરાને સમજાયું નહિ.

'દૂર્વા કે એવા કોઈ પોલા લાકડાની ડાળખીને અણી કાઢીને બનાવાતી કલમથી આ પત્ર મરાઠીમાં લખાયેલો છે.' અભિએ સુમરા ભણી મોબાઇલ લંબાવ્યો એટલે તેણે વાંચવાનું શરૂ કર્યું.

'મુલ...કે... આઝમ ફિરંગી...ચા' સુમરાએ મોબાઇલમાં માંડ સૂઝતા જૂની મરાઠી લઢણના શબ્દો કટકે-કટકે વાંચવાનો પ્રયાસ કર્યો.

'વેઇટ, હું સમજાવું...' રાવીએ સડસડાટ અર્થઘટન શરૂ કર્યું, 'મુલ્કે આઝમ ફિરંગ્યાંચા કૈદી ઝાલા... મુલ્કે આઝમ મતલબ દિલ્હીનો બાદશાહ ફિરંગીઓના હાથે પકડાઈ ગયો છે... દિલ્હી પડલી... દિલ્હીનું પતન થઈ ચૂક્યું છે... લખનૌ, કાનપુર, બિઠુરમાં ભીષણ જંગ થયો પણ આપણા હાથ ટૂંકા પડ્યા... બિઠુરચા વાડી, રંગમહાલય, કચેરી ઝાળુંન ટાકલા... બિઠુરના રંગમહેલ, કચેરી, વાડી અમે જાતે જ સળગાવી દીધાં... મોરોપંત ફડકેલા માઝયા સોંગાંત... મોરોપંત ફડકેને મારો વેશ પહેરાવીને ઉત્તરે તરાઈનાં જંગલો તરફ રવાના કર્યા છે... આપલા ખજાના બદનૂર મધે મોડીરામચ્યા હાતિ સલામત આહે... એ બધી દેખભાળ વિઠ્ઠલરાવ સાવંતને સોંપી છે.'

'પત્ર પર લખ્યા તારીખ છે...'

'જસ્ટ અ મિનિટ...' અભિએ હાથ ઊંચો કરીને રાવીને અટકાવી. સીટને માથું ટેકવીને તેણે આંખો બંધ કરી. બંધ આંખોની ભીતર સ્વીકારી લેવાયેલા ઇતિહાસનાં પાનાં ફરફરી રહ્યાં હતાં.

1857માં ઈસ્ટ ઇન્ડિયા કંપની સામેના એ પ્રથમ અને સંયુક્ત પ્રતિકારમાં આંશિક સફળતા પછી વિપ્લવીઓ પરાસ્ત થયા હતા. દિલ્હીની મુઘલ સલ્તનતનું પતન થયું હતું અને બાદશાહ બહાદુરશાહ ઝફર હુમાયુના મકબરામાંથી જીવતો ઝડપાયો હતો. અવધ પણ પરાસ્ત થયું હતું અને બેગમ હઝરતમહાલ તરાઈનાં જંગલો મારફત નેપાળ તરફ નાસી છૂટી હતી. વિપ્લવના વિચારકેન્દ્ર એવા કાનપુર-બિઠુર પર અંગ્રેજોએ પુનઃ કબજો મેળવ્યો ત્યારે ત્યાં હુતાશન મચ્યો હતો. સતીચૌરા ઘાટ ખાતે અંગ્રેજો પર બેરહમ સિતમ ગુજારી ઝુઝાર

મરાઠાઓ અને સ્વયં નાનાસાહેબ પેશ્વા લાપતા થઈ ગયા હતા. બેગમ હઝરતમહાલની માફક પેશ્વા પણ તરાઈનાં જંગલોમાં ઓગળી ગયો હશે તેવી અંગ્રેજોની માન્યતા હતી. દિલ્હીના પતન પછી અંગ્રેજોએ આખો લાલ કિલ્લો ઉપરતળે કરી નાંખ્યો હતો, પણ ચારસો વર્ષથી તરબતર થયેલા શાહી ખજાનાની એક ફૂટી કોડી ય તેમને મળી ન હતી. સમયની સેરમાંથી સરીને અજાણી ગર્ત હેઠળ ઢબૂરાઈ ગયેલા એ મણકા વિશે અંગ્રેજો દિગ્મૂઢ હતા અને ઇતિહાસ ચૂપ હતો.

—અને આજે હવે આ દસ્તાવેજો, પત્રોમાંથી એ ખોવાયેલો ઇતિહાસ પ્રગટતો હતો. એ બયાન કંઈક એવું હતું કે,

રોટી અને કમળનો સંદેશો દેશભરમાં પ્રસર્યો એ પૂર્વે જ ભેજાબાજ તાત્યા ટોપેએ દરેક સ્થિતિનો વિચાર કરી લીધો હતો. કદાચ દિલ્હીનું પતન થાય તો પણ મુઘલ ખજાનો અંગ્રેજોના હાથમાં ન જાય એ માટે તેણે બહાદુરશાહ ઝફરને સંમત કરી લીધા હતા. તાત્યાની ભારે સમજાવટ પછી બાગપતના રોહિલ્લા અને મેનપુરીના ચૌહાણ જેવા લડાકુઓ સક્રિય વિપ્લવથી દૂર રહેવા નાછૂટકે માની ગયા હતા. ક્રાંતિકારીઓ પરાસ્ત થઈ રહ્યા હતા ત્યારે તાત્યાના વ્યૂહ મુજબ હવે તેમની ભૂમિકા શરૂ થતી હતી. નાઇટ રાઇડર્સ તરીકે ઓળખાતા 32મી ગેરિસનના ઘોડેસવારો દિલ્હી ભણી કૂચ કરવા અજમેરથી નીકળે એ પહેલાં જ રોહિલ્લાઓ અને ચૌહાણો છદ્મવેશે દિલ્હીની ભાગોળે ઊતરી પડ્યા હતા અને 32મી ગેરિસનનો સાહસી કૅપ્ટન હડસન દિલ્હીને ઘેરો ઘાલે એ પહેલાં જ ઘાસ ભરેલાં હારબંધ બળદગાડાઓ યમુના નદી પાર કરી ગયાં હતાં. લાહોરી ગેટ ધ્વસ્ત કરીને હડસન લાલ કિલ્લા ભણી આગળ વધ્યો ત્યારે તો મરાઠી તોશાખાનું અને મુઘલ ખજાનો મધ્ય ભારતમાં માછના નદીના કાંઠે બેતુલનાં જંગલોમાં પહોંચી ગયા હતા.

પરાસ્ત થયા પછી પણ મોંમાંથી ખૂન થૂંકીને ફરીથી લડવા માટે તાત્યા ટોપેએ કબજે કરેલો ખજાનો જ્યાં સુધી પકડાય નહિ ત્યાં સુધી વિપ્લવીઓ હાર્યા ન હતા. પેશ્વાની, ખજાનાની ભાળ મેળવવા અંગ્રેજોએ આખું હિન્દ ઉલેચી નાંખ્યું, પણ ક્યાંય જરાક અમથો સુરાગ પણ મળ્યો ન હતો. દેશભક્તિનો મંત્ર ફૂંકીને, શૂરાતનના પાણીની અંજલિ છાંટીને મડદાં ય બેઠાં કરી જાણતા પેશ્વા અને તાત્યા આટલા લખલૂટ ખજાના વડે શું કરી નાંખશે તેની ભયાવહ કલ્પનાઓમાં દાયકાઓ સુધી એકે ય અંગ્રેજ ચેનથી ઊંઘી શક્યો ન હતો. છેવટે પાંચ-છ દાયકાની શાંતિ પછી પેશ્વા જીવતો હોય તો ય મરણતોલ હોય અને ખજાનો યુદ્ધની ભીષણ વિભીષિકામાં ક્યાંય વેરાઈ ગયો હોય તેમ અંગ્રેજોએ ધારી લીધું હતું.

—હવે, આજે આ જર્જરિત કાગળના વાંકડિયા અક્ષરોમાંથી સજીવન થયેલો પેશ્વા અટ્ટહાસ્ય કરી રહ્યો હતો અને દોઢસો વર્ષ પુરાણા કાગળની ઝુર્રીઓમાંથી ફેણ માંડી રહ્યો હતો એક એવો કાલખંડ, જે ઇતિહાસની આંખેથી ઓઝલ રહી જવા પામ્યો હતો.

'સ્ટીલ... આઈ ડોન્ટ...' અભિએ ડોકું ધુણાવ્યું અને ફરીથી મોબાઇલના સ્ક્રીનને તાક્યા કર્યું, 'વેરી ડિફિકલ્ટ ટુ બિલિવ...'ગૂંચવણના ભારથી તેનો ચહેરો અભાનપણે નકારમાં ધ્રૂજી રહ્યો હતો અને તાજુબીના સ્ફોટથી અંજાઈ ગયેલી આંખોમાં વિસ્ફાર ઝબૂકતો હતો.

'બટ ઇટ્સ ટ્રુ... એન્ડ નાવ ઇટ્સ પ્રુવ્ડ ટુ...' રાવી તેની અવઢવ સમજી શકતી હતી, કારણ કે એક વખત તેણે પોતે ય પહેલાં આવી જ ગૂંચવણ અને પછી આવી જ તાજુબી અનુભવી હતી. 'અમે--મેં અને મેજર અંકલે પણ એ વખતે આવી જ અવઢવ અનુભવી હતી. એ રાત્રે અમે જિગ્નીથી ગ્વાલિયર પહોંચ્યાં. હોટેલના કમરામાં રાતભર ઇન્ટરનેટ પર સર્ફ કરીને મેજર એક પછી એક દલીલો કરતા રહ્યા અને દરેક દલીલના

જવાબમાં વિરમ આ દસ્તાવેજી પુરાવાઓના મરાઠીમાં લખાયેલાં વાક્યો ટાંકતો રહ્યો.'

'ઈતિહાસ એવું કહેતો હતો કે, કૅપ્ટન સધરલેન્ડ અને મેક્આર્થરે પેશ્વાના કાફલાને ચાંદોલ નદીની બીહડોમાં ઘેરી લીધો હતો. ત્રણ દિવસ ત્યાં ભીષણ જંગ જામ્યો. ત્રીજી રાતે ભારે વરસાદ શરૂ થયો એમાં હેઠવાસમાં રહેલા અંગ્રેજ કાફલાએ બીહડના ઢોળાવમાંથી ફેંકાતા પૂરને લીધે પીછેહઠ કરવી પડી. બે દિવસ પછી વરસાદ અટક્યો અને અંગ્રેજો બીહડમાં પહોંચ્યા ત્યારે પેશ્વા અંતર્ધાન થઈ ચૂક્યો હતો. એ હવે ગ્વાલિયર ભણી જશે એવું ધારીને મેક્આર્થરનો કાફલો એ દિશામાં ભાગ્યો અને સધરલેન્ડ અડાબીડ બીહડોની તલાશીમાં લાગ્યો.'

'હવે તાજુબી જો, ગ્વાલિયરનો શિંદે-સિંધિયા ય મરાઠા જ હતો, પણ અકળ કારણોથી તેણે ક્રાંતિના હુતાશનથી પોતાની જાતને છેટી રાખી હતી. મેક્આર્થર ગ્વાલિયર પહોંચ્યો ત્યારે રાહતના સમાચાર તેની રાહ જોઈને તૈયાર જ હતા. સિંધિયાએ પેશ્વાને ઝડપી લીધો હતો. સિંધિયાએ હોંશભેર મેક્આર્થરને બયાન આપ્યું કે, મેઘલી રાતે ગ્વાલિયરની ભાગોળે કેટલાક લોકો હોડીનો ઇંતઝામ કરી રહ્યા હોવાની ખબર પડતાં તેમણે ઘોડેસવારોને દોડાવ્યા હતા. નાનકડા છમકલા પછી આઠ-દસ લોકો ઝડપાયા હતા, જેના મુખિયાએ પોતે નાનાસાહેબ પેશ્વા હોવાનું કબૂલી લીધું હતું. ખુશહાલ મેક્આર્થરે તરત સધરલેન્ડને સમાચાર પહોંચાડ્યા અને હરખાતો અંગ્રેજ કાફલો ઝડપાયેલા પેશ્વાને દંડાબેડીમાં બાંધીને કાનપુર પહોંચ્યો. કફોડી હાલત ત્યાં પહોંચીને થઈ, ઝડપાયેલા આદમીઓની ઓળખની ખરાઈ કરવામાં આવી ત્યારે ખબર પડી કે એ પેશ્વા ન હતો.'

'ચાંદોલ નદીની બીહડોમાં પેશ્વા સાથે થયેલી મૂઠભેડ એ પેશ્વાની હયાતીનો છેલ્લો પુરાવો. એ સમય હતો ઓગસ્ટ, 1859. હવે આ પત્ર પર લખાયા તારીખ જો...'

રાવીએ સ્નેપ એક્સ્ટ્રિમ ઝૂમ કરીને પત્રના છેવાડે લખેલી તારીખ વાંચી, 'વિક્રમ સંવત 1915, કારતક સુદ 7. મતલબ કે, ઈ.સ. 1859નો નવેમ્બર મહિનો. ઇતિહાસ જ્યાંથી મૌન થઈ જતો હતો, વિરમે રજૂ કરેલા દસ્તાવેજો ત્યાંથી જ બોલવાનું શરૂ કરતા હતા. એ આખું તરકટ માસ્ટર માઇન્ડ તાત્યાનું હતું. આધુનિક યુદ્ધનીતિ જેને નેટવર્કિંગ કહે છે એ કળામાં તાત્યા બધાનો બાપ હતો. વડોદરાના ગાયકવાડ અંગ્રેજોના પિઠ્ઠુ હતા, પણ તેમનો નાયબ દીવાન ગણપતરાવ શિંદે તાત્યાનો માણસ હતો. ઇંદોરના હોલ્કરે પેશ્વાથી અંતર રાખ્યું હતું, પણ તેમનો સેનાપતિ ઈંદોરની સેનામાં તાત્યાના માણસોની ભરતી કરીને અંગ્રેજ કૅપ્ટનની હાજરીમાં છડેચોક તાલીમ આપતો હતો. સિંધિયા ય દેખીતી રીતે અંગ્રેજોનો વફાદાર હતો, પણ અંદરખાને ગ્વાલિયરનું આખું રજવાડું તાત્યા અને પેશ્વાનું મદદગાર હતું. બીહડમાં ઘેરાઈ ગયેલા પેશ્વાને બચાવવા માટે જ સિંધિયાએ જોખમ ઊઠાવીને બનાવટી આદમીઓની ધરપકડ કરી તેમને પેશ્વા તરીકે રજૂ કરી દીધા. તેમની ઓળખ થવામાં સમય લાગે એટલી વારમાં નબળા પડેલા ઘેરામાંથી પેશ્વા છટકીને ચાંદોલ નદી પાર કરીને ભીંડ-મુરૈના તરફ સરકી ગયા.'

'પણ આમાં સિહોર ક્યાં આવ્યું?' અભિ મનોમન તાળો મેળવી રહ્યો હતો.

'સિહોરના બ્રાહ્મણ હર્ષરામ અને કલ્યાણજી મહેતા વિપ્લવના દોઢ દાયકા પહેલાં બિઠુર ખાતે પેશ્વાના દરબારમાં પુરોહિત હતા. અંગ્રેજોને હાથતાળી આપીને છટકી ગયેલા પેશ્વા છેવટે સિહોર પહોંચ્યા. આ દસ્તાવેજો કહે છે કે, અહીં જ તેમણે સાધુવેશે જીવન બસર કર્યું.'

'પણ...' હવે સુમરાને ય સવાલ થયો, 'આટલા બેશકીમતી ખજાના વડે તે નવું લશ્કર ન ઊભું કરી શકે?'

'આ દસ્તાવેજોમાં તેમની કેફિયત છે એ મુજબ, ઉત્તરાવસ્થામાં પેશ્વાનું ઝનૂન અને વતનપરસ્તી અધ્યાત્મના

માર્ગે વળી ગયાં હતાં. સમય ઝડપભેર બદલાઈ રહ્યો હતો. તલવારની ધારે કેસરિયાં કરીને યુદ્ધ જીતવાની, શાસન પલટો કરવાની નીતિ હવે જરીપુરાણી થઈ ગઈ હતી. એટલે પેશ્વાએ તેમની સાથેના કાફલાને થાળે પાડ્યો અને પોતે ય જંપ લીધો.'

'તો પછી ખજાનો? બદનૂર ગામે મોડીરામને ત્યાં રવાના કરેલો ખજાનો ક્યાં ગયો?'

અભિમન્યુના સવાલથી રાવી ઘડીભર ચૂપ થઈ ગઈ અને વિરમના બેહોશ ચહેરાને લાચાર આંખે તાકી રહી. 'ઇતિહાસ જ્યાંથી ચૂપ થયો હતો ત્યાંથી આ દસ્તાવેજો આગળ વધ્યા હતા, પણ આ દસ્તાવેજો જ્યાં મૌન થઈ જાય છે ત્યાંથી આગળ તો ફક્ત વિરમ જ બોલી શકે તેમ છે.' વિરમના હોઠના ખૂણેથી દદડી રહેલી લાળને તેણે રૂમાલથી સાફ કરી અને ભાવવશ થઈને વિરમના ગાલ થપથપાવ્યા, 'કંઈક તો બોલ... કંઈક તો બોલ... વિરમ... વિરમ...'

રાવીના અવાજની વિવશતામાં મૂંગા ડુસકાંનો ધ્રૂજારો અભિ અનુભવતો હતો.

*

'એ આખી રાત મને જાતભાતનાં સપનાઓ આવ્યાં...' વિરમના ચહેરા પર ઢળીને વ્યાકુળ થઈ ગયેલી રાવીને અભિએ સ્વસ્થ કરી એ પછી ય એ ક્યાંય સુધી ચૂપ રહી હતી.

છેવટે સુમરાએ ફરીથી તાકીદ કરી, 'ચિપળૂણથી આપણે નિવળી ઘાટમાં થઈને હાથખંભા પહોંચવાનું છે. હાથખંભા આપણે અટકી જઈશું. ત્યાંથી સિસ્કો ડેલગાડોની મદદ લેવી જ પડશે. સિસ્કો વિરમની સારવારનો બંદોબસ્ત કરી આપશે, પણ એ પહેલાં...' તેણે રાવીની સામે જોયું, 'આપણે માંડ સવાસો કિલોમીટર દૂર છીએ. બહેતર છે કે, એ પહેલાં તું વાત પૂરી કરે...' તેણે ઘડિયાળમાં જોયું. રાજાવત પછી હવે તેને સાહાના ખબર આવવાની પણ રાહ હતી.

—અને રાવીએ ફરીથી વાત માંડી.

'આખી રાત સપનાંઓમાં મને પેશ્વા અને તાત્યાના લડાકુઓ દેખાયા. ક્યાંક બીહડો વચ્ચે ખૂનખાર જંગ જામ્યો હતો... ધોધમાર વરસાદ વચ્ચે વીજળીના ઝબકારાના અજવાસમાં ઘૂઘવતી નદીના કાદવછાયા કાંઠા ખૂંદતા મરાઠા યોદ્ધાઓ ભાગ્યે જતા હતા... વળી ક્યાંક મને તોતિંગ પહાડો વચ્ચેની સાંકડી ઘાટીઓમાંથી પસાર થતી બળદગાડાંની હાર દેખાતી હતી... મારી આંખ ઊઘડી ત્યારે કમરામાં ઉજાસ છવાયેલો હતો. મેં બહાર જઈને જોયું તો વિરમ અને મેજર તૈયાર થઈને બેઠા હતા.'

'આઈ એમ સોરી...' મને સાચે જ મારા ઊંઘરેટા ઘારણ માટે શરમ આવતી હતી. 'તમે મને ઉઠાડી નહિ?'

'ગૂડ મોર્નિંગ માય ગર્લ...' મેજરે હસીને કહ્યું, 'ઊઠતાંવેંત તારા સવાલોનું નાળચું ન તાક...' તેમણે ફ્લાસ્કમાંથી કોફી રેડીને મારા માટે કપ તૈયાર કર્યો. 'તું આ બદતમીઝ છોકરીને કેમ સહન કરી શકે છે, યાર...'

વિરમ મારી સામે જોઈને ફક્ત હસ્યો. 'તમે જ એને ફટવી છે. મારી સાથે તો સીધી જ રહે છે. બાકી, આવી ગુસ્તાખી કરે તો હું તો બે અડબોથ જ ઠોકી દઉં...'

'ઓહ કમઓન... તું રાવીને અડબોથ ઠોકી દે? રાવી જામવાલને? હર હાઈનેસ ઓફ ચમોલીને?? નો વે...'

મેજરને ય મારી ફીરકી ઉતારવામાં મજા આવતી હતી.

'શટઅપ યુ ****...' મેં ખુરશી તેમની નજીક ખસેડતા વિરમનાં ઢીંચણ પર હળવી લાત મારી, 'તારી માને પૂછી આવ, મને અડબોથ મારી શકાય એટલી સૂંઠ એમણે નહોતી ખાધી...' વિરમ અને મારી વચ્ચે ઉંમરનો તફાવત કદી નડ્યો ન હતો. એ મને ક્યારેક મારા જેવડો જ તો ક્યારેક તો મારાથી ય નાનો લાગતો. કામ વખતે અત્યંત ગંભીર થઈ જતો વિરમ ફુરસદની પળોમાં બિલકુલ મસ્તીખોર બની જતો. મેં તેને ધ્યાનથી નીરખ્યો. અત્યારે લાઇટ પર્પલ કલરનો શર્ટ, સ્કાય બ્લૂ જિન્સમાં તે હતો તેથી ય વધુ જાજરમાન લાગતો હતો.

'શું વાત છે વિરમસા'બ, અત્યારમાં સજીધજીને ક્યાં સવારી લઈ જવા ધારો છો?'

'હી ઇઝ ગોઇંગ...' મેજરે ફ્લાસ્ક હઠાવીને ટિપોઈ પર પગ લંબાવ્યા.

'એન્ડ મી??' વિરમ જઈ રહ્યો હતો? ક્યાં? અને તો મારે તેની સાથે નહોતું જવાનું? છેલ્લા દોઢ વરસથી હું લગભગ તેની સાથે જ રહી હતી. ચમોલી, ગુલમર્ગની આવ-જા કરતી રહું, મારી માને મળતી રહું, પણ મોટા ભાગનો સમય વિરમને સોંપાયેલાં ઓપરેશન્સ, તેની સ્ટ્રેટેજી, ફ્યૂચર પ્લાનિંગ વગેરેમાં જ હું તેની સાથે સમય ગાળતી. મેજરે કે વિરમે નામ નહોતું પાડ્યું, પણ મને લાગતું હતું કે એ મારો ટ્રેનિંગ પિરિયડ છે અને વિરમ મારો ટ્રેનર છે... અ પરફેક્ટ ટ્રેનર ફોર મી... મને તેના પ્રત્યે...' તેણે ફરીથી વિરમની સામે જોયું... જોયા જ કર્યું.

'મને ખબર નહિ કે એ દિવસ પછી વિરમ આ હાલતમાં મળવાનો છે...' રાવીનો અવાજ તરડાઈ રહ્યો હતો. 'પેશ્વાના ખજાનાની ભાળ મેળવવા વિરમ કેટલોક સમય અન્ડરગ્રાઉન્ડ થઈ જશે. મારે અહીં જ ગુલમર્ગ અથવા ચમોલી રહેવાનું હતું અને ખપ પડે તો જ મારે તેમાં જોડાવાનું છે એવું મેજરે કહ્યું એથી હું બહુ જ ગિન્નાઈ હતી. ખપ પડે એટલે? વિરમને ખપ પડે તો જ મારે જવાનું એટલે? એને મારો ખપ ન હતો? હું વિરમ પર પણ સખત ગુસ્સે થઈ હતી. મારા રૂમમાં જઈને ક્યાંય સુધી મેં ધમપછાડા કર્યા હતા. બહાર મેજર સાથે બેઠેલા વિરમને મોબાઇલ જોડીને બેફામ ગાળો આપી હતી. મારે કોઈ પણ હિસાબે તેની સાથે જવું હતું. મને એ જ સહજ લાગતું હતું. આઈ ફેલ્ટ લાઇક વી આર ઇનસેપરેબલ... વી આર લાઇક લાઇટ એન્ડ શેડો...'

'તું...' તલ્લીન થઈને રાવીને સાંભળી રહેલા અભિથી તદ્દન સહજ રીતે પુછાઈ ગયું, 'તું વિરમના પ્રેમમાં છે?' અભિના સવાલથી ફોર્ચ્યુનરમાં ઘડીક સ્તબ્ધતા પ્રસરી ગઈ. સુમરાના હોઠ પર સહેજ અમથું સ્મિત ફરક્યું, અને તેના ખંધા ચહેરામાં વિલીન થઈ ગયું. સ્ટિયરિંગ પર ભીંસાયેલાં તેનાં આંગળાં રમતિયાળ અંદાજમાં તાલ દઈ રહ્યાં હતાં. અભિને પહેલી વાર એ વખતે ચૂપ થઈ ગયેલી રાવીના મૌનમાં એક છોકરીના ગાલ પર હોય તેવો શેરડો વર્તાયો હતો.

'ઓહ કમઓન યાર... ટેક ઇટ ઇઝી...' એ બંનેના મૌનથી અભિ વધુ ગૂંચવાતો હતો.

'આઈ ટૂક... એક્ચ્યુઅલી આઈ ડોન્ટ નો...' રાવીએ વિરમના તરડાયેલા ચહેરા પરથી નજર ફેરવ્યા વગર જવાબ આપ્યો, 'આઈ રિયલી ડોન્ટ નો... ઇટ મે બી...' એ અટકી-અટકીને બોલતી હતી અને અભિના ધબકારાનો લય ખોરવાતો જતો હતો, '... ઓર મે નોટ બી સો... મને વિરમ ગમે છે. હી ઇઝ અ જેમ... એ સાલો જેટલો બદમાશ છે એટલો જ સંવેદનશીલ છે. હી ઇઝ રૂથલેસ એન્ડ સેમ વે ઇમોશનલ... હી ઇઝ માય ડ્રીમ મૅન...' તેણે અચાનક ઝાટકા સાથે ઊંચે જોયું, 'બટ ડ્રીમ શૂડ બી મોર સૂધિંગ ધેન રિયાલિટી.'

'એ એકલો જતો હતો અને મારે તેની સાથે નહોતું જવાનું એથી હું ભયાનક ખિજવાઈ હતી. બપોરે મેજર તેને મૂકવા સ્ટેશન ગયા એ પહેલાં વિરમે મારો રૂમ નોક કર્યો હતો. મને કહ્યું હતું કે, આઇ એમ ગોઇંગ, ડોન્ટ યુ વોન્ટ ટુ વીશ મી ગુડ લક? અને મેં ચીસ પાડીને જવાબ વાળ્યો હતો, ભાડમાં જા સાલા... પછી થોડીક વાર સુધી હું ફરીથી રૂમ નોક થાય તેની રાહ જોતી રહી. મેં દરવાજો અધૂકડો જ વાસ્યો હતો. ક્યાંય સુધી નોક ન થયું એટલે હું સફાળી બહાર આવી પણ લાઉન્જમાં કોઈ ન હતું. હું જિપ્સી લઈને પૂરપાટ સ્પીડે સ્ટેશન પહોંચી એ જ વખતે મને ટ્રેનની વ્હિસલ સંભળાઈ... એ જતો રહ્યો હતો.'

'મેજરે મને માંડ સ્વસ્થ કરી હતી. બીજાં કેટલાંક અગત્યનાં કામો છે જેમાં તારી જરૂર પડશે, તારે આરામની પણ જરૂર છે, યુ શૂડ સ્પેન્ડ સમ ટાઇમ વિથ યોર મધર ટૂ એવું બધું કહીને મેજરે મને ચમોલી મોકલી દીધી હતી. ચમોલીની નિરાંતભરી ખુશબોદાર હવા મને બહુ ગમતી, પણ એ વખતે મને બહુ જ ત્રાસ થયો. મેજર મને વિરમ સાથે જોડાવા કહેશે એ આશાએ હું દસ-બાર દિવસે ગુલમર્ગ પહોંચી જતી. વિરમ વિશે એ કશું જ બોલતા નહિ અને મેજરની કડક શિસ્ત મુજબ મારાથી સામેથી કશું તેમને પૂછી શકાતું નહિ.'

'બે મહિના થયા હતા. હું સખત બેચેનીમાં ગુલમર્ગ પહોંચી ગઈ. મેજર બોર્ડર પેટ્રોલ પર હતા અને બે દિવસ પછી કૅમ્પ પર પાછા ફરશે તેવું જાણ્યા પછી હું અમારી નિયત હોટેલમાં રોકાઈ ગઈ. એ દિવસે સાંજે હોટેલની લોનમાં બેસીને મેં કોફી મંગાવી. વેઇટર ફ્લાસ્ક, કપ મૂકી ગયો. મેં કપમાં કોફી રેડી. હું કપ મોઢે માંડું એ પહેલાં હોટેલના યુનિફોર્મ વગરનો કોઈ માણસ મારા ભણી આવ્યો. મને કહે, મૅડમ આપ કે લિયે યે પેપર નેપ્કિન... મને તાજુબી તો થઈ, કારણ કે મેં પેપર નેપ્કિનનું તો કહ્યું ન હતું. મને થયું કે બસ એમ જ આપવા આવ્યો હશે. મેં તેને ટેબલ પર મૂકવા ઇશારો કર્યો. તેણે ટ્રેના ખૂણા નીચે નેપ્કિન્સ મૂક્યા અને અદબભેર ઝૂકીને ચાલતી પકડી.'

'કોફીના બે ઘૂંટ ગળા નીચે ઉતાર્યા પછી અનાયાસે જ મારું ધ્યાન ટ્રેના ખૂણે દબાયેલા પેપર નેપ્કિન પર ગયું અને હું ચોંકી ઊઠી...'

* * *

~

'રોઅરિંગ સાઉન્ડ્સ ડિફરન્ટ. મેઇન્ટેન સાઇલન્સ એન્ડ કીપ ડિસ્ટન્સ.'

'પેપર નેપ્કિનની કિનારી પર ઘૂંટીને લખાયેલા અક્ષરો જોઈને હું છળી ઊઠી. સંદેશો વિરમનો જ હતો તેમાં કોઈ શક ન હતો, પણ વિરમ ક્યાં હતો? અને બિહોલાથી દૂર થવાનું મને કેમ કહેતો હતો? મારી આંખમાં પ્રવેશેલા અક્ષરો દિમાગમાં પહોંચીને અર્થ સ્પષ્ટ કરે એ પહેલાં જ મારા મગજમાં સવાલોનું રમખાણ મચી ગયું.'

'એ સંદેશો વિરમનો જ હતો એવું તું કેવી રીતે નક્કી કરી શકી? અક્ષરો ઉપરથી?'

'સુમરાને એ સમજાશે.' રાવીએ સુમરાની સામે જોયું, સંદેશો મોકલવાની વિરમની પોતાની સ્ટાઇલ હતી.' અભિએ જોયું તો સુમરાના ચહેરા પર પણ હકારનું સ્મિત હતું.

'એ નેટવર્કિંગમાં જેટલો પાવરધો છે એટલો જ કોડ મેકિંગમાં પણ ચબરાક છે. આઈપીએસ લેવલના પોલીસ અફસરોને કોડ મેકિંગ અને કોડ બ્રેકિંગની ખાસ તાલીમ આપવામાં આવે અને એ તાલીમ સાધારણ રીતે આર્મીના ટોચના અફસરો આપતા હોય, પરંતુ વિરમ એક એવો અપવાદ હતો કે ખુદ આર્મી અફસરો પણ કોડિંગ-ડિકોડિંગ માટે તેની મદદ લેતા.'

'હા, મને પણ તેનો અનુભવ છે...' સુમરાએ પણ ટાપશી પુરાવી, 'તેના વિશ્વાસુ વર્તુળમાં આવ્યા પછી તેણે મારા માટે જરૂરી દરેક સંપર્કો, વ્યક્તિઓ, સ્થળો માટે ચોક્કસ સંકેતો બનાવ્યા હતા.'

'પણ એ સંકેતો તો બીજુ કોઈ પણ ઉકેલી શકે ને?' અભિમન્યુ રૂંવેરૂંવેથી પત્રકાર હતો. હરકોઈ સમયે, હરકોઈ હાલતમાં કામનું-નકામું બધું જ જાણવા માટે તેની ઉત્સુકતા બરકરાર રહેતી.

'ના, એ શક્ય નથી. જો એવું જ હોય તો વિરમ તેના નેટવર્કના જે માણસ સાથે સંદેશો મોકલે એ માણસ પોતે જ તેનો અર્થ ન તારવી લે? પણ એવું ન બને, કારણ કે એ મારી અને વિરમની પોતાની ડિક્શનરી હતી. એવી જ રીતે વિરમની અને રાવીની પોતાની એક ભાષા હોઈ શકે.'

'તને સમજાવું...' અભિમન્યુના ચહેરા પરની ગૂંચવણ પારખીને સુમરાએ વધુ વિસ્તારથી સ્પષ્ટતા કરી, 'મને કહે બિયર શબ્દ શું સૂચવતો હશે? ચાલ, ઘડીભર ધારી લે કે તું વિરમનો ખબરી છે. એ તને મારા માટે લેખિત કે મૌખિક એક સંદેશો મોકલે છે, બાર બંધ થાય એ પહેલાં બિયર ખરીદી લે. અથવા તો, બિયરની બોટલ લઈને બુટલેગર નીકળી ગયો છે.'

અભિમન્યુ ઊંચે જોઈને સ્કિયોન મઢેલી ફોર્ચ્યુનરની છતને તાકી રહ્યો, 'નો... આઇ કાન્ટ ઇવન ગેસ...' તેને અટવાયેલો જોઈને સુમરાને મજા આવતી હતી. તેણે ખડખડાટ હાસ્ય વેર્યું, 'વિરમના સાગરીત થવા માટે દોસ્ત, આ બધી તાલીમ લેવી પડે છે... પણ એ કડક તાલીમ પછી તારામાં અને આઈપીએસ અફસરમાં બહુ લાંબો ફરક નથી રહેતો!'

સુમરાની મજાક પર અભિ ય હસી પડ્યો, 'ઓકે, આઈજીપી સુમરા, હવે મને આ બિયરની જફા સમજાવો...'

'એ શબ્દ સાહા માટે છે...'

'અચ્છા...' અભિમન્યુના ચહેરા પર અર્થનું અજવાળુ પથરાતું હતું. 'સાહા કદાચ બિયરનો બંધાણી હશે.'

'ના, જો એ બિયરનો બંધાણી હોત તો વિરમે તેના માટે આ કોડ રાખ્યો જ ન હોત. કારણ કે તો સાહાને ઓળખતો કોઈપણ માણસ આ કોડ ઉકેલી શકે. આ શબ્દ તેને સાહાની મોટા ગોળા જેવી ફાંદ, બિયર બેલી પરથી સૂઝયો. હવે, એક વાર સાહા માટે બિયર શબ્દ નક્કી થઈ ગયો પછી દરેક શબ્દ બિયર સાથે સંબંધિત જ રાખવાનો. જેમ કે, નશો, બુટલેગર, બિયરની બ્રાન્ડ, પ્રોહિબિશન... બાર બંધ થાય એ પહેલાં મતલબ કે સાહા બિઝી થઈ જાય એ પહેલાં મારે તેને મળી લેવાનું છે... બિયરની બોટલ લઈને બુટલેગર મતલબ કે સાહાએ મોકલેલો સામાન લઈને સેવંતીલાલ નીકળી ચૂક્યો છે...'

'ઓહ્હ્હ્...' અભિ તાજુબીથી જોઈ રહ્યો.

'એ જ રીતે બિહોલા માટે મને વિરમે આપેલો કોડ હતો વાઇલ્ડ. એઈ સુમરા, ટેલ મી, તને એણે મારા માટે શું કોડ આપ્યો હતો?'

'જૂગનુ...' સુમરાએ રાવીની સામે જોઈને હળવું સ્મિત કરતાં કહ્યું. 'તું ઓચિંતી ઝબકી જતી, એટલી જ ઝડપથી ક્યાંક અલોપ પણ થઈ જતી. તને કદાચ યાદ હશે, આપણે આ વખતે મળ્યાં એ પહેલાં મેં ભાગ્યે જ તને કદી દિવસ દરમિયાન જોઈ છે. મને હંમેશાં થતું કે આ છોકરી દિવસે કેવી લાગતી હશે...'

રાવી ખડખડાટ હસી પડી અને પછી હળવો નિઃશ્વાસ નાંખીને બોલી ગઈ, 'હા યાર, ભ્રમણાનો કેફ જ એવો હતો કે હકીકતનો ઉજાસ ત્યારે સહન જ ન થઈ શકતો. યુ નો...?' રાવીએ સીટમાંથી આગળની તરફ ઝૂકીને સુમરાના ખભે હાથ મૂક્યો, 'તારો કોડ શું હતો ખબર છે? યુ વેર માઉન્ટ... માઉન્ટ સુમરા...'

—અને બે ય ખડખડાટ હસી પડ્યાં.

'ચંડીગઢમાં પેલા હરવિંદર ચઢ્ઢાની સભામાં તેં બ્લાસ્ટ કરાવ્યો અને તેમાં તને ય ઈજા પહોંચી ત્યારે વિરમે મને મૅસેજ મોકલ્યો હતો, માઉન્ટ એક્સ્પ્લોઝ... અને મને થયું કે તું માર્યો ગયો છે...'

ફરીથી બંનેના ઉન્મુક્ત હાસ્યથી ફોર્ચ્યુનરની છત ગુંજી ઊઠી. અભિમન્યુ એ બંનેના ખડખડાટ હસતા અવાવરું ચહેરા પર ભટકતી ખુશીને એકીટશે જોઈ રહ્યો.

ખાનાબદોશની માફક રઝળી રહેલી આ જિંદગીઓ... તેમની દુનિયા અલગ... તેમનાં મૂલ્યો, તેમના વિચારો ય અલગ... તેમની કરણી ય અલગ, તેમની કહાની ય અલગ અને કહાનીની ભાષા ય અલગ...! હાથે કરીને ખડી કરેલી ભુલભુલામણીઓમાં અથડાતા-કૂટાતા-પછડાતા ક્યાં આ લોકો અને ક્યાં એ પોતે? અભિ તદ્દન મૌનપણે ગાડીના ડૅશબોર્ડને તાકી રહ્યો. વરસાદ વરસાવી દીધા પછી ખાલી થયેલાં ધોળાંફક્ક વાદળોની છાતી ફાડીને હવે આછકલો તડકો વરસી રહ્યો હતો. તડકાના પછડાટથી ચળકતા ડૅશબોર્ડમાં અભિને પોતાની જિંદગીનું પ્રતિબિંબ દેખાતું હતું.

તે જિંદગીભર ઈમાનદાર રહીને પોતાનું કામ કરતો રહ્યો. તેણે કદી જ નૈતિક મૂલ્યોના દાયરાની બહાર પગ ન મૂક્યો, પણ આજે તેને સવાલ થતો હતો. આખરે તેણે કર્યું તો 'પોતાનું' જ કામ ને? તેણે કદી કશું જ ખોટું નથી કર્યું, પણ એ ખોટું કરવાથી બચી શક્યો, કારણ કે તેનું જગત 'હું અને મારું ઘર' એ શબ્દોની ચાર દીવાલમાં સમેટાઈ જતું હતું એટલે તેને કદી નીતિની લક્ષ્મણરેખા ઓળંગવાની નોબત જ નથી આવી.

એ જિંદગીભર એક જવાબદાર નાગરિક તરીકે કાયદો પાળતો રહ્યો. એક એવો કાયદો જે મૂળથી જ

અપાહિજ છે. એક એવી લોકશાહી જેના પાયામાં જ લૂણો લાગેલો છે. એક એવું શાસન જે કદી જ લોકો થકી, લોકો માટે હતું નહિ અને થશે પણ નહિ તેની તેને બરાબર ખબર છે. તો શું એ કાયદો પાળવામાં જવાબદાર નાગરિક તરીકેની ફરજ પરસ્તી હતી કે એવો તકલાદી કાયદો ફગાવી દેવામાં? એ લોકશાહીનાં ગુણગાનનો લાફો પોતાના જ ગાલે મારીને ખુશહાલ દશ્યની લાલીના વહેમમાં જીવ્યા કરવાનું? એ દંભ ન હતો? કાનૂનપ્રિય, શાંતિપ્રિય, બૌદ્ધિક હોવાના અંચળા હેઠળ એ ક્યાંક એટલા માટે તો ચૂપ ન હતો ને કે તેને ખુવાર થઈ જવાનો ડર લાગતો હતો?

પહેલી વાર આજે અભિની વિચારધારા બે અંતિમોની વચ્ચે ઊભી રહી જતી હતી. આજે પહેલી વાર તેને પોતાના બૌદ્ધિકપણાના રૂપાળા, રણકતા, મખમલી સિક્કાની બીજી બાજુએ દંભ, ડર અને સ્વાર્થી સંકુચિતતાનું ભદ્દુ, ખરબચડું, વરવાપણું દેખાતું હતું. આજે પહેલી વાર તેને પોતાના અભિમન્યુપણાનો અહેસાસ થતો હતો. આજે પહેલી વાર તેના પગ તળે વિચારોના કોઠાયુદ્ધનો ચક્રવ્યૂહ દોરાતો અનુભવાતો હતો અને એ મનોમન તેમાં ખુલ્લી આંખે ધસ્યે જતો હતો...

—સાતમા કોઠાનો ભેદ પોતે નથી જાણતો તેની ખબર હોવા છતાં...

*

‘હેઈ... સ્ટોપ ઇટ...’ કશુંક ચળીતર જોઈ ગયો હોય તેમ રાજાવત ચિલ્લાયો. તેના અવાજમાં રહેલો તકાજો પરખાય એ પહેલાં તેની ચીસના વોલ્યૂમને લીધે જ રાજિયાનો પગ અનાયાસે બ્રેક પર જડાઈ ગયો. ખુલ્લી, લિસ્સી સડક પર સનસનાટ ભાગતી હોન્ડા સીઆરવીના ડ્રમ સાથે લાઇનર સજ્જડ ભીંસાયા અને હળવી ચિચિયારી સાથે ગાડી સહેજ ડાબી બાજુ ફંટાઈને ઊભી રહી ગઈ.

‘કે...’ રાજિયાના ગળામાંથી અવાજ હજુ નીકળે એ પહેલાં તો રાજાવતે જમણો હાથ ઊંચો કરીને તેને ચૂપ કરી દીધો. એ તંગ ચહેરે બાજુમાં મૂકેલા ટ્રાન્સમીટરના રિસીવરને જોઈ રહ્યો હતો. પાંપણનું મટકું પણ માર્યા વગર તે ઝીણી આંખે જોતો રહ્યો. ‘નો... ઇટ વોઝ...’ તેણે રિસીવરની સામે જોઈને ડોકું ધૂણાવ્યું, ‘ઇટ વોઝ નોટ એન ઈલ્યૂઝન... હેવ સીન... કશોક ઝબકારો થયો એ મેં બરાબર જોયું...’ ક્યાંય સુધી રિસીવરને ખોળામાં રાખ્યા પછી છેવટે તેણે કંટાળીને સીટ પર બાજુમાં મૂક્યા હતા અને અચાનક જ તેને કશોક ઝબકારો વર્તાયો હતો. તેણે ફરીથી રિસીવર ચેક કર્યું. નાહકના પ્રયાસ તરીકે હલાવી ય જોયું પણ ગનમેટલનું ટચૂકડું રિસીવર સાવ નિષ્પ્રાણ હતું.

‘અરે યાર, મેં બ્લિન્કિંગ લાઇટ ઝબૂકતી બરાબર જોઈ હતી...’ રાજાવત અવઢવમાં બોલી રહ્યો હતો અને રાજિયો રાબેતા મુજબ મિસ્ટર બીન જેવા બાઘા ચહેરે તેની સામે જોઈ રહ્યો હતો.

‘ગાડી સાઇડમાં લઈ લે...’ રાજાવતે બારીમાંથી આસપાસ નજર દોડાવી, ‘એક કામ કર, મોટો ટર્ન લઈને આ ઢાળ ઉતારીને પછી થોડી પાછળ લે...’

રાજિયાએ ગાડી ધીમી પાડી સડકની સહેજ વચ્ચે લઈને ડાબી બાજુ ટર્ન લીધો અને વળી સહેજ રિવર્સ લઈને પછી આગળના ઢાળ ભણી હંકારી.

‘હેઈઈઈઈ... સ્ટોપ... સ્ટોપ...’ હરામીના પેટમાં ધ્રાસકાની આંટી પડી જાય એટલા જોરથી રાજાવત ફરીથી ચિલ્લાયો. ‘આવે છે... આવે છે...’

'કોણ આવે છે?' ફફડી ગયેલો રાજિયો ડ્રાઇવિંગ સીટ પર સતર્ક થઈને આજુબાજુ જોવા લાગ્યો.

'અરે ગધેડા, ક્યાં ડાફોળિયાં મારે છે? અહીં આવે છે... તારો બાપ... આ ડાબલીમાં સિગ્નલ આવે છે...' રાજાવત ઉન્માદભેર રિસીવરમાં બ્લિન્ક થતી લાઈટને જોઈ રહ્યો હતો. નાનકડા મોબાઇલ હૅન્ડસેટની સાઇઝના મેટલિક સિલ્વર કલરના રિસીવરમાં હવે સિગ્નલના બે પોઇન્ટ ઝબકી રહ્યા હતા. મતલબ કે, ટ્રાન્સમીટર ચિપકાવેલી ગાડી બે કિલોમીટરની રેન્જમાં જ ક્યાંક હતી. એ ગાડી આગળની તરફ હશે કે પાછળથી આવી રહી હશે?

'ઊતર...' રાજાવતે ત્વરાથી દરવાજાનો નોબ ખેંચ્યો અને લાત મારીને દરવાજો ખોલતાં કહ્યું. ડઘાયેલો રાજિયો હજુ ય સમજી શકતો ન હતો કે આ અડબંગ શું કરવા માંગે છે. 'બાજુની સીટ પર જતો રહે...' રાજાવતે ડ્રાઇવર સાઇડનો દરવાજો ખોલીને તેને હડસેલ્યો અને પોતે સ્ટિયરિંગ હાથમાં લીધું. રિસીવર તેણે ટેકોમીટરના ડિસ્પ્લે પર આંખ સામે ગોઠવ્યું અને એક્સિલરેટર પર પગ ભીંસીને એન્જિન રાઉસ કર્યું. ઝાટકાભેર ગાડી ગિયરમાં નાંખીને ક્લચ છોડ્યો એ સાથે 2400 હોર્સપાવરની સીઆર-વી ચિત્તાની માફક છલાંગ લગાવતી આગળની તરફ ઊડી.

સાહાની ગાડી જો આગળ જઈ રહી હશે તો નજીક આવતાં રિસીવરના સિગ્નલ વધુ શાર્પ થશે અને જો પાછળ હશે તો દૂર જવાથી સિગ્નલ બંધ થઈ જશે એ ગણતરીએ રાજાવતે વીજળીની ત્વરાથી ગાડી ભગાવી હતી. લગભગ અડધો કિલોમીટર પર સિગ્નલ ઝાંખા થઈ ગયા હતા અને થોડી વારમાં રિસીવર ચૂપ થઈ ગયું હતું. પૂરપાટ વેગે ભાગતી ગાડીમાંથી તેણે આસપાસ નજર દોડાવી. પાંચ-સાત કિલોમીટર પછી તેણે ગાડી ધીમી પાડી અને સડકની ડાબી તરફ નીચે ઉતારી.

પહાડ કાપીને બનાવાયેલી સડકની સમાંતરે ખડકાળ જમીન નીચે ખીણની દિશામાં ઢાળ ઊતરતી હતી. રાતભર ઝીંકાયેલા વરસાદને લીધે ચારે બાજુ પાણીનાં ખાબોચિયાં ભરાયેલાં હતાં. રાજાવતે સફાઈપૂર્વક ખડકોની વચ્ચેથી ગાડી હંકારીને રસ્તાથી ખાસ્સી નીચાણમાં લીધી અને રિયર વ્યૂ મિરરમાં જોયું. ના, હજુય સડક પરથી પસાર થતાં વાહનમાંથી કોઈ નજર કરે તો તેમને સીઆર-વી દેખાઈ જાય અને અંતરિયાળ પડેલી ગાડી જોઈને તેમને વહેમ જાગે જ. રાજાવતે ફરીથી ગાડી રાઉસ કરી અને વધારે નીચે ઉતારી.

હવે જરાક ચૂક થાય તો નીચેની તરફ સીધી ખીણ ફંટાતી હતી અને રાજાવત સાલો દાંત ભીંસીને ગાડીને વધુ ને વધુ નીચે ઉતારી રહ્યો હતો. રાજિયો અધ્ધર શ્વાસે જોઈ રહ્યો. આઠ-દસ માથોડાં ઊંચા રાવણતાડનાં છૂટાંછવાયાં ઝાડ વચ્ચેની જગ્યામાં કોકમનાં ઘટાદાર વૃક્ષો અડાબીડ ઘેરાયેલાં હતાં. રાજાવતે સલૂકાઈથી સ્ટિયરિંગ ઘુમાવીને ગાડી એ તરફ વાળી.

'હજુ ય કેટલોક ઢાળ ઉતારવો છે?' છેવટે રાજિયાથી બોલ્યા વગર ન રહેવાયું.

'ગાડી ભલે ઢાળ ઊતરે રાજિયા...' તેણે ત્વરાથી સ્ટિયરિંગ ઘુમાવતાં કહ્યું, '...પણ આપણું કિસ્મત ઉપર ચડી રહ્યું છે.'

ખિસ્સામાંથી સિગારેટનું પાકીટ કાઢીને એક સિગારેટ રાજિયાને ધરી અને પોતે ય જલાવી. ટેકોમીટરના ડિસ્પ્લે પર પડેલું રિસીવર ઉઠાવ્યું. તેના ચહેરા પરના અકથ્ય ભાવ વાંચવા રાજિયો મથી રહ્યો.

રાજાવતના ચહેરા પર સાહા આવી રહ્યાની ખુશી હતી અને પોતે વિનિંગ પોસ્ટ પર ઊભો હતો તેની ગુસ્તાખી હતી.

*

‘અહીંથી આપણે છૂટા પડવું પડશે...’

દૂરથી હાથખંભા ગામનાં મકાનો દેખાતાં થયાં એ પહેલાં સુમરાએ ગાડી થંભાવી દીધી હતી. આકાશમાં વળી વાદળોનો મેઘાડંબર ઘેરાવા લાગ્યો હતો. દખ્ખણિયા વાયરામાં વર્તાતો ખાર દરિયાની નજદીકીનો અહેસાસ કરાવી રહ્યો હતો. સોપારી, નાળિયેરી, જાંબુડા સડકની સમાંતર હારબંધ હિલોળાઈ રહ્યાં હતાં. તોતિંગ ખડકની બિહામણી કરાડ, ઘેરાતાં વાદળના ઓછાયા તળે વધારે કાળમીંઢ લાગતી હતી.

‘ગમે ત્યારે વરસાદ તૂટી પડશે. એ પહેલાં જ આપણે છૂટાં પડી જઈએ...’

‘છૂટાં પડી જઈએ... મતલબ?’ અભિને કે રાવીને હજુ સુમરાનો વ્યૂહ સમજાતો ન હતો.

‘હું સિસ્કોને મળવા જાઉં છું એ દરમિયાન તમે આસપાસમાં ક્યાંક ગાડીમાં મારી રાહ જુઓ...’ સિસ્કોને મળ્યા પછી આ આખા મામલા અંગે તેનું વલણ ન જાણે ત્યાં સુધી સુમરા આ લોકોને તેની સામે લાવવા નહોતો ઇચ્છતો.

‘એ હાથખંભામાં જ રહે છે?’ રાવીને ય સુમરો છૂટો પડે એ જચતું ન હતું.

‘ના, પણ એવું કહી શકાય કે એ આ આખા વિસ્તારમાં બધે જ રહે છે...’ સુમરાની આંખોમાં મજાકનું તોફાન હતું પણ અવાજની નક્કરતામાં કદાચ નર્યું સત્ય પડઘાતું હતું. હવે સિસ્કોની કૂંડળી ખોલવી પડે તેમ હતી. વિરમને તાત્કાલિક સારવાર મળે તેવી વ્યવસ્થા સિસ્કો જ ગોઠવી શકે.

‘બટ યુ વિલ હેવ ટુ ટેલ મી હુ ધ હેલ ધિસ સિસ્કો ઇઝ...’ રાવીના અવાજમાં નામરજીભરી મક્કમતા હતી. ‘એ વગર હું વિરમને તેના હવાલે ન કરવા દઉં...’

વખતનાં વાજાં વખતે જ વગાડી જાણતો સુમરો અત્યાર સુધી મૌન હતો, પણ હવે સિસ્કો વિશે માંડીને કહેવાનો વખત આવી ગયો હતો. કારણ કે હવે તેમનો કાફલો સિસ્કોની હદમાં આવી ચૂક્યો હતો. તેણે ડ્રાઇવર સીટ પાછળની તરફ સહેજ ઝુકાવી, એકધારા ડ્રાઇવિંગથી અકડાયેલું શરીર તંગ કર્યું અને આળસ મરડીને વાત માંડી...

સિસ્કો ડેલગાડો ખાનદાની ખેપાની હતો. તેનો પરદાદો ગાર્સિયો ડેલગાડો પોર્ટુગીઝ સૈનિક અને કોંકણી સ્ત્રીના સંસર્ગનું ફરજંદ. સૈનિક તો પોર્ટુગલ ભેગો થઈ ગયો પણ મા સાથે અહીં જ રહી ગયેલો ગાર્સિયો પોર્ટુગીઝની ક્વેરા તરીકે ઓળખાતી વસાહતોની આસપાસ ઊછર્યો. સ્થાનિક કોંકણીઓ માટે તે ઉપાલંભ અને તિરસ્કારનું પાત્ર હતો અને પોર્ટુગીઝ માટે તે કોંકણી હતો. બાળપણથી જ હડધૂત થતો ગાર્સિયો છેવટે બેઉની સાથે બાથ ભીડીને બેઠો થયો.

બાર-પંદર વર્ષની ઉંમરથી મછવો હંકારતા થઈ ગયેલા ગાર્સિયોએ બાળપણથી જ દરિયાની હવા પચાવી લીધી હતી. એ ઉંમરે જ ગેંગ બનાવીને બાળપણની દાઝ કાઢવા મધદરિયે કોંકણીઓના મછવા લૂંટીને ડુબાડવાના ચાળે ચડી ગયેલો ગાર્સિયો વીસ વર્ષનો થયો ત્યાં તો નેરળની ખાડીમાં તેની હાક વાગવા માંડી હતી. દરિયે મછવા ઉતારવા અને માછીમારી માટેનો વિસ્તાર આંકવાથી શરૂ થયેલી તેની ઠકરાત એ મર્યો ત્યાં સુધીમાં રજવાડું બની ચૂકી હતી.

ગાર્સિયો પછી તેના દીકરા મારિયો ડેલગાડોએ કારોબાર બમણો વિકસાવીને નેરળથી ઉત્તરે છેક ખેરવા અને ફાગળના કાંઠા સુધીનો વિસ્તાર કબજે કરી લીધો હતો. એ અરસામાં અંગ્રેજો અને પોર્ટુગીઝો વચ્ચે શીતયુદ્ધ ચાલતું હતું. બેયના ગવર્નરે એકમેકના હિતમાં ચંચુપાત ન કરવા સમાધાન કરી લીધેલું, પણ નીચેના સ્તરે પ્રોક્સીવોર જારી જ હતી.

બદમાશ અંગ્રેજો કોંકણકાંઠાના ભોંસલે અને સાવંત શાખના માથાફરેલા મરાઠાઓને સાધીને પોર્ટુગીઝ વિસ્તારમાં પેશકદમી કરતા જતા હતા. ત્યારે પોર્ટુગિઝની તરફેણમાં મરાઠાઓનાં વ્હાણ સામે બાથ ભીડવાનું જોખમી કામ મારિયો ડેલગાડોએ સંભાળ્યું હતું. બસ, એ પછી ડેલગાડો અહીંનો બિનઘોષિત હાકેમ ગણાવા માંડ્યો હતો. પોર્ટુગીઝ ગવર્નર જોસ રિકાર્ડો કેબ્રાલના વખતમાં તો એવું કહેવાતું કે શાસનના અસલી હુકમો બમ્બોલિમના વિલા-દ-ડેલગાડોમાંથી નીકળતા અને પછી ગવર્નર હાઉસ તેના પર રુક્કો મારતું.

સાઠના દાયકામાં પોર્ટુગીઝે તો વિદાય લેવી પડી અને ભારત સરકારનું શાસન સ્થપાયું, પણ એ પછી ય ચોક્કસ વિસ્તારોમાં ડેલગાડોની આણ યથાવત્ રહી હતી. ગુનાખોરી અને રાજકારણ, સત્તાના સિક્કાની એ બે ય બાજુમાં બરાબર પલોટાયેલો સિસ્કો ડેલગાડો આજે પણ સો કિલોમીટરના દરિયાકાંઠાનો હાકેમ જ હતો. હકીકતમાં તો એ સીધી રીતે એકે ય ગોરખધંધામાં ન હતો અને હકીકત એ પણ હતી કે એક પણ ગોરખધંધો સિસ્કોનો સિક્કો વાગ્યા વગર ચાલી શકતો ન હતો.

'ઇટ્સ ઓકે...' રાવીએ હવામાં તાકીને કહ્યું. એ કદાચ સિસ્કોનો ચહેરો ધારી રહી હતી. 'વિરમ જ્યાં હોય ત્યાં કોમ્યુનિકેશન...'

'એ બધું જ મારા ખ્યાલમાં છે, પણ...' સુમરાએ ફોર્ચ્યુનરનું એન્જિન સ્ટાર્ટ કર્યું, 'એ પહેલાં આપણે બરખોલની દીવાદાંડીનો રસ્તો જાણી લઈએ...'

બે-ત્રણ ખેતરવા જેટલા અંતર પછી નાનકડા ગારમાટીનાં, નાળિયેરના પાનની છાજલી મઢેલાં ઝૂંપડાંઓ શરૂ થઈ ગયાં. એક ઝૂંપડા પાસે જાંબુડાના ઝાડ નીચે બનાવેલા ઓટલા પર જઇફ વયના ચાર-પાંચ આદમીઓ બીડી ફૂંકી રહ્યા હતા. ફોર્ચ્યુનર ત્યાં ખડી કરીને સુમરો નીચે ઊતર્યો અને દૂરથી જ તેણે અદબભેર હાથ ઊંચો કર્યો, 'રામ રામ મંડળી...'

'રામ...' બીજા આદમીઓ આ અજાણ્યા આગંતુક અને ચકચકતી ગાડીને તાજુબીથી નિહાળી રહ્યા હતા ત્યારે એક હોંશીલાએ સુમરાના અભિવાદનનો જવાબ દઈ દીધો.

'અણ્ણા, બરખોળ જાયચા રસ્તા કોણચ્યા બાજુ લા આહે?'

'બરખોળ? ફૂડે જાઉન ડાવ્યા બાજુ લા દરિયા ચી દિશે લા ચાલાલા લાગા. (ડાબી બાજુ દરિયાની દિશાએ ચાલવા માંડો.) સાત કિલોમીટર નંતર બરખોળ યેઈળ.' (સાત કિલોમીટર પછી બરખોળ આવશે.)

'આણિ દીપસ્તંભ?' સુમરાએ વિવેક કરતાં તેમની સામે સિગારેટનું પાકીટ ધર્યું.

'કોણ ચા દીપસ્તંભ?' પાકીટમાંથી ચપોચપ ખાલી થઈ રહેલી સિગારેટને બદલે સુમરાનું ધ્યાન સવાલ પૂછનારા ભણી ફંટાયું.

'દીપસ્તંભ મતલબ દીવાદાંડી... બરખોળ ચ્યા દીપસ્તંભ... લાઇટહાઉસ...' સુમરાને એમ કે આ લોકો દીવાદાંડીને કંઈક બીજું કહેતા હશે એટલે તેણે આવડતી હતી એ દરેક ભાષામાં લાઇટહાઉસનો તરજુમો કરી

નાંખ્યો અને આટલું ઓછું હોય તેમ હાથ વાંકોચૂકો કરીને દીવાદાંડીનો ઢંગધડા વગરનો આકાર પણ દર્શાવી દીધો.

'હો... હો...' ધોળી બીડી મોંમાં મુકાયા પછી બાકીના જઇફ પણ ખીલ્યા. '...પણ કોણ ચ્યા દીપસ્તંભ? બરખોળ લા તીન દીપસ્તંભ આહે. તુમ્હાલા કોણચ્યા દીપસ્તંભ લા જાયચં આહે?' (બરખોળની ત્રણ દીવાદાંડી છે. તમારે કઈ દીવાદાંડીએ જવું છે?)

સુમરાથી મનોમન ગાળ નીકળી ગઈ... એક લાઇટહાઉસમાં ક્યાં માથા પટકવા તેની ગતાગમ ન હતી ત્યાં હવે ત્રણ-ત્રણ દીવાદાંડી નસીબ આડે ચણાઈ ગઈ હતી.

તકદીર પણ સાલું શું નાચ નચાવતું હતું!

* * *

~

'શું કહ્યું એમણે? વિરમના કાંડાની નસમાં લગાવેલ બટરફ્લાય નિડલ સાથે જોડેલી સેલાઇનની ટ્યૂબને સંભાળતાં રાવીએ અધીરાઈપૂર્વક પૂછી લીધું. ચોરા પાસે જઈને વાત કરી રહેલા સુમરાને તે આતુરતાપૂર્વક જોઈ રહી હતી. અભિને પણ હવે લાઇટહાઉસ નજીક પહોંચ્યાનો અજંપો ઘેરી વળ્યો હતો.

સુમરો કશું જ બોલ્યા વગર ગાડીની અંદર ગોઠવાયો. ઇગ્નિશન ઘુમાવીને એન્જિન સ્ટાર્ટ કર્યું. ચોરા પર બેઠેલા આદમીઓ એકીટશે ગાડીને જોઈ રહ્યા હતા. સુમરાએ ગાડીનો કાચ નીચે ઉતાર્યો અને બે-ચાર પેઢીનો સંબંધ હોય તેવી આત્મીયતાથી કહ્યું, 'ચલા મંડળી, રામ...રામ...'

'એ રામ...' સુમરાએ ધરેલી 'ધોળી બીડી'ના ધુમાડા કાઢતાં એ સૌએ ય હાથ ઊંચો કરીને જવાબ વાળ્યો. ચોરો દેખાતો બંધ થયો પછી સુમરાએ જોયું તો રાવી અને અભિ બંને ઉત્સુકતાભેર તેને તાકી રહ્યાં હતાં.

'શું જુઓ છો યાર??' તેણે કૃત્રિમ અકળામણના ભાવથી પૂછ્યું.

'કમઓન, જવાબ તારે આપવાનો છે...' હવે અભિમન્યુની પણ ધીરજ ખૂટી હતી, 'લાઇટહાઉસ કેટલે દૂર છે?'

જવાબમાં ફોર્ચ્યુનરના બંધ કાચની સ્તબ્ધતા વચ્ચે સુમરાનું અટ્ટહાસ્ય ફંગોળાયું. ક્યાંય સુધી ખડખડાટ હસ્યા પછી તેણે ટોળમાં સામો સવાલ કર્યો, 'બરખોળ ચ્યા તીન દીપસ્તંભ આહે. તુમિ કોણ ચા બાજુ લા જાગુલા?'

'મતલબ?' અભિ અને રાવી બંનેથી એકસાથે પુછાઈ ગયું.

'એ જ તો હું ય પૂછું છું...'

'પણ શું?' રાવીના ચહેરા પરની અકળામણ જોઈને સુમરાને લાગ્યું કે હમણાં એ લાફો ખેંચી લેશે.

પણ સુમરો ય ગમ્મતના ભાવમાં અકળામણ કાઢી રહ્યો હતો, 'હું પણ એ જ તો પૂછું છું કે આનો શું મતલબ? એક દીવાદાંડીએ જઈને શું મોર મારવા તેનાં ઠેકાણાં નથી અને અહીં ત્રણ-ત્રણ દીવાદાંડી છે...'

'ઓહ ...' રાવીના મોંમાંથી ગાળ નીકળી ગઈ.

ખાસ્સી વાર સુધી એન્જિનની આછેરી ઘરઘરાટી વચ્ચે ઘૂમરાતી સ્તબ્ધતામાં ત્રણેયની અવઢવ વલોવાતી રહી. હાથખંભા ગામનાં ઝૂંપડાં દૂર જઈ રહ્યાં હતાં અને સડકની બંને તરફ ઝિયાઉદ્દીન સરકારની મજાર તરફ જતો રસ્તો સૂચવતા લીલો પરચમ બાંધેલાં પાટિયાં દેખાવાં લાગ્યાં હતાં. સુમરાએ પથરાળ સડકની ધાર પર ફોર્ચ્યુનર ઊભી રાખી. ત્રણે ય ગાડીની બહાર નીકળ્યાં. દૂર ઉપરવાસમાં પડી રહેલા વરસાદની ભીની સોડમને સૂંઘતો અભિમન્યુ ગરદન ઊંચી કરીને આસપાસનો નજારો જોઈ રહ્યો.

ભીષણ પહાડો વચ્ચે કુદરતે અજાયબ કાપાઓ મૂકીને આ ધરતી કંડારી હતી. લાખો વર્ષ પહેલાં સૃષ્ટિના સર્જનકાળે પ્રસવવેદના અનુભવતી ધરતીએ સહેલી ઊથલપાથલ છેવટે ઠરીઠામ થઈને અહીં ચોતરફ નિસર્ગમાં પથરાઈ ગઈ હતી. ડાચું ફાડીને ઊભેલા રુદ્રના ખપ્પર જેવા તોતિંગ પહાડો, પહાડોની આંગળી ઝાલીને જોજનો સુધી લંબાતી ખીણ, ખીણમાં ચોમાસાનો ઉન્માદ ઓઢીને ફૂંફાડા મારતી નદીઓ, નદીના કાંઠે ઓવારણાં લેવા ધસમસતાં ઘટાટોપ જંગલો, જંગલોની છાતી માથે ઝળૂંબતી બિહામણી કરાડો, કરાડના

કાળમીંઢ ખડકોને આંટો વાઢીને ખીણમાં પછડાતાં ઝરણાંનો શરારતી કલરવ... અભિની મુગ્ધ આંખોમાં તાજગી અંજાતી જતી હતી.

'સુમરા...' શૂન્યમાં તાકીને છેવટે તેણે મૌન તોડ્યું, 'જો બિયર એટલે બિયર નથી, વાઇલ્ડ એટલે જંગલ નથી, માઉન્ટ એટલે પહાડ નથી અને જો જૂગનુ એટલે આગિયો નથી...' તેણે પહાડો પરથી નજર હઠાવીને સુમરાની સામે જોયું, 'તો પછી લાઇટહાઉસ એટલે લાઇટહાઉસ જ હોય એ જરૂરી છે?'

અભિના સવાલથી કંઈક રસ્તો સૂઝવાની આશાએ ત્રણેયના ચહેરા પર ચેતન ઊભર્યું.

'અફકોર્સ નોટ...' રાવીએ તરત ઝુકાવ્યું, 'વિરમ જે શબ્દ વાપરે તેમાં દેખીતો અર્થ અને વિરમ સૂચવવા માંગતો હોય એ અર્થ અલગ જ હોય...'

'ધેન વ્હાય વી આર રનિંગ બિહાઇન્ડ એક્ચ્યુઅલ લાઇટહાઉસ??'

'બિકોઝ હી હેઝન્ટ ગિવન એની વર્ડ રિલેટેડ વિથ લાઇટહાઉસ એઝ અ કોડ'

'તને વિરમનો મેસેજ મળ્યો કે લાઇટહાઉસમાં જા... એ પછી તરત તેં શું કર્યું?' આઈ મીન... તારું એક્સ્ટેમ્પોર રિએક્શન શું હતું? તને શું વિચાર આવ્યા? તેં શું-શું ચેક કર્યું? આઈ વોન્ટ ટુ નો યોર વે ઓફ થિંકિંગ એન્ડ લાઇન ઓફ એક્શન... તને ગુલમર્ગમાં વિરમનો સંદેશો મળ્યો ત્યાંથી લઈને આપણે મળ્યા ત્યાં સુધીનું બધું જ...' અભિને દૃઢ ખાતરી હતી કે અર્થઘટનની ગફલતમાં જ ક્યાંક સાચો અર્થ અટવાયેલો હોવો જોઈએ.

રાવીને અભિનો સવાલ અકળાવતો હતો, પણ ચારેબાજુથી સલવાયા પછી રસ્તો શોધવા માટે આવું બ્રેઇનસ્ટોર્મિંગ કરવું જરૂરી હતું.

'વિરમનો મૅસેજ મને મળ્યો ત્યારે હું તીવ્ર અવઢવમાં મુકાઈ ગઈ હતી. એ મને બિહોલાથી દૂર જવા સૂચવતો હતો એ સ્પષ્ટ હતું, પણ તેનું કારણ મને સમજાતું ન હતું. મેં ઘડીભર બિહોલાને જ આ મૅસેજ વિશે માહિતગાર કરવાનું વિચારી લીધું, પણ એ જ ઘડીએ પેપર નેપ્કિનમાં ઘૂંટેલા અક્ષરો મારી આંખ સામે ડોકાઈ રહ્યા હતા... મેઇન્ટેઈન સાઇલન્સ એન્ડ કીપ ડિસ્ટન્સ... વિરમ અકારણ આવું ન જ કહે. કશુંક એવું હોવું જ જોઈએ. છેવટે મારી માની નાજુક તબિયતનું બહાનું કાઢીને બિહોલાને સંદેશો મોકલાવીને હું ગુલમર્ગથી નીકળી ગઈ. એ પછી ચમોલીમાં મેં બે મહિના વિતાવી દીધા. વિરમનો કોઈ સંદશો ન હતો. છેવટે મેં સાહાને મળવાનું વિચાર્યું, કારણ કે આખરે વિરમનો ગોડફાધર એ હતો, પણ હું સાહાને મળું એ પહેલાં તારા જ અખબારમાં મેં વિરમના લાપતા થવા વિશે વાંચ્યું.'

'ખજાનો મળે તો વિરમ કે બિહોલા તેનું શું કરવા ધારતા હતા? આઈ મિન, વિરમનો પોઇન્ટ ઓફ વ્યુ...'

'જિગ્ની અને પછી ગ્વાલિયરની હોટેલમાં પણ વિરમની દલીલ એક જ હતી. એ વખતે ફિરૌતી, બ્લૅકમેઇલિંગ, શસ્ત્રોની હેરાફેરી જેવા કંઈક ગોરખધંધા કરવા પડતા હતા. ફંડ માટે એ બધું જરૂરી હોવાનું બિહોલાનું કહેવું હતું. વિરમે એ બધું કર્યું પણ હતું પણ હવે આ ખજાનાની શોધ માટે તેની દલીલ એવી હતી કે જો આ ખજાનો હાથ કરી શકાય તો ગોરખધંધા તો છોડો, એક આખું લશ્કર ખડું થઈ શકે તેમ હતું. સિસ્ટમની બહાર રહીને સિસ્ટમના ચાલક બનવાની બિહોલાની નીતિને ય એ અનુરૂપ લાગતું હતું.'

'સો યુ મીન, વિરમ એ ખજાના વડે પૅરેલલ આર્મી ખડી કરવાના પ્લાનમાં હતો?'

'નોટ એક્ઝેક્ટલી બટ મે બી લાઇક ઇટ... એ પછી તરત વિરમ રવાના થઈ ગયો અને અમારો સંપર્ક કપાઈ ગયો હતો. મિશનનો કડક નિયમ હતો, જે એકને ખબર છે એ બીજાને ખબર ન જ હોય, પરંતુ વિરમના લાપતા થવાની વાત અખબારમાં મેં વાંચી. સાહાનું જ ગૃહમંત્રાલય તેમાં હકાર ભણતું હતું તેનો સીધો અર્થ એ હતો કે વિરમનું અન્ડરગ્રાઉન્ડ થવું મારા સિવાય સાહા પણ જાણતો હતો અને એવું જાહેર કરીને એ જાણી-જોઈને વિરમ માટે મુશ્કેલીઓ વધારી રહ્યો હતો. એટલે મેં સાહાને ય મળવાનું ટાળ્યું. મારા માટે હાલત બહુ જ કફોડી હતી. હવે મારે બિહોલા ઉપરાંત સાહાથી ય છુપાવાનું હતું અને વિરમને શોધવાનો હતો. એ દરમિયાન મને વિરમનો મેઇલ મળ્યો. આઈડી તેનું ન હતું પણ મોકલનારે મારો કોડ લખ્યો હતો. એટલે એ વિરમના કહેવાથી જ મેઈલ થયો હોય. એ મેઇલમાં બીજુ કશું જ ન હતું. ફક્ત એક નકશો હતો, જે તેં હિંદવાણની ખાડીએ થયેલી અથડામણ વખતે મારા આઈફોનમાંથી તફડાવ્યો હતો.'

રાવીએ ગાડીની અંદર નજર ફેંકીને વિરમના લોહીમાં ભળી રહેલા સેલાઇનનો ફ્લો ચેક કર્યો અને ઊંડો શ્વાસ છોડીને ફરીથી વાતનો તંતુ સાંધ્યો, 'હું ચૂપકીદીપૂર્વક વિરમનાં વિશ્વાસુ ઠેકાણાં, માણસોને લિસ્ટ આઉટ કરીને ચેક કરી રહી હતી. નકશાનો કોયડો હજુ ય હું ઉકેલી શકતી ન હતી. ત્યાં એક દિવસ મને હોટેલ લાઈટહાઉસના મૅનેજરે એક બોક્સ આપ્યું. એ બોક્સમાં એક જૂતું હતું, જેના તળિયે લખ્યું હતું... લાઇટહાઉસમાં જા...'

'ફક્ત આટલું જ? એ શેનાથી લખાયેલું હતું? બોલપેનથી?'

'હા, એ ઉપરાંત વાક્યની ઉપર એકની અંદર બીજું એવાં ત્રણ સર્કલ પણ દોરેલાં હતાં.'

'ઓહ્‌હ્... તો આપણે કેમ ધારી લઈએ છીએ કે, એ લાઇટહાઉસ એટલે દીવાદાંડી જ હોય? લાઇટહાઉસ શબ્દ વડે વિરમનો કોઈ સંકેત ન હોઈ શકે?' અભિને હજુ ય પોતાની શંકામાંથી વિશ્વાસ ડગતો ન હતો.

'બટ આઈ એમ ડેમ સ્યોર, તેણે મને લાઇટહાઉસ કે લાઇટહાઉસ સંબંધિત કોઈ શબ્દ ક્યારે ય આપ્યો જ નથી. એટલે મેં શરૂઆતમાં તો લાઇટહાઉસ શબ્દને જ પકડ્યો અને હોટેલ લાઇટહાઉસની જ છાનબીન કરી નાંખી. ત્યાં ઊતરેલા ટૂરિસ્ટનું રજિસ્ટર ફેંદી નાંખ્યું. ત્યાંનો એક-એક ખૂણો ય ઉપરતળે કરી નાંખ્યો. બટ ઇટ વોઝ નોટ ધ સેઈમ વ્હિચ વિરમ સપોઝડ ટૂ ઇન્ડિકેટ. સાહા હવે ખુલ્લે આમ વિરમને ખતમ કરી દેવાની પેરવી કરી રહ્યો હતો. મતલબ કે બિહોલાની એમાં સંમતિ હોય તો જ સાહા એવી હિંમત કરી શકે. વિરમનો કોઈ પત્તો ન હતો. એ મને ભેદી રીતે પહેલાં નકશો મોકલતો હતો અને હવે આ જૂતું... હું ભયાનક ગૂંચવાઈ ગઈ. છેવટે મેં કોઈ પણ હિસાબે વિરમને શોધવાનું નક્કી કર્યું અને એમ માનસિંહ મહાલ પહોંચી.'

'એવું બની શકે કે તે કોઈ વ્યક્તિ કે કોઈ જગ્યાને જોખમથી દૂર રાખતી ગણતો હોય...?' રાવીની કેફિયત છતાં અભિને હજુ ય સંતોષ ન હતો. તેણે નવો તર્ક આદર્યો, 'જસ્ટ થિન્ક, લાઇટહાઉસ હોય છે શેના માટે? મધદરિયે વહેતાં જહાજોને કાંઠાના ખરાબાથી દૂર રાખતો ઉજાસ... રાઇટ?'

અભિના સવાલોથી રાવી અને સુમરા બંનેના ચહેરા પર વિમાસણ પથરાઈ રહી હતી. એ પારખીને અભિએ વધુ સ્પષ્ટતાભેર સવાલો ફેંક્યા, 'લિસન મી કેરફુલી, હું સુમરાને શોધી રહ્યો હતો ત્યારે ઇન્તાઝ મલેકના કહેવાથી મામદની લારીએ પહોંચ્યો અને પછી સુમરાને મળીને આ આખા કમઠાણમાં ફસાઈ ગયો. નાવ થિન્ક ડિફરન્ટ લાઇક વિરમ, ધારો કે એ સમયે મને મામદે ચેતવ્યો હોત અને હું પાછો વળી ગયો હોત તો મેં કદાચ વિરમની માફક મામદ માટે કે તેની લારી માટે લાઈટહાઉસ કોડ બનાવ્યો હોત, કારણ કે સુમરાને મળ્યા પછી મારી જિંદગીમાં આવી શકનારા તોફાનથી તેણે મને બચાવ્યો... વિરમે પોતાના સંદર્ભે આવું કોઈ વ્યક્તિ, કોઈ

સ્થળ, કોઈ ઘટના માટે કહ્યું હોય તેવું બન્યું છે?'

અભિએ લડાવેલા આ તર્કથી રાવી અને સુમરો બંને દિગ્મૂઢ થઈ ગયાં.

'મને લાગે છે કે, લાઇટહાઉસ તો ખરેખર કોઈક દીવાદાંડી જ હોવી જોઈએ...' સુમરાએ ફોર્ચ્યુનરનું બોનેટ ખોલીને વાઇપર કિટમાં પાણીની બોટલ ઠાલવતા કહ્યું, 'એવું માનવાનાં કેટલાંક કારણો છે. નંબર વન, તેણે રાવીને જૂતાં પર લખીને લાઇટહાઉસમાં જવા કહ્યું. નંબર ટુ, એ ખજાનાની શોધમાં હતો અને પછી તેનો કોઈ સંપર્ક નથી, નંબર થ્રી, એ બાવાપીરની દરગાહેથી ઝડપાયો અને દરગાહનો મુંજાવર આપણને કહે છે કે તે ઝિયાઉદ્દીન સરકારની મજારથી આવ્યો હતો. નંબર ફોર, નાનાસાહેબ પેશ્વાના દસ્તાવેજોમાં જે સ્થળો છે એ દરેક આ વિસ્તારમાં છે. એન્ડ મોસ્ટ ઇમ્પોર્ટન્ટ નંબર ફાઇવ, આ જગ્યાએ લાઇટહાઉસ પણ છે. મને લાગે છે કે આપણે પ્રોપર ડિરેક્શનમાં જ છીએ...'

'પણ લાઇટહાઉસ ત્રણ છે તેનું શું? માથાં ક્યાં પટકવા એ કેમ ખબર પડશે? એન્ડ વી વિલ નોટ હેવ મચ ટાઇમ... આપણો બાપ પાછળ જ આવતો હશે...'

'મને પણ એમ જ લાગે છે...' રાવીએ પણ સુમરાના તર્કમાં હકાર ભણ્યો, 'જે કડી છે એ લાઇટહાઉસમાં જ હોવી જોઈએ...'

'તો પછી વિરમે જૂતા પર મોકલેલાં એ ત્રણ વર્તુળનું શું?' અભિ શી વાતે ય તર્ક છોડતો ન હતો.

'યસ, એ જ મુખ્ય સંકેત હોય તેમ મને લાગે છે, જે આપણને ખજાના સુધી દોરી જાય...' સુમરાએ પછડાટભેર બોનેટ બંધ કરતા કહ્યું, 'લાઇટહાઉસ પર એ સર્કલના ચિહ્નને મળતો કોઈ સંકેત આપણે શોધવાનો રહેશે. પેલા નકશાનો ભેદ પણ તેની સાથે ઉકેલાતો હોય તેમ બને...'

'અથવા તો...' રાવીને ય વિચારની આ નવી દિશા વધુ રાસ આવતી હતી, 'એવું પણ બની શકે કે એ ત્રણ વર્તુળ એટલે ત્રણ દીવાદાંડી જ હોય અને બીજા સંકેત આપણને ત્યાંથી મળવાના હોય...'

'હમ્મ્મ્...' અભિએ હકાર તો ભણ્યો પણ હજુ ય તેના ચહેરા પર અવઢવ હતી, 'વિરમે મોકલેલું એ જૂતું ક્યાં છે?'

'એ મેં ફેંકી દીધું...' અભિ અને સુમરાના ચહેરા પર ઝબકી ગયેલો આઘાત પારખીને રાવીએ તરત ઉમેર્યું, 'કમઓન, હું એટલી બેવકૂફ નથી. મેં એ જૂતાનો એકેએક પૂરજો સફાઈપૂર્વક ખોલીને ચેક કર્યો હતો અને એ પહેલાં જૂતાંની નીચેના એ લખાણના ફોટા પાડી લીધા હતા. ચામડાની ગડી, સોલનું રબ્બર, સિલાઈનો દોરો... બધું જ મેં ચેક કર્યું હતું. કારણ કે વિરમને તમારા બંને કરતાં હું વધારે જાણું છું. એ સાલો કમ્યૂનિકેશન માટે કોઈ પણ વસ્તુનો તદ્દન અણધાર્યો ઉપયોગ કરી શકે છે. એક વાર તેણે મને એક શર્ટ મોકલ્યો હતો અને શર્ટની પ્રિન્ટમાંથી પ્રગટતા અક્ષરો જોડીને સંદેશો ઉકેલવાની જફા મારે કરવી પડી હતી. એકવાર તો મણિપુર લિબરેશન ફોર્સના ઉગ્રવાદીઓને એક ઓપરેશનનો નકશો મોકલવા માટે તેણે ગૅસનો સિલિન્ડર પણ મોકલ્યો હતો.'

'ઓહ્હ્હ્... એ વળી કઈ રીતે?' અભિ તાજુબ થઈને સાંભળી રહ્યો.

'તેં કૂકિંગ ગૅસના સિલિન્ડર જોયા છે ને?'

'જોયા જ હોય ને યાર, મારા બાપને રજવાડું ન હતું...'

'પણ આ દૃષ્ટિથી કદી નહિ જોયા હોય... એ એક ચૅલેન્જ હતી. મણિપુરી ઉગ્રવાદીઓ સાથે સંયુક્ત રીતે કોઈક ઓપરેશન પાર પાડવાનું હતું, પરંતુ લિબરેશન ફ્રન્ટમાં આપસી ઝઘડાને લીધે ત્યાં તીવ્ર જૂથબંધી ચાલતી હતી અને કોઈનો વિશ્વાસ થઈ શકતો ન હતો. જે કોઈ રીતે માહિતી મોકલાય એ લીક થઈ જતી હતી. એ ઉપરાંત ઇન્ટેલિજન્સ બ્યૂરોની ય સોલિડ વોચ હતી. છેવટે વિરમે આબાદ તરકીબ લડાવી. લાલ પેઇન્ટ રંગેલો સિલિન્ડર જૂનો થાય એટલે જેમતેમ પછડાવાથી, ઘસારાથી પેઇન્ટ ઊખડતો જાય અને નીચેથી લોખંડનાં ભૂખરાં ધાબાં ઊપસતા આવે, બરાબર ને? વિરમે નવા પેઇન્ટથી રંગેલા સિલિન્ડરને ઘસી-ઘસીને પેઇન્ટની ચમક ભૂંસી નાંખી અને પછી તેના પર ભૂખરા ધાબાની અન-ઇવન પૅટર્નમાં કાચકાગળ ઘસીને આખો નકશો ચીતરી નાંખ્યો. ખુલ્લેઆમ મળેલા એ સિલિન્ડર મારફત અત્યંત ભેદી અને ખુફિયા નકશો ઉઘાડેછોગ મળ્યો અને છતાં ય કોઈને ખ્યાલ ન આવ્યો. આફરીન પોકારી ગયેલા લિબરેશન ફ્રન્ટના કમાન્ડરે એ તરકીબ માટે વિરમને બે ય હાથે સલામ ભરી હતી...'

અભિ ફોર્ચ્યુનરના અધખૂલા દરવાજામાંથી દેખાતા વિરમના ચહેરાને અહોભાવથી જોઈ રહ્યો. દિવસોની વધેલી અડાબીડ દાઢી હેઠળ ઢંકાયેલો એ થાકેલો, હતાશ, ત્રસ્ત, બેહોશ ચહેરો... હું અવ્વલ ગણાતો ક્રાઇમ રિપોર્ટર અને વિરમ જાણીતો પોલીસ અફસર, અને તેમ છતાં એ પોતાના વ્યક્તિત્વની આટલી મહત્ત્વની બાજુ મારી નજરથી ઓઝલ રાખી શક્યો હતો. એ મારી બેવકૂફી હતી કે તેની ઉસ્તાદી? તેણે વિસ્ફારિત આંખે ડોકું ધુણાવી નાખ્યું... એવા કેટકેટલા ભેદ આ માણસની જબાનની છારી પર બાઝેલા હશે? કેટલી ય વાતો તેના તરડાયેલા હોઠની વચ્ચે ઢબૂરાયેલી હશે? આ માણસ કોઈ પણ હિસાબે બોલતો થવો જોઈએ...

છેવટે તેઓ મક્કમપણે નિર્ણય પર આવી ચૂક્યાં હતાં. અભિ અને રાવીએ માથા પર રંગીન પટકા બાંધ્યા. રાવીએ જાકીટની અંદર બાંધેલા હોલ્સ્ટરમાં ગન ખોસી અને અભિએ જિન્સની પાછળ રિવોલ્વર ભરાવી. એ બંનેએ સરકાર મજાર પર માથું ટેકવવા આવેલા શ્રદ્ધાળુ દંપતીની જેમ વર્તવાનું હતું. સુમરાએ વિરમને લઈને સિસ્કો ડેલગાડોને મળવા જવાનું હતું. બેયની દિશા અલગ હતી અને બે ય દિશાએ જોખમ ભારોભાર હતું. રાવીએ ભારે હૈયે વિરમના માથા પર હાથ પસવાર્યો. તેના તરડાયેલા ગાલ પર આંગળી મૂકી એ વખતે રાવીના હોઠ કશુંક ફફડી રહ્યા હતા કે અભિને એવું લાગતું હતું?

'ઓકે...' છેવટે તેણે ઝાટકાભેર ઊંચે જોઈને સુમરાને કહ્યું, 'ગો...' આટલું કહીને તે સપાટાભેર સડકની જમણી દિશાએ ખાસ્સાં દૂર દેખાતાં વાહનોના જમેલા ભણી ચાલવા માંડી. તેની પાછળ દોરવાતા અભિએ જોયું, એ અંગૂઠા વડે આંખ લૂછી રહી હતી.

*

'અઈસા, ક્યા?' એ સિસ્કોનો તકિયાકલામ હતો. કંઈ પણ વાત થાય એટલે હોંકારો ભણવાને બદલે તે સહજ રીતે જ ચહેરા પરના ભાવ બદલ્યા વગર બોલી નાંખતો, 'અઈસા, ક્યા?'

પણ અત્યારે તેણે પૂછ્યું ત્યારે તેની આંખો વિસ્ફારિત થઈ ગઈ હતી અને આલીશાન ચૅર પર એ અધૂકડો થઈ ગયો હતો.

સુમરાએ તેને ફોન કર્યો ત્યારે ઘડીક તો એ માની ન શક્યો. બમ્બોલિમ પહોંચતાંવેંત સુમરાની ફોર્ચ્યુનરને સિસ્કોના કાફલાએ ઘેરી લીધી હતી. આઠ-દસ ગાડીઓ તેની આગળ-પાછળ ગોઠવાઈ ગઈ હતી અને એમ એ

સરઘસ વિલા-દ-ડેલગાડો પહોંચ્યું ત્યારે તો બસ, બૅન્ડવાજાં વગાડવાનાં જ બાકી રહ્યાં હતાં. નકશીદાર દરવાજાની સામે જ સિસ્કો ખડો હતો. માથા પરના વાળ વધુ ઓછા થયા હતા. આંખ નીચે ચરબીની લૂગદી થોડી વધુ જાડી થઈ હતી. પહેલાં આખી દાઢીમાં વધારે ખૂંખાર લાગતો સિસ્કો હવે સફાઈપૂર્વક ટ્રિમ કરેલી ફ્રેન્ચ કટમાં થોડો સજ્જન લાગતો હતો, પણ તેના બાવડા પર આંટા પાડી દેતાં સ્નાયુ અને ભરાવદાર કાંડામાં વર્તાતી તાકાત તેની અસલિયતની ચાડી ફૂંકી દેતી હતી.

સુમરાને જોતાંવેંત તેણે તેના ચહેરા પર રમની છાલક ફેંકીને દોસ્તાના ઠહાકો માર્યો હતો. ક્યાંય સુધી સુમરાને ગળે લગાડી રાખ્યો હતો. તેની આસપાસ ખિદમતમાં ઘૂમતા તેનાં પ્યાદાંઓ ય સિસ્કોનો હોંશીલો આવકાર જોઈને સુમરાને અહોભાવથી નિહાળી રહ્યા હતા.

'અરે બકાર્ડી નિકાલ... અપના અબ્રામ આયા હૈ...' અભરામ સુમરાને એ અબ્રામ કહેતો ત્યારે સુમરો પોતાને ય ઘડીભર ઍંગ્લો ઇન્ડિયન માનવા લાગતો. ક્યાંય સુધી રમના પૈમાના છલકાતા રહ્યા, ખાલી થતા રહ્યા, તશ્તરીમાં સજાવેલી ફ્રાઇડ પાપલેટ અને પી-નટ ચાટ પીરસાતી રહી. જોતજોતામાં તો બેય પોણી બોટલ ખાલી કરી ગયા અને તોય એમના ખડખડાટ ઠહાકા બંધ થતા ન હતા.

છેવટે સુમરાએ વાત માંડી હતી, 'મેરે કો એક આદમી કા ઇલાજ કરવાના હૈ... ફૌરન ઔર ચુપકીદી સે...'

ક્યાંય સુધી સિસ્કો વિરમ વિશે સાંભળતો રહ્યો. વિરમ વિશે તેણે અગાઉ પણ સુમરાના મોંએ સાંભળ્યું તો હતું જ. તરત જ તેણે પોતાના પરિચિત ડોક્ટરને ફોન જોડ્યો અને થોડી જ વારમાં એક એમ્બ્યુલન્સ હાજર થઈ ગઈ. વિરમની સારવારનો બંદોબસ્ત થઈ ગયા પછી ય સુમરા અને સિસ્કોની વાતો ખૂટતી ન હતી. આલીશાન વિલાના ગાર્ડનમાં તેમણે બેઠક જમાવી હતી.

સુમરાએ અનુભવ્યું, સિસ્કોએ સાલાએ તેનો હુલિયો જ નહિ, સમૂળો કારોબાર પણ સિફતપૂર્વક બદલી કાઢ્યો હતો. હવે તે ધડાકા-ભડાકાની લુખ્ખી ગુંડાગીરી છોડીને સફેદપોશી પર ચડી ચૂક્યો હતો. હવે એ ભાગ્યે જ કદી ખેપ મારતો પણ એકે ય ખેપ તેને હપ્તો ચૂકવ્યા વગર બારામાં પ્રવેશી શકતી નહિ. પોર્ટુગલનું ગવર્નર હાઉસ હવે ગોવા પ્રશાસનનું દફ્તર બનીને ગંધાઈ રહ્યું હતું, પણ વિલા-દ-ડેલગાડોની ખુશબો બરકરાર હતી.

બે ય જણાએ બકાર્ડી વ્હાઇટ રમની બીજી બોટલ પણ પોણી ખાલી કરી નાંખી અને ડિનર પીરસાવા લાગ્યું ત્યારે છેવટે સુમરાએ એક પછી એક પત્તા ખોલવા માંડ્યાં. નોળિયા જેવો ખંધો સિસ્કો તેને આદતવશ 'અઈસા, ક્યા?'નો હોંકારો ભણતો સાંભળતો રહ્યો.

—પણ સુમરાએ ખજાના વિશે કહ્યું ત્યારે સાચે જ તેની આંખો પહોળી થઈ ગઈ હતી અને અધૂકડા થઈને તેણે પૂછી લીધું હતું, 'અઈસા, ક્યા?'

અને આ વખતે તેના અવાજમાં આદતવશ નિઃસ્પૃહતા ન હતી.

* * *

~

ચોતરફ લહેરાતા લીલા પરચમ, હવામાં ઘૂમરાતી લોબાનની માદક ઘેનભરી ગંધ, સફેદમાં કાળા રંગના ચોકઠાની બોર્ડર જડેલી આરસની ઠંડીગાર ફર્શ, મજારમાં પ્રવેશતાં પહેલાં હાથ-પગ પર પાણી રેડીને વજૂ કરતાં માથા પર રંગબેરંગી પટકા બાંધેલા લોકોનો જમેલો અને થોડી થોડી વારે એ જમેલા વચ્ચે સ્વયંભૂ પ્રકટતો હોય તેવો પોકાર... 'અલ ઝિયા... ખિદમત પિયા.'

અઢારમી સદીમાં આ વિસ્તારમાં ફરતાં એક ફકીર અલ ઝિયાઉદ્દીને ખારાપાટના વિસ્તારમાં વીરડો ગાળીને મીઠું પાણી કાઢ્યું ત્યારથી લોકોને તેમના પર શ્રદ્ધા બેસી ગઈ હતી. હંમેશાં નિજાનંદમાં જ મસ્ત રહેતા એ સૂફી ઓલિયાને જ્યાંથી મીઠા પાણીનો વીરડો નીકળ્યો હતો ત્યાં જ દફનાવવામાં આવ્યા હતા. એ સ્થળ ઝિયાપીર સરકારની મજારના નામે દૂર દૂર સુધી વિખ્યાત હતું અને છેક બંગાળ અને પાકિસ્તાનથી લોકો મન્નત પૂરી કરવા ઝિયા પીરના દીદારે આવતાં.

અભિએ આઠ-દસ અગરબત્તીની ઝૂડી અને લોબાનનો ટુકડો ભરેલું છાલિયું હાથમાં ઝાલ્યું હતું અને રાવીએ ફૂલની ચાદર પકડી હતી. પગથિયા ચડીને તેઓ મોટા હોલમાં પ્રવેશ્યાં. પાકી છત ધરાવતા એ વિશાળ ખંડમાં માણસો કતારમાં ઊભેલા હતા. તેમણે હારમાં ઊભા રહીને મજાર પર ચાદર ચઢાવી. બીજાનું અનુકરણ કરતાં બંને ઢીંચણભેર બેઠાં અને દુઆ માંગી.

'હમે મુંજાવર સે મિલના હૈ...' લોકોને શિસ્તબદ્ધ હારમાં ઊભા રાખવા મથતા સ્વયંસેવક જેવા લાગતા એક જણને અભિએ ધીરેથી કહ્યું અને એ કોઈ સવાલ કરે એ પહેલાં જ ઉમેર્યું, 'એક ખાસ મન્નત હૈ હમારી, બહોત દૂર સે આયે હૈ.'

'મુંજાવર બોલે તો... બડે શાગિર્દ?' સૂફિયાના રિવાજ મુજબ અહીં કોઈ સેવક નથી, અનુચર નથી. એક અલ્લાહ છે, એક રસૂલ છે, એ બંનેની દિશા ચીંધતા એક મુર્શિદ (ગુરુ) છે અને બાકી બધા શાગિર્દ છે. અભિએ સમજ્યા વગર જ હા પાડી દીધી.

એ તરત તેમને હોલની બહાર નીકળવાના રસ્તે ડાબી બાજુના દાદર ભણી લઈ ગયો. સેંકડો લોકોની આવનજાવનથી ખરડાયેલા ગંદા દાદરમાંથી પસાર થઈને તેઓ ઉપરના મજલે એક પહોળા પૅસેજમાં પહોંચ્યા. જમણી બાજુના ઓરડામાં આઠ-દસ આદમીઓ ચટ્ટાઈ પર બેઠા હતા.

'જનાબ બડી દૂર સે આયે હૈ ઔર કુછ ખાસ મન્નત કે લિયે આપ સે મિલના હૈ...' સાથે આવેલા આદમીએ કહ્યું એટલે ચટ્ટાઈ પર બેઠેલા એક આદમીએ અદબપૂર્વક બેસવા ઈશારો કર્યો.

અને એમ વાત શરૂ થઈ.

શરૂઆતમાં તો બડા શાગિર્દે સહેજે ય કોઠું ન આપ્યું. 'યહાં તો બહોત સારે લોગ આતે રહતે હૈ, પત્તા નહિ આપ કિસ કી બાત કર રહે હૈ...' છેવટે અભિએ બાવાપીરની દરગાહના મુંજાવર સાથે ફોન પર વાત કરાવી ત્યારે બડા શાગિર્દનો સૂર હળવો બન્યો.

'હાં મૈંને હી ઉસે વહાં ઠહરને કો કહા થા...' તેણે લાંબી દાઢી પર હાથ પસવારતા ઇશારો કરીને પહેલાં સૌને બહાર ધકેલ્યા. 'સરકાર કા ચહેતા શાગિર્દ થા વો... દિન-રાત યહાં આતા થા. મુઝસે બહોત બાતેં કરતા થા.

ઈમાન ક્યા હૈ, મેરા ખુદ કા ફર્ઝ, મેરા મઝહબ ક્યા હૈ... પૂછતા હી રહેતા થા. ટકટકી બાંધે સરકાર કે સામને બૈઠા રહેતા થા. સભી શાગિર્દ કે વાસ્તે સરકાર કા પૈગામ પઢતા રહેતા થા... વો પઢતા થા ઔર ઉસકી આંખો સે આંસુ ઐસે બહેતે રહેતે જૈસે અનલહક કો પા લિયા થા ઉસને...'

અભિ અને રાવી એકમેકની સામે આઘાતપૂર્વક જોઈ રહ્યાં. વિરમ અને અનલહક? વિરમ અને જીવ-શિવના ભેદ પામી ચૂકેલો ઓલિયો? આ આદમી કોની વાત કરી રહ્યો છે?

'હાં, મૈં વિરમ રાજદેવ કી હી બાત કર રહા હૂં...' બડા શાગિર્દે એ બંનેના ચહેરા પર અંજાયેલી મૂંઝવણ પારખી લીધી, 'કહતા થા કિ બહોત બડા પુલિસ અફસર થા વો... લેકિન અંદર સે તૂટ ચૂકા થા શાયદ...'

'વો યહાં હી રહતા થા? કિતને અરસે સે?' રાવી નીચું જોઈને આંખમાં ધસી આવેલાં આંસુ ખાળી રહી હતી ત્યારે અભિએ પૂછી લીધું. હજુ ય તેને આ કેફિયત ગળે ઊતરતી ન હતી.

'વો રહતા થા તો રોશનબુર્ઝ કે પાસ બંગલી પર... યહાં આતા-જાતા રહેતા થા'

'બંગલી મતલબ? ઔર કૌન સા રોશનબુર્ઝ? યહાં તો, સૂના હૈ કિ તીન-ચાર રોશનબુર્ઝ હૈ.'

'વો બિચવાલી... ધંતુરા કી ખાડી મેં... બગલ મેં હી વો મકાન હૈ લેકિન સમ્હલકે જાના... બડી વિરાન જગહ હૈ વો...'

દાદર ઊતરીને મજારની પાછળના ભાગે વહેતા ઝરણાની તેમણે પ્રસાદી લીધી ત્યાં ઝિયાઉદ્દીન સરકારે તેમના શાગિર્દો માટે આપેલા પૈગામ પર તેમની નજર ગઈ, જે વાંચીને વિરમ રડતો હોવાનું બડા શાગિર્દે કહ્યું હતું...

ગર તુ હૈ લખ્ખી બંજારા ઔર ખેપ ભી તેરી ભારી હૈ,

અય ગાફિલ, તુઝ સે ભી ચઢતા એક ઔર બડા બ્યાપારી હૈ,

ક્યા સક્કર-મિસરી, કંદ, ગીરી, ક્યા સાંભર મીઠા ખારી હૈ,

ક્યા દાંખ, મુનખ્ખા, સોંઠ, મિરચ, ક્યા કેસર લોંગ સુપારી હૈ,

સબ ઠાઠ પડા રહ જાવેગા જબ લાદ ચલેગા બનજારા...

*

'અશે તો કાહિક ગપગોળે ચાલુ આહેત (એવા તો કંઈક ગપગોળા ચાલે છે') એ જઇફ આદમીએ ચલમમાં ગડાકુ ભેળવીને જાડા સૂયા વડે અંદર દબાવીને ખોસી પછી કાળજીપૂર્વક ઉપર સાફી બાંધી અને ચલમના આગળના છેડે દિવાસળી ધરી ઊંડો કસ લીધો. વેંત વેંત લાંબી ઝાળ સાથે હવામાં તમાકુની તીવ્ર કડવી ગંધ ફરી વળી.

'પણ અણ્ણા, ત્યાંત કાહી તરી ત તથ્ય અસેલ નં? (સાવ ગપગોળા તો ન હોય ને?') લાંબી પરસાળ પાસે જાસુદના થડને અઢેલીને બેઠેલા સુમરાએ કહ્યું.

અભિ અને રાવી ઝિયાઉદ્દીન સરકારની મજારે તપાસ કરે એ દરમિયાન આપણે પેશ્વાના કહેવાતા પત્રમાં ઉલ્લેખાયેલા આદમીઓનું પગેરું શોધીએ એવો સુઝાવ જ્યારે સુમરાએ મૂક્યો ત્યારે સિસ્કો ઘડીભર નકારમાં

ડોકું ધુણાવતો રહ્યો હતો. દોઢસો વર્ષ પહેલાંના કહેવાતા એ પત્રમાં થયેલા ઉલ્લેખ મુજબ બદનૂર ગામે મોડીરામને ત્યાંથી ખજાનો વધુ સલામત જગ્યાએ મૂકવાનું કામ સાવંતવાડીના વિઠ્ઠલરાવ સાવંતને સોંપાયું હતું. આજે હવે આટલા સમયે તેના વારસદારને ક્યાં શોધવા? વળી, વિઠ્ઠલરાવ નામ તો દર છઠ્ઠા મરાઠી માણૂસનું હોય. ક્યો વિઠ્ઠલરાવ સાવંત સાચો? અને જો તેમના વારસદાર ખજાના વિશે જાણતા હોય તો તો એ પોતે જ તાલેવંત ન થઈ ગયા હોય? એ કંઈ રાહ જોઈને બેઠા હોય કે એક દિવસ અબ્રામ સુમરા આવશે એટલે આપણે ખજાનાનો રસ્તો ચીંધી દઈશું?

સિસ્કોની દલીલ જડબેસલાક હતી પણ સુમરાનો તર્ક પણ ખોટો ન હતો. પેશ્વા સાથે ઘરોબો ધરાવતો તેમનો વિશ્વાસુ વિઠ્ઠલરાવ શોધવાનું મુશ્કેલ હોય તો પણ અશક્ય તો ન હતું. કાનપુર પાસે છેક બિઠુર પેશ્વાની ખિદમતમાં ગયેલા પરિવારોમાં શોધ ચલાવીએ તો કદાચ મેળ પડી જાય. એ છાનબીનમાંથી ક્યાંક કશીક કડી મળે તો ય કંઈક રસ્તો સૂઝે.

વિઠ્ઠલરાવ સાવંતનો વારસદાર મળવામાં તો ખાસ મુશ્કેલી ન નડી. સિસ્કોએ સાવંતવાડીના પાલિકા પ્રમુખને સાધ્યો. તેણે મરાઠા પરિવારોનું પેઢીનામું સાચવતા વહીવંચા બારોટ જોડે ઓળખાણ કરાવી અને એ બારોટે પાંચસોની પત્તી ખૂલી કે તરત ઠેકાણું ચીંધી દીધું, 'લક્કડવાડા ત ડાવ્યા હાથી તીસરાં ઘર રત્નાકર સાવંતચ. (લક્કડવાડાથી ડાબા હાથે ત્રીજું ઘર રત્નાકર સાવંતનું) તુમ્હીં જ્યાન્ચા બદલ સાંગતાત તે વિઠ્ઠલરાવચ્યાં પાંચવ્યા પીઢીએ. (તમે કહો છો એ વિઠ્ઠલરાવના પાંચમી પેઢીના એ વંશજો). દત્તાજી તરીકે ઓળખાય છે. બહુ બુઝુર્ગ છે, મિજાજના તેજ છે. સાચવીને વાત કરજો.'

સુમરાએ ચલમનો તેમનો શોખ જોઈને તરત પોતાની પાસેની સિગાર ખોલી હતી. 'આણ્ણા, હી ઘ્યા... ઝાંઝીબારચી અસલી તંબાખુ આહે. એક ઝુરકા ઘેતા જ રોમરોમાત ચેતના યેઈલ.' (આ પીવો... અસલી ઝાંઝીબારની તમાકુ છે. પીધા ભેગો રૂંવેરૂંવે કેફ ચડી જશે.) સુમરાનો એ કીમિયો કારગત નીવડ્યો હતો. ચલમના કસ ખેંચીને બુઝુર્ગ દત્તાજી સાવંત રંગમાં તો આવી ગયા હતા પણ ખજાનાની વાત નીકળી કે તરત માથું ધુણાવી દીધું, 'નીંવળ ગપ્પા આહેત. અસા કાહી ખજિના ત નવ્હતા.' (હળાહળ ગપ્પાં જ છે. એવો કોઈ ખજાનો હતો જ નહિ)

'પણ એક વાત તો ખરી ને કે એવા ખજાના વિશે તમે ય સાંભળ્યું તો છે.'

'હાં રે, આખી સાવંતવાડીએ સાંભળ્યું છે. પેલા ટાબરિયાને બોલાવો...' સિસમના લાકડાની જુનવાણી પણ ભવ્ય લાગતી ખુરશી પર બેસીને પગ પરનું ધોતિયું સંકોરતા દત્તાજીએ ફળિયામાં રમતા બાળકો ભણી આંગળી ચીંધી, 'અને પૂછો કે પેશ્વાના ખજાનાનું શું થયું? તો તરત કહેશે કે સમુદ્ર પીઉન ટાકલા આણિ ડોંગર ગીળુન ટાકલા (દરિયો પી ગયો અને ડુંગર ગળી ગયા.) મારા બાપ તુકોજી સાવંત. એમના બાપ હરિપંત અને હરિપંતના બાપ મોરાર સાવંત. મોરારબાપાના વખતથી સાવંતવાડીની સરદારી અમારા હાથમાંથી ગઈ અને અંગ્રેજ પલટન અહીં બેઠી. એ વખતે અંગ્રેજ કૅપ્ટન જાર્ડિન અહીંનો થાણેદાર. આજે તમે આવ્યા છો એમ એક દિવસ એ ય અહીં આવી ચડ્યો. પેશ્વાના ખજાનાની વાત એણે ય સાંભળેલી. કંપની સરકારને અંધારામાં રાખીને ખજાનાની ભાગબટાઈ કરવાનું ય પ્રલોભન દીધું. નાછૂટકે મોરારબાપા, હરિપંતબાપા અને સાવંતના બીજા જવાનિયાઓ તેને દરિયે લઈ ગયા. વાયકા હતી એ દરેક સ્થળે બહુ આથડ્યા. આખાને આખા ડુંગરા ખોદી નાંખ્યા. ખાડીનો દરિયો ય ઉલેચ્યો. એક કાણી પાઈ પણ મળી ન હતી. એટલે જ કહું છું કે એ બધા નર્યા ગપગોળા. ખજાનો હોત તો પેશ્વાસાહેબ પહેર્યે લૂગડે નાસ્યા હોત? ખજાનો હોત તો વિઠ્ઠલરાવના વંશજો

આ જૂનાપુરાણા મકાનમાં રહેતા હોત?'

'વાયકા ક્યા સ્થળની હતી?' ફોકટનો ફેરામાં ફીફાં ખંડાઈ રહ્યાં છે એવું ધારીને સિસ્કો કંટાળી રહ્યો હતો, પરંતુ સુમરો હજુ છાલ છોડે તેમ ન હતો.

'વાયકા તો એવી હતી કે વિઠ્ઠલરાવબાપાએ ધંતૂરાની ખાડીમાં ક્યાંક ખજાનો દાટ્યો છે, પણ ખરેખર તો ત્યાં વિઠોબાએ દાટ્યાં છે નકરાં ધૂળ ને ઢેફાં... જાવ જોઈ આવો... હવે બીજી વાર મગજ કાણું કરવા આવશો નહિ...' ચલમની તમાકુ પૂરી થઈ કે તરત દત્તાજીનો મિજાજ પલટાયો હતો. કંટાળેલો સિસ્કો તરત ઊભો થયો પણ સુમરાના ચહેરા પર આહ્લાદભર્યું સ્મિત ઝબકી રહ્યું હતું.

ત્રણ પૈકીની એક દીવાદાંડી ધંતૂરાની ખાડીમાં હતી.

'ઊતર...'

*

રાજાવતે ઝાટકા સાથે હેન્ડબ્રેક ખેંચીને સીઆર-વીનો દરવાજો ખોલ્યો અને ઝડપભેર નીચે ઊતર્યો એટલે રાજિયો ય તેની પાછળ દોરાયો. પાછળનો દરવાજો ખોલીને તેણે સામાનના થેલા ફંફોસ્યા. રાજિયો તેની મૂવમૅન્ટ બારીકીથી જોઈ રહ્યો હતો. તેણે મીડિયમ સાઇઝનો ઓલિવ ગ્રીન કલરનો હોલ્ડ-ઓલ ઉપાડ્યો. તેમાંથી બાઈનોક્યૂલર કાઢ્યું. હોલ્ડ-ઓલની વચ્ચેની ઝિપ ખોલીને અંદર હાથ નાંખ્યો એ સાથે રાજિયો ધ્રૂજી ઊઠ્યો. એ થેલામાં ક્લાશ્નિકોવનું સિમ્બોલ મઢેલું એમ્યુનિશન બૅરલ હતું.

'આપણે... આઈ મીન વેપનની અત્યારે...' રાજાવત આમ અંતરિયાળ આવો તાયફો ખડો કરશે એ રાજિયાની ધારણાથી વિપરિત હતું. એકે-56 ઝાલીને તત્પર બનેલા રાજાવતના બદલાયેલા તેવરથી હરામીને રૂંવેરૂંવે ફાળ પડતી હતી.

'બી કૂલ યાર...' રાજાવતે સડકની દિશામાં કદમ ઉપાડતાં કહ્યું, 'વી આર જસ્ટ કિપિંગ વોચ...'

'ઓહ...' ઢાળ ઊતરતી તળેટીની ખડકાળ ઊબડખાબડ ભોંય પર તેની પાછળ દોરાતો રાજિયો હરામી ચાપલૂસીભર્યું હસ્યો, 'મને એમ કે... આ ગન જોઈ એટલે મેં કીધું ક્યાંક...' હજુ ય તેને આ અડબંગનો ભરોસો પડતો ન હતો.

કોકમના ઘેઘૂર ઝાડના મજબૂત થડિયાના ટેકે વહેતું પાણીનું ઝરણું કૂદીને રાજાવત સડકની કિનારીએ પહોંચી ચૂક્યો હતો. સડકની સામેની તરફ એક તોતિંગની ખડકની આડશમાં તે લપક્યો. શર્ટના ઉપરના ખિસ્સામાં ટ્રાન્સમીટરનું રિસિવર ખોસીને તેણે આંખ પર બાઇનોક્યૂલર લગાવ્યું. દૂર પહાડીના વળાંક પર ઢાળ ઉતરતું એક વાહન તેને દેખાયું. તેણે રિસીવર ચેક કર્યું. હવે સિગ્નલના ચારે ય પોઇન્ટ ઝગમગાટ થઈ રહ્યા હતા. મતલબ કે આવી રહેલી ગાડી એ જ હતી, જેની તેને રાહ હતી.

'તું ત્યાં જ રહેજે... ડોન્ટ મૂવ...' સડકના સામા છેડે ફણસના ઝાડના ટેકે અધૂકડા લપાયેલા રાજિયા હરામીને તેણે સાબદો કર્યો. સહેલગાહે નીકળ્યા હોય તેવી આરામદાયક સ્પીડે દોડતી એ ગાડી જરાક સ્પષ્ટ થઈ કે તરત હરામીએ રાજાવતની દિશામાં સંકેત કર્યો. પોતાની મોકલેલી ઓડી ક્યૂ-3ની રેડિયેટર ગ્રિલ પર ગોલ્ડન કલરમાં ચીતરેલો 'આર' એ દૂરથી જ પારખી ગયો હતો. ગાડી તેમની પાસેથી પસાર થઈ. ટિન્ટેડ

ગ્લાસમાં કશું પરખાય તેમ તો ન હતું છતાં રાજાવતે ખડકની આડશમાંથી આંખો ફાડીને જોયા કર્યું હતું. ક્યૂ-3ને આગળ જવા દીધા પછી તે આડશમાંથી બહાર આવ્યો.

'વેઇટ...' તેણે હરામીને થોભવા ઇશારો કર્યો અને પોતે ઝડપથી ઢાળ ઊતરતો સીઆર-વીની તરફ ભાગ્યો અને એન્જિન રાઉસ કરી ઝાટકા સાથે ગાડીને ઢાળ ચડાવી સડક પર લીધી. સાહાની ગાડી પરખાઈ જવાથી પોરસાતા રાજાવતે દાંત ભીંસીને ક્યૂ-3 પાછળ ગાડી ભગાવી મૂકી.

'આપણે હવે શું કરવાનું છે?' હરામીએ છેવટે પૂછી નાંખ્યું. તેને હજુ ય રાજાવતની ચાલ સમજાતી ન હતી અને ચાલ કોઈની પણ હોય, ચલગત તો છેલ્લે આપણી જ હોવી ઘટે એ રાજિયા હરામીનો કાયમી ઉસૂલ હતો.

'હવે જે કંઈ કરવાનું છે એ સાહાએ કરવાનું છે...' રાજાવતે સડક પરથી નજર હઠાવ્યા વગર ઠંડકથી જવાબ વાળ્યો, 'પરસેવો લૂછી નાંખ રાજિયા, લોહી વહેવાનું હોય ત્યારે ચહેરા પર પસીનો ન શોભે...' તેના અવાજમાં શિકારે ચઢેલા રાની પશુની ઘુરકાટી પારખીને રાજિયો થીજી ગયો.

સાહા તેની આંખ સામેથી પસાર થયો એ કલ્પનામાત્રથી રાજાવતના દિમાગમાં ઘણ પછડાવાના શરૂ થઈ ચૂક્યા હતા.

'તારા કરતાં તો મેં ખહુડિયો કૂતરો પાળ્યો હોત તો ય એ મને વધારે કામ લાગ્યો હોત... સાલા નિકમ્મા...' સાહાનું એ વાક્ય તેને વધારે વાગ્યું હતું કે પછી સાહાના વાક્યના પગલે હોઠ ભીંસીને છાનું હસી રહેલા તેના સાથી અફસરોના ચહેરા તેને વધારે ખૂંચ્યા હતા? સાહાએ સાલાએ તેના પર છુટ્ટું પેપરવેઇટ ફેંક્યું હતું... જાણે અત્યારે જ પેપરવેઇટ ફેંકાયું હોય તેમ રાજાવતની ગરદન ડાબી તરફ અનાયાસે ઝૂકી ગઈ. સ્ટિયરિંગ સાથે તેની મુઠ્ઠીઓ, નીચલા હોઠ પર તેના દાંત અને એક્સિલરેટર સાથે તેનો પગ વધુ ને વધુ તીવ્રતાથી ભીંસાઈ રહ્યા હતા.

બાળપણથી જ એ સર્વોપરિ હતો. હરીફાઈના આરંભ પહેલાં જ નંબર વનનો મેડલ એ જાતે જ ગળામાં પહેરી લેવા ટેવાયેલો હતો. ઊતરતા ક્રમે ઊભવાનો તેને મહાવરો ન હતો. ગરદન ઝુકાવીને પરાજિત ચહેરે ખડા રહેવાની તેને આદત ન હતી. અવહેલના સાંખી લેવાની તેની પ્રકૃતિ ન હતી.

—અને એ બધું જ તેની સાથે થઈ રહ્યું હતું. સાહાએ સાલાએ સૌની હાજરીમાં બે બદામમાં તેની કિંમત આંકી નાંખી હતી. આટલી ભૂંડી ગાળો... તેજેન્દ્રસિંહ રાજાવતને આટલી ભૂંડી ગાળો ખાવી પડે?

'જા...' દયાલ સાહાએ અત્યંત વિકૃત તિરસ્કારથી તેને ધક્કો માર્યો હતો, 'વરિયાળી બજારમાં ઊભો રહીને ભડવાઈ કર સાલા... તારાથી એ જ થઈ શકે તેમ છે...' એ વખતે ફરીથી બીજા અફસરો પૈકી કોઈક હસી પડ્યું હતું અને એ હાસ્યથી સાહાને વધારે તોર ચડ્યો હતો, 'શું જોઈને ફોર્સમાં આવ્યો છે? જા ફૂટ, ઇન્ટરસિટીમાં ચડીને તાબોટા પાડ... તું એને જ લાયક છે...'

રાજાવત દાંત ભીંસીને ગાડી ભગાવી રહ્યો હતો. આગળ જઈ રહેલી ક્યૂ-3 હવે તેને દેખાઈ રહી હતી. તેની આંખ સામેની દિશામાં સડક પર ચોંટેલી હતી, પણ તેની દૃષ્ટિ ક્યાંય પાછળનો ભૂતકાળ ફંફોસી રહી હતી. વરસાદથી ભીંજાયેલી સડક પર પાણીનાં ભીનાં ધાબાં વચ્ચેથી તેને આકારો ઊપસતા વર્તાતા હતા...

સાહા તેને બેફામ ગાળો ભાંડતો હતો... બધા ખડખડાટ હસી રહ્યા હતા... ના, એ તેના સાથી અફસરો ન

હતા... તેમના વરદીધારી બદન પર ખડખડાટ હસતો ચહેરો શ્રીપાલનો હતો, ઇતિહાસની સાલવારી બિચારો એ ગોખતો રહેતો અને સ્કૂલના મેરિટ રજિસ્ટરના ઇતિહાસમાં કાયમ તેજેન્દ્રસિંહ રાજાવતનું નામ લખાતું. બીજો ચહેરો હરિનો હતો. અપૂર્ણાંકના દાખલા ગણતી વખતે રાજાવત ગોથાં ખાઈ જતો ત્યારે હરિ જ તેને દાખલો ગણી આપતો અને જ્યારે માર્ક્સ આવતાં ત્યારે હરિ બીજા-ત્રીજા નંબરની રાહ જોતો. મહબૂબ... તેના ખાનસામાનો દીકરો. કિશોરવયનો તેજેન્દ્ર તેને ચાર પગે કરીને તેની પીઠ પર સવાર થઈ ખુલ્લા ચોગાનમાં તગેડતો. મહેબુબના ઢીંચણ લોહીઝાણ થઈ જતા અને તો ય તેને ઊંહકારો કરવાની છૂટ ન હતી. સૌ હસી રહ્યા હતા... રાજાવતના ઉપહાસમાં શ્રીપાલ, હરિ, મહેબૂબ, કિશન સૌ ઠહાકા મારીને તેની ઠેકડી ઉડાવી રહ્યા હતા... માસ્ટર દિનમણિલાલ તેની સામે અદબભેર ઝૂકીને કુરનિસ બજાવી રહ્યો હતો... તેજેન્દ્રસિંહ રાજાવત સરકાર નંબર વન... છોટે ઠાકુર તમારો પહેલો નંબર... પણ આજે દિનમણિલાલના અવાજમાં ય વ્યંગ હતો.

—અને ત્યાં ઊભેલો સાહા સાલો એ શોરબકોરને ઠારી દેતા અવાજે ઘાંટો પાડીને કહી રહ્યો હતો, 'પૂળો મૂક તારા નંબર વનમાં સાલા, તારા કરતાં તો મેં ખહુડિયો કૂતરો પાળ્યો હોત તો ય સારું હતું... જા વરિયાળી બજારમાં જઈને...'

હડકાયા થયેલા રાજાવતે સ્ટિયરિંગ વ્હિલ પર જોરથી મુઠ્ઠી અફળાવી. ક્લચ દબાવીને પૂરપાટ ભાગતી સીઆર-વીનું એન્જિન ફ્રી થવા દીધું અને પછી ઝાટકા સાથે ક્લચ છોડ્યો કે તરત પૂંઠે પેટ્રોલનું પૂમડું મુકાયેલી ઘોડીની માફક ચારે ય વ્હિલ જમીનથી અધ્ધર કરતી સીઆર-વી ભાગી. ખજાનો જાય ભાડમાં, પણ એક વાર સાહાના રૂંવેરૂંવે બારૂદ ભરી દેવાનો ઉન્માદ તેના લોહીમાં ઘૂમરાઈ વળ્યો હતો.

તેણે હોર્નની ચિચિયારી મારતાં જઈને સડકની છેક નીચે સીઆર-વી ઉતારી દીધી. ક્યૂ-3નો ડ્રાઇવર આ ગાંડાતૂર ડ્રાઇવિંગથી ભડકીને ડાબી તરફ ખસી ગયો. હડબડાઈ ગયેલો રાજિયો હરામી એક હાથ હેન્ડલ પર અને બીજો હાથ ડૅશબોર્ડ પર ટેકવીને કંઈક બોલવા ગયો, પણ અણિયાળા, પાણશેરા ખડકો પરથી પસાર થતી સીઆર-વીનો વેગ તેના ગળામાંથી અવાજ નીકળવા દેતો ન હતો. ક્યૂ-3ને ઓવરટેઇક કરી ત્યારે સીઆર-વીનો કાંટો 140ની સ્પીડને પાર કરી ગયો હતો.

સુસવાટા મારતી સીઆર-વીને પાંચસો મીટર આગળ લઈ જઈને તેણે જોશભેર ક્લચ અને બ્રેક એકસાથે ભીંસી નાંખ્યાં એ સાથે કાન ફાડી નાંખતી ચિચિયારી નાંખતાં ગાડીના ટાયર ખરબચડી ભોંય સાથે તીવ્ર વેગે ઘસડાયા. મેંગ્રોવિન રબ્બરના બબ્બે વેઢ જાડાં ભોડાં ઊખડી ગયા અને સ્કિડ મારીને ગાડી ઝીરો ટર્ન લઈને આંખના પલાકારામાં ક્યૂ-3ની બરાબર સામે ધુમાડા કાઢતી ખડી થઈ ગઈ.

રાજાવતે લાત મારીને દરવાજો ખોલ્યો અને પાછળની સીટમાંથી તહેનાત કરેલી એકે-56 ઉઠાવી. ક્યૂ-3નો ડ્રાઇવર હજુ કશું સમજે, બ્રેક મારે, ગાડી ધીમી પાડે અથવા તો રાજાવતનો ઇરાદો પારખીને ગાડી ભગાવે એ પહેલાં તો રાજાવતે અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું. ધરતી માથે ઝળૂંબતા ભીષણ પહાડોની કાળમીંઢ કરાડોમાં એકે-56ના થડકારા ગાજી ઊઠ્યા. પૂરપાટ વેગે ધસતી ક્યૂ-3એ અચાનક પલટી મારી. ડાબી તરફના વ્હિલ પર સહેજ ખાંગી થઈને લગભગ દોઢસો મીટર સુધી ઘસડાઈ અને પછી સડકની ધાર પર ખીજડાના ઝાડ સાથે અથડાઈને જમણા પડખે સહેજ ખડી પડી.

''****...' સાલા, હું છું તારો બાપ... સમજ્યો? તારા જેવા કંઈક પાગિયા મારા પગ દબાવે છે... બાપ છું હું તમારો બધાનો...' રાજાવત દાંત ભીંસતો, ભૂંડી ગાળો બોલતો ચિલ્લાઈ રહ્યો હતો. ટ્રિગર સાથે જડાઈ ગયેલી તેની આંગળી સજ્જડ ભીંસાયેલી હતી અને ગનનું નાળચું સેંકડો બુલેટના હિસાબે મોતનો વરસાદ વરસાવતું

હતું. ચંદ મિનિટમાં તેણે મેટાલિક ઓરેન્જ કલરની ચળકતી ઓડી ક્યૂ-3ને ચાળણી જેવી કરી દીધી હતી. રાજિયો હરામી સીઆર-વીના ફૂટરેસ્ટ પર ઊભો થઈને બાઘી આંખે હતપ્રભ થઈને રાજાવતનો ઉન્માદ નિહાળી રહ્યો હતો.

રાજાવત ગોળીઓ ધ્રબકાવતો ગાડીની વધુ નજીક ગયો અને સ્હેજ ખાડામાં ઉતરીને તેણે વધુ ગોળીઓ ચલાવી વિન્ડસ્કીનના ભુક્કા કાઢી નાંખ્યા. અંદરથી જરાક સરખી ય હિલચાલ વર્તાતી ન હતી. તેણે વધુ ગોળીઓ અંદર ઠાલવી. બારૂદની કડવી, તીખી ગંધ વચ્ચેથી પસાર થઈને તેણે કચ્ચરઘાણ ગાડીમાં નજર ફેંકી. અંદર ચાર આદમી લોહીલુહાણ હાલતમાં એકમેક પર ગોટમોટ થઈને ઢળી પડ્યા હતા.

—એ ચારમાંથી એક પણ આદમી દયાલ સાહા ન હતો.

* * *

~

'આવું થશે એ...' હરામીએ સ્ટિયરિંગ એડ્જસ્ટ કરતાં ધીમા સાદે કહ્યું, 'મેં ધાર્યું ન હતું.'

'મેં પણ...' પાછળની તરફ સીટ ઝુકાવી છાતી પર ગન ઢાળીને અકારણ બારીની બહાર જોઈ રહેલા રાજાવતે બેદરકારીથી જવાબ વાળ્યો. જોકે હરામીનો મતલબ એવો હતી કે આમ અંતરિયાળ રાજાવત ગોળીઓની બૌછાર વરસાવીને લાશો ઢાળી દેશે એવી તેની ધારણા ન હતી. પળપળમાં બદલાઈ જતાં રાજાવતના તેવરથી એ સખત હેબતાઈ ગયો હતો. ધૂંધવાયેલો રાજાવત આમ ધનાધન મચાવી દેશે એવો જરાક અંદાજ હોત તો ય પોતે તેને ચેતવ્યો હોત એવું હરામી મનોમન વિચારી રહ્યો હતો. તેણે બે ગાડી મોકલી હતી, સાહા તો કોઈપણ ગાડીમાં હોઈ શકે અથવા તો સાહાએ મંગાવી એટલે બે પૈકી કોઈ એક ગાડીમાં એ હોય જ એવું ક્યાં કોઈએ છાતી ઠોકીને તેમને કહ્યું હતું? હરામીને આ અડબંગ અને ગુસ્તાખ અફસરના તોરીલા દિમાગનો ડર લાગવા માંડ્યો હતો.

પણ રાજાવતના દિમાગમાં હજુ ય સાહા ઘૂમરાતો હતો. ગાડીમાં સાહા જ હશે એવું માની લેવું એ તેની હળાહળ મૂર્ખામી હતી, પરંતુ એક વાર કરેલાં પર પસ્તાવો કરવાની તેની પ્રકૃતિ ન હતી. ગાડીમાં ચારેય આદમીની લાશ તેણે ઊલટસૂલટ કરી નાંખી. તેમનો બધો જ સામાન ફેંદી નાંખ્યો હતો. ખાણી-પીણીના કેટલાંક પડીકાં, સોફ્ટડ્રિંક્સની બોટલ સિવાય ખાસ કંઈ તેમાં હતું નહિ. ચારે ય આદમી હટ્ટાકટ્ટા અને સ્નાયુબદ્ધ હતા, પણ તેમનો હુલિયો, તેમણે પહેરેલાં કપડાંમાં સોફિસ્ટિકેશન વર્તાતું હતું. દરેકની પાસેથી ગન અને તગડું એમ્યુનિશન મળ્યું હતું. તેમના મોબાઇલમાંથી ડાયલ્ડ, રિસીવ્ડ નંબર્સ અને મૅસેજીસ પણ તેણે નોંધી લીધા હતા. ચારે ય મોબાઇલ્સ ડૅશબોર્ડ પર ગોઠવીને કોઈક ફોન કરે તેની રાહમાં ઘડીક તેણે તાક્યા કર્યું હતું. એ લોકો ચોક્કસ કોઈ મિશન પર હતા પણ ક્યું મિશન અને મિશનનું ક્યું ડેસ્ટિનેશન એ રાજાવતના ભેજામાં ઊતરતું ન હતું. ક્યાંય સુધી મગજ કસ્યા પછી છેવટે તેણે વિચારવાનું બંધ કરી દીધું હતું.

'હવે મારી ધારણા છે કે...' હાથખંભાના પાટિયાથી ગાડી ઝિયાઉદ્દીન સરકારની મજાર તરફ વળી એટલે પછી રાજિયાથી રહેવાયું નહિ, પણ તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ રાજાવત બોલ્યો, 'જમણી તરફ લઈ લે...'

પોતાની હાજરીમાં બીજા કોઈએ કશું ધારવાનું જ ન હોય એવી તેની સાફ માન્યતા હતી. તેની લુખ્ખી મુનસફીથી હરામી વધુ એક વાર સ્તબ્ધ રહી ગયો.

સીધી સડક મજાર તરફ જતી હતી અને જમણી તરફ સાવ સાંકડી કેડી હતી. રાજાવતને મનોમન ભાંડતો હરામી કમને ગાડી આગળ ધપાવતો રહ્યો. અંદરની તરફ એકાદ બે વળાંક વટ્યા પછી રાજાવતે ગાડી થોભાવવા ઇશારો કર્યો.

હરામીએ બ્રેક મારી એટલે એ નીચે ઉતર્યો, શરીરને તંગ કરીને આળસ ખંખેરી અને ચોમાસુ ઘાસની નર્મ બિછાત પર લંબાવ્યું, 'વી વિલ વેઇટ હિયર... ગાડીનું બોનેટ ખોલી નાંખ અને જરાક આરામ કરી લે...'

સીઆર-વીની વચ્ચેની સીટ પર હરામીએ ય શરીર લાંબું કર્યું. તેના મગજમાં વિચારોનું ઘમસાણ ચાલી રહ્યું હતું. એ ખજાનાની લાલચે રાજાવતની સાથે જોડાયો હતો. કોંકણના વેરાન પ્રદેશમાં સાહા એકલપંડે તો ભેખડે ભરાવા ન જ આવે. કોઈ સ્ટ્રેટેજી, કોઈ ગણતરી વગર રાજાવત 'લે બુંધું ને કર સીધું'ની જેમ વર્તી રહ્યો હતો

એ જોતાં એ ભેજાબાજ સાહાને માત કરે એ શક્યતા તેને પાતળી પડતી જણાતી હતી. તો હવે??? રાજાવતે કશું જ વિચાર્યા વગર એકે-56 જેવી ગન ચલાવીને ચાર લાશો ઢાળી દીધી એ પછી રાજિયાના મગજમાં હરામીપણાની બત્તી લબૂકઝબૂક થવા માંડી હતી.

‘ઊભો થા...’ વચ્ચેની સીટ પર લંબાવીને આડા પડેલા હરામીની આંખ જરાક મળી ત્યાં રાજાવત તેને ઠોંસો મારીને જગાડી રહ્યો હતો, ‘હી ઇઝ કમિંગ...’ તેણે હાથમાં પકડેલું રિસીવર તેની આંખ સામે ધર્યું.

રિસીવરમાં વધુ એક વાર ઝબૂકતા સિગ્નલ જોઈને રાજિયો થીજી ગયો. તેણે સાહાને મોકલેલી બીજી ગાડી પણ નજીક આવી રહી હતી.

*

‘ઇટ્સ નોટ પ્રોપર પ્લેસ...’ રાવીએ તરત પોતાની પોઝિશન પારખી લીધી.

મજારથી નીકળ્યા પછી સુમરા સાથે તેમણે ફોન પર સંતલસ કરી લીધી હતી. હવેનો મુકામ ધંતૂરાની દીવાદાંડી પાસે જ્યાં વિરમ રહેતો હતો એ કોટાસની બંગલીએ હતો. સુમરાએ લીલી ઝંડી આપ્યા પછી તેમણે બડા શાગિર્દે ચીંધેલા રસ્તે ધંતૂરાની દીવાદાંડી તરફ જતી વાટ પકડી. બળદગાડામાં દેંગુર્લા નામના નાનકડા કસબા સુધી પહોંચતાં જ તેમને એ આખો વિસ્તાર વેરાન અને અંતરિયાળ હોવાનો અણસાર આવી રહ્યો હતો. દેંગુર્લાથી આગળ મુખ્ય સડક વટ્યા પછી હવેની મુસાફરી પગપાળા હતી. ઊંચા પહાડો વચ્ચેની ખીણમાંથી પસાર થઈને બંને લગભગ અડધો કિલોમીટર ચાલ્યાં કે તરત દીવાદાંડીનો મિનારો વર્તાયો. હવે તેમણે પર્વતની સીધી કરાડ પર જતી સર્પાકાર પગદંડીએ આગળ વધવાનું હતું. પહેલી કરાડ ઓળંગ્યા પછી તેની પાછળ કોટાસની બંગલી આવશે એવું બડા શાગિર્દે કહ્યું હતું.

કરાડની ધાર પર પહોંચીને તેમણે ફરીથી સુમરાને ફોન જોડ્યો. એ વખતે સુમરો અને સિસ્કો દત્તાજી સાવંતને ત્યાંથી નીકળીને ધંતૂરાની દીવાદાંડી તરફ આવવા હંકારી રહ્યા હતા.

‘ધંતૂરા કન્ફર્મ્ડ...’ અભિ સાથે વાત કરતી વખતે સુમરાના અવાજમાં રંગત અછતી રહેતી ન હતી. ‘અમે ત્રીસેક કિલોમીટર દૂર છીએ. ઓલ વેલ?’

‘ઓલમોસ્ટ... અમે હવે બંગલી તરફ જતી પગદંડી સુધી પહોંચી ગયા છીએ...’

‘વેરી ગૂડ... પણ અત્યારે ઉપર જવાનું જોખમ ન લેશો... સાહા આપણી પાછળ જ હતો. આટલા સમયમાં એ પહોંચી જ ચૂક્યો હોય...’ ઝિયાપીરની દરગાહ સુધી સાહાને ખેંચી લાવીને પછી અનુકૂળ સમયે ઘેરી લેવાનો સુમરાનો વ્યૂહ હતો, પણ એ પહેલાં નકશાના મૂળ સુધી પહોંચવું જરૂરી હતું. ‘તમે સલામત આડશ શોધીને ચૌકન્ના રહો. અમે પહોંચીએ પછી જ બંગલી અને દીવાદાંડીની તલાશી લઈશું.’

સુમરાની સૂચના પછી બંને ત્યાં જ થંભી ગયાં હતાં. લગભગ દોઢસો મીટર પહોળી, સપાટ, ખુલ્લી ખીણ પછી શરૂ થતા પર્વતના ઢોળાવમાં એક ગંજાવર ખડકના આશરે તેઓ લપાયા.

‘તને શું લાગે છે...’ અભિએ પીઠ પાછળ બાંધેલા હેવરસેકમાંથી પાણીની બોટલ ઊઠાવી, ‘સાહા આપણો પીછો કરે એ શક્ય છે?’

‘સુમરાની ધારણા કંઈક એવી છે... રાજિયો તેને કહ્યા વિના ન રહ્યો હોય...’

'ઘડીભર ધારી લઈએ કે સાહા આપણો પીછો કરતો બાવાપીરની દરગાહે પહોંચ્યો, રાઇટ?' અભિએ પાણીની છાલક મારીને ભીંજવેલા ચહેરા પર રૂમાલ ઘસતાં કહ્યું, 'ત્યાંથી તેને ખબર પડી કે આપણે ઝિયાઉદ્દીન સરકારની મજારે જવા નીકળ્યાં છીએ. બાવાપીરના મુંજાવરને તો સુમરાએ માહિતી આપવા કહ્યું હતું અને ત્યાં સાહા પૂછપરછ કરી શકે એવો એ એકમાત્ર આદમી હતો, પણ અહીં સરકાર મજારે આવીને એ કોને પૂછશે? એ સરળતાથી બડા શાગિર્દ સુધી પહોંચે અને બડો શાગિર્દ કશી ખાતરી કર્યા વગર તેને વિરમનો પત્તો બતાવી દે એવું બની શકે? મને તો એ મુશ્કેલ લાગે છે.'

અભિના તર્કમાં વજૂદ તો હતું જ. બડા શાગિર્દે શરૂઆતમાં બતાવેલી રુક્ષતા મુંજાવર સાથે ફોન પર વાત થયા પછી જ ઘટી હતી. 'આપણી માફક એ પણ બાવાપીરના મુંજાવર સાથે ફોન પર વાત કરાવીને ખાતરી આપી શકે ને?' રાવીએ ઘડીભર વિચારીને કહ્યું.

'નો વે...' રૂમાલથી ઘસાયા પછી વધુ ગોરા લાગતા અભિના ચહેરા પર મક્કમતા હતી, 'આપણે વિરમની પૂછપરછ કરીએ અને તરત જ બીજા ય કોઈક અજાણ્યા લોકો એ જ રીતથી એવી જ પૂછપરછ કરે તો...' અભિ ઘડીભર વિચારમગ્ન બનીને હવામાં તાકી રહ્યો, 'તને લાગે છે કે બડો શાગિર્દ એમ ભોળવાઈ જાય એવો આદમી હોય?'

'સો યુ મીન...' રાવીને ય હવે અભિના તર્કનું કારણ સમજાવા માંડ્યું હતું, 'એવું પણ બની શકે ને કે બાવાપીરની દરગાહેથી નીકળીને તરત જ સાહાએ સરકાર મજાર પર કોઈક માણસો મૂકી રાખ્યા હોય??'

'ઇઝ ઇટ પોસિબલ?' અભિના ચહેરા પર હવે સપાટાભેર તણાવની લકિર ખેંચાવા લાગી હતી.

'અફકોર્સ ઇટ ઇઝ, ઇફ બિહોલા ઇઝ વિથ હિમ... આઈ નો હિમ... એવો એકે ય ખૂણો નથી જ્યાં બિહોલાની પહોંચ ન હોય... એન્ડ ધેટ બ્લડી સાહા... એ પણ જરા ય ઓછાં લાકડે બળે એવો નથી.'

'ઓહ શીટ્... ઓહ નો...' અભિ સફાળો ઊભો થઈ ગયો, 'તો એવું બની શકે... અરે, બન્યું પણ હોય કે આપણે વિરમની જાનમાં જતાં હોઈએ એમ ખુલ્લેઆમ મજારમાં પ્રવેશ્યાં, દીદાર કર્યા, શાગિર્દને મળ્યા અને પછી અહીં આવવા નીકળ્યાં એ દરેક પર કોઈકની નજર હોય.'

'ઓહ યસ... ઇટ્સ પોસિબલ...' હવે રાવી પણ ઝાટકા સાથે ઊભી થઈ ગઈ. ખડકની આડશમાંથી તેમણે આસપાસ નિરીક્ષણ કર્યું. સપાટ, ખુલ્લી ખીણના બીજા છેડે સામેની પહાડી પાસેથી પસાર થતી સડક સુધી સર્વત્ર સન્નાટો વ્યાપેલો હતો.

બિહોલા કે સાહાના માણસો તેમના પર નજર રાખતાં હોય તો શક્ય છે કે અહીં સુધીની તેમની દરેક મૂવમૅન્ટ ફૉલો થતી હોય.

—અને તો...

'ઇટ્સ નોટ પ્રોપર પ્લેસ...' રાવીએ તરત પોતાની પોઝિશન પારખી લીધી, 'સડક પરથી કોઈક બાઇનોક્યૂલર માંડે તો તરત આપણી હાજરી વર્તાઈ જાય અને જો તેની પાસે માણસો ઝાઝા હોય તો આપણને પોઝિશન લેવાની ય તક અહીં નથી. બેટર વી ગો ઓન...'

જાણે અત્યારે જ હુમલો થવાનો હોય એવી ત્વરાથી રાવી ઘેઘૂર વૃક્ષોની આડશમાં લપાઈને પહાડનો ઢાળ ચડવા લાગી. સડક તરફ નજર રાખીને પાછા પગે અભિ પણ તેની તરફ દોરવાયો. એક પણ અક્ષર બોલ્યા

વગર કે પગલાંનો અવાજ પણ બને ત્યાં સુધી ટાળીને બંને ઉપર ચડતાં ગયાં.

વાંસ, નાઘેરી બદામ, નાળિયેરી અને ફણસીના ગીચોગીચ ઊભેલાં વૃક્ષો, જ્યાંત્યાં ઊગેલાં બોરડી, બાવળનાં ઝાડી-ઝાંખરાં, ભાલાના ફણા જેવી સીધી આકરી ચટ્ટાન, ખડકના કાળમુખા ચહેરા પર નિસર્ગે છાંટેલા ગુલાલ જેવી અડાબીડ હરિયાળી, લીલોતરી વચ્ચે છરીથી કાપો મૂકીને ચોસલું પાડ્યું હોય તેવી કેડી અને ચટ્ટાનની જમણી તરફ એક મસમોટા ખડકને કોરીને બનાવેલી ઊભા મિનારા જેવી ઇમારત...

હજારો કિલોમીટર છેટે આટલા વિરાટ દેશ પર શાસન કરતા અંગ્રેજો વ્યવહારમાં જેટલા ખંધા હતા એટલા જ ભારાડી વ્યૂહબાજ હતા. દેશી રાજવાડાંઓની સીમાની બહાર કૅન્ટોન્મેન્ટ તરીકે ઓળખાતો પોતાનો નાનકડો કિલ્લેબંધ વિસ્તાર ખડો કરવાનો વ્યૂહ તેમણે રાખ્યો હતો. એ રીતે રક્ષણ અને આક્રમણ એમ બે ય મોરચે તેમને ફાવટ રહેતી. એ જ રીતે જમીન, પર્વત અને દરિયાના ત્રિભેટે ખેપાની અંગ્રેજોએ બરાબર મોકાની જગ્યાએ કબજો જમાવવાની નીતિ રાખી હતી. કોસ્ટહાઉસ તરીકે ઓળખાતી આ ઇમારતોનો ઉપયોગ દરિયાકાંઠે પહેરો દેતા સંત્રીઓ દરિયાઈ તોફાનના સમયે આશરો લેવા માટે કરી શકતા એ ઉપરાંત સંઘર્ષના સમયમાં અહીં હથિયારોની ય જમાવટ થઈ શકતી. દેશી પ્રજા તેને 'કોટાસની બંગલી' તરીકે ઓળખતી.

સડકથી લગભગ બસ્સો મીટર ઉપર ચટ્ટાનનો ઢોળાવ ચડીને બંને એ દિશામાં આગળ વધ્યાં. ઘેઘૂર વૃક્ષો પર પછડાતો નમતી બપોરનો હિંગળોક તડકો પાંદડે-પાંદડે લસરીને કેડી સુધી પહોંચતાં કુમળો બની જતો હતો. કોઈક વિશાળ કિલ્લાના બુરજને કાપીને અહીં ચોંટાડ્યો હોય તેવો આકાર ધરાવતી એ ઇમારતના આંગણામાં થાંભલી પર છાપરું ટેકવેલી પરસાળ અને તેની પાછળ કાચની તોતિંગ બારીઓ અને વિશાળ કદના બે દરવાજા હતા. અંદર કોઈક તો હોવું જોઈએ એવું ધારીને રાવીએ અભિને હાક મારવા ઇશારો કર્યો અને પોતે થાંભલીની પાછળ લપાઈ ગન કાઢીને પોઝિશન લીધી.

*

એ જ વખતે સડક પર પાંચ-સાત ગાડીઓ અલગ અલગ દિશાએથી ખીણ તરફ હંકારી રહી હતી.

'નો મૂવમૅન્ટ... બધી જ ગાડી આડશમાં દબાવી દો' દેંગુર્લાના કસબા ભણી જતી કાચી સડક પર નાળિયેરીનાં ઝુંડ વચ્ચે બ્લૂ રંગની રેન્જરોવર પાર્ક થયેલી હતી અને અંદર બેઠેલો એક આદમી મોબાઇલ પર સૂચના આપી રહ્યો હતો.

'ટીમ નંબર ફોર...' તેણે ડૅશબોર્ડ પર એક કાગળ પર ફટાફટ મેપિંગ કરતાં કહ્યું, 'એ લોકો બે જ છે? આર યુ શ્યોર?' સામેથી કશુંક કહેવાયું એટલે તેણે ફરીથી કાગળ પર એક કૂંડાળું દોર્યું, 'ટીમ નંબર ફાઇવ, આઈ થિન્ક ધે આર ઓન યોર પોઝિશન, રાઇટ? ઓકે. ધે આર હેવિંગ ક્લાશ્નિકોવ્ઝ એન્ડ પિપેર્ડ ટૂ શૂટડાઉન એનીબડી એનીટાઇમ... એન્ટાયર ટીમ નંબર ટૂ હેઝ બીન કિલ્ડ, યુ નો... ટીમ બી એલર્ટ... નંબર ફાઇવ, યુ કિપ આઈ ઓન ધેમ એન્ડ ગીવ કવર ટૂ અધર્સ... નંબર સિક્સ, યુ ગો બિહાઇન્ડ ધેમ એન્ડ ટેક પોઝિશન... નંબર સેવન, યુ લિવ ધ વ્હિકલ... આખો રાઉન્ડ ઝડપથી પૂરો કરીને હાઉસની પાછળની તરફ પોઝિશન લઈ લો...'

જોતજોતામાં તેણે કાગળ પર જડબેસલાક સ્ટ્રેટેજી પ્લાન કરીને બંગલીને ઘેરી લેવા હુકમો છોડી દીધા. સાહા હતપ્રભ ચહેરે તેને જોતો રહ્યો.

'એ ગાડી પર જે રીતે હુમલો થયો છે એ જોતાં...' તેણે ડૅશબોર્ડમાંથી સ્મિથ એન્ડ વેસન ગન કાઢી, 'વિરમ સિમ્સ વેલ પ્રિપેર્ડ...'

વિરમ હજુ ય બેહોશ છે તેનો તેમને અંદાજ ન હતો અને એ કારસ્તાન રાજાવતનું હતું તેનાથી તેઓ બેખબર હતા.

*

અભિની હાકના જવાબમાં વેરાન સ્તબ્ધતાના ભેંકાર ખનકારા સિવાય બીજો કોઈ જવાબ ન આવ્યો એટલે તેમણે પરસાળથી સહેજ પાછળ ખસીને ઉપરના મજલાનું નિરીક્ષણ કર્યું. ઉપરના મજલે બારીઓના તૂટેલા કાચમાંથી નર્યો સન્નાટો ઘૂરકતો હતો. અભિ અને રાવીએ એકમેકની સામે જોઈને ફક્ત નજરથી જ સંતલસ કરી લીધી. અભિ છલાંગ મારીને પરસાળમાં કૂદ્યો અને બારસાખની આડશમાં લપાઈને તેણે બારણાને સહેજ હડસેલ્યું. ધીમે ધીમે ખૂલી રહેલું બારણું ગન તાકીને તહેનાત ઊભેલી રાવીની બરાબર સીધમાં જ હતું. ખાલીખમ ઓરડાની પછીતેથી કાચની બારી વાટે પછડાતા તડકાના ઉજાસમાં બધું સાફ વર્તાતું હતું. અંદર કોઈ ન હતું. પહેલા અભિ અને પછી રાવી, એમ બંને અંદર પ્રવેશ્યાં.

ઓરડાની ડાબી બાજુએ ખૂલતાં નાનકડા પૅસેજમાં ગોળાકાર સીડી ઉપરની તરફ જતી હતી. હવે ગન તાકવાનો વારો અભિનો હતો. રાવીએ રેલિંગની બહારની તરફ પગથિયાની આડશ ઠેકીને ઉપર જવાનું પસંદ કર્યું ત્યારે અભિ અહોભાવથી તેને જોઈ રહ્યો. વિરમની દેખરેખમાં પલોટાયેલી રાવીનો વ્યૂહ સાફ હતો, ઉપરથી ધારો કે સીધો જ હુમલો થયો તો પગથિયા ચડીને ઉપર જવામાં બચાવની તકો ઘટી જાય. તેના કરતાં રેલિંગના સળિયાના ટેકે ઉપર જવાય તો હુમલાના સમયે સીધા જ નીચે કૂદકો મારી શકાય. તાલીમબદ્ધ સૈનિકની માફક રાવી ચપળતાભેર ઉપર પહોંચી. ઉપરના મજલાનું બારણું ખુલ્લું હતું. તેણે અભિને ઇશારો કર્યો એટલે દાદરનાં પગથિયાં પર ચુપકીદીપૂર્વક આગળ વધીને અભિએ અંદર ડોકિયું કર્યું. પાછળની દિશામાં પડતી ખુલ્લી બારીઓમાંથી પવનના સુસવાટા ઓરડામાં ધીમી સિસોટી જેવા અવાજે ઘૂમરાતા હતા. મિજાગરામાંથી લબડી ગયેલી બારીની બહાર ઘૂઘવતો હતો વેરાન સમંદર અને બંગલી તેમજ સમુદ્ર વચ્ચેની ચટ્ટાન પર ઊભી હતી દીવાદાંડી... ધંતૂરાની દીવાદાંડી.

આવી સૂમસામ, વેરાન જગ્યાએ વિરમ શા માટે રહેતો હોય તેનો પહેલો જવાબ તેમને મળી ગયો હતો. હવે દીવાદાંડી અને બંગલી આસપાસથી તેમણે નકશાનો ભેદ ખોલતો કોઈક સંકેત શોધવાનો રહેશે એવી ધારણા તેમણે બાંધી લીધી. અભિની પાછળ પ્રવેશેલી રાવીએ વધુ એક વખત આખી બંગલી ધમરોળી લીધી. ક્યાંય કોઈની હાજરી વર્તાતી ન હતી, પણ ઉપરના મજલાનો ઓરડો પ્રમાણમાં સાફસૂથરો હતો. ખૂણામાં દીવાલસરસી ટેકવેલી ચારપાઈ પર બે ગાદલાં, એક જાડો કામળો, સ્ટીલનો મોટો જગ અને ભૂરા રંગના બે-ત્રણ કૅરબા પડેલા હતા. વિરમ અહીં જ રહ્યો હશે? આવી જગ્યાએ?

'યસ, ધેટ્સ ઇટ...' ખાંગી થઈ ગયેલી બારીની બહાર ઝળૂંબીને ખડકની નૈસર્ગિક દીવાલ સડસડાટ ઢાળ ઊતરતી હતી ત્યાં નજર માંડી રહેલી રાવીની આંખો ચમકી, 'વિરમ અહીં જ રહેતો હતો...' તેના અવાજમાં જાણે વિરમને રૂબરૂ શોધી કાઢ્યો હોય તેવો ઉમળકો છલકાઈ રહ્યો

'નીચે જો...' રાવીની માફક બારીએ ઝળૂંબી રહેલા અભિમન્યુની ગરદન પર ભીંસ આપીને રાવીએ સહેજ વધારે ઝુકાવ્યો, 'નીચે ખૂણામાં કંઈ દેખાય છે?' અભિએ ધ્યાનપૂર્વક આંખ માંડી. બારીથી લગભગ ત્રીસેક ફૂટ

નીચે ખડકના ખાંચામાં કેટલોક કચરો પડેલો દેખાતો હતો. રાવીએ તેના હોલ્ડ-ઓલમાંથી ટચૂકડું બાઇનોક્યુલર કાઢીને ત્યાં નજર માંડી અને ફરીથી તેનો ચહેરા પર પ્રસન્નતા ઝબકી ગઈ. તેણે બાઇનોક્યૂલર અભિના હાથમાં થમાવ્યું.

નીચે ફૂડપેકેટ્સના ચિમળાયેલા ડબ્બા, માચીસનાં ખોખાં, સિગારેટનાં ચાર-પાંચ પાકીટ, કાગળની ઝીણી ચપતરીઓ પડેલી વર્તાતી હતી. બારીમાંથી ફેંકાયેલો એવો કેટલો ય કચરો ઊડીને ખાઈમાં ક્યાંય જઈ પડ્યો હોય, પરંતુ ખડકના આ છાજલી જેવા પોલાણમાં પડેલો કચરો ત્યાંથી ખસ્યો ન હતો.

'હમ્મ્મ્...' અભિએ બારીક નિરીક્ષણ કરી લીધું, 'મતલબ કે કોઈક અહીં હતું તો ખરું જ...'

'કોઈક નહિ, વિરમ... વિરમ જ...' રાવીએ ખુશનુમા અવાજે કહી દીધું, 'એ સિગારેટના પાકીટ ધ્યાનથી જો, એ ક્લાસિક માઇલ્ડનાં છે અને વિરમ એ બ્રાન્ડની સિગારેટ જ પીતો હતો...'

'ઓહ્... વી શૂડ કલેક્ટ ઓલ ધેટ સ્ટફ'

'યાહ... પણ સુમરો આવે પછી નીચે ઊતરીએ...'

અભિએ થેલામાંથી ચોકલેટ કાઢી અને રાવીની સામે ધરી, 'સુમરો આવે એટલે પહેલું કામ જમવાનું કરવું છે.'

*

અભિ અને રાવી ઉપરના મજલે તલાશી લઈ રહ્યાં હતાં ત્યાં સુધીમાં કેડી ચડીને છ આદમીઓ બંગલીની બરાબર સામે ખડકોની આડમાં પોઝિશન લઈ રહ્યા હતા. ચારેક જણાએ પહાડીનો આખો ચકરાવો મારીને દરિયાની દિશાએથી પોઝિશન લઈ લીધી હતી. ત્યાંથી બંગલીનું અંતર ખાસ્સું બસ્સો મીટર જેટલું હતું, પણ તેમની પાસે હાઈ રેન્જ ટેલિસ્કોપિક ગન હતી.

ત્રીજી ટીમના બબ્બે આદમીઓ સડક, ખીણ અને પહાડનો ઢોળાવ ચડતી કેડીની નાકાબંધી કરી શકાય એ રીતે સડક પર છેક અડધો કિલોમીટર દૂર જઈને મોરચો ગોઠવી રહ્યા હતા, બરાબર એ જ વખતે...

'એક મિનિટ...' સિસ્કોએ સુમરાના ખભા પર જોરથી હાથ દાબ્યો, 'ગાડી થોભાવ...'

સડકની ડાબી બાજુએ ત્રાંસમાં ઝીણી આંખે કશુંક જોઈ રહેલા સિસ્કોએ કહ્યું કે તરત સુમરાનો પગ બ્રેક સાથે ભિડાઈ ગયો.

પહાડનો ઢોળાવ ચડી રહેલી ગાડીમાંથી સિસ્કોનું ધ્યાન ડાબી તરફ નીચેની દિશામાં ખેંચાયું.

'મને ત્યાં કશીક મૂવમૅન્ટ થતી લાગે છે...' સિસ્કોએ તરત બાયનોક્યુલર આંખે માંડ્યું. સુમરો તેનો તંગ થતો જતો ચહેરો જોઈને પરિસ્થિતિ પામી ગયો હતો. તેણે શર્ટની અંદર ચેસ્ટ બેલ્ટના હોલ્ડરમાંથી તરત ગન ખેંચી લીધી. સિસ્કોએ પહેલાં ઢોળાવની નીચેની તરફ દેખાતી સડક ભણી નજર માંડી પછી તેની સીધી લીટીમાં બાઇનોક્યૂલર ફોકસ કરતાં જઈને દેંગુર્લાની સડક સહિત આખી પહાડીને આવરી લીધી.

'અબ્રામ...' સિસ્કોએ નજર હઠાવ્યા વગર પૂછ્યું, 'તારી ટીમમાં કેટલાં વ્હિકલ હતાં?'

'મતલબ? અરે, હું કંઈ લશ્કર લઈને નીકળ્યો છું? આ એક જ ગાડી છે અને એ બંને તો પગપાળા...'

'તો સમજી લે...' સિસ્કોએ બાઇનોક્યૂલર સુમરાના હાથમાં પકડાવ્યું, 'તારા બેઉ ફોજીને એક આખું લશ્કર ઘેરી વળ્યું છે...'

સુમરાએ તેના હાથમાંથી રીતસર બાઇનોક્યૂલર ઝૂંટવીને આંખે માંડ્યું અને સિસ્કોએ ચીંધેલી દિશામાં ફોકસ કર્યું એ સાથે તેના મોંમાંથી ડચકારો નીકળી ગયો.

પહાડની ખીણ તરફ ઢાળ ઊતરતી તળેટીમાં તોતિંગ ખડકોની આડશમાં બે ગાડીઓ અલગ અલગ જગ્યાએ પાર્ક થયેલી હતી. ચારેક આદમી છૂટાછવાયા થઈને ખડકની આડશે લપાતા ઉપર જતી કેડીની દિશામાં જઈ રહ્યા હતા. તેમની બરાબર ડાબી તરફ નીચે ત્રણેક આદમી સડક રોકવાની મથામણ કરી રહ્યા હતા.

'માય ગોડ... ઓહ માય ગોડ...' સુમરાના હાથમાંથી બાઇનોક્યૂલર સરકી પડ્યું. તેમની ગાડી જરાક જ આગળ વધીને જો ઢાળ ઊતરી ચૂકી હોત તો તેઓ સામ-સામે આવી ગયા હોત.

તેણે એક અક્ષર પણ બોલ્યા વગર સિસ્કોની સામે જોયું. બેયના ચહેરા પરની તંગદિલી એકમેકને પૂછી રહી હતી, 'હવે?'

* * *

~

બપોરે 4.15 વાગ્યે બંગલીની અંદર

'યસ સુમરા...' રાવીએ દરિયાની દિશામાંથી ફૂંકાતા પવનના સુસવાટા ખાળવા મોબાઇલના માઉથપીસ આગળ ધરેલા હાથના ગોખલામાં તેનો ઉમળકો છલકાતો હતો, 'વિરમ અહીં જ રહેતો હતો... અમે એ કન્ફર્મ કરી લીધું. ઇટ્સ અ બ્યુટીફુલ પ્લેસ ટૂ લિવ, યાર... લોનસમ એન્ડ ફુલ ઓફ લાઇફ...' રાવી એકધારું બોલી ગઈ પછી સામા છેડેથી કશુંક કહેવાયું.

'ઓહ નો... ઓહ માય ગોડ...' રાવી આટલું જ બોલી રહી હતી અને સામા છેડેથી સુમરા સતત કશુંક કહી રહ્યો હતો.

ચૂનિયા પથ્થરને કોરીને ચણેલી ખરબચડી દીવાલને અઢેલીને ઊભેલો અભિ રાવીની આંખોમાં છવાતો જતો ઓથાર, તંગ થતી જતી ચહેરાની રેખાઓ અને અવાજના બદલાતાં કંપન અનુભવીને સતર્ક થઈ ગયો.

'ઓકે... ઓકે... ચેક કરીને કહું છું તને' ફોન કટ કર્યા પછી તેણે અભિમન્યુની સામે જોયું. 'આપણે બૂરી રીતે ઘેરાઈ ચૂક્યાં છીએ...' તેના અવાજમાં મડદાના ગાલ જેવી ડરામણી ઠંડક હતી.

'વ્હોટ??'

'ડોન્ટ ગો ધેર...' આગળના દરવાજા તરફની બારી ખોલવા જતાં અભિને રાવીએ રોક્યો, 'ઇટ વૂડ બી ધ મોસ્ટ ડેન્જરસ સાઇડ નાવ...' રાવીએ આંખ બંધ કરી અને ગણતરીની સેકન્ડોમાં સડકથી બંગલી સુધીની આખી પગદંડીને મનોમન ઝાંકી લીધી. સડકથી લગભગ અઢીસો મીટર જેટલી પહોળાઈમાં પથરાયેલી ખીણનો તળેટી ભણી ઊતરતો ઢોળાવ, તળેટીમાંથી કુદરતની અજાયબ કારીગરી વડે સર્જાતું ભીષણ પહાડનું સીધું, આકરું, લપસણું ચઢાણ. ખીણના ઢાળથી લગભગ 45 અંશના ખૂણે ચારસો મીટરના ચઢાણ પછી ચટ્ટાનના નૈસર્ગિક રીતે કપાયેલા પહોળા પટમાં આવેલી આ બંગલી.

'પહેલો એટેક સામેની દિશાએથી જ થવો જોઈએ. એમને છુપાવા માટે અનેક આડશો મળી રહેશે જ્યારે આપણી પાસે આ બંગલી જ છે...' રાવીએ ઉશ્કેરાટભેર ગનનું બૅરલ હથેળી પર ઘસી નાંખ્યું.

'બટ આઈ થિન્ક, આપણે અહીં આવી ગયાં એ સારું જ થયું...' અભિના ચહેરા પર પથરાતી તંગદિલી વચ્ચે દૃઢ નિર્ણયાત્મકતા ઝબૂકતી હતી, 'બહાર તળેટીમાં જ હોત તો બચવાનો કોઈ આશરો જ ન હતો. યુ કવર બોથ ધ સાઈડ... હું સામેની દિશા સંભાળીશ... ડોન્ટ વરી, એકે ય સાલાને એક ડગલું ય આગળ નહિ વધવા દઉં...'

રાવી ઘડીભર તેના ગોરા નમણા ચહેરાને, મોટી ભાવવાહી આંખોને, કપાળ પર પથરાઈ જતાં વાંકડિયાં જુલ્ફાને જોઈ રહી. માનસિંહ મહાલમાં તેના પર ગોળી છૂટી પછી ક્યાંય સુધી સ્તબ્ધ થઈ ગયેલો અભિમન્યુ, હિંદવાણની ખાડીમાં રાજાવતના માણસોએ તેમના પર ફાયરિંગ કર્યું ત્યારે કાંપી ઊઠેલો અભિમન્યુ મટિયાવાડના એન્કાઉન્ટરમાં પહેલી જ વાર બેફામ બંદૂક ચલાવીને હવે શાતિર વ્યૂહબાજની માફક વિચારવા લાગ્યો હતો. શું જરૂર હતી તેણે આવા બનવાની? તેના જેવા સરળ, સાલસ અને ખુશમિજાજ માણસે ય આખરે આવા જ થવાનું? બધા જ લોહિયાળ, ખૂંખાર લડાકુ થશે તો સીધા-સાદા કોણ બચશે?

આવી દુષ્કર પરિસ્થિતિમાં ય પ્રકૃતિથી વિપરીત આવી ગયેલો વિચાર રાવીએ માથું ધુણાવીને ખંખેરી નાંખ્યો. બંનેએ એમ્યુનિશનનું બોક્સ વહેંચ્યું. સુમરા અને સિસ્કો હવે પગદંડીથી આવી શકે તેમ ન હતા. તેઓ કોઈક બીજો રસ્તો શોધે ત્યાં સુધી ટકી રહેવાનું હતું... અટક્યા વગર.

બપોરે 4.15 વાગ્યે બંગલીની બહાર પગદંડી ઉપર

'યસ... પોઝિશન ટેકન...' ખડકની પાછળ લપાયેલા એક આદમીએ મોબાઇલ પર ફુસફુસાતા અવાજે કહ્યું. તેની સાથેનો બીજો આદમી ટેલિસ્કોપિક સ્નિપર એનફિલ્ડનું નાળચું ખડકની ધાર પર જરાક જેટલું બહાર કાઢીને બંગલીની પરસાળ ભણી નિશાન તાકી ચૂક્યો હતો. તેમની ડાબી બાજુએ બે આદમીઓ ફણસના ઝાડ પાછળ લપાવાની ફિરાકમાં હતા. એકની પાસે પિસ્તોલ અને બીજાના હાથમાં વિન્સ્ટર રાઇફલ હતી. દરેકનાં કપડાં પર ક્રાઉલિંગ કરવાથી શેવાળ અને માટીના ગંદાં ધાબાં પડી ચૂક્યાં હતાં.

ફોન પર તેણે દરેકની પોઝિશન સમજાવી અને સામા છેડેથી કશીક સૂચનાઓ મેળવી ફોન મૂક્યો. પછી ખડકની આડશમાંથી સહેજ બહાર નીકળીને તેણે અંગૂઠો અને તર્જનીના પહેલા વેઢા જોડીને અંગ્રેજી મૂળાક્ષર 'ઓ' જેવી સાઈન બનાવી દરેકને બતાડી. પોઝિશન ઓકે... ડોન્ટ ઓપન ફાયર ટીલ નેક્સ્ટ સાઈન.

દરિયા ભણી આથમવા જઈ રહેલા સાંજના સૂરજનો સીધો તડકો તેમના પર મંડરાતો હતો.

દેંગુર્લાના કસબા ભણી જતી સડકના વળાંકે નાળિયેરીનાં ઘેઘૂર વૃક્ષો વચ્ચે બ્લૂ રેન્જરોવરમાં બેઠેલા આદમીએ તેમની પોઝિશન ડ્રો કરી અને નીચે સાંકેતિક માર્કિંગ કર્યું, જેનો અર્થ થતો હતો...

પ્લસ પોઇન્ટઃ પોઝિશન એકદમ મોકાની હતી. વેપન્સ પણ ધરખમ હતા.

માઈનસ પોઇન્ટઃ તડકો તેમની આંખમાં આવતો હતો અને ઊંચા ઢોળાવ પર ઊભેલી બંગલીના પહેલા મજલેથી તેઓ આસાન નિશાન બની શકે તેમ હતા.

કન્ક્લુઝનઃ હુમલાની શરૂઆત ત્યાંથી જ થવી જોઈએ.

બપોરે 4.17 વાગ્યે બંગલીની જમણી તરફ પહાડીમાં

અહીં ચાર આદમી ઘોડાની નાળ જેવા આકારમાં ગોઠવાઈ રહ્યા હતા. બંગલીની એક પણ બારી આ દિશામાં પડતી ન હતી એટલે તેમણે લપાવા માટે ખાસ દરકાર લીધી ન હતી. (દૂર સડકના ઊંચા ઢાળ પરથી સિસ્કો ડેલગાડો બાઇનોક્યૂલર વડે આ લોકોની મૂવમેન્ટ જોઈને જ ચેતી ગયો હતો.) એકમેકની આગળ-પાછળ ખાસ્સું અંતર રાખીને પહાડીના ઊતરતા ઢોળાવ પર ગોઠવાયેલા એ ચાર ઉપરાંત બીજા બે આદમી બંગલીના ખૂણાની સીધમાં, પરસાળ કવર કરી શકાય એ રીતે સહેજ આગળ વધીને ગોઠવાઈ ગયા એટલે ઢોળાવ પર ઊભેલા એક આદમીએ મોબાઇલ જોડ્યો, 'યસ... પોઝિશન ટેકન...'

સામા છેડેથી કશુંક કહેવાયું. ફોન કટ કરીને તેણે દરેકને સંકેત કર્યો, હવે સૌએ નિશાન તાકીને બીજો સંકેત ન મળે ત્યાં સુધી બંદૂક ચલાવવાની ન હતી. તેમની પાસે લાંબા અંતરેથી ય સચોટ નિશાન લઈ શકે તેવી સ્નિપર રાઇફલ ઉપરાંત લાઇટ મશીનગન પણ હતી અને પથ્થરની દીવાલ પર બંદૂકની ગોળી કામ ન લાગે તો સમૂળી દીવાલ જ ખોડવી નાંખે એવા ગ્રેનેડ્સ પણ હતા.

રેન્જરોવરમાં તેમની દરેક ડિટેઇલ્સ નોંધાઈ અને માર્કિંગ થયું,

પ્લસ પોઇન્ટ : વેપન્સ હાઈલી કમ્પેટિબલ, સાઉન્ડ પોઝિશન ફોર ડિફેન્સ.

માઈનસ પોઇન્ટ : રેન્જમાં હોવા છતાં ખડક અને દીવાલની નૈસર્ગિક આડશને લીધે બંગલી તેમના નિશાન પર આવે તેમ ન હતી.

કન્ક્લુઝનઃ પહેલી ટીમના હુમલાનો કેવો સામનો થાય છે એ જોયા પછી જ આ ટીમને ઉતારવી.

બપોરે 4.17 વાગ્યે બંગલીની પાછળ દરિયાની દિશાએ

ધંતૂરાની દીવાદાંડીથી પચાસેક મીટર દૂર ખડક પર ઊભેલા આદમીએ ઘડીક દીવાદાંડી તરફ અને ઘડીક ત્યાંથી દેખાતી બંગલી તરફ તાક્યા કર્યું. દીવાદાંડીની બરાબર જમણે ઘૂઘવતા દરિયાની લહેરો પરથી આથમતી સાંજનો તડકો તેડીને વેગીલો પવન પહાડીઓ પર ફૂંકાઈ રહ્યો હતો. તેમની પાસે ટેલિસ્કોપિક સ્નિપર ગન હતી અને જો રેન્જ અનુકૂળ હોય તો દીવાદાંડીના ઉપરના મજલેથી નિશાન તાકીને બંગલીની અંદર કોહરામ મચાવી દેવો આસાન હતો. તેણે મૂંઝવણભર્યા ચહેરે ફરીથી અંતરનો ક્યાસ માંડ્યો અને છેવટે ફોન જોડ્યો,

'નો સર, ઈટ્સ આઉટ ઓફ રેન્જ... ડિસ્ટન્સ સીમ્સ મોર ધેન 1500 યાર્ડ (આશરે 1700 મીટર) એન્ડ વિન્ડ રેસિસ્ટન્સ ઓલ્સો ઇઝ અ હર્ડલ'

સામ છેડેથી કશુંક કહેવાયું એ સાંભળીને તેનું મોં કટાણું થઈ ગયું, 'નો સર, અહીંથી તો એવું વર્તાય છે કે બંગલીની પછીતથી જ સીધી ખાઈ શરૂ થઈ જાય છે... કદાચ એકાદ પહોળા પથ્થરની સમથળ સપાટી હોય તો...' તેણે બાઇનોક્યૂલરથી બંગલીની પછીતને ચકાસી લીધી પણ નાઘેરી બદામના ઘેઘૂર ઝાડ વચ્ચે તે ખાસ ભાળી શકતો ન હતો, 'અહીંથી ખાસ ખ્યાલ નથી આવતો...'

જવાબમાં સામેથી કશુંક કહેવાયું. ફોન મૂકતી વખતે તેના ચહેરા પર સ્પષ્ટ અણગમો હતો. સામા છેડેથી તેને કશીક અણગમતી સૂચના અપાઈ હતી. તે મનોમન બબડ્યો પણ ખરો, 'આ દીવાદાંડી કે બંગલી મારા બાપે નથી બંધાવી કે રેન્જનો ખ્યાલ રાખે... અને આટલી ઊંડી ખાઈમાં કોણ એનો બાપ ભૂસકો મારીને દીવાદાંડી તરફ નાસવાનો હતો?' તેણે તિરસ્કારભર્યા ચહેરે બીજા આદમીઓને ઇશારો કર્યો અને તેઓ ખડકાળ કિનારા પર બંગલીથી થોડા વધુ નજીક આગળ વધ્યા, જ્યાંથી બંગલી તેમને 60 અંશના ખૂણે ઉપરની તરફ આશરે પાંચસો મીટર દૂર ઝાંખી-પાંખી દેખાતી હતી. હવે એ રેન્જમાં તો હતી પણ ઘેઘૂર વૃક્ષો, આડી-અવળી ફંટાતી પહાડીની કરાડ તેમને નડતી હતી. દુનિયાનો નંબર વન નિશાનબાજ પણ આટલી વિપરીત પોઝિશનમાં નિશાન તાકી શકે તેમ ન હતો.

રેન્જરોવરમાં તેમની પોઝિશન પણ ડ્રો થઈ ગઈ.

પ્લસ પોઇન્ટઃ હેવિંગ શાર્પ વેપન્સ

માઇનસ પોઇન્ટઃ પોઝિશન અને એટમોસ્ફિયર વિપરિત

કન્ક્લુઝન : બંગલીમાં રહેલાં લોકો પાછળની દિશાએ જરા ય ન ચસ્કે એ કામ આ ટીમનું રહેશે.

બપોરે 4.20 વાગ્યે

'કમાલ યાર...' પહાડ કાપીને બનાવેલી સર્પાકાર સડકો પર સુમરાએ સફાઈપૂર્વક અને એટલી જ ઝડપથી

રિવર્સમાં ફોર્ચ્યુનર ભગાવી એ જોઈને સિસ્કો આફરીન થઈ ગયો... 'તેરે કો રેસર હોના મંગતા... વો ભી રિવર્સ કા...'

સડકના ઢોળાવ નીચે નાકાબંધી, ખીણથી બંગલી તરફ જતી પગદંડી પાસે પડેલાં વાહનો, બંગલીની જમણી તરફની પહાડી ઊતરી રહેલાં ચાર-પાંચ આદમીઓ... થીજી ગયેલા ચહેરે તેમણે ઘડીભર એ જોયા કર્યું. જરાક મોડું થયું હોત તો તેઓ નાકાબંધી કરી રહેલા આદમીઓના ધ્યાને ચડી ગયા હોત. હવે આગળ વધવાનું જોખમ લેવા જેવું ન હતું. બંનેએ ફક્ત નજરથી સંતલસ કરી લીધી અને સુમરાએ રિવર્સ ગિયરમાં નાંખી ફોર્ચ્યુનર નીચે ઉતારવા માંડી. સિસ્કો ફાટી આંખે સડકની બે ય તરફ કરાળ ખીણને જોતો રહ્યો.

ખાસ્સા અડધો કિલોમીટર જેટલી પીછેહઠ કર્યા પછી સુમરાએ ફોર્ચ્યુનર થંભાવી સૌ પહેલાં રાવીને ફોન લગાવ્યો અને બંગલી ફરતો ઘેરો જામી રહ્યો હોવાની માહિતી આપી. પોતે કંઈક રસ્તો કાઢે ત્યાં સુધી લડતાં રહો એમ કહીને તેણે ફોન તો મૂક્યો, પણ રસ્તો કઈ રીતે નીકળશે તેનો તેને સહેજે ય અંદાજ ન હતો. તેના કરડા, બરછટ ચહેરા પર તંગદિલી અંકાયેલી હતી અને તેની જાડી, વંકાયેલી ભ્રમરોના તણાવમાં ઉચાટ ઘૂમરાતો હતો. 'મારે નકશો સમજવો પડશે...'

કોસ્ટહાઉસની બંગલી અને ધંતૂરાની દીવાદાંડી આસપાસની ભૂગોળથી સિસ્કો ખાસ અજાણ્યો ન હતો. તેણે નીચે ધૂળમાં જ આંગળી ફેરવીને નકશો આંકવા માંડ્યો.

'હમ્મ્મ્...' સુમરો ક્યાંય સુધી નીચલા હોઠને દાંત વચ્ચે દબાવીને ધૂળમાં આંકેલો નકશો જોતો રહ્યો. ડાબે, જમણે ભીષણ પહાડી, પછીતે ઊંડી ખાઈ પૂરી થયા પછી દરિયો અને સામે સડસડાટ ઢોળાવ ઊતરતી પગદંડી... તેની આંગળીઓ વચ્ચે સિગાર જલતી રહી અને તેના દિમાગમાં જાતભાતનાં સમીકરણો મંડાતાં રહ્યાં. 'સિસ્કો, મારે જો આ બંગલી ઘેરવાની હોય તો હું આ ત્રણ દિશાઓ પસંદ કરું...' તેણે બંગલીની સામે, જમણી બાજુ અને પછીતે એમ ત્રણ એરો દોર્યા. (એ ત્રણ દિશાએથી સાચે જ બંગલી ઘેરાઈ ચૂકી હતી)

'તું શું કરે?' તેને હજુ ય સંતોષ ન હતો એટલે તેણે સિસ્કોને પૂછ્યું.

'હું?' સિસ્કોએ ઝીણવટપૂર્વક સુમરાએ સૂચવેલા ઘેરાવને અવલોક્યો, 'દરિયાની દિશાએ દીવાદાંડી તરફ તેં ઘેરો મૂક્યો તેની જરૂર જ નથી. વહાં તૂ ગોલી ચલાને વો અભિનવ બિન્દ્રા કો લાયેગા, ક્યા? તેને બદલે તેં આ ડાબી તરફની પહાડી કેમ છોડી દીધી એ મને ન સમજાયું. હું તો એ પહાડીને બાકાત ન રાખું...' એમ કહીને તેણે બંગલીની પછીતની ખાઈ બાજુ ચોકડી મારીને ડાબી તરફની પહાડી બાજુ ઢાળ ઊતરતો હોય તેવો એરો દોર્યો.

'લેકિન તુને તો કહા વહાં લંબી ચૌડી પહાડી હૈ...'

'અઈસા ક્યા? મૈંને અઈસા બોલા?' સિસ્કોના ચહેરા પર કૃત્રિમ તાજુબી હતી પણ અવાજમાં તેની સ્વભાવગત લુચ્ચાઈ હતી, 'બરખુદાર, યે કોંકણ હૈ... મરાઠા લોગ ફોકટ મેં હી ઇધર જીતતે થે ક્યા? પોર્ટુગીઝ કભી કુડાળ કે ઉસ તરફ દેખ તક નહિ પાયે ઔર અંગ્રેજ લોગ પૂરા હિન્દુસ્તાન જીતને કે બાવજુદ ભી કોંકણ મેં ઘૂસ હી નહિ પાયે... અહીં દરેક પહાડમાં એવી અપરંપાર ભુલભુલામણી છે કે અજાણ્યો આદમી એક વાર પ્રવેશે પછી જિંદગી વીતી જાય તો ય બહાર ન નીકળી શકે...'

સુમરાનો જીવ તાળવે ચોંટ્યો હતો, પણ સિસ્કો અકારણ એ પહાડીની દિશામાં ઘેરો ન જ મૂકે. તેણે મનોમન બંગલીનું લોકેશન આંકતા જઈને સિસ્કોને બોલવા દીધો, 'અહીં તું બારીકીથી જો...' સિસ્કોએ દૂર ક્ષિતિજમાં

ક્યાંય સુધી હારબંધ ફેલાયેલી ભીષણ પહાડીઓ ભણી આંગળી ચીંધી.

'દૂરથી જોતાં એ સળંગ પહાડ લાગે પણ કેટલાક પહાડોની વચ્ચે નૈસર્ગિક બુગદા જેવાં સાંકડાં ગલિયારાં હોય, જેને મરાઠાઓ નેળ તરીકે ઓળખે. નેળ એટલે એક એવો તિલસ્મી રસ્તો જે એક પહાડીમાંથી જંગલમાં અને જંગલમાંથી વળી બીજી પહાડી પર પહોંચાડી દે. અજાણ્યું લશ્કર યા તો આ પહાડોની કુદરતી દીવાલ પાસે આવીને અટકી જાય અથવા તો તોતિંગ પહાડો ચડવામાં અટવાતું રહે. જ્યારે જાણભેદુ મરાઠા લોગ નેળના સપાટ અને આસાન રસ્તે સરકી જાય. આ ભુલભુલામણીની જાણકારી વડે જ મરાઠાઓ હંમેશા અજેય રહ્યા. મરાઠા લોગ મેં આજ ભી એક કહાવત હૈ, નેળ પહોંચે તેને નરઘેળ ન પહોંચે. નરઘેળ એટલે લશ્કર. એક વાર નેળ સુધી પહોંચી ગયેલા આદમીને...'

સિસ્કો બોલતો રહ્યો અને સુમરો મનોમન હિસાબ માંડતો ગયો... સાહાએ અભિ અને રાવીને ઘેરી લીધાં છે મતલબ કે મજાર પર પહોંચતાં પહેલાં જ તેણે નજર રાખવાની અને પીછો કરવાની વ્યવસ્થા ઝિયાઉદ્દીનની મજારે ગોઠવી દીધી હોવી જોઈએ... તે ઝડપભેર અહીં આવો જડબેસલાક ઘેરો ઘાલી રહ્યો છે એટલે તેની પાસે માણસો પણ પૂરતા હોવા જોઈએ... વેપન્સ પણ હશે જ... તો શું પહાડોની નેળ વિશે તેને જાણકારી હશે? એ બાજુ તેણે માણસો ગોઠવ્યા હશે?

'નામુમકિન...' સુમરાનો તર્ક સાંભળીને તરત સિસ્કો તાડૂક્યો, 'બહોત ફર્ક હૈ... નેળ હોના માલૂમ હો ઔર વાકેહી નેળ કા રાસ્તા માલૂમ હો... બહોત ફર્ક હૈ અબ્રામ... ઉસકે સાથ યહાં કા દેંગુર્લા, માળવણ, ધંતૂરા કા કોઈ આદમી હો તો વો હી બતા સકતા હૈ. બાકી તો નામુમકિન...'

ક્યાંય સુધી આંગળાં વચ્ચે જલતી રહેલી સિગાર આખરે સુમરાએ હોઠ વચ્ચે માંડી અને એકસામટા ત્રણ-ચાર ઊંડા કસ લઈ લીધા. તેનાં ફેફસાંમાં ઝાંઝીબારી તમાકુના ગોટા અટવાતા હતા અને મગજમાં અટવાતા વિચારોના ગોટા ઉકેલાતા જતા હતા.

'સિસ્કો...' તેણે ફોર્ચ્યુનરનો પાછળનો દરવાજો ખોલ્યો અને વેપન્સનો ઢગલો વચ્ચેની સીટ પર પાથર્યો, 'દેખતે હૈ સડક સે કિતની નીચે યે ગાડી હમ લે જા સકતે હૈ...'

'અઈસા??' સિસ્કો ભયાનક આઘાતથી સુમરાના ચહેરા સામે જોઈ રહ્યો, 'અઈસા ક્યા??'

પાંચ મિનિટ પછી...

સુમરાએ એન્જિન રાઉસ કરીને હળવે હળવે ક્લચ છોડતાં જઈને ગાડીને સડકની ધાર નીચે ખીણની સપાટ, લપસણી મુરમ પર ઉતારી ત્યારે સિસ્કોની આંખો મીંચાઈ ગઈ હતી, આંગળાંઓ અનાયાસે જ ફોર્ચ્યુનરના ડૅશબોર્ડ પર ક્રોસની સંજ્ઞા ચીતરવા લાગ્યાં હતાં અને હૈયું ખરાબે ચઢેલા વહાણના સઢની માફક ફફડી રહ્યું હતું.

—ત્યારે ડિસ્પ્લેની ઘડિયાળ 4 કલાક અને 35 મિનિટનો સમય દર્શાવતી હતી.

બપોરે 4.35 વાગ્યે

'વિરમ ત્યાં હશે ખરો?' સાહાએ હળવેથી પૂછી લીધું. બને ત્યાં સુધી ડાયરેક્ટ એક્શનથી દૂર રહેવાની સાહાની નીતિ આ વખતે ચાલે તેમ ન હતી. ગમે ત્યારે મૂઠભેડ થશે જ અને એ લોહીયાળ જ હશે તેની તેને ખબર હતી જ, પરંતુ એ ઘડી આટલી વહેલી આવી જશે અને બે ય મોરચે આવી તૈયારી હશે એ તેની કલ્પના

બહારનું હતું. ઓડી ક્યૂ-૩માં આવતી ટીમને વિરમે અંતરિયાળ ચાળણીની જેમ વીંધી નાંખી અને તેમાં વપરાયેલું હથિયાર એકે-56 હોવાની ખબર પડી ત્યારે જ સાહા થથરી ચૂક્યો હતો. વિરમ હવે બરાબર ઝનૂને ચડ્યો હોવાનો એ પહેલો પુરાવો હતો.

'હી શૂડ બી ધેર... એ સિવાય બીજું કોઈ આટલી ઝડપથી બંગલીએ ધસી ન જાય...' એ આદમીએ નકશા પરથી નજર હઠાવ્યા વગર જવાબ વાળ્યો. તેની સફાઈબંધ ખેંચેલી મૂછનાં થોભિયાં બે ય બાજુ છેક ગાલ સુધી અડતા હતા. તેના ટૂંકા વાળ અને લમણામાં પડતા ભમરાને લીધે તેનો ચહેરો હતો તેનાં કરતાં ય વધારે કરડો લાગતો હતો.

'મને તો એ સવાલ થાય છે કે એ આટલી જલદી અહીં સુધી કેવી રીતે પહોંચી ગયો?' સાહા કોઈ પણ હિસાબે આ ખૂનામરકી રોકવા અને જો ખૂનામરકી અનિવાર્ય જ હોય તો અહીંથી છટકવાનો દાવ શોધતો હતો.

'ના, મને સવાલ એ થાય છે કે...' તેણે સ્મિથ એન્ડ વેસનમાં મૅગેઝિન ચેક કર્યું, ઘડિયાળમાં જોયું, આકાશમાં જોયું અને ઝાટકા સાથે રેન્જરોવરનો દરવાજો ખોલીને લાત મારી, 'આટલી જલદી વિરમ આપણાથી હોસ્ટાઇલ કેમ થઈ ગયો? એ ખજાનો શોધવા નીકળ્યો હતો અને તેણે આપણી અસલિયત શોધી લીધી...'

બહાર નીકળીને તેણે બાઇનોક્યૂલરથી પહાડીનું નિરીક્ષણ કર્યું અને સાહાની સામે નજર માંડી ત્યારે વરસાદી ઠંડક વચ્ચે ય સાહાના તાલિયા માથા પર પસીનો વળી રહ્યો હતો, 'બધુ જ તારા કારણે દયાલ...' તેણે સાહાની નજીક આવીને તેની તોતિંગ ફાંદમાં ગન ખોસી, 'યુ ફેઇલ્ડ ટૂ કન્ટ્રોલ હિમ... યુ ફેઇલ્ડ ટૂ ઓપન હિઝ માઉથ... એન્ડ... ધેન યુ ફેઇલ્ડ ટૂ કિપ હિમ ઇન...' તેના દાંત જે રીતે ભીંસાતા હતા એ જોઈને સાહાની આંખો મીંચાઈ જતી હતી... ગમે ત્યારે તેના આંગળાં ગનના ટ્રિગર સાથે ભીંસાઈ જાય તો...

'નોટ નાવ...' તેણે ઠંડા તિરસ્કારથી ગન હઠાવી, 'વિરમ તારી સામે બોલવો જોઈએ... હાવ હી મેઇડ અસ ફૂલ...' દૂર ક્ષિતિજ પર દરિયાની છાતી માથે ઘેરાયેલાં રૂના પોલ જેવાં વાદળો વચ્ચે સરકતા સૂરજને તાક્યા પછી તેણે ફરીથી ઘડિયાળમાં જોયું અને મોબાઇલ પર કોન્ફરન્સ કોલ જોડ્યો.

'અત્યારે 4.50 થઈ છે. બધા જ પોતાની ઘડિયાળ આ ટાઇમ પર સેટ કરો. એક્ઝેટ પાંચ વાગ્યે ફ્રન્ટ પોઝિશનની ટીમ ફાયર ઓપન કરશે. રાઇટ એન્ડ બૅક પોઝિશન, તમને કહેવામાં ન આવે ત્યાં સુધી તમારે ખસવાનું નથી. રાઈટ પોઝિશન, યુ કીપ કો-ઓર્ડિનેશન વિથ ફ્રન્ટ ટીમ એન્ડ મેઇન્ટેઈન સપ્લાય લાઇન. ફ્રન્ટ ટીમ લીડર, ચેક ધ પોઝિશન ઓફ યોર ઓલ ધ ટીમ મેટ્સ. પહેલાં દર મિનિટે ચાર ફાયર પછી દર બે મિનિટે... ફાયરનો રિપ્લાય આવે તો બને ત્યાં સુધી તમારી લેફ્ટ પોઝિશનને વળતું ફાયર કરવા દેજો...' પછી તેને પોતાને જ થયું કે એક-એક ગોળીની સૂચના એ નહિ આપી શકે, 'એ જીવતા પકડાવા જોઈએ... એની હાવ... અંધારું થાય એ પહેલાં... ઇટ મીન્સ, યુ વિલ હેવ વન અવર... પાક્કી અને પૂરી 60 મિનિટ. એની ડાઉટ??' એ બે સેકન્ડ અટક્યો, 'ઓકે બોય્ઝ, ગો અહેડ. ગૂડ લક.'

તેણે ફરીથી ઘડિયાળમાં જોયું. સતત ફાયરિંગ ધણધણાવીને એ લોકોને એ હતપ્રભ કરી દેવા માંગતો હતો. તેમની પાસે એકે-56 હોય તો પણ એમ્યુનિશન ખૂટવાડીને શરણે લાવવાનો તેનો વ્યૂહ હતો.

બપોરે 4.55 વાગ્યે બંગલીમાં

'બે આદમી તો સીધા જ મારી લાઇનમાં ખડક પાછળ લપાયેલા દેખાય છે...' અભિએ બારીને સમાંતર આડા

પડીને સામે દેખાતી પગદંડી પર બાઇનોક્યુલર માંડતાં કહ્યું, 'પણ એ બે જ નહિ હોય... પાછળવાળો સતત તેની ડાબી બાજુ જોયા કરે છે...'

'રાઇટ, એ બે ન જ હોય... જે આપણી લાઈનમાં નથી એ આ બારીથી ત્રાંસમાં સ્હેજ દૂર લપાયા હશે...' રાવીએ મનોમન એમની સ્ટ્રેટેજીનો ક્યાસ કાઢવા મગજ કસ્યું. અભિના હાથમાંથી બાઇનોક્યુલર લઈને તેણે પછીતની બારી નીચે લપાઈને દીવાદાંડીની દિશામાં માંડ્યું. ત્યાં નીચે ઊતરતી ખાઈના દરિયાકાંઠા તરફના ઢોળાવે કેટલાક આદમીઓ ટહેલતા દેખાતા હતા. 'તેમણે બે ફ્રન્ટ તો કવર કરી લીધા છે...' તે અભિને સમાંતર આડી પડી અને પગદંડીની દિશામાં લપાયેલા આદમીઓ ભણી બાયનોક્યૂલર માંડ્યું. ખડક પાછળ લપાયેલા આદમીના હાથમાં સ્નિપર એનફિલ્ડ ગન જોઈને તેના મોંમાંથી ડચકારો નીકળી ગયો.

અભિ કશું સમજે એ પહેલાં તેણે લેટેલી હાલતમાં ફોન જોડ્યો, 'સુમરા... હીટ મસ્ટ બી બિહોલા...' રાવીના અવાજમાં પ્રચંડ આઘાત હતો, 'યસ, એમની પાસે આર્મી સ્નિપર...'

રાવીનું વાક્ય પૂરું થાય એ પહેલાં બારીની દિશામાં સુસવાટાભેર ગોળી ઝીંકાઈ ગઈ હતી.

* * *

~

બંગલીના ઉપરના મજલે

'હીટ મસ્ટ બી બિહોલા... તેમની પાસે આર્મી સ્નિપર છે...' રાવીનું વાક્ય પૂરું થાય કે સુમરો કશી પ્રતિક્રિયા આપે એ પહેલાં જ પગદંડીની દિશામાંથી છૂટેલી ગોળી સુસવાટાભેર બારીના ત્રીજા સળિયા પર ઝીંકાઈ. દાયકાઓથી દરિયાઈ પવનની ખારાશ સહીને કટાઈ ગયેલો સળિયો 'ખડિંગ' કરતો બારીના પીઢીયામાંથી નોંખો થઈને અંદરની તરફ વળી ગયો અને સળિયાની ત્રાંસમાં અથડાઈને બારી પાસેની દીવાલમાં ફૂટેલા કારતૂસે દીવાલમાં હથેળીના પંજાના કદનું ભગદાળું પાડી દીધું.

'રાવીઈઈઈ...' ગોળીનો અવાજ સાંભળીને સુમરાના ગળામાંથી ચીસ નીકળી ગઈ. સીધા ઢાળની ખીણમાં કાળાડિબાંગ ખડકો પરથી નીચે ઊતરી રહેલી ગાડીની હાલતથી જ સિસ્કો થથરતો હતો તેમાં સુમરાની ઓચિંતી ચીસથી તેની આંખોમાં બેબાકળો ઓથાર થડકી ઊઠ્યો.

'આર યુ ઓકે??' સુમરાએ આખા શરીરનું વજન બ્રેક પર મૂકીને ગાડીને ખીણમાં મોં-ભેર ધસી જતી રોકી.

'વી શૂડ બી, સુમરા...' રાવીએ ગંદી ફર્શ પર ચત્તાપાટ લેટીને દાંત ભીંસતા જવાબ વાળ્યો. ગોળીના સુસવાટા સાથે જ જંગલી બિલાડીની ચપળતાથી તે પડખું ફરીને બારીની ડાબી બાજુએ દીવાલની આડશે ખસી ગઈ હતી. 'ધે આર હેવિંગ સ્નિપર એનફિલ્ડ...' ખભા અને કાન વચ્ચે મોબાઇલ દબાવીને તેણે બૅરેટામાં મૅગેઝિન ખોસ્યું, 'બટ ડોન્ટ વરી, અમારી પોઝિશન વધુ સેઇફ છે... એન્ડ હેઈ સુમરા...' તેણે ગુલાંટ મારીને બારી તરફ ખસતા અભિને તારીફની નજરે જોઈને કહ્યું, 'અવર માચો મૅન ઇઝ હેન્ડલિંગ ધોઝ બાસ્ટર્ડ્ર્સ... બસ, તું જલદી આવ એટલે એકેએકને સાલાને અહીં દફનાવવા છે.'

'હું આ ખીણ પસાર કરીને બસ...' સુમરાએ ખીણ પૂરી થયા પછી શરૂ થતી તોતિંગ પહાડી સામે મીટ માંડી. એ પહાડ ઓળંગીને પહોંચે ત્યાં તો... તેણે ડોકું ધુણાવી નાંખ્યું. ગમે તેમ કરીને પહાડમાંથી પસાર થતી નેળ શોધવી જ પડશે... શક્ય તેટલી ઝડપે. 'તમે એમને કોઈ પણ હાલતમાં આગળ ન વધવા દેશો. બંને વારાફરતી અને અલગ અલગ દિશાએથી ફાયરિંગ કરતા રહો. હું થોડી વાર રહીને ફોન કરું છું.'

સુમરાએ ફોન મૂક્યો એટલી વારમાં બારીની સાવ લગોલગ લપાઈને અભિએ ફાયરિંગનો વળતો જવાબ આપી દીધો હતો.

એ પછી ખાસ્સી વાર સુધી ચુપકીદી પથરાઈ ગઈ. કદાચ બે ય પક્ષ એકમેકની ધીરજ અને ક્ષમતા માપી રહ્યા હતા.

ભેંકાર સ્તબ્ધતા પછી અચાનક બે અલગ અલગ દિશાએથી સામટી બંદૂક ગર્જી અને ઘડીભર પહેલાંના ઓરડાના સન્નાટામાં ભોંય પર ઝીંકાતા ધગધગતા કારતૂસ વેરણછેરણ ખનકવા માંડ્યા. બારીમાંથી અંદર ઝીંકાતી ગોળીઓની બૌછાર એકીટશે નીરખીને રાવીએ વ્યૂહ બદલ્યો, 'તું નીચે જઈને ફાયર ઓપન કર... હું અહીંથી એમનો સામનો કરું છું...' રાવી તેમનો વ્યૂહ પારખી ચૂકી હતી. ડાબી બાજુ લપાયેલી પાર્ટી સલામત રહીને ગોળીઓ છોડતી રહે એટલી વારમાં સામેની જરાક જોખમી પોઝિશનવાળી ટીમ તસુ-તસુ આગળ વધતી જાય અને એ રીતે તેઓ વધુમાં વધુ નજીક આવી શકે.

બંગલીની ડાબી બાજુએ ખડક પાછળ લપાયેલા બંદૂકબાજોને જો અભિ નીચે જઈને ફાયરિંગ કરતા રોકી શકે તો બારીની બરાબર સામે મોરચો માંડતા બે ય જણાને તે નિશાન બનાવી શકે તેમ હતી.

'ટેઇક કેર...' માથા પરથી પસાર થતી ગોળીઓના સનનન...સનનન અવાજ વચ્ચે અભિએ માથું પણ ઊંચક્યા વગર જવાબ વાળ્યો અને ભોંયથી એક તસુ પણ ઊંચકાયા વગર એકસમાટી ત્રણ ગુલાંટ મારીને દાદર સુધી પહોંચી ગયો.

બંગલીના નીચેના મજલે

નીચેના મજલેથી એક પણ રાઉન્ડ ફાયર થયો ન હતો એટલે પગદંડીથી સહેજ ડાબી તરફ ખડકની આડશમાં લપાઈને ઉપરના મજલે બંદૂક ધ્રસકાવી રહેલા એ બે ય આદમીનું સઘળું ધ્યાન અંધાધૂંધ ફાયરિંગ કરીને પગદંડી પર પોઝિશન લઈને ઊભેલી ટીમને પરસાળ સુધી સેઇફ પૅસેજ આપવામાં હતું.

અભિ અને રાવીને આમ જુઓ તો અત્યારે રાજાવત બરાબર ફળ્યો હતો. એ અડબંગે અંતરિયાળ વગડામાં અવિચારીપણે એકે-56 ધણધણાવી નાંખી એટલે એ કારસ્તાન વિરમનું જ હોય એમ ધારીને દરેક ટીમને આ લોકો પાસે એકે-56 જેવા વેપન્સ હોવાની તાકીદ કરી દેવાઈ હતી. પોણા કિલોમીટર છેટેથી સેકન્ડની 10ના હિસાબે સાડા પાંચ સેન્ટિમીટર લાંબી બુલેટ ઓકી નાંખતી ટાઇપ-56 એસોલ્ટ રાઇફલની એ ધાક હતી કે નીચેના મજલેથી એક પણ રાઉન્ડ ફૂટ્યો ન હતો તો ય કોઈ આડશ છોડીને આગળ ધપવા તૈયાર ન હતું.

સાવચેતીપૂર્વક દાદર ઊતરી રહેલા અભિએ એક જ નજરમાં બારીના તૂટેલા કાચની આરપાર દેખાતી પરસાળ અને પરસાળની નીચે ઢોળાવ ઉતરતી પહાડીને આવરી લીધી. પરસાળની બહાર સામે બે આદમી એક હાથમાં લાંબી રાઇફલ સંભાળતા ક્રાઉલિંગ કરીને પહાડનો તીવ્ર ઢાળ ચડવા મથતા હતા અને પરસાળની સીધમાં સહેજ ડાબી તરફ ખડકની આડશમાં લપાયેલા બે આદમી વારાફરતી ઉપરના મજલે નિશાન તાકતા હતા.

તડકો તેમની આંખમાં આવતો હતો એટલે દરેક નિશાન તાકવા માટે તેમણે જોખમ લઈને પણ એક સેકન્ડ માટે માથું સલામત આડશમાંથી બહાર કાઢી જરાક ઊંચકવું પડતું હતું. એક આદમી સહેજ માથું ઊંચકે, નજર વડે ટાર્ગેટનો અંદાજ મેળવી નિશાન તાકે, પછી ફરીથી માથું ખડકની આડશમાં પાછું ખેંચે, રાઇફલનું નાળચું આગળ ધકેલે અને ટ્રિગર દબાવે. એક ગોળી છૂટે કે તરત યંત્રવત્ બીજો આદમી એ આખી ક્રિયા દોહરાવે.

અભિએ અડધી-પોણી મિનિટ સુધી મટકું પણ માર્યા વગર આખો સિનારિયો માપી લીધો. મનોમન ગણતરી માંડીને તેણે બે ય આદમીનો માથું ઊંચકવાનો લય પકડ્યો. લગભગ 25થી 30 સેકન્ડે એ બંને ફાયર કરવા માટે માથું ઊંચકતા હતા. તેના દાંત ભીંસાયા અને તેણે ખડકની દિશામાં ગન તાકી. પહેલાં તેની આંખ બારીના તૂટેલા કાચ અને સળિયા વચ્ચેના ચારેક ઇંચના ગેપમાં કેન્દ્રિત થઈ. પછી એ ગેપની બહાર નીચાણમાં ખડકની પાછળ ઊંચકાતા માથાના લય પર તેની દૃષ્ટિનું સંધાન સધાયું. એ પછી હવે બસ, તેને ખડકની આડશમાંથી એ આદમીની જરાક અમથી ઊંચકાતી ખોપરી જ દેખાતી હતી. એ આદમી નિશાન તાકીને જેવો નીચો નમ્યો કે તરત અભિએ મનોમન ગણતરી શરૂ કરી દીધી.

1... 2... 3... 18... 19... 23... 24... 25... 26

—અને તેણે ટ્રિગર દબાવી દીધું.

બંગલીની સામે પગદંડી ઉપર

'કેઝયુઅલ્ટી...' પગદંડી પરથી લપકતા બંને આદમીઓએ વંટોળિયાની માફક બેક ક્રાઉલિંગ કરી નાંખ્યું અને તરત મોબાઇલ જોડ્યો, 'વન ઇઝ શોટડાઉન... નો, વેપનનો ખ્યાલ નથી આવતો બટ હી ઇઝ બ્લડી ડેમ શૂટર...' અડધી સેકન્ડ માટે ખડકથી ચંદ સેન્ટિમીટર બહાર ઊંચકાયેલા માથામાં ગોળી ધરબી દેતો આદમી... તેના અવાજમાં હેબતાઈ ગયેલો ખોફ કાંપતો હતો. તેમણે સાવ આસાન ધારી લીધેલો મુકાબલો સહેજ પણ આસાન ન હતો. સામા છેડેથી કશુંક કહેવાયું એ સાંભળતી વખતે ય બંગલીના ભોંયતળિયાને તાકી રહેલી તેની આંખોમાં છળી ઊઠેલો આઘાત તગતગી રહ્યો હતો. ભોંયતળિયેથી કોઈએ જે રીતે નિશાન તાક્યું હતું એ જોતાં બસ, જરાક આડશ છોડો એટલી જ વાર, પછી તો આટલી ઊંચાઈએથી એ કોઈ પણનો સફાયો કરી શકે. ફોન મૂકીને તેણે ઊંડો નિઃશ્વાસ છોડ્યો. પોતાના સિવાયના તેની ટીમના ચાર આદમીને, ના, હવે ત્રણ આદમીને તેણે સંકેત કર્યો... સ્ટોપ ધ ફાયર. કિપિંગ ગેપ ફોર થ્રી મિનિટ્સ...

બંગલીના નીચેના મજલે

પોતે છોડેલી ગોળીથી કોઈ વીંધાયું કે નહિ તેનો અભિને ખ્યાલ આવતો ન હતો પણ પ્રત્યેક 25-30 સેકન્ડે ઊંચકાતું માથું, આડશમાંથી બહાર નીકળતું નાળચું અને ગોળીની બૌછાર અટકી ગઈ હતી. તેણે તરત મન મક્કમ કર્યું અને કમરમાંથી ઝૂકીને દોડતો છેક ડાબી તરફ છેવાડાની બારી પાસે પહોંચ્યો. અહીંથી તેને હવે આશરે 80 મીટર છેટે ખડકની પાછળ લપાયેલા આદમીની મૂવમૅન્ટ સ્પષ્ટ દેખાતી હતી અને તે બાજુમાં ચત્તાપાટ પટકાયેલા નિઃષ્પ્રાણ આદમીના ક્ષત-વિક્ષત માથાને બેબાકળી નજરે જોઈ રહ્યો હતો.

માય ગોડ... અભિએ તીવ્ર આઘાતમાં માથું ધુણાવી નાંખ્યું. આટલે દૂરથી તેણે આટલું ચોટડૂક નિશાન તાકી લીધું હતું?? ગનના નાળચાને તે તાજુબીભરી નજરે જોઈ રહ્યો. ધગી રહેલા નાળચામાંથી ફોરતી બારૂદની ગંધ જાણે તેના હૈયાના થડકાટ ફરતું બેખોફીનું કવચ વીંટાળી રહી હતી.

તેણે ત્વરાથી નિર્ણય લીધો. શરીરને તંગ કરીને રહીસહી અવઢવ પણ ખંખેરી નાંખી. તે ઢીંચણના જોર પર અધૂકડો ઊભો રહ્યો અને બેઉ હાથ છાતી સામે ટટ્ટાર કરીને બારીની બહાર ગન તાકી.

બંગલીના ઉપરના મજલે

બે ફાયરિંગ વચ્ચેનો અંતરાલ લંબાયો એટલે ઉપરના મજલેથી રાવીએ નીચે આંખ માંડી. એક આદમી તેની દિશામાં જોઈને ગન તાકતો પાછળ સરકી રહ્યો હતો. બીજો આદમી બ્લૂટૂથને આંગળી વડે કાન સાથે ભીંસીને કશુંક બબડી રહ્યો હતો. 'હી મસ્ટ બી ગેટિંગ ઇન્સ્ટ્રક્શન... ઓહ માય ગોડ...' રાવીને કંપારી છૂટી ગઈ. મતલબ સાફ હતી, અહીં સામે ભલે ગણ્યાગાંઠ્યા આદમી દેખાતા હોય પણ એ આખી ફોજ હોવી જોઈએ. ફોજનો કમાન્ડ નીચે તળેટીમાં કે બીજી કોઈ સેફ જગ્યાએ હોઈ શકે અને તો... એક ટીમ પીછેહઠ કરે એટલે બીજી... ઓહ માય ગોડ...

હવે પાંચીકા ઉછાળતી છોકરીની માફક લપાઈ-લપાઈને ડરી-ડરીને ગન ચલાવ્યે પાલવે તેમ ન હતું. તેણે ઝડપભેર નિર્ણય લીધો. લેટેલી હાલતમાં જ ફેફસાંમાં ઊંડો શ્વાસ ભર્યો અને ઝાટકા સાથે ઊભી થઈ. ચમોલીની પહાડીઓમાં સુવ્વરના શિકારે નીકળેલી રાજપૂતાણીના ઠસ્સાથી તેણે બહાર નજર માંડી. તેનાં જડબાં તંગ થયાં. બરાબર સામે જ, નીચે ઢોળાવ પર લપાવા મથતા આદમીનું તેણે નિશાન તાક્યું.

—અને ટ્રિગર દબાવી દીધું.

નીચે તળેટીમાં પાર્ક થયેલી રેન્જરોવરમાં

‘વિરમ્મ્મ્મ્મ્મ્મ...’ એ આદમી એટલો જોરથી ચિલ્લાયો કે પાછળની સીટમાં બેઠેલો દયાલ સાહા તેની આ ઓચિંતી ત્રાડથી હેબતાઈ ગયો.

‘વિરમ??’ ફફડી ગયેલા સાહાએ તેના મેદસ્વી શરીરને રેન્જરોવરની વચ્ચેની સીટમાં જેમતેમ સંકોરવાની કોશિશ કરતાં બારીની બહાર નજર ફેંકી લીધી, ‘ક્યાં છે વિરમ? ક્યાં છે??’ તેની થોથવાતી જીભમાંથી ફેંકાતા શબ્દો પર ખોફની ભુતાવળ નાચતી હતી.

વિન્ડ યુ...’ સાહાની આંખમાં તગતગતો ભયનો ઓથાર નિ હેઝ કિલ્ડ અવર થ્રી મૅન... સમજાય છે તને જાડિયા? તેણે આપણા ત્રણ આદમીને ઢાળી દીધા છે...’

‘પણ...’ હાંફી રહેલા સાહાના ચહેરા પર માંડ જરાક નૂર વળ્યું, ‘એ વિરમ જ હશે?’ વિરમ રાજાવતની કસ્ટડીમાં હતો ત્યારે જ તેની શારીરિક હાલત સતત કથળતી જતી હતી, પરંતુ રાજાવતે પોતાની થર્ડ ડીગ્રી જાહેર ન થઈ જાય એ હેતુથી એ વિગત સાહાથી છૂપાવી હતી. તેમ છતાં સાહાને બરાબર યાદ હતું કે છેલ્લે તે વિરમને મળ્યો ત્યારે એ તદ્દન પસ્ત હાલતમાં હતો. બોલતી વખતે તેના મોંમાંથી લાળ પડતી હતી અને ગરદન ખભા પર લુઢકી જતી હતી. તેની આંખો સ્થિર રહેતી ન હતી અને હાથ ધ્રૂજતા હતા. આટલા દિવસોમાં એ આટલો સ્વસ્થ થઈને લડવા આવી જાય??

‘તો કોણ તારો બાપ ત્યાંથી ગોળી ચલાવે છે?’ મૂછના જાડા થોભિયા પર ઊડેલું થૂંક બેપરવાઈથી લૂછીને એ આદમી ફરી ચિલ્લાયો, ‘ડિડન્ટ યુ હિઅર્ડ, જરાક અમથું માથું ઊંચકાયું અને તેણે એ આદમીની ખોપરીમાં ગોળી પહેરાવી દીધી છે... એ વિરમ નથી તો તારો ક્યો સાંઢ ત્યાં ગન લઈને ઊભો છે?’

ગુસ્સાથી ધમધમતા દિમાગે તેણે બંગલીની સામેની પોઝિશનમાં ત્રણ કૂંડાળાં કર્યા. આંખ મીંચીને ઘડીભર કશોક વિચાર કર્યો અને મોબાઇલ જોડ્યો, ‘ધેર આર સમ કેઝ્યુઅલ્ટીઝ... યુ ઓલ ગો ધેર એટ ફ્રન્ટ પોઝિશન...’ બંગલીની ડાબી તરફ પોઝિશન લઈને ઊભેલી ટીમને તેણે પગદંડીએથી પીછેહઠ કરી રહેલી ટીમનું સ્થાન લેવા ધકેલી. પછી ફરીથી મેપ ચકાસ્યો. હજુ તેની પાસે તળેટીમાં બીજા અઢાર જણાનો રિઝર્વ્ડ ફોર્સ તહેનાત હતો.

બંગલીની ડાબી દિશાએ ભીષણ પહાડી તરફ

‘ઇતના આગે મત જા અબ્રામ...’ બંગલી ભણી ફંટાતી કરાડના સીધા, લપસણા ઢોળાવ પર જેમતેમ સંતુલન રાખીને સડસડાટ આગળ વધી રહેલાં સુમરાનો ઉન્માદ જોઈને સિસ્કો છળી રહ્યો હતો, ‘તું આસાનીથી રેન્જમાં આવી જઈશ...’

‘એમને રેન્જમાં લેવા હશે તો આપણે ય રેન્જમાં આવવું જ પડશે...’ સુમરાએ કરાડમાંથી તૂટીને છૂટા પડી ગયેલા એક વિશાળ ખડકની ફાંટ અને નાળિયેરીના ઝુંડ વચ્ચે તોતિંગ આડશ શોધી લીધી. અહીંથી તે શરીર બહાર ખસેડ્યા વગર ગન ચલાવી શકે તેમ હતો. અહીંથી દોઢસો-બસો મીટરની રેન્જમાં તે બંગલી, બંગલીની સામેની સમથળ જગ્યા, પગદંડી પાસે લપાયેલા આદમીઓ અને તેની બરાબર સામેથી પહાડીનો ઢોળાવ ઊતરી રહેલા આદમીઓ નરી આંખે દેખાતા હતા. (એ વખતે એ સ્પેર ટીમને પગદંડીએ પહોંચવાની સૂચના મળી ચૂકી હતી.)

સુમરાએ જોયું, સિસ્કો પણ તેનાથી સહેજ ત્રાંસમાં પચાસેક મીટર છેટે જઈને બદામ, સોપારી અને અરીઠાના ઘટાટોપ વચ્ચે લપાઈને પોઝિશન લઈ ચૂક્યો હતો. બંનેએ ફક્ત નજર મેળવીને સ્ટ્રેટેજી રચી નાંખી. સુમરો બંગલીની સામેના આદમીઓને નિશાન બનાવે ત્યારે સિસ્કોએ બંગલીમાંથી બહાર આવતાં અભિ-રાવીને કવર ફાયર આપવાનું હતું. સુમરા પાસે તેની ફેવરિટ હેકલર એન્ડ કોચ પી-30 ઉપરાંત સિસ્કોને ત્યાંથી લીધેલી એલએમજી હતી. અભિ-રાવી બહાર નીકળીને તેમની દિશામાં ધસી આવે ત્યારે તેમના પર ફાયરિંગ થતું રોકવા સિસ્કોએ ગ્રેનેડ પણ ઉછાળી દેવાના હતા.

ફાયર ઓપન કરતાં પહેલાં સુમરાએ રાવીને ફોન જોડ્યો, 'તમે બંને સેઇફ છો?' સામા છેડેથી કશુંક કહેવાયું એટલે સુમરાના તંગ, કરડા ચહેરા પર રાહત અને હળવાશની નજાકત ફરી વળી. 'અબ દેખો...' તેણે ફરીથી નજર ફેંકીને બદલાતી સ્થિતિનો અંદાજ મેળવ્યો, 'સામે મોરચો મજબૂત બની રહ્યો છે. અમે ફાયર ઓપન કરીએ કે તરત તમે બહાર નીકળો.'

—અને બે-ત્રણ મિનિટની શાંતિ પછી દાયકાઓથી નિઃશબ્દ રહેલા પહાડમાં જાણે ભૂતાવળ જાગી હોય તેમ ફાયરિંગના ભીષણ સનકારા પડઘાવા માંડ્યા.

સુમરાએ એલએમજી વડે પગદંડીની દિશામાં ફાયરિંગ ધણધણાવીને તેમને હક્કાબક્કા કરી દીધા હતા. બંગલીના નીચેના મજલેથી અભિએ બે ય હાથમાં ગન ઝાલીને ફાયરિંગ કરવા માંડ્યું હતું. એટલી વારમાં રાવી પણ નીચે આવીને યોગ્ય પોઝિશન જોઈને ફાયરિંગમાં જોડાઈ ગઈ હતી.

જવાબમાં, ધાણીફૂટ ગોળીબાર વચ્ચે આડશો પાછળ લપાતા-છુપાતા બંગલીની ડાબી તરફના સ્પેર ફોર્સના આદમીઓએ ચપળતાપૂર્વક પોઝિશન સંભાળી લીધી હતી અને એ પૈકીના ચાર આદમીઓએ સુમરાની દિશામાં અને ત્રણ આદમીઓએ બંગલીની તરફ એનફિલ્ડ રાઇફલ અને શોર્ટ રેન્જમાં કાતિલ ગણાતી બ્રાઉનિંગ પિસ્તોલના ફૂંફાડા ચાલુ કરી દીધા હતા.

એકધારા વીસેક મિનિટના ફાયરિંગ પછી—

'અબ્રામ...' સિસ્કોએ જમીન સરસા લપાઈને સુમરાને સિસકારો કર્યો, 'મને લાગે છે, આપણે થોડા આગળ ધપવું પડશે... એમને પૂરતું કવર નથી મળી રહ્યું અને...' સિસ્કોએ બંગલીની પછીતે દરિયાની દિશા ભણી આથમતા સૂરજ તરફ નજર ઊંચી કરી, 'સાંજ ઢળી ગયા પછી એ બંને અહીં પહોંચે અને આપણે નેળના રસ્તે બહાર નીકળીએ એ અઘરું થઈ જશે...'

સુમરો અવઢવમાં મૂઢપણે તાકી રહ્યો. સિસ્કોની વાતમાં વજૂદ તો હતું જ, પણ આગળ વધવામાં જોખમ પણ પૂરેપૂરું હતું. આગળ ખાસ્સા અંતર સુધી પાંખાં ઝાડ અને કરાડના ખુલ્લા ઢોળાવમાં ક્યાંય સલામત આડશ ન હતી. એ હજુ નિર્ણય પર આવે એટલી વારમાં સિસ્કોએ ઘટાટોપ ઝાડીની બહાર કદમ માંડી દીધાં.

—બસ, એ તેની ભૂલ હતી.

એ ઝાડીની બહાર નીકળી ઝડપભેર ઢોળાવ ઊતરવા દોડ્યો એ સાથે જ સામેથી એલએમજી ધણધણી અને પહાડીમાં સિસ્કો ડેલગાડોની મરણચીસના પડઘા ગાજી રહ્યા. ત્રણ પેઢી અને એક સૈકા સુધી ગોવાના વેરાન દરિયાકાંઠા પર આપખુદીની હકૂમત ચલાવનારો આખરી ડેલગાડો ચાળણીની જેમ વીંધાઈને કરાડના લપસણા ખડકો પર પછડાતો બોરડી-થોરના ઝાંખરાંમાં અટવાઈ પડ્યો.

સુમરો સ્તબ્ધ આંખે સિસ્કોનું કરપીણ મોત જોઈ રહ્યો. કાળમીંઢ કરાડ પર ઘસડાવાથી પથરાયેલો લોહીનો લાલઘૂમ લિસોટો, ઝાંખરા પર ઝળૂંબી રહેલા સિસ્કોની લબડી ગયેલી ગરદન અને જમીનની દિશામાં મંડાઈને અધખૂલી રહી ગયેલી આંખો... જિંદગીભર મનમાનીના તોરમાં અક્કડ રહેલો સિસ્કો આખરી ક્ષણોમાં નીચું જોઈને જાણે પોતાની જાતને જ પૂછી રહ્યો હતો, અઈસા?? અઈસા ક્યા??

સુમરાએ ઊંડો શ્વાસ લઈને મન મક્કમ કર્યું અને ત્યાંથી નજર હઠાવી. મોત સાથે તેને હંમેશા નજદીકી નાતો રહ્યો હતો. શિકારની આંખમાં આંખ પરોવીને બે વેંત છેટેથી ગન ચલાવતી વખતે ય તેના ચહેરાની એક રેખા પલટાતી ન હતી.

—પણ ખબર નહિ, ત્રણ દાયકાથી બંદૂકના ધડાકાના તાલે થડકી રહેલું તેનું હૃદય હવે થાક્યું હોવાનું તેને લાગતું હતું. બસ, આખરી વાર આ બે બચ્ચાંઓને આ કમઠાણમાંથી બહાર લાવી દઉં પછી... પછી... પ્હેણ, વડખળથી નીકળ્યા પછી છેક હાથખંભા સુધી આખા રસ્તે ફોર્ચ્યુનર આગળ ધપી રહી હતી અને સુમરાનું મન અભરખાનો વાવટો વીંટતું પાછું ફરી રહ્યું હતું. અત્યાર સુધી જે કર્યું તેને એ મુકદ્દરનો હુકમ સમજીને કરતો રહ્યો. તેને લેશમાત્ર અફસોસ ન હતો પણ હવે નહિ... હવે નહિ...

તેણે જોરથી માથું ઝકઝોરીને વિચાર ખંખેરી નાંખ્યા. ઉદ્વિગ્ન આંખે હવામાં તાક્યા કર્યું અને પછી મોબાઇલ જોડ્યો, 'સિસ્કો ખતમ થઈ ચૂક્યો છે...' સામા છેડેથી ડચકારો નીકળી રહ્યો હતો, 'તમને કવર આપવા માટે મારે ખાસ્સું...'

સુમરાનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ અચાનક ભીષણ ધણધણાટી ફરી વળી. સુમરાએ કાન પરથી મોબાઇલ હઠાવીને ફાયરિંગના સાઉન્ડ અને દિશાનો ક્યાસ કાઢવા મથામણ કરી જોઈ. ના, આ અલગ છે... અલગ છે... આ એનફિલ્ડ નથી... મશીનગન પણ નથી..., 'આ ફાયર તમારા પર થઈ રહ્યું છે?' તેણે હાંફળા અવાજે રાવીને પૂછી લીધું.

'ના સુમરા...' રાવીના અવાજમાં ય તાજુબી હતી, 'બટ ઇટ્સ હોરીબલ...' કોઈ ભેદી દિશામાંથી અંધાધૂંધ ગોળીઓ વરસતી હતી અને બંગલીની સામેની ઢાળ ઊતરતી પગદંડીના ખડકોના ચાર-ચાર ઇંચ જાડાં છોડાં હવામાં ફંગોળાતાં હતાં. સુમરાએ હાથનું નેજવું કરીને નજર માંડી. બંગલીની ડાબી તરફ, જ્યાં સ્પેર ફોર્સે પોઝિશન લીધી હતી અને હવે એ ટીમ ખસીને બંગલીની સામે આવી હતી, બરાબર એ જ જગ્યાએ પહાડીના ઢોળાવ પર આરામથી બેસીને એક આદમી બડી મિજાજીથી ગન ધણધણાવી રહ્યો હતો.

એ રાજાવત હતો.

*

બીજી ગાડીના ટ્રાન્સમીટરને ફોલો કરીને તે અહીં સુધી પહોંચ્યો હતો અને અહીં ઝડપભેર બદલાતો તાયફો ધ્યાનપૂર્વક નિહાળીને તેણે નાકાબંધી થાય એ પહેલાં જ દેંગુર્લાની સડકથી ખાસ્સી આગળ સીઆર-વી પડતી મૂકીને આ પહાડ ચડવા માંડ્યો હતો. તેને રોકવાની રાજિયા હરામીની એકે ય કોશિશ કારગત નીવડે તેમ ન હતી. છેવટે, આ વખતે તેણે અગાઉની માફક ગાડી જોઈને તરત ગન નથી ચલાવી એવું આશ્વાસન લેતો હરામી ય તેની પાછળ દોરાયો હતો.

પહેલી ગોળી છૂટી કે તરત રાજાવતે પોતાની પોઝિશન ચેક કરી લીધી હતી. એ પહાડીની પાછળ હતો અને

બધાનું ધ્યાન બંગલી તરફ કેન્દ્રિત થયેલું હતું. હરામીના પોચટવેડાને આંખથી ડારીને તેણે ધરાર ક્રાઉલિંગ કરાવ્યું હતું અને પહાડીનો ઢાળ ચડીને એ બંને ઉપર પહોંચ્યા ત્યાં સુધીમાં સ્પેર ટીમ આ પહાડી પરથી ખસીને પગદંડીની દિશામાં ધસી ગઈ હતી.

ગોળીઓની બૌછાર ચાલતી હતી ત્યારે તેણે તદ્દન ઠંડા કલેજે બાઇનોક્યૂલર વડે આખી પહાડીની ભૂગોળ માપવા માંડી હતી. એ દરમિયાન નેળમાંથી રસ્તો કરીને આવતાં સુમરા અને સિસ્કો ય તેની નજરમાં આવી ગયા હતા. હવે તેને બરાબર અંદાજ આવી ગયો હતો. વિરમને નસાડી ગયેલી ત્રિપુટી પૈકી બે બંગલીમાં ફસાયા છે, બીજા બે ડાબી બાજુ મોરચો બનાવી રહ્યા છે અને સામે સાલો સાહા પણ આખી ફોજ ઉતારીને બેઠો લાગે છે.

સાહાનો વિચાર તેના મગજમાં આવ્યો એ સાથે ફરીથી તેના માથામાં રેગિસ્તાની વંટોળ જેવું તોફાન ફૂંકાવા માંડ્યું હતું. શૂટિંગ રેન્જ પર પ્રૅક્ટિસ કરવા આવ્યો હોય તેવી મિજાજી અદામાં તે ઊભો થયો. એકે-56ના બૅરલમાં 75 કારતૂસનું ડ્રમ એટેચ કર્યું. પગદંડીની દિશામાં તિતરબિતર પથરાઈને બંગલી તરફ ફાયરિંગ કરી રહેલાં આદમીઓ પર ટેલિસ્કોપ ફોકસ કર્યું.

—અને ટ્રિગર દબાવી દીધું.

* * *

~

પહાડીની નીચે તળેટીમાં

તેણે લાત મારીને રેન્જરોવરનો દરવાજો ખોલ્યો. તેના ચહેરા પર અંકાયેલો તણાવ જોઈને સાહા પણ સફાળો ગાડીમાંથી બહાર નીકળ્યો. દૂર, ઊંચે પહાડીઓમાં બોલતી ધણધણાટીના તીવ્ર પડઘા તળેટીના નિર્જન, ભેંકાર સન્નાટાની છાતી પર વીંઝાતા હતા. તેણે ચિંતાતુર ચહેરે પહાડીઓની દિશામાં બાઇનોક્યુલર માંડ્યું, પરંતુ ત્રાંસમાં ઢળતી કરાડ કશો અણસાર આવવા દે તેમ ન હતી. તળેટીથી પહાડી પર જતી પગદંડીએ સાબદા થઈને ઊભેલા રિઝર્વ્ડ ફોર્સને તેણે ઇશારત કરી એ સાથે એ કુમક હરકતમાં આવી ગઈ. એ જ ઘડીએ તેનો ફોન રણક્યો.

તે જાણે રાહ જ જોઈ રહ્યો હોય તેમ તેણે ફોન રિસીવ કરીને કાને માંડ્યો. સામા છેડેથી કોઈ ત્રુટક ત્રુટક અવાજે કશુંક કહી રહ્યું હતું પણ ગોળીઓના ધડાકા તેના શબ્દોને ક્યાંય ઊંચકી જતા હતા.

'મોટેથી બોલ... કશું જ સંભળાતું નથી...' તેણે કાન સાથે મોબાઇલ દબાવીને અવાજ પારખવાની મથામણ કરી જોઈ. કાન તળે ફોન દબાવીને એ આદમી ખડકાળ બંજર વચ્ચે ક્રાઉલિંગ કરી રહ્યો હોય તેમ જમીન પર ઘસાતા શરીરના કર્કશ અવાજો આવ્યા કર્યા. ફોનમાં સંભળાતા ગોળીઓના વેગીલા સુસવાટા મહેસૂસ કરીને તેના તંગ ચહેરા પર ઊભરી રહેલી કરડાકી સાહા સ્તબ્ધ બનીને જોતો રહ્યો. વધુમાં વધુ એકાદ કલાકમાં આટોપવા ધારેલો મામલો હવે વધુ ગંભીર બની ચૂક્યો હતો.

'ડિફિકલ્ટ ટુ ફાઇટ... સમબડી હેઝ કૅપ્ચર્ડ અવર લેફ્ટ સાઇડ પોઝિશન...' ધૂમધડાકાના ભીષણ અવાજો વચ્ચે બોલી રહેલા એ આદમીનો અવાજ જે રીતે થોથવાતો હતો તેનાથી ફાયરિંગની ભયાવહતાનો ખ્યાલ આવી શકતો હતો.

'હાવ મેની આર ધે?' તેણે આ એક જ વાક્યમાં પરિસ્થિત પારખીને રિઝર્વ્ડ ફોર્સને પગદંડી પર આગળ ધપવા ઇશારો કરી દીધો.

'સિંગલ મૅન... એક માણસ અમારા પર બેફામપણે એકે-56 ધણધણાવી રહ્યો છે... હેવી કૅઝ્યુઅલ્ટી... મિનિમમ 5 શોટ ડા...' સામા છેડેથી વાક્ય પૂરું થાય એ પહેલાં જ તેણે ગંદી ગાળ બોલીને છીંકાટો નાંખી દીધો. તેની મીણ ચડાવેલી મૂછોના ગાલને અડતાં જાડાં, અણિયાળાં થોભિયાં ધ્રૂજી રહ્યાં હતાં અને આંખોમાંથી આગ વરસતી હતી. તેમનો પ્લાન સદંતર ખોટો પડ્યો હતો? જો કોઈ બંગલીની ડાબી બાજુની ટેકરીએથી એકે-56 ધણધણાવે છે તો શું વિરમ બંગલીમાં ન હતો?

'હેલ વિથ મી... ****...હેલ વિથ મી...' તેણે ગાડીના બૅક ગ્લાસ સાથે ઉશ્કેરાટભેર માથું પટકી દીધું. તેના લાલઘૂમ ચહેરાની કરડાકીમાં વીંટળાતી જતી ગુસ્સાની વિકૃતિ સાહા કાંપતી નજરે જોઈ રહ્યો.

એકે-56 વડે વિરમે જ અગાઉ તેમની ગાડીના ફુરચા ઊડાવ્યા હતા એવા અનુમાનના આધારે અહીં પણ એ જ હોવો જોઈએ એવું તેણે આપોઆપ ધારી લીધું. મતલબ કે બંગલીમાં બીજા કોઈ સાથીદાર હતા અને વિરમ પોતે બહાર હતો. તો પછી... તેણે ફટાફટ ગણતરી કરવા માંડી. બંગલીમાંથી થતાં ફાયરિંગમાં ત્રણ લાશ પડી ગઈ હતી અને હવે આ માણસ પાંચનું કહી રહ્યો હતો. તો પછી વિરમે બીજા બેને ઉડાડ્યા કે પછી એ ત્રણ સિવાયની પાંચે-પાંચ લાશ તેણે જ...??

નો... નો... ઉશ્કેરાટભેર તે વગડાઉ સડક પર આમતેમ આંટા મારી રહ્યો હતો અને તેના મનમાં પહાડીની પોઝિશન અંકાતી જતી હતી. અચાનક ઝાટકા સાથે તે ઊભો રહી ગયો. આંખો ફાડીને ધારદાર નજરે તે હવામાં તાકી રહ્યો અને આંગળીથી હવામાં જ કશાક ચિતરામણ કર્યાં. જરાક ડોકું ધુણાવ્યું અને ફોન કાન પર લગાવ્યો.

'થ્રો ધ ગ્રેનેડ્સ ધેર...' તેના અવાજમાં દઢ મક્કમતા હતી, 'એ મકાન ઊડાવી દો... અંદર એક પણ આદમી બચવો ન જોઈએ...' જો વિરમ બહાર હતો તો પછી અંદર રહેલા આદમીને, આટલું નુકસાન વેઠ્યા પછી જીવતા પકડવાનો આગ્રહ રાખવા જેવો ન હતો. બંગલી પર બોમ્બ ઝીંકવાથી વિરમ પણ ધીરો તો પડશે જ. તેણે મનોમન વ્યૂહ વિચારીને આદેશ છોડવા માંડ્યા હતા, 'સેન્ડિંગ રિઝર્વ્ડ ફોર્સ ધેર... ધે વિલ ફાઇટ ધ મૅન... ત્યાં સુધી લડતા રહો... પણ સૌથી પહેલાં એ મકાન ઊડાવી દો... એક પણ સાલો જીવતો ન જવો જોઈએ...'

ફોન મૂકીને તેણે જોયું ત્યારે રિઝર્વ્ડ ફોર્સના અઢાર આદમીઓ પહાડમાં પરોવાઈ જતો પગદંડીનો વળાંક ઓળંગી રહ્યા હતા.

—એ જ વખતે, તેનું ધ્યાન ન હતું પણ સડકની છેક ડાબી બાજુએ એક આદમી ધમણની માફક હાંફતી છાતીએ પહાડીનો ઢોળાવ ઊતરતો હતો.

આંખોમાં બેબાક ખોફ, ચહેરા પર ધ્રાસ્કો અને હૈયામાં ફફડાટ ભરીને આ તરફ ભાગી રહેલો એ આદમી રાજિયો હરામી હતો.

હરામી ક્યારેય કોઈનો થયો ન હતો... આજે પણ નહિ.

બંગલીની અંદર અને સામે

'હુ ધ હેલ ધિસ મૅન ઇઝ...' બંગલીના ભોંયતળિયાની અવાવરું ફર્શ સાથે ગરોળીની માફક ચંપાઈ ગયેલી રાવીના અવાજમાં પારાવાર મૂંઝવણ હતી.

'હુએવર હી ઇઝ. પણ એકે ય ગોળી આ દિશામાં નથી આવી...' અભિએ પણ ફર્શ પર લેટેલી હાલતમાં જરાક સરખું ય માથું ઊંચક્યા વગર જવાબ વાળ્યો. બહાર જમણી તરફ પહાડની દિશામાં સિસ્કો જે રીતે મોતને ભેટ્યો હતો એ જોતાં સુમરો હવે આડશ છોડી શકે તેમ ન હતો. આ આદમી, એ જે હોય તે, પણ ફાયરિંગ સતત સામેના મોરચા પર કરતો હતો અને તેના ધાણીફૂટ ગોળીબારથી આડશમાં લપાવા મજબૂર બનેલા એ લોકો હવે બંગલી પર પણ ફાયર કરવા માથું ઊંચકી શકે તેમ ન હતા. ઈટ્સ ધ ટાઈમ... અભિએ રાવીની સામે જોયું.

'આઈ થિન્ક, આપણે ભાગી શકીએ તેમ છીએ...' રાવીના પ્રતિભાવની રાહ જોયા વગર સપાટાભેર ક્રાઉલિંગ કરીને તે છેક દરવાજા સુધી પહોંચી ગયો એ જોઈને રાવીના મોંમાંથી દબાયેલી ચીસ નીકળી ગઈ.

'ડોન્ટ ગો યુ ફૂલ, ઇટ્સ રિસ્કી...'

'એવરીથિંગ ઇઝ રિસ્કી હિયર...' અભિએ લેટેલી હાલતમાં જ છાતીમાંથી સહેજ ઊંચકાઈને લાકડાના જર્જરિત દરવાજાની ફાંટમાં આંગળી ભરાવી ખોલવાની મથામણ આદરી, 'સુમરાને ફોન લગાડ, હવે રિસ્ક લીધા વગર...'

એ જ ઘડીએ ભીષણ ધડાકો થયો અને મરમ્મતના અભાવે દાયકાઓથી ખખડી ગયેલી બંગલીની આખી ઇમારત હચમચી ઊઠી. બારણું ખોલવા મથતા અભિ પર ફાયર થયાનું ધારીને બેબાકળી રાવી ચીસ પાડતી અભિની ઉપર પછડાઈ. પહેલાં અવાજ, પછી ધ્રુજારી અને એ પછી રાવીની પછડાટથી દિગ્મૂઢ થઈ ગયેલો અભિ ઘડીભર સ્તબ્ધ બની ગયો. એ જ ક્ષણે તેમનાથી દસેક ફૂટ દૂર ડાબી તરફની દીવાલ ફસકી પડી અને અચાનક હટી ગયેલા અંતરાલમાંથી પ્રવેશેલા આથમતા સૂરજના અજવાળામાં વર્ષોનું ભેંકાર અંધારું ઓઢીને સુસ્તાતો ઓરડો ઝળાંઝળાં થઈ ગયો.

'અભિઈઈઈ...' રાવીને હજુ ય ગડ સૂઝતી ન હતી. તેણે અભિને જોરથી ભીંસી લીધો, 'આર યુ ઓકે...? ઓકે ના??'

'હમ્મ્મ્...' રાવીના માંસલ સ્તનો સાથે ભીંસાતા તેના માથામાં રાવીના હૈયાના ધબકારા પડઘાતા હતા. તેના વાંકડિયા વાળ ફરતો વીંટળાયેલો રાવીનો હાથ ફંફોસીને અભિએ થપથપાવ્યો, 'આઈ એમ ઓલરાઇટ... ધે આર થ્રોઇંગ ગ્રેનેડ્સ...'

રાવીએ બંગલીના પડખાની ફસકાઈ ગયેલી દીવાલ પર ઝળૂંબી રહેલા ઉપરના મજલાને જોયો અને તેની આંખો વિસ્ફારિત થઈ ઊઠી. ચાર જ ડગલાં છેટે મોત થપ્પો આપી ગયું હતું. બહારથી ફેંકાયેલો ગ્રેનેડ બંગલીની દીવાલ સાથે તીરછો ઝીંકાયો હતો. જો એ સીધો જ વાગ્યો હોત તો અભિની બરાબર સામેની આખી દીવાલ ધસી પડી હોત અને તો... તેણે કાંપતા હાથે સુમરાને ફોન લગાવ્યો.

સુમરાએ પણ બંગલીની દીવાલ ધસી પડતાં જોઈ એ સાથે જ એ જોખમ હોવા છતાં ય આડશ છોડીને બહાર આવી ગયો હતો. હવે તાત્કાલિક એ બંનેએ બંગલીની બહાર આવવું જ રહ્યું. સામેથી બોમ્બ ઝીંકાતા હતા. ટેકરી પરથી અજાણ્યો આદમી બેફામ ગોળીઓ વરસાવતો હતો. પોતે કોઈ જ આડશ વગર સામેના મોરચાની આસાન રેન્જમાં આવી ગયો હતો. પારાવાર જોખમ હતું અને જોખમ ઊઠાવ્યા વગર આરો ય ન હતો.

'ગમે તેમ કરીને જલદી બહાર નીકળો...' તેના અવાજમાં પ્રચંડ ઉશ્કેરાટનો હાંફ વર્તાતો હતો, 'હું કવર ફાયર આપું છું... જલદી કરો...'

તેનું વાક્ય પૂરું થાય એ પહેલાં એકસાથે ચાર ઘટના બની.

—પહેલો ગ્રેનેડ ઝીંકાતા બંગલી પડખાભેર ઝૂકી પડી એ જોઈને રાજાવત ઝનૂનભેર ટ્રિગર દબાવતો આગળ ધસ્યો અને મોતનું સરનામું લઈને સેકન્ડની દસના હિસાબે છૂટતી ગોળીઓએ પહાડીમાં કોહરામ મચાવી દીધો.

—તૂટેલી દીવાલની આડશમાં રાવી અને અભિ ઊભાં થયાં. રાવીની મૂવમૅન્ટમાં હજુય કશ્મકશ વર્તાતી અનુભવીને અભિએ મજબૂતીથી તેનો હાથ ઝાલ્યો. બારણાની ફાંટમાંથી ગનનું નાળચું ઘુમાવીને કોઈ જ દિશાભાન કે ટાર્ગેટ વગર અંધાધૂંધ ગોળીઓ છોડીને તેમણે બારણાની બહાર પગ મૂક્યો. હવે ચારે ય દિશામાં ડાચું ફાડીને ઊભેલું મોત કઈ દિશાએથી ત્રાટકશે તેની તેમને ખબર ન હતી.

—અભિએ રાવીને બારણામાંથી બહાર ખેંચી એ જ ઘડીએ ઉપરના મજલે બીજો ગ્રેનેડ ઝીંકાયો. આ ગ્રેનેડ ઉપરની બારી વાટે અંદર જઈને ફાટ્યો અને સવાસો વર્ષ જૂની બંગલી ઘડીક હચમચી. ઉપરના મજલાની ફર્શ પ્રચંડ ધડાકા સાથે તૂટી પડી. જૂના બાંધકામના જેમતેમ કોરેલા પથ્થરનાં ગચ્ચાં બંદૂકની ગોળીની માફક ઊછળ્યાં અને ધૂળ-ચૂનાનું વાદળ ચારેકોર ફરી વળ્યું.

—ઝડપભેર પગદંડી ચડીને બંગલીની સામે આવી રહેલી રિઝર્વ્ડ ટીમ આડશ હેઠળ લપાઈને આ બિહામણો સિનારિયો માપી રહી હતી. તેમના સાથીઓ પગદંડીની સમાંતરે ખડકોની આડશમાં લપાયેલા હતા. જમણી બાજુએ એક આદમી (રાજાવત) લગભગ ત્રણસો મીટર છેટેથી કોઈ જ આડશની પરવા કર્યા વગર બેફામપણે ગોળીઓની બૌછાર વરસાવતો ઢાળ ઊતરી રહ્યો હતો. તેમના ડાબા હાથે લગભગ દોઢસો મીટર દૂર પહાડના ઢોળાવ પર કોઈ જ આડશ વગર એક આદમી (સુમરા) આગળ લપકતો હતો. તેના એક હાથમાં કાર્બાઇન અને બીજા હાથમાં પિસ્તોલ હતી.

પહાડીની નીચે તળેટીમાં

'વિરમ? ના, એ તો રાજાવત છે...' છળી ઊઠેલી આંખે તેના કરડા ચહેરા ભણી તાકીને હરામીએ કહ્યું, 'એસીપી તેજેન્દ્રસિંહ રાજાવત...' સાહાની સામે જોઈને તે નીચું જોઈ ગયો.

ટેકરી પર પોઝિશન લઈને રાજાવતે થેલામાંથી 70-70 કારતૂસ ઠાંસેલા આઠ-દસ ડ્રમ કમરે બાંધ્યા અને એક ડ્રમ રાઇફલમાં એટેચ કર્યું ત્યારથી જ રાજિયાના હોઠ અસંબદ્ધપણે હનુમાનચાલીસા ફફડતા થઈ ગયા હતા. ભાન ભૂલેલો રાજાવત પોતે તો મરશે જ, મને ય મારશે એવું પામી ચૂકેલો હરામી રાજાવતે પહેલી ગોળી છોડી એ સાથે જ નાસી છૂટવાની ફિરાકમાં લાગ્યો હતો. રાજાવતે ટેકરી પર સહેજ ઝળૂંબીને પોઝિશન લીધી એ સાથે જ તે રાઇફલના એક્ઝોસ્ટ નોબમાંથી ફેંકાતી બુલેટ કૅપથી બચવાનો ડોળ કરતો ટેકરીની નીચે લપાયો. ઘડીભર તેણે રાજાવતનો તાલ જોયા કર્યો. એ અડબંગ તેની ધૂનમાં બરાબર લાગ્યો હતો એ જોઈને એ પાછા પગે લપાઈને ઝાડી ભણી સરક્યો અને ઝાડીની આડશમાં પહોંચીને પછી મુઠ્ઠીઓ વાળતો ભાગ્યો હતો.

તળેટીમાં તેણે રેન્જરરોવર પાસે ઊભેલા બે આદમીને જોયા એ સાથે જ પોતાનો સફેદ શર્ટ કાઢીને હવામાં લહેરાવી દીધો હતો. બંગલી તરફ ફાયર કરી રહેલા આદમીઓ જો સાહાના જ માણસો હોય તો સાહા પોતે પણ અહીં જ ક્યાંક હોવો જોઈએ એવી તેની ધારણા સાચી હતી. દૂરથી તેને આવતો જોઈને જ તેની સામે ગન તાકીને એક આદમી દોડ્યો હતો પણ તેની પાછળ તોતિંગ ફાંદ લઈને મલપતી ચાલે દોડી રહેલા સાહાએ તેને દૂરથી જ પારખી લીધો હતો.

ઝોડ વળગ્યું હોય તેમ એકે-56 ધુણાવી રહેલો આદમી વિરમ નથી પણ રાજાવત છે એ જાણ્યા પછી કોઈને આગળ કશું સાંભળવાના હોશ રહ્યા ન હતા. તેની સામે ગન તાકીને ઊભેલો આદમી ભયાનક રોષભેર માથું ઝાટકી રહ્યો હતો. 'માય ગોડ... ઓહ માય ગોડ...' અસ્ફુટ સ્વરે બબડીને તેણે ઘડિયાળમાં જોયું. પોણા છ થવા આવ્યા હતા. તેણે દરિયાની દિશામાં આથમી રહેલા સૂરજ ભણી ઘડીક તાક્યા કર્યું. એકે-56 વડે ફાયર કરી રહેલો આદમી વિરમ જ હોય તેવું ધારીને તેણે જબ્બર થાપ ખાધી હતી. વિરમને ઝબ્બે કરવાના વ્યૂહ સાથે બંગલી ફૂંકી મારવાનો તેણે હુકમ છોડી દીધો હતો અને હવે તેને ખબર પડતી હતી કે એ આદમી તો વિરમ નહિ પણ રાજાવત હતો.

તેણે તીવ્ર ઉશ્કેરાટમાં દાંત તળે નીચલો હોઠ કરડી નાંખ્યો અને કોઈ કારણ વગર રાજિયા હરામીને કચકચાવીને એક અડબોથ ઠોકી દીધી. રાઠોડી પંજાની એક જ થપાટથી રાજિયા હરામીનું વિઝન બ્લર થઈ ગયું. તેણે દયામણી નજરે સાહાની સામે જોયું,

'મારા સાહેબ, તમે તો મને જાણો છો...' બાળક જેવા ચહેરા પર નિર્દોષપણાના તમામ ભાવ લાવીને તેણે રડમસ અવાજે ગાલ પંપાળી લીધો. તેના ગાલ પર ચાર આંગળાંની જાડી ભરોળ ઊઠી ગઈ હતી, '... અને સાહેબ...' વળી રાજિયાએ તાલ બદલ્યો, 'રાજાવત તમને મારવા માટે જ ભુરાયો થયો છે...' સાહાની

આંખોમાં ઝબકેલો ધ્રાસકો હરામીએ બરાબર પારખ્યો, 'આખા રસ્તે એ તમને ગાળો ભાંડતો રહ્યો છે અને એ ગાડીમાં તમે જ છો એમ ધારીને તેણે ગન ચલાવી નાંખી હતી...'

'શું ભસે છે આ કૂતરો...' એ મુછ્છડ હજુ ય પોતાના ભણી ધુત્કારથી નિહાળી રહ્યો છે એ સમજીને રાજિયાએ ફરીથી સાહાની સામે ગરીબડા ચહેરે જોયું.

સાહા એ આદમીને જરાક દૂર લઈ ગયો. બંનેએ ઝડપથી સંતલસ કરી લીધી. તેમનો પીછો કરીને અહીં સુધી પહોંચી ગયેલો રાજાવત પણ હવે કોઈ કાળે બહાર ન નીકળે એ જરૂરી હતું.

બરાબર એ જ વખતે પ્રચંડ ધડાકાથી પહાડીની વેરાન સ્તબ્ધતા ખળભળી ઊઠી. પહેલો ગ્રેનેડ ઝીંકાઈ ગયો હતો. 'ઓહ નો, તો વિરમ બંગલીમાં હશે??' ડોળા તગતગાવતો એ આદમી રાજિયા ભણી ધસ્યો અને રાજિયો પ્રતિક્રિયામાં જરાક પાછો હટે એ પહેલાં તેની ગરદન તેણે ભીંસી નાંખી, 'વિરમ ક્યાં છે??'

'કહું છું... કહું છું...' ગળાના હૈડિયા ફરતા ભીંસાયેલા તેના મજબૂત હાથના અંગૂઠાના દબાણથી ગૂંગળાઈ રહેલા રાજિયાથી અવાજ માંડ નીકળતો હતો, 'વિરમને છોડાવી ગયેલા લોકો જ એ બંગલીમાં છે... વિરમ પણ...' છુટકારા માટે કંઈ પણ કહી શકતાં હરામીએ અટકળને જ પાધરી ખાતરી તરીકે ધરી દીધી, 'વિરમ પણ ત્યાં જ...' એ જ ઘડીએ બીજો વિસ્ફોટ થયો એ સાથે હરામીના ગળા સાથે ભીંસાયેલો એ આદમીનો હાથ ઢીલો પડ્યો. એ ઘડીક પહાડીમાં તાકી રહ્યો. રેન્જરોવરનો દરવાજો ખોલીને ડેશબોર્ડ પર પડેલાં મેગેઝિન્સ, બાયનોક્યુલર અને વધુ એક ગન ઊઠાવ્યાં. રાજિયાને સાહા તરફ હડસેલ્યો અને પહાડી ભણી લાંબી ડાંફે ભાગતા તે બોલ્યો, 'મૂવ...'

બંગલીની સામે

રિઝર્વ્ડ ફોર્સના પહેલા આદમીને જોયો એ સાથે જ સુમરાના હૈયામાં ફાળ પડી ગઈ. આ મોરચો તદ્દન અણધાર્યો હતો. એ પોતે ભયાનક રીતે ભીંસાઈ ચૂક્યો હતો. તેણે આસપાસ જોયું. લગભગ ત્રીસેક મીટર દૂર કરેણ, બોરડી, રાયણનાં આછાં ઝાંખરાં પછી આડશ લેવામાં ફાવટ આવે એવા કેટલાક ખડકો હતા પણ એ એક ડગલું ય આગળ માંડે કે તરત તેની મૂવમેન્ટ પગદંડી પાસે લપાયેલા અને નવા આવી રહેલા આદમીઓની આંખે ચડી જાય તેમ હતી.

એ જ ઘડીએ બીજો બોમ્બ પણ ઝીંકાઈ ગયો હતો અને ધૂળની ડમરી વચ્ચેથી આંખ આડે નેજવું કરીને આગળ ધપી રહેલો અભિ અને તેની પાછળ દોરવાઈ રહેલી રાવીને તેણે જોયાં. ઓહ નો... હવે કોઈ પણ ઘડીએ એ બેઉ કોઈનું પણ આસાન નિશાન બની જાય તેમ હતાં. તેણે બેબાકળા આખું દૃશ્ય નાણી લીધું. અભિ અને રાવીની બરાબર સીધમાં લપાયેલા આદમીઓ, તેમનાંથી સહેજ ડાબે પોઝિશન લઈ રહેલા આદમીઓ, ટેકરી પરથી ભીષણ ગોળીબાર કરતો આગળ ધપી રહેલો અજાણ્યો આદમી અને કોઈ આડશ વગરનો પોતે... તેણે બે સેકન્ડ માટે આંખ બંધ કરી. ઊંડો શ્વાસ લીધો. શરીર તંગ કર્યું અને પહોળા ખભા સાથે કાર્બાઇનનો હૂડ ભીંસીને ટ્રિગર દબાવી દીધું.

સુમરાએ ઓચિંતા જ ગોળીઓ વરસાવીને નવી ટીમના આવી રહેલા પહેલા બે આદમીને ચાળણી જેવા કરી મૂક્યા પણ એ પોતે સાવ ખુલ્લામાં ઊભો હતો એ જોઈને અભિની રાડ ફાટી ગઈ. તેણે અને રાવીએ પરસાળ પરથી છલાંગ મારતાં પગદંડીની દિશામાં બેફામ ગોળીબાર કરવા માંડ્યો, પરંતુ ધૂળના ગોટેગોટા વચ્ચે ત્રાંસમાં દોડતાં નિશાન લેવાનું તેમને ફાવે તેમ ન હતું.

એટલી વારમાં પોઝિશન લઈ ચૂકેલા આદમીઓએ સલામત આડશ પાછળ લપાઈને સુમરાની દિશામાં એલએમજી ઘુમાવી દીધી હતી.

પહેલી ગોળી તેના જમણા ખભામાં વાગી એ સાથે તેના હાથમાંથી કાર્બાઇન ફેંકાઈ ગઈ. બીજી ગોળી તેના પેટની નીચે પેઢુમાં ઘૂસી ગઈ એ સાથે એ કમરમાંથી ઝૂકી ગયો. ત્રીજી ગોળી ડાબા પગની જાંઘ પર વાગી એ સાથે એ લથડી પડ્યો. ચોથી ગોળી પેટમાં, પાંચમી છાતીમાં અને છઠ્ઠી બરાબર જડબામાં...

—અને અભરામ સુમરા ત્યાં જ ફસકાઈ પડ્યો.

નક્કર ખડક પર ઢીંચણભેર ઝૂકીને તેણે લુઢકી જતી ગરદનને પરાણે સ્થિર કરી. તેની આંખોમાં ખૂન ધસી આવ્યું હતું. તેનું જડબું ભાંગીને લબડી પડ્યું હતું અને મોંમાંથી લોહીના કોગળા વછૂટતા હતા. તેના કાનમાં તીવ્ર વેગે સિસોટી જેવા અવાજો થવા માંડ્યા હતા. બોઝિલ આંખે ફરીથી તેણે બંગલીની દિશામાં મહામહેનતે નજર માંડી. ચળકતા ભૂખરા ધબ્બાઓ વચ્ચેથી બે ઓળા તેની તરફ ધસી આવતા હતા. કાનમાં ગુંજારવ કરતી સિસોટીના અવાજ સિવાય તેને કશું જ સંભળાતું ન હતું. તેણે ફરીથી ઊંડો શ્વાસ લેવા પ્રયાસ કર્યો પણ તેનાથી દમ ઊંચકાતો ન હતો. પાંસળી તોડીને ફેફસાં સુધી પેસી ગયેલી ગોળીએ તેનો શ્વાસ રૂંધી નાંખ્યો હતો. જડબું તૂટી જતાં તેની શ્રવણેન્દ્રિય કપાઈ ગઈ હતી. તેની જાંઘ અને પેટમાંથી ભયાનક લવકારા ફાટી રહ્યા હતા. તેણે અવશપણે ડાબો હાથ ઊંચો કર્યો એ સાથે છાતીની તૂટેલી પાંસળીઓમાં કડેડાટી બોલી ગઈ અને તેનાથી અસ્ફુટ ઊંહકારો નીકળી ગયો.

હતું એટલું તમામ મનોબળ એકઠું કરીને તેણે પોતાના તરફ છૂટેલી ગોળીની દિશામાં ગન તાકી. પહેલાં તેને નજર સામે ચળકતા ભૂખરા ધબ્બા દેખાયા. પછી તેમાં ફિક્કા પીળા રંગના લસરકા ઉમેરાવા માંડ્યા અને તેનો હાથ માંડ જરાક ટટ્ટાર થયો ત્યારે તેને કશું જ દેખાતું ન હતું. આંખોના ઓલવાતા દીવાની વાટ સંકોરતો હોય તેમ તેણે જોરથી પાંપણ ભીંસી દીધી. હવે આંખ ખુલ્લી હોય કે બંધ, કશો ફરક પડવાનો ન હતો.

—અને તેણે આખરી વાર માટે તેની માનીતી હેકલર એન્ડ કોચ પી-30 પિસ્તોલનું ટ્રિગર દબાવી દીધું.

સુમરાને પડતો જોયા પછી અભિએ રાવીને બંગલીની સમાંતરે ખડકાળ આડશ પાછળ ધકેલી હતી અને પોતે કમરમાંથી લગભગ કાટખૂણે ઝૂકતો સુમરા તરફ ભાગ્યો હતો. એ લગોલગ પહોંચ્યો ત્યારે ઢીંચણભેર ફસકાયેલા સુમરાએ ગનના તમામ કારતૂસ ખાલી કરીને લથડિયુ ખાઈ નાંખ્યું હતું. અભિ ફાટી આંખે તેને ખભામાંથી ઊંચકીને પાછળની આડશ તરફ ઢસડવા લાગ્યો. એટલી વારમાં રાવીએ સુમરાની પડી ગયેલી કાર્બાઇન ઉઠાવીને અંધાધૂંધ ફાયરિંગ કરી નાંખ્યું.

ખડકની આડશ પાછળ લપાઈને તેણે ફરીથી એક પછી એક નિશાન વીણવાં માંડ્યા, 'તેને બહુ વાગ્યું છે?' રાવીને હજુ ય સુમરાને કેટલી ગોળી વાગી છે તેનો અંદાજ ન હતો.

'હી ઇઝ ટેકિંગ હિઝ લાસ્ટ બ્રીધ...' અભિએ પરાણે ડૂસકું રોકીને કહ્યું એ સાથે ગન ચલાવતા રાવીના હાથ થંભી ગયા. તેણે ઝાટકા સાથે સુમરાની સામે જોયું. તેનું લબડી પડેલું જડબું, લોહિયાળ ચહેરો, છાતીમાં પડી ગયેલું ત્રણેક ઇંચનું ભગદાળું... ઓહ નો... કાર્બાઇનના ટેકે રાવી ખડક પર જ ફસડાઈ ગઈ ત્યારે અભિ સુમરાના માથા પર હાથ પસવારી રહ્યો હતો. તેની આંખોમાં ઝળઝળિયાં તગતગતાં હતાં અને અવાજમાં કંપારી અટવાતી હતી.

'સુમરા... માય બ્રેવ મૅન...' ગળામાં અટવાયેલું ડૂસકું તેના હાથમાં હવે વહાલપ બનીને ફોરી રહ્યું હતું. રહેવર

મંઝિલની ખાટ પર બેઠેલો પહાડ જેવો તોસ્તાન અભરામ સુમરા... માનસિંહ મહાલના ખેતરમાં રાવીને ખભા પર ઉઠાવીને બેખોફ ભાગતો અભરામ સુમરા... હિંદવાણની ખાડીમાંથી, મટિયાવાડના ઘેરામાંથી તેમને પૂરપાટ ગાડીમાં ભગાડી જતો અભરામ સુમરા... મીલ રોડના ફાર્મહાઉસમાં માલધારીના વેશે ડાંગ ઉછાળતો અભરામ સુમરા... અભિની આંખોમાં તગતગતાં ઝળઝળિયાં હવે નેવાંધાર બનીને વહી રહ્યાં હતાં. નાના બાળકની માફક તે હીબકાં ભરી-ભરીને સુમરા પર ફસકાઈ પડ્યો હતો અને રાવીની સ્તબ્ધ આંખોમાંથી વરસતો હતો નર્યો ખાલીપો...

અચાનક અભિને સુમરાના ડાબા હાથમાં જરાક સળવળાટ વર્તાયો. તેની પાંપણો પરાણે ખુલ્લી રહેવા મથતી હતી. અભિની સામે મીટ માંડીને તેણે ડાબો હાથ જરાક ઊંચક્યો, પાછળની દિશામાં વાળ્યો, આંગળી વડે કશુંક ચીંધતો હોય તેવી ચેષ્ટા કરી અને તેના ગળામાંથી અસ્પષ્ટ અવાજ નીકળ્યો, 'નેએએએએ...' એ સાથે તેના મોંમાંથી લોહીનો ઘળકો નીકળી ગયો.

વજન લટકાવ્યું હોય તેવી ભારેખમ લાગતી પાંપણો ફરીથી બિડાઈ ગઈ. હવે બંધ પાંપણોની ભીતર એ ઉજાસ જોઈ શકતો હતો. તેની તૂટી ગયેલી શ્રવણેન્દ્રિય જાણે ફરી સંધાઈ ગઈ હોય તેમ તેને કશોક ખખડાટ સંભળાતો હતો. તેના નાકમાં ભૂંજાતી માટીની સોડમ ઘૂંટાઈ રહી હતી. ચાકડા પર ઘૂમરાતા ભીની માટીના લથબથ પીંડા, નીંભાડામાં 'તડ્...તડ્' અવાજ સાથે શેકાતા માટલાં, તાવડી અને કૂંડાના થપ્પા વચ્ચે આમતેમ હર-ફર કરતા ગોરા પગ પર ચળકતો અળતાનો લાલ રંગ અને આથમતા સૂરજના અજવાળે ગેરુવાળા હાથે પગના પંજા પર ઊંચી થઈને કપડાં સૂકવી રહેલી એક છોકરી...

સુમરાએ સ્મિત વેર્યું એ સાથે તેનું ખડી પડેલું જડબું ખેંચાયું. પણ હવે એ દર્દની સીમાને પેલે પાર પહોંચી ચૂક્યો હતો. તેણે ફરીથી હાથ ઊંચક્યો.

'એ કશુંક કહેવા મથે છે...' રાવીએ નજીક જઈને સુમરાની ઓલવાતી જતી આંખોમાં તાક્યું, 'યસ સુમરા, શું કહેવું છે તારે... પ્લીઝ બી કુલ માય બ્રેવહાર્ટ, તારે શું કહેવું છે?' સુમરાએ થથરતા હાથે રાવીનો પંજો ભીંસી દીધો. તેને હવે તીવ્ર હેડકી ઊપડી હતી અને હેડકીના પ્રત્યેક ડચકારે તેના મોંમાંથી લોહીના કોગળા ફેંકાતા હતા. તેણે મહામહેનતે ફરીથી હાથ ઊંચો કર્યો. પાછળની દિશામાં વાળ્યો. આંગળી વડે કશુંક ચીંધવાની ચેષ્ટા કરી અને ફરીથી અસ્પષ્ટ સ્વરે તે કહેવા મથ્યો, 'નેએએએએ...'

—અને હેડકીના છેલ્લા ડચકારે તેની ગરદન લુઢકી ગઈ.

* * *

~

'હી ઇઝ નો મોર...' રાવીએ પરાણે ડૂસકું અટકાવીને અભિનો ખભો થપથપાવ્યો. અભિ ફાટી આંખે સુમરાના વિકૃત ચહેરા પર, તેની ખુલ્લી રહી ગયેલી આંખોમાં તાકી રહ્યો હતો. હેડકીના છેલ્લા ડચકારે તેના મોંમાંથી નીકળેલો લોહીનો કોગળો તેની દાઢીમાં અટવાઈને હવે ટીપે-ટીપે તેની નિષ્પ્રાણ છાતી પર રેલો બનીને દડી રહ્યો હતો.

'એ અહીં કેવી રીતે પહોંચ્યો હશે?' તળેટીથી બંગલી સુધી આવવાની એક જ પગદંડી હતી અને ત્યાં તો મોરચાબંધી હતી. બંગલી ઘેરાઈ ત્યારે એ તળેટીથી ડાબી તરફની સડક પર હતા. મતલબ કે સુમરા અને સિસ્કો આ પહાડ ઓળંગે તો જ અહીં પહોંચી શકે.

રાવીએ તોતિંગ ખડકની આડશ પાછળ શરીરને શક્ય તેટલું ઝુકાવીને ઊંચે પહાડ ભણી નજર માંડી. નજર પહોંચે ત્યાં સુધી પથરાયેલા કાળમીંઢ પહાડો, સીધી લપસણી કરાડ ફરતાં ફાફડાથોરના અડાબીડ ઝાંખરાં, તેની ઉપર ઝળૂંબતાં વેરાન ઝાડવાં અને આથમતા સૂરજના ઉજાસમાં બિહામણી ઘાટીઓમાં મલપતી ચાલે અંધારપછેડી ઓઢીને પગરણ માંડી રહેલો ભેંકાર સન્નાટો... રાવીના મોંમાંથી અસ્ફુટ હાયકારો નીકળી ગયો.

નો વે... ક્વાયેટ ઇમ્પોસિબલ... સુમરા અને સિસ્કો જાણતલ પહાડખેડુ હોય તો પણ સામા છેડેથી પહાડ ચડે અને આ છેડે ઊતરે એમાં નાંખી દેતાં ય તેમને આખો દિવસ લાગી જાય. તેને બદલે એ બેઉ તો પહેલી ગોળી છૂટી તેના અડધા જ કલાકમાં અહીં આવી પહોંચ્યા હતા.

આડશની પાછળ ફાયરિંગની ધણધણાટી એકધારી ચાલુ હતી. ઘાયલ સુમરાને ઘસડીને અભિ જો ઝડપભેર અહીં લાવ્યો ન હોત તો એ સમથળ ઢોળાવ પર ત્રણેયની લાશ સામટી પડી ગઈ હોત. રાવીએ થથરતા હૈયે પરિસ્થિતિ માપવા માંડી.

'અભિ...' તેણે આથમતી સાંજે પહાડ પર લંબાઈ રહેલા ઘેઘૂર ઓળાને ચિંતાતુર નજરે જોતાં અભિને ઝકઝોર્યો, 'અભિ, વી નીડ ટૂ મૂવ...'

દિગ્મૂઢ ચહેરે સુમરાને તાકી રહેલા અભિએ ઊંચે જોયું. તેની સ્તબ્ધ આંખોમાં મૂગો ખાલીપો હિજરાતો જોઈને રાવી પણ ઘડીભર અસ્વસ્થ થઈ ગઈ. અભિ હજુ ય આઘાતમાંથી બહાર આવ્યો ન હતો પણ આ હાલતમાં ગમે તેવો આઘાત વિસરીને અહીંથી છટક્યા વગર આરો પણ ન હતો. એ હળવેથી અભિની બાજુમાં બેઠી અને સમભાવપૂર્વક અભિના લાંબાં જુલ્ફાંમાં આંગળાં પરોવ્યાં.

'ઇટ્સ અનબેરેબલ ફોર ઈવન મી બટ...' તેણે સુમરાના લોહિયાળ ચહેરા પર આર્જવભરી હથેળી પસવારી અને તેની આંખોનાં પોપચાં બીડ્યાં, 'મારા બાપના મોત પછી મને વિરમનો સહારો હતો. વિરમની બેહોશીમાં સુમરો જ મારો બાપ હતો. નાવ ડૂ યુ થિન્ક હાવ મચ આઈ એમ ફિલિંગ લોનસમ?

રાવીના ચહેરા પર ક્રમશઃ પથરાતી જતી ઘેરી હતાશા, તેની આંખોમાં ઝળૂંબતો ઓથાર અને તેના અવાજમાં થડકતી બેબસી અનુભવીને અભિ થીજી ગયો. તેણે ફરીથી સુમરાના ખરડાયેલા ચહેરા ભણી જોયું. તેની બંધ આંખોની ભીતર તાકવાનો પ્રયાસ કર્યો. સજળ આંખે તેના હોઠ કશુંક બોલવા ફફડ્યા...

—અને તેણે ઊંડો શ્વાસ ભરીને શરીર તંગ કર્યું. સુમરાની આંગળી પરથી લસરી ગયેલી તેની ગન ઊઠાવી

અને બે ય હાથે રાવીનો ચહેરો પકડ્યો, 'નેવર થિન્ક સો...' રાવીના સ્નિગ્ધ, લિસ્સા, ભર્યા ભર્યા ગાલ પર વહાલભર્યો હાથ પસવારીને તેણે તેની આંખમાં આંખ પરોવી, 'હું તને કશું નહિ થવા દઉં બેબી...' રાવી સ્તબ્ધ બનીને અભિની આ સંવેદના નિહાળી રહી, 'આઈ પ્રોમિસ, આપણે એક-એકની લાશ પર પગ દઈને પણ અહીંથી બહાર નીકળશું... આઈ પ્રોમિસ...'

તેના અવાજમાં દૃઢ સધિયારો હતો. તેની આંખોમાં સ્વજનનું વહાલ હતું અને તેના ગાલને સ્પર્શતાં ટેરવાંમાંથી અનર્ગળ સંવેદના છલકાતી હતી.

રાવી અવશપણે તેને ભેટી પડી. ક્યાંય સુધી પછવાડે છૂટતી ગોળીઓની બૌછાર વચ્ચે આથમતા સૂરજના અજવાસમાં ભેંકાર પહાડો તળે અભરામ સુમરાના નિષ્પ્રાણ દેહના સાન્નિધ્યે બંને એકમેકને વળગીને માથે ઝળૂંબતા ઓથારને હળવો કરવા મથતાં રહ્યાં.

છેવટે અભિ સહેજ અળગો થયો, 'આપણે બહુ બૂરી રીતે ફસાયેલાં છીએ...'

'યાહ, હું એ જ કહું છું. વી નીડ ટૂ મૂવ એની હાવ...'

'હા, પણ...' તેણે પહાડીઓના ભીષણ ઢોળાવ ભણી જોયું, 'સુમરા છેલ્લે કશુંક કહેવા મથતો હતો...'

'હમ્મ્મ્...' રાવી સરવા કાને ગોળીબારનો અવાજ સાંભળીને અંતરનો ક્યાસ કાઢવા મથતી હતી, 'કદાચ પારાવાર દર્દથી એ બિચારો કણસતો હતો...'

'ના, તેણે હાથ ઊંચો કરવા પ્રયાસ કર્યો હતો અને કશુંક બોલવા મથતો હતો... આઈ થિન્ક, હી વોઝ ટ્રાઇંગ ટૂ ઇન્ડિકેટ સમ સેઈફ પેસેજ'

રાવીએ સફાળા ચોંકીને અભિની સામે જોયું, 'ઓહ યસ, ઇટ મે બી...'

'એ આ પહાડી ઓળંગીને આવ્યો હોય એ તો શક્ય નથી. ઇટ મીન્સ ધે હેવ પાસ્ડ થ્રૂ સમ...' અભિનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ તોતિંગ ખડકની આડશની પેલે પાર ફાયરિંગના બિહામણા અવાજો વચ્ચે બોમ્બ બ્લાસ્ટ થયો હતો અને પથ્થરની કરચો ઊડીને છેક આ બાજુ ફંગોળાઈ હતી.

*

બંગલી પર બોમ્બ ઝીંકાયો... એક આદમી (સુમરા) સામેની કરાલ પહાડીઓમાંથી કાર્બાઇન ધુણાવતો બહાર નીકળ્યો... બીજા બોમ્બ પછી બંગલીમાંથી નીકળેલા બે જણા (અભિ અને રાવી) એ આદમીની દિશામાં ભાગ્યા... અચાનક પગદંડીની પાછળથી બીજો કાફલો ટપકી પડ્યો... સામે પહાડીઓ પર કાર્બાઇન ચલાવતો આદમી (સુમાર) ફસકાઈ પડ્યો... બે જણા (અભિ અને રાવી) તેની દિશામાં ભાગ્યા...

એકે-56નું ટ્રિગર ભીંસીને આંધળી દોટ મૂકી રહેલા રાજાવતે એક નજરમાં આખો તાયફો માપી લીધો હતો. ભાગી રહેલા લોકો, ફસકાઈ પડેલો આદમી વિરમના માણસો હતા અને તેમને ઢાળી દેવા આવેલો કાફલો સાહાનો હતો. હવે તે કોઈ પણ રીતે આ ડાઘિયાઓથી વિરમના આદમીઓને બચાવી શકે તો જ વિરમ સુધી અને છેવટે ખજાના સુધી પહોંચી શકે. તેણે સેકન્ડના છઠ્ઠા ભાગમાં પોતાની સ્ટ્રેટેજી અને તેને અનુકૂળ પોઝિશન વિચારી લીધી. પગદંડીના ખડકો પાછળ લપાયેલા આદમીઓનો તેને હવે ડર ન હતો પણ નવા કાફલાના આદમીઓને નિશાન પર લેવા માટે તેણે આગળ વધવું જ પડે તેમ હતું.

એકધારી ગન ધણધણાવતા જઈને તે ઝડપભેર દોડ્યો. બંગલીની બરાબર સામે ઊભા રહીને તેણે નવા કાફલા પર ટ્રિગર ભીંસી દીધું. (બરાબર એ જ ક્ષણે અભિ અને રાવી ફસકાઈ પડેલા સુમરાની દિશામાં દોડી રહ્યા હતા) ચક્રાવાતની નાભિની પેઠે ફૂંકાઈ રહેલી રાજાવતની એસોલ્ટ રાઇફલમાંથી છૂટેલી ગોળીઓએ આગળનાં મોરચે અભિ-રાવી તરફ ગન તાકી રહેલા ત્રણે ય આદમીઓની ખોપરીના કાચલાં હવામાં ઉડાડી દીધાં હતાં. (તેની એક મિનિટ પહેલાં એક આદમી સુમરાએ છોડેલી આખરી ગોળીથી વીંધાઈ ગયો હતો.)

ટપોટપ પડતી લાશોને જોઈને કુત્સિત આનંદ અનુભવતા રાજાવતે બંગલીની સામે, ખુલ્લી સમથળ ભોંય પર પંદરેક ગનના તકાયેલા નાળચા વચ્ચે કોઈ પણ આડશ વગર બેખોફ કારતૂસનું ખાલી થયેલું ડ્રમ ફગાવ્યું અને કમરે બાંધેલું નવું ડ્રમ એટેચ કર્યું. વ્યૂફાઇન્ડરનો ધૂંધળો થયેલો ગ્લાસ ફૂંક મારીને ચોખ્ખો કર્યો અને તેમાં આંખ પરોવી.

એ વખતે અભિ અને રાવી સુમરાને ઢસડીને આડશ પાછળ લપાઈ ચૂક્યાં હતાં. રાજાવતના ફાયરિંગથી બચવા નવા કાફલાના માણસો તિતરબિતર થઈને આડશો પાછળ જાન બચાવવા મથી રહ્યા હતા.

—અને ઢાળ ચડી રહેલા એ આદમીએ ટેકરીના પૂરા થતા ઢોળાવ પર રીતસર પડતું મૂકીને ક્રાઉલિંગ કરવા માંડ્યું. તેનું જોઈને સાહા અને હરામી પણ નીચે ઝૂક્યા. ધૂળથી ખરડાયેલી અણીદાર જાડી મૂછોનાં થોભિયાં પર હાથ પસવારીને એ આદમીએ પીઠ સાથે બાંધેલા હેવરસેકમાંથી સિફતપૂર્વક બાઇનોક્યૂલર ખેંચ્યું અને શિકાર પર લપકતા કાચિંડાની માફક ફક્ત છાતીમાંથી સહેજ ઊંચકાઈને નિરીક્ષણ કર્યું.

બોમ્બ ફેંકાયા પછી ધ્વસ્ત થઈ રહેલી બંગલીનો કાટમાળ હજુ ય હવામાં ડમરી ચઢાવતો હતો. તૂટેલી પરસાળની લગોલગ ઊભેલો એક આદમી તેમની ડાબી દિશાએ કાફલા પર બેબાક ગન ચલાવતો હતો.

'ચેક ઇટ...' તેણે લેટેલી હાલતમાં જ હાથ લંબાવીને ભારે શરીરના સાહાને ઉપર ઘસડ્યો અને બાઇનોક્યુલર થમાવ્યું.

સાહા ઘડીભર તાજુબીથી જોઈ રહ્યો. આટલે દૂરથી પણ તેના ગોરા, નમણાં ચહેરા પર પથરાયેલો લાલઘૂમ ઉન્માદ સ્પષ્ટ વર્તાતો હતો. ક્યાંક કાદવ ઉલેચીને આવ્યો હોય તેમ તેનું ભૂખરા રંગનું જિન્સ ઠેરઠેરથી ખરડાયેલું હતું. આથમતા સૂરજના અજવાસમાં લાઇટ પર્પલ શર્ટ ફરતા કમર પર બાંધેલા કારતૂસના ડ્રમનું મેટલ ચળકતું હતું. તેના સ્પોર્ટ્સ શૂઝની લેસ ખૂલી ગઈ હતી અને તે જરાક સરખી પણ હલચલ દેખાય એ દિશામાં દાંત ભીંસીને ગન ધણધણાવી દેતો હતો.

'યસ...' ટ્રિગર સાથે ભીંસાયેલી રાજાવતના હાથની આંગળીઓને ખોફભેર તાકી રહેલા સાહાએ થથરતા અવાજે કહ્યું, 'હી ઇઝ રાજાવત...' સાહાના અવાજનો કંપ પારખીને એ આદમીએ તિરસ્કારથી તેની સામે જોયું પછી તરત સચોટ પોઝિશન શોધીને સાહાને તેમજ હરામીને પાછળ આવવા ઇશારો કર્યો.

ખરબચડી મુરમ પર હાથ અને કોણી વડે જરાક સરખો ય અવાજ કર્યા વિના તે એક ખડકની આડશે લપાયો. અહીંથી તેને રાજાવત સ્પષ્ટ દેખાતો હતો પરંતુ પોતાના આદમીઓની પોઝિશન અને બંગલીમાંથી નાસેલા આદમીઓની દિશાની ગમ સૂઝતી ન હતી. ઘડીક વિચાર કરીને તેણે છેવટે જોખમ લઈ જ લીધું. હેવરસેકમાંથી હેન્ડગ્રેનેડ કાઢ્યો. સિફતપૂર્વક તેની સેફટીપિન ડિસેબલ કરી અને સરોવરના જળમાં પથ્થર ફેંકતા બારકસ છોકરાની અદાથી રાજાવત તરફ તીરછો ઘા કર્યો.

*

'આ માણસ કોણ હોઈ શકે?' ખડકની પાછળ લપાઈને બંગલી સામેના અંધાધૂંધ ફાયરિંગ અને બોમ્બવિસ્ફોટને સતર્કપણે જોઈ રહેલી રાવીએ અભિને ઇશારતથી પૂછ્યું.

અભિને વહેલીતકે અહીંથી છટકવાનો રસ્તો શોધવાની ઉતાવળ હતી. તેણે સુમરાની લાશને ખેંચીને પર્વતોના ચઢાણ પર ક્યાંય ઊંચે એક સલામત જગ્યાએ ઝાંખરાની વચ્ચે મૂકી દીધી હતી અને સુમરાના સામાનમાંથી તેનો મોબાઇલ, ગન, ગ્રેનેડ, એમ્યુનિશન્સ, ચામડાના બટવામાં 500-1000ની નોટો, પાંચ-સાત ક્રેડિટ કાર્ડ્સ વગેરે અલગ થેલામાં ઠાલવી દીધાં હતાં. અભિ ભાગવાનો રસ્તો તલાશે એ દરમિયાન રાવી જો કોઈ તેમનો પીછો કરે તો તેમને ખાળવા ફાયરિંગ કરતી રહે એવી સંતલસ કરીને રાવીએ પોઝિશન લઈ લીધી હતી.

તેમનાથી અઢીસો મીટર છેટે જંગ બરાબર જામ્યો હતો. તેમની પાછળ પડેલા ટોળાબંધ કાફલાની સામે એક જ માણસ એકે-56 ધણધણાવીને સૌને ડારી રહ્યો હતો. જો તેણે આવું બેફામ ફાયરિંગ ન કર્યું હોત તો બંગલીમાંથી સલામત બહાર નીકળવું અને અહીં સુધી પહોંચવું તેમના માટે દુષ્કર હતું. ત્રીજો ગ્રેનેડ ફાટ્યા પછી પણ એ ડરવાને બદલે કે સલામત આડશ પાછળ લપાવાને બદલે બોમ્બ ફેંકાયો એ દિશામાં પાગલની જેમ ધસી રહ્યો હતો. એ કોણ હતો?

રાવીની ઇશારત પારખીને અભિએ ઘટાટોપ ઝાડનાં પાંદડાં વચ્ચે જરાક ડોક ઊંચકીને બાઇનોક્યૂલર વડે સહેજ નીચાણમાં નજર ફેરવવા માંડી. ધૂળની ડમરીથી ડહોળાયેલી પહાડીની સ્વચ્છ હવામાં બારૂદની કડવી, તીખી ગંધ ચોતરફ પ્રસરી ગઈ હતી. ગ્રેનેડ ફાટ્યા પછી બંગલીના ખંડેરમાં અને એક-બે બીજી જગ્યાએ હળવી આગ પ્રસરી હતી. તેણે ઝીણી નજરે મૂવમૅન્ટ પારખવાનો પ્રયાસ કર્યો અને બંગલીની બરાબર સામે પગદંડીની પાછળ એક ખડકની આડશમાં લપાયેલા આદમીની ચશ્માંની ફ્રેમના ચળકાટે તેનું ધ્યાન ખેંચ્યું.

તેણે બાઇનોક્યુલર ત્યાં ફોકસ કર્યું એ સાથે તેના ચહેરા પર ભયાનક તાજુબી છળી ઊઠી. પોતાની કંઈક ભૂલ તો નથી થતી ને? વધુ સ્પષ્ટ વિઝન માટે તે ઝાંખરાંની બહાર આવીને એક અણીદાર કરાડની ધાર પર ઊભો રહ્યો અને ફરીથી જોયું. માય ગોડ... એ રાજિયો હરામી છે... યસ, એ જ સોનેરી ફ્રેમનાં ચશ્માં, ગોળમટોળ ચહેરો... પણ એ સાલો અહીં ગંજીભેર કેમ લેટેલો પડ્યો છે? રાજિયાની સહેજ પાછળ દયાલ સાહા... ઓ માય ગોડ... ઓ માય ગોડ... દયાલ સાહા તેની જમણી દિશામાં એકધારો જોઈ રહ્યો હતો. તેણે જમણી દિશામાં નજર ફેરવી. ઝાડીની પાછળ કદાવર અને કસરતી બાંધાનો એક મુછ્છડ બેય હાથમાં ગન ઝાલીને બરાબર સીધમાં પેંતરો લઈ રહ્યો હતો. તેની આંખોમાં શિકાર પર મંડરાતા હિંસક જાનવરનો ઘુરકાટ અને તેના દબાયેલાં પગલાંમાં મરણિયા બનેલા સાપની ચપળતા વર્તાતા હતા. એ કોની સામે પેંતરો લઈ રહ્યો હતો?

અભિએ તેની નજરના પગલે ચહલકદમીથી બાઇનોક્યુલર ચલાવી નાંખ્યું. પહેલાં તેને ઘટાટોપ ડમરી વચ્ચે એક ઓળા જેવું કશુંક લાગ્યું. તેની આંખ જરાક ટેવાઈ એટલે તેમાંથી એક આકાર પ્રગટ થયો. આ બાજુ, અભિ અને રાવીની દિશામાં ત્રાંસા પગલે દોડી રહેલો એ માણસ... સાહા, હરામી અને એ અલમસ્ત મુછ્છડની દિશામાં ગન ચલાવી રહેલો એ માણસ... ઓસરતી ડમરી વચ્ચેથી તેણે એ ચહેરો પારખ્યો...

એ એસીપી તેજેન્દ્રસિંહ રાજાવત હતો. રાજાવત સાહાની સામે ગન ચલાવતો હતો? રાજાવતના ફાયરિંગને લીધે તેઓ અહીં સફળતાપૂર્વક લપાઈ શક્યા હતાં? રાજાવત?

આંખોમાં તીખા મરચાંના લેપની પેઠે અંજાયેલા સવાલોથી દાઝીને બેબાકળી હાલતમાં તે નીચે ઊતર્યો અને

રાવીને સાહાની દિશામાં જોવા ઇશારો કર્યો, 'એ આદમી રાજાવત છે અને તેની સામે હોમ મિનિસ્ટર દયાલ સાહા, રાજિયો હરામી અને એક મુછ્છડ...'

'યાહ... હી ઇઝ...' અભિ બોલે એ પહેલાં જ રાવીએ એ દિશામાં નજર માંડી લીધી હતી. અભિની આંખમાં અંજાયેલી તાજુબી હવે રાવીના ચહેરા પર ફાળ બનીને તરવરતી હતી, 'હી ઇઝ બિહોલા...' અભિએ ફરીથી બિહોલાનો ચહેરો નીરખવા બાયનોક્યુલર ફોકસ કર્યું એ ભેગો જ રાવીએ તેનો હાથ ખેંચ્યો, 'ભાગ અભિ... વી વિલ નોટ હેવ મચ ટાઇમ...'

*

પોતાની દિશામાં બોમ્બ ઉછળતો જોયો એ સાથે જ રાજાવત ત્વરાથી કૂદીને બંગલીના ખંડેર પાછળ પથ્થરની તૂટેલી થાંભલી આડો લપકી ગયો હતો. અંતર વધારે હોવાને લીધે કે પછી ઝાંખરા વચ્ચેથી ઘા કરવામાં ફાવટ ન આવવાથી, એ બોમ્બ રાજાવતથી ખાસ્સો જમણે ફૂટ્યો હતો. પરંતુ જેવો ગ્રેનેડ ફાટ્યો કે તરત હવામાં વેરાયેલી મૂરમ અને લોખંડની અણિયાળી કરચોની સાથે રાજાવતની ગોળીઓની બૌછાર પણ વછૂટવા લાગી હતી. થાંભલી પાછળ લપાયા પછી પણ તેણે ગ્રેનેડ જે દિશાએથી ફેંકાયો ત્યાં નજર ખોડી રાખી હતી અને વિસ્ફોટમાં પોતે સલામત છે તેની ખાતરી થઈ કે તરત બહાર આવીને તેણે ગોળીઓ વરસાવવા માંડી હતી.

પોતાની સામે ચારે બાજુ કાફલાના આદમીઓ લપાયેલા છે. ગમે ત્યારે ત્યાંથી ગોળી છૂટી શકે છે. ગ્રેનેડ ફેંકાતો દરેક વખતે તે જોઈ શકે તેમ નથી. આ બધું જ સાનભાન વીસરીને તે પગદંડીની દિશામાં ધસી ગયો. રાજાવતની ધણધણાટીથી કાંપી રહેલો બિહોલા ખડક અને જમીનને બાઝીને શરીર સંકોરતો રીતસર લાશ જેવો થઈ ગયો. રાજિયો હરામી લપસણી, ખરબચડા મૂરમ પર પાછા પગે લપસીને ક્યાંય નીચે સરકી ગયો પણ દયાલ સાહાને આ હાલતમાં પોતાનું કદાવર શરીર ગોઠવતાં ન આવડ્યું.

લેટેલી હાલતમાં તેની ફાંદ ભીંસાતી હતી અને શ્વાસ લેવામાં પરેશાની થતી હતી. ગોળીઓ કઈ દિશામાંથી આવે છે, હરામી ક્યાં સરકી ગયો અને બિહોલા ક્યાં લપાયો છે એ જોવા તે જરાક ચસક્યો એ સાથે તેની મૂવમૅન્ટ રાજાવતની આંખમાં પકડાઈ ગઈ.

પહેલા તેને ખડકની આડશ પાછળથી ચળકતું બોડું માથું દેખાયું. તે ટ્રિગર દબાવવા જતો જ હતો પણ સાહાના નસીબમાં ફક્ત એક જ ગોળી ખાઈને મરવાનું લખાયું ન હતું.

સાહાએ પોતાનાથી જમણે બિહોલાને જોયો એટલે તે એ દિશામાં સરકવા ગયો.

—અને એ જ ઘડીએ રાજાવતની ત્રાડથી પહાડી ખળભળી ઊઠી, 'સાહાઆઆઆઆ...'

બેબાકળો સાહા દિગ્મૂઢ થઈને જાણે મંત્રમુગ્ધ થઈ ગયો હોય તેમ યંત્રવત્ ત્યાં જ ખોડાઈ ગયો અને બંને કોઈ આડશ વગર સાવ સામસામે આવી ગયા. હજુ ગઈ કાલ સુધી તેના એક હુકમ પર એ એડી પર ઊભો થઈ જતો હતો... હજુ હમણાં સુધી તે જેમ ફાવે તેમ ગાળો દઈ દેતો હતો અને એ નીચી મૂંડીએ સાંભળી લેતો હતો... હજુ હમણાં સુધી તેની આંખ ફરે ત્યાં એ ચહેરા પરનો પસીનો લૂછવા લાગી જતો હતો એ એસીપી તેજેન્દ્રસિંહ રાજાવત અત્યારે તેની સામે ફક્ત પચાસ મીટર દૂર એકે-56 તાકીને ઊભો હતો.

સાહાના પગમાંથી જોર ઓસરી રહ્યું હતું. તેનું તમામ ચેતન આખા શરીરમાં પરસેવાની ધાર બનીને વહેવા માંડ્યું હતું. રાજાવતની સામે તાકી રહેલી તેની આંખોમાં છેલ્લીવારની વણબોલાયેલી કાકલૂદી તગતગતી હતી.

તેના હાથમાં અભાનપણે કશોક સળવળાટ થયો. બેઉ હાથ જરાક ઊંચકાયા...

—અને ફરીથી રાજાવતની ત્રાડ પહાડીમાં ગાજી રહી, 'સાહાઆઆઆ...'

આ વખતે એ ત્રાડમાં એકે-56ની ધાણીફૂટ વછૂટતી ગોળીઓની બૌછારના ભીષણ ધડાકા પણ ઉમેરાઈ ગયા હતા અને રાજાવતે ઠાલવી દીધેલા ડ્રમની પચાસેક ગોળીઓથી વીંધાઈને સાહા પગથી માથા સુધી ચાળણી જેવો થઈ ઊથલી પડ્યો હતો.

ભયાનક અવાજે અત્યંત વિકૃત ચહેરે ગાળો બોલીને સાહાના શરીરમાં કારતૂસ ઠાલવી રહેલો રાજાવત તીવ્ર ઉન્માદમાં બેધ્યાન બની ચૂક્યો હતો એ પારખીને બિહોલાએ તક ઝડપી. તેણે વર્ષોની સઘન તાલીમને કામે લગાડીને શરીરને જરાક પણ ચસકાવ્યા વગર જમીન સાથે હાથ ટેકવીને ફક્ત ગનનું નાળચું ઊંચું કર્યું અને રાજાવતના ઢીંચણમાં ગોળી પરોવી દીધી.

ઓચિંતા પ્રહારથી લથડિયું ખાઈ ગયેલો રાજાવત આવેશ અને ઉન્માદથી એટલો કાંપતો હતો કે ઘડીભર તો પોતાને ગોળી વાગી છે એ પણ સમજી ન શક્યો. ગનના ટ્રિગર પર યંત્રવત્ ભીંસાયેલી તેની આંગળીને લીધે 70 કારતૂસનું આખું ડ્રમ ખાલી થઈ ચૂક્યું હતું અને ગનની ચૅમ્બરના સોકેટ સાથે ખાલી રોટર અથડાવાનો બોદો અવાજ આવ્યા કરતો હતો.

બિહોલાની ચબરાક નજરે એ પારખી લીધું. એ અધૂકડો બેઠો થયો પરંતુ આ અડબંગ આદમી એક વાર તેને જોઈ જાય તો ય લમણાંમાં એકે-56 તાકીને તેનું ભેજું કાઢી લે એવું તેનું ખુન્નસ એ સાહાની હાલત જોઈને સમજી ચૂક્યો હતો. નિશાન લેવું માફક આવતું ન હતું તો ય તેણે ખડકની આડશમાંથી નાળચું બહાર કાઢીને સ્મિથ એન્ડ વેસનનું ટ્રિગર દબાવી દીધું. એ ગોળી રાજાવતના ખભા પર વાગી અને એ 900 મીટર પ્રતિ સેકન્ડના વેગથી ફૂંકાયેલી ગોળીના પ્રહારથી એ ત્રણ-ચાર કદમ પાછળ ફંગોળાયો.

આ ગોળી વાગવાથી એ જરા હોશમાં આવ્યો. તેણે ખભાના ભાગે શર્ટના જલી રહેલા કાણામાંથી લોહીની સેર વહેતી જોઈ. જાણે કોઈકનો ઘા ચકાસતો હોય તેવા નિર્લેપભાવે તેણે હાથ પસવાર્યો. લોહીવાળો હાથ તેણે જિન્સ પર ઘસીને ચોખ્ખો કરવા પ્રયાસ કર્યો. ગોળી છૂટી હતી એ દિશામાં તેણે શૂન્યમનસ્કપણે નજર ફેરવી અને કમર ફરતું બાંધેલું વધુ એક ડ્રમ છોડ્યું. ગનની ચૅમ્બર સાથે એટેચ કર્યું અને બિહોલાની દિશામાં ટ્રિગર દબાવી દીધું.

—પણ આટલી વારમાં આડાઅવળા લપાઈ ગયેલા આદમીઓમાં ય હોશ આવી ચૂક્યો હતો અને રાજાવતની દિશામાં ત્રણ-ચાર મશીનગન ધણધણી ઊઠી હતી. બેબાકળો બનેલો રાજાવત હવે ગોળીની દિશા ય પારખી શકે તેમ ન હતો. છેવટે તેણે ફાયરબ્રિગેડની હોઝપાઇપ ઘુમાવતા જવાનની માફક દરેક દિશાએ ગનનું નાળચું ફેરવીને ગોળીઓનો વરસાદ વરસાવી દીધો અને લંગડાતા પગે પાછળની દિશા તરફ દોટ મૂકી.

ઢીંચણ અને ખભા પછી એક ગોળી તેના પેટમાં વાગી હતી પણ તો ય તેણે એ ઘાવ ભણી જોવાની દરકાર સુધ્ધાં કર્યા વગર કારતૂસના ડ્રમ ખોસેલો બૅલ્ટ ખોલીને ગળા ફરતો વીંટાળી લીધો એ જોઈને બિહોલાની આંખો પણ ફાટી ગઈ. આ માણસ કોઈ પણ હાલતમાં હવે મરવો જોઈએ... મનોમન બબડીને તેણે ફરીથી પોઝિશન બદલી. જો આ માણસ અહીંથી છટક્યો તો તેનું ઝનૂન તેને કંઈ પણ કરવા પ્રેરી શકે તેમ હતું.

બિહોલા જોખમ ખેડીને ય આડશમાંથી બહાર નીકળ્યો અને જોરથી ચિલ્લાયો, 'શૂટ હિમ એનીહાવ...'

એ સાથે રાજાવતની દિશામાં સામટી બંદૂકો ગરજવા લાગી. લંગડાતા પગે દોડીને પહાડીઓની ઝાડી ભણી રાજાવત ખાસ્સો પાછળ જતો રહ્યો હતો પણ તેની આવરદા ક્યારની આગળ નીકળી ગઈ હતી. એક ગોળી તેની જમણી છાતી વીંધીને પાંસળીમાં ભેરવાઈ ગઈ. સળંગ બે ગોળી તેના પેટમાં ખૂંપી ગઈ. તેની દૃષ્ટિ હવે ધૂંધળી થવા માંડી હતી. પહાડીના ભેંકાર ખડકો વચ્ચેથી ફૂંકાતી દરિયાની ખારી હવામાં તેને હવે રેગિસ્તાનની બંજર સોડમ વર્તાઈ રહી હતી.

તેણે હતું એટલું જોર કરીને ટ્રિગર પરની આંગળી મજબૂત કરી પણ હવે તેને દિશાભાન રહ્યું ન હતું. અવશપણે તેનાથી ગનનું નાળચું ઝૂકી જતું હતું અને કેટલીક ગોળી તો તેનાથી પાંચ-સાત ફૂટ છેટે જમીનમાં જ ખૂંપતી હતી. આમ છતાં તેણે પાછળ દોડવાનું ચાલુ રાખ્યું.

*

'ગિવ હિમ કવર ફાયર...' રાજાવતને આ દિશામાં લંગડાતી હાલતમાં ભાગતો જોઈને અભિએ ઉશ્કેરાટભેર રાવીને ફાયર કરવા કહ્યું.

'નોટ એટ ઓલ... આપણે ફાયર કરીએ એટલે એ સૌનું ધ્યાન અહીં ખેંચાય અને આપણી હાજરી છતી થઈ જાય...' રાવીની દલીલમાં વજૂદ હતું પણ અભિની ગણતરી જુદી હતી.

'હમણાં અંધારું થઈ જશે. આપણે ફાયર નહિ કરીએ તો ય એ લોકો આ દિશામાં શોધ ચલાવશે જ. તેનાં કરતાં ફાયર કરીને તેમને ડરાવી મારીએ તો અહીં સવાર પહેલાં એ નહિ જ ઘૂસે.' બે મિનિટ અભિના તર્ક પર રાવીએ વિચાર કર્યો અને નજરથી સંમતિ ભણી એ સાથે બે ય હાથમાં ગન લઈને અભિએ ટેકરીની પાછળથી ફાયરિંગ શરૂ કરી દીધું. રાવીએ એક વીસેક ફૂટ ઊંચા તોતિંગ ખડકની પાછળથી કોઈ જ નિશાન લીધા વગર બે ગ્રેનેડ ઉછાળી દીધા. એ બે ય ગ્રેનેડના ધડાકા વેરણછેરણ બનીને પડઘાઈ રહ્યા હતા બરાબર ત્યારે જ રાજાવત ખડકની પાછળ ફસડાયો હતો.

અભિએ હાથ પકડીને તેને અંદર ખેંચ્યો અને અનાજની ગૂણ ઢસડતો હોય તેમ ક્યાંય સુધી અંદર ઝાડીમાં ખેંચી લાવ્યો. સુમરાના સામાનમાંથી કાઢેલી મશકમાંથી તેણે રાજાવતના ચહેરા પર છાલક મારી ત્યારે તેની આંખોમાં જરાક હોશ આવ્યા. તેણે અભિની સામે નજર માંડવા પ્રયાસ કર્યો પણ તેની આંખો સ્થિર રહેતી ન હતી. તેના ચહેરા પર ઘડીક સ્મિત વેરાતું હતું તો ઘડીક એ હવામાં તાકી રહેતો હતો. તેનું શરીર જાણે અંદરથી વલોવાતું હોય તેમ મરડાઈ રહ્યું હતું.

'એ બે ય જણા...' તેણે પાગલની માફક ઉન્માદભેર અભિના હાથનો પંજો ખેંચ્યો, 'બિલિવ મી, એ બે ય જણા...' ફરીથી તેના અવાજમાં કંપવા ઊપડ્યો.

'કોણ બે જણા... રાજાવત...' અભિએ તેનો ચહેરો થપથપાવ્યો અને પાણીની વધુ એક છાલક મારી, 'રાજાવત... તું શું કહે છે?'

'એ બે જણાને પાછળ સહેજ ડાબી બાજુ એક સાંકડા રસ્તામાંથી આવતા મેં જોયા હતા...' મહામહેનતે કટકે-કટકે અસંબદ્ધપણે બોલાતા તેના શબ્દો પકડીને અભિ ચમક્યો.

'કોણ બે જણા...? ક્યો સાંકડો રસ્તો?' અભિએ રાજાવતને હલબલાવી નાંખ્યો, 'તું સુમરાની વાત કરે છે? રાજાવત... રાજાવત...'

અભિ તેને ઝકઝોરતો રહ્યો પરંતુ ત્યારે તેના તપ્ત મનનો ઉન્માદ સર્વોપરિતાની પાંખો પહેરીને ઊડી ચૂક્યો હતો... હંમેશને માટે... જ્યાં તે એકલો જ હતો, એકમેવ હતો અને અજેય હતો. કદાચ એવું જ વિશ્વ તેને સોરવતું હતું.

* * *

~

'તું અહીં જ રહે... હું સુમરાને લઈ આવું છું...' અભિએ હાંફતી છાતીએ સહજતાથી કહી નાંખ્યું પણ કાળાડિબાંગ અંધારા વચ્ચે ય એ રાવીના ચહેરા પર પથરાયેલું અચરજ કળી શક્યો.

રાજાવતે પાછળ ડાબી તરફ સહેજ ઊંચે ગીચ ઝાડી વચ્ચેથી પસાર થતા એક સાંકડા રસ્તામાંથી બે આદમીને આવતા જોયા હોવાનું કહ્યું એની થોડી જ વારમાં એ બેહોશીમાં સરી પડ્યો. ક્યાંય સુધી તેની છાતીમાં તેનો આખરી દમ બિહામણી રીતે ઘૂંટાતો રહ્યો. નાક વાટે તીણી વ્હિસલ જેવા અવાજ સાથે તે શ્વાસ ભરવા મથતો હતો. ઠેકઠેકાણેથી વહી રહેલા લોહીને લીધે શરીરને રૂંવેરૂંવેથી ઓક્સિજનની તલબ જાગી હતી પણ ગોળી વાગવાથી ફાટી ગયેલાં ફેફસાં તૂટવા લાગ્યાં હતાં. કેટલીય વાર સુધી તેનું શરીર કઢંગી રીતે વલોવાતું રહ્યું. અભિમન્યુ તેના તરડાયેલા હોઠ વચ્ચે જેમતેમ કરીને પાણીની ધાર કરતો રહ્યો. પ્રત્યેક વલોવાટ સાથે રાજાવતના ડોળા અધ્ધર ચડતા રહ્યા અને આખરે તેણે દમ તોડી દીધો.

અભિ ઘડીક હતાશ, સ્તબ્ધ ચહેરે રાજાવતના વિક્ષત શરીરને જોઈ રહ્યો પણ એટલી વારમાં રાવી કામે લાગી ગઈ હતી. ઘાયલ રાજાવત પહાડીની આ તરફ ઘસડાઈ આવ્યો એ પછી પણ તેની પાછળ ક્યાંય સુધી બંદૂકો ગરજતી રહી હતી. અંધારું ઘેરાયું ત્યાં સુધી રાવી એ બંદૂકોને જવાબ વાળતી રહી.

ઘેરાતા અંધારા તળે રાવીએ બીજા બે ગ્રેનેડ્સ કોઈ નિશાન વગર જ આડેધડ ફેંકી દીધા હતા. એ પછી બંદૂકો ગરજતી બંધ થઈ હતી. હવે જ ખરાખરીનો ખેલ હતો. બિહોલા પાસે નાઇટવિઝન બાઇનોક્યુલર અને ટેલિસ્કોપ એટેચ્ડ ગન હોય જ, એ જોતાં જો તેઓ વહેલામાં વહેલી તકે અહીંથી નહિ છટકે તો હવે તેમની લાશો ઢળવામાં વાર લાગવાની ન હતી.

બિહોલાના વિચારમાત્રથી ઠંડીગાર થઈ ગયેલી રાવીએ વિસ્ફારિત આંખે નીચલો હોઠ દાંત તળે કચડી માર્યો અને છલાંગભેર ખડક કૂદીને નીચે આવી. અભિ રાજાવતની સારવારમાં પરોવાયો હતો એટલી વારમાં તેણે ચુપકીદીપૂર્વક દોડધામ કરીને ઠેરઠેર વેરાયેલો સામાન એકઠો કરી લીધો. દરમિયાન, થોડી-થોડી વારે ફાયરિંગ કરવાનું પણ જારી રાખ્યું.

સુમરાના ખભા પાછળ બાંધેલો થેલો છોડીને તેણે ગન, એમ્યુનિશન્સ તેમાં ભર્યા. રાજાવતનો હેવરસેક અને એકે-56 પણ તેણે ઊઠાવી લીધા. રાજાવતે ગળા ફરતા બાંધેલા હારડામાં 70 રાઉન્ડનું એક ડ્રમ અકબંધ હતું. એ સિવાય તેના હેવરસેકમાં બીજા બે ડ્રમ અને કેટલાક ગ્રેનેડ્સ હતા. ઝીણવટપૂર્વક જોવાનો સમય ન હતો. અંધારું ઘેરાય એ પહેલાં બધું એકઠું કરીને અહીંથી સરકી જવાનું હતું.

તેણે બધો જ સામાન એકઠો કરીને એકતરફ કરી દીધો ત્યારે આથમણી દિશાએથી મલપતી ચાલે આવેલા અંધારાની સોડમાં પહાડી ઢબૂરાઈ ગઈ હતી. દૂર ક્યાંક ભેંકાર સન્નાટા વચ્ચેથી ઊઠતી શિયાળવાંની કારમી લારી, આથમી ચૂકેલા સૂરજના નામે મરસિયા ગાતાં તમરાંનો બણબણતો ગુંજારવ, કાળમીંઢ ખડકના લલાટે ચાંદલા કરી રહેલો આગિયાનો વેરણ ઉજાસ અને હવાના સુસવાટા સાથે ઝૂલતાં પાંદડાંઓના ઓળામાંથી ખડી થતી બિહામણી ભૂતાવળ... ઘડી પહેલાં સમીસાંજે પગની પાનીએ અળતો મૂકતી નવોઢા જેવી લાગતી પહાડીઓએ રંગીન લહેરિયું ફગાવીને મલીર ઓઢી લીધું હતું.

સફાળી ચોંકેલી રાવી દબાતા પગલે ટેકરી પાછળ અભિની પાસે પહોંચી ત્યારે એ સામાન ઊઠાવી રહ્યો હતો.

'ઉપરની તરફ મારી પાછળ આવ.' તેણે હોઠ ફફડાવીને કહ્યું. હાથ વડે ખડક ફંફોસીને ઝાડી-ઝાંખરાં વચ્ચે રસ્તો કરતાં બંને ક્યાંય સુધી ઉપરની તરફ ચઢાણ કરતાં રહ્યાં.

'એ રાજાવતનો ભ્રમ તો નહિ હોય ને?' રાવીને હજુ ય તોતિંગ પહાડો વચ્ચેથી બહાર નીકળવાનો કોઈ રસ્તો હોય એ તર્ક ગળે ઊતરતો ન હતો, પરંતુ સુમરા અને સિસ્કો જે ઝડપથી પહોંચ્યા એ પણ હકીકત તો હતી જ.

'કોઈક રસ્તો તો હોવો જ જોઈએ...' ભારે ભરખમ હેવરસેક બે ય ખભા પર ઊંચકીને અડાબીડ અંધારાં વચ્ચે ઝડપથી આગળ વધી રહેલા અભિએ કહ્યું, 'ન હોય તો પણ આપણે તાત્કાલિક સલામત જગા તો શોધવી જ પડશે.'

લગભગ વીસેક મીટરના એકધારા ચઢાણ પછી બંને થંભ્યાં. દરિયાની ખારાશ પહેરીને ફૂંકાતો પવન હવે વધુ સર્દ બની રહ્યો હતો. અભિએ એ ટેકરા પર હેવરસેક ઉતાર્યા અને કમરે ખોસેલું ધારદાર ખંજર કાઢ્યું. અંધારામાં હાથનાં ઝાંવાં મારીને તેણે એક ઝાડનું થડ ફંફોસ્યું અને ખંજર ઘસીને કશુંક કાપ્યું. રાવી તેને ઝીણી નજરે જોઈ રહી હતી. અભિ કશુંક કરી રહ્યો હતો પરંતુ અંધારામાં કશું કળાતું ન હતું.

'સુમરાનો થેલો તારી પાસે છે. એમાં ટોર્ચ હોવી જોઈએ.' અભિએ ઝાડના થડ પરથી તોડેલા ફણસનો માવો કાઢતાં કહ્યું, 'ટોર્ચ ચાલુ કર્યા વગર મને આપ...' રાવીએ થેલાના બૅક પોકેટની ઝિપ ખોલીને હાથ ફંફોસ્યો. અંદર લાઇટર, મીણબત્તી, કાજુનાં પૅકેટ્સ અને ટોર્ચ હતાં. સુમરો સાલો અવ્વલ ખેપાની હતો... સુમરાના સ્મરણના ભાર સાથે કાંપતા હાથે તેણે અભિને ટોર્ચ થમાવી.

'તું શું કરી રહ્યો છે આ?' રાવીના અવાજમાં કંપ હતો. સુમરાની ગેરહાજરીનો એ ખાલીપો હતો... હવે બંને એકલાં પડી ચૂક્યાનો ડરામણો ઓથાર હતો...

'હવે રસ્તો શોધવામાં આપણને ટોર્ચ જલાવ્યા વગર નહિ ચાલે અને...' અભિએ નીચે જોઈને ફટાફટ ફણસની જાડી છાલ અકબંધ રાખીને વચ્ચે ખંજર હુલાવી માવો કાઢવાનું ચાલુ રાખ્યું, 'ઇટ વૂડ બી ધ બેસ્ટ કવર... ટોર્ચનો પ્રકાશ દરેક દિશાએ રેલાતો અટકાવી શકાશે...' ભરઅંધારે ય રાવી તેની કોઠાસૂઝ પર મલકી પડી.

અભિએ ફણસના મોટા છેડામાં હાથ પરોવીને અંદર ટોર્ચ દાખલ કરી. જમીન પર બે સેકન્ડ માટે પ્રકાશ રેલાવીને ખાતરી કરી લીધી અને રાવીના ચહેરા પર ઉજાસ અજવાળ્યો. બંગલીમાં પહેલું ફાયર થયું પછી છેક અત્યારે એ તેને નીરખી રહ્યો હતો.

તેના બિડાયેલા હોઠના ખૂણે લોહીની ટશર બાઝી ગઈ હતી. ગળા સુધી માંડ પહોંચતા તેના વાળ ઠેરઠેરથી ખરડાયેલા હતા. ભરાવદાર ગાલ પર ઊઠેલા કશાક ઘસરકામાંથી લોહી ઝમી રહ્યું હતું અને તેની કથ્થાઈ આંખો પછવાડેથી ડોકાતો હતો નર્યો સન્નાટો.

અભિએ ટોર્ચ તો ઓલવી નાંખી પણ રાવીનો નિઃશબ્દ ચહેરાનો ફિક્કો ઉજાસ તેની આંખોમાં જડાઈ રહ્યો. આ છોકરી... શાહી ઠાઠથી ઊછરેલી આ જામવાલની દીકરી... ક્યાં બરફીલા પહાડોની ગોદમાં વસેલી તેની જાગીર અને ક્યાં આ કોંકણનાં ભેંકાર જંગલ... તેણે બાપ ગુમાવ્યો, વિરમ જેવો સધિયારો ય હતો ન હતો થઈ ગયો, આ સુમરા ય ગયો... આટઆટલા મુકામ પસાર કર્યા પછી ય તેની નિયતિ હજુ તેને ક્યાં તગેડી રહી હતી?

તેણે ભાવપૂર્વક રાવીની પીઠ થપથપાવી અને ફણસમાં પરોવેલી ટોર્ચ સંભાળપૂર્વક ઓન કરી. રાજાવતે ઉપર જઈને ડાબી તરફ કહ્યું હતું. તેણે સીધી જ ડાબી તરફ ટોર્ચ ઘુમાવવાને બદલે સતર્કતા ખાતર એ દિશામાં આઠ-દસ ડગલા ચાલીને ટોર્ચનો ઊજાસ ફેંક્યો. બોરડી, બાવળ અને જંગલી વેલાના ઝાંખરા પાછળ કશું કળાતું ન હતું. રાવીને ત્યાં જ ઊભા રહેવાની ઇશારત કરીને તે વધુ થોડોક આગળ ગયો. સુમરા-સિસ્કો જ્યાંથી પ્રવેશ્યા હશે ત્યાં કશીક એંધાણી તો હશે જ. તેણે ઝીણી નજરે ટોર્ચના અજવાળામાં ખડકાળ ભોંય તપાસી.

ઝાંખરાં વચ્ચેથી જેમતેમ રસ્તો કરતો એ વધુ આગળ ગયો. બોરડીના અણિયાળા કાંટા તેના શર્ટમાં ભરાઈને લીરા ઊડાડી રહ્યા હતા અને હાથમાં, ઢીંચણ પાસે ઉઝરડા પડી રહ્યા હતા. કશાયની પરવા કર્યા વગર એકાગ્રતાપૂર્વક એ ડાબે-જમણે-ડાબે એ પૅટર્નમાં વીસ-વીસ કદમના હિસાબે તસુ-તસુ ચકાસતો ચઢાણ કરતો રહ્યો. બાવળની શૂળમાં ફસાયેલો શર્ટ કાઢવા તે નીચે ઝૂક્યો અને સહજ ક્રમમાં જ તેણે ટોર્ચ નીચે મૂકી એ સાથે તેની આંખો ઝબકી ઊઠી.

નીચે ખડકાળ ભોંય પર થોરના ફાફડા વેરાયેલા હતા. તેણે ધ્યાનથી એ ફાફડાનું નિરીક્ષણ કર્યું. અડધો-પોણો ફૂટ પહોળા એ ફાફડાની કિનારી તીક્ષ્ણ રીતે છૂંદાયેલી હતી. કપાયેલા ભાગમાંથી ઝમી રહેલા દૂધ પર તેણે આંગળી ફેરવી એ સાથે તેના હોઠ પર સ્મિત ફરકી ગયું. તેણે કાંટાળા ફાફડા પર હળવાશભેર હાથ પસવાર્યો. એ થોર સુમરાએ જ કાપેલો હતો. જંગલી જાનવરના ચાલવાથી થોર તૂટ્યો હોય તો તેની તૂટેલી ધાર પર આટલો સટીક, સીધો કાપો ન હોય. તેમાંથી ઝમી રહેલા દૂધમાં હજુ ય પાતળી ચીકાશ હતી. મતલબ કે એ થોર કપાયે એકાદ કલાકથી વધારે સમય થયો ન હોય.

તેણે કાંટા, ઝાંખરાંની પરવા કર્યા વગર પાગલની માફક આમતેમ ખંજર ફેરવીને ઝાડી કાપવા માંડી. લગભગ વીસેક મિનિટમાં પંદરેક ફૂટ ગીચ ઝાડીમાંથી રસ્તો કરીને તેણે ટોર્ચ ફેંકી એ સાથે તેના થાકેલા શરીરમાં ઉત્સાહનું વાવાઝોડું ફૂંકાઈ ગયું. તેને ચીસ પાડી દેવાનું મન થઈ ગયું. તેની બરાબર સામે પહાડના પાયામાં સાંકડી કેડી જેવું વર્તાતું હતું.

તેણે રાવીની દિશામાં ટોર્ચ ચાલુ-બંધ કરીને સંકેત કર્યો. રાવી ઉપર આવી એટલે તેણે હાથ ઝાલીને તેને ઝાંખરાંમાંથી ખેંચી. બંનેએ સાંકડી નેળમાં પ્રવેશીને વજનદાર થેલા અને બંને હેવરસેક મૂક્યા.

'તું અહીં જ રહે... હું સુમરાને લઈ આવું છું...' અભિએ હાંફતી છાતીએ સહજતાથી કહી નાંખ્યું પણ કાળાડિબાંગ અંધારા વચ્ચે ય એ રાવીના ચહેરા પર પથરાયેલું અચરજ કળી શક્યો, 'આઈ મીન... સુમરાના...' નિષ્પ્રાણ સુમરાનું શરીર એ શરીર નહિ પણ લાશ હોય એ સ્વીકારવા હજુ ય એ તૈયાર ન હતો.

'પણ એ બહુ અઘરૂ પડશે...'

'આઈ નો...' અભિએ હળવો નિઃશ્વાસ છોડ્યો, 'પણ એ ન હોત તો અત્યાર સુધીમાં અનેક વાર આપણને અઘરું પડી ચૂક્યું હોત. તેને આમ આંતરિયાળ રઝળતો તો ન મૂકી શકાય ને?'

*

નેળની ઊબડખાબડ ભોંય પર અભિ સુમરાની લાશને ખભા પર ઊંચકીને અને બીજા હાથમાં લાંબા, મજબૂત ડાંખળાને પછડાવતો તેજકદમી કરતો રહ્યો. તેની પાછળ બેય ખભા પર ભારે થેલા-હેવરસેક લાદીને એક

હાથમાં ગન અને બીજા હાથમાં ટોર્ચ તાકતી રાવી દોડતી રહી.

સમયની દાબડીમાં સેંકડો વર્ષોથી બંધ નેળની આ જીવસૃષ્ટિ આજે અચાનક આ બીજી વખત સંભળાતા અજાણ્યા પગરવથી બેબાકળી બની ગઈ હતી. તીરની માફક હવામાં ફેંકાતાં ચામાચીડિયાની પાંખોનો સૂસવાટો નેળની વેરાન સ્તબ્ધતાને વધુ બિહામણો બનાવતો હતો. છળી ઊઠેલી ગરોળીઓ ઘડીક દોડાદોડ કરતી છેવટે પીંગળી આંખો વાટે ફફડાટ ઓકતી નેળની ભેખડ સાથે ચીપકી ગઈ હતી. પથરાળ ભોંય પર ભાગમભાગ કરવા મથતા કાચિંડા પગમાં અટવાતા હતા. દરમાંથી બહાર આવી ગયેલા કાળોતરા નેળની સાંકડી દીવાલ સરસી ફેણ માંડીને ઝનૂનના ફૂંફાડા મારી રહ્યા હતા.

અભિ ડાંખળું પછાડીને અને રાવી ખડક સાથે ટોર્ચ અથડાવીને પેશકદમીથી ગિન્નાયેલી જીવસૃષ્ટિને જેમતેમ કરીને દૂર રાખતાં રહ્યાં. નેળની બંધિયાર હવામાં પશુઓ, જીવજંતુઓના મળમૂત્રની તીવ્રતમ ખાટી વાસથી બેઉનાં પેટમાં આંતરડાં વલોવાતાં હતાં. ખભા પર વજન, પહાડીનું ચઢાણ અને જીવના અજંપાને લીધે બેઉની છાતી ધમણની જેમ હાંફતી હતી અને શ્વાસ વાટે પ્રવેશતી ગંધાતી હવા પેટનો કારોબાર પીંખી નાંખતી હતી.

ચાળીસ-પિસ્તાળીસ મિનિટની આકરી દડમજલ લગભગ બેશુદ્ધ હાલતમાં પસાર કરીને તેમણે નેળના બીજા છેડામાંથી વર્તાતો ઉજાસ પારખ્યો એ સાથે બેયના પગમાં ચેતન બમણાયું અને દોટ મૂકીને તેમણે નેળની બહાર ખુલ્લી, તાજી, શુદ્ધ હવામાં શ્વાસ લીધા ત્યારે માંડ તેમના જીવમાં જીવ આવ્યો.

ચુડેલના વાંસા જેવા અંધારામાં એકધારા પોણો કલાક આથડ્યા પછી પહાડની ટોચેથી વેરાતી ચાંદની હજાર વોટના હેલોજન કરતાં ય વધુ રોશનદાર લાગતી હતી. અભિએ ખભા પરથી સરકીને લબડી રહેલી સુમરાની લાશને ફરીથી સંકોરી. અત્યાર સુધી એકધારા ચઢાણ પછી હવે પગ તળેની ધરતીનો મિજાજ પલટાયો હતો. નક્કર ખડકાળ ભોંયની જગ્યાએ હવે ચીકણી, લપસણી જમીન સડસડાટ ઢાળ ઊતરી રહી હતી. ત્રીસ-ચાળીસ મીટર લાંબી ઝાડીમાંથી મુશ્કેલીથી રસ્તો કાઢતાં બેઉ ઝાડીની બહાર આવ્યા ત્યારે ક્યારના ચૂપ રહેલા અભિએ દબાયેલા સ્વરે ચીસ પાડી દીધી, 'યાઆઆઆઆઆહહહહહ...'

અભિની ઓચિંતી ચીસથી ભડકી ઊઠેલી રાવી આદતવશ ટ્રિગર પર આંગળી ભીંસવા જ જતી હતી ત્યાં તેનું ધ્યાન અભિની તકાયેલી આંગળી ભણી દોરાયું.

શુક્લ પક્ષની બારશના ચંદ્રના દૂધમલ અજવાસમાં ધોળાતી વછેરીની માફક ખીણના લપસણા ઢાળ પર ઊભી હતી તેમની મેટાલિક બ્લૅક કલરની ચળકતી ફોર્ચ્યુનર...

અગમચેતીના સાક્ષાત્ અવતાર સમા સુમરાની લાશને અભિએ પોતાના ખભા સાથે ભાવપૂર્વક ભીંસી દીધી ત્યારે તેની બે ય આંખોમાંથી કૃતજ્ઞતા છલછલ વહી રહી હતી.

*

'આગળ કંઈક નદી હોય તેમ લાગે છે. ગાડી ધીમી પાડજે...' ખુલ્લી બારીમાંથી બહાર ઝળુંબીને સડકની નીચે ખીણમાં ઝાંકી રહેલા અભિમન્યુએ કહ્યું. રાવીએ તરત એક્સિલરેટર પરથી પગ હઠાવ્યો, ક્લચ ભીંસ્યો અને ટોપ ગિયરમાંથી થર્ડમાં ગિયર નોબ નાંખ્યો. તેમણે ખીણમાંથી ગાડી સડક પર લીધી તેની થોડી જ વારમાં ઝરમર વરસાદ ચાલુ થઈ ગયો હતો. બે ય બાજુ ઊંડી ખડકાળ ખાઈ અને અડાબીડ જંગલ વચ્ચે કાચી, લપસણી સડક પર ક્યાંય સુધી તેમણે હેડલાઇટ ઓન કર્યા વિના જ ગાડી ભગાવી હતી.

'હેડલાઇટ ઓન કર તો...' ગાડી ધીમી પડતાં ખીણમાં પછડાતા ઝરણાનો નિનાદ અભિના સરવા કાને આછેરો ઝિલાતો હતો. રાવીએ સડકની ધાર પર ગાડી ઊભી રાખીને હેડલાઇટ ઓન કરી એ સાથે ભેંકાર ખીણની સ્તબ્ધ છાતીમાં ફોર્ચ્યુનરનો શેરડો ભોંકાઈ ગયો.

પહાડ પરથી ધોધમાર દદડતાં ઝરણાં ખીણમાં વહેતી નદીના તોફાની વહેણમાં ભળીને ઓળખ ઓગાળતા પહેલાં પ્રચંડ દેકારો મચાવતાં હતાં. અભિએ ફોર્ચ્યુનરનો વચ્ચેનો દરવાજો ખોલ્યો અને સુમરાની લાશ સંભાળપૂર્વક બહાર ખેંચી. બેઉએ ખભા અને પગ પકડીને ભડભાદર સુમરાને ખાંધ આપી.

કોઈ નનામી ન હતી. ક્યાંય લાશ પર ફૂલહાર ન હતા. અત્તરનો મઘમઘાટ ન હતો. અહીં હતો ફક્ત ભેંકાર સન્નાટો, વગડાઉ વરસાદની તોફાની વાછટ, ચંદ્રની મુગ્ધ રોશની અને ખળખળ વહેતી નદીનો મંજુલ નિનાદ...

નદીના ઢીંચણ સમાણા વહેણમાં મહામહેનતે પગ ખોડીને રાવીએ ઠંડાગાર જળથી સુમરાનો ચહેરો ધોયો. જળને સમાંતર લાશને મૂકીને અભિએ પાણીને સ્હેજ ઠેલો માર્યો એ સાથે બે પૂંઠાં વચ્ચે પનપતી ખુર્રાટ કથાની માફક જળની આગોશમાં વહેતા સુમરાએ દરિયાની દિશામાં પ્રયાણ કર્યું.

રાવીના ગળામાં અવાજ વગરનાં હીબકાં અટવાતાં હતાં. તેને છાતી સાથે મજબૂતીથી ચાંપીને જળમાં વિલીન થઈ રહેલા સુમરાને વિદાય આપતી અભિની આંખો સજળ હતી અને હોઠ વિના પ્રયત્ને સંસ્કારવશ ફફડી રહ્યા હતા,

જાતસ્ય હિ ધ્રૂવો મૃત્યુ ધ્રૂવં જન્મ મૃતસ્ય ચ

તસ્માદપરિહાર્યેર્થે ન ત્વં શોચિતુમર્હસિ

જે જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત છે. જે મૃત્યુ પામે છે તેનો પુનર્જન્મ નિશ્ચિત છે. આ એક એવો ક્રમ છે જે કોઈથી બદલી શકાતો નથી તો પછી એ ક્રમને સહજતાથી સ્વીકાર... તેનો શોક ન કર. આજે એ અભરામ સુમરા હતો, પૂર્વે એ બીજું કંઈક હતો, હવે એ ફરીથી બીજું કંઈક હશે...

—પણ એ હશે, ક્યાંક કોઈક સ્વરૂપે એ જરૂર હશે.

*

'દુનિયા ધારો કે આવી ને આવી જ રહે... આપણને ન ગમતી, આપણને ત્રાસ આપતી, આપણને અંદરથી ખળભળાવી નાંખતી દુનિયા આવીને આવી જ રહે... તો આપણે શું કરવું જોઈએ? દુનિયા બદલવા નીકળવું જોઈએ કે જાતને બદલીને દુનિયાને અનુરૂપ થવું જોઈએ?' નદીના ઠંડાગાર વેકરા પર શરીર લંબાવીને વાદળો પાછળ લપાતા ચંદ્રને તાકતી રાવી સ્વગત બોલતી રહી, 'દુનિયા બદલવાની કઈ કિંમત બહુ મોંઘી કહેવાય?'

તેણે ગરદન ઘુમાવીને અભિની સામે જોયું. વેકરા પર પાથરેલાં ભીનાં શર્ટ પર એ પથ્થરના મોટા ટુકડા ગોઠવતો હતો. નદીના શીતળ જળમાં માથાડૂબ નહાઈને બંનેએ કલાકોના ઘમસાણથી થાકેલા શરીર અને મનનો ભાર હળવો કર્યો હતો. કપડાં પર લોહીનાં ધબ્બાં સાફ કર્યાં અને કપડાં જરાક સુકાય ત્યાં સુધી ખીણમાં ભેખડની આડશે લપાઈને ઘડીક જંપ લેવાનું બંનેએ નક્કી કર્યું.

'આંખ બંધ કરીને ઘડીક જંપી જા રાવી...' અભિએ તેના ભીના વાળમાં આંગળાં પરોવતાં કહ્યું, 'મને એટલી

જ ખબર છે કે આપણે બહુ મોટી કિંમત ચૂકવી દીધી છે અને દુનિયા એક તસુ ય બદલાઈ નથી...'

'અમારે શું બદલી નાંખવું હતું...?' રાવીએ ઊંડો નિઃશ્વાસ છોડ્યો, 'આ ચંદ્ર? આ વાદળ? આ નદી, આ પહાડ...? આ બધું જ...' તેના તરડાયેલા અવાજમાં ડૂસકું ભળી રહ્યું હોવાનું અનુભવીને અભિએ પોતાના ભીના પાટલૂન પર રાવીનું માથું ભીંસ્યું, 'ચૂપ થઈ જા પ્લીઝ... આંખો બંધ કર... હતાશ થવું આપણને પાલવે એમ નથી... હજુ આપણે અનેક મોરચે લડવાનું છે... હજુ લાઇટહાઉસ...'

'ભાડમાં જાય લાઇટહાઉસ...' રાવીએ સફાળા બેઠા થઈને ત્રાડ નાંખી, 'મારી જિંદગીના ત્રણ-ત્રણ આધાર ગુમાવી દીધા મેં. હવે એ લાઇટહાઉસ મળે તો ય શું? પેશ્વાનો એ ખજાનો મળી જાય તો ય શું મારો બાપ પાછો આવશે? આ સુમરા... આ મર્દનો બચ્ચો આપણો સુમરો પાછો આવશે?'

'વેઇટ...' અભિએ સફાળા ઊભા થઈને હાથ લંબાવતા રાવીને અટકાવી. દૂર પહાડીઓની પાછળ તેણે કશોક પીળો ઉજાસ વેરાતો અને પછી તરત ઓલવાઈ જતો જોયો હતો. એ ઝડપથી નદીના પહોળા પટમાં આગળ વધવા ગયો એ જ ક્ષણે ફરીથી પહાડીની પાછળ આછા પ્રકાશનો લબકારો વર્તાયો. તેણે રાવીની સામે જોયું.

સર્પાકાર રસ્તા પર અંતરનો ક્યાસ કાઢવો મુશ્કેલ હતો પરંતુ એ વાહનની હેડલાઇટ હતી એ તો નિશ્ચિત જ હતું.

'હું ડ્રાઇવ કરું છું. તું પાછળની સીટમાં રાજાવતની ગન ઉઠાવી લે... એકે-56ના ફાયરથી તેમને ગૂંચવી શકાશે.' રાવીએ ફોર્ચ્યુનરનું ઇગ્નિશન ઓન કરતાં કહ્યું.

'બટ આઈ એમ નોટ ફેમિલિયર વિથ ધિસ મોન્સ્ટર.'

'કમઓન, ગન આખરે ગન જ હોય છે. નિશાન તાકો અને ટ્રિગર દબાવો એટલે વાત પૂરી. આમાં ફરક એટલો કે, ટ્રિગર દબાવીશ એ સાથે 'ભડ-ભડ' કરતી દસ-વીસ ગોળી છૂટી જશે...'

હેડલાઇટ બંધ હતી તો પણ ફોર્ચ્યુનરના એન્જિનની ઘરરાટીથી ય બેઉના હૈયામાં ફડકો ઘૂમરાતો હતો. પહાડી પાછળ પીળા ઉજાસનો શેરડો હવે ત્રણ-ચાર અલગ અલગ જગ્યાએ દેખાતો હતો.

'એ લોકો પાસે ત્રણ-ચાર વાહનો હોય તેમ લાગે છે.' અભિએ પાછળની તરફ દેખાતા ઉજાસના લબકારાની દિશામાં નજર હઠાવ્યા વગર કહ્યું, 'આઈ થિન્ક રાવી...' તેણે આસપાસ નજર દોડાવી, 'આપણને આગળ કોઈ દિશાની સૂઝ નથી. રસ્તાની ય ખબર નથી. આ પહાડીઓ વચ્ચે ગમે ત્યાં સડક અટકી જતી હોય તેમ પણ બને. એ સંજોગોમાં આપણે બરાબર ભેરવાઈ જઈશું.'

'તો??' રાવીએ ગાડી તદ્દન ધીમી પાડી દીધી, 'યુ મીન, વી શૂડ ટેઇક પોઝિશન હિયર ઓન્લી?'

'ઓહ નો... લડી શકાય તેવી આપણી હાલત જ નથી. એક કામ કર...' અભિએ સડકની જમણી દિશાએ આંગળી ચીંધી, 'નીચે ખાળિયામાં જો આપણે ગાડી ઉતારી શકીએ તો જંગલની અંદર ક્યાંક લપાઈ શકાય.'

ગાડી ઊભી રાખીને બંને નીચે ઊતર્યા. કાચી સડકની ધારથી તરત જ શરૂ થઈ જતી સડસડાટ નીચે ઊતરતી ખીણમાં તેમણે ટોર્ચનો પ્રકાશ ફેંક્યો. જોખમ તો હતું જ પણ પાછળ આવતું જોખમ વધારે વિકરાળ હતું. રાવીએ ગાડી સંભાળપૂર્વક નીચે ઉતારી. ખીણના પહેલા પડાવ પર પહોંચતાં જ ગાડી 50 અંશ જેટલી ત્રાંસી થવા માંડી ત્યારે બેયના શ્વાસ અદ્ધર ચડી રહ્યા હતા. એન્જિનના વેગથી ગાડી વધુ આગળ જઈને ગબડી પડે

એ પહેલાં જ રાવીએ એન્જિન બંધ કરી દીધું. સીધા, લપસણા નૈસર્ગિક ઢોળાવ પર આપોઆપ સરકતી ગાડી પૅડલ બ્રેકથી ય માંડ અટકતી હતી.

ખીણનો ઢોળાવ પૂરો કરીને તેમણે ઝાડીની દિશામાં સ્ટિયરિંગ ઘુમાવ્યું. હજુ પણ જો સડક પરથી પસાર થતા વાહનમાંથી કોઈ નાઇટવિઝન બાઇનોક્યુલર વડે નીરખે તો તેમની હાજરી વર્તાઈ આવે તેમ હતી એટલે રાવીએ નાછૂટકે ઝાડી વચ્ચેની સાવ પાતળી કેડીની દિશામાં ગાડી ઘુમાવી. ગાડીના બોડી અને ફાઇબર જોડે ઘસાતાં ઝાડી-ઝાંખરાંનો તીણો, કર્કશ અવાજ અંધારિયા જંગલની નીરવ સ્તબ્ધતામાં વધુ બિહામણો લાગતો હતો.

'આઈ થિન્ક... હવે હેડલાઇટ ઓન કરવામાં વાંધો નહિ આવે...' ગીચોગીચ ઝાડીમાં કાળાડિબાંગ અંધારા વચ્ચે પોતાનો હાથ પણ કળવો મુશ્કેલ હતો એ સંજોગોમાં આંધળૂકિયા કરીને આગળ જવામાં જોખમ પણ હતું જ.

'તું હેડલાઇટ ઓન કર અને અહીં જ ઊભી રહે. હું આગળ જઈને તલાશ કરી આવું.'

રાવીએ હેડલાઇટ ચાલુ કરી એ સાથે સૂમસામ જંગલ ફ્રોર્ચ્યુનરના તેજસ્વી શેરડામાં લીલુંછમ થઈ ગયું. નાળિયેરી, બદામ, પાંગરાના ઘેઘૂર, ઊંચાં વૃક્ષો વચ્ચેથી પસાર થતી પાતળી કેડી ત્રણ દિશામાં ફંટાઈને પ્રસરતી હતી એ જોતાં આગળ કશેક પહોળી પગદંડી હોવી જોઈએ. અભિએ આંખથી સંમતિ ભણી એટલે રાવીએ ગાડી આગળ હંકારી. ત્રિભેટાથી બસ્સો મીટર આગળ નાળિયેરીના થડ પર એક પાટિયું લટકાવ્યું હતું, 'આત્મજ્યોતિ આશ્રમ ત્રણ કિલોમીટર ફૂડે આહે'!

બંનેએ એકમેકની સામે જોયું... ખાસ્સી વાર સુધી જોયા જ કર્યું.

છેવટે રાવીએ એ પાટિયામાં દર્શાવાયેલા તીરની દિશામાં સ્ટિયરિંગ ફેરવી દીધું.

* * *

~

આશ્રમમાં પ્રવેશતાં પહેલાં તેમણે પાછળની સીટ પર બધો સામાન વ્યવસ્થિત કરી નાંખ્યો હતો. આશ્રમમાં વળી કોઈક નવો મોરચો માંડવો પડે તેની માનસિક તૈયારી સાથે તેમણે સહેજ પણ એન્જિન રાઉસ ન થઈ જાય તેની તકેદારી રાખતાં રેવાલ ચાલે ફોર્ચ્યુનર આગળ ધપાવી. ખાસ્સો મોટો દરવાજો ખુલ્લો હતો. ઉપર કમાન આકારે પતરા પર ભૂરા અક્ષરે આશ્રમનું નામ ચીતર્યું હતું.

હેડલાઇટના ઉજાસમાં ગાડીને ખાસ્સા મોટા ચોગાનના એક ખૂણે પાર્ક કરીને બંને સતર્કપણે ખાસ્સી વાર સુધી ગાડીમાં જ બેઠાં રહ્યાં. ખુલ્લા દરવાજામાંથી પ્રવેશ્યા પછી પણ તેમને કોઈએ રોક્યા ન હતા એટલે હોર્ન મારવું કે નહિ તેની અવઢવમાં રાવી અભિમન્યુની સામે જોઈ રહી. ગાડીના ડૅશબોર્ડ પર ચળકતી ડિજિટ મધરાતના સાડા બારનો સુમાર બતાવતી હતી. હેડલાઇટના ઉજાસમાં સોપારી, નાળિયેરી અને કાજુનાં વૃક્ષો ક્યાંય સુધી પથરાયેલાં દેખાતાં હતાં પરંતુ આશ્રમ કે મંદિરની ઇમારત જેવું હેડલાઇટની દિશામાં ક્યાંય કળાતું ન હતું.

છેવટે અભિ ટોર્ચ લઈને નીચે ઊતર્યો. શર્ટની અંદર સેફ્ટી લોક ખેંચીને જ તેણે લોડેડ ગન ખોસેલી રાખી તે સોપારીનાં વૃક્ષોની લાંબી હાર વટાવતો દરવાજાની જમણી તરફ આગળ વધ્યો. ઝરમર વરસાદ ચાલુ હતો. ક્વચિત્ થઈ જતી વીજળીના તેજીલા ઝબકારા તળે ગોરંભાયેલા આકાશ ભણી હાથ લંબાવતા ભીષણ પહાડોની બિહામણી છાયા સ્પષ્ટ વર્તાતી હતી. સોપારીના વૃક્ષોની સમાંતરે હવે જાસૂદ, પારિજાતક અને રાતરાણીના છોડની કતાર શરૂ થતી હતી. વરસાદી ભીનાશમાં મહેકનો અહેસાસ આ ભેંકાર અંધારામાં આટલા બોઝિલ ઓથાર તળે અભિમન્યુના મનને અજબ શાતા આપતો હતો.

સફેદ ચૂનો ધોળેલી ઈંટોના ક્યારા, ઊબડખાબડ પગથાર પર પાથરેલો વેકરો, નિયમિત રીતે નીંદામણ વાઢીને મુલાયમ રાખેલી માટીની ગોરાડુ સુગંધ... આશ્રમ સરસ રીતે મેઇન્ટેઈન થતો લાગે છે... હવામાં ઘૂમરાતી તાજગી ઊંડા શ્વાસ વડે છાતીમાં ભરતાં અભિએ મનોમન નોંધ લીધી. ઈંટોના ક્યારાને સમાંતર પગથાર જમણી દિશામાં નાળિયેરી, કાજુનાં ઝાડ ભણી વળતી હતી. એ દિશામાં તેણે ટોર્ચનો ઉજાસ ફેંક્યો. કેડીની બરાબર સામે ઊંચા ઓટલા પર એક આદમી હાથનું નેજવું કરીને આ દિશામાં જોઈ રહ્યો હોય તેમ તેને લાગ્યું.

તેણે તરત જ ઓસરીથી પોતાનું અંતર, ટોર્ચના અજવાળાની રેન્જ અને આસપાસની આડશોનો તદ્દન શાતિરપણે અંદાજ માંડી લીધો, પછી પોતે જ મનોમન હસી પડ્યો. હવે એ પણ રીઢા બંદૂકબાજની માફક રેન્જ અને ટાર્ગેટ, બેરિયર્સ અને પોઝિશનની ભાષામાં નૈસર્ગિક રીતે જ વિચારતો થઈ ગયો હતો.

'કૌન હૈ ભાઈ?' એ જરાક આગળ વધ્યો ત્યાં સામેથી સવાલ પુછાયો. અવાજમાં મુલાયમ રણકો હતો અને ટોનમાં સહજ કુતૂહલ હતું. એ કોઈ જઇફ આદમી હોવો જોઈએ.

'ઉધર હી આ રહા હૂં ભૈયા...' તેણે ફટાફટ મનમાં સ્ટોરી સેટ કરી લીધી અને ઉતાવળી ચાલે નજીક પહોંચીને એ આદમીના ચહેરા પર ટોર્ચનો ઉજાસ પસવાર્યો. તેણે કમર ફરતું પાતળું, સફેદ પનિયું વીંટાળ્યું હતું અને ખભા પર સોલાપુરી ચાદર ઓઢી હતી. વેરવિખેર દાઢી હેઠળ તેના ઘઉંવર્ણા ચહેરા પરની ઝુર્રીઓ અછતી રહેતી ન હતી. મેઘલી રાતે આ વેરાન વગડામાં અજાણ્યા આદમીને જોઈને એ આદમીની આંખોમાં સહજ કુતૂહલ સિવાય ડર, ખોફ કે આશંકાના કોઈ ભાવ ન હતા. લાંબા સમયે કોઈક સીધા-સાદા માણસને જોઈને અભિમન્યુને અજબ હાશ થઈ અને શર્ટની નીચે ગનના કુંદા સાથે યંત્રવત્ ભીંસાઈ ગયેલો તેનો હાથ

આપોઆપ નરમ પડ્યો.

'જૈ રામજી કી બાબા…' ક્યાંથી શરૂઆત કરવી તેની ગડમથલમાં તેણે છેવટે દેહાતી જયકાર કરી નાંખ્યો. પ્રતિભાવમાં જઇફે પણ હાથ ઊંચો કરીને ઊંઘરેટા અવાજે વળતો જવાબ આપ્યો પણ હજુ ય તેની આંખોમાં કુતૂહલ ઓલવાયું ન હતું.

'આત્મજ્યોતિ આશ્રમ યહી ન બાબા?' જવાબમાં એ માણસે ડોકું ધુણાવ્યું એટલે તેણે ફેફસાંમાં ઊંડો શ્વાસ ભરીને વાર્તા આગળ વધારી. તેને સંતોષકારક જવાબ આપ્યા વગર આરો ન હતો…

દસ મિનિટ પછી…

અભિની વાર્તા બરાબર કામ કરી ગઈ હતી. એ અને રાવી પત્રકાર છે, અહીં દરિયાકાંઠાની કશીક સ્ટોરી માટે આવ્યાં છે. ધંતૂરા જવા નીકળ્યાં હતાં પણ ખોટા રસ્તે ચડીને જંગલમાં અટવાઈ પડ્યાં. ગાડી બગડી એટલે ખાસ્સું અંધારું પણ ઘેરાઈ ગયું. છેવટે ત્યાંથી પસાર થતાં કેટલાક માણસોએ આ આશ્રમનો રસ્તો ચીંધ્યો એવી વાર્તા સામે એ માણસે ખાસ કોઈ સવાલ પણ ન કર્યા અને સહજ રીતે ગરદન હલાવીને સાંભળ્યા કર્યું. છેવટે તેમણે દીવાલ પરની ખીંટીએ લટકતા ચાવીઓના ઝૂડામાં હાથ ફંફોસીને એક ઝૂમખું ઊઠાવ્યું અને ઓસરીની પાછળના ભાગે એક કોટેજ જેવી ઓરડી ખોલી આપી. અભિ અને રાવી ગાડીમાંથી બીજો સામાન લઈને આવ્યાં ત્યાં સુધીમાં તેમણે ફાનસ પ્રગટાવીને દૂધના બે ગ્લાસ, પાણીનું એક માટલું અને પ્યાલો ય મૂકી દીધાં હતાં.

બાર બાય પંદરના ઓરડા જેવડા એ કોટેજ પર નાળિયેરીના પાનની છત મઢેલી હતી. ભોંય પર બે નાનકડી ચારપાઈ અને ખૂણામાં લાકડાનો નકશીદાર કબાટ પડ્યો હતો. અભિ અને રાવી આ અણધાર્યા મુકામની સહૂલિયતને હાશકારાના ભાવથી જોઈ રહ્યાં.

'સુબહ પ્રાર્થના કબ હોતી હૈ બાબા?' કોટેજનાં પગથિયાં ઊતરી રહેલા જઇફને અભિએ પૂછ્યું. આશ્રમ છે એટલે આવી પ્રાર્થના વગેરેમાં તો હાજરી આપવી જ પડશે એવી તેણે મનોમન ધારણા બાંધી લીધી હતી.

'કૌન સી પ્રાર્થના ભૈયા?' છેલ્લા પગથિયે અટકેલા એ વૃદ્ધે હસતાં ચહેરે કહ્યું, 'જો દિલ સે નિકલે વો પ્રાર્થના… ઔર વો તો હર ઘડી ચલતી હી રહતી હૈ… એમાં બધાએ ભેગા થઈને બરાડવાની શું જરૂર?' તેમણે રમતિયાળ સ્મિત વેર્યું, 'આરામ સે સો જાઓ… બહોત થકે હુએ લગતે હો. સુબહ બાત કરેંગે આરામ સે…'

તેમના અવાજમાં વહેતી બેફિકરાઈ અને બેપરવાઈ અભિ તાજુબીથી જોઈ રહ્યો ત્યારે એ પગથિયાં ઊતરીને ઓસરી ભણી આગળ વધતા ઝીણા અવાજે ગાઈ રહ્યા હતા…

મસ્જિદ ભીતર મુલ્લા બાંગ પુકારે, ક્યા તેરા સાહિબ બહેરા હૈ?

ચિઉંટી(કીડી) કે પગ નેવર(ઝાંઝર) બાજે, વો ભી સાહિબ સુનતા હૈ

ધીમી ધારે વરસતા વરસાદમાં કાળાડિબાંગ અંધારા વચ્ચે ટોર્ચ કે લાકડી કે એવી કશી ય સહાય વગર સહજ પગલે જઈ રહેલાં એ આદમીને અભિ ક્યાંય સુધી જોતો રહ્યો.

*

પોતાના સામાનમાંથી થોડાં બિસ્કિટ ખાધાં અને દૂધ પીધા પછી બેયના પેટમાં થોડું વજન થયું હતું. શરીરને પસ્ત કરી દેતી એકધારી દડમજલ અને મનને ચૂર-ચૂર કરી નાંખતા અજંપા તળે આખરે ઘણાં દિવસે સ્વચ્છ, નરમ અને હૂંફાળી બિછાત તેમને નસીબ થઈ હતી. રાવીને ખૂણાની ચારપાઈ પર સૂવાનું કહીને અભિએ કોટેજના બારણા પાસે બીજી ચારપાઈ ખસેડીને ત્યાં લંબાવ્યું.

બહાર વરસાદનું જોર વધ્યું હતું. કોટેજના છાપરા પર ઝીંકાતા છાંટાની તડતડાટીનો લય એકધારો ગુંજી રહ્યો હતો. ફાનસની ધ્રૂજતી વાટના પીળા પ્રકાશના થથરાટ તળે અભિ રાવીના તરડાયેલા ચહેરા પર ફરી વળેલી થકાનને ક્યાંય સુધી જોતો રહ્યો અને પછી તેની આંખ મીંચાઈ ગઈ.

તેની આંખ ઊઘડી ત્યારે કોટેજના બંધ કમાડમાંથી સવારનો ઉજાસ અંદર પ્રવેશી ચૂક્યો હતો. તેણે ઉંઘરેટી આંખે ઓશીકા નીચે હાથ ફંફોસીને ગન ચેક કરી. એકધારા શ્રમ અને પારાવાર તણાવથી શરીરના એક-એક સાંધામાંથી કડેડાટી બોલતી હતી. તે હળવેથી પડખું ફર્યો અને અધખૂલી આંખે રાવીની દિશામાં જોયું તો એ ચારપાઈ ખાલી હતી. યંત્રવત્ ચાર-પાંચ સેકન્ડ સુધી તાક્યા પછી એ સફાળો બેઠો થઈ ગયો. ચાદરના છેડા વડે આંખની ભીનાશ ઘસીને તેણે બારણું હડસેલ્યું એ સાથે વરસાદી ભીનાશ ઓઢીને આવેલી પવનની ઠંડી લહેરખી તેના ચહેરા પર મોરપીંછની નજાકતથી હાથ પસવારી ગઈ.

કોટેજની સામેના ખુલ્લા ચોગાનમાં સોપારી, કેળ અને નાળિયેરીના ઝાડ વચ્ચે ઝરમર વરસાદમાં હિલોળે ચડેલા જાસૂદ, પારિજાતકના છોડ, લાલચટ્ટાક ફૂલો પાછળ લપાઈને તીણા અવાજે કલશોર મચાવતા બપૈયા, જોશભેર હિલોળાઈને વહી જતા પવનને બાથ ભીડવા મથતાં કેળનાં પાનની આહ્લાદક ફફડાટી અને દૂર પરસાળ ભણી એક ટેકરી પર ચડીને બે ય હાથ હવામાં લહેરાવી ઊંચી ગરદને વરસાદની એક-એક બુંદને ચહેરા પર મઢવા મથતી રાવી…

અભિ ઘડીભર તાજુબીથી જોતો રહ્યો. રહેવર મંઝિલમાં એ અમસ્તો જ સુમરાને મળવા ગયો. બસ, એ પછી એકધારા તેની જિંદગીમાં ફૂંકાઈ રહેલા ઝંઝાવાતની થપાટ મોસમના આ ખુશનુમા કલ્લોલમાં વીસરાઈ જતી હતી. અભિને કોટેજના સાંકડા ઓટલા પર ઊભેલો જોઈને રાવીએ સ્મિત વેર્યું. તેના સ્મિતમાં અપાર તાજગી હતી. મનની હળવાશ અને શરીરની સ્ફૂર્તિ સ્મિત વાટે તેના ચહેરા પર ઝબકતી હતી. વેકરામાં ભરાયેલા આછા પાણીમાં છબ-છબ અવાજ કરતી એ કોટેજ ભણી આવી.

તેના ભરાવદાર શરીર સાથે ચસોચસ વીંટળાઈ વળેલા લોંગ ટોપમાંથી છલકાતાં સ્તનોનો તંગ ઉભાર, ભીંજાયેલા જિન્સ સાથે કસોકસ ચંપાઈ ગયેલા માંસલ નિતંબ, ચુસ્ત જાંઘો, લથબથ વાળમાંથી ટપકીને ગાલ પરથી વહી નકશીદાર ગરદનના વળાંકમાં અટવાઈ જતાં પાણીનાં બુંદ… પોતાને મંત્રમુગ્ધપણે જોઈ રહેલા અભિની આંખોમાં અંજાતી જતી બેહોશી પારખીને રાવી સભાન બની ગઈ.

'ઊંઘમાંથી ઊઠીને ગૂડ મોર્નિંગ કહેવાય… આમ બેશર્મીથી તાકી ન રહેવાય. કદી વરસાદમાં ન્હાતી છોકરી નથી જોઈ સાલા?' કોટેજના ઓટલા પર ચડીને તેણે મીઠો છણકો કર્યો, 'જા, સામે ડાબી બાજુ લેવેટરીઝ છે. ફ્રેશ થઈ જા… હું કોફી બનાવું છું…' રાવીના તાજગીભર્યા તેવરને આશ્ચર્યથી જોતા અભિએ વરસાદી ભીનાશનો ઉન્માદ કમને ફગાવીને રાવીએ ચીંધેલી દિશામાં કદમ ઉપાડ્યાં.

40 મિનિટ પછી…

સવારના સાડા નવ થયા હતા પરંતુ આશ્રમમાં ક્યાંય કોઈ ચહલપહલ જણાતી ન હતી. ફ્રેશ થયા પછી અભિ

ઓસરીમાં આંટો મારી આવ્યો હતો. ઓસરીમાં લાઇનબંધ ઓરડાના દરવાજા ઠાલા વાસેલા હતા. રાતવાળા બાબા કે બીજું કોઈ ક્યાંય જણાતું ન હતું. તેણે એક-બે હાક પણ મારી જોઈ. ફોર્ચ્યુનર પાર્ક કરી હતી એ દિશામાં પણ જોઈ આવ્યો. પર્વતના નૈસર્ગિક ઢોળાવ પર જંગલ કાપીને સમથળ કરેલી જગ્યા પર ખાસ્સા એવા વિસ્તારમાં આશ્રમ પથરાયેલો હતો. આમ તો આશ્રમનું પાટિયું કાઢી નાંખો તો પહેલી નજરે એ વાડી જ લાગે. સોપારી, નાળિયેરી, કેળનાં વૃક્ષોની હાર પાછળ દોઢ-બે વિઘામાં મકાઈનું વાવેતર હતું. ખેતરની બાજુમાં ચૂનિયા પથ્થરથી ચણેલા ફર્જામાં ચારેક ભેંશ આડી પડીને વાગોળતી હતી.

'આશ્રમમાં આપણા સિવાય બીજું કોઈ લાગતું નથી.' તેણે કોટેજમાં પ્રવેશતાંવેંત સાશંકપણે કહી નાંખ્યું.

'રાતવાળા બાબા સવારે બે-ચાર ગાયોને હાંકતા બહાર ગયા એ મેં જોયું. ગાયોના ભાંભરડાથી જ મારી ઊંઘ ઊડી...' રાવીએ સ્ટીલના ગ્લાસમાં કોફી રેડતાં કહ્યું, 'તું તો સાલા ટૂંટિયું વાળીને સૂતો જ રહ્યો...'

'આઈ થિન્ક...' ગરમ-ગરમ કોફીના બે મોટા ઘૂંટડા ગળા નીચે ઉતારીને અભિ ખાસ્સી તાજગી અનુભવતો હતો, 'બધું સમુંસૂતરું પાર પડે અને એ બાબા આપણને ચાર-પાંચ દિવસ અહીં રહેવા દે તો આપણે ફરીથી ધંતૂરાની દીવાદાંડીએ તલાશ કરવા જઈ શકીએ...'

'તું પાગલ થઈ ગયો છે? હવે કોઈ કાળે આપણે એ જગ્યાએ પરત જઈ શકવાના નથી. નોટ એટલિસ્ટ નાવ...' ઉશ્કેરાટમાં રાવીનો અવાજ વધારે ઊંચો થઈ જતાં અભિએ ચોંકીને ધીમેથી બોલવા હાથ વડે ઇશારત કરી નાંખી.

'કમઓન યાર, હું કંઈ આજે જ જવાનું નથી કહેતો પણ...'

'અરે ચાર-પાંચ દિવસ પછી પણ... સ્ટીલ ઇટ વૂડ બી ક્વાયેટ ડેન્જરસ. તું બિહોલાને શું ધારે છે? ત્યાંથી આપણે છટક્યા એટલે શું તે ઢગરો ખંખેરીને ઘરે જતો રહ્યો હશે? માઇન્ડ વેલ અભિમન્યુ રાવ, એ બિહોલા છે... મેજર બિહોલા... અત્યાર સુધીમાં તેણે આ આખો વિસ્તાર ઉલેચી નાંખ્યો હશે. સંતાવાનાં, આશ્રય લેવાનાં તમામ ઠેકાણાં, અહીં આવેલાં-ગયેલાં-રોકાયેલાં વાહનો, બહારના અજાણ્યા માણસો... એકેએક મુદ્દો એ ચેક કરતો હશે. ઝાડવે-ઝાડવે એ સાલો એવું નેટવર્ક ગોઠવશે કે પસીનાની ગંધથી ય એ આપણી હાજરી પારખી શકે...' રાવીના અવાજમાં રીતસર ખોફ વર્તાતો હતો.

'હેલ વિથ હિમ એન્ડ હિઝ એક્સલન્સ... એ એલેક્ઝાન્ડર ધ ગ્રેટનો બાપ હોય તો ય, વી વિલ હેવ ટૂ ફાઇન્ડ આઉટ સમ વે...'

'વે ફોર?'

'ફોર લાઇટહાઉસ વ્હેર વિરમ હેઝ ઇન્ડિકેટેડ યુ ટૂ ગો... પેશ્વાનો એ ખજાનો, જેના માટે આ આખું કમઠાણ સર્જાઈ ચૂક્યું છે...'

'નોઓઓઓ...' રાવીએ કોફીનો ખાલી થયેલો ગ્લાસ ઉશ્કેરાટભેર ભોંય પર ઠપકાર્યો, 'ફરગેટ એવરીથિંગ પ્લીઝ... ભાડમાં જાય લાઇટહાઉસ, ચૂલામાં પડે ખજાનો. મને હવે કશાયમાં રસ નથી. વી હેવ પેઇડ ઇનફ... મોર ધેન ઇનફ... આપણી જિંદગીનું બધું સૂકુન આપણે ગુમાવી દીધું, આ હીરા જેવો સુમરો ગુમાવી દીધો... ખબર નહિ, વિરમના હાલ કેવા હશે, એ ક્યારે ભાનમાં આવશે... બિલિવ મી અભિ...' તેણે અભિના હાથનો પંજો દબાવી દીધો. તેની આંખોમાં કદી ય ન જોવા મળતી હતાશા હતી... કાળીડિબાંગ હતાશા... 'મને હવે

કશાયમાં રસ નથી... વોન્ટ ટૂ લિવ ઓલ ધિઝ એન્ડ ડેસ્પરેટ ટૂ ગો અવે વ્હેર નો વન કેન ટ્રેસ અસ... અહીંથી નીકળીને આપણે પહેલું કામ વિરમનો પત્તો લગાવવાનું કરવાનું છે અને પછી કશેક નાસી છૂટવાનું છે, દૂર ક્યાંક... જ્યાં બિહોલાના હાથ ન પહોંચે... ધેટ્સ ઇટ...'

'ઓકેએએએ...' અભિએ કોફીનો છેલ્લો ઘૂંટડો એક શ્વાસે ગળા હેઠે ઉતાર્યો અને ઊંડો શ્વાસ છોડ્યો, 'ચાલ ઘડીભર તું કહે છે એ માની લઉં. આપણે વિરમને લઈને ક્યાંક નાસી જઈએ... બટ વિલ યુ પ્લીઝ ટેલ મી, એ ક્યાંક એટલે ક્યાં? મારે ગામ? ત્યાં તો આતંકવાદીનો બિલ્લો મઢેલા તારાં અને મારાં પોસ્ટર ફરતાં હશે. ચમોલી? ત્યાં બિહોલો આપણને જંપવા દેશે એમ તું ધારે છે? લિસન મી કેરફુલી, વી આર રનિંગ ઓવર વન-વે ટ્રેક... આર યા પાર... આપણી પાસે બીજો કોઈ વિકલ્પ છે જ નહિ...'

'બટ વી કાન્ટ, મૅન...' રાવીના ચહેરા પર છવાયેલી ઘેરી હતાશા તળે અપાર મૂંઝવણ તરવરતી હતી, 'હવે વિરમ ભાનમાં ન આવે ત્યાં સુધી કશું જ નહિ. આપણે ઓલમોસ્ટ લાઇટહાઉસ સુધી જઈ આવ્યાં. વિરમ હોવાની નિશાની જરૂર મળી પણ વિરમે સૂચવેલી ખજાનાની કોઈ કડી ત્યાં હોય તેમ લાગ્યું નથી. હવે ફરીથી ત્યાં આથડવા જઈએ એટલે ફરીથી એવું જ સ્ટ્રોન્ગ એન્કાઉન્ટર થવાનું. હવે તો સુમરો ય જતો રહ્યો, વિરમ ન હોવા બરાબર છે એન્ડ વી બોથ આર ડિસ્ક્લોઝ્ડ નાવ... એન્ડ આઈ નો બિહોલા, યાર...' રાવીની વિસ્ફારિત આંખોમાં બિહોલાની ધાક સ્પષ્ટ વંચાતી જોઈને અભિ ઘડીભર સ્તબ્ધ થઈ ગયો.

'સી...' અભિ તેની નજીક ખસ્યો. તેના કાંપતા ગાલ પર હથેળી મૂકીને તેના ભીના વાળમાં આંગળાં પરોવ્યાં અને તેની આંખમાં તાકીને ઉમેર્યું, 'વિરમ ભાનમાં આવે અને ફરી સજ્જ થાય એટલો સમય આપણે ક્યાંય પણ છુપાઈ શકીએ તેમ છીએ ખરાં? ધારો કે આપણે છુપાઈ શકીએ તો પણ વિરમને સારવાર માટે સુમરાએ સિસ્કોની મદદથી જ્યાં પણ મૂક્યો હશે એ ઠેકાણું બિહોલાથી લાંબો વખત છૂપું રહી શકશે ખરું? હું પણ કહું છું કે ખજાનો જાય ચૂલામાં પણ બિહોલા, સાહા વગેરે તમારી જે કંઈ મંડળી હતી તેની કૂંડળી ઊઘાડી પાડ્યા વગર આપણે ચેનથી જીવી શકીશું ખરાં? જરા સોચો માય ડિયર, બકરે કી અમ્મા આખિર કબ તક ખૈર મનાયેંગી?'

એક-એક સવાલથી રાવીની આંખોમાં ઓલવાતી હતાશા અને પ્રગટતી નવી મૂંઝવણ અભિ ધ્યાનપૂર્વક નીરખી રહ્યો, 'આખી જિંદગી તું ફરાર ગુનેગારની જેમ ભાગતી રહીશ? આખી જિંદગી હું, એક સીધો સાદો માણસ, આતંકવાદી હોવાનો ભાર વેંઢારતો મારો સમૂળો ભૂતકાળ ભૂંસીને ક્યાં ક્યાં ભાગતો ફરીશ?' અભિના અવાજમાં વ્યક્ત થતી પીડા રાવીની આંખોમાં સમભાવ બનીને ઝિલાતી હતી.

'અગેઇન આઈ રિપીટ...' રાવીના ગાલ પસવારી રહેલી અભિની હથેળી મક્કમતાપૂર્વક ભીંસાઈ, 'આર યા પાર... ઇઝ ધ ઓન્લી વે રિમેઇન્સ...'

'બટ હાઉ?' ભોંય પર ગ્લાસ ઠપકારવાથી ઊડેલા કોફીના છાંટામાં અન્યમનસ્કપણે આંગળી ઘૂમાવતાં રાવી તદ્દન ધીમા અવાજે બોલી. અભિ પાસે ય તેનો જવાબ ન હતો. ક્યાંય સુધી બંને નિઃશબ્દ બની રહ્યાં. બહાર વરસાદ ઓસર્યો હતો. કિનખાબ ઓઢીને દરિયાની દિશાએથી લસરતા વાદળોનું કોટેજના સાંકડા બારણામાંથી દેખાતું દૃશ્ય આંખને અજબ આરામ આપતું હતું.

'અભિ...' રાવીએ ચારપાઈની ઈંસને ટેકો દઈને અધૂકડા બેસતાં પગ લંબાવ્યા, 'રાજાવત આપણને કેમ બચાવતો હતો?' તને કંઈ સૂઝે છે?

'નો વે...' અભિએ ડોકું ધુણાવી નાંખ્યું, 'આઈ નો હિમ વેલ, તેનો હેતુ ન હોય તો એ તેની સગી માને ય બચાવે તેવો નથી.'

'ઈવન હી વોઝ ફાયરિંગ ઓન બિહોલા ટીમ... જો એ સાહાનો આદમી હતો તો એ કેમ તેના પર ફાયર કરતો હતો? કેમ તેણે કવર ફાયર આપીને આપણને સેઇફ પૅસેજ આપ્યો? કેમ એ મરતાં-મરતાં ય આપણી તરફ નાસી આવ્યો?'

'હમ્મ્મ્...' રાવીના તર્કથી અભિ વિચારમાં પડી ગયો. નીચલો હોઠ દાંત તળે દબાવીને તે ચકળવકળ આંખે મનોમન ગણતરીઓ માંડવા લાગ્યો. રાજાવત ખજાનાની ફિરાકમાં જ હોય એ તો દેખીતું છે પણ જો એ બિહોલા-સાહા સાથે ન હતો તો કેમ તેમની તરફ ફાયર કરતો હતો? સાહાની પડખે ટેકરી પાછળ લપાયેલા રાજિયા હરામીને તેણે બરાબર ઓળખ્યો હતો પણ એ તો બાવાપીરની દરગાહનો પત્તો લગાવ્યા પછી સુમરાએ જાણી જોઈને તેને છુટ્ટો મૂક્યો હતો કે જેથી એ સાહાને અહીં ખેંચી લાવે. રાજિયો સાહાની સાથે હોય એ તો બિલકુલ સુમરાના પ્લાન મુજબ જ હતું. પણ રાજાવત... એ અહીં હોય અને સાહાની સામે આટલા ઝનૂનથી ફાયરિંગ કરતો હોય... પોતાના જ તર્કથી મનોમન અટવાયેલો અભિ ઘડીક રાવીની સામે તો ઘડીક ભોંય પર અસ્વસ્થ આંખે તાકતો રહ્યો અને પછી સફાળો ઊભો થયો.

'રાજાવતનો સામાન ક્યાં છે?'

'આ રહ્યો પેલો મોટો હેવરસેક...' રાવીએ ચારપાઈની નીચે મૂકેલા સામાન ભણી આંગળી ચીંધી, 'તેની ગન અને કારટ્રિજના ડ્રમ્ઝ આપણે ગાડીમાં છુપાવ્યા છે.'

અભિએ કોટેજનું બારણું અધૂકડું વાસીને અધીરાઈપૂર્વક રાજાવતનો હેવરસેક ખેંચ્યો. અંદર પહેલા ખાનામાં બિસ્કિટનાં કેટલાંક પડીકાં, લિપ્ટનની કોફીબેગ, દૂધનો પાઉડર વગેરે હતાં. બહારના ઝિપ પોકેટમાં સ્પેનિશ નાઇફ, હથેળીમાં સમાઈ જાય એવડી ટચૂકડી ગન, કારટ્રિજનું નાનકડું બોક્સ, ટોર્ચ, મીણબત્તી, લાઇટર, દોરડા જેવો સામાન હતો. અંદરના બીજા ખાનામાં કાગળના કેટલાંક ફીંડલાં હતા. અભિએ સંભાળપૂર્વક એ ફીંડલાં ખોલ્યાં અને તેની આંખોમાં અચરજમિશ્રિત આઘાત ફરી વળ્યો.

એ ફીંડલામાં નકશો હતો, જે નકશો રાવીને વિરમે મેઇલ કર્યો હતો, જે નકશો હિંદવાણની ખાડીએથી પરત ફરતા અભિએ રાવીના મોબાઇલમાંથી તફડાવ્યો હતો. એ જ નકશાના એ-3 સાઇઝના એ કલર પ્રિન્ટઆઉટ હતા. રાવી પણ આઘાતભેર એ જોઈ રહી. અભિ હજુ ય ચૂપચાપ હેવરસેક ઊંધો-ચતો કરીને, અંદર હાથ ફંફોસી રહ્યો હતો. તેણે છેક અંદરના પોકેટની ઝિપ ખોલીને અંદરથી ત્રણ-ચાર મોબાઇલ કાઢ્યા. અંદર હજુ ય કેટલાંક સિમકાર્ડ હોય તેવું લાગતાં તેણે ફરીથી અંદર હાથ ઘાલ્યો પણ એ જ ઘડીએ થેલામાંથી કાઢીને સહજ રીતે જ પગ પાસે મૂકેલા મોબાઇલ જોઈને તેનાથી રાડ પડાઈ ગઈ..., 'હેઈ... આ તો મારો મોબાઇલ છે...'

અભિની રાડથી હચમચી ગયેલી રાવી કશું સમજે એ પહેલાં તો અભિએ તેની સામે મોબાઈલ ધરી દીધો, 'આ મારો મોબાઇલ છે... મટિયાવાડમાં હું મૂકી આવ્યો હતો એ...' મોબાઇલ હજુ ય ઓન હતો તેની નવાઈ તેણે વણબોલ્યે રાવીની સામે મોબાઇલનો સ્ક્રીન ધરીને વ્યક્ત કરી.

'ઇટ્સ સ્ટ્રેન્જ... તારો મોબાઇલ તેની પાસે હોય એ તો સમજાયું. મટિયાવાડના ઘેરામાં રાજાવતને એ મળ્યો અને મોબાઇલમાંથી નકશો મળ્યો પણ એ પછી છેક અહીં સુધી તેણે મોબાઇલ સ્વિચ્ડ ઓન કેમ રાખ્યો

હોય?' બંને ફરીથી અવઢવમાં એકમેકને તાકી રહ્યાં.

'એવું બની શકે કે એ આ મોબાઇલ પર આવતાં મારા માટેના ફોનકોલ્સ કે મૅસેજીસ ક્રોસચૅક કરીને કશીક કડી મેળવવા માંગતો હોય?'

'યસ્સ... ધેટ્સ ઇટ... એમ જ હોય. અધરવાઇસ, તારા સિમકાર્ડ સાથેનો મોબાઇલ ઓન રાખવાનું બીજું કોઈ કારણ નથી. ચેક ધ લોગ... કદાચ તેમાંથી...' રાવીનું વાક્ય પૂરું થાય એ પહેલાં અભિએ અધિરાઈપૂર્વક કોલ લોગ ચૅક કરવાનું શરૂ કરી દીધું હતું.

તેણે ગંભીર ચહેરે હવામાં તાકીને આંગળીના વેઢે કશીક ગણતરી માંડી. મટિયાવાડથી ભાગ્યે આજે છઠ્ઠો દિવસ હતો. તેણે ફરીથી કોલલોગની તારીખો ચૅક કરી. તે મટિયાવાડમાં આ મોબાઇલ ભૂલ્યો એ પછી એક પણ નંબર આ મોબાઇલમાંથી ડાયલ કે રિસીવ થયો ન હતો અને કુલ 36 મિસ્ડ કોલ્સ હતા. તેણે એ દરેક મિસ્ડકોલ ચૅક કરવા માંડ્યા. ત્રણેક ફોન નવયુગ ટાઇમ્સની તેની ઓફિસમાંથી હતા. છ-સાત ફોન તેના સાથી રિપોર્ટર્સના હતા. સાત-આઠ ફોન તેના ઘરેથી થયા હતા. કેટલાંક અનનોન નંબર્સ હતા અને સૌથી વધુ 14 મિસ્ડ કોલ્સ તેના દોસ્ત પ્રશાંત ઘેલાણીના હતા.

'પ્રશાંત ઘેલાણી કોણ છે?' અભિના ખભા પર ઝળૂંબીને મિસ્ડ કોલ્સની હારમાં એકધારું પ્રશાંતનું નામ વાંચીને રાવીએ સહજ કૌતુકથી પૂછ્યું.

'એ આઈટી એક્સ્પર્ટ છે. હી ઇઝ અ જેમ ઓફ સિસ્ટમ હેકર્સ. મારો દોસ્ત છે. મારે જ્યારે સોફ્ટવેર, કમ્પ્યૂટર કે મોબાઇલ રિલેટેડ કન્ફ્યૂઝન્સ હોય ત્યારે હું તેને પૂછતો હોઉં છું. તારા મોબાઇલમાંથી પાસવર્ડ પ્રોટેક્ટેડ ફોલ્ડર તફડાવ્યા પછી પાસવર્ડ ક્રેક કરવા માટે મેં તેને જ ઈ-મેઇલ વડે એ ફોલ્ડર મોકલ્યું હતું.'

પ્રશાંતે આટલા બધા ફોન કેમ કર્યા હશે? તેના એક પણ ફોન રિસીવ તો થયા નથી. અભિએ ફરીથી કોલ લોગ ચૅક કર્યો. મટિયાવાડના ઘેરામાંથી તેઓ છટક્યા એ જ રાતે દોઢેક કલાકના સમયગાળામાં પ્રશાંતે કુલ 8 કોલ કર્યા હતા અને બીજા દિવસે સવારના 6થી સવા સાત સુધીમાં બીજા 6 કોલ હતા. એ પછી તેનો એકેય કોલ ન હતો. તેનો મતલબ શું સમજવો?

અકળાયેલો અભિ ઊભો થયો. તેણે હાથ વડે રાવીને ત્યાં જ બેસવા ઇશારો કર્યો અને મોબાઇલના સ્ક્રીનને તાકતો વિચારમગ્ન દશામાં તે કોટેજની બહાર નીકળ્યો. શક્ય છે કે પ્રશાંતને મટિયાવાડના ફાયરિંગમાં પોતે સંડોવાયેલો હોય એ ખબર પડી હોય એટલે ખરાઈ કરવા તેણે ફોન કર્યા હોય. ઓકે... ઓકે... તેણે મનમાં ચાલતા વિચારને વશ થઈને ડોકું ધુણાવી દીધું. પણ તો પછી બીજા દિવસે સવા સાત વાગ્યા પછી કેમ તેનો એકેય ફોન નથી? તો શું એ પછી રાજાવતે તેની પૂછપરછ કરી હશે? રાજાવતનું ઇન્ટ્રોગેશન કેવું હોય એ તે સમજી શકે તેમ હતો. તો રાજાવતે તેને શું પૂછ્યું હશે?

અભિ તેની આદતવશ હવામાં લીટા તાણીને વિકલ્પો ઊભા કરતો, ચકાસતો, ભૂંસતો એકધારી એકાગ્ર તંદ્રા હેઠળ કોટેજની પાછળની કેડી પર ચાલતો છેક આશ્રમના દરવાજાની બહાર નીકળી ગયો. બહાર થંભી ગયેલા વરસાદ પછી ઝાડ પરથી દદડતા પાણીના ટપકારા સિવાય સર્વત્ર નર્યો સન્નાટો પથરાયેલો હતો. ગઈ રાત્રે બિહામણું લાગતું જંગલ અત્યારે વાદળો પાછળ ઢંકાયેલા સૂરજના આછેરા અજવાસ તળે લીલુંછમ, સોહામણું લાગતું હતું.

ખાસ્સી અવઢવ પછી ખુલ્લી, તાજી, ભીની હવા ફેફસાંમાં ભરીને અભિએ છેવટે પ્રશાંતને નંબર ડાયલ કર્યો.

રિંગ જતી હતી એ એક-એક ક્ષણે તેના ધબકારા છાતી ફાડીને બહાર આવવા મથતા હતા.

'હેલ્લો...' સામા છેડેથી તદ્દન દબાયેલો, ડઘાયેલો, ડરેલો અવાજ આવ્યો. એ પ્રશાંત જ હતો.

'હાય પ્રશાંત, હાવ આર યુ ડૂડ?' તેણે અવાજમાં શક્ય તેટલો પૂર્વવત્ ઉમળકો ભરીને કહ્યું.

સામેથી પહેલાં તો ગાળોની ઝડીઓ વરસી અને પછી કાકલૂદીભર્યા સ્વરે પ્રશાંતે કહ્યું, 'તું જે હોય એ યાર, બટ ફોર ગોડ સેઇક પ્લીઝ સ્પેર મી... ડોન્ટ કોલ મી એનિમોર...'

'હેઈ! આ તું શું બકે છે યાર? સ્પેર મી મીન્સ વોટ? અને હું જે હોઉં એટલે?' અભિ તેનો ખોફ હવે સમજી તો શકતો હતો પણ તેણે કોઈ પણ રીતે સિફતપૂર્વક વાત કઢાવવાની હતી.

'સી, તેં મને પેલું ફોલ્ડર ક્રેક કરવા આપ્યું તેના પછી તરત તું આતંકવાદી સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળ્યું. મટિયાવાડમાં સોલિડ એન્કાઉન્ટર થયું અને તેમાં તું પણ હતો એ મને ખબર પડી એ પછી હું સખત ફફડી ગયો હતો. નો, નોટ ફોર યુ... યુ આર અ બ્લડી હોરિબલ ટૅરરિસ્ટ... આઈ નો... રાધર આઈ એમ શ્યોર નાવ... બટ, તેં છેલ્લો ફોન મને કર્યો હતો. તેં મને ઈ-મેઇલ કર્યો હતો અને પેલો મિસ્ટિરિયસ, એન્ક્રિપ્ટેડ મેપ તેં મને મોકલ્યો હતો એટલે હું સખત ડરતો હતો. મેં સતત તને ફોન કર્યા. એ એક પણ ફોન રિસીવ ન થયો પણ બીજા દિવસે સવારના પહોરમાં પોલીસે મને ઊઠાવી લીધો. લગભગ આખો દિવસ ક્રાઇમબ્રાન્ચમાં મારી મરમ્મત થઈ. એ વખતે તારા બીજા ય કેટલાક દોસ્તોને ત્યાં ઇન્ટ્રોગેશન માટે બોલાવ્યા હતા. એમાંથી કેટલાંકે આપણી સ્કૂલ ટાઇમની ફ્રેન્ડશિપ હોવાનું કહ્યું. મારી ઓફિસ અને ઘરની તલાશીમાં આપણા સ્કૂલ પિકનિકના ફોટા પણ મેં એમને બતાવ્યા ત્યારે માંડ હું છૂટ્યો. એ પછી ય મારા પર વોચ ચાલુ હતી. કદાચ હજુ ય હશે.'

અભિ સ્તબ્ધપણે પ્રશાંતની કેફિયત સાંભળતો રહ્યો. તેની ગેરહાજરીમાં તેની આસપાસની દુનિયામાં તેના વિશે કેટલી ભયાનક ગેરસમજ પ્રવર્તી રહી છે, એ કેટલી હદે ખરડાઈ ચૂક્યો છે તેના અહેસાસથી તેનું હૈયું થથરવા લાગ્યું હતું.

'બટ બિલિવ મી ડૂડ, હું કોઈ ટૅરરિસ્ટ નથી. ઇટ્સ ઓલ અ...'

'અરે ભાડમાં જા સાલા...' પ્રશાંતે ઉગ્રતાપૂર્વક તેનું વાક્ય કાપી નાંખ્યું, 'ડોન્ટ મેઇક મી ફૂલ... તું આતંકવાદી છે, પોલીસ પર ફાયરિંગ કરે છે એ જાણ્યા પછી મેં તેં મોકલેલું ફોલ્ડર રિ-ચેક કર્યું છે. આઈ નો નાવ... આઈ સેઇડ, આઈ એમ શ્યોર, યુ આર ટૅરરિસ્ટ... એ વગર તારે આવા એન્ક્રિપ્ટેડ મેપ મોકલવાની કે મેળવવાની શું જરૂર પડે?'

'એન્ક્રિપ્ટેડ મેપ?' પ્રશાંત એકધારો બોલતો હતો પણ અભિના મગજમાં ઘમસાણ મચ્યું હતું. 'તું ક્યા મેપની વાત કરે છે યાર? મેં તો તને એક નકશો મૂકેલું ફોલ્ડર ક્રેક કરવા આપ્યું હતું. ધેટ્સ ઇટ...'

'ધેટ્સ ઇટ ઓન્લી? સાલા લબાડ, મને બેવકૂફ બનાવે છે? હજુ ય મને ગધેડો સમજે છે?' સામા છેડેથી પ્રશાંત રોષભેર તાડુકી રહ્યો હતો, 'એ શું ફક્ત સાદો નકશો હતો? નકશાની દેખીતી પિક્ચર ઇમેજની પાછળ મૅસેજ લખાયેલો હતો એ મેં વાંચ્યો છે બેવકૂફ... તું ગધેડા જેવો રિપોર્ટર છે, હું તો આવા કંઈક કબાડા જાણું છું. એ એન્ક્રિપ્ટેડ મેપ હોવાની મને શંકા ગઈ અને તું આતંકવાદી છે એવી ખબર પડી એટલે તરત મેં એ દેખીતી પિક્ચર ઇમેજને એન્કોડ કરી તો પિક્ચર ઇમેજની પાછળ હિડન ટૅક્સ્ટ મૅસેજ હતો. કશોક પેશ્વાનો

ટ્રેઝર, કોઈક મેજર બિહોલા, હોમ મિનિસ્ટર સાહાના ઉલ્લેખ હતા અને કોઈક લાઇટહાઉસ...'

પ્રશાંત બોલ્યે જતો હતો... બોલ્યે જ જતો હતો અને અભિના કાનમાં ભમરાના ગુંજારવ જેવા અવાજો થતા હતા. તેની આંખો ફાટી ગઈ હતી. પગ પાણી-પાણી થઈ ગયા હતા અને મોબાઇલ કાન પર ટેકવેલો હાથ થરથર ધ્રૂજી રહ્યો હતો. તેણે વિસ્ફારિત આંખે પોતે ઊભો હતો એ દરવાજા પરના કમાન આકારના પાટિયા ભણી જોયું.

એક મોટા દીવડાંનું વર્તુળ, તેની અંદર બીજા દીવડાનું નાનું વર્તુળ અને તેની અંદર ત્રીજા દીવડાનું એથી પણ નાનું વર્તુળ એમ ત્રણ કૂંડાળા વચ્ચે જ્યોત ઝબકતી હતી અને બાજુમાં લખ્યું હતું, આત્મજ્યોતિ આશ્રમ.

વિરમે રાવીને મોકલેલા જૂતાંના તળિયા પાછળ એકની અંદર બીજું, બીજાની અંદર ત્રીજું એમ ત્રણ વર્તુળ દોર્યાં હતાં અને લખ્યું હતું, લાઇટહાઉસમાં જા.

અભિના પગમાં હજારો કીડીઓના ચટકા જેવો ઉન્માદ ઊભરાતો હતો. એ બરાબર ત્યાં જ ઊભો હતો, જ્યાં જવાનું વિરમે રાવીને કહ્યું હતું.

એ જ વિરમે સૂચવેલું લાઇટહાઉસ હતું.

* * *

~

ધંતૂરાની દીવાદાંડીને અડીને આવેલો આત્મજ્યોતિ આશ્રમ એ જ વિરમનું લાઈટહાઉસ હતું??

રાવી સ્તબ્ધપણે અભિને સાંભળતી રહી. અભિના ચહેરા પર અપાર પ્રસન્નતા, વિસ્ફારિત આંખોમાં પ્રચંડ આશ્ચર્ય અને રૂંવેરૂંવે રોમાંચનો ઝલઝલો વહી નીકળ્યો હતો.

પહેલી નજરે દેખાતી તસવીરના પિક્સેલ્સ હેઠળ સોફ્ટવેરની મદદથી ટૅક્સ્ટ મૅસેજ છુપાવવાની આવી તરકીબ અલ-કાયદાએ 9-11ના વર્લ્ડટ્રેડ સેન્ટરના હુમલા વખતે અજમાવી હોવાનું અભિએ ક્યાંક વાંચ્યું હતું. વિમાનોના ટાઇમિંગ્સથી માંડીને ટાર્ગેટ લોકેશન્સ અને સીટ નંબર સહિતની વિગતો તેમણે નરી આંખે દેખાતી તસવીરની પાછળ ટૅક્સ્ટ મૅસેજ તરીકે છુપાવીને પરસ્પરને મોકલી હતી અને એ રીતે મહાશક્તિમાન અમેરિકાની મૂછેથી લીંબુ ઉતારી નાંખ્યા હતા. એ જ તરકીબ વિરમે વાપરી હતી.

પ્રશાંતે અજાણતાં જ ઘટસ્ફોટ કરી નાંખ્યો એ પછી અભિની આંખો આડેથી હવે તમામ અવઢવનાં અંધારાં ઉલેચાઈ ગયાં હતાં પણ અભિને સાંભળીને રાવી રીતસરની ડઘાઈ ગઈ હતી.

ઘડીક તેણે રાજાવતના થેલામાંથી નીકળેલા નકશાના પ્રિન્ટ આઉટ ભણી તાક્યા કર્યું, ફરીથી સવાલિયા નજરે અભિમન્યુની સામે જોયું, પોતાના મોબાઇલમાં સેવ કરેલા ભદૌરિયાના એ જૂતાની તસવીરો જોઈ અને એ દોડતી બહાર ભાગી. અભિ તેનો ઉન્માદ સમજી શકતો હતો. સૂતરના તાંતણે લટકીને તેમણે આખરે અઢળક સવાલોની ખાઈનો પહેલો પડાવ મેળવ્યો હતો. આશ્રમના પાટિયા ભણી રાવીએ ક્યાંય સુધી ફાટી આંખે જોયા કર્યું.

ભદૌરિયાના જૂતાના તળિયાની નીચે વિરમે એકની અંદર બીજું એવાં ત્રણ કૂંડાળા દોર્યાં હતાં અને પાટિયા પર પણ એકમેકમાં પરોવાયેલા ત્રણ દીવડા વચ્ચે જ્યોત જલતી હતી. રાવીના ચહેરા પર ભયાનક અસમંજસ ઝબકતી હતી. 'તું મજાક તો નથી કરતો ને?' એવા ભાવ સાથે તેણે અભિની સામે જોયું. તેની આંખોમાં કાંઠે આવ્યા પછી ય સમંદરની એકધારી તોફાની લહેરોનો હેવા (ધરાર પડેલી આદત) ન છોડી શકતાં વહાણનો હલબલાટ હતો.

અભિએ ખુશખુશાલ ચહેરે તેને ખભામાંથી પકડી, 'યસ ડિયર, પ્રશાંતે સ્પષ્ટ કહ્યું છે. સાંભળી જો...' પ્રશાંતે ફોનમાં બીજી વાર એન્ક્રિપ્ટેડ મેપ અને ટૅક્સ્ટ વિશે કહ્યું પછી અભિએ 'તું જુઠ્ઠું બોલે છે' એમ કહીને તેને ઉશ્કેર્યો હતો એટલે છંછેડાયેલો પ્રશાંત ત્રીજી વખત એ ટૅક્સ્ટ મૅસેજ વાંચી ગયો ત્યારે અભિએ મોબાઇલનું રેકોર્ડિંગ ઓન કરી દીધું હતું.

આશ્રમના પાટિયા પાસે ઢાળ પરથી વહી જતા નિર્મ મૅસેજનો એક-એક શબ્દ તારા ભેદી કબાડા ઇન્ડિકેટ કરે છે. કાન ખોલીને સાંભળી લે... તેમાં લખ્યું છે, બધું જ ખતમ થઈ ચૂક્યું છે. મેજર બિહોલા કે હોમ મિનિસ્ટર સાહાનો પડછાયો પણ ન લઈશ. હોલ ધ અર્થ હેઝ બીન ફાયર્ડ બટ ધેર ઇઝ ઓન્લી વન સેઈફ વે ફોર યુ. કોંકણની છેક દક્ષિણે ગોવાની સરહદે બરખોળ ગામ છે. ત્યાંથી 18 કિલોમીટર દૂર દરિયાની દિશાએ ધંતૂરાની દીવાદાંડી પાસે આત્મજ્યોતિ આશ્રમમાં જા. ત્યાં બાબાજીને મળજે. ભ્રમણાના વમળમાં ફંગોળાતી મારી જિંદગીમાં એ આશ્રમ અને એ બાબાજીએ લાઇટહાઉસ બનીને અંતિમ સત્યનો ઉજાસ વેર્યો છે. આ નકશો તને પેશ્વાના ખજાના સુધી લઈ જશે અને બાબાજી આ નકશા સુધી દોરી જશે. કદાચ હું કાલે ન હોઉં...

કદાચ હોઉં પણ ખરો... પણ તારે રહેવાનું છે... ખુલ્લી આંખે આપણે જોયેલા ખ્વાબને ખાતર... પ્લીઝ ટેઇક કેર એન્ડ કીપ સ્માઇલિંગ...'

એ પછી ય ટેપમાં પ્રશાંત બેફામ ગાળો સાથે અભિને સંબોધીને કશુંક બોલતો રહ્યો હતો પણ રાવી અભિને વીંટળાઈને ધ્રૂસકે-ધ્રૂસકે રડી રહી હતી. તેનાં ફેફસાંમાંથી ગળા ભણી ધકેલાતા એક-એક હીબકામાં વિરમની તેના પ્રત્યેની લાગણીનો અહેસાસ વહેતો હતો. એકલાપણાની ભીંસમાં આથડ્યા પછી, લોહીઝાણ થયા પછી પરોક્ષ રીતે તેને સાંપડેલા વિરમના લાગણીભીના શબ્દો તેને અજબ સુકૂન આપતા હતા.

છાતીમાં ભીંસાયેલા રાવીના માથા પર હાથ ફેરવતો અભિ મૌનપણે ઋણાનુબંધનું આ ઉખાણું ઉકેલવા મથતો રહ્યો.

—એ જ ઘડીએ જંગલની પગદંડીઓમાં ગાયોના ગળે બાંધેલી ઘંટડીઓનો મંજુલ રણકાર ગુંજી રહ્યો હતો.

*

'રાત પી ઝમઝમ પે મય ઔર સુબ્હદમ... ધોયે ધબ્બે જામ-એ-અહેરામ કે' આટલું કહીને એ ખડખડ હસી પડ્યા. ચહેરા પર અજીબ બેફિકરાઈ, આંખોમાં અપાર શાતા, અવાજમાં ગરજતા વાદળ જેવો ઘેરો ખરજ અને જરાક અમથી વાતમાં વેરાતા મુક્ત હાસ્યમાં વ્યક્ત થતી સહજતા... રાવી અહોભાવથી અને અભિ અવઢવથી એમને જોઈ રહ્યાં.

આત્મજ્યોતિ આશ્રમમાં જઈને બાબાજીને મળજે એવું વિરમે તો કહ્યું પણ વિરમે બાબાજીને શું કહ્યું હશે તેની ગડમથલમાં ખાસ્સી વાર સુધી અટવાયા પછી બંને ગાયોને હાંકતા આવતા એ જઇફને જોઈ રહ્યા.

'જૈ રામજી કી...' અભિએ રાતનું જ અભિવાદન આગળ ધપાવતાં હળવેથી ઉમેરી દીધું, 'બાબાજી...' અહીં બીજું તો કોઈ વર્તાતું ન હતું એટલે કદાચ આ જ માણસ વિરમે કહેલો બાબાજી હોય અથવા ન પણ હોય.

'જૈ રામજી કી બેટે, નીંદ ઠીક સે હુઈ ના?' તેમણે ત્રણે ય ગાયોને દરવાજાની અંદર લીધી.

'આશ્રમ મેં યે ઇતની બડી કમાન હૈ બાબાજી, લેકિન યહાં દરવાજા તો હૈ હી નહિ...' અભિએ તેના રિપોર્ટર જીવને છાજે એ રીતે વાત માંડી.

'કાહે કા દરવાજા ભાઈ?' આશ્રમમાં પ્રવેશેલી ગાયો ટેવવશ સીધી ગમાણની દિશા ભણી દોરાઈ ગઈ એટલે તેમણે નાળિયેરીના થડ પાસેની કુંડીમાં છાલક મારીને હાથપગ પખાળ્યા અને અભિ સામે આંખ માંડી, 'મૈં તો આદમી-આદમી કે બિચ કા દરવાજા હી મિટાને કો કહેતા હૂં... તો ફિર યહાં દરવાજા ક્યૂં રખ્ખું?'

'હાં વો તો હૈ લેકિન જાનવર વગૈરહ કે લિયે...'

'જાનવર કે લિયે ભી દરવાજા ક્યૂં?' તેમની આંખોમાં શરારતી ગમ્મત હતી, 'કભી સોચો, જાનવર ભી અપને ઘર મેં દરવાજા રખને લગે તો ક્યા આજ આપ ઔર મૈં યહાં ઇસ જંગલ મેં હોતે?'

તેમની ભાષા સાફ હતી પણ તેમાં ઉત્તર ભારતીય ઉચ્ચારની સલૂકાઈ કે મરાઠી લઢણ ન હતી. એ આદમી ક્યાંનો હશે? અભિએ મનોમન નોંધ લેવાનું શરૂ કરી દીધું.

'ઔર ઈસ જગહ કો આશ્રમ તો લોગ કહતે હૈ, મૈં નહીં કહેતા...' તેમણે ઓસરીની થાંભલી સાથે બાંધેલા

ગમછાથી હાથ લૂછતાં બંનેને નેતરની સાદડી પર બેસવા ઇશારો કર્યો, 'મારે મન તો આ જગ્યા ફક્ત આત્મજ્યોતિ છે...'

'હા... અમને પણ નામ ગમ્યું.' અભિએ રાવીની સામે જોઈને હળવું સ્મિત વેર્યું. એ ઝડપભેર મૂળ વાત પર આવવા માંગતો હતો પણ રાવી હજુ ય અચંબામાંથી બહાર આવી ન હતી.

'વો પહાડી કે પીછે જો દિખ રહી હૈ ન...' બાબાજીએ ડાબી દિશાએ ક્ષિતિજ ભણી આંગળી તાકી, 'ત્યાં દીવાદાંડી છે... વહાણને ખડકાળ કાંઠાના જોખમથી છેટા રાખવાનું એનું કામ. આ આત્મજ્યોતિ છે... ખરાબે ચઢેલી જિંદગીની દીવાદાંડી...' આટલું કહીને એ આદતવશ ખડખડ હસી પડ્યા પણ અભિ અને રાવી લાઇટહાઉસના ઉલ્લેખમાત્રથી સ્તબ્ધ થઈ ગયાં. વિરમે કહેલા બાબાજી આ જ હતા તેની તેમને ખાતરી થઈ ચૂકી હતી.

છેવટે અભિએ રાવીને વાત માંડવા ઇશારત કરી હતી. નાછૂટકે રાવીએ ગળું ખોંખાર્યું, થાંભલીને ટેકે જરાક નિરાંત સાથે એ બેઠી અને ફેફસાંમાં શ્વાસ ભરીને કહી દીધું, 'બાબાજી, મૈં હી વો રાવી જામવાલ હું, જિસકે લિયે શાયદ વિરમને આપકો કુછ કહા હોગા...'

એ પછી લગભગ એક કલાક સુધી રાવી કહેતી રહી. વચ્ચેવચ્ચે બાબાજીને જરૂર લાગી ત્યાં સવાલો કરતા રહ્યા, રાવી જવાબો આપતી રહી. અભિ ધ્યાનપૂર્વક બાબાજીના હાવભાવ નીરખી રહ્યો હતો. તેમણે એક પણ વાર શંકા જતાવી ન હતી અને છતાં પોતે વિરમને ઓળખે છે, વિરમ અહીં હતો કે તેણે રાવી વિશે તેમને કહ્યું છે એવો એકપણ વખત જરાક પણ ફોડ પાડ્યો ન હતો.

દરમિયાન, તેમણે અંદરના ઓરડામાં જઈને શાકભાજીનો ટોપલો વચ્ચે મૂક્યો અને એક થાળીમાં ચપ્પુ મૂકી અભિની સામે સ્મિતભેર ઇશારો કર્યો. એમનું સ્મિત ગજબનું પારદર્શી હતું, જાણે દાયકાઓથી તેમની વચ્ચે ગાઢ સંબંધ હોય. અભિ ચૂપચાપ શાક સમારતો રહ્યો. બાબાજી રાવીની કેફિયત સાંભળતાં-સાંભળતાં રસોઈની તૈયારી કરતા ગયા.

વિરમની બેહોશી અને મગજમાં થયેલી ઈજાની વાત સાંભળીને તેમના ચહેરા પર ક્ષણાર્ધ માટે પથરાઈને તરત અલોપ થઈ ગયેલા વિષાદનું ઘેરાપણું અભિએ બરાબર નોંધ્યું.

જમ્યા પછી છેવટે તેમણે કહ્યું, 'સામે જાસૂદના છોડની પાછળ કુટિર દેખાય છે...?' તેમણે ઓસરીની જમણે જાસૂદ, કરેણ અને પારિજાતના છોડની પાછળ દેખાતા કોટેજ ભણી આંગળી ચીંધી, 'વિરમ ત્યાં રહેતો હતો...' પછી ભીંતના ટેકે પીઠ ટેકવીને તેમણે પગ લંબાવ્યા અને ઊંડો નિઃશ્વાસ છોડ્યો, 'યહાં આને સે પહેલે વો કુછ દિન ઝિયાપીર કી દરગાહ પર ઠહરા થા... બહોત થકા સા થા... મુજ સે બાત તક નહિ કરતા થા... આખો દિવસ અહીં ઓટલા પર બેઠો રહે... તેની આંખોમાં બેહદ ખાલીપો હતો.'

'પણ કેમ? આઈ નો હિમ... હી વોઝ ફૂલ ઓફ લાઇફ...' રાવીએ અજંપાભેર પૂછી નાંખ્યું, 'પેશ્વાના ખજાનાની શોધમાં એ નીકળ્યો ત્યાં સુધી તેને એવું કશું જ ન હતું. એ પછી તે અંડરગ્રાઉન્ડ થઈ ગયો. અમારી વચ્ચેનો સંપર્ક પણ કપાઈ ગયો. એ દરમિયાન એવું શું થઈ ગયું કે એ બિહોલા-સાહાથી વિરુદ્ધ થઈ ગયો અને બિહોલા-સાહા તેને મારવા બેચેન બની ગયા? ઇટ્સ સ્ટ્રેન્જ બાબાજી, આઈ નો હાવ મચ હી વોઝ સ્ટ્રોન્ગ ઇન હિઝ બિલિફ એન્ડ ડિવોટેડ ટૂ હિઝ આઇડિયોલોજી.'

'બટ આઈ નો હાવ મચ હી વોઝ સોફ્ટ બાય હાર્ટ એન્ડ હાવ મચ હિઝ ઈમોશન્સ વોઝ પેઇનિંગ હિમ...'

રાવી આદતવશ અંગ્રેજીમાં ઝાડી રહી હતી ત્યારે જ તેને રોકવાનું અભિને મન થતું હતું પણ જવાબમાં બાબાજીએ ફાંકડું અંગ્રેજી પરખાવ્યું એથી અભિ મહામહેનતે ય ચહેરા પરથી તાજુબીનું ઓઢણું ફગાવી ન શક્યો.

'બટ આઈ હેવન્ટ સીન હીમ ક્રાઇંગ ધેટ વે... ઓહ કમઓન અભિ, ટેલ હિમ, ઇટ ફિલ્સ ઈવન પેથેટિક ટૂ થિન્ક અબાઉટ હિમ બીઈંગ સો ઇમોશનલ... તે કેમ આટલો થાકેલો કે હતાશ હતો?'

'રાત પી ઝમઝમ પે મય ઔર સુબ્હદમ... ધોયે ધબ્બે જામ-એ-અહેરામ કે' આટલું કહીને એ ખડખડ હસી પડ્યા પછી અભિની સામે જોઈને કહ્યું, 'તુમને તો ગાલિબ પઢા હોગા...'

રાવીને ભારે અકળામણ થતી હતી. તેના કુમાશભર્યા ચહેરા પર તરી આવેલો સવાલ સ્પષ્ટ વંચાતો હતો, આમાં ગાલિબ ક્યાં આવ્યો યાર?

'રાત પી ઝમઝમ પે મય... પવિત્ર કાબાશરીફનો કૂવો ઝમઝમ... તેના કાંઠે બેસીને જ રાત્રે ભરચક શરાબ ઢીંચ્યો હતો... પછી સવારે હોશમાં આવ્યા ત્યારે ખબર પડી કે કાબાશરીફની પરિક્રમા માટે પહેરેલા પવિત્ર ઝભ્ભા અહેરામ પર જ શરાબના ડાઘ પડ્યા છે... એટલે પછી રાતની મહેફિલનો પસ્તાવો કરીને ધોવા બેઠા...' બાબાજી ઘડીભર રાવીની સામે સ્મિતભેર જોઈ રહ્યા, 'તું જેને વિરમની બિલિફ અને આઈડિયોલોજી કહે છે ને, એ રાત્રે પીધેલી શરાબનો ખુમાર હતો...' તેમણે ધીરેથી પગ સંકોર્યા, હાથની અદબ ભીડી અને પછી વાક્ય પૂરું કર્યું, '...ઔર વો જબ યહાં આયા તબ ઉસકી સુબહ હો ચૂકી થી.'

રાવી હજુ ય અસમંજસમાં હતી પણ અભિના મોંમાંથી ડચકારો નીકળી ગયો. ગજબ છે આ માણસ... કાલે રાત્રે 'ચીંઉટી કે પગ નેવર બાજે' કહીને કબીર પઢતો હતો અને અત્યારે ગાલિબ. બધું જ તદ્દન સહજ... તદ્દન નૈસર્ગિક. કોણ હતો આ બાબાજી? અહીં આ ભેંકાર ડરામણા વગડામાં ક્યાંથી આવ્યો? શું કરતો હતો અહીં? અભિના દિમાગમાં વિરમના ઉખાણાની સમાંતરે જાતભાતના સવાલો ઊગવા માંડ્યા હતા.

'મુઝે બતાઓ બિટિયા...' રાવી હજુ ય અવઢવમાં છે એ સમજ્યા પછી તેમણે પૂછ્યું, 'તુમ લોગ યે સબ કિસ કે લિયે કર રહે થે? તમે બંદૂક ચલાવી, બોમ્બ ફોડ્યા, હત્યાઓ ય કરી અને કરાવી, છેવટે ખજાનો શોધવા નીકળ્યા... આખરે એ બધું કમઠાણ શેના માટે?'

'કોના માટે મતલબ? અરે દેશ માટે... અમે બધા જ વેલ સેટલ્ડ હતા. વી ઓલ હેવ અવર ઓન એસ્ટાબ્લિશમેન્ટસ... માય ફાધર એઝ વેલ એઝ મેજર બિહોલા વોઝ હેવિંગ હાઈ રેન્ક ઇન આર્મી... વિરમ વોઝ અ રેપ્યુટેડ પોલીસ ઓફિસર... દયાલ સાહા ટોચનો પોલિટિશિયન હતો... અમારે ક્યાં અમારા પોતાના માટે આવું કંઈ કરવાની જરૂર જ હતી? વોટએવર વી હેવ ડન... અમે એ દેશ માટે કર્યું છે...'

રાવી શ્વાસભેર ગૌરવપૂર્વક બોલી ગઈ પણ તરત જ બીજો સવાલ ફેંકાયો, 'કયા દેશ માટે?'

હવે રાવીના ચહેરા પર નવી અવઢવ હતી, 'દેશ મતલબ...' તેણે અભિની સામે ઘડીક જોયું, 'દેશ મતલબ ઇન્ડિયા... ભારત...'

'કયું ભારત? નકશામાં છે એ?' આ સવાલનો જવાબ શું હોઈ શકે એ વિચારમાં રાવી ઘડીક અટવાઈ ગઈ એટલે બાબાજીએ જાતે જ આગળ ચલાવ્યું, 'એ નકશો તો સાઠ વર્ષથી છે. એ પહેલાં દેશ કંઈક અલગ હતો. આજે આપણે જ્યાં બેઠા છીએ એ જગ્યા આજના તમારા દેશ માટે પરદેશ હતો, કારણ કે અહીં પોર્ટુગીઝની

હકૂમત હતી. તેનાંથી ય બસ્સો વર્ષ પહેલાં દેશ તદ્દન અલગ હતો. ત્યારે આઠ-દસ કિલોમીટરે દેશ બદલાઈ જતો હતો. આજે આ કોંકણ છે ત્યાં એક જમાનામાં શિવાજીની આણ ફરતી હતી અને તેનાથી એક હજાર વર્ષ પહેલાં એ ગોમાંતક તરીકે ઓળખાતો હતો જ્યાં પલ્લવોનું શાસન હતું. એ જ પલ્લવો પાછા પાડોશી વિજયનગરને મન પરદેશી આક્રમકો હતા. કહાં ગયે વો સબ? વો શિવાજી, વો પોર્ટુગીઝ, એ આક્રમક પલ્લવ, એ પ્રતાપી કૃષ્ણદેવરાય? કહાં ખો ગયે?'

બાબાજી ચહેરાની રેખા કે અવાજનો લય બદલ્યા વગર તદ્દન સહજ ભાવથી સપાટ સ્વરે કહી રહ્યા હતા પણ અભિના મનમાં સવાલોની એ ઝડીથી વિચારોનો તેજઃપુંજ પ્રગટવા માંડ્યો હતો અને રાવી પણ અચંબિત થઈને સાંભળી રહી.

'અગર વો દેશ દેશ નહીં રહા તો ફિર જિસ દેશ કે લિયે આજ તુમ યે સબ કર રહે હો... એ દેશ કાયમ આવો જ રહેશે ખરો? આજે તમે જેને દેશના દુશ્મન માનો છો એ આવતી કાલે તમારા જ દેશવાસી નહિ હોય તેવું તમે કહી શકશો?'

'ઓકે...' રાવીને હવે તેમનો તર્ક સમજાતો હતો, 'પણ તો શું તમે એમ કહેવા માંગો છો કે જેમણે જે-તે સમયે પોતાના દેશ માટે બલિદાન આપી દીધું એ બધું વ્યર્થ હતું?'

'વ્યર્થ પણ ખરું અને સાર્થક પણ...' રાવીના સવાલથી જરાક પણ અસ્વસ્થ થયા વગર બાબાજીએ જવાબ વાળ્યો, 'વ્યર્થ એટલા માટે કે જે દેશની સુખાકારી માટે તેમણે પોતાની જાતને હોમી દીધી એ જ દેશ આખરે પરદેશ બની જવાનો હતો. સાર્થક એટલા માટે કે એમનું બલિદાન વ્યર્થ તો આપણે, એમના પછીની પેઢીએ બનાવ્યું... દેશની એમણે કરેલી પરિકલ્પના બદલીને. એમણે જુલ્મ સામે અવાજ ઉઠાવ્યો, સામનો કર્યો અને પોતે ખપી ગયા એ દૃષ્ટિએ શહાદતના દરેક બલિદાન સાર્થક...'

'બાબાજી...' અત્યાર સુધી એકધ્યાને સાંભળી રહેલા અભિએ પૂછ્યું, 'હું તો વર્તમાનમાં જ જીવું છું. આવતી કાલે શું હશે, કોણ હશે, કેવું હશે તેની મને પરવા નથી પણ આજે જે છે, જેવું છે એ મને જો અન્યાયી, શોષક, જુલ્મી લાગે તો મારે શું કરવાનું? હાથ જોડીને બેસી રહેવાનું કે હાથ ઉઠાવવાનો?'

'હાથ જોડ્યા કે ઉઠાવ્યા વગર તમે વ્યવસ્થા ન બદલી શકો?'

'ધેટ્સ ઇટ...' રાવીના અવાજમાં હવે આક્રમકતા હતી, 'અમે એ જ તો કરી રહ્યાં હતાં... વી વેર સપોઝડ ટૂ ચેન્જ ધ સિસ્ટમ...'

'એક મિનિટ બિટિયા...' બાબાજીએ રાવીની દલીલ અધવચ્ચે જ કાપી, 'ધેટ્સ ડિફરન્ટ... વેરી ડિફરન્ટ... હું જે બદલાવની વાત કરું છું એ તમારા બદલાવથી તદ્દન અલગ છે. તમે શું કરવા ધારતા હતા? સત્તાપરિવર્તન, રાઇટ? બટ ટેલ મી, સિસ્ટમ એટલે ફક્ત સત્તા જ? તાજ-ઓ-તખ્ત બદલાય એટલે સિસ્ટમ બદલાઈ જશે? એ તો જુગજૂનો શિરસ્તો થયો, જે સરિયામ નિષ્ફળ અથવા તો કામચલાઉ સફળ રહ્યો છે. સદીઓથી સત્તાપરિવર્તનો થતાં રહ્યાં છે. મેં કહ્યું તેમ, ધેર વોઝ અ શિવાજી, ધ ગ્રેટ મરાઠા... પોર્ટુગીઝ હતા, અંગ્રેજ પણ હતા. એ પહેલાં મોગલો હતા, સુલતાનો હતા, ઐબક, તુઘલક, લોદી અને ઘોરી પણ હતા. સત્તા તો સદીઓથી બદલાતી રહી, દેશની વ્યાખ્યા ય બદલાતી રહી. સિસ્ટમ કેમ કદી ન સુધરી? તમે ઝાડની ટોચ બદલવા મથો છો જ્યારે કે પરિવર્તનનો પ્રાણ તો નીચેથી ઉપર એ એક જ દિશાએ ફૂંકાય છે.'

'એ તો બાબાજી, તમારા જેવા સાધુલોકો એવું કહી શકે કે જેમને જાતે તો નિષ્ક્રિય રહેવું છે.' રાવીના

ઉશ્કેરાટથી અભિ ચોંકી ઊઠ્યો. તેના અવાજમાં રહેલી કડવાશ વાગકણી હતી.

—પણ બાબાજી ખડખડાટ હસી પડ્યા, 'ન તો હું સાધુ છું કે ન તો આ તેં જોયેલા ધર્મસ્થાનો જેવો આશ્રમ છે. મારો કોઈ ધર્મ, સંપ્રદાય નથી. મારા કોઈ ગુરુ કે અનુયાયી પણ નથી. ન તો મેં કોઈની કંઠી પહેરી છે કે ન તો હું મારી કંઠી કોઈને પહેરાવું છું.'

'તો પછી તમે કોણ છો?'

'અહીંના લોકો મને બાબાજી કહે છે. એ પહેલાં જ્યાં હતો ત્યાંના લોકો મને દાદા કહેતા હતા. તેનાંથી ય પહેલાં ક્યાંક હું તાઉ હતો… હું તો બસ હું જ છું. આ સ્થળને લોકો આશ્રમ કહે છે, કારણ કે તેમને એવો શબ્દ ગમે છે. મારે મન તો આ સમૂહભૂમિ છે. અહીં જે ખેતર દેખાય છે એ આસપાસનાં ચાર-પાંચ ગામોનું સહિયારું છે. હું એ ખેડું છું. જે ઊપજ થાય એ દરેક ગામની માલિકીની છે. એ ઊપજમાંથી હું નિશાળ બનાવું છું. છોકરાંઓને ભણાવું છું. નાના પાયે દવાખાનાં ચલાવીએ છીએ. રોજ દિવસભર હું ગામમાં જઈને પોતાનું શરીર, ઘરનું આંગણું, શેરી અને ગામ ચોખ્ખાં રાખતાં શીખવું છું.'

'મતલબ કે તમારો દેશ એટલે આ ચાર-પાંચ ગામ, એમ જ ને?'

'ના, બિલકુલ નહિ. કોઈક લાયક માણસ આ બધું કરવા તૈયાર થશે ત્યારે હું તેને આ બધું સોંપીને બીજે ક્યાંક જતો રહીશ. પછી એ માણસને બીજો કોઈક મળશે એટલે એ બીજે ક્યાંક જશે. એ ક્રમ ચાલ્યા જ કરે તો કદાચ મને લાગે છે કે પરિવર્તનનો પ્રાણ મૂળમાંથી વહેતો કદીક ઉપરની તરફ પહોંચશે અને તો તમારે સિસ્ટમની ટોચે બેઠેલી સત્તા બદલવાની નોબત નહિ આવે.'

'તો પછી તમે કેમ કોઈ વ્યવસ્થિત તંત્ર નથી ઊભું કરતા? શા માટે એકલપંડે જેટલું થાય તેટલું કરો છો? તમારી પાસે વધુ માણસો હોય, વધુ સજ્જ તંત્ર હોય, થોડું ફંડ પણ હોય તો તમે જે કરવા ધારો છો એ વધુ ઝડપથી વધુ અસરકારક રીતે થાય ને?'

'બિહોલાની પાસે ઘણા માણસો હતા જ ને?' બાબાજીના સ્મિતમાં જરાક વ્યંગ હતો, 'તમારું તંત્ર તો કેટલું સજ્જ અને આધુનિક અને સત્તાધારી હતું? થોડુંક નહિ, તમારે તો મહાકાય ફંડનો ખપ હતો એટલે તો પેશ્વાનો ખજાનો શોધવા માટે વિરમ નીકળ્યો હતો. આખરે શું થયું? જ્યાં એસ્ટાબ્લિશમેન્ટ આવે ત્યાં આજે નહિ તો કાલે, તડાં આવે જ આવે. હું સ્વસ્થ રહું અને મારી આસપાસની દુનિયા સ્વસ્થ રાખું, બસ આટલું જ. આપણે બધા જ જો આ કરતાં રહીએ તો, મને લાગે છે કે પરિવર્તનના નામે બંદૂક ફોડવાની કોઈ જરૂર જ નથી. બાકી એકઝાટકે દુનિયા બદલવા નીકળીએ તો એ હાયવોયમાં છેવટે તો હતાશા જ હાથ લાગવાની. ઘડિયાળના કાંટા બળપૂર્વક ઘુમાવીને પછી સમય બદલી નાંખ્યો એવું ધારતા રહીએ તો એ તો નર્યો ભ્રમ છે અને એવા ભ્રમથી જો હતાશા ઊપજે તો વાંક આપણી સમજનો છે, ઘડિયાળનો નહિ.'

'અમારા એસ્ટાબ્લિશમેન્ટમાં એવી ગરબડ ક્યાં હતી?'

'એ તને વિરમ જ કહેશે…' બાબાજી ભેદી સ્મિતભેર કહી રહ્યા હતા પણ રાવી અને અભિ ચમકી ગયાં, 'એ અહીં કાયમ માટે વસી જવા અને મારી જગ્યા લેવા તૈયાર થઈ ગયો હતો પણ તેને તારી સખત ચિંતા હતી. તમારું સપનું કેટલું મોટું છળ છે તેનો અહેસાસ તેને થઈ ગયો હતો. ફક્ત તને એ હેમખેમ આમાંથી બહાર કાઢે અને એક વાર તેની માને મળી લે એટલી જ અબળખા તેને બાકી હતી. તેને ડર હતો કે એ કદાચ જીવતો પાછો ન પણ આવે. એટલે અહીંથી જતાં પહેલાં એ તારા માટે એ કશુંક મૂકતો ગયો છે.'

'શું મૂકતો ગયો છે?' અભિ અને રાવી બંને તીવ્ર ઉત્સુકતાભેર એકસાથે બોલી ગયાં...

* * *

~

અભિ અને રાવી દિગ્મૂઢ થઈને એકમેકની સામે જોઈ રહ્યાં.

બાબાજી ઊભા થઈને અંદર ગયા. લાકડાનો કબાટ ખૂલતો હોય તેવો અવાજ સંભળાયો. તેઓ બહાર આવ્યા ત્યારે તેમના હાથમાં પિત્તળની એક દાબડી હતી. દાબડીમાંથી તેમણે સંભાળપૂર્વક રૂની દિવેટનો ઢગલો આસન પર પાથર્યો. કાગળની કશીક ચબરખી અંદરથી કાઢી અને ઝીણી આંખે આમતેમ ઉલટાવીને જોઈ અને બાજુ પર મૂકી અને ફરીથી દાબડીમાં આંગળાં ફંફોસ્યાં. મદારી કરંડિયામાંથી સાપ કાઢતો હોય અને બાળકો મુગ્ધપણે જોઈ રહે એવી તત્પરતાથી અભિ અને રાવી બાબાજીની હિલચાલ જોઈ રહ્યાં હતાં. બાબાજીની ચીવટભરી પણ ધીમી હલચલથી એ બંનેને તીવ્ર ચટકારો ઊપડતો હતો.

'વિરમે મને કહ્યું હતું કે તું અહીં આવીશ ત્યારે તારા મનમાં અનેક સવાલો હશે. તારા દરેક સવાલનો જવાબ કદાચ તને આમાંથી મળશે.' બાબાજીના હાથમાં મેમરીકાર્ડ હતું.

અભી અને રાવી સ્તબ્ધપણે ટચૂકડું મેમરીકાર્ડ જોઈ રહ્યા. આમાં શું હશે? નકશાનો ભેદ હશે? ખજાનાનો રસ્તો હશે?

'આમાં શું છે એ મને ખબર નથી...' બાબાજીએ મેમરી કાર્ડ રાવીના હાથમાં થમાવ્યું, 'વિરમે તને આપવાનું કહ્યું હતું અને તું જ્યાં અટકે ત્યાં મને ખબર હોય એટલી મદદ કરવાનું કહ્યું છે. તમે બંને એ કાર્ડ ચેક કરી લો. થોડો આરામ પણ કરી લો. હું ય ઘડીક આડો પડું. સાંજે વરસાદ નહિ હોય તો અહીં રમવા આવતાં ટાબરિયાઓ આખો આશ્રમ માથે લેશે.'

આટલું કહીને બાબાજીએ ઓસરીના ખૂણે વીંટો વાળીને મૂકેલી શેતરંજી ઉઠાવી, દીવાલસરસી ઊભી કરેલી ચારપાઈ ઢાળી અને તેના પર શેતરંજી પાથરીને આરામથી લંબાવી દીધું.

*

'ઇઝન્ટ ઇટ સ્ટ્રેન્જ...?' રણકતી ઝાલર જેવો વિરમનો અવાજ ફોનમાંથી ફેંકાયો એ સાથે રાવીના બાવરા ચહેરા પર અકારણ રઘવાટ પથરાઈ ગયો.

બાબાજીએ ચારપાઈ પર લંબાવ્યું એટલે બંનેએ કોટેજની દિશામાં પગ માંડ્યા હતા. બંનેના કદમમાંથી ઉતાવળ દોડતી હતી અને ચહેરા પર ઉત્સુકતાની ધાર થતી હતી.

કોટેજમાં પ્રવેશીને રાવીએ ફટાફટ ફોનમાં મેમરીકાર્ડ ઇન્સર્ટ કર્યું. અભિ સહજ સંકોચવશ રાવીથી થોડો દૂર બેઠો પણ તેનો જીવ મેમરીકાર્ડમાં શું હશે એ સવાલની અણીએ પરોવાયેલો હતો.

'ઓહ્હ્... આમાં તો કશીક એમપી-૩ ફાઈલ છે...' રાવીએ સ્વગત બબડીને પોતાની કિટમાંથી હેડફોન ફંફોસ્યા પણ એ જ ઘડીએ તેને અભિનો ખ્યાલ આવ્યો. એ સાઉન્ડ ફાઇલમાં શું હશે તેનો રાવીને અંદાજ આવી શકતો ન હતો. અભિ સાંભળે એમ એ ફાઇલ ઓપન કરવી જોઈએ? તે બે ઘડી હેડફોનના એટેચમેન્ટ પર નખ ઘસતી રહી. ના, આ માણસ નિર્મળ જળ જેટલો ચોખ્ખો અને કાચથી ય વધુ પારદર્શક હતો. દેખીતા કોઈ જ કારણ વગર આ કમઠાણમાં સંડોવાઈ ગયો હતો અને છતાં ય આટલો પોતીકો બની ચૂક્યો હતો. તેનાથી છાનું હવે કશું જ નહિ... વિરમે ભલે કંઈ પણ કહ્યું હોય...

'આમ છેક ત્યાં કેમ બેઠો છે?' તેણે બારણા પાસેની ચારપાઈ પર બેઠેલા અભિને સ્મિતભેર કહ્યું અને તેની બાજુમાં બેઠી, 'ઇટ સિમ્સ સમથિંગ લાઇક સાઉન્ડ ફાઇલ... નજીક બેસ તો ધીમા વોલ્યુમ પર પણ આપણે બેઉ સાંભળી શકીએ.' તેણે પ્લેયર ઓન કર્યું એ સાથે જરાક અમથી ઘરઘરાટી વચ્ચે વિરમનો અવાજ ગુંજી ઊઠ્યો,

'ઇઝન્ટ ઇટ સ્ટ્રેન્જ ટૂ મીટ યુ ધિસ વે?' જરાક વારનું મૌન, ઊંડો શ્વાસ લેવાતો હોય તેવો અવાજ, ગળામાં બાઝેલી કાંચકી પરાણે હડસેલતો ખોંખારો...

—અને એ ટેપ આગળ ચાલી, 'ક્યાંથી શરૂ કરું, મને સાચે જ સમજાતું નથી... આપણે જે ધાર્યું હતું એ બધું જ તબાહ થઈ ચૂક્યું છે... રાધર ઇટ વોઝ ઓલ એન ઈલ્યુઝન. આજે મને લાગે છે કે આખી દુનિયાનો સૌથી મોટો બેવકૂફ હું હતો.'

તે જાણે વિચારી રહ્યો હોય તેમ કેટલીક ક્ષણ માટે ચુપકીદી પથરાયેલી રહી, 'માંડીને વાત કરવા જેટલો સમય પણ નથી અને મને કશો મૂડ પણ નથી. તો ય તને કહેવું તો પડશે જ...' તેના અવાજમાં ખોખલા સ્મિતનો ભાવ વર્તાતો હતો, 'જેના પર આપણે કુરબાન હતા એ મેજર બિહોલા... હી ઇઝ અ ફ્રોડ... હી ઇઝ અ બ્લડી ટ્રેઇટર... પેશ્વાના ખજાના વિશે ફાઇનલ ડિસિસન લેવાયો અને આપણે છૂટાં પડ્યાં પછી હું બિહોલાની સૂચના મુજબ સિકન્દરાબાદ ગયો. ત્યાં મારે બૂતબજારની હોટેલ ખાનાબદોશમાં એક આદમીને મળવાનું હતું. એ પાકિસ્તાની આઈએસઆઈનો એજન્ટ હતો. તેની સાથે મારે આરડીએક્સની ડીલ ફાઇનલ કરવાની હતી અને એ એસાઇન્મેન્ટ પછી હું પેશ્વા ટ્રેઝરના સગડ ન મળે ત્યાં સુધી અંડરગ્રાઉન્ડ રહેવાનો હતો. અહીં સુધીની વાત તને ખબર છે, કારણ કે એ બધું તારી હાજરીમાં નક્કી થયું હતું.'

અભિ સ્તબ્ધપણે સાંભળી રહ્યો હતો. અત્યાર સુધી તેણે રાવી અને સુમરાના મોંએ સાંભળ્યું હતું પણ વિરમના પોતાના મોંએ, એક સિનિયર આઈપીએસ ઓફિસરના મોંએ આવી સ્પષ્ટ કબૂલાત સાંભળીને તેના ચહેરા પર વર્તાતો આઘાત અછતો રહેતો ન હતો,

'એઝ યુ નો, આપણી સ્ટ્રેટેજી ફિક્સ્ડ હતી. ઇન્ડિયન ફોર્સ કે બોર્ડર વિશે આઈએસઆઈને ભળતી-સળતી માહિતી આપવી અને બદલામાં તેમની પાસેથી એવા વેપન્સ કે એક્સ્પ્લોઝિવ્સ મેળવવા જે બિહોલા આર્મી ડેપોમાંથી મેળવી શકતા ન હોય. આઈએસઆઈ પાસેથી મેળવેલા એક્સ્પ્લોઝિવ્સ કે વેપન્સ વડે આપણે કાશ્મીરી ટૅરરિસ્ટ કૅમ્પ સહિતના તેમના મળતિયાઓનો સફાયો કરતા જતા હતા. એ સિવાય પોલિટિશિયન્સ, બ્યૂરોક્રેટ્સના બ્લૅકમેઇલિંગ કે એક્સ્ટોર્શનથી મેળવેલા રૂપિયા વડે આપણે મેજર ઓપરેશન્સ માટે ફંડ બનાવતા હતા. ઇટ વોઝ અવર વેલ ડિસાઇડેડ પ્લાન.'

'એન્ડ યુ વિલ બી શોક્ડ... એવું કશું જ થતું ન હતું... ઓર લેટ મી સે, બધું જ ઊંધું થતું હતું.' વિરમ ઘડીભર અટક્યો એટલી વારમાં અભિએ ત્રાંસી આંખે રાવીના હાવભાવ નીરખી લીધા. એ આંખો બંધ કરીને શૂન્યવત બનીને વિરમનો અવાજ સાંભળી રહી હતી.

બેએક સેકન્ડના પોઝ પછી ટેપ ફરી આગળ ચાલી, 'આઈએસઆઈને ભુજથી થરાદ અને કચ્છના નાના રણમાં થઈને છેક બીકાનેર સુધીની સરહદના ફોટોગ્રાફ જોઈતા હતા અને એ ફોટોગ્રાફ તેમજ બીજી કેટલીક માહિતીના બદલામાં આપણે 8 કિલો આરડીએક્સ, ટાઇમર અને ડિટોનેટર મેળવવાના હતા. એ આરડીએક્સ આપણે કાશ્મીરી ઉગ્રવાદીઓના કૅમ્પ ઉડાવી દેવા વાપરવાના હતા. ઇટ વોઝ નોટ ન્યૂ ફોર મી ધો ઇટ વોઝ વેરી મચ રિસ્કી, કારણ કે, આપણે કદી પણ તેમને સાચી માહિતી આપતા ન હતા. આ વખતે પણ બિહોલાએ

સરહદના બનાવટી ફોટા જ પધરાવ્યા હોવાનું મને કહ્યું હતું.'

'હું સિકન્દરાબાદ જવા નીકળ્યો તેના એક-બે દિવસ પહેલાં જ રાજૌરીની સરહદેથી મોટા પાયે ઘૂસણખોરી થઈ હોવાના અહેવાલો મીડિયામાં ચમક્યા હતા. સરહદ પરના કસબાવાળાઓએ ત્રીસેક જેટલા લોકોને રેઢી સરહદ ઓળંગીને ચાર-પાંચના જૂથમાં પ્રવેશતા જોયા હોવાના અહેવાલોથી મારું ધ્યાન ખેંચાયું હતું, કારણ કે હજુ છ મહિના પહેલાં જ આઈએસઆઈએ આપણી પાસે રાજૌરી, પૂંચ અને છીંદણા સરહદમાં બે ચેકપોસ્ટ વચ્ચેનું અંતર, વચ્ચે તારની વાડ છે કે નહિ, હોય તો એમાંથી કરંટ પસાર કરાય છે કે નહિ વગેરે વિગતો માંગી હતી. બિહોલાએ એ બધી વિગતો ટેબલ પર જ બનાવીને આપી દીધી હતી અને બદલામાં આપણે ખાસ્સું એમ્યુનિશન મેળવ્યું હતું.'

'ટીવી પર એ ન્યૂઝ જોઈને મેં મોડી રાત સુધી એ એરિયાનો સ્ટડી કર્યો. મારા કેટલાંક સોર્સિઝને પણ ચેક કર્યા. ઇટ વોઝ ઓન્લી ધેટ સ્પોટ્સ વોટ આઈએસઆઈ હેઝ આસ્કડ ફોર. મને એ સખત આઘાતજનક લાગતું હતું, કારણ કે આપણે તો બનાવટી વિગતો જ મોકલતા હતા. તો પછી આઈએસઆઈના માણસોએ એ વિગતોના આધારે સફળ ઘૂસણખોરી કેવી રીતે કરી લીધી? ક્યાંક માહિતી આપવામાં આપણી તો ભૂલ ન હતી ને? મેં મેજરને જ પૂછવાનું વિચાર્યું... બટ હી વોઝ ઓન બોર્ડર પેટ્રોલ... તેમનો કોન્ટેક્ટ થઈ શકે તેમ ન હતો અને મને ભયાનક અકળામણ થતી હતી. બિલિવ મી, ત્યાં સુધી પણ મને બિહોલા પર ડાઉટ ગયો ન હતો અને આ કશીક ગફલત હોવાનું જ મેં માની લીધું. ઈવન ધો, આખરે ભલે ભૂલમાં, પણ આડકતરી રીતે ય જો આપણે દુશ્મનોને મદદ કરી નાંખી હોય તો, આઈ થોટ કે, આપણી સિસ્ટમમાં જે કંઈ લૂપ હોલ્સ હોય તે તાત્કાલિક સુધારી લેવા જોઈએ.'

'અત્યાર સુધી રૂલ એવો હતો કે આઈએસઆઈ કે એલટીટીઈ કે મણિપુર લિબરેશન આર્મી... કોઈ પણ મિલિટન્ટ ફોર્સ સાથે કોન્ટેક્ટમાં આવવાનું થાય ત્યારે મારે ઓછામાં ઓછું બોલવાનું હતું. જરૂરથી વધુ એક પણ વાત પૂછવાની ન હતી. બિહોલાનો ઓપનિયન એવો હતો કે આપણે ઇન્ફર્મેશનના નામે ઘણી ઘાલમેલ કરીએ છીએ એ જોતાં તેમની સાથે ઓછામાં ઓછી ઈન્ટિમસી રાખીને કામ પતે એટલે પોબારા ભણી જવા. મને પણ સેફ્ટીના પોઇન્ટ ઓફ વ્યૂથી એ ગળે ઊતરતું હતું. પણ મેજર સાથે કમ્યુનિકેશન ઇમ્પોસિબલ હતું અને મને સખત ચટપટી થતી હતી એટલે મેં આ વખત માટે એ નિયમ ચાતરવાનું નક્કી કર્યું.'

'સિકંદરાબાદની ખાનાબદોશ હોટેલમાં મને મળવા માટે ઝકરુલ્લા નામનો આદમી આવ્યો. કોડ્સની આપ-લે પછી મારે એ લઈ જાય ત્યાં જવાનું હતું પણ મેં બિયર પીવાની તલબ લાગી હોવાનું કહીને તેને રોકી રાખ્યો. એ આઈએસઆઈના સ્લિપર સેલનો આદમી હતો. આવા માણસો સોલિડ મીંઢા અને ઓછાબોલા હોય છે એવો મારો અનુભવ હતો એટલે તેનો વિશ્વાસ જીતવા મેં બિયરનો ટોસ્ટ આપતાં કહ્યું, રાજૌરી બોર્ડરના ગ્રાન્ડ સક્સેસ માટે ચિયર્સ... એ તરત ચોંક્યો પણ મેં તદ્દન સહજતાથી બિયર પીવાનું ચાલુ રાખ્યું. એક-બે ઘૂંટ ગળા નીચે ઉતાર્યા પછી મેં કહ્યું કે, ઇસ બાર તો કુછ ઐસી ચીજ હમ દે રહે હૈ કિ પૂરે વેસ્ટર્ન ફ્રન્ટ પર ધમાકા કર સકોગે... તેના ચહેરા પર ધીમે ધીમે હળવાશ આવતી જતી હતી.'

'થોડી વારમાં અમે તેની જૂની શેવરોલેમાં નીકળ્યા. શિરસ્તા મુજબ તેણે મારી આંખ પર પટ્ટો બાંધી દીધો. હું અગાઉ આઈએસઆઈના કેટલાક અફસરોને મળ્યો હતો તેમનાં નામ આપીને આખા રસ્તે તેમની સાથેના મનઘડંત ઓપરેશન્સની ગુલબાંગો ઠોકતો રહ્યો. મારે તેને ખાતરી કરાવવી હતી કે હું આઈએસઆઈનો અવ્વલ પિઠ્ઠુ છું. મારી વાતો, નામ-ઠામ અને કામના ઉલ્લેખોને લીધે એનું અક્કડપણું ખાસ્સું છૂટી રહ્યું હતું.'

'લગભગ દોઢેક કલાકના ડ્રાઇવિંગ પછી અમે શહેરની ભાગોળે એક વેરહાઉસમાં પહોંચ્યા. મારી આંખ આડેથી પટ્ટો ઉતારીને તેણે સ્મિતભેર કહ્યું, માફ કિજિયે લેકિન આપ તો જાનતે હૈ, ઐસે કામ મેં ભરોસા હી સબ સે બડા દુશ્મન હોતા હૈ... તેના એ સ્મિતમાં મને મારા તીર નિશાન પર વાગ્યા હોવાની ખાતરી થતી હતી. સાધારણ રીતે કોડવર્ડ સિવાય આવા સમયે કોઈનાં નામ પૂછવાના ન હોય અને પુછાય તો ગરદન પર મરણતોલ ફેંટ પણ પડી જાય. તેમ છતાંય મેં પૂછી લીધું, યહાં કૌન સાહબ હોંગે? નામ તો પત્તા નહિ લેકિન યહાં હમ ઉન્હેં મિર્ઝા બેગસાહબ સે જાનતે હૈ... તેણે જવાબ આપ્યો એટલે મેં વળી તીર માર્યું, અચ્છા અચ્છા વો સ્યાલકોટ વાલે મિર્ઝાસાહબ... લમ્બી, મોટી મૂછેં રખતે હૈ... વોહી ના?'

'—અને સાચે જ એ મિર્ઝો લાંબી મૂછોવાળો જ હતો. જો કે એ સાલો જબરો ખંધો હતો. એક પણ વાર હસ્યો નહિ. કશી જ ખિદમત પણ નહિ. ફક્ત કામની વાત. મેં આપેલા પાર્સલના ફોટા ચકાસ્યા અને ઝકરુલ્લાને સોંપ્યા. મેજર સે કોન્ટેક્ટ ક્યૂં નહિ હોતા હૈ? તેણે સાલાએ હું જાણે મેજરનો ચપરાસી હોઉં એમ ક્ષુલ્લકપણે મારી સામે જોઈને પૂછ્યું. મેં પણ એવો જ અદબભર્યો જવાબ આપ્યો, 'શાયદ વો બોર્ડર પેટ્રોલ પર હોંગે'. પણ તેણે આટલી આંગળી આપી એટલે મેં પહોંચો પકડી લીધો, 'અગર ઉનકે લિયે કોઈ પૈગામ હો તો... મૈં સીધા ઉનસે હી મિલને વાલા હૂં...' તેણે બંદૂકના નાળચા જેવી બે આંખો મારા પર તાકી અને ધારદાર નજરે એ મને નાણી રહ્યો. પછી મારી પાછળ ઊભેલા ઝકરુલ્લા ભણી તેણે જોયું. તેની આંખોમાં અડધી સેકન્ડ માટે આવેલી ચમક જોઈને હું પારખી શક્યો કે પાછળથી ઝકરુલ્લાએ આંખ વડે મારી વિશ્વસનીયતાની હામી ભરી છે.'

'મેજર સે કહેના, કુછ વજહ સે કૅમ્પ ખાલી કરવાને મેં દિક્કત હુઈ હૈ. હમ નઈ તારીખ કહે તબ તક ઓપરેશન નહિ કરના હૈ... ગરબડ મત કરના... આટલું કહીને મારી સામે ડારતી આંખે જોઈને તેણે ખમીસના ખિસ્સામાંથી કોઈ ગાડીની ચાવી કાઢી ઝકરુલ્લાને આપી... સામાન કે સાથ હી ગાડી લેકર ફૌરન ભેજ દો... આટલું કહીને એ રવાના થઈ ગયો. મારે હજુ મેજર માટેના એ સંદેશાનો ભેદ સમજવાનો હતો. ક્યો કૅમ્પ ખાલી કરવામાં દિક્કત થઈ હતી? કયું ઓપરેશન? આરડીએક્સ છૂપાવેલી ગાડી સાથે મેઇન રોડ સુધી મૂકી જવા મેં ઝકરુલ્લાને કહ્યું. રસ્તામાં મેં પૂછ્યું, 'મિર્ઝાસા'બ કુછ નારાજ લગ રહે થે. પિછલે ઓપરેશનમેં હમ સે કુછ ગરબડ હુઈ થી ક્યા?'

'અરે નહિ, વો તો આઝાદ કશ્મીર મેં કઈ દિનોં સે બારિશ ચલ રહી થી તો હમ ડેરા નનવાલ કે કુછ કૅમ્પ અભી ખાલી નહિ કર પાયે. ઐસે મેં આપ તય કી ગઈ તારીખ પર હમલા કર દો તો નુકસાન હો સકતા હૈ ના? કૅમ્પ ખાલી હો જાય ફિર તુમ હમલા બોલ દો ઔર અપને આકાઓં કો દિખા દો કી તુમને ટૅરરિસ્ટ કૅમ્પ ખતમ કર દિયા...' એ બહુ જ ભદ્દી રીતે ખડખડ હસી રહ્યો હતો... મારી રગોમાં ધસમસતું ખૂન થીજી જવાની એ પહેલી ક્ષણ હતી... હું મહામહેનતે પણ મારા આઘાત પર કાબૂ રાખી શકતો ન હતો. સ્ટિયરિંગ સાથે મારા હાથ સજ્જડ ભીંસાઈ જતા હતા. મતલબ કે અત્યાર સુધી આપણે ટૅરરિસ્ટને એમની ભાષામાં એમના જ ઘરમાં જઈને જવાબ આપી આવ્યા એવો કેફ રાખતા હતા એ તો આઈએસઆઈ સાથે મળીને થતું નાટક હતું... મેજર કેમ એવું કરતા હતા? તો પછી રાજૌરી સરહદની જે બાતમી આપવાની હતી એ તેમણે સાચી જ આપી દીધી હતી? અત્યાર સુધી આપણે આપેલી બીજી બધી બાતમી ય સાચી જ હતી?'

'મારા મગજમાં સવાલોની આગ ફૂંકાઈ રહી હતી અને તેના તાપથી મારા તાળવામાં શોષ પડી રહ્યો હતો. મેજરની આઈએસઆઈ સાથે કશીક એવી સાઠગાંઠ છે જે મને ખબર નથી... તો તેનો સીધો અર્થ એ થયો કે મેજર તારો, મારો આપણો બધાનો ઉપયોગ કરી રહ્યા છે અને તેમનો વાસ્તિવક ઉદ્દેશ કંઈક જુદો જ છે... મેં

પરાણે મારા આવેગ પર કાબૂ રાખ્યો અને ઝકરુલ્લાને બોલતો કરવા મેં અગાઉના કેટલાક હુમલાની વાત કાઢી. ઝકરુલ્લા બોલતો ગયો અને મને ખાતરી થતી ગઈ... આપણે જે હુમલા કર્યા એ છાવણીઓ અગાઉથી જ ખાલી કરી દેવાઈ હતી. આપણે ફક્ત ખાલી મકાનોમાં બોમ્બ ફોડ્યા હતા... જે કેટલાક ટૅરરિસ્ટ્સને આપણે માર્યા એ તો આઈએસઆઈના હોસ્ટાઈલ હતા અને આપણે આઈએસઆઈના ઇશારે જ તેમને માર્યા હતા... આપણે જેને બનાવટી ઇન્ફર્મેશન ગણતા હતા એ બધી જ સાચી હતી, જેનો આઈએસઆઈ બહુ બૂરી રીતે ઉપયોગ કરતી રહી હતી...'

'જે મેજરને આપણે ધગધગતી દેશભક્તિની મિસાલ માનતા હતા એ સાલો પગથી માથા સુધી હડહડતો ગદ્દાર હતો... આઈએસઆઈનો પિઠ્ઠુ હતો... દેશભરમાં અરાજકતા ફેલાવી, પોલિટિકલ લીડર્સ અને બ્યૂરોક્રસીને સાધીને અથવા કચડીને એ પાકિસ્તાનની મદદથી ભારતમાં લશ્કરી બળવો કરાવવાની ફિરાકમાં હતો. ઝકરુલ્લાથી છૂટા પડીને મેં આરડીએક્સ તો બીજી ચેઇન દ્વારા ગુલમર્ગ મોકલાવી દીધો પણ પછી મારો ધૂંધવાટ બેવડાતો હતો... પાછળ મૂકેલા એક-એક પગલાને મેં ધારી-ધારીને ચકાસ્યું... બિહોલા-સાહા સિન્ડિકેટના ઇશારે મેં એન્કાઉન્ટરના નામે જેટલાં પોલિટિકલ મર્ડર કર્યા એમાંથી એક પણ આપણને કહેવાયેલા હેતુ માટે ન હતું. દરેકમાં યા તો ભેદ જાણી જવાની અથવા તો તાબે ન થવાની સજા હતી'

રાવી, હું શું કહું તને? કયાં મોંએ કહું તને? એન્કાઉન્ટરના નામે મેં ખૂન કર્યા, પ્રોટેક્શનના નામે મેં માલેતુજારો પાસેથી ખંડણી ઉઘરાવી, હોદ્દાની આડમાં ડ્રગ્સની, વેપન્સની ય હેરાફેરી કરી... મેં પબ્લિકનો અને મારી વરદીનો દ્રોહ કર્યો ત્યારે હું એમ મન મનાવતો હતો કે છેવટે તો હું દેશના ભલા માટે કરી રહ્યો છું, પણ યાર આ મેજર તો તને, મને સહુને દેશભક્તિના નામે ગદ્દારી જ કરાવતો હતો...'

ક્યાંય સુધી એકધારો બોલતો રહેલો વિરમ જરાક અટક્યો. બંધ આંખે, હડપચી પર બંને હાથ ટેકવીને એકધ્યાને સાંભળી રહેલી રાવીના ચહેરા પર થીજી ગયેલા સન્નાટાને અભિમન્યુ જોઈ રહ્યો.

'હવે હું તદ્દન સ્પષ્ટ છું. આપણા બે સિવાય બધા જ દેશભક્તિના નામે પોતપોતાની ખીચડી પકાવી રહ્યા છે તેની મને ખાતરી થઈ ચૂકી છે. હવે આપણી પાસે બે જ વિકલ્પ બચે છે, યા તો બિહોલાને ખતમ કરી નાંખીએ પણ એ હવે શક્ય રહ્યું નથી. મેં આ તલાશી દરમિયાન જે છાનબીન કરી, જેમના કોન્ટેક્ટ કર્યા એ કેટલીક મૂવમૅન્ટ બિહોલાના અને સાહાના ધ્યાનમાં આવી ચૂકી છે એટલે હવે મારો જીવ જરા ય સલામત નથી. તેના હાથ કેટલા લાંબા અને કેટલાં ઘાતકી છે એ આપણાથી વધારે ખબર તો કોને હોય? બીજો વિકલ્પ એ છે કે આપણે સરકારમાં સમર્પણ કરી દઈએ અને પછી બિહોલા-સાહાને ઉઘાડા પાડીએ. જો આ સમયે આપણે બંને સાથે હોઈએ તો એ મારી ફર્સ્ટ ચોઇસ હોય, પરંતુ એ પહેલાં મારે તને બિહોલાની પહોંચમાંથી સલામત રીતે બહાર લાવવી પડે, જે હવે બહુ જ ડિફિકલ્ટ છે. તારો ફોન ચોક્કસ ટ્રેસ થતો હશે. તારી એક-એક મૂવમૅન્ટમાં એ હડકાયા કૂતરાની માફક મારું પગેરું શોધતો હશે અને તને કશી ખબર પણ નહિ હોય.'

'રાવી... આઈ સ્વેર... મને હવે મારી જરા ય પરવા નથી. ઝિયાઉદ્દીન ઓલિયાની મજારની સામે બેસીને અને બાબાજીની સાથે રહીને હું હવે મારા ખૂનની ગરમીને, મારી તમામ અબળખાને ઠારી ચૂક્યો છું. હવે મને કશામાં રસ નથી અને મને કોઈનો ભય નથી... હવે હું ફરીથી મારી જિંદગીમાં પાછો ફરી શકું તેમ નથી... મારે ગામ જઈને માના ખોળામાં માથું નાંખીને હીબકાં ભરીને રડવું છે... આઈ ડોન્ટ નો, એ શક્ય બનશે કે નહિ... મારે તને આમાંથી બહાર કાઢવી છે... અને મને એ પણ ખબર નથી કે હું એ કરી શકીશ કે નહિ...'

'આપણી પાસે એક જ રસ્તો છે... પેશ્વા ટ્રેઝર... મેં બિહોલા સામે એ પ્રપોઝલ મૂકતાં પહેલાં જ એ ટ્રેઝરનું

પગેરું મેળવી જ લીધું હતું, પરંતુ છેક સુધી હું જાતે પહોંચ્યો ન હતો એટલે મેં બિહોલા સામે શોધવાની વાત કરી... બસ, આપણા તકદીરની તારા અને મારા પર એટલી મહેરબાની ગણવી... હવે એ ખજાનો જ આપણને કદાચ બચાવી શકે. તને હું સેઇફલી બહાર કાઢું અને પછી આપણે એ ખજાનાના બદલામાં બિહોલા સાથે આપણી મુક્તિનો સોદો કરીએ એ એક વિકલ્પ હાલ મને જચી રહ્યો છે... પણ કેવી રીતે તારા સુધી પહોંચવું... મારા કોઈ જ સોર્સનો મને હવે ભરોસો નથી... દયાલ સાહાએ એ દરેકને સાધી લીધા હોય... રાજિયો હરામી એક જ એવો છે કે જે ફક્ત પોતાના ફાયદાનો સગો છે પણ તેનો ભરોસો કરવો કે નહિ, આઈ એમ બેડલી કન્ફ્યુઝડ... મને કોઈનો ભરોસો નથી રહ્યો હવે... મારાં ફેફસાંમાં ઘૂમરાતા શ્વાસ પણ ક્યાં સુધી સાથ આપશે, મને ખબર નથી... હું કોઈક રીતે તને ખજાનાનો નકશો મોકલવાની ફિરાકમાં છું... તું અહીં આત્મજ્યોતિ સુધી પહોંચે અને બાબાજીને મળે એવો મૅસેજ પણ હું કોઈક રીતે પાસ કરવા ધારું છું... બટ ધેર આર સો મેની ઇફ એન્ડ બટ સર્કિંગ મી... કહેવાય છે કે આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય... આઈ થિન્ક, મારે જાતે મરવું જ પડશે...'

*

'ઇસ કે આગે શાયદ વો રેકોર્ડ નહિ કર પાયા થા...' બાબાજીએ સ્ટીલના પ્યાલામાં કોફી રેડતાં કહ્યું. આસમાન ધીમે ધીમે સ્વચ્છ થઈ રહ્યું હતું પણ સવાર સુધી એકધારા પડેલા વરસાદની ભીનાશથી હવામાં આહ્લાદક ઠંડક હતી.

'લેકિન બાબાજી...' વિરમની કેફિયત સાંભળ્યા પછી રાવીના મનમાં સર્જાયેલો ભૂકંપ તેના અવાજના કંપનમાં વર્તાતો હતો, 'ઈટ મેક્સ મી મોર કન્ફ્યુઝડ... જો બિહોલા ગદ્દાર હતો તો...' એ ઘડીભર અટકી, અભિની સામે તેણે જોયું અને ફરીથી બાબાજીની સામે નજર તાકી, 'ધેન વોટ વોઝ માય ફાધર? મેજર જામવાલ શહીદ હતા કે એ પણ બિહોલાની માફક...?? મને ગુલમર્ગમાં જ મૅસેજ મળ્યો હતો કે બિહોલાથી દૂર ભાગી જા... એ મૅસેજ વિરમે...'

'એ મૅસેજ તને મેં મોકલ્યો હતો...' બાબાજીએ ગ્લાસમાંથી કોફીનો મોટો ઘૂંટ ભરતાં કહ્યું, 'વિરમે એ હોટેલના તેના કોઈ વિશ્વાસુનો નંબર મને આપ્યો હતો. હું એક જરૂરી કામ માટે કોલ્હાપુર જતો હતો ત્યારે વિરમે મને એ નંબર આપ્યો હતો અને તારા માટે મૅસેજ લખાવ્યો હતો. આ નકશાનો મેઇલ પણ મેં જ વિરમના કહેવાથી તને કર્યો હતો.'

'પણ બાબાજી...' મૌન રહીને મનોમન ગણતરી માંડી રહેલા અભિએ છેવટે પૂછી નાંખ્યું, 'વિરમ જો ફક્ત આ મેમરીકાર્ડ જ મૂકતો ગયો છે તો તેમાં જે સાઉન્ડ ફાઇલ હતી તેમાં તો આ મેપ વિશે કોઈ જ સમજણ નથી.'

'એ સમજણ કાર્ડમાં નહિ હોય...' બાબાજીએ કોફીનો છેલ્લો ઘૂંટ ગળા નીચે ઉતાર્યો, '...પણ મારી મેમરીમાં છે!'

*

'તારી ગાડી ક્યાં છે?' બિહોલાએ તદ્દન સપાટ સ્વરે પૂછ્યું એ સાથે રાજિયા હરામીના ટાંટિયા ધ્રૂજવા માંડ્યા હતા.

પહાડી પર ફાયરિંગ બંધ થયું એ સાથે જ બિહોલા સમજી ચૂક્યો હતો કે તેણે થાપ ખાધી છે. તાત્કાલિક તેણે

બંગલીની સામે અજવાળુ કરાવ્યું હતું અને આઠ-દસ લોકોના હાથમાં ટોર્ચ પકડાવીને તેણે જાતે પહાડીના ચઢાણમાં ઝાડી ફેંદી મારી હતી. રાજાવત અને સિસ્કોની લાશ તેને મળી પણ એ સિવાય ભાગી છૂટેલા લોકોની કશી જ એંધાણી વર્તાતી ન હતી. તેના આદમીઓ કહેતા હતા કે બંગલીમાં ગ્રેનેડ ઝીંકાયા પછી એક આદમી અને એક છોકરી તેમાંથી બહાર નીકળીને આ દિશામાં ભાગ્યાં હતાં. છોકરી એટલે રાવી પણ એ આદમી વિરમ હોઈ શકે? રાજિયો તો કહેતો હતો કે વિરમ બેહોશ હાલતમાં હતો. તો પછી એ આદમી કોણ હોઈ શકે?

એ બેઉને પહાડીની આ તરફ બીજા બે જણાએ કવર ફાયર આપ્યું હતું અને ડાબી બાજુએ ત્રીજો એક આદમી એકે-56 ધણધણાવતો હતો. તેની ઓળખ તો થઈ ગઈ, એ રાજાવત હતો. તો બીજા બે આદમી કોણ હતા? સિસ્કોની લાશની તેણે સઘન તલાશી લીધી પણ તેના કપડાંમાંથી ઓળખ થાય એવું કશું જ મળ્યું ન હતું.

પોતાને થાપ આપીને રાવી સાથે કમ સે કમ બીજા બે આદમી છટકી ગયા છે તેનો પાક્કો અહેસાસ થયા પછી બિહોલા ભયાનક રીતે ગિન્નાયો હતો. બેફામ ગાળો બોલીને તેણે પોતાના માણસોને પહાડીની વેરાન ઝાડીના ભેંકાર અંધારાં ઉલેચાવ્યાં હતાં. છેવટે મોડી રાતે બીજી ટીમને તેણે સડક પરથી પહાડીનો આખો આંટો મારીને પાછળની દિશામાં તલાશી લેવા મોકલી હતી. (એ વાહનોની હેડલાઇટનો ઉજાસ અભિ અને રાવીએ નદીકાંઠેથી જોઈ લીધો હતો)

રાજાવતની એન્ટ્રી તેને હજુ ય ગળે ઊતરતી ન હતી. તેણે રાજિયા હરામીની ઊલટતપાસ આદરી. દયાલ સાહા જેવા હોમ મિનિસ્ટરને ય તેની સામે ધ્રૂજતો જોયા પછી રાજિયો બિહોલાથી રીતસર કાંપતો હતો. એ પોપટની જેમ, જાણતો હતો એ બધું જ પઢી ગયો.

એ બંને હોન્ડા સીઆરવીમાં પીછો કરતાં અહીં સુધી પહોંચ્યા હતા. આખા રસ્તે રાજાવત કશાંક નકશાના કાગળ ઉથલાવ્યા કરતો હતો. પરંતુ રાજાવતની લાશ પાસે તેનો હેવરસેક કે બીજો કોઈ સામાન ન હતો. એ નકશા શેના હશે? છેવટે તેણે તેમની ગાડીની તલાશી લીધી. ગાડીમાં એક બૅગમાં ગ્રેનેડ્સ, એમ્યુનિશન સિવાય ખાસ કંઈ ન હતું. તેણે ડૅશબોર્ડ ફંફોસ્યું. તેમાં એક પેન ડ્રાઇવ હાથમાં આવી એ સાથે બિહોલાની આંખો ચમકી.

તેણે પોતાની ગાડીમાંથી લૅપટોપ મંગાવીને પેનડ્રાઇવ ઓપન કરી. તેમાં એક ઇમેજ હતી અને એ કશાક નકશાની ઈમેજ હતી. તેણે ધ્યાનથી નકશો નિરખ્યો પણ કશી જ ગડ બેસતી ન હતી. રાજાવત પાસે આ નકશો ક્યાંથી આવ્યો હશે? એ રાજિયાને ખજાનાનું કહેતો હતો, તો શું આ ખજાનાનો નકશો હશે? જો આ નકશો વિરમે મોકલ્યો હોય તો...

વિરમના ખેપાનીપણાથી એ પૂરતો વાકેફ હતો. તેની મૂવમૅન્ટમાં અચાનક સ્ફૂર્તિ આવી ગઈ. 9/11ના હુમલા પછી અમેરિકન એફબીઆઈએ 'વોર ઓન ટૅરર'માં સંકળાયેલા દરેક દેશની મિલિટરી ઇન્ટેલિજન્સને આતંકવાદીઓની નવી તરકીબથી વાકેફ કર્યા હતા. શંકાસ્પદ મેઇલ એકાઉન્ટ હેક કર્યા પછી તેમાંથી મળેલી તસવીરોને અલગ સોફ્ટવેરમાં ચેક કરવાની દરેક ઇન્ટેલિજન્સને એફબીઆઈની સૂચના હતી.

તેણે ક્રિપ્ટસ સોફ્ટવેરમાં એ ઇમેજ ખોલી એ સાથે તેના ચહેરા પર ઓજસ પથરાઈ ગયું અને તેની મુઠ્ઠીઓ ભીંસાઈ ગઈ. યસ્સ્સ... ઇટ વોઝ એન્ક્રિપ્ટેડ ઇમેજ...

તેણે તંગ ચહેરે એ ઇમેજ ડિકોડ કરી. રાજિયો થરથર ધ્રૂજતો તેના ચહેરાની બદલાતી રેખાઓને નિહાળતો રહ્યો. લૅપટોપના કી-બોર્ડ પર ફરી રહેલી તેની આંગળીઓમાં હવે સખ્તાઈ હતી. સ્ક્રીનને તાકી રહેલી આંખોમાં શિકાર પર ત્રાટકતા ખંધા ગીધનું ઝનૂન હતું અને મૂછોનાં થોભિયાંના ફરકાટમાં ગુસ્સાની કંપારી હતી.

સ્ક્રીન પરથી નજર હઠાવ્યા વગર તેણે કહી નાંખ્યું, 'સ્ટોપ ધ શો હિયર. નાવ ઓવર ટૂ આશ્રમજ્યોતિ આશ્રમ...'

* * *

~

'ના, એ એક પણ કડી વિરમે નથી મૂકી.' બાબાજીએ રાવીના આઇફોનમાં ફરીથી એ મેપ જોતાં કહ્યું, 'એ તરકીબ વિઠ્ઠલરાવ સાવંતની જ હોવી ઘટે. વિરમે તો કદાચ તને મોકલેલો નકશો કોઈ બીજાના હાથમાં જાય તો પણ ખજાનો સલામત રહે એ રીતે તેણે ખજાના સુધી પહોંચવાનો રસ્તો વધુ ગૂઢ બનાવ્યો.'

'તો વિરમ ખજાના સુધી કેવી રીતે પહોંચ્યો?'

'વિરમે મને એ વિશે બહુ અલપઝલપ વાત કરી છે...' બાબાજીએ શરીરને દીવાલ સરસું ટેકવ્યું, 'પેશ્વાના જૂના પત્રોમાં ખજાના સાથે બદનૂર ગામના મોડીરામ અને સાવંતવાડીના વિઠ્ઠલરાવનો ઉલ્લેખ હતો. એમના વારસદારો તેણે શોધ્યા. પેશ્વના ખજાનાના ઉલ્લેખથી સીધી પૂછપરછ તો થઈ શકે તેમ ન હતી. એટલે વિરમે ઇતિહાસ સંશોધકના સ્વાંગમાં કેટલાય જૂના દસ્તાવેજો ફેંદાવ્યા પણ ક્યાંય કોઈ જરાક સરખી કડી ય તેમાંથી મળતી ન હતી. કોલ્હાપુર, રત્નાગીરી, સાવંતવાડી, શાહવાડી... મરાઠા સરદારોના પરિવારોને શોધતો એ ભટકતો રહ્યો.'

'એ દરમિયાન એ અહીં રહેતો હતો?' રાવી મનોમન વિરમની રઝળપાટની કલ્પના કરી રહી હતી.

'ના, શરૂઆતમાં એ સાવંતવાડીમાં જ ક્યાંક રોકાયો હતો. પછી તેને સદાશિવ હર્ણેનો ભેટો થયો.'

'એ કોણ?'

'એ સરકારી અભિલેખાગારનો નિવૃત્ત અધિકારી હતો. સાધારણ રીતે રજવાડાઓનો પેઢીનામા સહિતનો તમામ ઇતિહાસ વહીવંચા સાચવે, પરંતુ કોંકણ પટ્ટાના મરાઠા સરદારોની પરંપરા અલગ છે. અહીં વહીવંચા ફક્ત પેઢીનામું જ સાચવે જ્યારે પારિવારિક પરંપરાની વિગતો સરદારી દફ્તરનો મનસબદાર સાચવે. એ વિગતો પણ ભારે ઝીણવટભરી હોય. કોનાં લગ્ન કોની સાથે થયાં ત્યારે શું વ્યવહાર થયો, કોણે કેટલું દહેજ આપ્યું-લીધું, ફલાણા પૂર્વજના મૃત્યુ પ્રસંગે અંતિમ સંસ્કારમાં શું ખેરાત થઈ, કોને કેટલી સાંતી જમીન આપી અને એ ખેરાત કરેલી જમીન સરદાર પાસે ક્યાંથી આવી હતી તેની ય ભારે વિગતપ્રચુર નોંધ હોય. એ ચોપડો સ્થાનિક જબાનમાં લ્હુણવહી કહેવાય. દેહાતી કોંકણીમાં લ્હુણ એટલે લોહી અને લ્હુણવહી એટલે જે-તે વંશની પરંપરાગત પારિવારિક વિગતો. સદાશિવરાવ પાસેથી વિરમને સાવંત, પિંગળે, માલસુરે, ફડકે એવા કેટલાંય મરાઠા વંશની લ્હુણવહી મળી. એ લ્હુણવહીમાં પરંપરાના કેટલાક રસપ્રદ ઉલ્લેખો હતા.'

અભિની આંખોમાં અપાર વિસ્મય હતું અને રાવી થાંભલીની આડશ છોડીને સ્હેજ આગળ ખસી આવી હતી.

'એક ઉલ્લેખ એવો હતો કે, પિતરાઈઓ વચ્ચે સરદારી માટે કે પૈતૃક જાયદાદ માટે ઝઘડા થાય, ખૂનખરાબા થાય ત્યારે એકલા પડી ગયેલા મરાઠા માટે મોસાળનો જ આશરો રહે. કેટલીક વાર સરદારો પૈતૃક વિખવાદમાં વતન છોડવું પડે તો કામ લાગે તેની અગમચેતીથી પોતાની હયાતીમાં જ આવકનો અમૂક હિસ્સો ગુપ્ત રીતે મોસાળમાં જમા કરાવતા રહે અને મોસાળ પક્ષે નાનાજી-મામાજી એ મૂડી કે સંપત્તિનું પવિત્ર ફરજ ગણીને રખોપું કરે. ક્યારેક એવું પણ બને કે જે-તે સરદાર યુદ્ધમાં કે છમકલામાં ઓચિંતો મૃત્યુ પામે અને સંકટ સમયે કામ લાગવાના આશયથી જમા કરેલી ગુપ્ત સંપત્તિ વિશે પોતાના વારસદારોને માહિતી ન આપી શક્યા હોય તો તેવા સંજોગોમાં વારસદારો પિતાના મોસાળમાંથી એ વિગત મેળવી શકે.'

'લ્હુણવહીમાં કેટલાક એવા ઉલ્લેખો હતા જેમાં નાનાજી નિર્વંશ હોય અને છેવટે વારસદારની અવેજીમાં તેમણે કોઈક ઠેકાણે છુપાવેલી ભાણેજની સંપત્તિ મળી આવી હોય. વિરમને આ લ્હુણવહી જેણે આપી એ સદાશિવરાવના વડદાદાઓમાં કોઈકને તેમના નાનાજીના સમાધિસ્થાનેથી આકસ્મિક ખોદકામ દરમિયાન જર-ઝવેરાતનું પોટલું મળી આવ્યું હતું એવું સદાશિવે વિરમને કહ્યું. અને બીજી વિગત વિરમે જાતભાતનાં પેઢીનામાં ફેંદીને એવી વિગત નોંધી હતી કે બદનૂરની ઠકરાતનો મોડીરામ એ સાવંતવાડીનો ભાણેજ હતો.'

'વિરમે આ દરેક ઉલ્લેખના મણકાને એક તર્કના દોરે પરોવ્યા અને વિઠ્ઠલરાવની સમાધિ શોધી કાઢી. એ વખતે એ અહીં ધંતૂરાની દીવાદાંડી પાછળ કોટાસની બંગલીએ રહ્યો. વિરમે સાવંતવાડીમાં પેશ્વના ખજાના વિશે એક કહેવત પણ સાંભળી હતી અને સાવંતની લ્હુણવહીમાં ય તેનો ઉલ્લેખ હતો, પેશ્વાચા ખજાના સમુદ્ર પીઉન ટાકળા આણિ ડોંગર ગીળુન ટાકલા (સમુદ્ર પી ગયો અને ડુંગર ગળી ગયો) પેઢીઓથી બોલાતી કહેવતનો સીધો અર્થ તો એવો થતો હતો કે પેશ્વાનો ખજાનો ક્યાંય હતો જ નહિ અથવા તો નાશ પામ્યો પણ વિરમે વિઠ્ઠલરાવની સમાધિ શોધી પછી તેને આ કહેવતમાં ય ગૂઢ અર્થ સંભળાતો હતો, કારણ કે વિઠ્ઠલરાવની સમાધિ જે જગ્યાએ હતી ત્યાં સુધી જવાનો રસ્તો ભરતીના સમયે દરિયો બંધ કરી દે અને ઓટ વખતે એ રસ્તો ખૂલી જાય. વિરમે એ કહેવતનો એવો મતલબ તારવ્યો કે પેશ્વાના ખજાના સુધી જતો રસ્તો અહીં સમુદ્ર પી ગયો તો પછી ખરો ખજાનો ક્યાંક ડુંગર ગળી ગયો હોવો જોઈએ. સૂતરના તાંતણા જેવા એ તર્ક પર લટકીને વિરમ છેક ખજાના સુધી પહોંચ્યો.'

બાબાજીએ એકધારું બોલીને શ્વાસ હેઠો મૂક્યો પણ ત્યાં સુધી ફાટી આંખે તેમને સાંભળી રહેલી રાવી ઉત્તેજનાથી શ્વાસ લેવાનું ય વીસરી જતી હતી અને અભિની આંખોમાં પારાવાર અચંબો છલકાતો હતો. વિરમે જબ્બર ભેજું લડાવ્યું હતું. આ રીતે છૂપાવેલો ખજાનો પેઢીઓ નહિ, સદીઓ સુધી છૂપો રહી શકે અને એ સાલો તેનું પગેરું લઈ આવ્યો હતો. તેણે મનોમન વિરમને સલામ કરી દીધી.

'બટ...' રાજાવતના થેલામાંથી મળેલા પ્રિન્ટઆઉટને ધ્યાનથી નીરખી રહેલી રાવીએ પૂછ્યું, 'અહીં કશાક બોગદા પાસેથી આ મેપ શરૂ થાય છે અને આસપાસ ગાઢ જંગલ, પહાડો અને કશુંક તળાવ જેવું પણ અહીં દર્શાવાયું છે. તો પછી આ વિસ્તારનો જાણકાર કોઈ પણ માણસ આ લોકેશન શોધી જ શકે ને?'

'આ પાંચસો કિલોમીટરની સીધી પટ્ટીમાં સાડા ત્રણસોથી ય વધારે બોગદાં છે. કેટલાંક કોંકણ રેલવેએ કોરેલાં છે તો કેટલાંક સદીઓથી નિસર્ગના પ્રવાહોએ કોતરેલા છે. જાણકાર માણસ પણ કેટકેટલાં બોગદાં ચેક કરશે? અને જંગલ કે પહાડની તો અહીં નવાઈ જ ક્યાં છે?'

'તો પછી આ મેપમાં મૂકેલી ચાર તસવીર?'

'એ તમારે શોધવું પડશે...' બાબાજીએ મોબાઇલ રાવીના હાથમાં થમાવતાં કહ્યું, 'વિરમે મને પણ ફક્ત એ બોગદાનું ઠેકાણું જ સમજાવ્યું છે. લેકિન બિટિયા...' તેમણે ઊંડો નિઃશ્વાસ છોડતાં પગથારની નીચે ભીની માટી પર સાંઠીકડા વડે કશુંક ચિતરામણ કરવા માંડ્યું, 'ચલો માન લો કિ તુમ વો ખજાને તક પહૂંચ ભી ગઈ... તો ભી ક્યા ફરક પડેગા?' તેમના અવાજમાં સ્વસ્થતા અને સ્વરમાં જલકમલવત્ બેપરવાઈ હતી. 'ઇતના સબ કુછ હો જાને કે બાવજૂદ ભી... તુમ વહાં તક પહૂંચના ચાહતી હો?'

બાબાજીના સવાલનો રાવી શું જવાબ આપે છે એ જોવા અભિ તત્પર આંખે તેને નીરખી રહ્યો. રાવી કશો જ જવાબ વાળ્યા વગર બાબાજીની આંખોમાં મૌનપણે આંખ પરોવી રહી.

'તુમ તો ઝિયાપીર કી દરગાહ હોકર યહાં આયે હો ના? ઝિયાપીર બાબા કા પૈગામ ક્યા થા, માલૂમ હૈ?'

ક્યા સાજ જડાઉં જર-ઝેવર, ક્યા શાહી લાખ સવારી કે
ક્યા ઘોડે જીન સુનહરી કે, ક્યા હાથી લાલ અંબારી કે
સબ ઠાઠ પડા રહ જાયેગા, જબ લાદ ચલેગા બંજારા...

'વિરમ આ પૅગામ પર બહુ જ અભિભૂત હતો... ક્યા કરોગે વો જર-ઝેવર કા? એ લખલૂટ ખજાનો, એ શાહી સૈન્ય, સોનેરી જીન પાથરેલા એ ઘોડા, એ લાલ અંબાડીમાં મદમાતા હાથીઓ... ક્યાં સુધી આ સ્થૂળ દસ્તાના કેફમાં દુનિયા બદલી નાંખવાનું ગુમાન સેવતા રહેશો? આ બધું ક્યાંય ફનાફાતિયા થઈ જશે... જબ લાદ ચલેગા બંજારા...' બાબાએ આકાશ ભણી આંગળી ચીંધીને બુલંદ સ્વરે કહ્યું ત્યારે અભિ અને રાવી મંત્રમુગ્ધ થઈને તેમને સાંભળી રહ્યાં, 'ઔર મુઝે લગતા હૈ, બંજારા અબ તક તુમ્હારા બહોત કુછ સામાન લાદ ચૂકા હૈ...'

'ના, હું જરાય પ્રારબ્ધવાદી નથી...' અભિની આંખમાં વંચાતો સવાલ તેની જીભ પર આવે એ પહેલાં જ બાબાજીએ કહી દીધું, 'પરિવર્તન લાવવાની તમારી ખ્વાહિશને હું સલામ કરું છું પણ મને લાગે છે કે પરિવર્તનની તમારી સમજ ખોટા આકાશમાં ઊડી રહી છે. ગર ખ્વાહિશ કી પતંગ પે સમજદારી કી દૌર નહીં હૈ તો ફિર... કિસી દિન કટ જાના હી વો ખ્વાહિશ કી તકદીર હોગી... સમજદારી વગરની ખ્વાહિશના તૂટેલા પથ્થરોમાંથી જે બોજ ચણાશે એ નરી હતાશા જ હશે.'

તેમણે ભીની માટીમાં બોગદા જેવો આકાર ચીતર્યો, 'ખજાના તો બેશકીમતી હોગા હી... લેકિન જબ તક આદમી કી સમજ બેશકીમતી નહીં હૈ તબ તક વો ખજાના નિયત ખરાબ કરતા રહેગા.' રાવી શૂન્યમનસ્કપણે સાંભળી રહી હતી. અભિની સ્તબ્ધ આંખોમાં નિરાકાર અસમંજસ ઘૂમરાતી હતી. વાત તો ખરી હતી, ખજાનો ધારો કે મળી પણ જાય તો ય કાલે ઊઠીને નવો કોઈ બિહોલા નહિ જાગે તેની શું ખાતરી? અરે, આપણને જ બિહોલાનું પ્રેત નહિ વળગે એ ય ક્યાં નક્કી છે? અને જે બદલવા માટે આ ખજાનાનો ભાર વેંઢારવો છે એ દુનિયા પોતે તો પોતાની શરતે અને પોતાના સમયે જ બદલાય છે. તો પછી...

'ના...' બાબાજીએ એકધારું બોલી લીધા પછી ત્રણે ય વચ્ચે ઘૂમરાતું મૌન રાવીના દૃઢ નકારથી તૂટ્યું, 'કોઈ પણ ભોગે, ગમે તેવી કિંમત ચૂકવીને પણ હું એ ખજાના સુધી તો પહોંચીશ જ...' અભિ અને બાબાજી સવાલિયા નજરે રાવીની મક્કમતાને ફંફોસી રહ્યા.

'કારણ કે હજુ ય મારા માટે એ સવાલ ઊભો જ છે... મારો બાપ શહીદ હતો કે ગદ્દાર?' તેની આંખોમાં આગનો ચમકારો, અવાજમાં છરીની ધાર જેવી તીક્ષ્ણતા અને ચહેરા પર ચટ્ટાન જેવી અડગતા હતી. 'આઈ નીડ ટુ આસ્ક બિહોલા... આઈ નીડ ટુ કન્ફ્રન્ટ હિમ... જો મેજર જામવાલ પણ મારી અને વિરમની માફક બિહોલાના રાષ્ટ્રવાદી છળનો શિકાર હતા તો મારે બિહોલાનો જવાબ લેવો જ રહ્યો... એન્ડ ધેટ્સ વ્હાય આઈ નીડ ટુ ગો ટુ પેશ્વાઝ ટ્રેઝર...'

તેણે ઊંડો શ્વાસ લીધો અને પછી અભિની સામે જોઈને ફિક્કું સ્મિત વેર્યું, 'વિરમ આ ખજાના વડે બિહોલા સાથે અમારા બંનેના સેઇફ પૅસેજની ડીલ કરવા માંગતો હતો બટ ઇટ્સ નોટ પોસિબલ નાવ... મને અને વિરમને બિહોલા જતા કરી દે તો પણ હવે અભિ ય આમાંથી નીકળવો જોઈએ... નોટ ઓન્લી ફ્રોમ બિહોલા... અભિ તદ્દન નિર્દોષ છે એ કાયદાની દૃષ્ટિએ પણ સાબિત થવું જોઈએ... તો જ એ તેની જિંદગીમાં

પાછો ફરી શકે.'

એ ઘડીભર અટકી. નીચે જોઈને દાંત વડે હોઠ કરડતી રહી. પછી અચાનક ઝાટકા સાથે તેણે ગરદન ઊંચકીને બાબાજીની આંખમાં આંખ પરોવીને કહ્યું, 'હું અને વિરમ તો અમારી દેશભક્તિની ભ્રમણાનું પરિણામ ભોગવીએ છીએ પણ અભિ કોઈ જ કારણ વિના માથા પર આતંકવાદી હોવાનું લેબલ ચિપકાવીને ફરી રહ્યો છે. એ ફરીથી એક જર્નાલિસ્ટ બની શકે... ફરીથી અભિમન્યુ રાવ બનીને તેની જિંદગીમાં ગૌરવભેર પાછો જઈ શકે એ માટે ય ગમે તેવું જોખમ લઈને પણ ટ્રેઝર સુધી જવું જ રહ્યું... ધેટ્સ ઇટ બાય ઓલ મીન્સ...'

અભિ મૌનપણે રાવીને નીરખી રહ્યો.

*

'ખેતરની પેલી દીવાલ પાસે એક દરવાજો પડે છે...' બાબાજીએ ભીની માટીમાં ચિતરામણ કરીને નકશો સમજાવવા માંડ્યો હતો અને રાવી સતર્કતાપૂર્વક બાબાજીએ કહેલો એક-એક શબ્દ સ્ટેનોગ્રાફરની ચોકસાઈથી કાચા અંદાજે નકશો દોરીને ટપકાવતી રહી. એ જ્યારે બાબાજી પાસે બેસીને રૂટ સમજી રહી હતી એટલી વારમાં અભિએ બાબાજીનું રસોડું ધમરોળી નાંખ્યું હતું. કાચા કેળાંની ચાર-પાંચ મોટી લૂમ, પ્લાસ્ટિકની મોટી કોથળીમાં ઘઉંનો લોટ, ઘી-તેલ, ગોળ, કાચાં શક્કરિયાં, મીઠું-મરચું અને કેટલાંક વાસણો લઈ શણના કોથળામાં એ બધું પૅક કર્યું. બાબાજીના કહેવા મુજબ, વિરમે ચીંધેલા રસ્તે છેલ્લા પડાવ સુધી પહોંચતા તેમને 48 કલાક થવાના હતા અને એ રસ્તે ચાંગળું પાણી પણ કોઈ પાવાવાળું મળવાનું ન હતું.

કોથળો ગાડીમાં મૂકીને તેણે વેપન અને એમ્યુનિશનની કિટ તૈયાર કરી નાંખી. ખબર નહિ કેમ, એ વખતે તેને બહુ જ તીવ્રતાથી સુમરા યાદ આવ્યા કર્યો. માનસિંહ મહાલ જતી વખતે તેણે પહેલી વાર એક શાર્પશૂટરને ઓપરેશન પર જતાં નિહાળ્યો હતો. ઝીણી-ઝીણી બાબતોની તેની તકેદારી, દરેક પરિસ્થિતિનો આગોતરો અંદાજ માંડી લેવાની તેની કોઠાસૂઝ... સાલાએ લિપગાર્ડની ટ્યૂબ પણ સામાનમાં મૂકી હતી. અભિએ આશ્ચર્યભેર તેને પૂછ્યું તો તેણે કહ્યું હતું કે, ચોમાસાની સિઝન છે. કદાચ વરસાદમાં લાંબો વખત પલળવાનું થાય તો એલોય સ્ટીલની બનેલી પિસ્તોલની ચૅમ્બર સજ્જડ પણ થઈ જાય. એ વખતે પેટ્રોલિયમ જેલી તેના પર ઘસવાથી ચૅમ્બરનું રોટર માખણની જેમ ઘૂમતું રહે! હિંદવાણની ખાડીમાં તેણે મોબાઈલના મિસ્ડ કોલ અને કોન્સ્ટન્ટ રિંગનો તદ્દન મૌલિક સંકેત આપ્યો હતો. મિલ રોડ ફાર્મહાઉસ પર હલ્લો કરતી વખતે એ સાલો નાડાછડી લઈ આવ્યો.

અભિએ વેપન કિટમાંથી સુમરાની ફેવરિટ હેકલર એન્ડ કોચ પી-30 કાઢીને તેના કુંદાને ભાવપૂર્વક ચૂમી લીધો. ઝંઝાવાતના સાતમા કોઠામાં તેઓ પ્રવેશી રહ્યા હતા અને ત્યારે જ 'અભરામ સુમરા હવે નથી' એ અહેસાસ અભિનું હૈયું ઉતરડી નાંખતો હતો. તે ક્યાંય સુધી સજળ આંખે સુમરાની ગનને જોઈ રહ્યો અને પછી સંભાળપૂર્વક એ ગન તેણે કમરે ખોસી.

રાતભર તમરાંના તીણા સિસકારા અને દૂર પહાડીઓમાં ક્યાંક કારમી લારી નાંખતા શિયાળવાંના ડરામણા અવાજો વચ્ચે અભિ અને રાવી અજંપાના ભાર તળે પડખાં ઘસતાં રહ્યાં. મળસકે માંડ આંખ મીંચાઈ ત્યાં બાબાજી તેમને ઊઠાડી રહ્યા હતા. બંને તૈયાર થઈને કોટેજની બહાર નીકળ્યા ત્યારે પણ હજુ ભળભાંખળું થયું ન હતું. બાબાજી ઓસરીની ધાર પર અઢેલીને ઊભા હતા.

એક પણ અક્ષર બોલ્યા વિના બાબાજીએ વહાલપૂર્વક અભિના ગાલ પર હાથ પસવાર્યો અને રાવીના વાળમાં

આંગળાં પરોવીને બંનેને વિદાય આપી.

'બાબાજી...' થોડાં ડગલાં આગળ જઈને અભિ પાછો ફર્યો અને તેણે ફરીથી બાબાજીના હાથ પકડી લીધા. તેની આંખોમાં સાચુકલો અચંબો અને સ્વરમાં અહોભાવ હતો, 'આઈ ડોન્ટ નો, વેધર આઈ શૂડ આસ્ક ઓર નોટ બટ... વિલ યુ પ્લીઝ ટેલ મી...'

'હુ એમ આઈ, રાઇટ?' બાબાજીએ તેનો સવાલ પારખીને અધવચ્ચે જ અનુમાન આપી દીધું. અભિના પંજા સાથે ભીંસાયેલા તેમના હાથમાંથી સકળ માયાળુપણું વહીને અભિનાં રૂંવેરૂંવે મહોરી રહ્યું હતું, 'મૈં કહૂં કિ મૈં યે હૂં, મૈં વો હૂં, વો નહિ હૂં... ક્યા ફરક પડતા હૈ?' તેમના સ્વરમાં વહેતી પ્રગલ્ભતા અભિને અજબ શાતા આપતી હતી.

'આ પહેલાં હું શું હતો એ જાણીને શો ફરક પડવાનો... જબ કી આજ મૈં ક્યા હૂં, ક્યા કર રહા હૂં વો તેરે સામને હૈ?' તેમણે અભિના ખભા ફરતો હાથ વિંટાળ્યો, રાવી ફોર્ચ્યુનરમાં સામાન ગોઠવીને અંદર બેસી ચૂકી હતી. 'ફિર સે ગાલિબ યાદ કરું તો બોર હોકર મુઝે મારોગે તો નહીં ના?' બાબાજીની ગમ્મતથી અભિએ સ્મિતભેર ડોકું ધુણાવી હકાર ભણ્યો.

ન થા કુછ તો ખુદા થા, કુછ ન હોતા તો ખુદા હોતા,

ડુબોયા મુજ કો હોને ને, ન હોતા મૈં તો ક્યા હોતા.

આપણો આ પહાડ જેવડો 'હું' જ બધી સમસ્યાનું મૂળ છે એવું પામી ગયેલો હું એક માણસ છું. બસ, આટલું જ યાદ રાખ.' પછી તેમણે અભિના ખભા પર સ્મિતભેર ધબ્બો મારીને ઉમેર્યું, 'મારું નામ કંઈ પણ હોય... હું માણસની ગુડનેસ... સારાપણાં પરની શ્રદ્ધા છું... હું તારી નિયતિએ તારા કપાળ પર લખેલી માણસાઈની રેખા છું... હું પ્રેમ છું, હૂંફ છું, રકીબ ભી હૂં ઔર હબીબ ભી હું... હમસફર ભી હું ઔર રાહબર ભી હું... બસ ઈતના હી યાદ રખ... ક્યોંકિ મેરે જાને કે સાથ મેરા હોના, મેરા નામ તો ચલા જાયેગા... લેકિન યે સબ બચેગા તેરે અંદર... બાબાજી બનકર...'

અભિ ભાવવિભોર બનીને બાબાજીને વળગી પડ્યો, 'પાછા આવીને તમારી સાથે બહુ બધી વાતો કરવી છે બાબાજી...' એ સજળ આંખે ગાડીમાં બેઠો. ઇગ્નિશન ઓન કરીને સ્ટિયરિંગ ઘુમાવ્યું ત્યારે પૂર્વ દિશાએથી વહેલી સવારનો અજવાસ ધીમે ધીમે પહાડીનો ઢાળ ઊતરીને તેના ચહેરાને રોશન કરી રહ્યો હતો.

*

આત્મજ્યોતિ આશ્રમના ખેતર તરફના દરવાજેથી સીધા રસ્તે અઢી-ત્રણ કિલોમીટરના અંતરે બરખોળની દીવાદાંડી દેખાતી હતી. દીવાદાંડીથી સહેજ દક્ષિણે જતી કાચી સડક પર તેમણે ફોર્ચ્યુનર વાળી. વાંસ, રાવણતાડ, નાળિયેરી અને પાંગરાનાં ઘેઘૂર, ઊંચાં વૃક્ષોથી છવાયેલું જંગલ આંખો ચોળીને વહેલી સવારની આ ઘરઘરાટીને જોઈ રહ્યું. બાર કિલોમીટર પછી જંગલ પાંખું થવા માંડ્યું હતું. ફોર્ચ્યુનરના ટાયર તળેની જમીનનો ઘાટ પણ બદલાવા માંડ્યો હતો. રાવીએ બાબાજીએ કહ્યા પ્રમાણે દોરેલા નકશા ભણી નજર માંડી. જુન્નરની ખાડી નજીક આવી રહ્યાની એ નિશાની હતી.

ભરતીના સમયે ખાડીમાં દરિયો ફરી વળે અને એટલું પાણી ભરાઈ જાય કે નાનકડાં વહાણ પણ ચાલી જાય. એ જ જગ્યાએ ઓટ આવે એટલે સડસડાટ પાણી વહી જાય અને સમથળ જમીન ખુલ્લી થઈ જાય. ઓટ

વખતે એ એટલી ઝડપભેર સુકાઈને નક્કર થઈ જાય કે કોઈ અજાણ્યો આદમી તો વિશ્વાસ જ ન કરી શકે કે ઘડીભર પહેલાં અહીં દરિયો હિલોળાતો હતો. જિપ્સમની ઊંચી માત્રા ધરાવતી એ જમીનમાં સાધારણ કરતાં ત્રણ ગણી ઝડપે પાણી શોષાઈ જતું હતું. એટલે ભરતી વખતે જ્યાંથી વહાણ ચાલી શકે એ જ જગ્યાએથી ભરતી ઓસરે તેના એકાદ કલાકમાં વાહન પણ પસાર થઈ શકતાં.

'ભરતી ઓસરવાની તૈયારી હોવી જોઈએ' રાવીએ ડૅશબોર્ડ પરની ડિજિટલ ક્લોકમાં નજર માંડીને કહ્યું. જુન્નરની ખાડીનો ઢાળ ઊતરતાં સુધીમાં તો હવે રડ્યાં-ખડ્યાં વૃક્ષો ય દેખાતાં બંધ થઈ ગયાં હતાં અને હેડલાઇટ ચાલુ ન હોય તો ઊંડી ખીણમાં ગાડી ગબડી પડતી હોય તેવો આભાસ થાય એટલો તીવ્ર ઢોળાવ શરૂ થઈ ગયો હતો. અભિમન્યુએ સતત ક્લચ, એક્સિલેટર અને બ્રેક વચ્ચે પગ ઘુમાવીને સલૂકાઈપૂર્વક ફોર્ચ્યુનરને નીચે ઉતારી.

હવે હેડલાઇટના ઉજાસમાં ધરતીની છેડતી કરીને ફરી દરિયા દીમનાં ભાગી રહેલાં મોજાંની કિલકારી હિલોળાતી હતી. જુન્નરની ખાડીમાં પ્રવેશતા એ ઢોળાવ પર ત્રણ દિશાએ દીવાદાંડીના ત્રણ શેરડા આકાશની મૌન સ્તબ્ધતામાં ઘૂમરાતા હતા. ધરતી અને દરિયાનું આ અજીબ સંગમસ્થાન હતું. પહાડની ભીષણ કરાડ વચ્ચે નિસર્ગના અદશ્ય હાથે છરી વડે કાપો મૂકીને 'વી' શેઈપમાં મસમોટું ભગદાળું કાપી લીધું હતું. વી શેઇપના પહોળા છેડા તરફ દરિયો ઘૂઘવતો હતો. સાંકડા છેડે તોતિંગ કરાડો સાથે યુગો સુધી માથા અફળાવીને જિદ્દી દરિયાએ પહાડનાં પડખાં કોરી નાંખ્યા હતાં.

ઊગતા સૂરજના આછા અજવાસમાં ધરતી અને સમુદ્રના રોમાંચક પ્રણયને બંને સ્તબ્ધ આંખે જોઈ રહ્યાં. સાંકડા છેડા તરફની જમીન હવે ધીરે ધીરે ખુલ્લી થઈ રહી હતી અને રાતભર પ્રેયસીને સંતૃપ્ત કરીને ફુલાતો દરિયો જાણે મગરૂર ચાલે છાતી કાઢતો પાછો જઈ રહ્યો હતો.

ખાસ્સા પોણા કલાક પછી તેમણે ધીમે ધીમે ફોર્ચ્યુનરને ખાડીમાં ઉતારી. ખડકાળ, બંજર જમીનની ઉપરની સપાટી સહેજ નરમ હતી પણ ગાડી સલૂકાઈથી આગળ વધી શકે તેમ હતી. અજવાળું ધીમે ધીમે વધી રહ્યું હતું તેમ છતાં ય અભિએ હેડલાઇટ ચાલુ રાખીને પહાડના કોરાયેલા પડખામાં ડીપર ફેંક્યું. ત્રાંસમાં ઊભેલી એ આખી કરાડ લગભગ ત્રીસેક ફૂટ સુધી દરિયાના વેગીલા મોજાંનો માર ખાઈને ઊબડખાબડ વહેરાઈ ગઈ હતી. અભિએ ગાડી અંદર દાખલ કરી એ સાથે કુદરતની આ અજબ ફાંટાબાજી જોઈને બે યનું મોં આશ્ચર્યથી પહોળું થઈ ગયું હતું.

યુગોથી અહીં અડાબીડ ઊભેલા એ કરાલ પહાડોની ક્યાંય સુધી ફેલાયેલી હારમાળામાં ત્રાંસમાં ઊભેલી આ એકમાત્ર એવી પાતળી કરાડ હતી, જેને દરિયાના પાણીએ કોરી નાંખતાં વાંકોચૂકો રસ્તો કાચી સડક ભણી નીકળતો હતો.

રાવીએ ફરીથી અભિની સામે નકશો ધર્યો. હવે અહીંથી ત્રીસ કિલોમીટર સીધા જવાનું હતું અને ત્યાંથી 15 અંશના ખૂણે દક્ષિણ-પૂર્વ તરફ આ પહાડીઓમાં જ ક્યાંક વિઠ્ઠલરાવ સાવંતની સમાધિ હતી.

દોઢસો વર્ષથી છુપાયેલા નાનાસાહેબ પેશ્વાના ખજાના તરફ લઈ જતી એ પહેલી કડી...

* * *

~

નકશામાં દર્શાવ્યા પ્રમાણે, બોગદામાંથી કાચી સડક પર પહોંચીને 30 કિલોમીટર પછી તેમણે 15 અંશના ખૂણે પૂર્વ-દક્ષિણમાં વળવાનું હતું. અડાબીડ જંગલ અને કાળમીંઢ પહાડો વચ્ચેથી રસ્તો કાઢીને તેમણે સાવંતની સમાધિ શોધી ત્યાં સુધીમાં બપોર જામી ચૂકી હતી. સાફ આકાશમાં રૂના પોલ જેવાં વાદળોના ફરકાટ તળે તેમણે જંગલ ખૂંદવા માંડ્યું હતું.

લગભગ ચારેક કલાકની આંધળી જહેમત પછી નકશામાં દર્શાવાયેલી દિશાએ ગીચોગીચ ઝાડીઓ વચ્ચેથી વહેતા ઝરણાના કાંઠે વિઠ્ઠલરાવ સાવંતની સમાધિ મળી. વીસેક ફૂટ લાંબા અને સાત-આઠ ફૂટ પહોળા ઓટલા પર જડેલા રેતિયા પથ્થરની ફર્શ, ખરબચડી ગોબાળી ભોંયના એક છેડે ચૂનો ધોળેલી ચારેક ફૂટ ઊંચી દેરી, દેરીની અંદર ખાંભી, સિંદૂર લીંપેલી ખાંભીની સામે નાનકડા થાળા પર ટેકવેલું પથ્થરનું શિવલિંગ. પહેલાં તેમણે ધ્યાનથી દહેરીનું નિરીક્ષણ કર્યું.

ખૂણામાં એક તૂટેલું બાકસ, દીવડાના ઉજાસની ઝંખનામાં વર્ષોથી ઝૂરતાં હોય તેવાં માટીના બે ઉદાસ કોડિયાં અને સિંદૂરિયા થાપાની અપેક્ષાએ તરડાઈ ગયેલી દીવાલો પર જામેલી બબ્બે આંગળ જાડી ધૂળ... ખાંભી પર ઢંગધડા વગર અણઘડ હાથે કોતરેલા અક્ષરોમાં જૂની ઢબની મરાઠી લિપિમાં કશુંક લખાયેલું હતું. પૂરતો અજવાસ છતાં રાવીએ ટોર્ચ ફેંકીને અક્ષરો ઉકેલવા મથામણ કરી ત્યારે માંડ વંચાયું, 'વિઠ્ઠલરાવ દાજીરાવ સાવંત ઈથે ઝોપલે આહે (વિઠ્ઠલરાવ દાજીરાવ સાવંત અહીં સૂતા છે) માઘ શુ. 6, વિ.સં. 1941'

અભિને મરાઠી તો ન સમજાયું પણ અંગ્રેજોની કબરો પર કોતરાયેલા એપિટાફ જેવું જ આ કંઈક છે એ તે સમજી ચૂક્યો. તારીખ વાંચીને તેણે મનોમન ગણતરી માંડી લીધી. વિક્રમ સંવત 1941ની આ ખાંભી હતી મતલબ કે, ઈ.સ. 1885માં વિઠ્ઠલરાવનો દેહાંત થયો હતો. પરંતુ આટલા અમથા લખાણમાં તો આગળની કડીનો કંઈ અણસાર મળે તેમ ન હતો. તેમણે ધારી-ધારીને દેરીની દરેક દીવાલ ચેક કરવા માંડી ત્યારે દેરીના ડાબા પડખાની દીવાલ પર ધૂળના થર હેઠળ દટાઈ જવા આવેલા અક્ષરો વંચાયા.

રાવી એ સાફ કરવા ગઈ કે તરત અભિએ તેને રોકી, 'નો... લિવ ઇટ એઝ ઇટ વોઝ. અહીં દાયકાઓથી કોઈ આવ્યું હોય તેમ જણાતું નથી. આપણે પણ આ દેરીને આમ જ નિર્જન રહેવા દઈએ.'

સાંકડી દેરીમાં પરાણે માથું ઘાલીને તેણે આંખો ફાડીને દીવાલ પરનું લખાણ ઉકેલ્યું. ત્યાં ત્રણ લીટીમાં લખાયેલું હતું,

'કુંભેશ્વર મહાદેવ પ્રસન્નોસ્તુ. કુંભા કઢે સગળી ઉપાધ્યા ચા ઉકેલ આહે. કુંભેશ્વરો વિજયતેતરામ.'

અભિના ચહેરા પર રાહત અને દેરીની બહાર અધૂકડી ઝળૂંબીને ડોકિયું કરી રહેલી રાવીના ચહેરા પર ઉત્સુકતા હતી. અભિએ સ્મિતભેર તેની સામે નકશો ધર્યો, બીજા સ્ટેજમાં દર્શાવેલા મંદિર ભણી આંગળી ચીંધી અને પીઠ પાછળ બાંધેલા હેવરસેકમાંથી કંપાસબોક્સ કાઢ્યું.

ધર્મભીરુ આસ્થાળુની પરંપરાગત શ્રદ્ધાભરી ભાષામાં લખાયેલો એ સંદેશો હવે અહીંથી 65 કિલોમીટર દૂર ઈશાન ખૂણે કુંભેશ્વર મહાદેવના મંદિર તરફનો રસ્તો ચીંધતો હતો.

*

બીજા પડાવ સુધી પહોંચવામાં તેમને રીતસર પરસેવો છૂટી ગયો. પહાડોના આકરા ઢોળાવ પૂરા થાય કે અચાનક અડાબીડ જંગલની નરમ, કાદવયાળી જમીન આવી જાય અને તેમાંથી પાર નીકળો ત્યાં ઢીંચણ સમાણાં વહેળાં પસાર કરવાના થાય. અભિ બહુ સંભાળપૂર્વક ડ્રાઇવિંગ કરતો રહ્યો અને રાવી કંપાસ-બોક્સના કાંટાને એકીટશે નીરખતી રહી. અંતર અને ખૂણાનો જરાક સરખો ય મેળ ચૂક્યા તો જિંદગીભર અહીં ઘૂમતા રહો અને તો ય કુંભેશ્વર મહાદેવનો પતો તો ન જ લાગે એ નિશ્ચિત હતું.

પણ વિરમના નકશામાં બેમિસાલ ચોકસાઈ હતી. ફોર્ચ્યુનરનું ટ્રિપમીટર બરાબર 65 કિલોમીટરનું અંતર દર્શાવતું હતું ત્યારે ગાડીના બોનેટ પર ઊભા રહીને બાઇનોક્યુલર વડે પહાડી નીરખી રહેલા અભિમન્યુએ ગાઢ ઝાડીની પાછળ એક ઇમારત જેવું કશુંક નિહાળ્યું. રાવીએ ટેલિસ્કોપિક ગન વડે ત્યાં કવર ફાયર માટે પોઝિશન લીધી અને અભિ એક વિકરાળ ભેખડની ધાર ચડીને ઝાડીમાં પ્રવેશ્યો ત્યારે તેની આંખમાં કૌતુક લબકારા મારતું હતું.

નાળિયેરી અને આંબલીનાં ઘેઘૂર ઊંચા વૃક્ષો ફરતી બોરડીની નૈસર્ગિક વાડથી ઘેરાયેલી એક સમથળ ચટ્ટાન પર કોઈ પુરાતન મંદિર જેવું બાંધકામ હતું. બે મોટા ગુંબજ વચ્ચે નકશીદાર કમાનમાંથી પસાર થતાં જરાક મોટા બાકોરા જેવા ત્રણ દરવાજા, દાયકાઓથી વગડાઉ હવાનું જોર સહીને માવજતના અભાવે બોખી થઈ ગયેલી દીવાલો, મોટા ગુંબજ પર ઝળૂંબતું ખીજડાનું ઘેઘૂર ઝાડ અને પવનમાં આમતેમ ઝૂલતાં પાંદડાંનો ભેંકાર સ્તબ્ધતામાં ખખડતો ડરામણો અવાજ... આથમતી સાંજે અભિની સ્તબ્ધ આંખોમાં ઘડીભર અવાવરું સન્નાટો ભોંકાઈ રહ્યો. પછી હિંમત એકઠી કરીને તેણે વચ્ચેના બાકોરા વાટે તદ્દન સૂમસામ ચોગાનમાં પગ માંડ્યો.

અંદર મોટા ગુંબજ ભણી જતી પગથાર ચારે બાજુથી તૂટેલી હતી અને આરસની તૂટેલી છીપરનો ઢગલો જ્યાં-ત્યાં વેરાયેલો પડ્યો હતો. દાયકાઓથી થીજી ગયેલા ભેંકારપણાનો કોહવાટ હવામાં ઘૂમરાતો હતો. ચારેક પગથિયા ચડીને અભિએ અંદર ડોકિયું કર્યું. એ મંદિરનું ગર્ભસ્થાન હતું. આગળની તરફ પોઠિયાનું માથું સમયના ભારથી તૂટીને ત્યાં જ ઢબૂકી ગયું હતું અને કાચબાની ઊંચી થયેલી ડોક નીચે બંધિયારપણાની ધૂળનો ડૂચો ભરાઈ ગયો હતો. ગોખલામાં હનુમાન અને ગણેશની મૂર્તિઓ પર કબૂતરોએ બાંધેલા માળાના તણખલાં વેરાયેલાં પડ્યાં હતાં અને તેમાંથી તૂટેલા, સડેલાં ઈંડાંની ખાટી બદબૂ ફેંકાતી હતી.

અભિ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતો આગળ ધપ્યો. દોઢ સદી પહેલાં આ સાવંતોના શૂરાપૂરાનું થાનક હતું. સાવંત મોભીનો દીકરો પરણે ત્યારે છેડાછેડી અહીં છૂટતી હશે... પગથાર પર ઢાલ, તલવાર મૂકીને સાવંતનો વરરાજો અહીં મોજડી કાઢતો હશે... નવી પરણેલી તેની ઓરત છાતી સુધી ઘૂંઘટો તાણીને મલપતી ચાલે આ ઓટલો ઠેકીને ગર્ભગૃહમાં બાજઠ પર બેસતી હશે... આજે વેરાન ભાસતો એક-એક ગોખલો દીવડાઓની રોશનીથી રંગીન થતો હશે... પિત્તળના ઘંટ પર અથડાતા ટકોરાનો રણકાર ગુંજતો હશે... હારબંધ ઊભેલા મરાઠાઓ બેય હાથ છાતી સમાણા સીધા કરીને ત્રીજી આંગળીએ જનોઈ વીંટાળીને જલાભિષેક આપતા હશે અને ત્યારે આ લીલોછમ વગડો ય સૂર પુરાવતો હશે... ઓમ્ ત્ર્યંબકમ્ યજામહે સુગન્ધિમ્ પુષ્ટિવર્ધનમ્...

અચાનક પરસાળમાં કબૂતરોએ ઊડાઊડ કરી મૂકી એટલે તેમની પાંખોના ફફડાટથી અભિની આંખોમાં અંજાયેલો સમય હરણફાળ ભરીને વર્તમાનમાં પાછો ફર્યો. ગર્ભગૃહ ખાસ્સું પહોળું હતું. ચારેક ફૂટ પહોળા થાળા પર જડેલું શિવલિંગ, ગર્ભગૃહની દીવાલો પર દરેક દિશાએ કોરેલા ગોખલા, ઉપર ઘુમ્મટની બખોલમાંથી ડોકિયું કરીને દાયકાઓ પછીના પગરવને કૌતુકભેર નિહાળતા ચામાચીડિયાં અને પિત્તળના

ઘંટના ઝુરાપામાં વાંઝિયા લાગતા સાંકળ વગરના હૂક... દાયકાઓ પુરાણુ આ મંદિર આજે અ-પૂજ હાલતમાં સાવ જર્જરિત થઈ ચૂક્યું હતું.

અભિએ સહેજ નીચે ઝૂકીને શિવલિંગ ચકાસ્યું. અહીં કશુંક લખાયેલું મળે તેવી આશાએ કોતરેલા અક્ષરનો આકાર પામવા હાથ પણ ફંફોસી જોયો. ત્યાં કશું જ કોતરેલું જણાતું ન હતું. તે પાંચ-સાત ડગલાં પાછો હઠ્યો અને ગર્ભગૃહને ફરીથી નીરખ્યું ત્યારે મંદિરની પછીતે એક સાંકડું જાળિયું તેના ધ્યાનમાં આવ્યું. ગર્ભગૃહમાં હવા-ઉજાસની આવ-જા માટે મૂકેલા એ જાળિયામાંથી અંદર ફેંકાતા પ્રકાશના ચાંદરણાની પૅટર્ન નિહાળીને એ ચોંક્યો. દૂરથી સાધારણ જાળિયા જેવી લાગતી એ કોતરણીમાં ઊંધા મૂકેલા ઘડાનો આકાર હતો. તૂટેલી દીવાલમાં પગ ભેરવીને તેણે બાકોરૂં વધુ પહોળું કર્યું અને તેમાં પગ ટેકવીને એ જરાક ઊંચો થયો. કુંભ આકારના એ જાળિયાની બરાબર નીચે એક તકતી જડેલી હતી, જેના પર લખ્યું હતું...

'દામોદરચ્યા દારી ઊભા જય કુંભેશ્વર નાથ... (દામોદરના દ્વારે ઊભા જય કુંભેશ્વર નાથ')

આહ્હ્હ્... ખુશખુશાલ અભિએ સાતેક ફૂટની ઊંચાઈથી સીધી નીચે છલાંગ જ મારી દીધી. વિઠ્ઠલરાવની પેઢીમાં થઈ ગયેલા દામોદરરાવે વેરાન પહાડીઓ પર દરિયાની બરાબર સામે ખાસ્સી ઊંચાઈ પર ઐયાશી માટે એક કોઠી બંધાવી હતી. દામોદરગઢ તરીકે ઓળખાતી એ ઇમારત પરાણે ઉઠાવી જવાયેલી કોઈ લાચાર ઓરતના કલ્પાંતથી ભેંકાર ખંડેર બની ચૂકી હોવાની માન્યતા હતી અને દોઢસો વર્ષથી તો ત્યાં ભાગ્યે જ કોઈ પગ માંડતું હતું. અભિ કે રાવીને એ ઇમારતનું નામ કે તેના ઇતિહાસની કશી જ ખબર ન હતી પણ તેમને એ જાણકારીની જરૂર પણ ન હતી કારણ કે વિરમે નકશામાં ત્રીજી કડી તરીકે એ દામોદરગઢની તૂટેલી દિવાલો અને બારણાનો ફોટો મૂક્યો જ હતો.

દોઢ સદી પહેલાં થઈ ગયેલા એ અભણ છતાં ભેજાબાજ વિઠ્ઠલરાવ સાવંતની ખજાનો સાચવવાની કાબેલિયત પર અભિમન્યુ આફરીન થઈ ગયો હતો. પહેલી કડીમાં 'કુંભા કઢે સગળી ઉપાધ્યા ચા ઉકેલ આહે' જેવું મભમપણે કહીને કુંભમાં જ બીજો સંદેશ હોવાનું વણી લેવાયું હતું અને અહીં ત્રીજા ઠેકાણે કોઈક દરવાજામાં, ક્યાંક બારસાખમાં ચોથી કડી હોવાનો સંકેત હતો. જેને ફક્ત આ સ્થળોની ઓળખ હોય એ શ્રદ્ધાની ભાષામાં લખાયેલાં વાક્યોમાં છુપાયેલો ગૂઢ સંકેત પામી ન શકે અને જેની પાસે ફક્ત નકશો હોય એ કદી વેરવિખેર દુર્ગમ સ્થાનોએ પથરાયેલાં આ સ્થળો શોધી ન શકે. મરાઠા પરંપરાની જાણકારી, અહીંની ભૂગોળનો અભ્યાસ અને સંકેતો ઉકેલવાની સક્ષમ તર્કશક્તિ હોય ત્યારે જ ચારે ય કડી ઉકેલી શકાય.

વિઠ્ઠલરાવ પછી અભિએ કાબેલિયતની બીજી સલામ મનોમન વિરમને કરી લીધી.

*

સાંજ ઢળી એ સાથે તેમણે પ્રમાણમાં સમથળ જમીન પર ફોર્ચ્યુનર પાર્ક કરી. આસપાસથી કરગઠિયાં વીણીને અભિએ ચૂલો પેટાવ્યો. ઝરણામાંથી ભરેલો કેરબો તપેલામાં ઠાલવી તેમાં શક્કરિયાં બાફ્યાં પછી બીજા તપેલામાં દાળ-ચોખા મૂકીને ખીચડી રાંધી. બાફેલાં શક્કરિયાં પર મીઠું, મરચું ભભરાવીને તેણે શાહી ખાનસામાના ઠાઠથી પીરસ્યું ત્યારે તેને એકીટશે જોઈ રહેલી રાવીની આંખોમાં વહાલપ ઊભરાતી હતી. બે કલાકની ઊંઘ અને બે કલાક પહેરો ભરવાના, એમ વારાફરતી તેમણે ગાડીમાં જ ઊંઘ લઈ લીધી. સવારે ટેકરીઓનો ઢાળ ઊતરતો વહેલી સવારનો ઉજાસ રાવીની આંખમાં અંજાયો ત્યારે અભિ ફોર્ચ્યુનરના ગ્લાસ પર બાઝેલી ભીનાશ સાફ કરી રહ્યો હતો.

*

ગઈ કાલે આખા દિવસની આ બંજર રઝળપાટ દરમિયાન ક્યાંય એક માણસ સુધ્ધાં જોવા મળ્યો ન હતો. તેમ છતાં ય આખા રસ્તે તે બંને સતર્ક રહેતાં હતાં. એક જણ ડ્રાઇવિંગ કરે ત્યારે બીજાએ આજુ-બાજુ, આગળ-પાછળ નજર રાખતાં રહેવાની એ ક્રમ જાળવીને તેઓ ત્રીજો પડાવ પાર કરી ચૂક્યાં હતાં. કુંભેશ્વર મહાદેવથી 38 કિલોમીટરના અંતરે નાકની દાંડીએ તેમણે જંગલ વચ્ચેથી પસાર થતી લીલીછમ પગદંડી પકડી રાખી હતી. આ વિસ્તારની ધરતીનું સ્વરૂપ ખાસ્સું બદલાતું હતું. પહાડો અહીં બિહામણો ચહેરો ફગાવીને રળિયામણો ઢાળ ઊતરી રહ્યા હતા. એવા જ એક નયનરમ્ય ઢોળાવ પર આશરે 200 વર્ષ પહેલાં બંધાયેલી દામોદરગઢની ઇમારતના જર્જરિત ખંડેરો ઊભા હતા. સમયની થપાટમાં અવગણનાના ભાર તળે ભીંતો ઢગલો થઈને જમીનદોસ્ત થઈ ચૂકી હતી અને પથ્થરનાં મજબૂત પીઢિયાંના સહારે લાકડાની સડી ગયેલી ફ્રેમ પડવાના વાંકે લટકતી હતી. એવી જ એક બારસાખ પર ખીલી જેવા કોઈ અણીદાર ઓજારથી ભાર દઈને લખાયેલું હતું, 'રૂકમિ આઈ રક્ષે ગુફાલ... સાવંત ચા જીવતર કરા સફાલ (રૂકમિ દેવી ગુફાનું રક્ષણ કરે... સાવંતની જિંદગીને સફળ કરે')

—અને નકશામાં એ ચોથી કડીમાં 40 કિલોમીટરના અંતરે વાયવ્ય ખૂણે કોઈ કરાલ પર્વતની તસવીર હતી. એ જ રૂકમિ માતાની ગુફા હોવી જોઈએ... ખજાનાનો છેલ્લો પડાવ...

બપોર ઢળી એ પહેલાં જ તેઓ ચોથી અને આખરી કડી તરફ ચાલી નીકળ્યાં હતાં. હવે તેમણે એકધારું ચઢાણ કરવાનું હતું. રસ્તા જેવું કશું હતું જ નહિ. ખડકના ધીમે ધીમે ઊંચકાતા ઢોળાવ પર ઘનઘોર વૃક્ષો વચ્ચેથી તેમણે દિશાભાન અને અંતરનો ક્યાસ ચૂક્યા વિના રસ્તો કરતા જવાનું હતું. લગભગ વીસેક મિનિટ પછી અભિને કેડીની ડાબી તરફ પહાડીમાં કશીક હલચલ થતી હોવાનો અંદેશો જાગ્યો.

'એક મિનિટ...' અભિએ ગિયર સાથે જકડાયેલો રાવીનો હાથ દાબ્યો. એ પોતાની બાજુના કાચમાંથી કશેક ઊંચે નીરખી રહ્યો હતો, 'આઈ હૅવ સીન સર્ટેઇન મૂવમૅન્ટ ધેર...' તેણે બટન પૂશ કરીને ગ્લાસ નીચે ઉતાર્યો અને ફરીથી પહાડીની દિશામાં બાઇનોક્યુલર માંડ્યું. લગભગ અઢીસો ફૂટ ઊંચે પહાડની સડક પર ઝળૂંબતી ધાર પર ઊભેલો એક આદમી ફોર્ચ્યુનરની આગળની દિશાએ નીરખી રહ્યો હતો.

'સ્ટોપ...' અભિના મોંમાંથી શબ્દો નીકળ્યા એ પહેલાં જ સતર્ક રાવીએ ફોર્ચ્યુનરને સજ્જડ બ્રેક મારી દીધી હતી. ઘટાટોપ જંગલને લીધે હજુ સુધી તેમની ગાડી ધ્યાને ચડી ન હતી પરંતુ હવે એ જોખમ લઈ શકાય તેમ ન હતું.

અભિ પછી હવે રાવીએ પણ બાઇનોક્યુલરથી એ આદમીને નીરખ્યો. ઓલિવ કલરનું હન્ટર બોગી ટ્રાઉઝર, બ્લૅક ટી-શર્ટ પર કમર ફરતો બાંધેલો હેવરસેક, ખભા પર લટકતી ટેલિસ્કોપિક ગન અને આંખ પર મંડાયેલું હાઈવિઝન બાયનોક્યુલર... એ બિહોલાનો જ આદમી હતો.

રાવીએ અભિની સામે જોયું ત્યારે તેના હોઠ દઢતાથી દાંત તળે ભીંસાઈ રહ્યા હતા. તેની આંખોમાં છંછેડાયેલી વાઘણનું ઝનૂન હતું. તેણે ડૅશબોર્ડ પરથી બૅરેટા ગન ઊઠાવી. ખરાખરીની ઘડી આવી ચૂકી હતી.

—પણ અભિની આંખોમાં હજુ ય તાજુબી હતી. બિહોલા અહીં સુધી પહોંચ્યો કઈ રીતે?

*

બાબાજીએ બેરહમ યાતના સહન કર્યા પછી ય મોં ખોલ્યું ન હતું. બિહોલાએ તેના હાથની આંગળીઓના સાંધા એક-એક કરીને તોડી નાંખ્યા તો પણ એ બુઢ્ઢો અપાર દર્દથી કણસીને બેહોશ થયો ત્યાં સુધી 'માલા માહિત નાહિ... મને કશી જ ખબર નથી'નું રટણ કરતો રહ્યો. બિહોલાએ જો એ એન્ક્રિપ્ટેડ મેપમાં વિરમનો ટૅક્સ્ટ મૅસેજ વાંચ્યો ન હોત તો બાબાજીની દૃઢતાથી ઘડીભર એ પણ માની જ લેત કે અભિ અને રાવીએ ભૂલા પડેલા પ્રવાસીઓ તરીકે અહીં રાતવાસો કર્યો હશે અને બાબાજી તેમની અસલિયતથી તદ્દન બેખબર હશે, પણ ખંધો બિહોલા હવે છાલ છોડે તેમ ન હતો.

બેહોશ બાબાજીને હોશમાં લાવવા તેણે આદમીઓને સૂચના આપી. આશ્રમની ભૂગોળનો અંદાજ મેળવી ચાર-પાંચ આદમીને તેણે સ્ટ્રેટેજિક પોઝિશન પર તહેનાત કરી દીધા અને પોતે આખા આશ્રમનો એક એક ખૂણો ચકાસવા નીકળી પડ્યો. (એ વખતે અભિ અને રાવી જુન્નરની ખાડી સુધી પહોંચી ચૂક્યા હતા) રાવીની સાથે કેટલા આદમી હતા, કોણ-કોણ હતા તેની ગુત્થી હજુ ય તેને અકળાવતી હતી. રાજિયો હરામી કહેતો હતો કે વિરમ બેહોશ હાલતમાં હતો. તો પછી આટલા ભયાનક માહોલમાં રાવીને કોણ મદદ કરી રહ્યું હતું? અભરામ સુમરા? પેલો પત્રકાર છોકરો? કે પછી વિરમ પોતે જ કોઈ પણ રીતે મેદાનમાં આવી ગયો છે? સિસ્કોની લાશની ઓળખ ન થવાથી એ વધુ અટવાયો હતો. આમાં બીજા કોણ સામેલ છે?

અકળાયેલા બિહોલાએ આખા આશ્રમનો ચકરાવો મારી લીધો અને ઝીણવટપૂર્વક તસુ-તસુ જમીન ચકાસી રહ્યો હતો એ દરમિયાન ખેતર તરફના દરવાજે તેણે ભીની માટીમાંથી પસાર થયેલાં ટાયરનાં નિશાન જોયાં. ત્રીસેક ફૂટ સુધી જમીન પર અંકાયેલી અને પછી ધૂળમાં વિલીન થઈ જતી એ છાપને તે બારિકાઈથી જોતો રહ્યો. છાપના બે છેડા વચ્ચેનું અને બે છાપ વચ્ચેનું અંતર માપીને તેણે ટાયરની પહોળાઈ અને બે ટાયર વચ્ચેના અંતરનો ક્યાસ કાઢી લીધો, ધે આર હેવિંગ એસયુવી. કોટાસની બંગલી પર ઢળેલું અંધારું ઓઢીને પંખી ઊડી ગયા એ પછી પહેલી વાર બિહોલાના ચહેરા પર હળવાશ હતી. આશ્રમમાં પાંચેક આદમીઓનો પહેરો ગોઠવીને તેણે બીજા દસેક આદમીઓ સાથે જંગલની દિશામાં ફંટાતી કેડી પર કાફલો હંકારી મૂક્યો.


જુન્નરની ખાડીમાં એ વખતે ભરતીની શરૂઆત થઈ ચૂકી હતી. તેણે બાઇનોક્યુલરથી આખો સિનારિયો નીરખી લીધો. બોગદા તરફ ધસી રહેલા ભરતીના પાણીના જોશ તળે ભૂંસાઈ રહેલાં ટાયરનાં નિશાન પારખીને તેણે કાફલો ત્યાં જ રોકી પાડ્યો. હવે ભરતી ઓસરે ત્યાં સુધી રાહ જોયા વગર આરો ન હતો. (એટલી વારમાં અભિ અને રાવી પહેલો પડાવ પાર કરી ગયાં હતાં) ભરતી ઓસર્યા પછી બિહોલાએ ખાડીની ખુલ્લી થયેલી જમીન પર પૈદલ લટાર મારીને જમીનની નક્કરતા ચકાસી અને પછી કાફલો ઉતાર્યો. બોગદાનું ઠેકાણું મળી ગયા પછી હવે તે મુસ્તાક હતો.

તેણે બોગદાની બહાર કાચી સડક તરફ ગાડીઓ કાઢીને ત્યાં જ થોભાવી દીધી. ગાડીના બોનેટ પર નકશો પાથરીને તેણે ક્યાંય સુધી એકીટશે નીરખ્યા કર્યું. એ લોકો પોતાનાથી કેટલા આગળ છે તેની ખબર નથી. પોતે જો આ નકશામાં દર્શાવેલા એક-એક પડાવનો પાર કરતો તેમનો પીછો કરે તો શક્ય છે કે એ લોકો નકશાની ચોથી કડી પાર કરીને ક્યાંક ગાયબ થઈ જાય અને તો પોતાના ભાગે પાછળ મુકાયેલા પગરવ જ એકઠા કરવાના આવે. તેણે ઉશ્કેરાટમાં ડોકું ધુણાવી દીધું. તેને બદલે સીધા જ ચોથા પડાવ પર તેમને આંતર્યા હોય તો? કડીઓ ઉકેલ્યા વગર આમ પણ તેના માટે ચોથા ઠેકાણા સુધી પહોંચવાનું શક્ય ન હતું.

નકશાને નજર સામે રાખીને તેણે એક કાગળ પર ચિતરામણ કરવા માંડ્યાં. સ્ટ્રેટેજી મેપિંગ માટે કેળવાયેલું તેનું મિલિટરી દિમાગ કામે લાગી ચૂક્યું હતું. કાચી સડકને કાટકોણ ત્રિકોણનો લંબ ધારીને તેણે કાલ્પનિક રેખા વડે

નેવુ અંશના ખૂણે પાયો દોર્યો. નકશામાં દર્શાવાયા મુજબ તેણે અંતરના માપ મુજબ કૂંડાળા કરવા માંડ્યાં. અહીંથી ત્રીસ કિલોમીટર આગળ વધીને 15 અંશ નીચે અગ્નિ ખૂણે પાછા વળવાનું હતું. પારોઠની એ મુસાફરીમાં ઘટેલું અંતર ધ્યાનમાં રાખીને તેણે ચારે ય સ્થાનોને આવરી લેતો વર્તુળાકાર પરિઘ બનાવ્યો. કર્ણની લંબાઈના આધારે તેણે એક સેન્ટિમીટર બરાબર પાંચ કિલોમીટરનો સ્કેલ એ પરિઘ પર લાગુ કર્યો. નકશામાં દર્શાવ્યા મુજબ પહેલાથી ત્રીજા સ્થાન સુધીનું અંતર 133 કિલોમીટર થતું હતું. તેણે મોબાઇલમાં સાયન્ટિફિક કેલક્યુલેટર ઓન કરીને ત્રિકોણમિતિના સૂત્રોમાં એ આંકડા લાગુ કર્યા. હવે તેની પાસે જવાબનો અડસટ્ટો તૈયાર હતો. એ જ્યાં ઊભો હતો, બોગદાના એ મોઢા આગળથી 70થી 75 અંશના ખૂણે 118થી 125 કિલોમીટર આગળ વધે તો એ નકશાની ત્રીજી અને ચોથી કડી વચ્ચે રાવીને આંતરી શકે.

આખો દિવસ અભિ અને રાવી ખજાનાની પહેલી, બીજી કડીના સંકેત ઉકેલીને રાતવાસો કરી રહ્યાં હતાં ત્યારે બિહોલાનો કાફલો ત્રીજી અને ચોથી કડીની વચ્ચે ઊભો રહી ગયો હતો. વહેલી સવારે અભિ અને રાવીએ ફોર્ચ્યુનરનું ઇગ્નિશન ઓન કર્યું એ વખતે બિહોલા પોતાની તૈયારી પર મુસ્તાક હતો. વોકીટોકીથી સજ્જ બબ્બે આદમીઓની પાંચ ટીમને તેણે દસ કિલોમીટરનો ચપ્પો-ચપ્પો તલાશવા તહેનાત કરી દીધા હતા અને પોતે દર અડધા કલાકે એક ટીમ પર વોચ રાખતો ઘૂમી રહ્યો હતો.



*

આગળ જવું કે અહીં જ રોકાઈ જવું તેની અવઢવમાં અભિ અને રાવી ક્યાંય સુધી ખોડાઈ રહ્યાં. આખી પહાડીને બાઇનોક્યુલરમાં આવરીને એ આદમી ધીમે ધીમે નીચે ઊતરી રહ્યો હતો અને તેની પાછળ બીજો આદમી હવે ફોર્ચ્યુનર પડી હતી એ જ દિશામાં નજર માંડી રહ્યો હતો. જરાક સરખી મૂવમૅન્ટ થાય તો પણ હવે તેમની હાજરી પકડાઈ જવાનો ભય હતો અને જો ગાડીમાં જ બેઠા રહે તો તદ્દન પ્રતિકૂળ પોઝિશનમાં તેઓ ભીંસાઈ જાય તેમ હતાં.

અભિએ રાવીની સામે જોયું. બંનેની આંખોમાં ખોફ હતો અને ભરી પીવાનું ઝનૂન પણ હતું. એક પણ અક્ષર બોલ્યા વગર તેમણે વેપન્સ અને એમ્યુનિશનની કિટ સંભાળી. અભિએ એલએમજી ઊઠાવીને સેફ્ટી લોક ઓન કર્યું. પીઠ સાથે બાંધેલા હેવરસેકમાં ગ્રેનેડ્સ ઠાલવ્યા. રાવીએ એકે-56નું રોટર ખોલ-બંધ કરીને અકડાયેલાં આંગળાંમાં સ્ફૂર્તિ ભરી લીધી. બંને દબાયેલા પગલે ગાડીમાંથી બહાર નીકળ્યાં એ જ વખતે કેડીની બીજી તરફથી ઊતરી રહેલા આદમીએ આછા તડકામાં ચળકતો ફોર્ચ્યુનરનો જેટ બ્લૅક રંગ પારખી લીધો હતો. વોકીટોકી પર તેણે એ ઇન્ફર્મેશન પાસ કરી કે તરત મોરચો ગોઠવાઈ ગયો હતો.

‘આપણે ખાસ્સાં નીચાણમાં છીએ. દસ જ મિનિટમાં ટાર્ગેટ બની જઈશું...’ રાવીએ આગળ વધી રહેલા અભિને રોક્યો. પરંતુ અભિ છળી ઊઠેલી આંખે ઉપર પહાડીમાં તાકી રહ્યો હતો. ત્યાં હવે બે નહિ, ત્રણ આદમી હતા. અગાઉ જોયેલા બે આદમી પૈકી એક તેમના પર ટેલિસ્કોપિક ગન વડે નિશાન તાકી રહ્યો હતો. બીજો આદમી બાઇનોક્યુલર વડે તેમની જરાક સરખી મૂવમૅન્ટની ય ચાડી ખાઈ રહ્યો હતો અને ત્રીજો આદમી કાળમીંઢ પહાડોની ખાંચમાં પગ મૂકતો પૈદાઈશી પર્વતારોહકની સ્ટાઇલથી સડસડાટ નીચે ઊતરી રહ્યો હતો.

એ મેજર બિહોલા હતો.

* * *

~

કાચી પગદંડીની ડાબી તરફની પહાડીએ બે આદમી તેમની દિશામાં ગન તાકીને ઊભા હતા. ત્રીજો આદમી સપાટાભેર નીચે તળેટીમાં ઊતરી રહ્યો હતો અને બેઠી દડીનો ચોથો એક આદમી આગળ જવું કે અહીં જ ઊભા રહેવું તેની ગડમથલમાં અટવાતો ઊભો હતો. તેમની બરાબર પાછળ સડકની દિશાએથી બીજો કાફલો દબાતા પગલે આગળ વધી રહ્યો હતો.

'મૂવ રાઇટ...' અભિએ વેપન્સનો હેવરસેક ખભા પર બાંધતાં જમણી બાજુએ જંગલની દિશામાં આંગળી ચીંધી, 'ઇટ્સ ધ ઓન્લી વે... જંગલમાં આપણે આસાનીથી છટકી શકીશું...'

'નો...' રાવીએ ઝાટકાભેર અભિના હાથમાંથી પોતાનું બાવડું છોડાવ્યું, 'નો હાઇડ એન્ડ સિક એનીમોર...' તેણે બૅરેટાના બૅરલને હથેળીમાં ઠપકાર્યું અને ખભા પર ક્લાશ્નિકોવ લટકાવી શરીરને ફોર્ચ્યુનરના હૂડ પાછળથી સહેજ બહાર કાઢ્યું. અભિ તેનો ઇરાદો પામી રહ્યો હતો. નીચે ઊતરી રહેલો આદમી રેન્જમાં આવે તેની જ એ રાહ જોઈ રહી હતી. શોર્ટ રેન્જમાં એકે-56 કરતાં બૅરેટા પર તેને વધુ ભરોસો હતો.

'બટ અભિ...' તેણે અભિમન્યુના ખભા પર હાથ મૂક્યો. તેના સ્વરમાં અપાર આર્જવ હતું, 'લેટ મી ફાઇટ અલોન પ્લીઝ... અત્યાર સુધી તેં કોઈ જ કારણ વગર બહુ સહ્યું છે. હું એમને એક ડગલું ય ચસકવા નહિ દઉં. તું જંગલમાં ઊતરી જા...'

'ઓહ શટ અપ...' અભિએ ઉગ્રતાપૂર્વક તેને ઝાટકી નાંખી, 'ડોન્ટ ટોક નોનસેન્સ... આ તારી એકલીની જ લડાઈ નથી હવે, અને તારી એકલીની લડાઈ હોય તો પણ...' તેની આંખોમાં ઉશ્કેરાટનો ધગારો હતો, '... તારું અને મારું એવો ભેદ હવે નથી રહ્યો...' તેણે નીચે જોયું. બૂટની એડીથી જમીન ખોતરી. તેનાં જડબાં દઢતાથી ભીંસાયાં અને ઊંચે જોઈને રાવીની આંખમાં આંખ પરોવી, 'એટલિસ્ટ ફોર મી... કમ સે કમ મારે મન...'

અભિની આંખોમાં તરવરતો લીલોછમ સવાલ પારખીને રાવી ચંદ સેકન્ડ માટે આ તંગ હાલતમાં ય ભાવવિભોર થઈને તેને તાકી રહી, પણ પછી ત્વરિતપણે તેનું રાવીપણું સાબદું થઈ ગયું.

'મને કવર આપ અને પાછળના પઠ્ઠાઓને સંભાળ...' તેણે ફટાફટ પોઝિશન બનાવી નાંખી.

અભિ હજુ પીપરના ઘેઘૂર ઝુંડની આડશમાં લપાતો હતો એ જ વખતે પહેલી ગોળી છૂટી. અભિએ ચોંકીને જોયું ત્યારે રાવી આડશની પરવા કર્યા વિના પહાડી ઊતરી રહેલા આદમીને નિશાન બનાવી રહી હતી. એ આદમી બિહોલા હોવાનું તે પારખી ચૂકી હતી. બિહોલાની પાછળ થોડેક દૂર લપાવા મથતો બેઠી દડીનો આદમી રાજિયો હરામી હતો.

*

બિહોલા મુસ્તાક હતો. બરાબર મોકાની જગાએ બંને સપડાયાં હતાં. પાછળની તરફ બે આદમીને તેણે કોર્ડન કરવા સૂચના આપી દીધી હતી. હવે જંગલની દિશા સિવાય તેમની પાસે બીજી કોઈ છટકબારી ન હતી. બિહોલા ઈચ્છતો હતો કે બંને એ દિશામાં જ ભાગે, કારણ કે તેના આઠ આદમીઓ ઘાતક હથિયારો સાથે એ દિશામાં પથરાયેલા હતા. તેણે આગળ અને પાછળ એમ બે દિશાએથી ભીંસ આપવાનો વ્યૂહ વિચાર્યો હતો.

પોતાની હાજરીનું મનોવૈજ્ઞાનિક પ્રેશર ઊભું કરવા એ પિસ્તોલની રેન્જમાં આવતો હોવા છતાં આગળ વધ્યો પણ તેને રાવીના ઝનૂનનો અંદાજ ન હતો. તેને ઓળખતાંવેંત ભૂરાઈ થયેલી વાઘણની માફક રાવી બિહોલાની સામે દોડી હતી અને સચોટ નિશાન લેવા જેટલી અનુકૂળતા ન હોવા છતાં તેણે ગોળી ફૂંકી દીધી હતી. બૅરેટામાંથી છૂટેલી ગોળી બિહોલા જે કરાડ ઊતરી રહ્યો હતો તેનાંથી દસેક ફૂટ ત્રાંસમાં ટિચાઈને ખડિંગ અવાજ સાથે ફંટાઈ ગઈ હતી.

નૈસર્ગિક પ્રતિક્રિયાથી કેળવાયેલા બિહોલાએ એ જ ઘડીએ પોતાનું શરીર કરાડની સાંકડી બખોલ ભણી ફંગોળ્યું અને કોઈ જ દિશાભાન વગર વળતું ફાયર કરી નાંખ્યું. બિહોલાએ ફાયર ઓપન કર્યું એ જોયા પછી ઉપર ઊભેલા બંને આદમીઓએ ગન ધણધણાવવા માંડી. ટેલિસ્કોપિક ગનમાંથી તેમને પહાડીની ધાર ઓળંગી રહેલી રાવી સ્પષ્ટ દેખાતી હતી. એ બે પૈકી એકે વ્યૂફાઇન્ડર એડ્જસ્ટ કર્યું અને ટ્રિગર પર આંગળી દબાવી દીધી. એ વખતે, ફરી એક વાર બંદૂકની ધણધણાટીથી થરથરતો રાજિયો હરામી મનોમન સાંઈચાલીસા પઢવા લાગ્યો હતો.

*

અભિએ ફોર્ચ્યુનરની પાછળથી આવી રહેલા બે ય આદમી ભણી જોયું. બંનેની ગન ગાડીની દિશાએ જ તકાયેલી હતી. આગળ ચાલતો આદમી હજુ થોડી આડશમાં હતો પણ પાછળનો માણસ તેનું આસાન નિશાન બને તેમ હતો. તેણે હેકલર એન્ડ કોચ તાકી, મનોમન સુમરાને યાદ કર્યો અને ઊંડો નિઃશ્વાસ છોડીને ટ્રિગર દબાવ્યું એ સાથે પાછળ ચાલતો આદમી ગડથોલિયું ખાઈને પથરાળ ખડક પર મોંભેર પટકાયો. તેને ઊથલી પડતો જોઈને ગભરાઈ ગયેલો આગળનો માણસ બેબાકળો બનીને ખુલ્લી ચટ્ટાન પર ભાગવા માંડ્યો. એ હજુ ય અભિને ત્રાંસમાં પડતો હતો અને નિશાનમાં આવે તેમ ન હતો તો ય અભિએ વધુ ત્રણ ગોળી છોડીને તેને ભયથી ધરબી નાંખ્યો. બે ડગલાં છેટે મોત ભાળી ગયેલો એ આદમી હવે ક્યાંય સુધી મોં ઊંચકે તેમ ન હતો.

પાછળનો મોરચો સાફ હતો. હવે અભિએ રાવીની તરફ જોયું.

*

બિહોલાએ છોડેલી ગોળી તો રાવીથી ક્યાંય દૂર હવામાંથી પસાર થઈ ગઈ પણ ચટ્ટાનની ટોચ પરથી છૂટેલી ગોળી તેના માથા પર ઝળૂંબતી કરાડ પર તીરછી ઝીંકાઈ હતી અને પથ્થરની એક છીપર તૂટીને તેના માથામાં અફળાઈ હતી. અણધાર્યા મારથી રાવીને તમ્મર આવી ગઈ અને એ આઠ-દસ ફૂટ નીચે ઘસડાઈ ગઈ. ખભા પર ભેરવેલી એકે-56નો સ્ટ્રેપ હૂકમાંથી તૂટી ગયો અને તેના ઢીંચણ સાથે અથડાઈને ગન દૂર ફંગોળાઈ ગઈ.

લમણામાં વજનદાર છીપર વેગપૂર્વક ઝીંકાતા રાવી મોંભેર નીચે પટકાઈ. ભાલાના ફણા જેવી અણિયાળી, ખરબચડી મૂરમ પર ઘસડાઈને એ કાંટાળા થોરના ઝુંડ વચ્ચે ફસકાઈ પડી એથી તેનું ટોપ ફાટી ગયું અને બ્રેસિયર ફાડીને બહાર ધસી આવેલા ડાબા સ્તન પર ઉઝરડા પડી ગયા. તેના માથામાંથી વહેતો લોહીનો રેલો તેના લિસ્સા, ભરાવદાર ગાલ પરથી વહીને હોઠના ખૂણે અટકી જતો હતો. બેહદ દર્દ અને આઘાતથી એ સુન્નપણે હતપ્રભ થઈ ગઈ હતી.

રાવીને ઘસડાતી જોઈને તરત બિહોલા બખોલમાંથી છલાંગ લગાવતો નીચે કૂદ્યો અને તેણે હાથનો ઇશારો કર્યો એ સાથે ચટ્ટાન પર ઊભેલા આદમીએ રાવીની આસપાસ ગોળીની બૌછાર વરસાવી દીધી. અભિ જ્યાં લપાયો હતો ત્યાંથી તેને નીચે ધસતો બિહોલા અને ગન ચલાવતો આદમી દેખાતા હતા પણ રાવી દેખાતી ન હતી.

ગન ચલાવતા આદમીને રેન્જમાં લેવો હોય તો તેણે જંગલની આડશ છોડીને સમથળ તળેટી સુધી પહોંચવું પડે. એ જો આગળ વધે તો પોતાની હાજરી છતી થઈ જાય અને તો પછી બિહોલા સામે રાવીને બચાવવાની તેને તક જ ન રહે અને અહીં આડશ પાછળ લપાયેલો રહે તો, રાવી પર જોખમ ઝળૂંબતું હતું.

તેના મગજમાં સેકન્ડના સેંકડોના હિસાબે ગણતરીઓ મંડાવા લાગી. તેણે દઢતાપૂર્વક દાંત તળે હોઠ ભીંસી નાંખ્યા અને જંગલની ઊબડ-ખાબડ ભોંય પર ઝડપભેર ક્રાઉલિંગ કરીને પોઝિશન ચેન્જ કરી. એટલી વારમાં બિહોલા ફસકાઈ પડેલી રાવીની સાવ નજીક આવી ચૂક્યો હતો. જંગલના ઢોળાવનું નીચાણ અને અડાબીડ ઝાડી-ઝાંખરાં તેને હજુ ચોંટડુક નિશાન તાકવા દેતા ન હતા.

*

'સ્ટૅન્ડ અપ માય ગર્લ...' ખડકની ધાર પર ઊંધેકાંધ પડેલી રાવીની સાવ લગોલગ જઈને બિહોલાએ કહ્યું, 'આઈ વોઝ ડેસ્પરેટ ટૂ મીટ યુ...' તેના અવાજમાં શાતિર ઠંડક અને ચહેરાની તંગ રેખાઓમાં ભયાનક રોષ છલકાતો હતો. તેણે આસપાસ નજર દોડાવી. સડકની પાછળથી આવતા તેના આદમીઓ કેમ આગળ નથી વધ્યા, એ દિશાએ કોઈએ ગોળીબાર કર્યો હતો પણ એ કોણે કર્યો હતો અને ક્યાંથી કર્યો હતો એ હજુ તેણે સમજવાનું હતું. પગદંડી અને તળેટીની ધાર પર પાર્ક થયેલી ફોર્ચ્યુનર પર તેણે નજર ફેંકી. પછી પાછળ સડસડાટ ઊતરતા ઢાળમાં પથરાયેલા ગીચ જંગલ ભણી વેધક આંખ ઘુમાવી. તેના ચહેરા પરના હાવભાવ બદલાયા અને તેણે ઊંધી પડેલી રાવીના પડખામાં કચકચાવીને લાત ઝીંકી દીધી, 'સ્ટૅન્ડ અપ બેબી, ગેધર ઓલ યોર માચોઝ...'

વજનદાર બૂટની લાત ખાઈને રાવીના મોંમાંથી અસંબદ્ધ ઊંહકારો નીકળી ગયો. તેણે પરાણે આંખો ખોલી. તેના માથામાં હજુ ચાસકા વાગતા હતા અને પછડાટને કારણે અગાઉ ખભા પર વાગેલી ગોળીની જગાએ તેને ફરીથી સણકા ઊપડ્યા હતા. તેની આંખોની આરપાર ચળકતાં પીળાં, વાદળી રંગનાં ધબ્બાં દેખાયાં. ધીમે ધીમે એ રંગો એકમેકમાં ભળીને આછા થઈ રહ્યા અને તેમાંથી ઝાંખોપાંખો એક ચહેરો વર્તાયો. તેણે જમણો હાથ અને ડાબો ઢીંચણ ખડક પર ટેકવીને ખડા થવા પરાણે કોશિશ કરી એ સાથે બિહોલાએ ફરીથી તેના ઢીંચણ પર લાત ઠોકી દીધી, 'મારા ચીંધેલા રસ્તે જે કદમ ન ચાલે એ કદમને હું ચાલવા જેવા નથી રહેવા દેતો, ભૂલી ગઈ?'

એ સહેજ નીચે ઝળૂંબ્યો. ગરદન સુધી લંબાતા રાવીના વાળ તેના પંજાની મજબૂતીમાં સમાયા અને તેણે ઝાટકા સાથે રાવીની ગરદન પોતાની તરફ ઘુમાવી, 'આઈ રિયલી ડોન્ટ લાઇક ટૂ કિલ અનધર જામવાલ બટ...' તેણે ફરીથી આસપાસ નજર દોડાવી. તેની આંખોમાં શિકારને દબોચીને બેઠેલા જાનવરનું ઝનૂન તગતગતું હતું, 'પહેલા મારે તારી ટીમની ઓળખાણ કરવી પડશે. વિરમ, અભરામ સુમરા, પેલો રિપોર્ટર... એ સિવાય...' તેણે વાળ ખેંચીને રાવીને જમીનથી અધ્ધર કરી દીધી અને હડપચી પર પંજો ભીંસીને તેના ભરાવદાર ગાલમાં આંગળાં ભીડવી દીધાં, 'ક્રાંતિની જ્વાળાને આહુતિ આપવી પડે છે એવું સાંભળ્યું હતું...' રાવી અવશપણે બિહોલાની આંખોમાં નાચતા ઉશ્કેરાટના ઓળાને જોઈ રહી, '...પણ મને સાચે જ ખ્યાલ ન હતો કે કદીક મારે તારી આહુતિ આપવી પડશે.'

'ફોર ગોડ સેઇક...' તેણે બિહોલાની મજબૂત પકડમાંથી મોં છોડાવવા ગરદન જરાક અક્કડ કરીને પાછી ખેંચવાની કોશિશ કરી જોઈ, 'તેં જે કર્યું તેને ક્રાંતિ ન કહે... એટલિસ્ટ નાવ... આઈ નો એક્ઝેક્ટલી વોટ ધ હેલ યુ હેવ ડન... તેં અમને સૌને ભરમાવ્યાં છે... યુ વિલ હેવ ટૂ પે...'

'અચ્છા?' રાવીના તુંકારાથી વધુ ગિન્નાયેલા બિહોલાના હાથની ભીંસ અને આંખોની લાલાશ વધી રહી હતી, 'આ હાલતમાં, હજુ ય તું મારો હિસાબ માંગે છે? લાઇક ફાધર, લાઇક ડોટર... ડિટ્ટો મેજર જામવાલ' પિતાના ઉલ્લેખથી સમસમી ગયેલી રાવીએ ભારે પ્રયત્નપૂર્વક ચહેરાની રેખાઓ બદલાતી રોકી અને બિહોલાની મજબૂત પકડમાંથી છૂટવાની છટપટાહટ જારી રાખી. 'તારો બાપ પણ આ રીતે જ મારી ભીંસમાં આવ્યા પછી પણ મને ધમકી આપતો હતો...'

'એમણે તારા પર ભરોસો મૂક્યો હતો. મારો બાપ, વિરમ, હું... અમે સૌ તને પોતાનો આદર્શ માનતા હતા. વી વેર યોર ફેઇથફૂલ એલાઇઝ.'

'બટ આઈ વોઝ નોટ...' બીજા હાથે તેણે રાવીના બેય હાથને કોણીમાંથી વાળીને નાગચૂડમાં ભેરવી દીધા હતા. હવે રાવી તેની પકડમાંથી જરાક પણ ચસકી શકે તેમ ન હતી, 'પાવર કમ્સ થ્રુ સેલ્ફિશનેસ. એક એકને પૂછી પૂછીને ક્રાંતિ ન થઈ શકે. તને ખબર નહિ હોય પણ તારો વિરમ તો હિસ્ટ્રી જાણે છે ને? ગદ્દાફીએ લીબિયામાં સત્તા મેળવી ત્યારે એ ક્રાંતિકારી જ હતો. હિટલરે સુફિયાણી નીતિમત્તાની વાતો કરી હોત તો જર્મનીની આંખોમાં રાષ્ટ્રવાદનો લાવા ન પ્રગટ્યો હોત. સદ્દામે ઇરાકમાં, સ્તાલિને રશિયામાં, કાસ્ટ્રોએ ક્યૂબામાં, કિમ જોંગે કોરિયામાં... એમણે એકલે હાથે સેના ખડી કરી. ધે ફોટ વિથ એસ્ટાબ્લિશમેન્ટ, ધે કન્કર્ડ એન્ડ કેઇમ ટૂ ધ પાવર. ઓટોક્રસી ઇઝ ધ અલ્ટિમેટ ટ્રૂથ.'

'પણ તેં તો તારા જ પોતાના વિશ્વાસુઓને ખતમ કર્યા છે... પહેલાં મારો બાપ, હવે વિરમ અને હું.' બિહોલાના હાથની પ્રચંડ ભીંસથી રાવીને જીભનો લવો સુધ્ધાં વળતો ન હતો છતાં એ તેને ઉશ્કેરવાની કોશિશ કરી રહી હતી.

'લક્ષ્યને કોઈ સાથી, કોઈ સગો, કોઈ વિશ્વાસુ નથી હોતો... જે હોય છે એ હોય છે ફક્ત લક્ષ્ય સુધી દોરી જતું એક પગથિયું... તારા બાપનો મારે ખપ હતો, કારણ કે આર્મીને ભડકાવવા, ઉશ્કેરવા માટે તેના જેવા લોકપ્રિય અફસરના ખભે બંદૂક ફોડવી પડે તેમ હતી. તેને મારી સ્ટ્રેટેજીની ગંધ આવી ત્યાં સુધીમાં મારે તેનો ખપ પૂરો થઈ ચૂક્યો હતો. સો આઈ કિલ્ડ હિમ...' હવે રાવી માટે સંયમ રાખવો બેહદ મુશ્કેલ હતો. તેણે જીવ પર આવીને માથું ઝાટકવા કોશિશ કરી લીધી.

'તેના મોતને ટૅરરિસ્ટ એટેકમાં ખપાવ્યા પછી મારે તારી જરૂર હતી, કારણ કે મેજર જામવાલ પછી તેમની દીકરી મારી સાથે હોય તેનાથી આર્મીના બળવાખોર ભોળવાતા રહે. વિરમ વોઝ અ જેમ... એનો મને હજુ ય ખપ છે બટ... હિઝ અનફોર્ચ્યુન... અધરવાઇસ, તેણે મારી સામે પડવાની કોઈ જરૂર ન હતી... પેશ્વાનો ખજાનો મળે તો મારે પાવર સુધી પહોંચવા દયાલ સાહા જેવા એકેય લબાડની જરૂર નથી. યુ એન્ડ વિરમ... તમે બે ય હજુ ય મારી ગુડબુકમાં છો... સ્ટીલ આઈ કૅન ફરગિવ યુ... પણ એ માટે...'

—એ જ ઘડીએ બંદૂક ગર્જી હતી.

બિહોલાને શી રીતે ય નિશાન પર ન લઈ શકતો અભિ અકળાઈને છેવટે ઝાડીની બહાર નીકળ્યો હતો. છલાંગભેર સાંકડી પગદંડી તેણે ઓળંગી એ જ વખતે ચટ્ટાન પર ઊભેલા આદમીએ ટ્રિગર દબાવી દીધું હતું. પહેલી ત્રણેક ગોળી નિશાન ચૂકી ગઈ પણ ચોથી ગોળી અભિમન્યુના પેટમાં વાગી અને તે ગડથોલું ખાઈ ગયો.

પહેલા ફાયર સાથે જ મિલિટરી શિસ્તથી કેળવાયેલા બિહોલાએ રાવીને પગની આંટી મારીને પાડી દીધી હતી અને પોતે તેને ભીંસીને તેના પર ઝીંકાયો હતો.

પેટમાં ગોળી વાગ્યા પછી નીચે પછડાયેલા અભિએ ચટ્ટાનની દિશામાં એલએમજી ધણધણાવી નાંખી. તેના પેટમાં અજબ ગૂંચળાં વળતાં હતાં અને અંદર કશુંક વલોવાતું હતું. જરાક ઊંચકાઈને તરત ભાંગી પડતી નજરને તેણે પ્રયત્નપૂર્વક સ્થિર કરી અને બિહોલાની દિશામાં નાળચું ફેરવ્યું પણ ત્યાં સુધીમાં રાવીને પછાડીને બિહોલા જમીનસરસો લેટી ચૂક્યો હતો.

પહેલા ફાયર સાથે બિહોલાની માફક રાવી પણ સતર્ક થઈ ચૂકી હતી. બિહોલાએ તેને આંટી મારવા પગ ઉગામ્યો એ વખતે તેના હાથની પકડ સહેજ અમથી ઢીલી થઈ એટલામાં રાવીએ ડાબો હાથ છોડાવી દીધો. બિહોલાએ તેને પટકી નાંખી એટલી વારમાં બિહોલાની આંટીથી ઢીંચણમાંથી વળેલા પોતાના પગ સુધી રાવીનો હાથ પહોંચી ચૂક્યો હતો.

હજુ હમણાં ખડક પાસે બિહોલાની પકડમાં ફસાયેલી રાવી ન દેખાતાં ધૂંધવાયેલા અભિએ લથડતી ચાલે બાવરા બનીને અંધાધૂંધ ફાયરિંગ કરવા માંડ્યું. તેણે ધણધણાવેલી મશીનગનના ધડાકા વચ્ચે એક કારમી ચીસ પહાડીની બંજર હવામાં ફરી વળી. પછી તેની બરાબર સીધમાં તળેટીની ઉપર એક ખડક પાછળથી હવામાં તરતો હોય તેમ અલમસ્ત બાંધાનો બિહોલા કોઈ રાક્ષસી તાકાતથી ઊંચકાયો અને પછી ખડકની નીચે ફંગોળાયો.

અભિ સ્તબ્ધ આંખે એક હાથે પેટ ભીંસીને એ દિશામાં આગળ વધ્યો. એ બિહોલાનું નિશાન લે એ પહેલાં જ ખડકની પાછળથી રાવી કૂદી. બ્રેસિયર સહિત તેના ટોપના લીરા લબડતા હતા. કપડાં ઠેરઠેરથી ખરડાયેલાં હતાં. ચહેરા પર લોહીના રગેડા ઊતરી રહ્યા હતા અને તેના ડાબા હાથમાં ખંજર ચમકતું હતું. ખંજરની મૂઠ પર જામવાલ ઘરાણાની મુદ્રા કોતરેલી હતી, 'મા સૈવ્યમ્ પરાજિત' અને ખંજરના આઠ ઇંચના ફણા પર બિહોલાનું લોહી વહેતું હતું.

બિહોલાએ તેને નીચે પટકી કે તરત ગણતરીની સેકંડનો ખેલ મંડાઈ ગયો હતો. રાવીએ બિહોલાની પકડમાંથી છૂટો થયેલો ડાબો હાથ વીજળીની ત્વરાથી ઢીંચણ નીચે વાળીને પિંડી સાથે બાંધેલા બૅલ્ટમાંથી ખંજર ખેંચી લીધું હતું. તેને નીચે પટક્યા પછી તેના પર ઝીંકાયેલો બિહોલા ફરીથી બે ય હાથની ભીંસ વધારે એ પહેલાં જ રાવીએ પૂરી તાકાતથી ખંજર તેની પીઠમાં હુલાવી દીધું. ચોંકેલા બિહોલાએ તેનું ગળું ભીંસવા હાથ લંબાવ્યા એટલી વારમાં રાવીએ બે ય પગના ઢીંચણ તેના પેટમાં ભેરવ્યા અને જમણો હાથ છાતીમાં ભરાવીને તેને પ્રચંડ તાકાતથી ઊંચો કર્યો અને ફંગોળી દીધો.

અમાનુષી જોર કરીને રાવીના પેટનાં આંતરડાં ગોટો વળી ગયાં હતાં અને તેને પેઢુમાં અસહ્ય દુખાવો થઈ આવ્યો હતો પણ તેનું ઝનૂન અત્યારે એક પણ ઈજાને ગાંઠે તેમ ન હતું.

નીચે પછડાયેલો બિહોલા ફરી ઊભો થાય એ પહેલાં રાવી તેના પર લપકી હતી. ગરદન સુધી લંબાતા લોહી અને ધૂળથી ખરડાયેલા તેના વાળ હવામાં વાછટની જેમ વીંઝાતા હતા. તેના સોહામણા, નાજુક ચહેરા પર પિશાચી ક્રુરતા છવાઈ ગઈ હતી. તેની આંખો બિહોલાને તાકી રહી હતી પરંતુ તેના માનસચક્ષુમાં પિતા મેજર પ્રતાપસિંહ જામવાલનો ગોળીઓથી ચાળણી જેવો થઈ ગયેલો લોહીથી લથબથ દેહ દેખાતો હતો. સફેદ સાડીમાં ઓશિયાળા ચહેરે ઓરતોના જમેલા વચ્ચે બેઠેલી તેની મા તેને દેખાતી હતી. ઠાકુર ઘરાણાના વારસદાર મટીને રાતોરાત પિતરાઈઓની મોહતાજી હેઠળ આવી ગયેલી પોતાની લાચારી તેને દેખાતી હતી. વિરમ જેવા હોનહાર આદમીની ફનાફાતિયા થઈ ગયેલી જિંદગી, વેરાન રઝળપાટમાં આથડીને ખુવાર થઈ ગયેલી પોતાની જવાની, અભરામ સુમરા જેવા મરદના ખડી પડેલાં જડબાંમાંથી વ્યક્ત થતી કારમી પીડા...

તેની આંખ સામે બિહોલા હતો પણ નજર સામેનાં દશ્યો પલટાતાં જતાં હતાં.

તેણે બિહામણી ચીસ નાંખી અને બિહોલાની છાતીમાં ખંજર હુલાવી દીધું.

રાવીના ખભા પરથી ફંગોળાયેલી એકે-56 ઉઠાવીને ઢીંચણભેર ફસકાઈ પડેલો અભિ ચટ્ટાન પરના આદમી ઉપર દોઢ આંગળ લાંબી બુલેટ વરસાવી રહ્યો હતો ત્યારે વધુ એક ચિત્કાર સાથે રાવીએ બિહોલાના પેટમાં ખંજર છેક મૂઠ સુધી ભોંકી દીધું હતું... પછી ગળામાં, જડબામાં, પડખામાં, ખભામાં...

લોહીના રગેડાથી નહાતી રાવીના બેબાક ઝનૂનને અભિ ખોફભરી નજરે જોતો રહ્યો.

* * *

~

રાવીએ બિહોલાને પટક્યો અને તેની છાતી પર સવાર થઈને ખુન્નસભેર ઘચાઘચ ખંજર હુલાવવા માંડી એ અભિએ જોયું. રાવી સલામત છે તેનો અહેસાસ થતાંની સાથે જ તેણે ચટ્ટાનની દિશામાં નાળચું તાકીને એકે-56નું ટ્રિગર દબાવી દીધું હતું અને બ્લાઇન્ડ બ્રશ ફાયર વડે ગણતરીની સેકન્ડમાં 30-40 ગોળીઓ છોડીને પહાડીની ટોચે કોહરામ મચાવી દીધો હતો. અભિને ગોળી મારનારો આગળનો માણસ ઊથલીને નીચેની તરફ ગબડ્યો હતો.

ટોચ પરથી ફાયરિંગ બંધ થયું એ પછી પણ અભિએ ત્રણે ય દિશાએ ગન ફૂંકીને કારટ્રિજનું આખું ડ્રમ ઠાલવી નાંખ્યું હતું. છેવટે તેનો ભયનો ઓથાર શાંત પડ્યો અને કારમી પીડાનાં સંવેદનો તેના ઠરી રહેલા મગજ સુધી પહોંચવા લાગ્યાં.

તેના પેટમાંથી વહેતું લોહી હવે ઢીંચણ સુધી રેલાતું હતું. પગના સ્નાયુ ખેંચી-ખેંચીને એ પરાણે સંતુલન રાખવા મથતો રહ્યો. પેટના જમણા ભાગે જ્યાં ગોળી વાગી હતી ત્યાં હાથ ટેકવ્યો. સહેજ ત્રાંસમાં ઝીંકાયેલી ગોળીએ પેટમાં જમણી બાજુએ છેલ્લી પાંસળીથી દોઢેક ઇંચ નીચે દસ રૂપિયાના સિક્કા જેવડું ભગદાળું પાડી દીધું હતું અને છૂંદાઈ ગયેલી માંસપેશીમાંથી લોહીની ધાર થઈ રહી હતી. તેણે એ જ દિશામાં પીઠ પર હાથ પસવાર્યો, કેડ પણ ફંફોસી. ગોળી આરપાર નીકળી જવાને બદલે તેના પેટમાં જ અટવાઈ ગઈ હતી. તેનાં આંતરડાં ઘંટીનાં બે પડ વચ્ચે છોલાતાં હોય તેમ પેટમાં ભયાનક લવકારા ઊપડ્યા હતા. કાંપી રહેલા પગમાંથી તમામ તાકાત હણાઈ રહી હતી. આંખોમાં અંજાતો સૂરજનો પ્રકાશ પરાવર્તિત થઈને દશ્યરેખા રચવાને બદલે ભૂરા, લાલ, પીળા રંગોનાં ધાબાંમાં વિખેરાઈ જતો હતો.

તળેટીની ખરબચડી મૂરમ પર એ ઢીંચણભેર ફસકાઈ પડ્યો અને તેની ગરદન છાતી પર લબડી પડી. ઝનૂન ઓસર્યા પછી હવે તેનું સંવેદનતંત્ર જવાબ દઈ રહ્યું હતું. ઘડીભર એ ખુલ્લા મોંએ હાંફ્યા કર્યો. તેના મોંમાંથી નીકળતી લાળથી તેની છાતી ભીંજાવા લાગી હતી અને આંખોનાં પોપચાંમાંથી તીવ્ર દર્દને લીધે પાણી ઝમી રહ્યું હતું.

'બસ અભિમન્યુ...' તેના કાનમાં મોં ઘાલીને જાણે તેનો માંહ્યલો કહી રહ્યો હતો, 'ઇટ્સ ધ ટાઇમ ટૂ કન્ટ્રોલ યોરસેલ્ફ...' તેણે તાકાત એકઠી કરીને ગરદન સ્થિર કરવા કોશિશ કરી, 'ઇટ્સ ધ ટાઇમ ટૂ એન્ડ ધ ગેઇમ...'

તેણે લબડી જતી ગરદનને ધરાર ટટ્ટાર કરી. શર્ટની ચાળ ઊંચી કરીને આંખો લૂછી. તેની સામે વીસેક કદમ દૂર બિહોલાની લાશ પાસે લોહીથી લથબથ રાવી ઢીંચણભેર પટકાઈને હાંફી રહી હતી અને રાવીની બરાબર પાછળની તળેટી તરફ ખૂલતી છેલ્લી કરાડના ઢાળ પરથી લપાતોછૂપાતો એક આદમી છળી ઊઠેલા ચહેરે સફેદ શર્ટ લહેરવાતો ગંજીભેર તેની સામે આવી રહ્યો હતો.

શરીરમાંથી ઊઠતાં દર્દનાં તમામ સંવેદનો પર ભયથી પ્રેરાયેલી મક્કમતાનો પગ દાબીને અભિએ તેની સામે ગન તાકી લીધી. એ સાથે જ સામે આવતો આદમી બરાડી ઊઠ્યો, 'આઈ સરૅન્ડર... પ્લીઝ' મને ન મારશો પ્લીઝ...'

એ રાજિયો હરામી હતો.

*

'નોટ એટ ઓલ... હું મરી જાઉં તો ય તારે ખજાનો તો મેળવવાનો જ છે.' અભિના અવાજમાં તીવ્ર દર્દની કંપારી વછૂટતી હતી, પરંતુ આંખોમાં મક્કમતાનો દૃઢ નકાર હતો.

અભિને ગોળી વાગી છે તેનો અહેસાસ થયા પછી રાવીનું ઝનૂન સાવ ઓસરી ગયું હતું. આશ્રમમાંથી નીકળતી વખતે અભિએ તૈયાર કરેલી કિટમાંથી ફર્સ્ટ એઇડ બોક્સ ખોલીને તેણે અભિને એનાલ્જેસિક ટૅબ્લેટ ગળાવી દીધી હતી. પછી રમની બોટલના ઢાંકણામાં થોડો રમ ઠાલવીને કોરેકોરો પરાણે અભિના ગળા હેઠે ઉતારી દીધો હતો.

પારાવાર દર્દથી જમીન પર અમળાતો અભિ દસેક મિનિટ થથરીને થોડો શાંત થયો પછી રાવીએ ડેટોલ વડે અભિનો ઘાવ સાફ કર્યો અને બેન્જિનમાં પલાળેલા રૂના જાડા પોલને મજબૂત કોટનમાં વીંટાળી કચકચાવીને અભિના પેટ પર બાંધ્યો એ સાથે તેની બોઝિલ થઈને બિડાતી જતી આંખો ઝાટકા સાથે ખૂલી ગઈ હતી અને તેના મોંમાંથી તીવ્ર સિસકારો નીકળી ગયો હતો.

'બહુ બળે છે ડિયર?' તેણે સખ્તાઈથી અભિના ધ્રૂજતા હાથનો પંજો પકડી લીધો, 'બસ, આપણે હમણાં જ અહીંથી નીકળીએ છીએ. સાંજ સુધીમાં તો હું ગમે તેમ કરીને તને કોઈ પણ હોસ્પિટલે પહોંચાડી દઈશ.'

'બટ...' એનાલ્જેસિકના હેવી ડોઝ અને નીટ રમનાં બે ઢાંકણાં પીવાથી અભિની પીડાકારક ગ્રંથિઓ ધીમે ધીમે શમી રહી હતી, 'વી હેવ ટૂ ગો...' તેણે રાજિયા હરામીની દિશામાં જોયું. એ છેક ફોર્ચ્યુનરના આગળના વ્હિલને અઢેલીને ઊંધું ઘાલીને અધૂકડો બેઠો હતો. તેને ન સંભળાય તેની તકેદારી સાથે અભિએ ત્રુટક ત્રુટક બબડીને વાક્ય પૂરું કર્યું, 'બટ વી હેવ ટૂ ગો ટૂ પેશ્વાઝ ટ્રેઝર... ધેટ રૂકમિ આઈઝ કેવ...'

'અરે ભાડમાં ગયો ખજાનો...' બેઠા થવા મથતા અભિને છાતીસરસો ચાંપીને રાવી તાડૂકી ઊઠી, 'હેલ વિથ ઓલ ધ ટ્રેઝર ઓફ ધ વર્લ્ડ... ફર્સ્ટ યુ નીડ ટુ ગેટ ટ્રિટેડ વેલ.'

'નોટ એટ ઓલ... હું મરી જાઉં તો ય તારે ખજાનો તો મેળવવાનો જ છે.' અભિના અવાજમાં તીવ્ર દર્દની કંપારી વછૂટતી હતી, પરંતુ આંખોમાં મક્કમતાનો દૃઢ નકાર હતો.

'આઈ સેઇડ હેલ વિથ ઓલ ધ વર્લ્ડ... આઈ ડોન્ટ કૅર ફોર એનિથિંગ મોર ધેન યુ.' તેણે અભિની અધખૂલી આંખોમાં આંખ પરોવી, 'લિસન મી, આપણે હવે આ રાજિયા હરામીને લઈને સીધા જ અહીંથી કોઈ પણ પોલીસ સ્ટેશનમાં સરેન્ડર થઈશું. રાજિયો આપણા કબજામાં હશે તો એ અહીંની તમામ ઘટનાનો ફોડ પાડશે. ખજાનો ન હોય તો પણ તું હવે આસાનીથી નિર્દોષ છૂટી શકીશ.'

'બટ યુ કાન્ટ...' તીવ્ર વેદના અને દવા-દારૂના ગોરંભાઈ રહેલા ઘેન તળે ય અભિનું દિમાગ સાબૂત હતું, 'ખજાનો નહિ હોય તો આ આખા કમઠાણ માટે તું ય જવાબદાર ઠરીશ... યુ મે ગેટ અરૅસ્ટેડ એન્ડ પનિશ્ડ...' રાવીના ભરાવદાર સ્તનો સાથે ભીંસાયેલું માથું પરાણે ઊંચકીને તેણે રાવીની આંખોમાં જોયું, 'બિલિવ મી, આઈ એમ ઓલરાઇટ... પણ ખજાનો તો તારે મેળવવો જ રહ્યો... મને ભલે કંઈ પણ થઈ જાય...'

'તને કંઈ થઈ જાય તો છૂટીને હું ક્યાં જઈશ?' રાવીએ તેના ઘેઘૂર વાળમાં આંગળાં પરોવ્યાં. તેના અવાજમાં સંવેદનોનો ખળભળાટ ઘૂઘવતો હતો, 'તને કંઈ થઈ જાય તો... મને કંઈ જ નહિ થાય?' રાવીના હોઠ બિડાયા.

અવાજ રૂંધાયો અને આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં, 'તારું અને મારું એવો ભેદ હવે ક્યાં રહ્યો છે... ફોર મી ટૂ.'

—અને તેણે બે ય હાથે અભિનો ચહેરો છાતી સાથે ભીંસી દીધો.

*

આખરે પોણા કલાક પછી કાફલો ફરીથી ઊપડ્યો હતો. ફર્સ્ટ એઇડ કિટમાંથી બેન્ઝીન વડે રાવીએ પોતાનો ઘા સાફ કર્યો અને રાજિયા હરામીને ડ્રાઇવિંગ સોંપીને તેની બાજુમાં ગોઠવાઈ. પાછળની સીટ પર બારણાને અઢેલીને આડો પડેલો અભિ રાજિયાની દિશામાં પી-30 ગન તાકીને શક્ય તેટલો સાબદો રહેવા મથતો હતો.

અભિએ તેની પ્રકૃતિથી તદ્દન વિપરીત જઈને ભયાનક જીદ કરી નાંખી હતી. છેવટે રાવીએ નમતું જોખવું પડ્યું હતું. નકશામાં બતાવેલો રૂકમિ આઈની ગુફાનો ચોથો પડાવ હવે અઢાર કિ.મી. દૂર હતો. જંગલ અને પહાડની સીમા આંકતી નૈસર્ગિક પગદંડી પર એક પણ અક્ષર બોલ્યા વગર જેમ તેમ ફોર્ચ્યુનર ભગાવી રહેલો રાજિયો મનોમન થથરતો હતો. પહેલી નજરે કોલેજમાં ભણતી હોય તેવી લાગતી આ બટકી, ભરાવદાર છોકરીએ જે બેરહમીથી બિહોલાની રાક્ષસી પકડમાંથી છૂટીને તેને ખંજર હુલાવ્યાં હતાં એ દૃશ્ય હજુ ય રાજિયાની આંખો સામે લોહીની છોળો ઉડાડતું હતું.

પરાણે સ્વસ્થ રહેવા મથતા અભિને હવે આંચકી આવવા માંડી હતી અને તેનું શરીર ભયાનક વળ ખાઈ રહ્યું હતું. પેટમાંથી લોહી વહેવાનું શરૂ જ હતું. ખજાનો પડતો મૂકીને તેને હોસ્પિટલ લઈ જવા રાવીએ ભારે ઉગ્રતાપૂર્વક તેને સમજાવવાની કોશિશ કરી હતી પણ બોઝિલ આંખે આમતેમ ગન ઘુમાવતા અભિએ જીદ છોડી ન હતી. 'તું નહિ જાય તો હું મારા લમણે ગોળી ફૂંકી દઈશ.' એવી ધમકી આપીને ય તેણે રાવીને આગળ વધવા મજબૂર કરી દીધી હતી.

જંગલ હવે જમણી દિશાએ ઢાળ ઊતરીને ભીષણ કરાડોમાં ભળી જતું હતું. અહીં ખડકની પૅટર્ન પણ વિશિષ્ટ હતી. કાળમીંઢ ખડકની વચ્ચે ક્યાંક મીઠાંનો ઢગલો પથરાયેલો હોય તેમ ચૂનાના આછા રાખોડી પથ્થરો છવાયેલા હતા. વાદળછાયા આકાશમાં બપોર પછીનો સૂરજ આવ-જા કરી રહ્યો હતો. રાજિયાએ ખોફભર્યા ચહેરે રાવીની સામે જોયું. હવે પહાડના સીધા ચઢાણમાં ગાડી આગળ જઈ શકે તેમ ન હતી. રાવીએ નકશો તપાસ્યો અને બહાર નીકળીને પહાડીને બાયનોક્યુલરથી ચકાસી. ડાબી તરફ લગભગ દોઢસો ફૂટના સીધા ચઢાણ પછી તીવ્ર વળાંક લેતી ધાર પર નકશામાં દર્શાવાયેલી ગુફા દેખાતી હતી.

તેણે ફક્ત આંગળીના ઇશારે રાજિયાને નીચે ઉતાર્યો અને ડીકીમાંથી મજબૂત રસ્સી કાઢીને તેને ઝાડના થડ સાથે મુશ્કેટાટ બાંધ્યો. બંદૂકના આટઆટલા ધડાકા માથા પરથી પસાર થયા પછી અને નજર સામે ઢળી પડતી આટલી લાશો જોયા પછી ડરપોક રાજિયો ય હવે ચૂપચાપ અનુસરવામાં જ ખેરિયત હોવાનું સમજી ગયો હતો. અભિ પરાણે હોશ જાળવવા મથી રહ્યો હતો. ફોર્ચ્યુનરની પાછળની સીટના દરવાજા ખોલીને તે રાજિયા સામે ગન તાકીને બેઠો. રાવીએ ફરી એક વાર વિવશપણે તેની સામે જોયું. અભિએ દૃઢતાપૂર્વક ફિક્કું સ્મિત વેર્યું, 'ઓલ ધ બેસ્ટ...' પેટમાં શારડીની માફક ઘૂમરાતા દર્દથી નીકળી જતો ઊંહકારો પરાણે ગળીને તેણે કહ્યું, 'જલદી જા... મારી ફિકર ન કરીશ. આઈ એમ ઓલરાઈટ...'

*

રાવી સપાટાભેર પહાડનું એકધારું સીધું ચઢાણ શૂન્યમનસ્કપણે ચઢતી રહી. વેરાન સન્નાટો ઊંચકીને ફૂંકાતી બંજર હવા તેના મગજમાં સવાલોનો વંટોળ ફૂંકી રહી હતી. તેના ડેડી તેને તીવ્રપણે યાદ આવી રહ્યા હતા. વિરમનો પ્રગાઢ આદર્શવાદ તેને તાદૃશ્ય થઈ રહ્યો હતો. બધું જ ખતમ થઈ ગયું... તેણે મનોમન બબડીને હતાશામાં ડોકું ધુણાવી નાંખ્યું.

ગુફાની પાસે નૈસર્ગિક રીતે કોતરાયેલી બખોલના કાળમીંઢ ખડક પર સિંદૂર વડે ઘૂંટાયેલું ત્રિશૂળ આસપાસ ઊગી નીકળેલાં ઝાંખરાં વચ્ચેથી ય વર્તાતું હતું. અંદરથી ખાસ્સી મોટી બખોલમાં તેણે નજર ફેંકી. જમાના જૂનો એક અપૂજ પાળિયો બખોલની દીવાલ સાથે કોરાયેલો હતો. તેણે ટોર્ચનો ઉજાસ ફેંકીને ફરીથી બખોલ ચકાસી. ક્યાંય કશું ચિહ્ન કે સંકેત વર્તાતા ન હતા. તેણે ફરીથી પાળિયો ધ્યાનથી ચકાસ્યો. સાવ નજીકથી આંખો ફાડીને જોયા પછી તેને પાળિયા પર કોતરાયેલી કશીક આછેરી રેખા વર્તાતી હતી.

ઘડીભર એ અવઢવમાં તાકી રહી પછી કશોક નિર્ણય સૂઝ્યો હોય તેમ એ સફાળી બહાર નીકળી અને બખોલથી થોડે દૂર ચૂનાના પથ્થરમાં ખંજર ખોતરીને બે ખોબા જેટલો સફેદ, રાખોડી ભૂકો એકઠો કર્યો. ફરી બખોલમાં આવીને તેણે એક હાથે ટોર્ચ વડે પાળિયા પર ઉજાસ ફેંક્યો અને બીજા હાથે પાળિયા પર કોતરાયેલી સાવ ભૂંસાવા આવેલી રેખાઓ પર ચૂનાની પર્ત પાથરવા માંડી. કાળમીંઢ પથ્થર પર કોરાયેલી રેખાઓને છેક સુધી સફેદ ચૂનાની પર્ત વડે જોડીને તે ચાર-પાંચ ડગલાં પાછળ હટી અને ફરીથી તેણે ધ્યાનથી જોયું. સવા સૈકા પહેલાં અહીં અવાવરું જગ્યાએ આ ભેંકાર બખોલમાં એ પાળિયા પર અણઘડ રીતે એક મુખાકૃતિ કોતરાયેલી હતી અને નીચે લખેલું હતું, ડાવ્યા અંગી ત્રિશૂળધારી રુકમિ કરે સહાય...

ચોંકેલી રાવીએ ફરીથી બખોલનો એક-એક ખૂણો ધારી-ધારીને જોયો. ક્યાંય કશું વર્તાતું ન હતું. એ બખોલની બહાર નીકળી અને એક-એક પથ્થરને જમીનસરસી થઈને નીરખતી ગઈ. બખોલથી બરાબર ડાબી બાજુએ વીસેક ફૂટ છેટે પહાડની કરાડના કદ-કાઠી અને આકારથી સહેજ અલગ લાગતો મહાકાય ખડક તેણે જોયો. સમયની થપાટ ખાઈને ક્ષાર અને લીલથી છવાયેલા એ તોતિંગ ખડક પર તેણે હાથ ફંફોસ્યા તો કશીક રેખાઓ કોતરાયેલી જણાઈ. ફરીથી તેણે ચૂનાની પર્ત વડે કાળજીપૂર્વક એ રેખાઓ કોતરી અને સહેજ દૂર હટીને જોયું.

તેની આંખો હતપ્રભ થઈને મીંચાઈ ગઈ અને તેના મુખમાંથી ઊંડો ડચકારો સરી પડ્યો... માય ગોડ, એક ખજાનો સાચવવા કેટકેટલી તરકીબ અજમાવાઈ હતી... રુકમિ આઈની બખોલની બરાબર ડાબી બાજુએ ઉપરની તરફ કુદરતી પોલાણનું મોં એ તોતિંગ ખડક વડે ઢાંકી દેવાયું હતું... એ અચંબિત થઈને આ આબાદ કરામત નીરખી રહી. કેવી ખ્વાહિશ હશે આ ખજાનાનું આટલી જહેમતથી જતન કરનારના મનમાં? એમને આ ખજાના વડે નવું લશ્કર સર્જવું હશે... છદ્મવેશે ક્યાંક અંધારિયા મકાનમાં જિંદગી બસર કરી રહેલા એ પેશ્વાના મનમાં પરાસ્ત થયા પછી, ઢીંચણભેર લૂઢકી ગયા પછી ય આ ખજાનાના જોરે ફરીથી લડી લેવાના ઓરતા હશે...

પેશ્વા પાસે ક્યાંથી આવ્યો હશે આ ખજાનો? કાંઠે પહોંચીને ફસકાઈ પડેલી રાવીના મગજમાં વિચારોનું ઘમસાણ ફૂંકાઈ રહ્યું હતું, આખરે તો લોકોની જ સંપત્તિ હશે ને? પેશ્વા ક્યાં ખેડ કરવા ગયા હશે? અને એમ મહેનત-મજૂરી કરીને કંઈ આટલી સંપત્તિ એકઠી થવાની હતી? પેશ્વાને મન પોતાની રિયાસત એ જ એક રાષ્ટ્ર હતું અને એ પોતે હતો રાષ્ટ્રનો કર્ણધાર... પણ, એ તો બિહોલાને ય થવું જ હતું ને? આ ખજાના વડે પેશ્વાને સત્તાપરિવર્તન કરવું હતું તો બિહોલાને ય એ જ કરવું હતું ને? કઈ સત્તા? કયા દેશની સત્તા? શાનું

પરિવર્તન? શો ફરક પડવાનો હતો એ પરાણે લાવવા ધારેલા પરિવર્તનના એ ઉધામા થકી, જ્યારે કે પરિવર્તન તો નિસર્ગના ક્રમને જ અનુસરતું હતું?

બિહોલાના સ્મરણથી ફરી એક વાર તેના શરીરમાંથી ભય, જુગુપ્સા અને ખોફનું લખલખું પસાર થઈ ગયું... તેનો કહેવાતો રાષ્ટ્રવાદ, તેની બદનિયત... રાષ્ટ્રવાદની ભ્રમણામાં આથડીને કેટકેટલી ચુનંદી જિંદગી બેરહમીથી ઉતરડાઈ ગઈ હતી... શો ફરક પાડી શક્યા અમે? તિરંગામાં લપેટાયેલી મેજર જામવાલની લાશ જ સાંપડીને આખરે? છેવટે તો વિરમ જેવો હોનહાર આદમી જિંદગી ખુવાર કરી બેઠો ને? અને હવે આ અભિમન્યુ? તેનાં છળી ઊઠેલા કદમો ત્યાં જ અટકી ગયા.

નીચે તળેટીમાં મોતથી વેંત છેટા ઊભેલા અભિની છટપટાહટ યાદ આવતાં એ અચાનક છળી ઊઠી હતી. મેજર, વિરમ, સુમરા પછી હવે હું ય ખપી જાઉં તો ય ભલે... ચૂલામાં પડે પરિવર્તનની આ ખ્વાહિશ... જો પરિવર્તનની વેદી આટઆટલી આહુતિ માંગતી હોય તો નથી જોઈતું એ પરિવર્તન. તેના કાનમાં બાબાજીનો સ્વર ગુંજવા માંડ્યો હતો, સબ ઠાઠ પડા રહ જાયેગા... જબ લાદ ચલેગા બન્જારા... ઔર મુઝે લગતા હૈ, અબ તક બન્જારા તુમ્હારા બહોત કુછ લાદ ચલા હૈ... ઘડિયાળના કાંટા બળપૂર્વક ઘુમાવીને પછી સમય બદલી નાંખ્યો એવું ધારતા રહીએ તો એ નર્યો ભ્રમ છે અને એવા ભ્રમથી પછી હતાશા ઊપજે તો વાંક આપણી સમજનો છે, ઘડિયાળનો નહિ... જબ તક આદમી કી નિયત બેશકીમતી નહિ હૈ તબ તક વો ખજાના નિયત ખરાબ કરતા રહેગા...

ભાડમાં જાય આ ખજાનો... નથી જોઈતો મારે... તે સફાળી ઊભી થઈ... બેબાકળા ચહેરે તેણે આસપાસ જોયું... બે હાથે માંડ ઊંચકાય એવડો એક પથ્થર ઉઠાવ્યો અને જોશભેર એ તોતિંગ ખડકમાં કોરેલા આછેરા ત્રિશૂળના આકારને આડેધડ ટીચીને તેનો મૂળ આકાર બગાડી નાંખ્યો. તેની એક આંખમાં વિરમની અપાર જહેમત અને બીજી આંખમાં એ જ વિરમની બદહાલી ઝિલમિલાતી હતી... ના, આ ખજાનો મારે ય નથી જોઈતો અને કોઈના હાથમાં ય એ ન જવો જોઈએ... જો એ ખજાનાની કિંમત આટઆટલી લાખેણી જિંદગી હોય તો... ઢીંચણમાંથી ડગમગ થતી એ ઉન્માદભેર પથ્થર ઊંચકીને બખોલમાં પ્રવેશી અને મનોમન વિઠ્ઠલરાવની માફી માંગીને તેણે પાળિયા પર કોતરેલા સંકેતને ય બેરહમીથી ટીચી નાખ્યો.

એ બહાર આવી ત્યારે શીળી હવાની લહેરખી તેના ઉન્માદથી તપ્ત ચહેરા પર વહાલસોયો હાથ પસવારી રહી હતી અને નીચે ઊતરી રહેલાં તેનાં કદમોમાં દોઢસો વર્ષથી સચવાયેલા ઇતિહાસની આખરી કડીને હંમેશ માટે ભૂંસી નાખ્યાનો ભાર વર્તાતો હતો.

નીચે ઊતરીને તેણે બેબાકળા હાથે અભિનો ચહેરો થપથપાવ્યો. તેની અધખૂલી આંખોમાં બેહોશીનું નિઃશબ્દ ઘારણ વળી ચૂક્યું હતું. તેના પૅન્ટનો જમણો પાયસો લોહીથી લથબથ હતો અને તેના ધબકારા ક્ષીણ થઈ રહ્યા હતા. એક પણ શબ્દ બોલ્યા વગર રાવીએ દૃઢતાપૂર્વક છલાંગ મારીને હરામીને છોડ્યો અને તેના હાથ પીઠ પાછળ બાંધીને પાછળની સીટમાં ધકેલીને ઊબડખાબડ જમીન પર પૂરપાટ વેગે ફોર્ચ્યુનર મારી મૂકી.

*

મરણના આરે ઊભેલા અભિને લઈને રાવી ચાર કલાક પછી શિરગાંવ પોલીસ ચોકીએ સરેન્ડર થઈ એ સાથે પહેલાં શિરગાંવ, પછી રત્નાગિરિ સર્કલ પોલીસ હેડક્વાર્ટર્સ અને પછી દેશભરનાં સત્તાકેન્દ્રોમાં ધમાલ મચી ગઈ હતી. રાવીની કેફિયતની અને રાજિયા હરામીની કબૂલાતની ગંભીરતા સમજાયા પછી રત્નાગિરિથી મુંબઈ

અને છેક દિલ્હી સુધી ધરતીકંપ થઈ ગયો હતો.

આઈએસઆઈના પીઠબળથી મેજર બિહોલાએ લશ્કરી અધિકારીઓ, ચુનંદા પોલીસ ઓફિસર અને કેટલાક રાજકારણીઓને ભોળવીને, દબડાવીને કે ભીંસમાં લઈને દેશભરમાં લશ્કરી બળવો જગાવી સત્તા કબજે કરવાનો આબાદ કારસો ઘડ્યો હતો તેની વિગતો ખુલ્લી પડ્યા પછી ચોંકી ઊઠેલી સરકારે અત્યંત ચુપકીદીથી ડેમેજ કન્ટ્રોલ માંડી દીધું હતું. તાબડતોબ સેન્ટ્રલ વિજિલન્સ ટીમ રચાઈ ગઈ હતી અને રાવી તેમજ રાજિયાને તાત્કાલિક હેલિકોપ્ટર વડે અજ્ઞાત સ્થળે સઘન પૂછપરછ માટે લઈ જવાયાં હતાં.

મેજર બિહોલાના નેતૃત્વમાં લશ્કરી બળવાના આયોજનમાં સંડોવાયેલા 18 આર્મી અફસરો, પંદરેક પોલીસ ઓફિસરની ઓળખ છતી થયા પછી ભારે ચુપકીદીથી એ દરેકને ઊઠાવી લેવાયા હતા. દેશનાં વિવિધ રાજ્યોમાં સત્તામાં કે ચાવીરૂપ સ્થાને બેઠેલા વીસેક નેતાઓ ય ઊંઘતા ઝડપાઈ ગયા હતા અને સરકારના આ સપાટાથી બીજા અનેકના પેટમાં ગમે ત્યારે પોતે ય ઝડપાશે તેવા ગૂંચળાં ફરવા માંડ્યાં હતાં.

રાવીના બયાનના આધારે ગોવા પોલીસનો કાફલો સિસ્કો ડેલગાડોના માણસોની તલાશમાં ધસી ગયો હતો અને એ રીતે ગોવાના માપુસાની એક હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા બેહોશ વિરમની ભાળ મળી હતી. વિરમનો કબજો મેળવી તેને ગોવાની આર્મી હોસ્પિટલમાં ચુસ્ત પહેરેદારી હેઠળ દાખલ કરી દેવાયો હતો. તેની સઘન ચકાસણી અને સીટી સ્કેનના આધારે ટોચના ન્યુરોલોજિસ્ટ વિરમને નાના મગજમાં સેરિબ્રલ ક્લોટ થયું હોવાના તારણ પર આવ્યા હતા.

સેરિબ્રલ હેમરેજ થઈ રહ્યું હોય એ વખતે કોઈ પીડાશામક દવા કે ઇંજેક્શન આપવામાં આવે તો મગજમાં વહેતું લોહી ત્યાં જ ગંઠાવા લાગે અને એવા કિસ્સામાં દર્દી અચોક્કસ મુદત માટે કોમામાં જતો રહે. વિરમની એ હાલત માટે મિલ રોડ ફાર્મહાઉસમાં તેની સારવાર માટે લવાયેલો ડો. ઝવેરી આડકતરી રીતે જવાબદાર હતો.

ઉધામા કરી રહેલા વિરમને ત્યારે જ રાજાવતના ભીષણ મારને લીધે મગજમાં આંતરિક રક્તસ્રાવ થવા માંડ્યો હતો. ડો. ઝવેરીએ એ પારખ્યું પણ હતું અને સીટી સ્કેન કરાવવાની જરૂરિયાત હોવાનું કહ્યું પણ હતું, પરંતુ વિરમની પહેરેદારી સંભાળી રહેલા જાફર અને સાલ્વેને રાજાવત આવે ત્યાં સુધી વિરમ ધમપછાડા કરતો બંધ થાય એટલા પૂરતી જ પરવા હતી. છેવટે ડો. ઝવેરીએ પણ પોતાનો જાન છોડાવવા તેને ક્લોનાઝેપામનું ઇંજેક્શન દઈ દીધું હતું, જે વિરમ માટે ઘાતક નીવડ્યું હતું અને તે કોમામાં સરી પડ્યો હતો.

શિરગાંવ પોલીસ ચોકીએ રાવી હાજર થઈ કે તરત જ અભિમન્યુની કથળતી હાલત પારખીને તેને રત્નાગિરિ સિવિલ હોસ્પિટલમાં મોકલી દેવાયો હતો. ચાર કલાકની સર્જરી કરીને તેના પેટમાંથી ગોળી કાઢી તેને હોસ્પિટલમાં જ હિરાસતમાં લેવાયો હતો.

ત્રણ મહિના સુધી સઘન છાનબીન અને અટકાયતોનો દોર ચાલ્યો હતો. એ પછી આરોપનામું ઘડાયું હતું. દુનિયાની કોઈ પણ ડિક્શનરી ઉથલાવો, રાજિયો તો તેમાં હરામી જ હોવાનો એવી તેના માટેની કહેણી રાજિયાએ વધુ એકવાર સાચી ઠરાવી હતી. પોતાની જાતને બચાવવા માટે તેણે વધુ એક વખત પલ્ટી ખાધી હતી અને એ તાજનો સાક્ષી બની ગયો હતો. ગમે તેવું કમઠાણ સર્જાય તો પણ હરામી કદી મરતા નથી એ વધુ એક વખત સાબિત થયું હતું.

અભિમન્યુ રાવ પર મુકાયેલા આતંકવાદી હોવાના આરોપ ખારિજ કરવામાં આવ્યા હતા અને તેને બાઇજ્જત

નિર્દોષ જાહેર કરી મુક્ત કરી દેવાયો હતો. ચશ્મદીદ ગવાહ તરીકે અભિમન્યુ અને તાજના સાક્ષી તરીકે રાજિયા હરામીના બયાનના આધારે તેમજ તમામ સાંયોગિક, આનુષંગિક અને પ્રથમદર્શી પુરાવાના આધારે છેવટે બિહોલા ઉપરાંત દયાલ સાહા અને રાજાવત મુખ્ય આરોપી સાબિત થતા હતા. વિરમ પર પણ કેસ દાખલ થયો હતો, પરંતુ મેડિકલ ગ્રાઉન્ડ પર તેને જામીન મળી શક્યા હતા.

કોમામાં સરી ગયેલા વિરમને તેની મા આખરે આત્મજ્યોતિ આશ્રમમાં લઈ ગઈ હતી. લાંબી પરસાળના એક છેડે નાનકડા કોટેજમાં વિરમના પલંગ પર ઝળુંબતી તેની મા આખો દિવસ તેનો તપ્ત ચહેરો પસવારતી રહેતી હતી. દિવસમાં ત્રણ-ચાર વખત બાબાજી વિરમના માથા પાસે બેસીને તેના વાળમાં આંગળાં પરોવીને ક્યારેક કવિતાઓ વાંચતાં તો કદીક કુદરતનાં બદલાતાં સ્વરૂપોની વાત માંડતા. વિરમની મા એકીટશે તેની બિડાયેલી આંખોને નીરખતી રહેતી. ક્યારેક તેને એ આંખોનાં પોપચાં તળે કશોક સળવળાટ થતો હોવાનો ભ્રમ જાગતો. ક્યારેક તેને વિરમના ચહેરા પર કશોક ફરકાટ વર્તાતો. રોજ સવારે તેની આંખોમાં આશા આંજીને દૂર પૂર્વની પહાડીઓ પરથી સૂરજનો અજવાસ રેલાતો… આજે વિરમ ભાનમાં આવશે… આજે તો ચોક્કસ ભાનમાં આવશે… અને એમ અવિરત પ્રતીક્ષા તળે આત્મજ્યોતિ આશ્રમમાં સૂર્યના ઉદય અને અસ્ત થતા રહેતા હતા.

આજે સાત મહિના પછી આખરે રાવીને જામીન મળ્યા હતા.

મેરઠની કૅન્ટોન્મેન્ટ જેલમાંથી છૂટ્યા પછી અભિ તેને પોતાને ગામ લઈ આવ્યો હતો. એકમેકની કોટે વળગીને ક્યાંય સુધી બંને ધ્રૂસકે ધ્રૂસકે રડ્યાં હતાં અને મહિનાઓ સુધી સહેલા ભીષણ ઓથારનો બોજ હળવો કર્યો હતો. આથમતી સાંજે અભિએ રાવીને પૂછ્યું હતું, ‘ચાલ, ખેતરે જઈશું?’

કપાસના બબ્બે વાંભ ઊંચા છોડ વચ્ચેથી બંને પસાર થઈ રહ્યાં હતાં અને બેયના મનમાં વગર બોલ્યે અભરામ સુમરાનું સ્મરણ પણ સમાંતરે ચાલતું રહેતું હતું. વડની ઘેઘૂર વડવાઈ વચ્ચે જમીનથી દસેક ફૂટ અધ્ધર અભિએ નેતર અને લાકડાની પાટને મજબૂત રસ્સીથી જડીને મજાનું ટ્રી-હાઉસ બનાવ્યું હતું.

‘આ મારી ફૅવરિટ જગા છે…’

‘રિયલી અ નાઇસ પ્લેસ…’ પહાડો વચ્ચે ઊછરેલી રાવીને આ લીલાછમ ખેતરથી મઢેલાં મેદાનોની અપાર તાજુબી વર્તાતી હતી. બંને બહુ જ ઓછું બોલતાં હતાં… ઓછું બોલી શકતાં હતાં… પણ બેયની વચ્ચેનું મૌન સતત બોલ્યા કરતું હતું.

‘આપણે વિરમ પાસે ક્યારે જઈશું?’ નેતરના પલંગ પર આડા પડતાં રાવીએ પૂછ્યું.

‘બસ, તું કહે ત્યારે…’ અભિએ જવાબ વાળ્યો પછી બે ય વચ્ચે ફરીથી ચુપકીદી છવાઈ ગઈ, ‘ડૂ યુ લવ હિમ?’ છેવટે અભિએ પૂછી જ નાખ્યું. રાવીએ ચોંકીને તેની સામે જોયું. અભિના ચહેરા પર તંગદિલી હતી અને તેની આંખો સજ્જડપણે જમીનસરસી ખોડાયેલી હતી. તેના નમણાં ચહેરા પરની પુરુષસહજ ઉગ્રતા, તેના વાંકડિયા વાળમાં વર્તાતો આવેશનો ફરકાટ અને નીચે ઝૂકેલી તેની મોટી આંખોમાંથી વરસતી બાળક જેવી રીસ… કોણે કહ્યું, ઈર્ષ્યા ફક્ત સ્ત્રીઓને જ થઈ શકે?

રાવી મનોમન હસી પડી, ‘આઈ ડોન્ટ નો…’ તેણે અભિના વાળ ખેંચીને વહાલપૂર્વક તેનું માથું ઊંચક્યું, ‘આઈ રિયલી ડોન્ટ નો… બિલિવ મી, અમારા વચ્ચે કદી જ આવી વાત કે આવો પ્રસંગ આવ્યો જ નથી કે હું મારી કે ઈવન તેની ફિલિંગ વિશે સ્પષ્ટ કહી શકું… અફકોર્સ, હી ઇઝ અ જેમ… હી ઇઝ માય રોલ મોડેલ… આઈ વરશિપ હિમ… પણ મને સાચે જ ખબર નથી કે તેને પ્રેમ કહેવાય કે નહિ…’

'એને પ્રેમ કહેવાય કે નહિ તેની તને ખબર પડે એ માટે મારે કેટલી રાહ જોવાની છે?' રાવીના અસ્પષ્ટ જવાબથી અભિ વધુ ખિજાવાતો હતો અને રાવીને મજા પડતી હતી.

'યુ શૂડ વેઇટ…' રાવીએ બનાવટી છણકો કરીને કહ્યું.

'ક્યાં સુધી… ?'

અભિ હવે સાચે જ અકળાઈ રહ્યો હતો અને તેના સ્વરમાં અપાર હતાશા હતી એ પારખીને રાવીએ તેને બાજુમાં ખેંચ્યો. તેના ગાલ થપથપાવ્યા. અભિ હજુ ય તેની સામે જોવાનું ટાળતો હતો એટલે તેણે જોશભેર તેની ગરદનમાં હાથ પરોવીને તેના લાંબાં જુલ્ફાં ખેંચ્યાં, 'સાલા, છોકરીની જેમ શરમાય છે શાનો? હજુ તને સમજાતું નથી બેવકૂફ? તારું અને મારું એવા ભેદ ક્યારના ઓગળી ગયા છે… એન્ડ સ્ટીલ યુ નીડ ટૂ હિયર ફ્લેટ વર્ડ્સ?'

અભિ સ્તબ્ધપણે તેની સામે જોઈ રહ્યો. તેના ગોરા-માંસલ ચહેરા ફરતો તેનો આવેગથી ધ્રુજતો હાથ વીંટળાયો. રાવીની નરમ, માંસલ કમર ફરતો બીજો હાથ ભીંસાયો. અભિનો ચહેરો નીચે ઝૂકવા લાગ્યો એ સાથે રાવીની ધડકન તેજ થવા માંડી. તેણે આંખો મીંચી દીધી અને બેયના હોઠ વચ્ચે ટ્રી-હાઉસના સાંકડા ઓરડાનું એકાંત મહોરી ઊઠ્યું. નેતરની છાજલી મઢેલી બારીઓ પવનના જોરથી ફફડાટ કરી રહી હતી અને ફફડાટનો એ સૂર રાવીનાં ભરાવદાર સ્તનો વચ્ચે માથું ઘસી રહેલા અભિને તેની ધડકનના તાલમાં પડઘાતો હતો.

રાવીની ગોરી ગરદન પર, ખભા પર, સ્તનોના માદક ઉભારમાં અભિના હોઠની તલ્લીનતા બેકાબૂપણે છપાતી રહી અને મહિનાઓના સંસર્ગ પછી જાગેલો ઉન્માદ તેના હાથની ભીંસ બનીને રાવીના એક-એક માંસલ, નરમ વળાંક પર ફરતો રહ્યો. દૂર ક્ષિતિજ પર સૂરજ આથમી રહ્યો હતો. કપાસના વાવેતરમાં કરાયેલી પિયત પરથી વહેતો ઠંડો પવન છાજલી મઢેલી બારીને વધુ ફફડાવી રહ્યો હતો. એ ફફડાટમાં પલંગની હળવી કિચૂડાટી ભળી રહી હતી અને એ એકધારા મધ્ધમ અવાજના લયમાં રાવીના અસ્ફુટ ઊંહકારા ઓરડામાં પથરાઈ રહેલા આછા અંધારાને રોશન કરી રહ્યા હતા.

તેના બંને હાથ માથા પર વાળીને અભિ છવાઈ ગયો હતો અને ગરદન આમતેમ ફંગોળી રહેલી રાવીનો ઉન્માદ ચરમસીમાને આંબવા લાગ્યો હતો. તેણે અભિની પકડમાંથી બંને હાથ છોડાવ્યા અને જોશભેર અભિના વાળ ખેંચી તેને ભીંસ્યો. તેનું શરીર તીવ્રપણે તંગ થયું. બંધ આંખોની ભીતર હજાર દીવડાનો ઉજાસ રેલાયો અને ગરદન ઝાટકી ને તેના હોઠમાંથી અજાગૃત મન વડે દોરવાયેલા અસંબદ્ધ શબ્દો સરી પડ્યા, 'વિરમ… વિરમ…'

—અને ફરી એક વખત વધુ એક અભિમન્યુ સાતમા કોઠે ફસકાઈ પડ્યો.

* * *